શ્રી અરવિન્દની બંગાળી રચનાઓ

શ્રી અરવિન્દ



શ્રી અરવિંદ અને મૃણાલિની દેવી

ભૂમિકા

શ્રી અરવિંદે બંગાળી લખવાની શરૂઆત વિલાયતથી કરેલી, કેટલેક અંશે પોતાના પિતાની આજ્ઞાનો ભંગ કરીને; કારણ કે, એક તો શરૂશરૂમાં નહિ તોય કૉલેજજીવનમાં બંગાળીઓની સાથે હળવામળવાનું થતું, અને પછી સિવિલ સર્વિસમાં ભારતીય એક ભાષાને હિસાબે બંગાળી કરેલું (સિવિલ સર્વિસમાં ભારતીય ભાષાઓમાંની એક શીખવી પડતી). આ વિષે તેઓ અમને એક રમૂજની વાત કહેતા. તેમને બંગાળી શિખવનાર એક અંગ્રેજ હતા, પાક્કા અંગ્રેજ. માસ્તર સાહેબની વિદ્યાની કસોટી કરવા એક ટીખળી વિદ્યાર્થીએ એક બંગાળી લેખ (બંકિમમાંથી નકલ કરીને) સાહેબને આપીને કહ્યું : "સાહેબ, આ ઘણો ભારે લેખ છે, સમજાતો નથી. જરા સમજાવોને ?" સાહેબે લેખ હાથમાં લઈને થોડીવાર જોયો, આમ તેમ ફેરવીને પછી આઈ. સી. એસ. ના રુઆબ મુજબ બોલ્યા : "આ બંગાળી નથી." (This is not Bengali).

શ્રી અરવિંદે બંગાળીનો પદ્ધતિસર અભ્યાસ કર્યો વડોદરા આવીને : વાંચતાં, લખતાં, બોલતાં શીખ્યા. તેના પ્રથમ પરિણામરૂપ તેમના બંકિમચન્દ્ર પરના નિબંધો ગણાવી શકાય. પછી ચંડીદાસ, વિદ્યાપતિ અને કવિવાળાઓના તેમના અનુવાદ શરૂ થયા. વસુમતી કાર્યાલયની બધી ગ્રંથાવલીઓ તેમના પુસ્તકાલયમાં હતી. વાંચતી વેળાએ તેમણે પોતાનાં મંતવ્યોની પુસ્તકમાં ટાંચણો કરી છે, દા. ત. મધુસૂદનની કેટલીક કવિતાઓ પર. બંગાળી લેખનની બાબતમાં (કાવ્ય રચનામાં) તેમણે હાથ અજમાવ્યો હતો. આ વિષે તેમના ભાઈ (તેમના દાદા) મનમોહન ઘોષ એક કુતૂહલની વાત કરતા. મનમોહને રવીન્દ્રનાથને લખી જણાવેલું કે અરવિંદ પોતાની થોડી કવિતાઓ (અંગ્રેજી) કદાચ રવીન્દ્રનાથને મોકલાવશે, પણ હમણાં તો બંગાળી કવિતા રચનામાં પરોવાયા છે. અંગ્રેજી કવિતામાં તે સુન્દર છે, હોશિયાર છે; પણ હમણાં બંગાળી કવિતા રચનામાં તે સમય નકામો બગાડે છે, મધુસૂદનની શૈલીનું ઉષાહરણ કાવ્ય રચવામાં પડયા છે. મનમોહને પણ બરાબર એ જ વિષયનું એક કાવ્ય લખ્યું છે.

વારુ. આપણા સંગ્રહમાં બંગાળી ભાષાનું તેમનું પ્રથમ લખાણ મૃણાલિનીને પત્રો છે. અને સૌથી છેવટનું પોંડિચેરીમાં લખાયેલું તે તેમની પત્રાવલિ, કેટલીક સાધિકાઓને માટે. પોંડિચેરી પહેલાં મોટો ભાગ "ધર્મ" નામની પત્રિકાને માટે લખાયેલો. "ધર્મ"નાં બધાં લખાણો, તેમના સ્વહસ્તે લખેલાં છે, છેવટની કેટલીક સંખ્યાઓ સિવાય. કારાવાસની કહાણી અને બીજો એકાદ નિબંધ અન્યત્ર પ્રગટ થયેલો. પોંડિચેરીમાં તેમણે ઋગ્વેદને વિષે, અનુવાદ અને ટીકા રૂપે લખાણ કરેલું. શ્રી અરવિંદની બંગાળી રચનાશૈલી જેમ એક બાજુથી સંસ્કૃતની પાસાપાસી છે (દા. ત. દુર્ગાસ્તોત્ર, જગન્નાથનો રથ, આપણો ધર્મ), તેમ બીજી બાજુથી સહજ સરળ બોલીની રીતિ પણ છે: બન્ને પર તેમનો કાબૂ એકસરખો હતો. જે ફરક પડે છે તે વિષય અને ઉદ્દેશ્યને લઈને. શ્રી અરવિંદનું બધું જ બંગાળી લખાણ નિબંધાકારે થયું છે,– માત્ર ગીતા અને કારાવાસની કહાણી સિવાય. આ બન્ને પણ અસંપૂર્ણ પુસ્તકો છે–પુસ્તકાકારે પ્રગટ થયા હોવા છતાંય. આથી કરીને આ ગ્રંથાવલીમાં પુસ્તકોને ખંડિત કરીને વિષય પ્રમાણે ભિન્ન ભિન્ન નિબંધો ભિન્ન ભિન્ન મથાળા નીચે ગોઠવ્યા છે.

પોંડિચેરી

શ્રી નલિનીકાન્ત ગુપ્ત
સંપાદક

અનુક્રમ

	પૃષ્ઠ
દુર્ગાસ્તોત્ર	૩
વાર્તાઓ	
સ્વપ્ન	૭
ક્ષમાનો આદર્શ	૧૬
વેદ	
વેદરહસ્ય	૨૧
તપોદેવ અગ્નિ	૨૭
ઋગ્વેદ	૩૨
ઉપનિષદ	
ઉપનિષદ	૪૯
ઉપનિષદમાં પૂર્ણયોગ	૫૨
ઈશ ઉપનિષદ, ૧	૫૫
ઈશ ઉપનિષદ, ૨	૫૮
પુરાણ	
પુરાણ	૬૩
ગીતા	
ગીતાનો ધર્મ	૬૭
સંન્યાસ અને ત્યાગ	૭૦
ગીતામાં વિશ્વરૂપદર્શન	૭૪
ગીતાની ભૂમિકા	૭૮
ધર્મ અને રાષ્ટ્રીયતા	
જગન્નાથનો રથ	૧૨૩
માનવસમાજની ત્રણ અવસ્થાઓ	૧૨૭
અહંકાર	૧૨૯
પૂર્ણતા	૧૩૧
સ્તવ અને સ્તોત્ર	૧૩૨
આપણો ધર્મ	૧૩૫
માયા	૧૩૮
નિવૃત્તિ	૧૪૨
પ્રકામ્ય	૧૪૪

રાષ્ટ્રીયતા
પુરાતન અને નૂતન ૧૫૧
અતીતની સમસ્યા ૧૫૩
દેશ અને રાષ્ટ્રભાવ ૧૬૦
સ્વાધીનતાનો અર્થ ૧૬૩
સમાજને વિષે ૧૬૫
ભ્રાતૃત્વ ૧૬૬
ભારતીય ચિત્રવિદ્યા ૧૭૦
હિરોબૂમિ ઈતો ૧૭૨
રાષ્ટ્રીય ઉત્થાન ૧૭૪
આપણી આશા ૧૭૮
પ્રાચ્ય અને પાશ્ચાત્ય ૧૮૧
ગુરુ ગોવિંદસિંહ ૧૮૫
પત્રો
શ્રી મૃણાલિનીને ૧૮૯
શ્રી બારીન્દ્રને ૧૯૯
પત્રાવલિ ૨૧૧
કારાવાસની કહાણી
કારાવાસની કહાણી ૨૬૩
કારાગૃહ અને સ્વાધીનતા ૩૧૨
આર્ય આદર્શ અને ત્રણ ગુણો ૩૨૦
નવજન્મ ૩૨૯
'ધર્મ' પત્રિકાના તંત્રીસ્થાનેથી ૩૩૩

શ્રી અરવિંદની બંગાળી રચનાઓ

દુર્ગાસ્તોત્ર

દુર્ગાસ્તોત્ર

હે મા દુર્ગે! સિંહવાહિની! સર્વશક્તિદાત્રી, હે મા શિવપ્રિયે! તારી શક્તિના અંશમાંથી જન્મ પામેલા અમે ભારતના યુવકો તારા મંદિરમાં આવી પ્રાર્થના કરીએ છીએ. હે માતા, સાંભળ. ભારતમાં તું આવિર્ભાવ પામ, પ્રગટ થા.

હે મા દુર્ગે! યુગે યુગમાં અમે માનવ દેહ લઈ, જન્મોજન્મમાં તારું જ કાર્ય કરીએ છીએ અને પાછા તારા આનંદધામમાં આવી જઈએ છીએ. આ જન્મમાં પણ અમે તારું જ કાર્ય કરવાનું વ્રત લીધું છે. હે માતા, સાંભળ. ભારતમાં તું આવિર્ભાવ પામ. અમને સહાય થા.

હે મા દુર્ગે! સિંહવાહિની, ત્રિશૂલધારિણી, કવચધારિણી, હે સુંદરદેહા જયદાયિની માતા! ભારત તારી પ્રતીક્ષા કરી રહ્યું છે, તારી મંગલ મૂર્તિ જોવાને ઉત્સુક થઈ રહ્યું છે. હે માતા, સાંભળ, ભારતમાં તું આવિર્ભાવ પામ, પ્રગટ થા.

હે મા દુર્ગે! બલદાયિની, પ્રેમદાયિની, જ્ઞાનદાયિની, શક્તિ-સ્વરૂપિણી, ભીષણ અને સૌમ્ય-રૌદ્ર-રૂપિણી! જીવનસંગ્રામમાં, ભારત-સંગ્રામમાં અમે તારા પ્રેરેલા યોદ્ધાઓ છીએ. મા! અમને પ્રાણમાં અને ચિત્તમાં અસુરની શક્તિ, અસુરની ઉદ્યમ-શીલતા આપ, હૃદયમાં અને બુદ્ધિમાં અમને દેવનું ચારિત્ર્ય, દેવનું જ્ઞાન આપ.

હે મા દુર્ગે! જગતમાં શ્રેષ્ઠ એવી ભારતની પ્રજા આ ઘન અંધકારમાં પડેલી હતી. હે મા, ક્ષિતિજ ઉપર હવે તું ધીરે ધીરે ઉદય પામી રહી છે. તારા દિવ્ય શરીરની તિમિરવિનાશક પ્રભામાં ઉષાએ જન્મ લીધો છે. માતા, જ્યોતિનો વિસ્તાર કરી, તિમિરનો નાશ કર.

હે મા દુર્ગે! શસ્યશ્યામલ અને સર્વસૌન્દર્યમયી, જ્ઞાન, પ્રેમ અને શક્તિના આધાર જેવી ભારતભૂમિ તારી વિભૂતિ છે. આજ સુધી પોતાની શક્તિને અંતરમાં સંકેલી રાખીને તેણે પોતાને ગુપ્ત રાખી હતી. હવે એ યુગ આવ્યો છે, એ દિન આવ્યો છે, ભાવિનો ભાર પોતાને સ્કંધે લઈને ભારત-જનની ઊઠી છે. આવ, મા! પ્રગટ થા.

હે મા દુર્ગે! તારાં સંતાન અમે તારો પ્રસાદ પામીને, તારી શક્તિ વડે મહાન કાર્યો માટે, મહાન ભાવનાઓ માટે સુયોગ્ય બનીએ. ક્ષુદ્રતાનો વિનાશ કર, સ્વાર્થનો વિનાશ કર, ભયનો વિનાશ કર.

હે મા દુર્ગે! કાલીરૂપિણી, નરમુણ્ડમાલાધારિણી, દિગંબરી, ખડ્ગધારિણી, અસુરવિનાશિની હે દેવી! એક ભીષણ ગર્જના કરી અમારા અંતરમાં રહેલા રિપુઓનો વિનાશ કરી દે. એક પણ રિપુ જીવતો ન રહો. અમે નિર્મળ અને વિમળ બનીએ. માતા, આ જ અમારી પ્રાર્થના છે. પ્રગટ થા.

હે મા દુર્ગે! સ્વાર્થથી, ભયથી, અનેકાનેક ક્ષુદ્ર વૃત્તિઓથી ભારત મૃતપ્રાય થયું છે. અમને મહાન બનાવ, મહાપુરુષાર્થી બનાવ, ઉદારચિત્ત બનાવ, સત્યસંકલ્પ બનાવ. હવે અમને ક્ષુદ્ર ભાવનાવાળા, નિષ્ક્રિય, આળસુ, ભયભીત ન રહેવા દઈશ.

હે મા દુર્ગે! તારી યોગશક્તિનો વિસ્તાર કર. આર્ય સંતાનો તને પ્રિય છે. અમારી લુપ્ત થયેલી વિદ્યા, ચારિત્ર્ય, મેધા, ભક્તિશ્રદ્ધા, તપસ્યા, બ્રહ્મચર્ય, સત્યજ્ઞાન પાછાં અમને આપ અને જગતમાં તેનો વિસ્તાર કર. હે દુર્ગતિ-નાશિની, જગદંબા! માનવને સહાય કરવાને તું પ્રગટ થા.

હે મા દુર્ગે! અમારા અંતરમાં રહેલા શત્રુઓનો સંહાર કરી બાહ્ય વિઘ્નોને પણ તું નિર્મૂળ કરી આપ. એક બળવાન પરાક્રમી અને ઉન્નત-ચિત્ત એવી પ્રજા ભારતનાં પવિત્ર અરણ્યોમાં, ફળદ્રુપ ક્ષેત્રોમાં, ગગનચુંબી પર્વતોની ગોદમાં, પુણ્યસલિલ સરિતાઓને તીરે નિવાસ કરો અને ઐક્ય, પ્રેમ, સત્ય, શક્તિ, સાહિત્ય, કળા, પરાક્રમ અને જ્ઞાનમાં શ્રેષ્ઠ બનો. માનાં ચરણમાં આ જ પ્રાર્થના છે. પ્રગટ થા!

હે મા દુર્ગે! તારું યોગબળ લઈ અમારાં શરીરમાં પ્રવેશ કર. અમે તારું યંત્ર બનીશું, તારી અશુભસંહારક તલવાર બનીશું, તારો અજ્ઞાનવિનાશક દીપક બનીશું. ભારતના યુવકોની આ અભિલાષા પૂર્ણ કર. યંત્રની સ્વામિની બની તું યંત્રને ચલાવ, અશુભઘાતક બની અસિ ઘુમાવ, જ્ઞાનદીપ્તિ બની તું દીપક ધર. પ્રગટ થા.

હે મા દુર્ગે! તને પામ્યા પછી હવે અમે તારું વિસર્જન કરવાના નથી. શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમના તાંતણે તને બાંધી રાખીશું. આવ, મા! અમારા મનમાં, પ્રાણમાં, શરીરમાં પ્રગટ થા.

હે વીરમાર્ગપ્રદર્શિની, આવ! હવે તારું વિસર્જન નહિ કરીએ. અમારું અખિલ જીવન એક અખંડ દુર્ગાપૂજા બનો. અમારાં સર્વ કર્મો માની સેવાના એક અવિરત પવિત્ર પ્રેમપૂર્ણ શક્તિમય વ્રત રૂપે બની રહો. એ જ છે પ્રાર્થના. માતા! ભારતમાં તારો આવિર્ભાવ કર. પ્રગટ થા.

વાર્તાઓ

સ્વપ્ન

એક દરિદ્ર માણસ પોતાની અંધારી ઓરડીમાં બેઠો બેઠો વિચારોના પ્રવાહમાં ખેંચાતો હતો. પોતે કેટલો બધો દુ:ખી છે, ઈશ્વરના રાજયમાં કેવા કેવા અન્યાય ચાલી રહ્યા છે એવા વિચાર કરતાં કરતાં તેનામાં એક પ્રકારનું અભિમાન જાગી આવ્યું. અને તે સ્વગત બોલવા લાગ્યો, 'લોકો કર્મનું બહાનું કાઢી ભગવાનની આબરૂનો બચાવ કરવા માગે છે, પણ એ બરાબર નથી લાગતું. મારી આ દુર્દશાનું કારણ જો મારા ગયા જન્મનાં પાપ જ હોય, હું જો ખરેખર મહા પાપી હતો, તો પછી આ જન્મમાં પણ એ પાપનું ઝરણ મારા મનમાં ચાલુ રહેવું જોઈએ. મારા જેવા પાપીનું મન શું કંઈ આટલા થોડા વખતમાં નિર્મળ થઈ જાય ખરું? પેલા મહોલ્લાના તીનકોડીનો જ દાખલો લો ને. તેની પાસે જે માલમિલકત છે, નોકરચાકર છે તે જોતાં પૂર્વ-જન્મમાં તે જરૂર કોઈ મહાન સાધુ મહાત્મા હોવો જોઈએ. પણ આ જન્મમાં તો એનામાં એનું કશું ચિહ્ન દેખાતું નથી. દુનિયામાં એના જેવો પાજી નિર્દય દુષ્ટ માણસ બીજો કોણ હશે? ના ના. કર્મવાદ એ માણસને છેતરવાનો ભગવાને રચેલો માત્ર પ્રપંચ જ છે, મન મનાવવાની ખાલી વાતો છે. એ શ્યામસુન્દર બડો પક્કો છે, મોટો ચતુરશિરોમણિ છે. મારા હાથમાં હજી આવ્યો નથી એટલે જ એની ખેર રહી છે. એક વાર જો મારે હાથ ચડી જાય ને તો તો એને ખબર જ પાડી દઉં. એને એવો તો સીધોદોર કરી દઉં કે એની બધી ચાલાકી ભૂલી જાય!'

આ શબ્દો બોલાયા ન બોલાયા ત્યાં તો એ અંધારી ઓરડીમાં એક તીવ્ર પ્રકાશનું મોજું ફેલાઈ ગયું. પણ થોડી જ વારમાં એ પ્રકાશ પાછો અંધારામાં ભળી ગયો. અને પેલા દરિદ્રે જોયું કે તેની સંમુખ એક શ્યામ વર્ણનો બાળક હાથમાં દીપક લઈને ઊભો છે, મંદ મંદ હસે છે, પણ કશું બોલતો નથી! એને માથે મોરપીંછ અને પગમાં નૂપુર જોઈને દરિદ્ર જાણી ગયો કે આ તો શ્યામસુંદર પોતે જ છે, પોતે જ પકડાવાને આવ્યા છે. તે મૂંઝાઈ ગયો. એક ક્ષણ તો તેને થઈ આવ્યું, લાવ, પગે લાગું. પણ બાળકનું હસતું મોં જોઈ તેની પ્રણામ કરવાની વૃત્તિ ટકી નહિ. અને તેના મોંમાંથી શબ્દો સરી પડ્યા: 'અરે કૃષ્ણ, તું ક્યાંથી આવી ચડ્યો?'

બાળકે હસીને જવાબ આપ્યો:

'કેમ, તેં જ મને બોલાવ્યો હતો ને? હમણાં થોડી વાર ઉપર તો તારા મનમાં મને ચાબુક મારવાની પ્રબળ વાસના થઈ હતી! તો લે, હું હાજર થયો છું. તું ચાબુક મારી શકે છે.'

દરિદ્ર તો વધુ ને વધુ મૂંઝાવા લાગ્યો. ભગવાનને ચાબુક મારવાની પોતે ઈચ્છા કરી તે બદલ એને શોક તો ન થયો પણ ઊલટું આવા સુંદર બાળકના શરીરને પ્રેમથી સ્પર્શ કરવાની વૃત્તિ થઈ આવી, પણ તેમ કરવું તેને ઠીક ન લાગ્યું.

બાળક આગળ બોલવા લાગ્યો :

'જો, હરિમોહન! જેઓ મારાથી ભય પામતા નથી, પણ મને સખા રૂપે જુએ છે, સ્નેહ ભાવે ગાળો પણ દઈ લે છે, મારી સાથે ક્રીડા કરવા ઈચ્છે છે, એ બધા મને બહુ પ્રિય છે. આ જગતની રચના મેં ક્રીડાને અર્થે જ કરી છે. મારી સાથે ક્રીડા કરી શકે એવો સાથી હું હમેશાં શોધતો ફરું છું. પણ, ભાઈ, મને કોઈ સાથી જડતો નથી. લોકો મારા ઉપર ક્રોધ કરે છે, ભાતભાતના હક્કદાવા કરે છે. કોઈ મુક્તિ માગે છે, કોઈ ભક્તિ માગે છે. કોઈ ધન માગે છે, કોઈ કીર્તિ માગે છે. પણ મને પોતાને કોઈ વાંછતું જ નથી. લોક જે માગે છે તે હું આપું છું. શું થાય, લોકોને સંતુષ્ટ તો રાખવા જ જોઈએ, નહિ તો વળી મને છોડીને પાછા નાસી જાય. તારે પણ કંઈક જોઈતું લાગે છે. તારી ચીડ ઉતારવા કોઈને ચાબુક મારવાનું તને મન થયું છે. એ ઈચ્છા તૃપ્ત કરવા તેં મને બોલાવ્યો તો હું પણ ચાબુકનો માર ખાવા આવ્યો છું—ये यथा मां प्रपद्यन्ते। તો હવે તું ચાબુક મારવાનું શરૂ કરે તે પહેલાં તારી ઈચ્છા હોય તો મારી કાર્યપદ્ધતિ તને બતાવી રાખું. કેમ, સાંભળવું છે?'

હરિમોહને જવાબ આપ્યો, 'જોઈએ. તને બોલતાં તો બહુ આવડતું લાગે છે. પણ તારા જેવડું છોકરું મને કંઈ શીખવી શકે એ તો કેમ માની શકાય?'

બાળક જવાબમાં ફરી હસ્યો અને બોલ્યો, 'ભલે ત્યારે, જોઈ લે.'

એમ કહીને શ્રી કૃષ્ણે હરિમોહનના માથા ઉપર હાથ મૂકયો. અને તે જ ક્ષણે દરિદ્રના આખા શરીરમાં વીજળીનો પ્રવાહ વહેવા લાગ્યો. મૂલાધારમાં સૂતેલી કુંડલિની શક્તિ અગ્નિમય સર્પના આકારે એક હુંકાર કરતી બ્રહ્મરન્ધ્રમાં પહોંચી ગઈ. હરિમોહનનું મસ્તક પ્રાણશક્તિનાં મોજાંઓથી ભરાઈ ગયું. બીજી ક્ષણે તેણે જોયું કે તેની ચારે બાજુની દીવાલો જાણે દૂર દૂર સરવા લાગી છે. આ નામરૂપાત્મક જગત જાણે શૂન્યમાં લીન થવા માંડયું છે. હરિમોહનનું બાહ્ય જ્ઞાન શૂન્ય બની ગયું. એનામાં જ્યારે ફરીને ભાન આવ્યું ત્યારે એણે જોયું

કે કોઈ અજાણ્યા મકાનમાં પેલા બાળક સાથે પોતે ઊભો છે. એમની સામે એક વૃદ્ધ માણસ ગાદી ઉપર બેઠો છે, અને લમણે હાથ દઈને કોઈ ગાઢ ચિંતામાં ડૂબેલો છે. તીવ્ર હૃદયભેદક ચિંતાઓ તથા નિરાશાઓથી તેનું મોં એવું તો વિકૃત થઈ ગયું હતું કે તે માણસ પેલા આખા ગામનો કર્તાહર્તા તીનકોડી પોતે જ છે તે હરિમોહન ઘડીભર તો માની પણ ન શકયો. તેને ખૂબ બીક લાગવા માંડી અને તેણે બાળકને કહ્યું, 'અરે કૃષ્ણ, આ તેં શું કર્યું? આવી અંધારી રાતે ચોરની પેઠે કોઈ બીજાના ઘરમાં મને ખેંચી લાવ્યો! પોલીસ આવી આપણને પકડી લેશે, મારીમારીને દમ કાઢી નાખશે. તીનકોડી શીલનો પ્રતાપ તો તું જાણે છે ને?'

બાળકે હસીને કહ્યું, 'ખૂબ જાણું છું. પણ ચોરી તો મારો જૂનો ધંધો છે. અને પોલીસની સાથે તો મારે ખૂબ દોસ્તી છે. તેમનાથી બીવાની જરૂર નથી. હવે હું તને સૂક્ષ્મ દૃષ્ટિ આપું છું. આ વૃદ્ધના મનની અંદર શું ચાલે છે તે જો. તું તીનકોડીનો પ્રતાપ તો જાણે છે, તો હવે મારો પ્રતાપ પણ જો.'

અને હરિમોહનમાં વૃદ્ધ તીનકોડીના મનને જોવાની શક્તિ આવી. તેણે જોયું કે જાણે એક ધનાઢ્ય નગર ઉપર શત્રુઓ આક્રમણ કરી તેને તોડીફોડી રહ્યા છે. વૃદ્ધની તેજસ્વી બુદ્ધિમાં અનેક ભયાનક પિશાચો અને રાક્ષસો દાખલ થઈ ગયા છે, તેની શાંતિનો નાશ કરી રહ્યા છે, તેના ધ્યાનમાં ભંગ કરી રહ્યા છે, તેનું સુખ લૂંટી રહ્યા છે. ડોસાએ પોતાના સૌથી નાના પુત્ર સાથે ઝઘડો કર્યો છે, તેને ઘરમાંથી બહાર કાઢી મૂકયો છે. પણ ઘડપણમાં પુત્રના સ્નેહ વગરનું જીવન એને મૃત્યુ જેવું લાગવા માંડયું છે. તો બીજી બાજુ ક્રોધ, અભિમાન, હઠાગ્રહ એના હૃદયમાં આગળો ચડાવીને પહેરો ભરી રહ્યાં છે. ક્ષમાને પ્રવેશ કરવાની મનાઈ થઈ ચૂકી છે. વળી એ ડોસાની પુત્રી ઉપર બદચાલનું કલંક લાગ્યું છે. ડોસાને તેને ઘર બહાર કાઢી મૂકવી પડી છે. એ પુત્રી માટે હવે તે રુદન કર્યા કરે છે. તે જાણે છે કે એની પુત્રી નિર્દોષ છે, પણ સમાજનો ડર, લોકલજ્જા, અહંકાર, સ્વાર્થ એના પ્રેમને દબાવી બેઠાં છે. હજારો પાપોની સ્મૃતિ ડોસાના મનમાં ચડી આવે છે. ભયનો માર્યો તે વારંવાર ચમકી ઊઠે છે. પણ એ પાપવૃત્તિ-ઓને વશ કરવાનું બળ કે હિંમત તેનામાં નથી. વચ્ચે વચ્ચે મૃત્યુ અને પરલોકની ચિંતા વૃદ્ધ આગળ અનેક દારુણ દૃશ્યો ખડાં કરે છે. હરિમોહને જોયું કે, વૃદ્ધના મનમાં થઈ રહેલી મૃત્યુની ચિંતાના પડદા પાછળથી ભયાનક યમદૂતો ડોકિયાં કરી રહ્યા છે અને કમાડ ખખડાવી રહ્યા છે. જ્યારે જ્યારે આ કમાડ ખખડવાનો અવાજ થાય છે ત્યારે ડોસાનો જીવ ભયથી વ્યાકુળ બની જઈને ચિત્કાર કરી ઊઠે છે.

આ ભયંકર દૃશ્ય જોઈને હરિમોહન કંપી ઊઠયો અને બાળક તરફ જોઈને બોલ્યો, 'અરે કૃષ્ણ, આ બધું શું છે? હું તો માનતો હતો કે ડોસો ઘણો સુખી છે.' બાળકે કહ્યું, 'એ જ મારો પ્રતાપ છે. કહે હવે, કોનો પ્રતાપ વધારે છે, પેલા મહોલ્લાવાળા તીનકોડી શીલનો કે વૈકુંઠનિવાસી શ્રી કૃષ્ણનો? જો, હરિમોહન, મારે ત્યાં પણ પોલીસ છે, પહેરેગીરો છે, સરકાર છે, કાયદાઓ છે, કચેરીઓ છે. હું પણ રાજા બનીને ખેલ કરી શકું છું. કેમ, આ ખેલ તને ગમે છે?' હરિમોહને જવાબ દીધો, 'ના ભાઈ, ના. આ ખેલ તો બહુ ખરાબ છે. તને પણ આવા ખેલ ગમે છે?' બાળકે હસીને કહ્યું, 'મને બધા ખેલ ગમે છે, ચાબુક મારવાનું પણ ગમે છે, ચાબુક ખાવાનું પણ ગમે છે.' અને પછી એણે આગળ કહેવા માંડયું. 'તમે લોકો ફક્ત બહારથી જ જુઓ છો. ભીતરને જોવાની સૂક્ષ્મ દૃષ્ટિ હજી તમારામાં વિકાસ પામી નથી. એટલે જ તું કહે છે કે, તીનકોડી સુખી છે અને તું દુ:ખી છે. આ ડોસાને કોઈ પણ વસ્તુનો અભાવ નથી. તોપણ આ લખપતિ તારા કરતાં કેટલું બધું દુ:ખ ભોગવે છે? એ કેમ થાય છે તે તું જાણે છે? મનની અવસ્થામાં જ સુખ છે, મનની અવસ્થામાં જ દુ:ખ છે. સુખદુ:ખ માત્ર મનના વિકારો છે. જેમની પાસે કશી સંપત્તિ નથી, દુ:ખ એ જ જેમની સંપત્તિ છે, તેઓ પણ ધારે તો દુ:ખની વચ્ચે રહ્યા રહ્યા પણ પરમ સુખી થઈ શકે છે. વળી જો, તું જેમ નીરસ પુણ્યવાળું જીવન ગાળે છે છતાં સુખી નથી, તને બધું દુ:ખ જ લાગ્યા કરે છે, તેવી રીતે આ વૃદ્ધ પણ નીરસ પાપમાં જીવન વિતાવે છે અને દુ:ખી થયા કરે છે. કારણ એ છે કે પુણ્યમાંથી મળતું સુખ કે પાપનું દુ:ખ બંને ક્ષણિક છે. તેમ જ પુણ્યનું દુ:ખ કે પાપનું સુખ પણ ક્ષણિક છે. આ દ્વન્દ્વમાં આનંદ નથી. આનંદનું ધામ તો મારી પાસે છે. જેઓ મારી પાસે આવે છે, મારા પ્રેમના પાશમાં બંધાય છે, મને શોધે છે, મારા ઉપર જોરજુલમ કરે છે, અત્યાચાર કરે છે, તે બધા મારો આનંદ પામે છે.'

હરિમોહન ખૂબ ધ્યાનપૂર્વક શ્રી કૃષ્ણના શબ્દો સાંભળી રહ્યો. બાળક આગળ બોલવા લાગ્યો. 'વળી જો, હરિમોહન, કેવળ શુષ્ક એવું પુણ્ય તારે માટે તદ્દન નીરસ બની ગયું છે. તોપણ એના સંસ્કારની અસરમાંથી તું નીકળી શકતો નથી. પુણ્યનો ક્ષુદ્ર અહંકાર તું જીતી શકતો નથી. આ વૃદ્ધને માટે પાપ નીરસ બની ગયું છે તોપણ સંસ્કારના બળે તે પણ તેને છોડી શકતો નથી. અને આ જિન્દગીમાં પણ નરકની યાતના ભોગવી રહ્યો છે. આને જ પુણ્યનું તથા પાપનું બંધન કહેવામાં આવે છે. અજ્ઞાનમાંથી જન્મેલા સંસ્કારો એ જ આ બંધનરૂપી દોરડું છે. પણ આ વૃદ્ધની આ નરકયાતના તેને માટે બહુ હિતકારક છે. એમાંથી એનું પરિત્રાણ અને મંગળ નીપજશે.'

હરિમોહન અત્યાર સુધી ચુપચાપ સાંભળ્યા કરતો હતો. હવે તે બોલ્યો, 'કૃષ્ણ, તારી વાતો તો ઘણી મધુર છે. પણ તેથી મને સમાધાન નથી થતું. સુખ અને દુ:ખ એ મનના વિકાર હોઈ શકે, પણ તેનું કારણ તો બહારની પરિસ્થિતિ જ છે. કહે જોઈએ, પેટમાં ભૂખની આગ લાગી હોય અને મન જ્યારે તરફડી રહ્યું હોય ત્યારે શું કોઈ પરમ સુખી રહી શકે ખરો? અથવા તો રોગથી કે વેદનાથી શરીર પીડાઈ રહ્યું હોય તે વેળા શું કોઈ તારી વાતને સાચી માની શકે?' બાળકે કહ્યું, 'હરિમોહન, આવ. તને એ પણ બતાવું.'

એમ કહીને બાળકે ફરીથી હરિમોહનના માથા ઉપર હાથ મૂકયો. એ હાથનો સ્પર્શ થતાં જ હરિમોહને જોયું કે હવે તીનકોડી શીલનું મકાન ચાલ્યું ગયું છે. પોતે એક રમણીય નિર્જન પર્વતના ઉચ્ચ શિખર ઉપર આવીને ઊભો છે. સામે એક સંન્યાસી ધ્યાનમાં બેઠો છે. સંન્યાસીના પગ આગળ એક પડછંદ વાઘ ચોકીદારની જેમ આડો પડયો છે. વાઘને જોતાં જ હરિમોહનના પગ અટકી પડયા. પણ બાળક એને ખેંચીને સંન્યાસી તરફ લઈ જવા લાગ્યો. બાળક આગળ એનું કંઈ જોર ન ચાલ્યું અને લાચાર થઈ તે ચાલવા લાગ્યો. બાળકે કહ્યું, 'હરિમોહન, જો.'

હરિમોહને જોયું કે તેનાં ચક્ષુ સમક્ષ સંન્યાસીનું મન જાણે એક ખુલ્લા પુસ્તક જેમ પડયું છે. એના એકેએક પૃષ્ઠ ઉપર શ્રીકૃષ્ણનું નામ હજારો વાર લખાયેલું છે. સંન્યાસી નિર્વિકલ્પ સમાધિનું સિંહદ્વાર પાર કરીને સૂર્યલોકમાં શ્રીકૃષ્ણની સંગે ક્રીડા કરી રહ્યો છે. વળી તેણે જોયું કે સંન્યાસીએ ઘણા દિવસથી આહાર કર્યો નથી. છેલ્લા બે દિવસથી તેનું શરીર ભૂખતરસથી વધારે પીડાવા લાગ્યું છે. હરિમોહન બોલ્યો, 'આ શું, કૃષ્ણ? આ સાધુ પુરુષ તારા ઉપર આટલો બધો પ્રેમ કરે છે, છતાં એને ભૂખતરસ વેઠવી પડે છે. તને તે કંઈ સાનભાન જ નથી? જંગલી પ્રાણીઓના આ નિર્જન જંગલમાં એને કોણ ખાવાનું આપશે?' બાળકે કહ્યું, 'હું આપીશ. પણ તે પહેલાં એક બીજી મજા જો.'

હરિમોહને જોયું કે વાઘે ઊઠીને પાસેના એક રાફડા ઉપર જોરથી એક પંજો માર્યો અને તોડી નાખ્યો. તેમાંથી નાની નાની હજારો કીડીઓ નીકળી આવી અને ખીજવાઈને સંન્યાસીના શરીર ઉપર ચડી જઈ કરડવા લાગી. સંન્યાસી તો એમ ને એમ જ બેઠો છે, ધ્યાનમગ્ન, નિશ્ચળ, અડગ. એટલામાં બાળકે સંન્યાસીના કાન પાસે જઈ અતિશય મધુર અવાજે સાદ કર્યો, 'સખે!' સંન્યાસીની આંખો ઊઘડી. પહેલાં તો એને પેલા આગ જેવા ડંખોનું કશું ભાન ન થયું. હજી ય એના કાનમાં પેલો વિશ્વવાંછિત ચિત્તહારી બંસીરવ જ ગુંજ્યા કરતો હતો – વૃંદાવનમાં રાધાના કાનમાં બંસીરવ ગુંજતો હતો તેવો જ. થોડી

વાર પછી સંન્યાસીનું મન કીડીઓના ડંખથી શરીર તરફ ખેંચાયું. સંન્યાસી જરાયે હાલ્યો-ચાલ્યો નહિ. પણ આશ્ચર્યપૂર્વક મનમાં મનમાં કહેવા લાગ્યો, 'અરે આ શું? મને આવું તો કદી થયું નથી. આ તો શ્રીકૃષ્ણ મારી સાથે ક્રીડા કરી રહ્યા છે. નાનકડી કીડીઓનું રૂપ લઈ મને ડંખી રહ્યા છે.' હરિ-મોહને જોયું કે હવે ડંખની વેદના સંન્યાસીના મન સુધી પહોંચી શકતી નથી. દરેક દંશમાં સંન્યાસી એક તીવ્ર શારીરિક આનંદ અનુભવી રહ્યો છે. શ્રીકૃષ્ણનો નામોચ્ચાર કરતો કરતો સંન્યાસી ઊભો થઈ ગયો અને તાળી પાડતો પાડતો નૃત્ય કરવા લાગી ગયો. કીડીઓ ખરી ખરીને ભોંય પર પડવા લાગી અને નાસી ગઈ. હરિમોહને વિસ્મય સાથે પૂછ્યું. 'અરે કૃષ્ણ, આ તે કેવી માયા છે!' બાળકે એક તાળી પાડી અને એક પગ ઉપર બે વાર ફૂદડી ફરી લીધી, અને ખડખડાટ હસી પડ્યો. 'હું જ જગતનો એકમાત્ર જાદુગર છું. આ માયા તું નહિ સમજી શકે. એ મારું પરમ રહસ્ય છે. જોયું? વેદનાની અંદર પણ સંન્યાસી મારું સ્મરણ કરી શકતો હતો. હવે આગળ જો.'

સંન્યાસી સ્વસ્થ થઈને બેસી ગયો. હવે તેનું શરીર ભૂખ અને તરસનો અનુભવ કરવા લાગ્યું. પણ હરિમોહને જોયું કે સંન્યાસીનું મન એ શારીરિક વિકારનો માત્ર અનુભવ જ કરે છે. તેનાથી જરાકે વિકૃત કે લિપ્ત થતું નથી. એટલામાં પર્વત ઉપરથી કોઈએ બંસી જેવા મધુર સ્વરે સાદ કર્યો, 'સખે!' હરિમોહન ચમક્યો. આ તો શ્યામસુન્દરનો જ બંસીના જેવો મધુર અવાજ છે. થોડી વારમાં એક ખડકની પાછળથી એક સુંદર કૃષ્ણવર્ણ બાળક નીકળી આવ્યો. તેના હાથમાં એક થાળમાં ઉત્તમ પ્રકારનું ભોજન અને ફળફળાદિ હતાં. હરિ-મોહન દિંગ થઈ ગયો. તે શ્રીકૃષ્ણ તરફ જોવા લાગ્યો. બાળક તો તેની પાસે ઊભો જ છે. અને જે બાળક સામેથી આવે છે તે પણ એના જેવો જ શ્રીકૃષ્ણ છે. પેલો બાળક સંન્યાસી પાસે આવ્યો અને તેને દીપક બતાવી કહ્યું, 'જુઓ તો, શું લાવ્યો છું!' સંન્યાસીએ હસીને કહ્યું, 'આવી ગયો કે? આટલા દિવસ તો મને ભૂખ્યો જ રાખ્યો ને? હશે, ચાલ આવ્યો છે તો બેસી જા. મારી સાથે જમ.' સંન્યાસી અને બાળક એક જ થાળીમાં ખાવા બેસી ગયા. એકબીજાને ખવડાવવા લાગ્યા. ઝૂંટાઝૂંટ પણ થવા લાગી. ભોજન પૂરું થતાં બાળક થાળ લઈને અંધકારમાં વિલીન થઈ ગયો.

હરિમોહન કંઈક પૂછવા જતો હતો, પણ એકાએક તેને માલૂમ પડ્યું કે હવે ત્યાં શ્રીકૃષ્ણ નથી, સંન્યાસી પણ નથી, વાઘ પણ નથી અને પર્વત પણ નથી. પોતે એક ભદ્ર લોકોના મહોલ્લામાં નિવાસ કરી રહ્યો છે. પોતાની પાસે ખૂબ ધનદોલત છે, પુત્રપરિવાર છે. પોતે રોજ બ્રાહ્મણોને દક્ષિણા આપે

છે, ભિખારીઓને દાન આપે છે, ત્રિકાળ-સંધ્યા કરે છે, શાસ્ત્રોક્ત આચારવિચારનું આગ્રહપૂર્વક પાલન કરી રઘુનંદને બતાવેલા માર્ગ ઉપર ચાલે છે. પોતે આદર્શ પિતા, આદર્શ પતિ અને આદર્શ પુત્ર તરીકે જીવન ગાળે છે. પણ બીજી જ ક્ષણે તેણે ભયભીત થઈને જોયું કે આ ભદ્ર મહોલ્લામાં જે લોકો રહે છે તેમનામાં લેશમાત્ર શુભ ભાવનાઓ કે આનંદ નથી. બાહ્ય આચારવિચારનું યંત્રવત્ પાલન કરવું એને જ એ લોકો પુણ્ય સમજે છે. હરિમોહનને પ્રથમ જેટલો આનંદ થયો હતો તેટલી જ હવે વેદના થવા લાગી. એને થયું કે જાણે પોતાને ખૂબ તરસ લાગી છે, પણ પાણી મળતું નથી. એટલે તે ધૂળ ફાકે છે, બસ ધૂળ જ ફાકયા કરે છે. એ ધૂળ ફાકવાનો કયાંય અંત દેખાતો નથી. એ સ્થાન છોડીને તે નાઠો. તે એક બીજા મહોલ્લામાં પહોંચ્યો. ત્યાં એક ઊંચા ઝરૂખા પાસે લોકોનું એક મોટું ટોળું ભેગું થયું છે અને આશીર્વાદના પોકારો કરી રહ્યું છે. હરિમોહન આગળ વધ્યો અને જોયું તો ઝરૂખામાં તીનકોડી શીલ બેઠો છે અને છૂટે હાથે ધન વહેંચી રહ્યો છે. કોઈ નિરાશ થઈ પાછું જતું નથી. હરિમોહન ખડખડાટ હસી પડયો. તે વિચારવા લાગ્યો, 'આ તે કેવું સ્વપ્ન! તીનકોડી શીલ હવે દાતા બન્યો છે?' તે પછી તેણે તીનકોડીના મનને જોયું. તે મનમાં લોભ, ઈર્ષા, કામના, સ્વાર્થ ઈત્યાદિ હજારો અતૃપ્તિઓ અને દુષ્ટ વૃત્તિઓ 'આપ, આપ,' એમ કહેતી બુમરાણ કરતી હતી. તીનકોડી એ બધા ભાવોને પુણ્ય કે યશની લાલસાથી, કે પછી ગર્વને વશ થઈ દબાવી રહ્યો છે, પોતાના ચિત્તમાંથી હાંકી કાઢતો નથી.

એટલામાં કોઈએ આવીને હરિમોહનને પકડયો અને જલદી જલદી અન્ય લોકોમાં ફેરવી આવ્યું. હરિમોહન હિંદુઓનું નરક, ખ્રિસ્તીઓનું નરક, મુસલમાનોનું નરક, યુનાનીઓનું નરક, હિંદુઓનું સ્વર્ગ, ખ્રિસ્તીઓનું સ્વર્ગ, મુસલમાનોનું સ્વર્ગ, યુનાનીઓનું સ્વર્ગ એમ કેટલાંય નરક અને સ્વર્ગ જોઈ આવ્યો. તે પછી તેણે જોયું કે પોતે પોતાના જ મકાનમાં પોતાની જૂની ફાટેલી ચટાઈ ઉપર મેલી ગાદી પર બેઠો છે અને સામે શ્યામસુન્દર ઊભા છે. બાળક બોલવા લાગ્યો. 'હવે તો બહુ રાત થઈ ગઈ. ઘેર પાછો નહિ જાઉં તો ઘરવાળાં મને લડશે અને મારવા લેશે. એટલે મારે કહેવાનું ટૂંકમાં પતાવીશ. તેં જે સ્વર્ગ અને નરક જોયાં તે સ્વપ્ન-જગતનાં છે, કલ્પનાથી ઘડેલાં છે. લોકો કહે છે, મૃત્યુ પછી મનુષ્ય સ્વર્ગ કે નરકમાં જાય છે, અને પૂર્વ જન્મની વાસના ત્યાં તૃપ્ત કરે છે. તું પૂર્વ જન્મમાં પુણ્યવાન હતો, પણ તારા હૃદયમાં પ્રેમને સ્થાન મળ્યું ન હતું. નથી તેં પ્રભુ સાથે પ્રેમ કર્યો કે નથી મનુષ્ય સાથે. મૃત્યુ પામ્યા પછી સ્વપ્નજગતમાં તું પેલા ભદ્ર લોકોના મહોલ્લામાં રહેવા લાગ્યો અને પૂર્વજીવનની વાસનાને તૃપ્ત કરવા

લાગ્યો. એ ભોગ ભોગવતાં ભોગવતાં તને એ વાસનામાંથી રસ ચાલ્યો ગયો. તારો પ્રાણ આકુળવ્યાકુળ થવા લાગ્યો. એ સ્થાન છોડીને તું ધૂળના નરકમાં નિવાસ કરવા લાગ્યો. જીવનનું બાકી રહેલું પુણ્ય ભોગવી લઈ ફરી પાછો તેં જન્મ લીધો. એ જન્મમાં તેં માત્ર નાનાં નાનાં નૈમિત્તિક દાનપુણ્ય જ કર્યાં, નીરસ બાહ્ય વ્યવહારમાં જ મચ્યો રહ્યો. કોઈનાં પણ દુ:ખને દૂર કરવા તેં કશું પણ કર્યું નહિ. એટલા માટે આ જન્મમાં તું આટલો બધો દુ:ખી છે. હવે આ જીવનમાં પણ તું જે રસહીન પુણ્ય કર્યા કરે છે, તેનું કારણ એ છે કે કેવળ સ્વપ્નજગતમાં જ મનુષ્યનાં પુણ્ય અને પાપ ભોગવાઈ જતાં નથી. એ કર્મફળનો ક્ષય તો પૃથ્વી ઉપર જ થાય છે. તીનકોડી ગયા જન્મમાં દાનેશ્વરી કર્ણ હતો. હજારો માણસોના આશીર્વાદ પામીને આ જન્મમાં તે લક્ષાધિપતિ અને સુખી બન્યો છે. પરંતુ તેની ચિત્તશુદ્ધિ થયેલી નથી એટલે પોતાની અતૃપ્ત દુષ્ટ વૃત્તિઓને તેણે પાપકર્મ દ્વારા તૃપ્ત કરવાની રહે છે. કર્મવાદ એટલે શું તે તું સમજ્યો હવે? કર્મવાદ એ નથી ઈનામ કે નથી દંડ પણ અમંગલમાંથી અમંગલ અને મંગલમાંથી મંગલનું સર્જન છે. એ પ્રકૃતિનો નિયમ છે. પાપ અશુભ છે, એટલે તેમાંથી દુ:ખ જન્મે છે. પુણ્ય શુભ છે, એટલે તેમાંથી સુખ જન્મે છે. આ વ્યવસ્થા ચિત્તની શુદ્ધિ માટે છે, અશુભના વિનાશ માટે છે. જો હરિમોહન, અનેક વૈચિત્ર્યોથી ભરેલી મારી સૃષ્ટિમાં પૃથ્વી તો એક ક્ષુદ્ર અંશ જેવી છે. પરંતુ એ પૃથ્વી ઉપર કર્મ દ્વારા અશુભનો વિનાશ કરવા માટે જ તમારા સૌનો ત્યાં જન્મ થાય છે. જ્યારે તમે પણ પાપ અને પુણ્યથી મુક્ત થઈને પ્રેમરાજ્યમાં પ્રવેશ કરશો, ત્યારે આ કર્મની આવશ્યકતામાંથી તમે છૂટી જશો. અન્ય જન્મોમાંથી પણ તમને મુક્તિ મળશે. હું મારી પ્રિય ભગિની શક્તિને તથા તેની સખી વિદ્યાને તારી પાસે મોકલીશ. પણ જો, એક શરત છે. તારે મારી ક્રીડામાં સાથી બનવું પડશે. તું મુક્તિ નહિ માગી શકે. કેમ, રાજી છે?' હરિમોહને જવાબ દીધો, 'અરે કૃષ્ણ, તેં તો મારા ઉપર ઘણો ઉપકાર કરી દીધો! તને ખોળામાં બેસાડી પ્રેમ કરવાનું ઘણું મન થાય છે. હવે જાણે આ જીવનમાં બીજી કોઈ વાસના રહી નથી.'

બાળકે હસીને પૂછ્યું, 'હરિમોહન, પણ તું કંઈ સમજ્યો ખરો?' હરિમોહને કહ્યું, 'કેમ ના સમજું?' અને પછી થોડો વિચાર કરીને બોલ્યો, 'પણ અરે કૃષ્ણ, તું મને પાછો છેતરી ગયો. તેં અશુભ શા માટે ઉત્પન્ન કર્યું તેનો તો કશો ખુલાસો કર્યો જ નહિ.' અને એમ કહી તેણે બાળકનો હાથ પકડી લીધો. બાળકે પોતાનો હાથ ખેંચી લીધો અને હરિમોહનને ધમકાવીને કહ્યું, 'દૂર રહે! વાહ, એક કલાકમાં જ મારી બધી ગુપ્ત વાતો

કઢાવી લેવા માગે છે?' એમ કહી બાળકે એકદમ દીપક ઓલવી નાખ્યો અને દૂર સરી જઈને હસતાં હસતાં કહ્યું, 'અરે હરિમોહન, ચાબુક મારવાનું તો તું તદ્દન ભૂલી જ ગયો. રખેને તારાં દુ:ખનો માર્યો ચીડમાં આવી જઈને મને તું માર માર જ કર્યા કરે! એટલે તો હું તારા ખોળામાં ના બેઠો! તારા ઉપર હું જરાકે વિશ્વાસ નહિ મૂકી શકું.' હરિમોહને ગુપચુપ અંધકારમાં હાથ પસાર્યો, પણ બાળક દૂર સરતાં સરતાં બોલ્યો, 'ના ના. એ સુખ મેં તારા બીજા જન્મ માટે રાખી મૂક્યું છે. જાઉં છું.' અને એમ કહીને એ અંધારી રાત્રિમાં બાળક ક્યાંય અદૃશ્ય થઈ ગયો. તેનાં નૂપુરનો ધ્વનિ સાંભળતો હરિમોહન જાગી ઊઠયો અને વિચારવા લાગ્યો, 'આ તે મેં કેવું સ્વપ્ન જોયું! નરક જોયું,. સ્વર્ગ જોયું. સ્વપ્નમાં ભગવાનને તુંકારીને બોલાવ્યા. નાનો છોકરો સમજીને કેટલો બધો ધમકાવ્યો. કેવું પાપ થઈ ગયું! પણ, હૃદયમાં ખૂબ શાંતિ અનુભવાય છે.' અને પછી હરિમોહન તે કૃષ્ણવર્ણ બાળકની મોહન મૂર્તિના ધ્યાનમાં ઊતરી ગયો અને વચ્ચે વચ્ચે બોલતો રહ્યો : 'શું સુન્દર? શું સુન્દર!'

ક્ષમાનો આદર્શ

ચંદ્ર ધીરે ધીરે વાદળોના પડદા પાછળ ગતિ કરી રહ્યો હતો. નીચે નદી કલકલ અવાજ કરતી પવનના સૂરમાં પોતાનો સૂર મેળવતી નાચતી નાચતી વહેતી હતી. પૃથ્વીનું સૌન્દર્ય અર્ધા અંધકારમાં અને અર્ધા ચંદ્રપ્રકાશમાં ઓર ખીલી નીકળતું હતું. ચારે બાજુ ઋષિઓના આશ્રમો હતા. પ્રત્યેક આશ્રમની શોભા નંદનવનની શોભાને પણ ટપી જાય તેવી હતી. હરેક ઋષિની કુટિરની આસ-પાસનાં તરુ, પુષ્પો અને લતાઓ સૌન્દર્યથી લચી પડતાં હતાં. આવી એક જ્યોત્સ્નાથી છલકાતી રાત્રે બ્રહ્મર્ષિ વશિષ્ઠ પોતાની પત્ની અરુન્ધતીને કહેતા હતા, 'દેવી, ઋષિ વિશ્વામિત્રને ત્યાંથી થોડુંક મીઠું લઈ આવોને!' આ સાંભળતાં વેંત જ અરુન્ધતીને આશ્ચર્ય થયું અને તેમણે પ્રશ્ન કર્યો, 'પ્રભુ, આપ આ કેવી આજ્ઞા કરો છો? મને એ સમજાતું નથી. જેણે આપણા સો પુત્રોનો વધ કર્યો છે—' અને એ શબ્દો બોલતાં બોલતાં અરુન્ધતીનો કંઠ ગદ્-ગદિત થઈ ગયો. ભૂતકાળ બધો પાછો સ્મરણપટ પર તાજો થઈ આવ્યો. અપૂર્વ શાંતિના ધામ જેવું એ હૃદય વ્યથાથી ઊભરાવા લાગ્યું. તે બોલવા લાગ્યાં, 'આવી સુંદર કૌમુદીવાળી રાત્રે મારા પુત્રો વેદગાન કરતા કરતા ફરતા હતા. એ સોએ સો વેદજ્ઞ હતા, બ્રહ્મનિષ્ઠ હતા. મારા એ સર્વ પુત્રોને એણે મારી નાખ્યા છે. તેના આશ્રમમાંથી મીઠું માગી લાવવાનું આપ કહો છો? મને કંઈ સમજાતું નથી.'

ઋષિનું મુખ ધીરે ધીરે પ્રકાશથી છલકાવા લાગ્યું, એ સાગર જેવા હૃદય-માંથી ધીરે ધીરે શબ્દો નીકળવા લાગ્યા. 'દેવી, એમના ઉપર તો મને ખાસ પ્રેમ છે.' અરુન્ધતીનું આશ્ચર્ય ખૂબ વધી ગયું. તેમણે કહ્યું, એમના ઉપર આપને જો પ્રેમ છે તો તો પછી એમને આપ 'બ્રહ્મર્ષિ'ના નામે સંબોધન કેમ નથી કરતા? એમને 'બ્રહ્મર્ષિ' કહી દીધા હોત તો આ બધી જંજાળ મટી જાત, અને મારે મારા સો પુત્રો પણ ગુમાવવા ન પડત.' ઋષિના મુખ ઉપર એક અપૂર્વ કાંતિ પ્રગટી આવી. તે બોલ્યા, 'તેમના ઉપર મને પ્રેમ છે માટે જ હું એમને બ્રહ્મર્ષિ કહેતો નથી. હું એમને બ્રહ્મર્ષિ નહિ કહું. એમાંથી જ તેઓ બ્રહ્મર્ષિ થઈ શકવાની આશા રહે છે.'

આજે વિશ્વામિત્ર ક્રોધથી જ્ઞાનશૂન્ય બની ગયા હતા. આજે તેઓ તપ-સ્યામાં મન પરોવી શકતા ન હતા. તેમણે સંકલ્પ કર્યો હતો કે આજે જો વશિષ્ઠ મને બ્રહ્મર્ષિ નહિ કહે તો તેમનો પ્રાણ લઈશ. અને એ સંકલ્પને પાર પાડવા તે હાથમાં તલવાર લઈ પોતાની કુટિરમાંથી બહાર નીકળી પડયા. અને

ધીરે ધીરે વશિષ્ઠની કુટિરની પાસે આવીને ઊભા રહી ગયા. ત્યાં ઊભાં ઊભાં તેમણે વશિષ્ઠની બધી વાતો સાંભળી. હાથમાં જોરથી પકડેલી તલવાર ઢીલી થઈ ગઈ. તે વિચારવા લાગ્યા, 'મેં આ શું કર્યું? તદ્દન અજ્ઞાનમાં રહીને મેં કેવો મોટો અન્યાય કર્યો છે, કેવા નિર્વિકાર હૃદયના ઋષિને વ્યથા પહોંચાડવાનો પ્રયત્ન મેં કર્યો છે?' તેમના હૃદયમાં જાણે સો સો વીંછીના ડંખની વેદના થવા લાગી. હૃદય અનુતાપથી બળવા લાગ્યું. એકદમ દોડીને તે વશિષ્ઠના પગમાં ઢળી પડયા. થોડી ક્ષણ તો તે કશું બોલી જ ન શકયા. એકાદ ક્ષણ પછી તે બોલ્યા, 'ક્ષમા કરો. પણ મારામાં ક્ષમા યાચવાની પણ યોગ્યતા નથી રહી.' વિશ્વામિત્રનું ગર્વીલું હૃદય બીજું કાંઈ બોલી શકયું નહિ. પણ વશિષ્ઠ શું બોલ્યા? વશિષ્ઠે બેય હાથ વડે તેમને પકડી લીધા અને કહ્યું, 'ઊઠો, બ્રહ્મર્ષિ, ઊઠો.' વિશ્વામિત્ર બમણા શરમાઈ ગયા અને બોલ્યા, 'પ્રભુ, મને આમ શરમમાં કેમ નાખો છો?' વશિષ્ઠે જવાબ આપ્યો, 'હું કદી મિથ્યા બોલતો નથી. આજે તમે મહર્ષિ થયા છો, આજે તમે અભિમાનનો ત્યાગ કર્યો છે. આજે તમે બ્રહ્મર્ષિ-પદ પ્રાપ્ત કર્યું છે.' વિશ્વામિત્રે કહ્યું, 'આપ મને બ્રહ્મજ્ઞાન આપો.' વશિષ્ઠે જવાબ દીધો, 'આપ શેષની પાસે જાઓ. તે જ તમને બ્રહ્મજ્ઞાન આપશે.'

વિશ્વામિત્ર શેષની પાસે પહોંચ્યા. શેષ માથા પર પૃથ્વી ધારણ કરીને બેઠા હતા. વિશ્વામિત્રે બધી વાત કહી સંભળાવી. શેષ બોલ્યા, 'તમે જો આ પૃથ્વી તમારા મસ્તક પર ધારણ કરી શકો તો હું તમને બ્રહ્મજ્ઞાન આપી શકીશ.' તપોબળના ગર્વથી ભરેલા વિશ્વામિત્રે કહ્યું, 'આપ પૃથ્વીને માથેથી ઉતારી નાખો. હું મારે માથે લઈ લઉં છું.' શેષે કહ્યું, 'હા લઈ લો. આ હું ઉતારી નાખું છું.' શેષે પૃથ્વીને માથા પરથી ઉતારી તેવી જ તે આકાશમાં ચક્કર લેતી લેતી ગબડવા લાગી.

વિશ્વામિત્રે મોટા અવાજે કહ્યું, 'હું મારા સમસ્ત તપનું ફળ અર્પણ કરું છું. પૃથ્વી સ્થિર થઈ જા—' પણ પૃથ્વી સ્થિર ન થઈ. શેષે મોટો સાદ કરીને કહ્યું, 'વિશ્વામિત્ર, પૃથ્વીને ધારણ કરી શકાય એટલું તપ તમે કર્યું લાગતું નથી. કોઈ દિવસ કોઈ સાધુપુરુષનો સંગ કર્યો છે? કર્યો હોય તો તેનું ફળ અર્પણ કરો'. વિશ્વામિત્રે કહ્યું, 'એકાદ ક્ષણ જેટલો વશિષ્ઠનો સંગ કર્યો છે.' શેષે કહ્યું, 'તો એનું જ ફળ અર્પણ કરો.' વિશ્વામિત્ર બોલ્યા, 'હું એ ફળ અર્પણ કરું છું.' ધીરે ધીરે પૃથ્વી સ્થિર બની. પછી વિશ્વામિત્ર બોલ્યા, 'હવે મને બ્રહ્મજ્ઞાન આપો.' શેષે કહ્યું, 'મૂર્ખ વિશ્વામિત્ર, જેની સાથેના એક ક્ષણ જેટલા સત્સંગના ફળ રૂપે પૃથ્વી સ્થિર થઈ ગઈ, તેને મૂકીને તું મારી પાસેથી બ્રહ્મજ્ઞાન લેવા ઈચ્છે છે?' વિશ્વામિત્ર ક્રોધે ભરાયા. વિચારવા લાગ્યા કે આ

તો વશિષ્ઠે મને છેતર્યો. ઝડપથી તેઓ વશિષ્ઠ પાસે જઈ પહોંચ્યા અને કહેવા લાગ્યા, 'આપે મને શા માટે છેતર્યો?' વશિષ્ઠે અત્યંત ધીરગંભીર ભાવે ઉત્તર આપ્યો, 'તે વખતે જો મેં તમને બ્રહ્મજ્ઞાન આપ્યું હોત તો તેમાં તમને વિશ્વાસ બેસત નહિ. હવે તમને શ્રદ્ધા બેસશે.' અને વિશ્વામિત્રે વશિષ્ઠ પાસેથી બ્રહ્મ-જ્ઞાન પ્રાપ્ત કર્યું.

ભારતદેશમાં આવા ઋષિઓ હતા, આવા સાધુ પુરુષો હતા, ક્ષમાનો આવો આદર્શ હતો, એવું તપોબળ હતું કે જે દ્વારા પૃથ્વીને ધારણ કરી શકાતી હતી. ભારતદેશમાં વળી પાછા એવા જ ઋષિઓ જન્મ લઈ રહ્યા છે. એ ઋષિઓના પ્રભાવ આગળ પ્રાચીન કાળના ઋષિઓનો પ્રકાશ ઝાંખો પડી જશે. એ ઋષિઓ ભારતદેશને પ્રાચીન કાળ કરતાંયે વધારે ગૌરવ અપાવશે.

वेद

વેદરહસ્ય

[વેદના અર્થઘટનમાં અવ્યવસ્થા]

વેદસંહિતા ભારતવર્ષના ધર્મ, સભ્યતા અને અધ્યાત્મજ્ઞાનનું સનાતન મૂળ છે. પરંતુ આ મૂળ અગમ્ય પર્વતની ગુફામાં છુપાયેલું છે. તેનું પ્રથમ ઝરણું અતિ પ્રાચીન કાંટા અને ઝાંખરાંનાં ગીચોગીચ અરણ્યમાં ખીલેલી ઝાડની વેલીઓ અને છોડવાઓનાં વિવિધ આવરણથી ઢંકાઈ ગયેલું છે. વેદ રહસ્યમય છે. તેની ભાષા, તેની ભાવભંગી, તેની ચિંતનની ગતિ અન્ય યુગનું સર્જન છે, કોઈ અન્ય પ્રકારની માનવબુદ્ધિમાંથી જન્મેલાં છે. એક રીતે જોઈએ તો જાણે કે કોઈ નિર્મળ વેગવતી પર્વતની નદીના જેવો તેનો પ્રવાહ સરળ છે; અને આમ છતાંય તેની ચિંતનપ્રણાલી આપણને એવી જટિલ લાગે છે, એની ભાષાનો અર્થ એવો સંદિગ્ધ જણાય છે કે તેમાં રહેલી મૂળ વિચારણા અને પંક્તિએ પંક્તિએ અભિવ્યક્ત થતી સામાન્ય વાતને વિષે પ્રાચીન કાળથી તર્ક ચાલ્યો આવે છે અને મતમતાંતર પ્રવર્તે છે. પરમ પંડિત સાયણાચાર્યની ટીકા વાંચતાં એમ લાગે છે કે વેદનો કદાપિ કોઈ પ્રકારનો સુમેળયુક્ત અર્થ હતો નહીં, અને જે હતો તે કદાચ વેદની પરવર્તી બ્રાહ્મણ-રચનાઓની પહેલાં સર્વગ્રાસી કાળના અતલ વિસ્મૃતિસાગરમાં ડૂબી ગયો છે.

વેદનો અર્થ કરવા જતાં સાયણાચાર્ય મહા મુશ્કેલીમાં આવી પડયા છે. જાણે કે કોઈ ઘોર અંધકારમાં ખોટા પ્રકાશની પાછળ ઊભાં ઊભાં અથડાઈ જવાતું હોય, ખાડાના કાદવભર્યા ડહોળાઈ ગયેલાં પાણીથી ખરડાઈ જવાતું હોય, હેરાનપરેશાન થઈ જવાતું હોય અને છતાંય છોડી શકાતું ન હોય! આમ તો આર્યધર્મનું મૂળ પુસ્તક એટલે તેનો અર્થ તો કરવો જ રહ્યો; પણ તેની વાતો એવી કૂટ અને તેનું સંશ્લેષણ એવી રહસ્યમય વૈવિધ્યપૂર્ણ નિગૂઢ વિચારધારાથી યુક્ત કે અનેક ઠેકાણે તેનો અર્થ થઈ શકે નહીં, અને જ્યાં મહામુશ્કેલીએ અર્થ કરવામાં આવે ત્યાં પણ સંદેહની છાયા તો પડે જ. આવી સ્થિતિમાં સાયણ નિરાશ થઈ જઈને ઋષિને મોઢે વ્યાકરણની એવી પરસ્પરવિરોધી ભાષા, એવી વાંકીચૂકી જટિલ ભાંગીતૂટી વાકયરચના અને એવી વિક્ષિપ્ત અસંલગ્ન વિચારધારાનું આરોપણ કરે છે કે તેમનું ભાષ્ય વાંચીને તે ભાષા તેમ જ વિચારધારા આર્યની નહિ હોતાં કોઈ બર્બર કે ઉન્મત્તનો પ્રલાપ હોય તેમ કહેવાનું મન થઈ જાય છે. અને એમાં સાયણનો પણ શો દોષ? પ્રાચીન નિરુક્તકાર યાસ્કાચાર્ય પણ એવી જ સ્થિતિમાં સપડાઈ ગયા હતા અને તેમના પૂર્વવર્તી

બ્રાહ્મણકારો પણ વેદનો સરળ અર્થ ન પામતાં કલ્પનાની મદદથી કપોલ-કલ્પિત વાતો ઉપજાવી કાઢનારી બુદ્ધિવૃત્તિનો (mythopoeic faculty) આશરો લઈને અઘરી ઋચાઓની વ્યાખ્યા કરવાનો ફોગટ પ્રયાસ કરવા લાગ્યા.

અને ઈતિહાસકારોએ પણ આ જ પ્રણાલિકાનું અનુસરણ કરીને અનેક પ્રકારના કલ્પિત ઈતિહાસના આડંબરથી વેદના સરળ અર્થને વિકૃત અને જટિલ કરી દીધો. એક જ ઉદાહરણથી અર્થની આ વિકૃતિનો પ્રકાર અને તેની માત્રા સમજવામાં સહાયભૂત થશે. પાંચમા મંડળના બીજા સૂક્તમાં અગ્નિની 'નિષ્પિષ્ટ' અથવા ગુંઠિત અવસ્થાની અને પાછળથી તેના બૃહદ્ પ્રકાશની વાત આવે છે.

"कुमारं माता युवतिः समुब्धं गुहा बिभर्ति न ददाति पित्रे ।
कमेतं त्वं युवते कुमारं पेषी बिभर्षि महिषी जजान ।
पूर्वीर्हि गर्भः शरदो ववर्धापश्यं जातं यदसूत माता ।"

આનો અર્થ આમ છે: "યુવતી માતા કુમારને ઢાંકી રાખીને, ગુહામાં અર્થાત્ ગુપ્ત સ્થાને પોતાના જઠરમાં વહન કરે છે, પિતાને આપવા ઈચ્છતી નથી. હે યુવતી, આ કુમાર કોણ છે, જેને તું સંપિષ્ટ થઈને, અર્થાત્ તારી સંકુચિત અવસ્થામાં પોતાની અંદર વહન કરી રહી છું? જ્યારે માતા સંકુચિત અવસ્થા ત્યજીને મહતી થાય છે, ત્યારે તે કુમારને જન્મ આપે છે. અનેક વર્ષોથી ગર્ભસ્થ શિશુ વૃદ્ધિને પામ્યો છે. જ્યારે માતાએ તેને જન્મ આપ્યો ત્યારે તેને જોઈ શકયો." વેદની ભાષા સર્વત્ર કંઈક ઘન છે, સંહત છે, સારવાળી છે. તે થોડી વાતમાં વિસ્તૃત અર્થ પ્રગટ કરવા ઈચ્છે છે. અને તેમ છતાંય અર્થની સરળતા, વિચારનું સામંજસ્ય કયાંય હાનિ પામતાં નથી. ઈતિહાસકારો સૂક્તનો આ સરળ અર્થ સમજી શકયા નહીં. જ્યારે માતા 'પેષી' છે ત્યારે कुमारं समुब्धम्, અર્થાત્ માતાની સંપિષ્ટ એટલે કે સંકુચિત અવસ્થામાં, કુમારની પણ નિષ્પિષ્ટ, અર્થાત્ ઢાંકેલી અવસ્થા હોય,—આ પ્રકારનું ઋષિની ભાષા અને વિચારધારાનું સામંજસ્ય હૃદયંગમ કરી શકાયું નહીં. તેઓ પેષી પરથી પિશાચી સમજયા. તેમણે વિચાર્યું કે કોઈ પિશાચી અગ્નિનું તેજ હરી ગઈ; 'મહિષી' પરથી રાજાની મહિષી સમજયા અને कुमारं समुब्धम् પરથી કોઈ બ્રાહ્મણ કુમાર રથના પૈડા તળે ચગદાઈને મરી ગયો હશે, એમ સમજયા. આ પ્રકારના અર્થને આધારે એક લાંબીચોડી આખ્યાયિકા પણ સર્જાઈ ગઈ. પરિણામે સરળ ઋચાનો અર્થ ભારે થઈ પડયો: કુમાર કોણ, જનની કોણ, પિશાચી કોણ, વાત અગ્નિની કે બ્રાહ્મણકુમારની થઈ રહી છે તે બાબત, કોણ કોને કયા વિષયમાં જણાવી રહ્યું છે, —બધું જ અસ્તવ્યસ્ત! જ્યાંત્યાં જબરદસ્તી, અવાસ્તવિક કલ્પનાની બળજબરીથી વેદનો

સીધો સાદો છતાં ઊંડો અર્થ વિકૃત થઈ ગયો, તેનું પોત ફિસ્સું પડી ગયું; અને જ્યાં ભાષા અને વિચારધારા કંઈક જટિલ હતાં ત્યાં ભાષ્યકારની કૃપાને લઈને દુર્બોધિતાએ ભયંકર અને અસ્પૃશ્ય રૂપ ધારણ કર્યું!

અલગ અલગ ઋક્ અથવા ઉપમાની અર્થઘટનામાં મતભેદ હતો; એટલું જ નહિ પણ વેદના મૂળ મર્મની બાબતમાં ઘણા પ્રાચીન કાળથી મતભેદ પ્રવર્તતો હતો. ગ્રીસના યૂહેમેરને મતે (Euhemeros) ગ્રીક જાતિના દેવતાઓ ચિરસ્મરણીય વીર પુરુષો અને રાજાઓ હતા. પાછળથી બીજી રીતના કુસંસ્કાર તેમ જ કવિની ઉદ્દામ કલ્પનાને લઈને તેમને દેવતા બનાવીને સ્વર્ગમાં સિંહાસન પર બેસાડવામાં આવ્યા હતા. પ્રાચીન ભારતમાં પણ યૂહેમેર–પંથીનો અભાવ ન હતો. દાખલા તરીકે, તેઓ કહેતા કે અસલમાં બે અશ્વિન દેવતાઓ પણ નહોતા, નક્ષત્ર પણ નહોતાં, પરંતુ બે પ્રખ્યાત રાજાઓ હતા: તેઓ આપણા જેવા જ દેહધારી મનુષ્યો હતા, — પાછળથી મૃત્યુ પછી તેઓ દેવભાવને પામ્યા હોય. બીજા મત પ્રમાણે બધું જ એક સૂર્યની કથા (Solar myth) છે, એટલે કે સૂર્ય, ચન્દ્ર, આકાશ, તારા, વૃષ્ટિ ઈત્યાદિ બાહ્ય પ્રકૃતિની લીલાને કવિકલ્પિત નામરૂપથી સજાવીને તેમને મનુષ્યની આકૃતિવાળા દેવતા બનાવવામાં આવ્યા છે. વૃત્ર મેઘ, બલ પણ મેઘ અને જે બધા દસ્યુઓ, દાનવો, દૈત્યો આકાશમાં મેઘ માત્ર હતા, તે સૌ સૂર્યનાં કિરણોના માર્ગમાં અવરોધ ઉત્પન્ન કરનારા જળનાં વર્ષણમાં વિમુખ અને કૃપણ જલધરને વીંધીને વૃષ્ટિના દેવતા ઈન્દ્રે વૃષ્ટિરૂપી દાન કર્યું અને પંચનદ તેમ જ સપ્તનદીના નિરંતર વહેતા સ્રોતના સર્જનથી ભૂમિને ફળદ્રુપ કરી, આર્યોને ધનિક અને ઐશ્વર્યશાળી કર્યા, અથવા (કેટલાક વળી એમ કહે છે કે) ઈન્દ્ર, મિત્ર, અર્યમા, ભગ, વરુણ, વિષ્ણુ, — એ બધાં માત્ર સૂર્યનાં જ નામરૂપ છે. મિત્ર દિવસના દેવતા, વરુણ રાત્રિના દેવ, જે ઋભુગણ હતા તે મનના બળથી ઈન્દ્રનો અશ્વ અને અશ્વિયુગલનો રથ બનાવતાં એ સૌ કંઈ જ નહીં, માત્ર સૂર્યનાં કિરણ. બીજી બાજુ ઘણાય એવા પ્રાચીનપંથી વૈદિકો પણ હતા, જેઓ કર્મકાંડી (Ritualist) ગણાતા. તેઓ જણાવે છે કે દેવતાઓ મનુષ્યની આકૃતિવાળા દેવતાઓ પણ ખરા, અને પ્રાકૃતિક શક્તિના સર્વવ્યાપી શક્તિધરો પણ ખરા; અગ્નિ એકીસાથે દેહધારી દેવ અને વેદીનો અગ્નિ, પાર્થિવ અગ્નિ, વડવાનલ અને વિદ્યુત એમ ત્રણ પ્રકારે પ્રગટ થાય છે; સરસ્વતી નદી પણ ખરી, દેવી પણ ખરી વગેરે વગેરે. તેમનામાં એવી દૃઢ શ્રદ્ધા છે કે દેવતાઓ સ્તવ અને સ્તુતિથી સંતુષ્ટ થઈને પરલોકમાં સ્વર્ગનું દાન કરે, ઈહલોકમાં બળ, પુત્ર, ગાયો, અશ્વ, અન્ન, વસ્ત્ર વગેરે પૂરાં પાડે. વળી શત્રુનો સંહાર કરે, સ્તોતાની

અશિષ્ટતાના અને નિંદા કરનારા સમાલોચકના પાયાના વજ્રઘાતે ચૂરેચૂરા કરે. આમ આવાં અનેક શુભ મિત્રકાર્યો કરવામાં દેવો રોકાયેલા હોય છે. પ્રાચીન ભારતમાં આ જાતનો મત ઘણો પ્રચલિત હતો.

આમ છતાંય તે સમયે એવી ચિંતનશીલ વ્યક્તિઓ પણ હતી જેઓ વેદના વેદત્વમાં અને ઋષિઓના અસલ ઋષિપણામાં આસ્થાવાળી હતી. તેઓ ઋક્સંહિતાનો આધ્યાત્મિક અર્થ બહાર આણતા અને વેદમાં વેદાંતનું મૂળ તત્ત્વ શોધતા. તેઓના મત પ્રમાણે ઋષિઓ દેવતાની પાસે જ્યોતિના દાનની જે પ્રાર્થના કરતા તે ભૌતિક સૂર્યનો પ્રકાશ ન હતો, પણ જ્ઞાનસૂર્યનો પ્રકાશ હતો, ગાયત્રીમંત્રમાં જણાવેલા સૂર્યનો પ્રકાશ હતો. એ પ્રકાશનું વિશ્વામિત્રે દર્શન કર્યું હતું. આ જ્યોતિ એટલે तत्सवितुर्वरेण्यं देवस्य भर्गः હતો. એ દેવતા તે હતા જેઓ यो नो धियः प्रचोदयेत्, આપણી સઘળી ચિંતનધારાને સત્યતત્ત્વની દિશામાં પ્રેરે છે. ઋષિઓ જે તમસથી બીતા તે રાત્રિનું નહિ પણ અજ્ઞાનનું ઘોર તિમિર હતું. ઇન્દ્ર જીવાત્મા વા પ્રાણ છે; વૃત્ર નથી મેઘ, નથી કવિકલ્પિત અસુર પણ. વૃત્ર એટલે તે જે આપણા પુરુષાર્થને ઘોર અજ્ઞાનના અંધકારથી ઢાંકી દઈને તેને અટકાવે છે, જેનામાં દેવગણ પ્રથમ નિહિત તેમ જ લુપ્ત થઈને પાછળથી વેદવાકયથી ઉત્પન્ન થયેલ ઉજ્જવલ જ્ઞાનાલોકમાં મુક્ત ભાવે પ્રગટે છે. સાયણાચાર્યે એમને "આત્મવિદ્" કહીને ક્યાંક ક્યાંક તેમની વેદની વ્યાખ્યાનો ઉલ્લેખ કર્યો છે.

આ પ્રકારની આત્મવિદ્ કૃત વ્યાખ્યાના દૃષ્ટાન્ત તરીકે રહૂગણ પુત્ર ગોતમ ઋષિના મરુત્ સ્તોત્રનો ઉલ્લેખ કરી શકાય. એ સૂક્તમાં ગોતમ ઋષિએ મરુત્ ગણનું આવાહન કરીને તેમની પાસે "જ્યોતિ"ની માગણી કરી છે:

यूयं तत् सत्यशवस आविष्कर्त्त महित्वना
विध्यता विद्युता रक्षः ।
गूहता गुह्यं तमो वियात विश्वमन्त्रिम् ।
ज्यातिष्कर्त्ता यदुश्मसि ।।
(१, ८६, १०)

કર્મકાંડીઓના મત પ્રમાણે આ બન્ને ઋચાઓની વ્યાખ્યા કરતાં જ્યોતિને ભૌતિક સૂર્યનો પ્રકાશ સમજવાનો છે: "જે રાક્ષસે સૂર્યના પ્રકાશને અંધકારથી ઢાંકી દીધો છે તેનો વિનાશ કરીને સૂર્યના તે જ્યોતિને મરુતગણ પુનઃ દૃષ્ટિગોચર કરો." આત્મવિદના પ્રમાણે આનો અર્થ આમ કરવો ઉચિત

ગણાય : "તમે સત્યને બળે બળવાન છો, તમારા મહિમાને લઈને તે પરમ તત્ત્વ પ્રગટ થાઓ, તમારા વીજળી સમા પ્રકાશથી રાક્ષસ વીંધાઓ. હૃદયરૂપી ગુહામાં પ્રતિષ્ઠિત અંધકારનું ગોપન કરો. અર્થાત્ તે અંધકાર જાણે કે સત્યની પ્રકાશરૂપી ભરતીમાં નિમગ્ન થઈ જાઓ, અદૃશ્ય થઈ જાઓ, પુરુષાર્થના સર્વે ભક્ષકોને દૂર કરીને અમારે તે જ્યોતિને જોઈએ, તે પ્રગટ કરો." અહીં મરુદ્ ગણ મેઘને હણનારા વાયુ નથી, પરંતુ પાંચ પ્રાણ છે. તમસ્ એટલે હૃદયમાં આવેલો ભાવરૂપ અંધકાર, પુરુષાર્થના ભક્ષક તે છ રિપુઓ, જ્યોતિ એટલે પરમતત્ત્વનું સાક્ષાત્ રૂપ, જ્ઞાનનો પ્રકાશ. આ વ્યાખ્યામાં આપણને અધ્યાત્મતત્ત્વ, વેદાન્તની મૂળ વાત, અને રાજયોગની પ્રાણાયામપ્રણાલી એક સાથે વેદમાં મળી આવે છે.

આ થઈ આપણા દેશમાં વેદના અર્થઘટનની બાબતે અવ્યવસ્થા. ઓગણીસમી સદીમાં પાશ્ચાત્ય પંડિતો કમર બાંધીને જ્યારે આ મિજલસમાં આવી પહોંચ્યા ત્યારે આ વિષયમાં વળી ઓર ભયંકર વિદેશી અવ્યવસ્થા ઊભી થઈ. એ ભરતીના વિશાળ તરંગ પર આપણે આજ લગી ડબકડોઈયાં ખાઈએ છીએ. એ પંડિતોએ પ્રાચીન નિરુક્તકાર અને ઐતિહાસિકોના પુરાણા આધાર પર પોતાનું ઝગમગાટવાળું નવીન કલ્પનામંદિર ચણ્યું. તેઓ યાસ્કના નિરુક્તમાં તેટલું માનતા નથી જેટલું બર્લિન અને પેટ્રોગ્રેડમાં બેસીને નવીન રીતે મનોનીત નિરુક્તને સ્વીકારે છે અને તેની મદદ વડે વેદનું અર્થઘટન કરવા પ્રયાસ કરે છે! પ્રાચીન ભારતવર્ષના ટીકાકારોએ ઉપજાવેલી પેલી સૂર્યકથાની વિવિધ પ્રકારની નવીન મૂર્તિઓ રચીને અને પ્રાચીન રંગ પર નવા રંગનો લેપ લગાવીને આ દેશના શિક્ષિત વર્ગની આંખમાં ધૂળ નાખવા લાગ્યા. આ યુરોપીય મત અનુસાર પણ વેદના દેવો બાહ્ય પ્રકૃતિની અનેકવિધ ક્રીડાનાં માત્ર રૂપકો છે. આર્યો સૂર્ય, ચન્દ્ર, તારા, નક્ષત્ર, ઉષા, રાત્રિ, વાયુ, ઝંઝાવાત, નહેર, નદી, સમુદ્ર, પર્વત, વૃક્ષ વગેરે દૃશ્ય પદાર્થોની પૂજા કરતા. આ બધાંને જોઈને વિસ્મયથી અંજાઈ જઈને એ બર્બર જાતિએ એ પ્રાકૃતિક દૃશ્યોની વિવિધ ગતિભંગીને કવિના રૂપકનો સાજ સજાવીને તેનાં સ્તવ કર્યાં. આ બધાં તત્ત્વો શક્તિશાળી હોવાને કારણે તેમની સાથે મૈત્રી બાંધી અને તેમની પાસેથી યુદ્ધમાં વિજયની પ્રાપ્તિ, ધનદોલત, દીર્ઘ જીવન, આરોગ્ય અને સંતતિની કામના કરવા લાગ્યા. રાત્રિમાં અંધકારથી ભયભીત થઈને યાગયજ્ઞ દ્વારા સૂર્યનો પુનરુદ્ધાર કર્યો. તે વખતે ભૂતનો પણ રોગચાળો હતો. એટલે ભૂતને ભગાડવા માટે દેવતાની પાસે જઈને કાલાવાલા કરવા લાગ્યા. યજ્ઞ દ્વારા સ્વર્ગની પ્રાપ્તિની આશા અને પ્રબળ ઈચ્છા વગેરે વગેરે પ્રાગૈતિહાસિક બર્બરોને ઉચિત ધારણા અને કુસંસ્કાર હતા.

યુદ્ધમાં વિજય મેળવવો, પણ યુદ્ધ કોની સામે? તો કહે કે પંચનદ-નિવાસી આર્યજાતિનું અસલ ભારતવાસી દ્રાવિડ જાતિની સાથેનું યુદ્ધ; અને વળી પાડોશીઓમાં તો સતત યુદ્ધ થયાં કરતાં, અરે, આર્યોની વચ્ચે અંદર-અંદરના કલહ થતા! જેવી રીતે પ્રાચીન ઈતિહાસકાર વેદની અલગ અલગ ઋચાને વા સૂક્તને આધારે તરેહતરેહની કથાઓ ઉપજાવતા, તેવી જ રીતે આ પશ્ચિમના પંડિતો પણ કરવા લાગ્યા. પણ ચિત્રવિચિત્ર અતિપ્રાકૃત ઘટનાઓવાળી પુરાણ કથા ન રચતાં તેમણે સાચી કે ખોટી સંભવિત ઘટના-ઓમાંથી પ્રાચીન ભારતનો ઈતિહાસ લખવાના પ્રયત્નો આદર્યા. આવી કેટલીક ઘટનાઓ આ પ્રમાણે હતી : જરપુત્ર વૃષ ઋષિના સારથિપણા હેઠળ બ્રાહ્મણ કુમારનું રથચક્રમાં પિસાઈ જવું, મંત્રના પ્રયોગથી તેને પુનઃ જીવિતદાન, પિશાચીકૃત અગ્નિતેજનું હરણ ઈત્યાદિ અદ્‌ભુત કલ્પના ન કરતાં આર્ય ત્રિત્સુરાજ સુદાસની સાથે મિશ્રજાતીય દશ રાજાઓનું યુદ્ધ, એક બાજુ વશિષ્ઠ અને બીજી બાજુ વિશ્વામિત્રનું પૌરોહિત્ય, પર્વતોની ગુફાઓમાં રહેતી દ્રાવિડ જાતિ દ્વારા આર્યોના ઢોરનું હરણ અને નદીના સ્રોતમાં તેમનું બંધન, દેવશુની સરમાની ઉપમાને બહાને દ્રાવિડોની પાસે આર્યોનું દૌત્ય વા રાજદૂતીનું પ્રેરણ, ઈત્યાદિ ઈત્યાદિ. આવી પ્રાકૃતિક ઘટના-ઓનાં પરસ્પર વિરોધી રૂપકોની સાથે ઈતિહાસવિષયક રૂપકોનો મેળ બેસાડવા જતાં આ પાશ્ચાત્ય પંડિતગણે વેદને વિષે જે અપૂર્વ ગોટાળો કર્યો છે એ તો વર્ણનાતીત છે. અને તેથી તો બિચારા જણાવે છે કે અમે શું કરીએ, પ્રાચીન બર્બર કવિઓનાં મન અસ્તવ્યસ્ત હતાં, અને તેથી જ આ પ્રકારની થીગડથાગડ કરવી પડી છે! પણ અમને લાગે છે કે અમારી વ્યાખ્યા બરાબર છે, અસલ છે, ભૂલ વગરની છે! ગમે તેમ હો, પણ પરિણામે પ્રાચ્ય પંડિતોના અર્થઘટનને લઈને વેદનો અર્થ જેવો અસંલગ્ન, અસ્તવ્યસ્ત અને મુશ્કેલ અને જટિલ હતો તેવો જ પાશ્ચાત્ય પંડિતોની વ્યાખ્યા પછી પણ રહ્યો છે; જાણે બધું જ બદલાયું છે અને છતાં બધું એમ ને એમ છે! ટેમ્સ, સૅન (Seine) અને નેવા (Neva) નદીઓના સેંકડો વજ્રધરોએ અમારા માથા પર નવપાંડિત્યની સ્વર્ગીય સપ્ત-નદીનું વર્ણણ ભલે કર્યું, પણ તેમાંનું કોઈ વૃત્રકૃત અંધકાર દૂર કરવાને શક્તિશાળી થયું નથી! આપણે જે અંધકારમાં હતા ત્યાં ને ત્યાં જ છીએ.

તપોદેવ અગ્નિ

આ યજ્ઞમાં જીવ યજમાન છે, ગૃહસ્વામી છે, અને જીવની પ્રકૃતિ ગૃહપત્ની, યજમાનની સહધર્મિણી છે. ત્યારે હવે પુરોહિત કોણ થશે? જો જીવ પોતે પોતાના યજ્ઞમાં પુરોહિતપણું કરવા જાય, તો યજ્ઞ બરાબર પાર પડવાની દિશામાં આશા ન પણ બંધાય; કારણ કે, જીવ અહંકાર દ્વારા ચાલિત છે, પરિણામે માનસિક, પ્રાણગત તેમ જ દૈહિક એમ ત્રણ પ્રકારનાં બંધનોમાં જકડાયેલો છે. આ સ્થિતિમાં પોતાનું પૌરોહિત્ય ગ્રહણ કરવાને કારણે અહંકાર જ હોતા કે ઋત્વિક બને, એટલે કે યજ્ઞના દેવતાનો સાજ સજાવવો પડે, અને એ પ્રકારના અનુચિત યજ્ઞવિધાનમાં મોટો અનર્થ થવાની આશંકા જન્મે, પ્રથમ તો કેવળ બદ્ધ અવસ્થામાંથી તે મુક્તિ ઈચ્છે છે. અને જો બંધનથાંથી મુક્ત થવા જાય તો પોતાની શક્તિ સિવાયની અન્ય શક્તિનો આશ્રય લેવો જ પડે. ત્રિવિધ યૂપરજજુના શિથિલીકરણ પછી પણ યજ્ઞનું સંચાલન કરવા પૂરતું નિર્દોષ જ્ઞાન અને શક્તિ એકાએક ન પણ સંભવે અથવા તેનું તાત્કાલિક સુગઠન ન પણ થાય. આમાં જરૂરી છે દિવ્ય જ્ઞાન અને દિવ્ય શક્તિ, અને તેનો આવિર્ભાવ તેમ જ સુગઠન યજ્ઞ દ્વારા સંભવે. અને જીવ મુક્ત હોય તોય, દિવ્ય જ્ઞાની કે દિવ્ય શક્તિવાળો હોય તોય, યજ્ઞના ભર્તા અને અનુમંતા ઈશ્વર પણ યજ્ઞ ફળના ભોક્તા હોઈ શકે, પરંતુ કર્મના કર્તા થઈ શકે નહીં. દેવતાને જ પુરોહિતરૂપે પસંદ કરીને વેદી પર તેમની સ્થાપના કરવી પડે. જ્યાં લગી દેવતા સ્વયં માનવહૃદયમાં પ્રવેશીને પ્રગટ ન થાય, પ્રતિષ્ઠિત ન થાય, ત્યાં લગી માનવને માટે દેવત્વ કે અમરત્વ અસાધ્ય ગણાય. હા, એમ ખરું કે દેવતા જાગ્રત થાય તે પહેલાં તેમને જાગ્રત કરવા માટે મંત્રદ્રષ્ટા ઋષિઓ યજમાનનું પુરોહિતપદ સ્વીકારે; જેમ કે વશિષ્ઠે અને વિશ્વામિત્રે સુદાસ ત્રૂસદસ્યુ અને ભરતપુત્રનું હોતાપદ સ્વીકાર્યું હતું. પરંતુ દેવતાનું આવાહન કરીને વેદી પર પુરોહિત અને હોતાનું સ્થાન દેવા માટે જ તે મંત્રપ્રયોગ અને હવિઃપ્રયોગ આવશ્યક ગણાય. જ્યાં લગી અંતરમાં દેવતા જાગ્રત ન થાય ત્યાં લગી જીવને કોઈ તારી ન શકે. દેવતા જ ત્રાણ કર્તા છે. દેવતા જ યજ્ઞના એક માત્ર સિદ્ધિદાતા પુરોહિત છે.

આ પ્રમાણે જ્યારે દેવતા પુરોહિત થાય ત્યારે તેમનું નામ છે અગ્નિ, તેમનું રૂપ પણ અગ્નિ છે. અગ્નિનું પૌરોહિત્ય યજ્ઞને સર્વાંગ સુંદર અને સફળ બનાવવામાં મુખ્ય ઉપાય છે, તેનો પ્રારંભ છે. આને લઈને જ ઋગ્વેદના પ્રથમ મંડળના પ્રથમ સૂક્તના પ્રથમ ઋક્‌માં અગ્નિના પૌરોહિત્યનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

આ અગ્નિ ત્યારે કોણ છે? અગ્ ધાતુનો અર્થ છે શક્તિ; એટલે જે શક્તિમાન તે અગ્નિ. વળી અગ્ ધાતુનો અર્થ આલોક વા જવાલા છે; એટલે કે શક્તિ જ્વલંત જ્ઞાનના આલોકથી ઉદ્ભાસિત હોય, જ્ઞાનના કર્મબલ સ્વરૂપ હોય, તે શક્તિને ધારણ કરનાર પણ અગ્નિરૂપ છે. વળી અગ્ ધાતુનો બીજો અર્થ તે પૂર્વત્વ કે પ્રધાનત્વ; એટલે કે જે જ્ઞાનમય શક્તિ જગતનું આદિતત્ત્વ હોઈને જગતમાં અભિવ્યક્ત સર્વ શક્તિનું મૂળ અને મુખ્ય ગણાય, તે શક્તિને ધારણ કરનાર પણ અગ્નિ છે. તદુપરાંત અગ્ ધાતુનો અર્થ થાય છે નયન (પ્રચાલન); એટલે કે, જગત વગેરે સનાતન તેમ જ પુરાતન પ્રધાન શક્તિને ધારણ કરનાર જે શક્તિ જગતને નિર્દિષ્ટ માર્ગે નિર્દિષ્ટ જવાને ધામે જવામાં અગ્રેસર થાય છે, જે કુમાર દેવસેનાના સેનાની છે, જે માર્ગમાં પ્રદર્શક બને છે, જે પ્રકૃતિની ભિન્ન ભિન્ન શક્તિને જ્ઞાનમાં બળમાં પોતપોતાના વ્યવસાયમાં પ્રવર્તિત કરીને યોગ્ય માર્ગે સંચાલિત કરે છે, તે પણ શક્તિધર અગ્નિ છે. વેદમાં સેંકડો સૂક્તોમાં અગ્નિના આ બધા ગુણ વ્યક્ત થઈને સ્તુતિને પામ્યા છે. જગતના આદિ, તેના પ્રત્યેક સ્ફુરણમાં પ્રવર્તમાન, સઘળી શક્તિના મૂળ અને મુખ્ય, બધા દેવતાઓના આધાર, બધા ધર્મોના નિયામક, જગતના નિગૂઢ ઉદ્દેશ્ય અને નિગૂઢ સત્યના રક્ષક આ અગ્નિ બીજું કંઈ નહિ પણ ભગવાનની ઓજ:—તેજ:— ભ્રાજ:— સ્વરૂપ સર્વજ્ઞાન — મંડિત પરમ જ્ઞાનાત્મક તપ:શક્તિ છે.

સચ્ચિદાનંદનું સત્-તત્ત્વ ચિન્મય છે. સત્નું આ જે ચિત્ છે તે જ ખરી સત્ની શક્તિ છે. આ ચિદ્શક્તિ જ છે જગતનો આધાર, જગતનું આદિકારણ અને સ્રષ્ટા, જગતની નિયામક અને પ્રાણસ્વરૂપ. જ્યારે ચિન્મયી સત્પુરુષની છાતી પર મોં ઢાંકી દઈને નિસ્તબ્ધ નયને સતના સ્વરૂપનું માત્ર ચિંતન કરતી હોય છે ત્યારે અનંત ચિત્શક્તિ નિસ્તબ્ધ થઈ જાય છે. આ અવસ્થા પ્રલય અવસ્થા છે, — જાણે કે નિસ્તબ્ધ આનંદસાગર સ્વરૂપ! વળી જ્યારે ચિન્મયી મુખ ઊંચું કરીને આંખો ખોલીને સત્પુરુષનું મુખ અને દેહ પ્રેમપૂર્વક જુએ છે, સત્પુરુષનાં અનંત નામ અને રૂપનું ધ્યાન ધરે છે, કૃત્રિમ વિરહ અને મિલનથી ઉપજેલા સંભોગની લીલાનું સ્મરણ કરે છે, ત્યારે તે આનંદનો અસ્ખલિત પ્રવાહ, તેનો ઉન્મત્ત વિક્ષોભ વિશ્વાનંદનાં અસંખ્ય મોજાં સર્જે છે. ચિત્તશક્તિનું આ જે અનેક પ્રકારનું ધ્યાન, આ જે એકમુખી છતાં બહુમુખી સમાધિ તપ:શક્તિને નામે ઓળખાય છે. જ્યારે સત્પુરુષ પોતાની ચિત્શક્તિને કોઈ નામરૂપનું સર્જન કરવામાં, કોઈ તત્ત્વનો વિકાસ કરવામાં, કોઈ અવસ્થાની પ્રાપ્તિને માટે સંગૃહીત કરે છે, સંચાલિત કરે છે, પોતાના વિષય પર સંસ્થાપિત કરે છે ત્યારે તપ:શક્તિનો પ્રયોગ

ગણવો. આ રીતનો તપ:પ્રયોગ એ જ યોગેશ્વરનો યોગ. અંગ્રેજીમાં એને ડીવાઈન વીલ (Divine Will) કે કૉસ્મિક વીલ (Cosmic Will) કહે છે. આ ડીવાઈન વીલ કે તપ:શક્તિ દ્વારા જગત સર્જાય છે, સંચાલિત થાય છે, રક્ષાય છે. અગ્નિ જ આ તપસ્ છે.

ચિત્શક્તિની બે દિશાઓ છે: ચિન્મય અને તપોમય, સર્વજ્ઞાનસ્વરૂપ અને સર્વશક્તિસ્વરૂપ. ખરી રીતે જોતાં આ બન્ને એક જ છે. ભગવાનનું જ્ઞાન સર્વશક્તિમય છે, તેમની શક્તિ સર્વજ્ઞાનમય છે. તેમનામાં પ્રકાશનું જ્ઞાન થતાં જ પ્રકાશનું સર્જન અનિવાર્ય થાય છે, કારણ કે તેમનું જ્ઞાન તેમની શક્તિનું માત્ર ચિન્મય સ્વરૂપ છે. વળી જગતના કોઈ પણ જડ સ્પંદનમાં પણ, જેમ આણુનાં નૃત્યમાં કે વિદ્યુતની છલાંગમાં, જ્ઞાન સમાયેલું છે; કારણ કે તેમની શક્તિ તેમના જ્ઞાનનું માત્ર સ્ફુરણ છે. પરંતુ આપણામાં અવિદ્યાની ભેદબુદ્ધિને લઈને અથવા અપરા પ્રકૃતિની ભેદગતિને લઈને, જ્ઞાન અને શક્તિ વિભિન્ન, વિષમ અને જાણે કે પરસ્પર કલહરત અથવા મેળ નહિ હોવાને કારણે ક્લિષ્ટ અને ખંડિત થઈ ગયાં છે; અથવા તો એમ કહેવાય કે ક્રીડાર્થે એ પ્રકારની અસમતા અને કલહનો ઢોંગ કરે છે. ખરું જોતાં જગતના નાનામાં નાના કર્મમાં કે હલનચલનમાં ભગવાનનાં સર્વ જ્ઞાન અને શક્તિ રહેલાં હોય છે; તેના વગર તે કર્મ વા સંચાર કરવાની કોઈની તાકાત નથી. આ સર્વજ્ઞાન અને સર્વશક્તિ જેમ કોઈ ઋષિના વેદવાક્યમાં અથવા કોઈ શક્તિશાળી મહાપુરુષના યુગપ્રવર્તનમાં પ્રયોજાય છે, તેમ કોઈ એક મૂર્ખની નિરર્થક વાચાળતામાં અથવા કોઈ ઝડપાઈ ગયેલા નાનકડા કીડાના ફફડાટમાં પણ પ્રયોજાય છે. જ્યારે તમે કે હું જ્ઞાનને અભાવે શક્તિનો ખોટો ઉપયોગ કરતા હોઈએ છીએ, અથવા શક્તિના અભાવે જ્ઞાનનો નિષ્ફળ પ્રયોગ કરતા હોઈએ છીએ, ત્યારે તે સર્વજ્ઞાની સર્વશક્તિમાન ઓથે રહીને તે શક્તિના પ્રયોગને પોતાના જ્ઞાન દ્વારા, તે જ્ઞાનના પ્રયોગને પોતાની શક્તિ દ્વારા સમાલીને ચલાવતા હોય છે અને તેને લઈને જ જગતમાં જે કાંઈ થાય છે તે થઈ શકે છે. નિર્દિષ્ટ કર્મ થયું અને તેને ઉચિત ફળ પણ સધાયું. આમ થતાં તમારા કે મારા મનોરથ કે આકાંક્ષા કદાચ વ્યર્થ નીવડે, પરંતુ તે પ્રકારની વિફળતામાં જ તેમનો ગૂઢ અભિપ્રાય સિદ્ધ થતો હોય છે અને તેમાં જ આપણું કોઈક છૂપું કલ્યાણ અને જગતના મહાન ઉદ્દેશ્યના એક નાનામાં નાના અંશનો નજીવો આંશિક છતાં અતિ આવશ્યક ઉપકાર સધાતો હોય છે. અશુભ, અજ્ઞાન અને વિફળતા એ તો માત્ર દેખાવ છે. અશુભ દ્વારા શુભ, અજ્ઞાન દ્વારા જ્ઞાન અને વિફળતા દ્વારા સાફલ્ય ગુપ્ત રીતે અણધારેલાં કર્મ સંપન્ન કરે છે. આનું કારણ છે તપ:અગ્નિની નિગૂઢ અવસ્થિતિ. આ અનિવાર્ય

શુભ, આ અખંડનીય જ્ઞાન, આ નિશ્ચિત શક્તિ ભગવાનનું અગ્નિરૂપ છે. જેમ સત્પુરુષનાં ચિત્ અને તપસ્ એક છે, અને એ બન્ને આનંદનાં સ્પંદન છે, તેમ તેમના પ્રતિનિધિ સમા આ અગ્નિનાં જ્ઞાન અને શક્તિ અવિચ્છિન્ન છે અને બન્ને શુભ તેમ જ કલ્યાણકારી છે.

જગતની બહારની આકૃતિ બીજી રીતની છે. ત્યાં મુખ્ય તત્ત્વો છે અનૃત, અજ્ઞાન, અશુભ અને વિફળતા. અને તેમ છતાં બાળકને બીવરાવવા માટે ધારણ કરેલા આ મુખવટની પાછળ માતાનું મુખ છુપાયેલું છે. આ જે અચેતન જણાય છે, આ જે જડ દેખાય છે, આ જે નિરાનંદ લાગે છે એ તો માત્ર એક ઈન્દ્રજાળ છે; અંદર તો બિરાજેલા છે જગતના પિતા, જગતની માતા, જગતના આત્મા, સચ્ચિદાનંદ. આથી કરીને વેદમાં આપણા સામાન્ય ચૈતન્યને રાત્રિને નામે ઓળખવામાં આવે છે. આપણા મનનો ચરમ વિકાસ પણ જ્યોત્સ્નાથી પુલકિત તારાનક્ષત્રખચિત ભગવતી રાત્રિનો વિહાર માત્ર છે. પરંતુ આ રાત્રિના ખોળામાં તેમની ભગિની દૈવી ઉષા અનંત પ્રસૂત ભાવી દિવ્ય જ્ઞાનનો પ્રકાશ લઈને છુપાયેલી છે. પાર્થિવ ચેતનાની આ રાત્રિમાં પણ તપસ્ અગ્નિ વારંવાર જાજ્વલ્યમાન થઈને ઉષાની આભા દ્વારા પ્રકાશ પાથરે છે. આ અંધ જગતમાં તપસ્ અગ્નિ જ સત્યચૈતન્યમયી ઉષાનું જન્મ મુહૂર્ત દર્શાવે છે. પરમ દેવતાએ આ તપ:અગ્નિને જગતમાં પ્રેર્યો છે, સ્થાપ્યો છે; પ્રત્યેક પદાર્થ તેમ જ જીવજંતુના ભીતરમાં રહ્યો રહ્યો આ અગ્નિ જ વિશ્વની સઘળી ગતિનું નિયમન કરી રહ્યો છે. ક્ષણિક અનૃતમાં આ અગ્નિ ચિરંતન સત્યનો રક્ષક છે, અચેતનમાં તેમ જ જડમાં રહીને આ અગ્નિ જ અચેતનનું નિગૂઢ ચૈતન્ય છે, જડની પ્રચંડ ગતિશક્તિ છે, અજ્ઞાનના આવરણની પાછળ રહેલું ભગવાનનું ગૂઢ જ્ઞાન અગ્નિ પોતે છે, પાપની વિરૂપતાની પાછળ રહેલી સનાતન નિષ્કલંક શુદ્ધિ અગ્નિ પોતે છે, દુ:ખ અને દૈન્યના ધૂંધવાયેલા વિષાદની પાછળ રહેલો જ્વલંત વિશ્વભોગી આનંદ અગ્નિ છે, દુર્બળતા અને જડતાના મલિન વેશની પાછળ રહેલી સર્વવાહક સર્વક્ષમ પારદર્શક ક્રિયાશક્તિ અગ્નિ જ છે. આપણે જો એક વાર આ કાળા આવરણને દૂર કરીને આપણા અંતરમાં અગ્નિને પ્રજ્વલિત કરી શકીએ, પ્રકાશિત કરી શકીએ, ઉન્મુક્ત અને ઊર્ધ્વગામી કરી શકીએ, તો તે પોતે જ દૈવી ઉષાને માનવચેતનામાં આણશે અને અંતરના દેવોને જગાડીને અનૃત, અજ્ઞાન, નિરાનંદ, નિષ્ફળતા વગેરેનાં કાળાં આવરણ સેરવીને આપણને અમર બનાવશે, આપણામાં દેવભાવ ઉત્પન્ન કરશે. આપણા અંતરમાં રહેલું દેવતાનું પ્રથમ અને મુખ્ય જાગ્રત રૂપ અગ્નિ છે. તે અગ્નિને હૃદયની વેદીમાં પ્રગટાવીને તેને પુરોહિત તરીકે પસંદ કરીને, તેના સોનેરી પ્રકાશમાન જાજ્વલ્ય જ્ઞાનને, તેની સર્વદાહક અને પાવક જ્વલંત શક્તિને,

અર્થાત્ તેની જ્ઞાનમય શક્તિમય જ્વલંત આગમાં આપણાં આ બધાં નાનાં નાનાં સુખદુ:ખ, આપણા આ બધા સંકુચિત પરિમિત પ્રયાસો અને નિષ્ફળતાઓ, અને આપણી મિથ્યા વાતો અને મૃત્યુ,—એ સર્વે તેનામાં હોમી દઈએ. પહેલાં પુરાતન અને અનૃત ભસ્મ થવા દો, અને પછી જુઓ કે તેમાંથી નૂતન અને સત્ય ઝળહળતા સાવિત્રીરૂપે ગગનસ્પર્શી તપ:અગ્નિમાંથી આવિર્ભાવ પામશે.

ભૂલશો મા કે આ બધું જ આપણા અંતરમાં છે. અગ્નિ, વેદી, હવિ, હોતા, ઋષિ, મંત્ર, દેવતા, બ્રહ્મનું વેદગાન, બ્રહ્મદ્વેષી રાક્ષસ અતે દેવદ્વેષી દૈત્ય, વૃત્ર અને વૃત્રનો હંતા, દેવદૈત્યનું યુદ્ધ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, અંગિરા, અત્રિ, ભૃગુ, અથર્વા, સુદાસ, ત્રૂસદસ્યુ, દાસજાતિ, અને પંચનિધ બ્રહ્માન્વેષી આર્યો. આ બધું અંતરમાં છે, માનવનો આત્મા અને જગત એક છે. દૂરનું પાસેનું, દશે દિશાઓ, બે સમુદ્રો, સાત નદીઓ, સાત ભુવન,—આ બધું માનવની અંદર છે. આપણું આ પાર્થિવ જીવન બે ગુપ્ત સમુદ્રની વચ્ચે પ્રગટી રહ્યું છે. નિમ્ન સમુદ્ર એટલે તે ગુહ્ય અનંત ચૈતન્ય, જેમાંથી આ સૌ ભાવો અને વૃત્તિઓ, નામ અતે રૂપ, નિરંતર પળેપળે પ્રગટી રહ્યાં છે,—જેમ ભગવતી રાત્રિના ખોળામાંથી તારા નક્ષત્ર વગેરે ઝળહળી રહ્યા છે તેમ. અત્યારની ભાષામાં આને અચેતન વા અચેતન ચૈતન્ય (inconscient) કહે છે; વેદમાં તેને 'અપ્રકેતમ્ સલિલમ્', પ્રજ્ઞાહીન સમુદ્ર કહે છે. આ આ સમુદ્ર પ્રજ્ઞાહીન હોવા છતાં અચેતન નથી. તેનામાં પ્રજ્ઞાતીત વિશ્વચૈતન્ય સઘળાં પ્રકારનાં જ્ઞાનમાં જ્ઞાનસંપન્ન, સઘળાં પ્રકારનાં કર્મમાં સમર્થ બનીને આપોઆપ સંચરે છે અને જગતને સર્જે છે, તેને ગતિ અર્પે છે. ઉપર આવી રહેલું છે ગુહ્ય મુક્ત અનંત ચૈતન્ય જેને અતિચૈતન્ય (superconscient) કહેવાય, જેની આ અચેતન તેમ જ ચેતન છાયા છે. ત્યાં સચ્ચિદાનંદ જગતમાં પૂર્ણ પ્રકાશિત છે: સત્ય લોકમાં અનંત સત્‌રૂપમાં અને તપ લોકે અનંત ચિત્‌રૂપે, જનલોકમાં અનંત આનંદરૂપે અને મહર્લોકમાં વિશાળ વિશ્વઆત્માના સત્યરૂપે. મધ્યસ્થ પાર્થિવ ચૈતન્ય તે આપણી વેદોક્ત પૃથ્વી. આ પૃથ્વીમાંથી આરોહણ કરવા યોગ્ય પર્વત ગગન ભણી ઊઠે છે; તેનું પ્રત્યેક શિખર આરોહણનું એક સોપાન છે, સપ્ત લોકના એક લોકનું અંતસ્થ રાજ્ય છે. દેવતાઓ આરોહણમાં સહાયક છે, દૈત્યો શત્રુઓ છે, પથરોધક છે. આ પર્વતારોહણ જ વૈદિક સાધકની યજ્ઞગતિ છે. એ યજ્ઞની સાથે પરમલોકમાં, પરમ આકાશમાં, પ્રકાશના સમુદ્રમાં પહોંચવાનું છે. આ અગ્નિ જ આરોહણનો સાધનરૂપ છે, એ માર્ગનો નેતા છે, યુદ્ધનો યોદ્ધો છે, અને પુરોહિત છે. જેમ વૃન્દાવનવાસી પ્રેમી ગોપગોપીઓ પર રાધાકૃષ્ણવિષયક સહુ ગાનો રચાયાં છે, તેમ વૈદિક કવિગણનું અધ્યાત્મજ્ઞાન આ મૂળ ઉપમા પર પ્રતિષ્ઠિત છે. આ ઉપમાનો અર્થ મનમાં હમેશાં રાખવાથી વેદતત્ત્વ હૃદયંગમ કરવું સહેલું થઈ જશે.

ઋગ્વેદ

(ભૂમિકા)

"આર્ય" નામની પત્રિકામાં વેદરહસ્ય નામની લેખમાળામાં વેદને વિષે જે નવો મત પ્રકટ કરવામાં આવ્યો છે તેને અનુસરીને આ બંગાળી ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. તે મત પ્રમાણે વેદનો અસલ અર્થ આધ્યાત્મિક છે; પરંતુ તે મત ગુહ્ય અને ગોપનીય હોવાને કારણે તેને અનેક ઉપમાઓ દ્વારા, સાંકેતિક શબ્દો દ્વારા અને બાહ્ય યજ્ઞ અને અનુષ્ઠાનને યોગ્ય પરિભાષા દ્વારા ઢાંકવામાં આવ્યો છે. આ પ્રકારનું આવરણ સામાન્ય માનવને માટે અભેદ્ય છે; પરંતુ દીક્ષિત વૈદિકને માટે તે પાતળું અને સત્યના સર્વે અંગોને પ્રગટ કરનારું હતું. એટલે ઉપમા વગેરે પરિભાષાની પાછળ રહેલો ગુપ્ત અર્થ શોધવો રહ્યો. દેવતાઓનાં "ગુપ્તનામ" અને સૌ સૌની ક્રિયાઓ, 'ગો', 'અશ્વ,' 'સોમરસ' જેવા સાંકેતિક શબ્દોના અર્થ, દૈત્યોનાં કર્મ અને તેના ગૂઢ અર્થ, વેદનું રૂપક, કથા (myth) વગેરેનાં તાત્પર્ય જણાયાથી વેદનો ઘણોખરો અર્થ સમજાઈ જાય. અલબત્ત, તેના ગૂઢ અર્થની સાચી અને સૂક્ષ્મ ઉપલબ્ધિ વિશેષ જ્ઞાન અને સાધનાનું ફળ ગણાય, જે માત્ર વેદના અધ્યયનથી ન મળે.

વેદનાં આ સૌ તત્ત્વો બંગાળી પાઠકોની સમક્ષ રજૂ કરવાની ઈચ્છાથી આ લખવામાં આવ્યું છે. શરૂઆતમાં વેદની મુખ્ય વાત ટૂંકમાં જણાવી દઉં. તે આ પ્રમાણે છે :

જગત બ્રહ્મમય છે, પણ બ્રહ્મતત્ત્વ મનને માટે અજ્ઞેય છે. અગસ્ત્ય ઋષિએ કહ્યું છે તેમ "तत् अद्भूतम्", તે સૌથી ઉપર અને અતીત, કાલાતીત છે. આજ નહિ, કાલ પણ નહિ, તેને કોણ જાણી શકયું છે? અને છતાં સર્વના ચૈતન્યમાં તેનો સંચાર છે, પરંતુ જો મન પાસે જઈને તેનું નિરીક્ષણ કરવાનો પ્રયાસ કરે તો "तत्" અદૃશ્ય થઈ જાય છે. ઈન્દ્ર બ્રહ્મની તરફ ધસી રહ્યા છે, અને પાસે જતાં જ લાગલા બ્રહ્મ અદૃશ્ય થઈ જાય છે,—એ પ્રકારના કેન ઉપનિષદના રૂપકનો પણ આ જ અર્થ થાય છે. આમ છતાં तत् "દેવ" રૂપે જ્ઞેય છે.

દેવ પણ "अद्भुत" છે, પરંતુ તે ત્રણ ધાતુથી પ્રકાશિત છે; એટલે કે દેવ સન્મય છે, ચિદ્શક્તિમય છે, આનંદમય છે. દેવને આનન્દતત્ત્વમાં પામી શકાય. દેવ અનેક રૂપે, અનેક નામે જગતને વ્યાપીને તેને ધારણ કરી રહ્યા છે. વેદના સૌ દેવો એટલે આ બધાં નામરૂપો.

વેદમાં કહ્યું છે કે પ્રકટ જગતની ઉપર અને નીચે બે સમુદ્રો છે. નીચે છે અપ્રકેત "હૃદ્ય", અથવા હૃદ સમુદ્ર. અંગ્રેજીમાં તેને Subconscient કહે છે. ઉપર સત્સમુદ્ર છે. અંગ્રેજીમાં તેને Superconscient કહે છે. બન્નેને ગુહા વા ગુહ્યતત્ત્વ કહે છે. બ્રહ્મણસ્પતિ અપ્રકેતમાંથી વાક્ દ્વારા વ્યક્તને પ્રગટ કરે છે. રુદ્ર પ્રાણતત્ત્વમાં પ્રવેશીને રુદ્રશક્તિ દ્વારા વિકાસ કરે છે, ઉપરની દિશામાં બળપૂર્વક આણે છે અને ભયંકર તાડનાથી ગંતવ્ય પથે સંચાલિત કરે છે; વિષ્ણુ વ્યાપક શક્તિ દ્વારા ધારણ કરીને આ નિત્યગતિના સત્સમુદ્રને અથવા જીવનની સપ્ત નદીના ગંતવ્ય સ્થળે જવાનો માર્ગ મોકળો કરી આપે છે. બીજા સૌ દેવતાઓ આ ગતિના કાર્યકરો છે, સહાયક છે, ઉપાય છે.

સૂર્ય સત્યજ્યોતિના દેવતા છે; તેઓ સવિતા છે, એટલે કે સર્જન કરે છે, વ્યક્ત કરે છે, પૂષા રૂપે પોષણ કરે છે. સૂર્યરૂપે અનૃતની, અજ્ઞાનની રાત્રિમાંથી સત્યનો, જ્ઞાનનો પ્રકાશ પ્રગટાવે છે. અગ્નિ છે ચિત્શક્તિનું "તપઃ"; જગતનું તે નિર્માણ કરે છે, જગતના સર્વ પદાર્થોના અંતરમાં તે રહેલા છે. તેઓ ભૂતત્ત્વમાં અગ્નિરૂપે છે, પ્રાણતત્ત્વમાં કામના અને ભોગની પ્રેરણા રૂપે છે, જે પામે છે તેનું ભક્ષણ કરે છે, અને મનસ્તત્ત્વમાં વિચારમય પ્રેરણા તેમ જ ઈચ્છાશક્તિ રૂપે છે અને મનથી અતીત તત્ત્વમાં જ્ઞાનમય ક્રિયાશક્તિના અધીશ્વર રૂપે છે.

પ્રથમ મંડળ, સૂક્ત ૧

(મૂળ અને વ્યાખ્યા)

अग्निम् ईडे पुरोहितम् यज्ञस्य देवम् ऋत्विजम् ।
होतारं रत्नधातवम् ।। १

(અનુવાદ)

જે યજ્ઞના દેવ છે, પુરોહિત છે, ઋત્વિક્ છે, હોતા છે અને આનંદમય ઐશ્વર્યને સ્થાપન કરવામાં શ્રેષ્ઠ છે, તેમને હું પ્રાર્થું છું. (૧)

ईडे–भजामि, कामये, प्रार्थये, પ્રાર્થું છું.

पुरोहितम्–જે યજ્ઞમાં મોખરે, સંમુખે સ્થપાય છે; યજમાનના પ્રતિનિધિ અને યજ્ઞને સંપન્ન કરનાર.

ऋत्विजम्–જે ઋતુને અનુસરીને, અર્થાત્ કાળને અને દેશને નિમિત્ત બનાવીને યજ્ઞ સંપન્ન કરે છે.

होतारम्–જે દેવતાનું આવાહન કરીને હોમ નિષ્પન્ન કરે છે.

रत्नधा–સાયણાચાર્ય રત્નનો અર્થ રમણીય ધન કરે છે. આનંદમય ઐશ્વર્ય કહીએ તો યથાર્થ ગણાય.

"धा"–એનો અર્થ જે ધારણ કરે છે તે, વિધાન કરે તે અથવા દૃઢ-ભાવે સ્થાપન કરે તે.

अग्निः पूर्वेभिर्ऋषिभिरीड्यो नूतनैरुत ।
स देवाँ एह वक्षति ।। २

જે અગ્નિ પૂર્વ ઋષિઓના પ્રાર્થનીય હતા, તેઓ નૂતન ઋષિઓના પણ પ્રાર્થનીય છે. કારણ કે તેઓ દેવગણને આ સ્થાને આણે છે. (૨)

પ્રાર્થનીયત્વનું કારણ નિર્દિષ્ટ થાય છે, 'स' શબ્દ તેનો આભાસ આપે છે. एह वक्षति, इह आवहति. અગ્નિ પોતાના રથમાં દેવતાઓને લાવે છે.

अग्निना रयिमश्नवत् पोषमेव दिवे दिवे ।
यशसं वीरवत्तमम् ।। ३

रयिम्–'રત્ન'નો જે અર્થ છે તે જ रयिः, राधः, रायः વગેરેનો અર્થ ગણવો. પરંતુ રત્ન શબ્દ દ્વારા "આનંદ" અર્થ અધિક પ્રસ્ફુટ થાય છે.

अश्नवत्–अश्नुयात्, મેળવે છે, ઉપભોગ કરે છે. पोषम् વગેરે रयिनां વિશેષણ છે. पोषम् અર્થાત્ જે પુષ્ટ થાય છે, વૃદ્ધિને પામે છે.

यशसम्–સાયણે યશ શબ્દનો અર્થ ક્યાંક કીર્તિ તો ક્યાંક અન્ન કર્યો છે. અસલ અર્થ સાફલ્ય, લક્ષ્યસ્થાનની પ્રાપ્તિ વગેરે હોય એમ જણાય છે. દીપ્તિ અર્થ પણ સુસંગત છે, પરંતુ અહીં તે બંધ-બેસતો નથી.

अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरसि ।
स इद् देवेषु गच्छति ।। ४

જે અધ્વર યજ્ઞની સર્વે દિશામાં તમે ઘેરીને પ્રાદુર્ભાવ પામો છો, તે યજ્ઞ દેવોની તરફ જાય છે (૪)

अध्वरम्–ध्वृ ધાતુ હિંસા કરવી. સાયણ "अहिंसित યજ્ઞ" એવો અર્થ કરે છે. પરંતુ 'अध्वर' શબ્દ સ્વયં યજ્ઞવાચક થઈ ગયો છે. 'अहिंसित' શબ્દનું એ રીતનું પરિણામ અસંભવ છે. अध्वन् એટલે પથ, તો अध्वर પથગામી વા પથસ્વરૂપ થાય. યજ્ઞ દેવધામ પ્રતિ જવાનો પથ હતો, વળી યજ્ઞ દેવધામના પથિક તરીકે પણ સર્વત્ર જાણીતો છે. આ અર્થ બંધબેસતો ગણાય. अध्वर, अध्वन्ની માફક अध् ધાતુમાંથી વ્યુત્પન્ન છે. આનું પ્રમાણ એ છે કે अध्वा અને अध्वर બન્ને આકાશ અર્થે વપરાતા હતા.

परिभूः–परितो जातः ।
देवेषु–સપ્તમી દ્વારા લક્ષ્ય સ્થાન નિર્દિષ્ટ છે.
इत्–एव ।

(અનુવાદ)

જેઓ દેવતા હોઈને અમારા યજ્ઞના પુરોહિત, ઋત્વિક અને હોતા તરીકે પાઠ ભજવે છે અને પૂર્ણ આનંદનું વિધાન કરે છે તે તપોદેવ અગ્નિને ઉપાસું છું. (૧)

જેમ પ્રાચીન ઋષિઓને માટે તેમ આધુનિક સાધકોને માટે પણ આ તપોદેવતા ઉપાસનાને યોગ્ય છે. તેઓ જ દેવોને આ મર્ત્યલોકમાં લઈ આવે છે. (૨)

તપઃ–અગ્નિ દ્વારા જ મનુષ્ય દિવ્ય ઐશ્વર્ય પ્રાપ્ત કરે છે. તે ઐશ્વર્ય અગ્નિને બળે દિને દિને વધે છે, અગ્નિને બળે વિજયસ્થળે અગ્રસર છે, અગ્નિને બળે ઘણી વીર શક્તિ સંપન્ન થાય છે. (૩)

હે તપઃ–અગ્નિ, જે દેવપથગામી યજ્ઞની સર્વે દિશાએ તમારી સત્તા અનુભવાય છે, તે આત્મપ્રયાસ જ દેવતાની પાસે જઈને સિદ્ધ થાય છે. (૪)

આ તપઃ–અગ્નિ જે હોતા છે, સત્યમય છે, જેમની કર્મશક્તિ સત્ય-દૃષ્ટિમાં સ્થપાયેલી છે, અનેકવિધ જ્યોતિર્મય શ્રૌતજ્ઞાનમાં જેઓ શ્રેષ્ઠ છે, તેઓ જ દેવવૃન્દને લઈને યજ્ઞમાં ઊતરી આવો. (૫)*

હે તપઃ–અગ્નિ, જે તમને દે છે તેનું શ્રેય તમે કરશો જ, એ તમારું સત્યસત્તાનું લક્ષણ છે. (૬)*

હે અગ્નિ, અમે દરરોજ રાતદિવસ તમારી પાસે બુદ્ધિના વિચારો દ્વારા આત્મસમર્પણને ઉપહાર રૂપે વહન કરતા આવીએ છીએ. (૭)*

---

* अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः ।
देवो देवेभिरागमत् ।। ५

* यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि ।
तवेत् तत् सत्यमङ्गिरः ।। ६

* उप त्वाग्ने दिवे दिवे दोषावस्तर्धिया वयम् ।
नमो भरन्त एमसि ।। ७

દેવોન્મુખ સર્વે પ્રયાસોના જે નિયામક છે, સત્યના દીપ્તિમય રક્ષક છે, જેઓ નિજ ધામમાં સર્વદા વર્ધિત થઈ રહ્યા છે, તેમની પાસે આવીએ છીએ. (૮)*

જેમ પિતાનું સામીપ્ય સંતાનને માટે સુલભ છે, તેમ તમે પણ અમારે માટે સુલભ હો. દૃઢ સંગી થઈને કલ્યાણગતિ સાધવા પ્રેરો. (૯)*

આધ્યાત્મિક અર્થ

(વિશ્વયજ્ઞ)

વિશ્વજીવન એક બૃહદ યજ્ઞસ્વરૂપ છે. એ યજ્ઞના દેવતા ભગવાન પોતે છે, અને પ્રકૃતિ યજ્ઞદાતા છે. શિવ ભગવાન છે, ઉમા પ્રકૃતિ છે. હૃદયના ઊંડાણમાં શિવરૂપને ધારણ કરતી હોવા છતાં પ્રત્યક્ષ રીતે ઉમા શિવ વગરની છે. શિવરૂપને પ્રત્યક્ષ રીતે પામવા માટે ઉમા તલસી રહી છે. આ શિવને પામવાનો તલસાટ વિશ્વજીવનનો નિગૂઢ અર્થ છે.

પરંતુ આ મનોરથ શી રીતે ફળે? પુરુષોત્તમની તરફ જઈને તેમને પામવાનો કયો પંથ પ્રકૃતિએ નિર્દિષ્ટ કરેલો છે? પોતાના સ્વરૂપમાં ઊતરીને પુરુષોત્તમના સ્વરૂપને પામવાનો કયો ઉપાય છે? આંખોમાં અજ્ઞાનનું આવરણ છે, ચરણોમાં હજારો સ્થૂળ શૃંખલાઓ છે. સ્થૂળ સત્તાએ અનંત સત્‌ને જાણે કે સાંતમાં બાંધી રાખ્યું છે અને પોતે પણ બંદીવાન થઈ ગઈ છે. પોતે જ રચેલા આ કારાગારની ગુમાવેલી ચાવી હવે હાથ લાગતી નથી. જડ પ્રાણ-શક્તિના પરવશ સંચારને લઈને અનંત ઉન્મુક્ત ચિત્‌શક્તિ જાણે વિમૂઢ, નિલીન, અભિભૂત, અચેતન થઈ ગઈ છે! અનંત આનંદ જાણે કે તુચ્છ સુખદુ:ખને અધીન એવું પ્રાકૃત ચૈતન્ય ધારણ કરીને કપટી વેશે ફરતો ફરતો પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે અને તેને પોતાનું મૂળ રૂપ શોધ્યું જડતું નથી. આમ શોધતાં શોધતાં વળી દુ:ખના અસીમ પંકમાં ખૂંપી જાય છે. જાણે કે સત્ય અનૃતના દ્વિધામય તરંગમાં ડૂબી ન ગયું હોય!

મનસાતીત વિજ્ઞાનતત્ત્વ અનંત સત્યની પાદપીઠ છે. વિજ્ઞાનતત્ત્વની ક્રિયા પાર્થિવ ચૈતન્યમાં કાં તો નિષિદ્ધ જણાય છે અથવા તો વિરલ વરતાય છે,– પાછળથી થતા ક્ષણિક વિદ્યુતના ઉન્મેષ જેવી છે. સત્ય અને અનૃતમાં ઝોલાં ખાતું

---

* राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम्।
वर्धमानं स्वे दमे॥ ८

* स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव।
सचस्वा नः स्वस्तये॥ ९

કાયર લંગડું અજ્ઞાન મનોતત્ત્વ ભમતું ભમતું સત્યના અન્વેષણની પાછળ પડ્યું છે. ભગીરથ પ્રયાસ પછી કદાચ સત્યનો આભાસ મેળવી પણ શકે, પરંતુ સત્યના પૂર્ણ અસલી જ્યોતિર્મય અનંત રૂપનો પત્તો લાગતો નથી. જ્ઞાનમાં જેવું છે તેવું જ કર્મમાં પણ છે. એ જ વિરોધ, એ જ અભાવ, એ જ નિરર્થકતા. સહજ સત્યકર્મોનાં હાસ્યભર્યાં દેવનૃત્યને ઠેકાણે સામાન્ય ઈચ્છાશક્તિના શૃંખલાબદ્ધ પ્રયાસો સત્ય અને અસત્ય, પાપ અને પુણ્ય, વિષ અને અવિષ, કર્મ અકર્મ અને વિકર્મ, એ બધી જટિલ જંજાળના પાશમાં પડીને ગૂંગળાઈ ગયાં છે. વાસનાહીન વિફળતાહીન આનંદમય પ્રેમમય ઐકયરસમાં મત્ત ભાગવતી ક્રિયા-શક્તિ મુક્ત, અકુંઠિત અને સાફલ્યતાહીન બને છે. તેનું જે સ્વાભાવિક સહજ વિશ્વમય સંચરણ છે તે પ્રાકૃત ઈચ્છાશક્તિમાં અસંભવ હોય છે. આ પ્રમાણે અંતવાન અનૃતના પાશમાં સપડાયેલાં તે પાર્થિવ પ્રકૃતિનાં અનંત સત્, અનંત ચિત્ શક્તિ, અનંત આનંદ ચૈતન્યને પ્રાપ્ત કરવાની શી આશા રાખી શકાય, અને તેનો ઉપાય પણ શો હોઈ શકે?

હા, તેનો ઉપાય છે યજ્ઞ. યજ્ઞ એટલે આત્મસમર્પણ, આત્મબલિદાન. તમે જે કાંઈ છો, તમારું જે કાંઈ છે, ભવિષ્યમાં તમારા પ્રયત્નથી કે ઈષ્ટકૃપાથી જે કાંઈ થઈ શકો, જે કાંઈ તમે કર્મના પ્રવાહમાં મેળવી શકો કે તેનો સંચય કરી શકો, એ બધું પેલા અમૃતમયને ઉદ્દેશીને હવિ રૂપે તપસ્ અગ્નિમાં હોમો. તમારું સર્વસ્વ તુચ્છ દાન કરશો તેના બદલામાં સર્વસ્વ અનંતની પ્રાપ્તિ થશે. યોગ યજ્ઞમાં સમાયેલો છે. યોગમાં છે અનંતતા, અમરત્વ, ભાગવત આનંદની પ્રાપ્તિ. પ્રકૃતિના ઉદ્ધારનો આ જ છે માર્ગ.

જગતી દેવી આ રહસ્ય જાણે છે. અને એટલા માટે એ મહાન આશાએ તેઓ ઊંઘતાં નથી, અશાંત રહે છે અને રાતદિવસ વર્ષ પછી વર્ષ પર્યંત યુગ યુગ લગી યજ્ઞ કર્યે જ જાય છે. તેમનાં સઘળાં કર્મો, સઘળા પ્રયાસો તે વિશ્વયજ્ઞનાં માત્ર અંગો છે. જે કાંઈ ઉત્પાદન કરી શકયાં છે તેને હોમી રહ્યાં છે. તેઓ જાણે છે કે સૌની અંદર રહેલા તે લીલામય ખુલ્લે મને તેનું રસા-સ્વાદન કરી રહ્યા છે, યજ્ઞ ગણીને બધા પ્રયત્નો બધી તપસ્યા સ્વીકારી રહ્યા છે. તેઓ જ આ વિશ્વયજ્ઞને ધીરે ધીરે ફરી ફરીને આમતેમ કરીને ઉત્થાન દ્વારા કે પતન દ્વારા, જ્ઞાન દ્વારા કે અજ્ઞાન દ્વારા, જીવન દ્વારા કે મૃત્યુ દ્વારા નિર્દિષ્ટ માર્ગે નિર્દિષ્ટ ગંતવ્ય ધામની દિશામાં હમેશાં આગળ ધપાવી રહ્યા છે. તેમનામાં વિશ્વાસ રાખીને પ્રકૃતિ દેવી ભય વગરની, મૂંઝવણ વગરની, વિચાર-હીન જણાય છે. સર્વત્ર સર્વદા ભગવતી પ્રેરણા સમજીને સર્જન અને વિનાશ, ઉત્પાદન અને ભાંગફોડ, જ્ઞાન અને અજ્ઞાન, સુખ અને દુઃખ, પાપ અને પુણ્ય, પકવ અને અપકવ, કુત્સિત અને સુન્દર, પવિત્ર અને અપવિત્ર, એમાંથી

જે કાંઈ હાથમાં આવે છે એ બધું જ તે બૃહદ ચિરંતન હોમકુંડમાં નાખી રહ્યાં છે. જે કાંઈ સ્થૂળ છે, જે કાંઈ સૂક્ષ્મ છે, એ બધું જ યજ્ઞમાં હવિ છે. જીવ છે યજ્ઞનો બદ્ધ પશુ. યજ્ઞના મન-પ્રાણ-દેહરૂપી ત્રિબંધનયુક્ત યૂપકાષ્ઠની સાથે જીવને બાંધીને પ્રકૃતિ દરરોજ હવન કરી રહી છે. અજ્ઞાન એ મનનું બંધન છે; દુ:ખ, વાસના અને વિરોધ એ પ્રાણનાં બંધન છે અને મૃત્યુ એ દેહનું બંધન છે.

પ્રકૃતિનો ઉપાય નિર્દિષ્ટ થયો; હવે આ બદ્ધ જીવને માટે ઉપાય શો? એ ઉપાય તે યજ્ઞ, – આત્મબલિ, આત્મદાન. પરંતુ પ્રકૃતિને અધીન થયા વગર, પ્રકૃતિ દ્વારા અપાયા વગર પોતે જ ખડા થઈને, યજમાન બનીને, બધું આપવાનું રહે છે. વિશ્વનું એક નિગૂઢ રહસ્ય એ છે કે પુરુષ જ જાણે કે યજ્ઞના દેવતા છે, પુરુષ પણ યજ્ઞની એક વસ્તુ છે. જીવ પણ પુરુષ છે. પુરુષે પોતાનાં શરીર, મન અને પ્રાણ બલિરૂપે, યજ્ઞના મુખ્ય ઉપાય રૂપે પ્રકૃતિના હાથમાં અર્પી દીધાં છે. તેમના આ આત્મસમર્પણમાં એક ગુપ્ત ઉદ્દેશ્ય એ છુપાયું છે કે જતે દહાડે ચૈતન્ય પ્રાપ્ત થઈને પ્રકૃતિને પોતાના હાથમાં લઈને, અને તેને યજ્ઞની સહધર્મિણી બનાવીને પોતે યજ્ઞ સંપન્ન કરે. આ ગુપ્ત કામના પૂર્ણ કરવાને માટે છે નરનું સર્જન. નરમૂર્તિ દ્વારા તેઓ તે જ લીલા કરવા ઈચ્છે છે. નરદેહમાં નરના ચૈતન્ય દ્વારા આત્મસ્વરૂપ, અમરતા, અનંત આનંદનો વિવિધ ઉપભોગ, અનંત જ્ઞાન, અનંત શક્તિ અને અનંત પ્રેમ ભોગવવાં પડશે. પુરુષમાં પોતાનામાં આ બધા આનંદ રહેલા જ છે, પુરુષ નિજમાં સનાતન રૂપે સનાતન ઉપભોગ કરી રહ્યો છે. પરંતુ માનવને સર્જીને બહુત્વમાં એકત્વ, અંતવાનમાં અનંત, બાહ્યમાં આંતરિક, ઈન્દ્રિયમાં અતીન્દ્રિય, પાર્થિવમાં અમરલોકત્વ, એ બધા વિપરીત રસ ગ્રહણ કરવાને તે તત્પર છે. આપણા સૌમાં રહ્યો રહ્યો મનથી ઉપર, બુદ્ધિની પેલી પાર ગુપ્ત સત્યમય વિજ્ઞાનતત્ત્વમાં આસન જમાવીને, અને વળી આપણામાં જ રહ્યો રહ્યો હૃદયની નીચે ચિત્તનું જે ગુપ્ત સ્તર છે, જ્યાં હૃદયની ગુહા આવેલી છે, જ્યાં રહ્યો છે ગુહ્ય ચૈતન્યનો સમુદ્ર અને આપણાં હૃદય, મન, પ્રાણ, દેહ અને બુદ્ધિ, જે સમુદ્રના માત્ર નજીવા તરંગો છે, – ત્યાં અડ્ડો જમાવીને તે પુરુષ, પ્રકૃતિના આંધળા પ્રયાસો, આંધળી દોડ અને આઘાત-પ્રત્યાઘાતને લઈને થતા ઐક્ય સ્થાપવાના સઘળા પ્રયત્નોનો તે રસ માણી રહ્યો છે.

આમ ઉપર જ્ઞાનપૂર્વકનો ઉપભોગ અને નીચે અજ્ઞાનભર્યો ઉપભોગ, – એ બન્ને એકીસાથે થઈ રહ્યાં છે! પરંતુ લાંબા સમય લગી એ અવસ્થામાં રહ્યે તેમની નિગૂઢ અપેક્ષાઓ, તેમનો ચરમ ઉદ્દેશ્ય સિદ્ધ થાય નહીં. એટલા માટે પ્રત્યેક માનવનો જાગરણનો દિવસ નક્કી હોય છે. અંતર્દેવતા એક દિવસ

પરાધીન પુણ્યહીન સામાન્ય આત્મબલિને ત્યજીને જ્ઞાનપૂર્વક મંત્રપૂર્વક યજ્ઞનું સંપાદન કાર્ય શરૂ કરશે. આ પ્રકારનો સજ્ઞાન, સમંત્ર યજ્ઞ એ થયું વેદોક્ત "કર્મ". આનું ઉદ્દેશ્ય બે પ્રકારનું છે: વિશ્વમય બહુત્વમાં સંપૂર્ણતા સ્થાપવી, જેને વેદમાં વિશ્વદેવ્ય અને વૈશ્વાનરત્વ કહે છે, અને એકાત્મક પરમદેવ-સત્તામાં અમરત્વની પ્રાપ્તિ. આ સઘળા વેદોક્ત દેવો અર્વાચીન સામાન્ય મનુષ્ય જેમને હેય ગણે છે તે ઈન્દ્ર, વરુણ, અગ્નિ નામે નાના દેવતાઓ નથી, પરંતુ તેઓ છે ભગવાનના જ્યોતિર્મય શક્તિધર સ્વરૂપની ભિન્ન ભિન્ન મૂર્તિઓ. અને એ અમરત્વ પુરાણમાં જણાવેલું સ્વર્ગ નથી, પરંતુ વૈદિક ઋષિઓ જેની અભિલાષા રાખતા હતા તે "સ્વર્," અથવા અનંતલોકની પાદપીઠ, વૈદિક અમરત્વ છે, જે છે સચ્ચિદાનંદમય અનંત સત્તા અને ચૈતન્ય.

પ્રથમ મંડળ, સૂક્ત ૧૭

इन्द्रावरुणयोरहं सम्राजोरेव आ वृणे।
ता नो मृळात ईदृशे॥ १

गन्तारा हि स्थोऽवसे हवं विप्रस्य भावतः।
धर्तारा चर्षणीनाम्॥ २

अनुकामं तर्पयेथा मिन्द्रावरुण राय आ।
ता वां नेदिष्ठमीमहे॥ ३

युवाकु हि शचीनां युवाकु सुमतीनाम्।
भूयाम वाजदाव्नाम्॥ ४

इन्द्रः सहस्रदाव्नां वरुणः शंस्यानाम्।
ऋतुर्भवत्युक्थ्यः॥ ५

तयोरिदवसा वयं सनेम नि च धीमहि।
स्यादुत प्ररेचनम्॥ ६

इन्द्रावरुण वामहं हुवे चित्राय राधसे।
अस्मान्त्सु जिग्युषस्कृतम्॥ ७

इन्द्रावरुण नू नु वां सिषासन्तीषु धीष्वा।
अस्मभ्यं शर्म यच्छतम्॥ ८

प्र वामश्नोतु सुष्टुतिरिन्द्रावरुण यां हुवे।
यामृधाथे सधस्तुतिम्॥ ९

(અનુવાદ)

હે ઈન્દ્ર, હે વરુણ, તમે જ સમ્રાટ છો; તમને જ અમે રક્ષક રૂપે વરીએ છીએ, — એવા તમે આ અવસ્થામાં અમારા પર ઉદય પામો. (૧)

કારણ કે, જે જ્ઞાની શક્તિ ધારણ કરી શકે છે, તમે તેમના યજ્ઞ-સ્થળે રક્ષણને કાજે ઉપસ્થિત થાઓ છો. તમે જ સઘળાં કાર્યોના ધારણ કરનાર છો. (૨)

હે ઈન્દ્ર, હે વરુણ, આધારના આનંદના પ્રાચુર્યને કરીને યથેચ્છ આત્મ-તૃપ્તિ અનુભવો. અમે તમારી ખૂબ પાસે સહવાસ ઈચ્છીએ છીએ. (૩)

જે બધી શક્તિઓ અને જે સર્વ સુબુદ્ધિ આંતરિક ઋદ્ધિને વધારે છે, તે સૌના પ્રબળ આધિપત્ય તળે અમે પ્રતિષ્ઠા પામીએ. (૪)

જે કાંઈ શક્તિદાયક હોય તેનાં ઈન્દ્ર અને જે કાંઈ પ્રશસ્ત અને મહાન હોય તેના વરુણ સ્પૃહણીય પ્રભુ થાઓ. (૫)

આ બન્નેના રક્ષણને લઈને અમે સ્થિર સુખે નિર્વિઘ્ને રહીએ અને ગંભીર ધ્યાન કરવાને સમર્થ થઈએ. અમારી સંપૂર્ણ શુદ્ધિ થાઓ. (૬)

હે ઈન્દ્ર, હે વરુણ, અમે તમારી પાસે અનેક પ્રકારના આનંદોને મેળવવા માટે યજ્ઞ કરીએ છીએ. અમને હમેશાં વિજયી કરો. (૭)

હે ઈન્દ્ર, હે વરુણ, અમારી બુદ્ધિની સૌ વૃત્તિઓ જાણે કે અધીન થાય (અને) તે સૌ વૃત્તિઓ પર અધિષ્ઠિત થઈને અમને શાંતિનું દાન કરો. (૮)

હે ઈન્દ્ર, હે વરુણ, આ જે સુંદર સ્તવ તમને યજ્ઞ રૂપે અર્પણ કરીએ છીએ તે તમને ભોગ્ય થાઓ (અને) તે સાધનાને કાજે સ્તવનાં વાકયો તમે જ પુષ્ટ અને સિદ્ધિને યુક્ત કરી રહ્યા છો. (૯)

(વ્યાખ્યા)

જ્યારે પ્રાચીન ઋષિઓ આધ્યાત્મિક સંગ્રામમાં અંતરના શત્રુઓના પ્રબળ આક્રમણને કારણે દેવતાઓની સહાયતા પ્રાર્થતા, સાધનાના માર્ગમાં સહેજ આગળ જઈને અસંપૂર્ણતા જણાયાથી માનસમાં પૂર્ણતાની પ્રતિષ્ઠા (वाजः) વા શક્તિની સ્થાયી જમાવટ ઈચ્છતા, અથવા આંતરિક પ્રકાશ અને આનંદની પરિપૂર્ણતામાં તેને પ્રતિષ્ઠિત કરવામાં સાથ આપવા માટે કે તેનું રક્ષણ કરવા માટે દેવતાઓનું આવાહન કરતા, ત્યારે મોટે ભાગે આપણે તે દેવતાઓનાં જોડકાંઓને સ્તવ દ્વારા એક વાકયમાં મનનો ભાવ દર્શાવતા જોઈએ છીએ. આવાં જોડકાંનાં ઉદાહરણ છે બે અશ્વિન, ઈન્દ્ર અને વાયુ, મિત્ર અને વરુણ.

ઉપરની ઋચામાં કણ્વવંશજ મેધાતિથિ ઈન્દ્રવાયુને કે મિત્રવરુણને નહિ, પણ ઈન્દ્રવરુણને આનંદ, મહત્ત્વની સિદ્ધિ અને શાંતિને માટે પ્રાર્થતા

જોઈએ છીએ. તેમનો મનોભાવ ઉચ્ચ, વિશાળ અને ગંભીર છે. તેઓ ઈચ્છે છે મુક્ત અને મહત્ કર્મ, પ્રબળ તેજસ્વી ભાવ; પરંતુ તે બળ સ્થાયી અને ગંભીર વિશુદ્ધ જ્ઞાન પર પ્રતિષ્ઠિત હોવું જોઈએ, તે તે જ શાંતિની વિશાળ પાંખો પર આરોહણ કરીને કર્મના આકાશમાં વિચરવું જોઈએ; તેઓ ઈચ્છે છે કે આનંદના અનંત સાગર પર તરતાં છતાં, આનંદના વિધવિધ તરંગો પર આંદોલિત થતાં છતાં તેમને તે સ્થિરતાનો, મહિમાનો ચિર-પ્રતિષ્ઠાનો અનુભવ થાય. એ સાગરમાં મગ્ન હોવા છતાં આત્મજ્ઞાનથી વંચિત થવું, તે તરંગો પર દેહને ઝોલાં ખવડાવતાં ડૂબાડૂબ થઈ જવું તેમને પસંદ નહોતું. આ પ્રકારની મહાન આકાંક્ષા સિદ્ધ કરવાને યોગ્ય સહાયક દેવતાઓ છે ઈન્દ્ર અને વરુણ. ઈન્દ્ર રાજા છે, વરુણ સમ્રાટ છે. આપણી સઘળી માન-સિક વૃત્તિઓ, આપણું અસ્તિત્વ અને કર્મોના કરવાપણાના કારણભૂત જે માનસિક તેજ અને તપસ્ છે તેના દાતા ઈન્દ્ર છે. તેઓ આપણને વૃત્રોના આક્રમણમાંથી રક્ષે છે. ચિત્ત અને ચરિત્રના જે જે સઘળા મહાન અને ઉદાર ભાવો છે, જેના અભાવે મનમાં અને કર્મમાં ઉદ્ધતાઈ, સાંકડાપણું, દુર્બળતા અને શિથિલતા અવશ્ય આવી જાય, તેના સ્થાપક અને રક્ષક વરુણ છે. તેને કારણે જ આ સૂક્તની શરૂઆતમાં ઋષિ મેધાતિથિએ બન્ને દેવોની સહાયતા માગી અને સખ્ય ઈચ્છયું. "सम्राजो:" કારણ કે તેઓ જ સમ્રાટ છે. અને તેથી "ईदृशे" આ અવસ્થામાં કે આ અવસરમાં (જે મનની અવસ્થાનું વર્ણન કર્યું તે) તેઓએ પોતાને તેમ જ સૌને માટે તેમની પ્રસન્નતા માટે પ્રાર્થના કરી (ता नो मृडात ईदृशे). જે અવસ્થામાં દેહ, પ્રાણ, મન અને વિજ્ઞાનના અંશની સઘળી વૃત્તિઓ અને પ્રયાસો પોતાના સ્થાનમાં ઉન્નતિને પામે છે, સંકલિત થાય છે, જ્યારે કોઈના પણ જીવ ઉપર આધિપત્ય, વિદ્રોહ કે યથેચ્છાચરણ હોતાં નથી, જ્યારે સૌ પોતપોતાના દેવતાની પરાપ્રકૃતિની અધીનતા સ્વીકારીને પોતપોતાનાં કર્મ ભગવદ્નિર્દિષ્ટ સમયે અને પરિમાણે આનંદપૂર્વક કરવા ટેવાયાં હોય છે, જ્યારે ઊંડી શાંતિ છતાં તેજસ્વી અસીમ પ્રચંડ કર્મશક્તિ પ્રગટે છે, જે અવસ્થામાં જીવ સ્વરાજ્યનો સ્વરાટ્, પોતાના આધારરૂપ આંતરિક રાજ્યનો ખરો સમ્રાટ હોય છે, અને જ્યારે તેના જ આદેશે કે તેના જ આનંદાર્થે સઘળી શક્તિઓ સુંદર રીતે અરસપરસ સહાયક બનીને કર્મ કરતી હોય છે અથવા તો તેમની ઈચ્છા મુજબ ગંભીર તમોરહિત નિષ્કર્મતામાં મગ્ન બનીને અગાધ શાંતિ, અનિવર્ચનીય રસાસ્વાદ કરતી હોય છે, — આ પ્રકારની અવસ્થાને પ્રથમ યુગના વૈદિકોએ સ્વરાજ્ય કે સામ્રાજ્ય કહી છે. આ અવસ્થાના વિશિષ્ટ ઉપરી ઈન્દ્ર અને વરુણ છે, તેઓ જ સમ્રાટ છે. ઈન્દ્ર સમ્રાટ તરીકે સઘળી વૃત્તિઓને સંચાલિત કરે છે, વરુણ

સમ્રાટ તરીકે સઘળી વૃત્તિઓ પર શાસન કરે છે અને તેમને મહિમા અર્પે છે.

આવા મહિમાવાળા બન્ને દેવોની સંપૂર્ણ સહાયતાની પ્રાપ્તિને માટે સૌ અધિકારી નથી. જેઓ જ્ઞાની છે, જેઓ ધૈર્યમાં પ્રતિષ્ઠા પામ્યા છે. તેઓ જ અધિકારી છે. વિપ્ર હોવું જરૂરી છે. માવાળા હોવું જરૂરી છે. વિપ્ર એટલે બ્રાહ્મણ નહિ, વિ ધાતુનો અર્થ છે પ્રકાશ, વિપ્ ધાતુનો અર્થ છે પ્રકાશની ક્રીડા, કંપન કે પૂર્ણ ઉચ્છ્વાસ. જેના મનમાં જ્ઞાનનો ઉદય થયો હોય, જેના મનનાં દ્વાર જ્ઞાનની તેજસ્વી ક્રીડા માટે મુક્ત હોય, તે જ વિપ્ર છે. મા ધાતુનો અર્થ છે ધારણ કરવું. જનની પોતાના ગર્ભમાં સંતાનને ધારણ કરનારી હોવાને કારણે માતા શબ્દથી ઓળખાય છે. સઘળાં પ્રાણી માત્રનાં, સઘળાં જીવનાં જન્મ, ક્રીડા અને મૃત્યુ પોતાની કૂખમાં ધારણ કરીને આકાશ સ્થિર અને અવિચલિત રહે છે, તેને લીધે સઘળાં કર્મોના પ્રતિષ્ઠાતા પ્રાણસ્વરૂપ વાયુદેવ માતરિશ્વા તરીકે જાણીતા છે. જેનું ધૈર્ય અને જેની ધારણશક્તિ આકાશ જેવી છે, જ્યારે પ્રચંડ વંટોળિયો દિગ્મંડળને પ્રકાશિત કરતો પ્રચંડ હુંકારથી વૃક્ષ, જીવજંતુ, ઘર ઈત્યાદિને ઘેરીને ભીષણ ભયંકર રાસલીલાના નૃત્યનો અભિનય કરે છે અને તે વખતે જેમ તે ક્રીડાને આકાશ સહન કરે છે, નીરવે પોતાના સુખમાં મગ્ન રહે છે, તે પ્રમાણે પ્રચંડ વિશાળ આનંદને, પ્રચંડ ભીષણ કર્મસ્રોત, અરે, શરીર તેમ જ પ્રાણની અસહ્ય યંત્રણાને પણ પોતાના આધારમાં તે ક્રીડાને ઉન્મુક્ત અવકાશ આપીને, પોતે અવિચલિત અને આત્મસુખમાં પ્રફુલ્લ રહીને સાક્ષીરૂપે ધારણ કરવાને સમર્થ હોય છે, તે જ માવાળો છે. જ્યારે આવો માવાન વિપ્ર, આવો ધીર જ્ઞાની, પોતાના આધારને વેદી ગણીને યજ્ઞાર્થે દેવતાઓનું આહ્વાન કરે છે, ત્યારે ત્યાં ઈન્દ્ર અને વરુણની અબાધિત ગતિ થાય છે, તેઓ સ્વેચ્છાએ ઉપસ્થિત થાય છે, યજ્ઞનું રક્ષણ કરે છે અને તેનાં સઘળાં અભીપ્સિત કર્મોનો આશ્રય અને પ્રતિષ્ઠા જાળવીને (धर्त्तारा चर्षणीनाम्) વિપુલ આનંદ, શક્તિ અને જ્ઞાનના પ્રકાશનું દાન કરે છે.

પ્રથમ મંડળ, સૂક્ત ૭૫

(મૂળ)

जुषस्व सप्रथस्तमं वचो देवप्सरस्तमम् ।
हव्या जुह्वान आसनि ।। १
अथा ते अङ्गिरस्तमाग्ने वेधस्तम प्रियम् ।
वोचेम ब्रह्म सानसि ।। २
कस्ते जामिर्जनानामग्ने को दाश्वध्वरः ।
को ह कस्मिन्नसि श्रितः ।। ३
त्वं जामिर्जनानामग्ने मित्रो असि प्रियः ।
सखा सखिभ्य ईड्यः ।। ४
यजा नो मित्रावरुणा यजा देवाँ ऋतं बृहत् ।
अग्ने यक्षि स्वं दमम् ।। ५

(અનુવાદ)

જે વ્યક્ત કરું છું તે અતિશય વિસ્તૃત અને બૃહદ્ અને દેવતાની સામગ્રી છે, તેને તમે પ્રેમપૂર્વક અપનાવો. જે સૌ હવિનું પ્રદાન કરો તે તમારે મુખે અર્પણ કરો. (૧)

હે તપોદેવ! શક્તિધરોમાં શ્રેષ્ઠ અને શ્રેષ્ઠ વિધાતા, હું હૃદયનો જે મંત્ર વ્યક્ત કરી રહ્યો છું તે તમારો પ્રિય અને મારો અભિલષિત (વસ્તુનો) વિજયી ભોક્તા થાઓ. (૨)

હે તપોદેવ અગ્નિ! જગતમાં તમારો સાથી અને ભ્રાતા કોણ છે? તમને દેવગામી સખ્ય દેવા કોણ સમર્થ છે? અને તમે વળી કોણ છો? કોના અંતરમાં અગ્નિ આશ્રિત છે? (૩)

હે અગ્નિ! તમે જ પ્રાણીમાત્રના ભ્રાતા છો, તમે જ જગતના પ્રિય બંધુ છો, તમે જ સખા છો અને તમારા મિત્રોના કામ્ય છો. (૪)

મિત્ર અને વરુણને ઉદ્દેશીને, દેવતાઓને ઉદ્દેશીને, બૃહત્ સત્યને ઉદ્દેશીને યજ્ઞ કરો. હે અગ્નિ! તે જે સત્ય તમારું પોતાનું જ ગૃહ છે તે લક્ષ્યસ્થળે યજ્ઞને પ્રતિષ્ઠિત કરો. (૫)

તૃતીય મંડળ, સૂક્ત ૪૬

(મૂળ)

युध्मस्य ते वृषभस्य स्वराज उग्रस्य यूनः स्थविरस्य घृष्वेः।
अजूर्यतो वज्रिणो वीर्याऽणीन्द्र श्रुतस्य महतो महानि।। १
महाँ असि महिष वृष्ण्येभिर्धनस्पृदुग्र सहमानो अन्यान्।
एको विश्वस्य भुवनस्य राजा स योधया च क्षयया च जनान्।। २
प्रमात्राभी रिरिचे रोचमानः प्र देवेभि विश्वतो अप्रतीतः।
प्रमज्मना दिव इन्द्रः पृथिव्याः प्रोरोर्महो अन्तरिक्षा दृजीषी।। ३
उरुं गभीरं जनुषाभ्युऽग्रं विश्वव्यचसमवतं मतीनाम्।
इन्द्रं सोमासः प्रदिवि सुतासः समुद्रं न स्रवत आ विशन्ति।। ४
यं सोममिन्द्र पृथिवीद्यावा गर्भं न माता बिभृतस्त्वाया।
तं ते हिन्वन्ति तमु ते मृजन्त्यध्वर्यवो वृषभ पातवा उ।। ५

(અનુવાદ)

જે દેવતા પુરુષ યોદ્ધા ઓજસ્વી સ્વરાટ છે, જે દેવતા નિત્યયુવા સ્થિરશક્તિ પ્રખરદીપ્તિ રૂપ અને અક્ષય છે; અતિ મહાન છે તે શ્રુતિધર વજ્રધર ઈન્દ્ર, અતિ મહાન છે તેમનાં સઘળાં વીર કર્મો. (૧)

હે વિરાટ, હે ઓજસ્વી, તમે મહાન છો; તમારી વિસ્તૃત શક્તિમાં કર્મ દ્વારા તમે સૌ પર બળ કરીને તેમની પાસે અમારું જે કંઈ અભિલષિત ધન છે તેને બહાર આણો. તમે એક છો, સમસ્ત જગતમાં જે જે જણાય છે તેના રાજા છો, મનુષ્યને યુદ્ધમાં પ્રેરણા આપો, તેને જવાના સ્થિર ધામે તેને સ્થાપો. (૨)

ઈન્દ્ર દીપ્તિરૂપે પ્રગટ થઈને જગતની સૌ માત્રાને ઓળંગી જાય છે, દેવોને પણ સૌ દિશામાં અનંતભાવે ઓળંગીને બધાને અગમ્ય થાય છે. સાથે ઋજુગામી આ શક્તિધર પોતાની ઓજસ્વિતાથી મનોજગતમાં વિશાળ ભૂલોક અને મહાન પ્રાણજગતને ઓળંગી જાય છે. (૩)

આ વિસ્તૃત અને ગભીર, આ જન્મથી ઉગ્ર અને ઓજસ્વી, આ સર્વવિકાસક અને સર્વવિચારધાયક ઈન્દ્રરૂપ સમુદ્રમાં જગતનો મદ્યકરરસપ્રવાહ સૌ મનોલોકની સમક્ષ અભિવ્યક્ત થઈને સ્રોતસ્વિની નદીની જેમ પ્રવેશ કરે છે. (૪)

હે શક્તિધર, જેમ માતા પોતાના અજાત શિશુને ધારણ કરે છે તેમ આ આનંદમદિરાને મનોલોક અને ભૂલોક તમારી કામનાથી પ્રેરાઈને ધારણ કરે છે. હે વૃષભ, અધ્વરના અધ્વર્યુ તમારે માટે, તમારા પાનને અર્થે તે આનંદપ્રવાહને રેલાવે છે, તમારે માટે જ તે આનંદને માર્જિત કરે છે. (૫)

નવમ મંડળ, સૂક્ત ૧

(મૂળ)

स्वादिष्ठया मदिष्ठया पवस्व सोम धारया ।
इन्द्राय पातवे सुतः ।। १

(અનુવાદ)

હે સોમદેવ, સ્વાદિષ્ટ માદકતમ ધારાએ પૂતસ્રોત થઈને વહો ! ઈન્દ્રના પાનને અર્થે તમે રેલાઈ રહ્યા છો. (૧)

ઉપનિષદ

ઉપનિષદ

આપણો ધર્મ ઘણો વિશાળ છે. તે અનેક રીતે વિસ્તરેલો છે. તેનું મૂળ ગભીરતમ જ્ઞાનમાં છે. તેની શાખાઓ કર્મના દૂરદૂરના છેડાઓ લગી પ્રસરેલી છે. જેમ ગીતામાં જણાવેલું અશ્વત્થ વૃક્ષ ઊર્ધ્વમૂલ અને અધોશાખ છે, તેમ આ ધર્મ જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત છે, કર્મોથી પ્રેરિત છે. નિવૃત્તિ તેનો પાયો છે, પ્રવૃત્તિ તેની ઈમારત છે, મુક્તિ તેની અગાશી છે. માનવજાતિનું આખું જીવન હિંદુધર્મરૂપી આ વિશાળ વૃક્ષને આશ્રિત છે.

કેટલાક જણાવે છે કે હિંદુધર્મની પ્રતિષ્ઠા વેદ પર છે, પરંતુ બહુ થોડાક જ તેનું સ્વરૂપ કે મર્મ પામેલા છે. ઘણે ભાગે આપણે એ વૃક્ષની એક ડાળના અગ્રભાગ પર બેસીને એકાદ સ્વાદિષ્ટ નશ્વર ફળ ચાખીને મોજમજા માણીએ છીએ, મૂળનું તો કોઈ અનુસંધાન પણ પામ્યા નથી હોતા. આપણે સાંભળ્યું તો હોય છે કે વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડ એમ બે ભાગ છે, પરંતુ ખરેખરી રીતે એ બે કાંડો તે શું છે તે વિષે ઓછું જ જાણતા હોઈએ છીએ. આપણે મૅક્સમૂલરની વેદ ઉપરની વ્યાખ્યા વાંચીએ છીએ, રોમેશચંદ્ર દત્તનો અનુવાદ વાંચીએ છીએ, પણ ઋગ્વેદ પોતે શું છે તે જાણતા હોતા નથી. એ પંડિતોની પાસેથી આપણે જાણી શકયા છીએ કે ઋગ્વેદના ઋષિઓ પ્રકૃતિના બાહ્ય પદાર્થો કે બીજાં પ્રાણીઓની પૂજા કરતા હતા; સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ વગેરેનાં સ્તવસ્તોત્રો જ સનાતન હિંદુ ધર્મનું અનાદિ અને અનંત અપૌરુષેય મૂળ જ્ઞાન છે. આ જ્ઞાન પર વિશ્વાસ રાખીને અને વેદ, ઋષિઓ તેમ જ હિંદુ ધર્મનું અપમાન કરીને આપણે મનમાં માની લઈએ છીએ કે અમે મોટા વિદ્વાન છીએ, મહાન પ્રકાશ પામેલા છીએ. અસલમાં વેદ ખરેખર કેવા છે, શા માટે શંકરાચાર્ય જેવા મહાજ્ઞાની મહાપુરુષોએ એ સ્તવસ્તોત્રોને અનાદિ અનંત અને સંપૂર્ણ અભ્રાંત જ્ઞાન તરીકે માન્યાં, તેનું કોઈ પણ પ્રકારનું અનુસંધાન આપણે કરતા નથી.

ઉપનિષદને વિષે પણ બહુ થોડા લોકો જાણે છે. જયારે ઉપનિષદનો વિચાર કરીએ છીએ, ત્યારે ઘણે ભાગે આપણે શંકરાચાર્યનો અદ્વૈતવાદ, રામાનુજનો વિશિષ્ટાદ્વૈતવાદ કે મધ્વનો દ્વૈતવાદ વગેરે દાર્શનિકોની વ્યાખ્યાઓનો ખ્યાલ કરીએ છીએ. અસલ ઉપનિષદોમાં શું લખાણ છે, તેનો ખરો અર્થ શો છે, શા કારણે આવાં પરસ્પરવિરોધી છ દર્શનો એક જ મૂળમાંથી ઉત્પન્ન થયાં, અને એ છએ દર્શનોથી અતીત કયો નિગૂઢ અર્થ એ જ્ઞાનના ભંડારોમાં મળી આવે છે, એ વિષે આપણે વિચારતા નથી. શંકરાચાર્ય જે અર્થ કરી ગયા છે તે જ અર્થ હજારો વર્ષોથી આપણે કરતા આવ્યા છીએ;

શંકરાચાર્યના ભાષ્યને જ આપણે વેદ કે ઉપનિષદ ગણીએ છીએ. મૂળ ઉપનિષદના સ્વાધ્યાયની કોને પડી છે? કદાચ શંકરાચાર્યના ભાષ્યનું વિરોધી કોઈ બીજું ભાષ્ય જોવામાં આવે તો આપણે તેનો અસ્વીકાર કરીએ છીએ. અને આમ હોવા છતાં ય આપણે જાણીએ છીએ કે ઉપનિષદોમાં માત્ર શંકરે મેળવેલું જ્ઞાન તો શું, પરંતુ ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળમાં જે આધ્યાત્મિક જ્ઞાન અથવા તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું હશે કે થશે, તે બધું આર્ય ઋષિઓએ તેમ જ મહાયોગીઓએ અત્યંત સંક્ષિપ્તરૂપે નિગૂઢ અર્થદ્યોતક શ્લોકોમાં નિબદ્ધ કર્યું છે.

ત્યારે ઉપનિષદ શું છે? ઉપનિષદ એટલે અનાદિ અનંત ગભીરતમ સનાતન જ્ઞાનમાં રહેલા સનાતન ધર્મનાં મૂળતત્ત્વોનો ભંડાર. આ જ્ઞાન ચારેય વેદોના સૂક્તોમાં મળી શકે છે, પરંતુ આયનામાં પડતી મનુષ્યની છબીની માફક ઉપમાને ઓથે સ્તોત્રોના બાહ્ય અર્થ દ્વારા એ જ્ઞાન ઢંકાઈ ગયું છે. ઉપનિષદ અનાચ્છન્ન પરમ જ્ઞાન છે, અસલ મનુષ્યના ખુલ્લા અવયવો જેવું. ઋગ્વેદના ઋષિગણોએ ઈશ્વરદત્ત પ્રેરણાને બળે આધ્યાત્મિક જ્ઞાનને શબ્દ અને છંદમાં પ્રગટ કર્યું, ઉપનિષદના ઋષિઓએ એ જ જ્ઞાનનો સાક્ષાત્કાર કરીને ટૂંકી ગભીર ભાષામાં તેનો આવિષ્કાર કર્યો. માત્ર અદ્વૈત-વાદ તો શું પરંતુ ત્યાર પછીની જેટજેટલી દાર્શનિક વિચારશ્રેણીઓ કે વાદો ભારતમાં, યુરોપમાં કે એશિયામાં પ્રગટયાં છે, – દાખલા તરીકે અભિધાનવાદ (nominalism), વાસ્તવવાદ (realism), શૂન્યવાદ, ડારવીનનો ક્રમવિકાસવાદ, કૉમ્તેનો મનુકુલોન્નતિવાદ (positivism), પરહિતવાદ (utilitarianism), સુખેષણાવાદ (hedonism), હેગલ, કૉંટ, સ્પિનોઝા, શોપનહાવર, ઈત્યાદિ – તે સર્વેને ઉપનિષદના ઋષિઓએ સાક્ષાત્ દર્શન દ્વારા જોયા તેમ જ વ્યક્ત કર્યા હતા. ફરક માત્ર એટલો છે કે જ્યારે અન્ય ઠેકાણે જે કાંઈ ખંડભાવે જણાવ્યું હોય, સત્યનો એક અંશ હોવા છતાં પૂર્ણ સત્ય તરીકે માની લેવાયું હોય અથવા તો ખરાખોટાની સેળભેળથી વિકૃતભાવે દર્શાવાયું હોય, તે ઉપનિષદોમાં અખંડભાવપૂર્ણ રીતે પોતાની અસલ સ્થિતિમાં અભ્રાંત રીતે લિપિબદ્ધ જોવામાં આવે છે. માટે જ શંકરાચાર્યની કે અન્ય કોઈની વ્યાખ્યા દ્વારા સીમાબદ્ધ થયા વગર ઉપનિષદનો અસલ ગભીર અખંડ અર્થ પામવાને પ્રયત્નશીલ થવું જરૂરી છે.

ઉપનિષદનો અર્થ છે ગૂઢ સ્થાનમાં પ્રવેશવું. ઋષિઓએ તર્કના બળથી, વિદ્યાના પ્રસારથી કે પ્રેરણાના પ્રવાહથી ઉપનિષદમાં રહેલું જ્ઞાન મેળવ્યું નહોતું. પરંતુ જે ગૂઢ સ્થાનમાં, મનના અગોચર ખૂણામાં સમ્યક્ જ્ઞાનની જે ચાવી લટકાવેલી છે ત્યાં યોગ દ્વારા અધિકારપૂર્વક પ્રવેશીને તે ચાવી

લઈને પોતે અભ્રાંત જ્ઞાનના વિશાળ રાજ્યના રાજા બન્યા છે. એ ચાવી મેળવ્યા વગર ઉપનિષદોનો ખરો અર્થ ખૂલતો નથી. કેવળ તર્કને બળે ઉપનિષદનો અર્થ કરવો એટલે કોઈ ઘોર અરણ્યમાં ઊંચાં ઊંચાં વૃક્ષોની ટોચનું મીણબત્તીના પ્રકાશથી નિરીક્ષણ કરવા જેવું ગણાય. સાક્ષાત્ દર્શન એટલે સૂર્યના ઝળહળતા પ્રકાશનું દર્શન. એને લઈને બધું જ પ્રકાશિત થઈ જાય, અને શોધકને દૃષ્ટિગોચર બને. આ પ્રકારનું સાક્ષાત્ દર્શન યોગથી જ સંભવી શકે.

ઉપનિષદમાં પૂર્ણયોગ

અમે મનુષ્યજન્મના ચરમ ઉદ્દેશ્ય તરીકે નોચેની બાબતોનો ઉલ્લેખ કર્યો છે : પૂર્ણયોગ, નરદેહે દેવજીવન, આત્મપ્રતિષ્ઠિત ભગવદ્‌શક્તિથી સંચાલિત પૂર્ણ લીલા. જેમ આ બાબતોની મૂળ ભૂમિકા એક બાજુથી કોઈ બુદ્ધિ-ગઠિત નવીન વિચારણા નથી, તેમ બીજી બાજુથી કોઈ પ્રાચીન પોથીનું લખાણ, કોઈ લિખિત શાસ્ત્રનું પ્રમાણ અથવા તો કોઈ દાર્શનિક સૂત્રોની આણ પણ નથી. આનો પાયો છે પૂર્ણતર અધ્યાત્મજ્ઞાન; આત્મામાં, બુદ્ધિમાં, હૃદયમાં, પ્રાણમાં, દેહમાં ભાગવત સત્તાની જવલંત અનુભૂતિ.

આ જ્ઞાન કોઈ નવો આવિષ્કાર નથી. એ અતિ પુરાતન, કેવળ સનાતન જ્ઞાન છે. વેદના પ્રાચીન ઋષિની એ જ અનુભૂતિ હતી, ઉપનિષદના સત્યદ્રષ્ટાઓ અને ચરમ જ્ઞાનીઓની એ જ અનુભૂતિ હતી, જેઓ "सत्यश्रुत-कवयः" હતા તેમની પણ એ જ અનુભૂતિ હતી. કળિયુગમાં પતન પામેલા ભારતમાં નિરાશાથી ઘેરાયેલા, ટૂંકા આશયોવાળા અને નિષ્ફળ પ્રયત્નો ભલે પ્રાણને નૂતન જણાય, જ્યાં મોટા ભાગનાં માનવ જંતુઓ પોતાનું જીવન નભાવવામાં જ સંતોષ માની રહ્યાં હોય ત્યાં પૂર્ણ મનુષ્યત્વની સાધના કેટલા કરી શકે, અને ત્યાં દેવત્વ પામવાની તો વાત જ શી! પરંતુ (યાદ રાખવું જરૂરી છે કે) આ આદર્શને મનમાં રાખીને જ આપણા શક્તિશાળી આર્ય પૂર્વપુરુષોએ જાતિના જીવનને પ્રથમ ઘડયું હતું. એ જ્ઞાનસૂર્યના ઉલ્લાસપૂર્ણ ઉષાકાલે આત્મસ્થ આનંદવિહંગના સોમરસથી સ્નિગ્ધ કંઠે વેદજ્ઞાનનો આહ્વાન-ધ્વનિ ઊઠયો હતો અને તેનાં આંદોલન વિશ્વદેવતાને ચરણે પહોંચ્યાં હતાં. માનવ આત્મામાં, માનવ જીવનમાં સર્વ રીતે દેવત્વને ગૂંથી લઈને એ અમર વિશ્વદેવની બૃહદ પ્રતિમૂર્તિની સ્થાપના કરવાની ઉચ્ચ આશા ભારત-સભ્યતાનો બીજમંત્ર હતો. ધીરે ધીરે એ મંત્ર ભૂલાઈ ગયો, તેનો હ્રાસ થયો, તેમાં વિકૃતિ આવી અને એ જ આ દેશની, આ જાતિની અવનતિ અને દુર્ગતિનું કારણ થયું. વળી પાછું એ જ મંત્રનું ઉચ્ચારણ કરવું પડશે, એ જ સિદ્ધિ અર્થે સાધના કરવી પડશે અને એ જ થશે પુનરુત્થાનનો, ઉન્નતિનો એક માત્ર માર્ગ, એક માત્ર પ્રશસ્ત ઉપાય. કારણ કે, એ જ છે પૂર્ણ સત્ય; એમાં જ છે વ્યક્તિની તેમ જ સમષ્ટિની ચરિતાર્થતા. માનવની સાધના, જાતિનું સંગઠન, સભ્યતાનું સર્જન અને તેનો ક્રમિક વિકાસ, — આ સર્વનું ગૂઢ તાત્પર્ય આમાં જ સમાયેલું છે. આપણો પ્રાણ અને આપણી બુદ્ધિ જે બીજા બધા ઉદ્દેશ્યની પાછળ હેરાનપરેશાન થાય છે, એ બધા ગૌણ છે, આંશિક છે, દેવતાના સાચા અનુસંધાનમાં માત્ર ઉપકારક છે. આપણે બીજી

બધી નાની નાની સિદ્ધિઓ મેળવીને ઉલ્લસિત થઈએ છીએ, એ માત્ર માર્ગમાં આવતાં આરામગૃહો છે, માર્ગમાં આવતા પહાડો પર વિજયવાવટો ફરકાવવા જેવું છે. અસલ ઉદ્દેશ્ય અને અસલ સિદ્ધિ મનુષ્યમાં પોતાનામાં છે; માત્ર કેટલાએક વિરલ મહાપુરુષોમાં નહિ, પરંતુ સૌમાં છે, સમગ્ર જાતિમાં છે; વિશ્વમાનવમાં બ્રહ્મનો વિકાસ અને સ્વયં પ્રકાશ, ભગવાનનું પ્રગટભાવે શક્તિસંચારણ અને તેમની જ્ઞાનમય, આનંદમય લીલા, – એ છે.

આ જ્ઞાન અને આ સાધનાનાં પ્રથમ રૂપ અને અવસ્થા આપણને ઋગ્વેદમાં જોવાને મળે છે. ભારતના ઈતિહાસના આંગણામાં આર્યધર્મના મંદિરને બારણે આવેલા સ્તૂપમાં તેની આદિ લિપિ કોતરાઈ છે. તેની આદિ વાણી ઋગ્વેદ જ છે, એ અમે પૂરેપૂરા નિઃસંદેહ ભાવે કહી શકતા નથી; કારણ કે, ઋગ્વેદના ઋષિઓએ સ્વીકાર કર્યો છે કે તેમની આગળ જેઓ થઈ ગયા, જેમને તેમણે પૂર્વ પુરુષો કહ્યા છે, (पूर्वे पितरो मनुष्याः) તેમણે આ માર્ગનો આવિષ્કાર કર્યો હતો; તેમણે જે દેવજીવન પ્રાપ્ત કર્યું હતું તેમનો ચીંધેલો સાધનમાર્ગ એ જ પાછળના માનવોનો સત્ય ભણી લઈ જનારો, અમૃતત્વ પ્રાપ્ત કરાવનારો પંથ ગણાય. એટલે એમ થયું કે પ્રાચીન ઋષિઓએ જે ચીંધ્યું હતું તેનું જ અનુસરણ નવા યુગના ઋષિઓએ કર્યું, જે દિવ્ય વાણીનું ઉચ્ચારણ થયું હતું તે પૂર્વપુરુષોની વાણીનો પડઘો ઋગ્વેદના મંત્રોમાં પડ્યો; અને તેથી કરીને ઋગ્વેદમાં જે ધર્મનું સ્વરૂપ જોવામાં આવે છે તેને જ તેનું મૂળ રૂપ ગણી શકાય.

ઉપર જેની વાત કરી તેનું મોટું ઉદાર રૂપાંતર એટલે ઉપનિષદનું જ્ઞાન, વેદાંતની સાધના. વેદમાં રહેલું વિશ્વદેવતાનું જ્ઞાન અને દેવજીવનની સાધના, વેદમાં અને ઉપનિષદમાં રહેલાં આત્મજ્ઞાન અને બ્રહ્મપ્રાપ્તિની સાધના, – આ બન્ને સમન્વયધર્મ પર પ્રતિષ્ઠિત છે. વિશ્વપુરુષ અને વિશ્વશક્તિની વિધવિધ દિશાઓ, બ્રહ્મનાં સઘળાં તત્ત્વોને એકઠાં કરીને વિશ્વદેવની ભાવના, સર્વત્ર બ્રહ્મની અનુભૂતિ અને તેનું અનુશીલન, – આ સઘળી મૂળની વાત થઈ.

ત્યાર પછી શરૂ થયો વિશ્લેષણનો યુગ. સત્યના કોઈ એક પાસાનું ખંડ દર્શન પ્રાપ્ત થતાં તેમાંથી આપણને વેદાંતની પૂર્વ અને ઉત્તરમીમાંસા, સાંખ્ય, યોગ, ન્યાય અને વૈશેષિક દર્શનોની વિભિન્ન સાધનાઓ મળી આવી. અને અંતે એ બધા ખંડિત દર્શનોના ખંડ ભાવો દ્વારા આપણને અદ્વૈતવાદ, દ્વૈતવાદ, વિશિષ્ટાદ્વૈતવાદ અને વૈષ્ણવ, શૈવ, પુરાણ અને તંત્ર મળ્યાં. સમન્વયનો પ્રયાસ કદાપિ બંધ થયો નથી. તે પ્રયાસ ગીતામાં, તંત્રમાં, પુરાણોમાં જોવામાં આવે છે, અને પ્રત્યેકમાં કેટલેક અંશે ચરિતાર્થ પણ થયો

છે, કેટલીક નવીન અધ્યાત્મ અનુભૂતિ પણ ઉમેરાઈ છે; અને આ બધું હોવા છતાં વેદ અને ઉપનિષદની સરખામણીમાં તેની વ્યાપકતા નોંધપાત્ર જણાતી નથી. ભારતની આદિ અધ્યાત્મ વાણી જાણે કે બુદ્ધિથી પર કોઈ સર્વવ્યાપી ઉજ્જવલ જ્ઞાનના પ્રકાશમાંથી ઉદ્‌ભવેલી જણાય છે. એ વાણીને ઓળંગી જવી એ તો જાણે દૂરની વાત થઈ, પરંતુ ત્યાં પહોંચવું પણ બુદ્ધિપ્રધાન પાછળના યુગોને માટે અસાધ્ય થઈ ગયું, દુઃષ્કર થઈ પડયું!

ઈશ ઉપનિષદ

(૧)

ઈશ ઉપનિષદનો સરળ અર્થ કરવાની વચ્ચે અને તેમાં રહેલા બ્રહ્મતત્ત્વ, આત્મતત્ત્વ તેમ જ ઈશ્વરતત્ત્વને હૃદયંગમ કરવાની વચ્ચે બાધારૂપ શંકરાચાર્યનો પ્રચલિત માયાવાદ અને ઉપનષિદનાં શંકરપ્રણીત ભાષ્યો છે. સામાન્ય માયાવાદ એટલે નિવૃત્તિની એકપક્ષી વિચારણા અને સંન્યાસ એટલે કર્મોમાંથી વિમુખ થવું તે. આ બન્નેની સાથે ઈશ ઉપનિષદનો સંપૂર્ણ વિરોધ છે. તેના શ્લોકોના અર્થને તાણીતૂંસીને ઊલટી રીતે રજૂ કરવામાં ન આવે ત્યાં લગી આ વિરોધનું સમાધાન કરવું અસંભવ છે. જે ઉપનિષદમાં જણાવવામાં આવ્યું છે કે,

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेच्छतं समाः,

અને વળી કહ્યું છે કે,

न कर्म लिप्यते नरे;

અને વળી જે ઉપનિષદે સાહસ કરીને કહ્યું છે કે,

अन्धं तमः प्रविशन्ति ये अविद्यामुपासते ।
ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ।।

અને

अविद्यया मृत्युं तीर्त्वा

તેમ જ

सम्भूत्यामृतमश्नुते, —

તે ઉપનિષદની સાથે માયાવાદ અને નિવૃત્તિમાર્ગનો મેળ શી રીતે થઈ શકે? શંકરાચાર્યની પછી દાક્ષિણાત્યમાં અદ્વૈતમતના મુખ્ય નિયંતા વિદ્યારણ્યે આમ સમજીને મુખ્ય બાર ઉપનિષદની અનુક્રમણિકાઓમાંથી પસંદ કરીને તેને ઠેકાણે નૃસિંહતાલીય ઉપનિષદ બેસાડી દીધું. શંકરાચાર્યે પ્રચલિત વિધાનોને ઉલટાવીને એવું દુઃસાહસ કર્યું નથી. તેઓ જાણતા હતા કે આ શ્રુતિ છે, માયા એ શ્રુતિઓનું પ્રતિપાદ્ય તત્ત્વ છે; એટલે કે આ શ્રુતિનો અર્થ પણ અસલ માયાવાદને અનુકૂળ હોવો જોઈએ, નહિ કે પ્રતિકૂળ.

જગતીનો અર્થ જો પૃથ્વી જ થાય તો એમ સમજવું રહ્યું કે જે કાંઈ આ ગમનશીલ પૃથ્વીમાં હલનચલન કરે છે, અર્થાત્ આ બધા મનુષ્યો, પશુ, પંખી, કીટ, નદ, નદી ઈત્યાદિ, એમ થાય. આ અર્થ બિલકુલ બંધબેસતો નથી. ઉપનિષદની ભાષામાં सर्वमिदम् શબ્દનો અર્થ આ જગતમાં સર્વત્ર જે કંઈ જણાય છે તે, પૃથ્વીમાં જણાય છે તે નહીં. એટલે જગતી શબ્દનો અર્થ

આમ કરવો પડશે : જગતરૂપે પ્રગટેલી ગમનશીલા શક્તિ. જગત એટલે પ્રકૃતિની ગતિની જે કાંઈ ગતિ છે તે : તે પ્રાણીરૂપે હોય કે પદાર્થ રૂપે હોય. કોઈ વિરોધ હોય તો તે ઈશ્વર અને જગતમાં જે કાંઈ છે તે વચ્ચે, બંને વચ્ચે હોય. જેમ ઈશ્વર સ્થાણુ છે, તેમ પ્રકૃતિ અને શક્તિ ગમનશીલા છે. તે સર્વદા કર્મમાં અને જગદ્વ્યાપી ગતિમાં રોકાયેલી છે. આ પ્રકારના જગતમાં જે કાંઈ છે તેની ગતિનું એક ક્ષુદ્ર જગત છે. તે પણ પ્રત્યેક પળે સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલયનું સંધિસ્થળ છે; એટલે કે ચંચળ, નશ્વર અને સ્થાણુથી વિપરીત છે. આમ એક બાજુ ઈશ્વર, બીજી બાજુ પૃથ્વી અને પૃથ્વીમાં જે કાંઈ જંગમ છે તે : આમાં પેલો નિત્ય વિરોધ સ્ફુટ થતો નથી. એક દિશામાં સ્થાણુ ઈશ્વર અને બીજી દિશામાં ચંચળ પ્રકૃતિ અને તેણે સર્જેલા જગતમાં પ્રકૃતિના અધિકારમાં જે કાંઈ છે તે, – એટલે કે સઘળી અસ્થાયી વસ્તુઓ : આ પ્રમાણના સઘળાએ ચીંધેલા નિત્ય વિરોધને લઈને ઉપનિષદની શરૂઆત થાય છે.

આખા ઉપનિષદનું સંકલન આ વિરોધ અને તેના સમાધાન પર રચાયેલું છે. પાછળથી ઈશ્વર શું છે અને જગત શું છે તેનો વિચાર કરવા જતાં ઉપનિષત્કારે ત્રણ વાર અન્ય રીતે આ જ બાબત રજૂ કરી છે. પ્રથમ બ્રહ્મનો વિચાર કરતી વેળાએ પુરુષ અને પ્રકૃતિનો વિરોધ अनेजद् અને मनसोजवीय: ... तद् एजति तन्नेजति, આવા શબ્દો દ્વારા સમજાવ્યો છે : બન્ને બ્રહ્મ છે, પુરુષ પણ બ્રહ્મ છે, અને પ્રકૃતિ તેમ જ પ્રકૃતિરૂપી જગત પણ બ્રહ્મ છે. ત્યાર પછી આત્માનો વિચાર કરતાં ઈશ્વર અને જે કાંઈ જગતમાં છે તેનો વિરોધ (દર્શાવ્યો છે.) આત્મા જ ઈશ્વર છે, પુરુષ..... *

(આને) નીચોવવામાં આવે તો જરૂર તેમાંથી અસલ છુપાયેલો અર્થ અર્થાત્ માયાવાદ, યંત્રણાનો માર્યો બહાર જણાઈ આવે. આ પ્રકારની ઉપલબ્ધિને વશ થઈને શંકરાચાર્યે ઈશ ઉપનિષદનું ભાષ્ય રચ્યું છે.

ત્યારે આપણે જોઈએ કે એક તરફ શંકરભાષ્ય શું જણાવે છે અને બીજી તરફ ઉપનિષદ સાચેસાચ શું કહે છે. ઉપનિષત્કારે ઈશ્વરતત્ત્વ અને જગતતત્ત્વને શરૂમાં જ પરસ્પર નજર સમક્ષ રાખીને અને મેળવીને એ બન્નેનો મૂળ સંબંધ જણાવ્યો છે.

ईशा वास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।

આનો સરળ અર્થ છે "ઈશ્વરનો વાસ કરવાને અર્થે આ બધું છે, જે કાંઈ જગતીમાં જગત છે તે", – અર્થાત્ ગમનશીલામાં જે કાંઈ ગમનશીલ છે તે. એ તો સહેલાઈથી સમજી શકાય તેમ છે કે વિશ્વના વિકાસક્રમમાં બે તત્ત્વો પ્રગટયાં : સ્થાણુ અને જગતી, નિશ્ચલ સર્વવ્યાપી નિયામક

* મૂળ બંગાળીમાં આમ છે. કદાચ શ્રી અરવિંદની નોટમાં પણ આમ હોય ! (અનુવાદક)

પુરુષ અને ગમનશીલા પ્રકૃતિ, એટલે ઈશ્વર અને શક્તિ. જ્યારે સ્થાણુને ઈશ્વરને નામે ઓળખવામાં આવે છે ત્યારે સમજવું જોઈએ કે પુરુષ અને પ્રકૃતિનો સંબંધ આમ છે: જગતી ઈશ્વરને અધીન છે, તેમના દ્વારા નિયંત્રિત છે, તેમની ઈચ્છાથી પ્રકૃતિ સઘળાં કર્મો કરે છે. આ પુરુષ કેવળ સાક્ષી કે અનુમંતા નથી, જ્ઞાતા ઈશ્વર છે, કર્મના નિયંતા છે. પ્રકૃતિ કર્મની નિયંત્રી નથી, માત્ર નિયતિ છે; કર્ત્રી અલબત્ત છે, પરંતુ કર્તાને અધીન. તેની કાર્યકારિણી શક્તિ પુરુષની આજ્ઞાને અધીન છે.

આગળ જતાં એમ પણ જણાય છે કે આ જગતી માત્ર ગમનશીલા શક્તિ છે, કેવળ જગતના કરણ સ્વરૂપ તત્ત્વ નહીં. તે જગત રૂપે પણ વર્તમાન છે. 'જગતી' શબ્દનો સાધારણ અર્થ પૃથ્વી છે. પણ અહીં તે બંધબેસતો નથી. "जगत्याम् जगत्" એ બે શબ્દોના સંયોગથી ઉપનિષત્કારે સૂચન કર્યું છે કે બન્નેનો ધાતુગત અર્થ ઉપેક્ષા કરવા યોગ્ય નથી. આ વિષય પર ખાસ ભાર આપવાનો તેનો ઉદ્દેશ છે.

ઈશ ઉપનિષદ પૂર્ણયોગનું તત્ત્વ અને પૂર્ણ અધ્યાત્મસિદ્ધિનો પરિચય કરાવનારું ઉપનિષદ છે. તેમાં થોડા શબ્દોમાં ઘણી સમસ્યાઓના ઉકેલ જોવામાં આવે છે. તે એક અતિ મહાન અગાધ ઊંડાણવાળી શ્રુતિ છે. અઢાર શ્લોકોમાં પૂરા કરવામાં આવેલા આ ઉપનિષદમાં નાના નાના મંત્રોમાં જગતનાં મૌલિક સત્યો પ્રગટ થયાં છે, આવા નાના વિસ્તારમાં અનંત અમૂલ્ય સંપત્તિ (infinite riches in a little room) શ્રુતિમાં જ મળી આવે.

આ ઉપનિષદનો પ્રાણ (સારતત્ત્વ) છે સમન્વય જ્ઞાન, સમન્વય ધર્મ અને વિરોધોનો મેળ તેમ જ એકીકરણ. પશ્ચિમનાં દર્શનશાસ્ત્રોમાં એક નિયમ છે જેને અંગ્રેજીમાં law of contradiction, અર્થાત્ વિરોધી વાતોને દૂર કરવી તે, કહેવાય છે. આ પ્રમાણે તે સમજાવી શકાય : બે વિરોધી મતો એકીસાથે ટકી શકે નહીં, મળી શકે નહીં; બે વિરોધી ગુણો એક કાળે, એક સ્થળે, એક જ આધારમાં કોઈ એક વસ્તુને વિષે એકીસાથે હોઈ ન શકે. આ નિયમ મુજબ વિરોધોનો મેળ હોઈ ન શકે, તેમનું એકીકરણ થઈ ન શકે. જો ભગવાન એક હોય તો તેઓ ભલેને હજાર રીતે સર્વશક્તિમાન ગણાય, પણ તેઓ ઘણા હોઈ શકે નહીં. અનંત કદાપિ અંતવાન્ ન હોય. અરૂપ રૂપવાળું અસંભવ, કારણ કે તેમ થવાથી તેનું અરૂપત્વ નષ્ટ થાય. ઉપનિષદમાં ભગવાનને વિષે જણાવવામાં આવ્યું છે કે તેઓ નિર્ગુણ હોવા છતાં ગુણવાળા છે (निर्गुणो गुणी), એટલે કે બ્રહ્મ એકીસાથે નિર્ગુણ અને સગુણ હોઈ શકે. આ સિદ્ધાન્ત ઉપર જણાવેલા નિયમ પ્રમાણે ટકી ન શકે. જો બ્રહ્મનાં નિર્ગુણત્વ, એકત્વ, અનંતત્વ સાચાં હોય તો તેમનાં સગુણત્વ, બહુત્વ, સાન્તત્વ મિથ્યા ઠરે. આમ 'બ્રહ્મ સત્યં જગન્મિથ્યા' એ માયાવાદીઓનો સર્વધ્વંસી સિદ્ધાન્ત દાર્શનિક નિયમની પરમ અવધિ ગણાય. ઈશ ઉપનિષદના દ્રષ્ટા ઋષિ ડગલે ને પગલે આ નિયમનું ખંડન કરતા, પ્રત્યેક શ્લોકે જાણે કે તેની અસારતાને જણાવતા, વિપરીતમાં વિપરીત તત્ત્વનું ગુપ્ત હૃદયમાં મિલન તેમ જ એકીકરણનું સ્થાન બતાવતા આગળ ચાલે છે. ગતિશીલ જગત અને સ્થાણુ પુરુષનું એકત્વ, પૂર્ણ ત્યાગમાં પૂર્ણ ઉપભોગ, પૂર્ણ કર્મોમાં સનાતન મુક્તિ, બ્રહ્મની ગતિમાં ચિર સ્થાણુત્વ, ચિરંતન સ્થાણુત્વમાં અબાધ અચિન્ત્ય ગતિ, અક્ષર બ્રહ્મ અને ક્ષર જગતનું એકત્વ, નિર્ગુણ બ્રહ્મ અને સગુણ વિશ્વપુરુષનું એકત્વ, જેમ અવિદ્યામાં તેમ જ વિદ્યામાં પરમ અમરત્વ પ્રાપ્તિનો અભાવ, એકીસાથે વિદ્યા અને અવિદ્યાના સેવનથી ચરમતાની પ્રાપ્તિ, માત્ર જન્મચક્રોમાં ફરવાથી કે જન્મના વિનાશથી નહિ પણ એકીસાથે સંભૂતિ અને

અસંભૂતિની સિદ્ધિથી થતી પરમ મુક્તિ અને પરમ સિદ્ધિ આ બધાં મહાન તથ્યો ઉપનિષદમાં ઉચ્ચ સ્વરે ઉદ્‌બોધવામાં આવ્યાં છે.

દુર્ભાગ્યે ઉપનિષદના અર્થને વિષે અનર્થ કરનારી ઘણી વાતો કરવામાં આવી છે. શંકરાચાર્ય ઉપનિષદના મુખ્ય ટીકાકાર, પ્રાય: સર્વેએ સ્વીકારેલા ટીકાકાર છે; પરંતુ જો ઉપર જણાવેલા સિદ્ધાંતો ગ્રહણ કરવામાં આવે તો તેમનો માયાવાદ ઊંડાં પાણીમાં ડૂબી જાય. માયાવાદની પ્રતિષ્ઠા કરનાર તેઓ દાર્શનિકોમાં અતુલ અપરિમેય શક્તિશાળી હતા. જેમ તરસ્યા બલરામે પોતાના પથનો ત્યાગ કરવા ન ઈચ્છતી યમુના નદીને પોતાના હળને જોરે ઢસડી આણીને ચરણમાં હાજર કરી હતી, તેમ પોતાના ગંતવ્ય માર્ગે જતાં શંકરે પણ આ માયાવાદનાશી ઉપનિષદનો અર્થ પોતાના મતને તાણીતૂંસીને અનુકૂળ કર્યો ત્યારે જ તેઓ જંપ્યા હતા. આને લઈને ઉપનિષદની શી દુર્દશા થઈ છે તે બે એક દૃષ્ટાંતથી સમજાઈ જશે.

ઉપનિષદમાં જણાવ્યું છે કે જેઓ એકમાત્ર અવિદ્યાને ઉપાસે છે તેઓ ઘોર નરકમાં પડે છે, અને વળી જેઓ એકમાત્ર વિદ્યાને ઉપાસે છે તેઓ તેથીયે ગાઢ અંધકારમાં પ્રવેશે છે. શંકર જણાવે છે કે આ ઠેકાણે વિદ્યા અને અવિદ્યાનો સામાન્ય અર્થ તેઓ સ્વીકારતા નથી. વિદ્યાનો અહીં દેવવિદ્યા અર્થ કરવો. ઉપનિષદમાં છે કે "विनाशेन मृत्युं तीर्त्वा सम्भवेनामृतमश्नते" એટલે કે અસંભૂતિ દ્વારા મૃત્યુ પર વિજય મેળવીને સંભૂતિ દ્વારા અમરત્વનો ઉપભોગ કરવો. શંકર જણાવે છે કે "असम्भूत्यामृतम्" પાઠ ગણવો. વિનાશનો અર્થ અહીં જન્મ લેવો. દ્વૈતવાદી એક ટીકાકાર બરાબર આ જ રીતે "तत्त्वमसि"ની વાત જણાવતાં કહે છે કે "अतत् त्वमसि" એમ પાઠ વાંચવો. શંકરાચાર્યની પછી થઈ ગયેલા એક પ્રધાન માયાવાદી આચાર્યે બીજા ઉપાયનો આશરો લઈને વળી એમ કહ્યું છે કે ઈશ ઉપનિષદને પ્રમાણભૂત મુખ્ય ઉપનિષદોની યાદીમાંથી રદ કરવું અને તેને ઠેકાણે ,नृसिंहोत्तरणतापनीय' ઉપનિષદને ઉત્તીર્ણ કરવું (Promote)! ખરું જોતાં આમ બળપૂર્વક પોતાના મત સ્થાપનની જરૂર નથી. ઉપનિષદ અનંત બ્રહ્મની અનંત દિશાઓ જણાવે છે; કોઈ એકમાત્ર દાર્શનિકના મતને પરિપોષક ન જણાયાથી હજારો દાર્શનિક મત આ એક બીજમાંથી અંકુરિત થયા છે. પ્રત્યેક દર્શન અનંત સત્યની કોઈ એકાદ દિશાને બુદ્ધિની આગળ સુસંબદ્ધ ભાવે રજૂ કરે છે. અનંત બ્રહ્મનો વિકાસ અનંત છે અને બ્રહ્મમાં પહોંચવાના માર્ગ પણ અગણિત છે.

પુરાણ

પુરાણ

આગળના પ્રબંધમાં ઉપનિષદની વાત જણાવી અને તેનો સાચો સંપૂર્ણ અર્થ સમજવાની પદ્ધતિ દર્શાવી. જેમ ઉપનિષદ હિંદુ ધર્મનું પ્રમાણ છે, તેમ પુરાણ પણ એક પ્રમાણ છે; જેમ શ્રુતિ પ્રમાણ છે તેમ સ્મૃતિ પણ પ્રમાણ છે. પરંતુ આમાં ફરક છે. શ્રુતિ અને પ્રત્યક્ષ પ્રમાણની સાથે જો સ્મૃતિનો વિરોધ થાય, તો પરિણામે સ્મૃતિનું પ્રમાણ ગ્રહણ કરવાને યોગ્ય મનાય નહીં. જે કાંઈ યોગસિદ્ધ દિવ્યચક્ષુપ્રાપ્ત ઋષિઓએ દર્શન કર્યું હોય, અને જે અંતર્યામી જગદ્‌ગુરુએ તેમની વિશુદ્ધ બુદ્ધિને સંભળાવ્યું હોય, તેનું નામ શ્રુતિ. જે કાંઈ પ્રાચીન જ્ઞાન તેમ જ વિદ્યા પુરુષ-પરંપરાથી રક્ષાતાં આવ્યાં હોય તેનું નામ સ્મૃતિ. સ્મૃતિબદ્ધ જ્ઞાન અનેકને મુખેથી અનેકના મન દ્વારા પરિવર્તિત થતું વિકૃત થતું આવી શકે અને અવસ્થાના ભેદ પ્રમાણે નવા નવા મત અને પ્રયોજનોને અનુકૂળ નવા નવા આકાર પણ ધારણ કરી શકે. માટે જ સ્મૃતિનું જ્ઞાન શ્રુતિના જેટલું અભ્રાંત ગણી શકાય નહીં. તે ઉપરાંત સ્મૃતિ અપૌરુષેય નથી, પરંતુ માનવનાં સીમાબદ્ધ પરિવર્તનશીલ મન અને બુદ્ધિનું તે સર્જન છે.

સ્મૃતિઓમાં પુરાણ પ્રધાન છે. ઉપનિષદોનું આધ્યાત્મિક તત્ત્વ પુરાણોમાં વાર્તા કે રૂપકના સ્વરૂપે પરિણત થયેલું જોવામાં આવે છે. તેમાં ભારતનો ઈતિહાસ, હિંદુધર્મની ઉત્તરોત્તર વૃદ્ધિ અને તેનો વિકાસ, પુરાતન સામાજિક અવસ્થા, આચાર, પૂજા, યોગસાધના અને વિચારપ્રણાલીઓની અનેક વાતો મળી આવે છે. આ ઉપરાંત મોટે ભાગે પુરાણકાર બધા જ કાં તો સિદ્ધ અથવા સાધક હોય છે; તેમનાં જ્ઞાન અને સાધનાપ્રાપ્ત ઉપલબ્ધિ તેમનાં રચેલાં પુરાણોમાં લિપિબદ્ધ થયેલાં હોય છે. વેદ અને ઉપનિષદ હિંદુ ધર્મના અસલ ગ્રંથો છે, પુરાણો તેમની વ્યાખ્યા છે. વ્યાખ્યા કાંઈ અસલ ગ્રંથના જેવી હોઈ શકે નહિ. જે વ્યાખ્યા એક જણ કરે તે પ્રમાણે બીજો ન પણ કરી શકે, પરંતુ અસલ ગ્રંથમાં પરિવર્તન કરવાનો કે તેને અગ્રાહ્ય માનવાનો કોઈનો અધિકાર નથી. જે કાંઈ વેદ કે ઉપનિષદની સાથે મળે નહિ, તેને હિંદુ ધર્મના અંગ તરીકે ગણી ન શકાય, પરંતુ પુરાણોની સાથે ન મળે છતાંય કોઈ નવો વિચાર ગ્રહણ કરી શકાય. વ્યાખ્યાનું મૂલ્ય વ્યાખ્યા કરનારની મેધાશક્તિ તેમ જ તેનાં જ્ઞાન અને વિદ્યા ઉપર નિર્ભર છે. દાખલા તરીકે, જો વ્યાસદેવે રચેલું પુરાણ અત્યારે હોત તો તેનો આદર શ્રુતિના સરખો થાત; પણ તેના તેમ જ લોમહર્ષણે રચેલા પુરાણને અભાવે જે અઢાર પુરાણો વિદ્યમાન છે, તે બધાંમાંથી વિષ્ણુ અને ભાગવત પુરાણના જેવાં

યોગસિદ્ધ વ્યક્તિનાં રચેલાં પુરાણ વધારે મૂલ્યવાન ગણાય અને માર્કંડેય પુરાણના જેવા અધ્યાત્મવિદ્યાપરાયણ પંડિત લેખકની રચનાને શિવ કે અગ્નિ-પુરાણની સરખામણીમાં ગભીર અને જ્ઞાનપૂર્ણ ગણાય. છતાં જ્યારે વ્યાસદેવનું પુરાણ આધુનિક પુરાણોનો આદિગ્રંથ ગણાય છે, ત્યારે એમાંથી જે નિકૃષ્ટ પુરાણ હોય તેમાંય હિંદુ ધર્મનાં તત્ત્વોનું પ્રગટીકરણ કરનારી અનેક વાતો સામેલ હોય અને આ નિકૃષ્ટ પુરાણો પણ જિજ્ઞાસુ કે ભક્ત યોગાભ્યાસરત સાધકોની રચના છે; તેથી કરીને રચયિતાના સ્વપ્રયાસથી પ્રાપ્ત થયેલાં જ્ઞાન તેમ જ વિચાર આદરણીય ગણાવાં જોઈએ.

વેદ અને ઉપનિષદથી પુરાણોને સ્વતંત્ર માનીને વૈદિક ધર્મ અને પૌરાણિક ધર્મ એવા અંગ્રેજી ભણેલાઓએ જે ખોટા ભેદ ઊભા કર્યા છે એ ભ્રમજનક અને અજ્ઞાનમાંથી સંભવેલા છે. વેદ અને ઉપનિષદના જ્ઞાનને સર્વસાધારણની સમજમાં આણવું, તેની વ્યાખ્યા કરીને, વિસ્તૃત ભાવે સમાલોચના કરીને જીવનનાં સામાન્ય કાર્યોમાં લગાડવાનો પ્રયત્ન કરવો એ હેતુથી પુરાણને હિંદુ ધર્મના પ્રમાણ તરીકે ગણાય છે. જેઓ વેદ અને ઉપનિષદને ભૂલી જઈને પુરાણને સ્વતંત્ર અને પૂરતું પ્રમાણ માને છે તેઓ પણ ભ્રાંત ગણાય. આમ થવાથી હિંદુ ધર્મનું ભ્રાંતિરહિત અને અપૌરુષેય મૂળ ચાલ્યું જાય છે અને પરિણામે ભ્રમવાળા અને મિથ્યા જ્ઞાનને આશરે જવું પડે છે. છેવટે વેદના અર્થનો તેમ જ પુરાણના મૂળ અર્થનો પણ લોપ થાય છે. વેદના ઉપર પુરાણને પ્રતિષ્ઠિત કરીને પુરાણનો ઉપયોગ કરવો જોઈએ.

ગીતા

ગીતાનો ધર્મ

જેમણે ગીતાનો ઊંડા મનનપૂર્વક અભ્યાસ કર્યો હશે તેમના મનમાં કદાચ એ પ્રશ્ન ખડો થયો હશે કે ભગવાન શ્રીકૃષ્ણે વારંવાર યોગ શબ્દ વાપર્યો છે અને યુકતાવસ્થાનું વર્ણન કર્યું છે; તો સામાન્ય લોકો જેને યોગ માને છે તેની સાથે તેનો મેળ કેમ ખાતો નથી, અને શ્રીકૃષ્ણે ઠેકઠેકાણે સંન્યાસનાં વખાણ કર્યાં છે, અનિર્વચનીય પરબ્રહ્મની ઉપાસનાથી પરમ ગતિની પ્રાપ્તિ દર્શાવી છે, છતાં ટૂંકાણમાં તેની પતાવટ કરીને ગીતાના શ્રેષ્ઠ અંશોમાં તો ત્યાગનું મહત્ત્વ અને વાસુદેવ પર શ્રદ્ધા રાખવાથી તેમ જ તેમને આત્મસમર્પણ કરવાથી પરમ અવસ્થાની પ્રાપ્તિના વિવિધ ઉપાયો અર્જુનને સમજાવ્યા છે. છઠ્ઠા અધ્યાયમાં રાજયોગનું કંઈક વર્ણન કર્યું છે, પણ ગીતાને રાજયોગનો ગ્રંથ ઓછો ગણી શકાય એમ છે?

સમતા, અનાસક્તિ, કર્મફળત્યાગ, શ્રીકૃષ્ણને સંપૂર્ણ આત્મસમર્પણ, નિષ્કામ કર્મ, ગુણાતીત અવસ્થા અને સ્વધર્મની સેવા, એ ગીતાનાં મૂળ તત્ત્વો છે. શ્રીકૃષ્ણે આ શિક્ષણને જ પરમ જ્ઞાન તેમ જ ગૂઢતમ રહસ્ય ગણ્યું છે. અમને લાગે છે કે જગતના ભાવિ ધર્મનું સર્વજનસંમત શાસ્ત્ર ગીતા છે, પરંતુ તેનો અસલ અર્થ ઘણાને હૃદયંગમ થયો નથી. મોટા મોટા પંડિતો અને શ્રેષ્ઠ મેધાવી તીક્ષ્ણબુદ્ધિ લેખકો પણ તેનો ગૂઢાર્થ સમજવાને અસમર્થ નીવડયા છે.

એક તરફથી મોક્ષપરાયણ વ્યાખ્યાકર્તાએ ગીતામાં અદ્વૈતવાદ અને સંન્યાસધર્મની શ્રેષ્ઠતા જોઈ છે; બીજી તરફથી અંગ્રેજી તત્ત્વજ્ઞાનમાં સિદ્ધ એવા બંકિમચંદ્રે ગીતામાં માત્ર વીરભાવે કર્તવ્યપાલનનો ઉપદેશ પામીને તે જ અર્થ યુવકોના મનમાં ઘુસાડવાનો પ્રયત્ન કર્યો છે. સંન્યાસ ધર્મ ખરેખર ઉત્કૃષ્ટ ધર્મ છે, પરંતુ એ ધર્મ થોડી સંખ્યાના લોકો આચરી શકે. જે ધર્મ બધાંયને સંમત હોય તેમાં એવો આદર્શ અને તત્ત્વશિક્ષણ હોવાં જરૂરી છે જેને સામાન્ય લોકો પણ પોતપોતાના જીવનમાં અને કર્મક્ષેત્રમાં ઉપલબ્ધ કરી શકે અને છતાંય એ આદર્શના સંપૂર્ણ પાલન દ્વારા થોડાંઓને સાધ્ય એવી પરમ ગતિ પામી શકાય. વીરભાવે કર્તવ્યનું પાલન કરવું એ પણ ઉત્કૃષ્ટ ધર્મ ગણાય; પણ કર્તવ્ય કોને કહેવું એ જટિલ સમસ્યાના નિરાકરણમાં તો ધર્મ અને જાતિની આટઆટલી માથાકૂટ છે!

ભગવાને જણાવ્યું છે કે કર્મની ગતિ ગહન છે: શું કર્તવ્ય, શું અકર્તવ્ય, શું કર્મ, શું અકર્મ, શું કુકર્મ; એનો નિર્ણય કરવામાં તો જ્ઞાની પણ કંટાળી જાય છે. પરંતુ, હે અર્જુન, હું તને એવું જ્ઞાન આપીશ જે તારો

ગંતવ્ય માર્ગ નક્કી કરવામાં સહાયક થાય અને કર્મજીવનનું લક્ષ્ય તેમ જ હમેશાં અનુસરવાના નિયમોને ટૂંકમાં સ્પષ્ટ કરી દેખાડે.

ત્યારે, આ જ્ઞાન કયું? લાખ વાતોની તે એક વાત કયી? અમને ખાતરી છે કે ગીતાના છેલ્લા અધ્યાયમાં જ્યાં ભગવાન પોતાનું સર્વગુહ્યતમ પરમ વક્તવ્ય અર્જુનને સંભળાવવા ઈચ્છે છે, ત્યાં જ તે દુર્લભ અમૂલ્ય વસ્તુ શોધતાં મળી આવે. ત્યારે એ ગુહ્યતમ પરમ વાત કયી? આ રહી એ,–

मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ।।
सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ।।

આ બે શ્લોકોનો અર્થ એક જ શબ્દમાં જણાવવો હોય તો તે શબ્દ છે આત્મસમર્પણ. જે કોઈ જેટલે અંશે શ્રીકૃષ્ણને આત્મસમર્પણ કરી શકે તેટલે અંશે તેના શરીરમાં ભગવદ્દત્ત શક્તિ સંચરીને એ પરમ મંગલમયની કૃપાથી તેને પાપમાંથી મુક્ત કરે તેમ જ દેવભાવ પ્રાપ્ત કરવામાં સહાયભૂત થાય. આ પ્રકારના આત્મસમર્પણનું વર્ણન પ્રથમ શ્લોકના અડધા ભાગમાં કરવામાં આવ્યું છે. મન્મના, એટલે કે પ્રાણીમાત્રમાં તેમનું દર્શન કરવું, સર્વ કાર્યમાં તેમનું સ્મરણ કરવું અને સઘળી ઘટનાઓમાં તેમનાં શક્તિ, જ્ઞાન અને પ્રેમની બાજી છે એમ સમજીને પરમાનંદમાં રહેવું. મદ્ભક્ત, એટલે કે તેમનામાં સંપૂર્ણ શ્રદ્ધા રાખીને, પ્રીતિ રાખીને, તેમની સાથે યોગ સાધવો. મદ્યાજી, એટલે કે નાનાં-મોટાં બધાં કર્મો શ્રીકૃષ્ણને ઉદ્દેશ્યે યજ્ઞરૂપે અર્પવાં અને સ્વાર્થ તેમ જ કર્મના ફળમાં આસક્તિનો ત્યાગ કરીને તેમને માટે જે કાંઈ કરવા જેવું લાગે તે કરવું. સંપૂર્ણ આત્મસમર્પણ માનવને માટે ઘણું જ ભારે છે, પરંતુ થોડોઘણો પ્રયત્ન કરવાથી સ્વયં ભગવાન અભયદાન કરનાર ગુરુ, રક્ષક અને મિત્ર બનીને આપણને યોગમાર્ગમાં આગળ ધપાવે છે. આ ધર્મનું થોડુંઘણું આચરણ પણ મહાન ભયમાંથી આપણને બચાવે છે. આ આચરણ સહજ અને સુખપ્રદ છે. અને ખરેખર છે પણ તેમ. વળી તેના સંપૂર્ણ આચરણનું ફળ છે અનિર્વચનીય આનંદ, શુદ્ધિ અને શક્તિનો લાભ. मामेवैष्यसि, એટલે કે મને પામશે, મારી સાથે વસશે, મારી પ્રકૃતિને પ્રાપ્ત કરશે. અહીં, સારૂપ્ય, સાલોકય અને સાયુજ્યની પ્રાપ્તિની વાત છે. જે ગુણાતીત છે તે જ ભગવાનનું સાદૃશ્ય પામે છે. તેનામાં કોઈ પ્રકારની આસક્તિ હોતી નથી, છતાંય તે કર્મ કરે છે; પાપમુક્ત થઈને તે મહાશક્તિનો આધાર બને છે અને એ શક્તિનાં બધાં કર્મોમાં આનંદ લે છે. સાલોકય દેહ પછીની કોઈ બ્રહ્મલોકની ગતિ નથી, પરંતુ આ દેહ છતાં તે

પમાય છે. દેહયુક્ત જીવ જ્યારે પોતાના અંતરમાં પરમેશ્વરની સાથે ક્રીડા કરે છે, મન તેમના દીધેલા જ્ઞાનથી પુલકિત થાય છે, હૃદય તેમના પ્રેમસ્પર્શથી આનંદમાં ગરકાવ થઈ જાય છે, બુદ્ધિ પળેપળે તેમની વાણી સાંભળે છે, વિચારમાં તેમની જ પ્રેરણા કળી શકાય છે, – આનું નામ માનવશરીરમાં ભગવાનનું સાલોકય. આ પ્રમાણે સાયુજ્યનું પણ છે. ગીતામાં તેમનામાં વાસ કરવાની વાત આવે છે. જ્યારે સર્વે જીવોમાં તેઓ જ વસેલા છે એ પ્રકારની સ્થાયી ભાવે ઉપલબ્ધિ થાય છે, બધી ઈન્દ્રિયો તેમનું જ દર્શન, શ્રવણ, આઘ્રાણ, આસ્વાદન અને સ્પર્શ કરે છે, જીવ સદાસર્વદા તેમનામાં અંશભાવે રહેવાને ટેવાઈ જાય છે, ત્યારે આ શરીરમાં સાયુજ્ય થાય છે. આ પ્રકારની પરમ ગતિ સંપૂર્ણ અનુશીલનનું ફળ હોય છે.

આ ધર્મના સહેજ આચરણથી પણ મહાન શક્તિ, વિમલ આનંદ, પૂર્ણ સુખ અને શુદ્ધિ પ્રાપ્ત થાય છે. આ ધર્મ કોઈ વિશિષ્ટ ગુણથી સંપન્ન વ્યક્તિને માટે નથી. ભગવાને કહ્યું છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય શૂદ્ર, પુરુષ, સ્ત્રી અને પાપયોનિમાં પડેલા બધા જીવોને માટે આમાં સ્થાન છે. ઘોર પાપી પણ તેમનું શરણ લઈને વિશુદ્ધ થઈ શકે છે. એટલે આ ગીતાનો ધર્મ સૌનો આચરણીય ધર્મ છે. જગન્નાથના મંદિરમાં જાતિવિચારને સ્થાન નથી. તેની પરમ ગતિ કોઈ પણ ધર્મનિર્દિષ્ટ પરમ અવસ્થાથી ઊતરતી નથી.

સંન્યાસ અને ત્યાગ

આપણે જોઈ ગયા કે ગીતોક્ત ધર્મ સર્વનો આચરણીય ધર્મ છે, ગીતોક્ત યોગમાં સર્વનો અધિકાર છે, અને તેમ છતાં તે ધર્મની પરમ અવસ્થા કોઈ પણ ધર્મની પરમ અવસ્થાથી લગીરેય ઊતરતી નથી. ગીતોક્ત ધર્મ નિષ્કામ કર્મીનો ધર્મ છે.

આપણા દેશમાં આર્યધર્મના પુનરુત્થાનની સાથે સાથે સંન્યાસ તરફનો એક પ્રવાહ વહેતો જણાય છે, રાજયોગને. માટે પ્રયાસ કરનાર વ્યક્તિના મનને સહેલાઈથી ઘરનાં કામકાજમાં કે ઘરમાં રહેવામાં ગોઠતું નથી. તેના યોગાભ્યાસમાં ધ્યાન-ધારણા વગેરેનો આયાસપૂર્ણ પ્રયત્ન જરૂરી હોય છે. મનના સહેજ ક્ષોભથી કે બાહ્ય સંસ્પર્શથી તેની ધ્યાન-ધારણાની સ્થિરતા ચળી જાય છે કે નષ્ટ થાય છે. ઘરમાં આ પ્રકારની મુશ્કેલીઓ ઘણે અંશે રહેલી હોય છે. એટલા માટે જેઓ પૂર્વ જન્મથી યોગલિપ્સા લઈને જન્મ્યા હોય તેમને માટે તરુણ વયમાં સંન્યાસ તરફ ઢળવું તદ્દન સ્વાભાવિક ગણાય. જ્યારે આવા યોગલિપ્સાવાળા યુવકોની સંખ્યા વધીને દેશમાં સંન્યાસનું મોજું ફેલાય છે, ત્યારે જેટલે અંશે દેશના ભાવિ કલ્યાણનો માર્ગ ખૂલે છે તેટલે અંશે વિપત્તિની આશંકા પણ વધે છે.

આપણે આગળ જણાવી ગયા કે સંન્યાસધર્મ એક ઉત્કૃષ્ટ ધર્મ છે; પરંતુ થોડાક જ એના અધિકારી હોય છે. જેઓ અધિકાર વગર એ માર્ગને ગ્રહણ કરે છે, તેઓ થોડા આગળ વધીને અડધે માર્ગે તામસિક અપ્રવૃત્તિ-જનક આનંદને અધીન થઈને પાછા ફરે છે. આ અવસ્થામાં કદાચ અહીંનું જીવન સુખમાં ગાળી શકાય, પરંતુ તેથી કરીને જગતનું હિત સધાતું નથી અને યોગને માર્ગે આરોહણ કરવું મુશ્કેલ થઈ પડે છે. અત્યારે જે રીતનાં કાળ અને અવસ્થા છે તે પરથી રજસ અને સત્ત્વ, અર્થાત્ પ્રવૃત્તિ અને જ્ઞાન જાગ્રત કરીને તમસના ત્યાગપૂર્વક દેશની તેમજ જગતની સેવામાં જાતિની આધ્યાત્મિક શક્તિ અને તેનું નૈતિક બળ ફરીથી જાગ્રત કરવું, એ આપણું પ્રધાન કર્તવ્ય છે. આપણી આ જીર્ણશીર્ણ તમોપીડિત સ્વાર્થબદ્ધ જાતિમાં જ્ઞાની, શક્તિશાળી અને ઉદાર આર્યજાતિની પુન:રચના કરવી પડશે. આ ઉદ્દેશ્યને સફળ કરવાને માટે બંગદેશમાં આટલા શક્તિસંપન્ન અને યોગબળવાળા જીવો જન્મ્યા છે. આવી વ્યક્તિઓ જો સંન્યાસની મોહિની-શક્તિથી આકર્ષાઈને પોતાના ધર્મનો ત્યાગ કરે કે ઈશ્વરદત્ત કર્મની ઉપેક્ષા કરે, તો પરિણામે ધર્મનો નાશ થવાથી જાતિનો વિધ્વંસ થાય. હાલના યુવકવર્ગે ધ્યાનમાં રાખવું જરૂરી છે કે બ્રહ્મચર્યાશ્રમ શિક્ષણ અને ચરિત્ર

ઘડવાને માટે રાખવામાં આવ્યો છે; અને એ આશ્રમ પછી ગૃહસ્થાશ્રમ આવે છે. જ્યારે આપણે કુળના રક્ષણ અને ભાવિ આર્યજાતિના સંગઠનથી આપણા પૂર્વજોનું ઋણ પતાવી શકીશું, જ્યારે આપણે સત્કર્મ અને ધનસંચય દ્વારા સમાજનું અને જ્ઞાન, દયા, પ્રેમ અને શક્તિ દ્વારા જગતનું ઋણ ચૂકવી શકીશું, જ્યારે આપણે ભારતમાતાના હિતની ખાતર ઉદાર અને મહાન કર્મ કરીને જગન્માતાને સંતોષી શકીશું, ત્યારે વાનપ્રસ્થ અને સંન્યાસનું આચરણ દોષાવહ ગણાશે નહિ. નહિ તો ધર્મસંકરતા અને અધર્મની વૃદ્ધિ થશે. પૂર્વ જન્મમાં ઋણમુક્ત થયેલા બાળસંન્યાસીઓની વાત જુદી છે. જેઓ સંન્યાસને માટે બિનઅધિકારી છે તેમનો સંન્યાસ ઈચ્છવા યોગ્ય નથી. અકાળે થતી વૈરાગ્યની અતિશયતાથી તેમ જ ક્ષત્રિયોના સ્વધર્મત્યાગના વલણથી મહાન અને ઉદાર બૌદ્ધધર્મે જેમ એક બાજુથી દેશનું હિત કર્યું છે તેમ બીજી બાજુથી અહિત પણ કર્યું છે. ભારતમાંથી બૌદ્ધધર્મ અદૃશ્ય પણ થઈ ગયો છે. નૂતન યુગના ધર્મમાં આ પ્રકારનો દોષ પ્રવેશવા ન પામે એ વિષે ચેતવા જેવું છે.

ગીતામાં શ્રીકૃષ્ણે અર્જુનને વારંવાર સંન્યાસના આચરણમાંથી અટકાવ્યો છે. શા માટે તેમ કર્યું હશે? તેમણે સંન્યાસ ધર્મના ગુણો તો સ્વીકાર્યા હતા; પરંતુ વૈરાગ્ય તેમજ કૃપાથી પરવશ બનેલા પાર્થના વારંવાર પૂછવા છતાં શ્રીકૃષ્ણે કર્મમાર્ગનો આદેશ પાછો ખેંચ્યો નહીં. અર્જુને શ્રીકૃષ્ણને પૂછ્યું કે જો કર્મના કરતાં કામનારહિત યોગયુક્ત બુદ્ધિ શ્રેષ્ઠ હોય તો શા માટે તમે મને ગુરુજનોની હત્યા જેવા ઘોર કર્મમાં નિયુક્ત કરો છો? અર્જુનનો આ પ્રશ્ન ઘણાના મનમાં ઘોળાયો છે. કેટલાક તો વળી શ્રીકૃષ્ણને હલકી કોટિના ધર્મોપદેશક અથવા કુપથપ્રવર્તક કહેતાં પણ અટકતા નથી. શ્રીકૃષ્ણે અર્જુનને ઉત્તરમાં જણાવ્યું કે સંન્યાસની અપેક્ષાએ ત્યાગ મહત્તર છે, સ્વેચ્છાચારની અપેક્ષાએ ભગવાનનું સ્મરણ કરીને નિષ્કામભાવે સ્વધર્મસેવા ઉત્કૃષ્ટ છે. ત્યાગ એટલે કામનાનો ત્યાગ, સ્વાર્થનો ત્યાગ. એ ત્યાગને માટે કોઈ પર્વતમાં, કોઈ નિર્જન અરણ્યમાં જવાની જરૂર નથી. તેનું શિક્ષણ કર્મક્ષેત્રમાં કર્મથી જ થાય છે. કર્મ જ યોગમાર્ગે જવાનો ઉપાય છે.

આ વિવિધતાભર્યું લીલામય જગત જીવના આનંદને માટે છે. ભગવાનનો એવો ઉદ્દેશ નથી કે આ આનંદમય લીલા સમાપ્ત થાય. જીવને પોતાનો મિત્ર, પોતાની રમતનો સાથીદાર બનાવીને પોતે જગતમાં આનંદનાં વહેણ વહેવડાવવા ઈચ્છે છે. આપણે જે અજ્ઞાનઘેરા અંધારામાં છીએ, તે અંધારું તેમની ક્રીડાની અનુકૂળતાને માટે પોતે દૂર છે ત્યાં લગી આપણી આસપાસ છવાયેલું છે. તેમણે ઘણા માર્ગો જણાવ્યા છે જેને આધારે આપણે એ

અંધારામાંથી બચી જઈને તેમનું નિકટપણું પામી શકીએ. જેઓ તેમની લીલામાંથી દૂર થવા ઈચ્છે છે અથવા તેમાં વિશ્રામ પ્રાર્થે છે તેમના કોડ તેઓ પૂરે છે. પરંતુ જેઓ તેમને જ ખાતર તેમણે સૂચવેલા ઉપાયોનું શરણ લે છે તેમને ભગવાન આ લોકમાં તેમજ પરલોકમાં પોતાની રમતના સાથીદાર બનાવે છે. અર્જુન શ્રીકૃષ્ણના પ્રિય મિત્ર અને તેમની ક્રીડાના સહચર હોવાથી ગીતાના ગૂઢતમ શિક્ષણને પાત્ર બની શક્યા. એ શિક્ષણ કયું હતું તે આપણે જોઈ ગયા છીએ. ભગવાને અર્જુનને જણાવ્યું કે કર્મસંન્યાસ જગતને માટે અનિષ્ટકારી છે; અને ત્યાગ વગરનો સંન્યાસ કેવળ વિડંબના છે! જે ફળ સંન્યાસથી પ્રાપ્ત થાય તે જ ત્યાગથી પણ મળે તેમ છે, – એટલે કે, અજ્ઞાનમાંથી મુક્તિ, સમતા, શક્તિ, આનંદ, શ્રીકૃષ્ણશરણ. આખો સમાજ જેને પૂજ્ય વ્યક્તિ તરીકે માને છે અને તે જેવું આચરણ કરે છે તેને આદરણીય ગણીને અન્ય પણ આચરણ કરે છે. એટલે તમે જો કર્મસંન્યાસ સ્વીકારશો તો બીજા બધા પણ તેમ જ કરવા ઈચ્છશે; પરિણામે પ્રવર્તશે ધર્મસંકરતા, અધર્મની પ્રબળતા. તમે કર્મનાં ફળની સ્પૃહા કર્યા વગર, તેનો ત્યાગ કરીને, માનવને સામાન્ય એવો ધર્મ આચરો અને એ રીતે દૃષ્ટાંત આપીને સૌને પોતપોતાને માર્ગે જવાની પ્રેરણા આપો. તો જ તમે મારા સાધર્મ્યપ્રાપ્ત પ્રિયતમ સુહૃદ ગણાશો.

ત્યાર પછી કર્મ દ્વારા કલ્યાણને માર્ગે આરોહણ કરતાં છેલ્લી છેલ્લી અવસ્થામાં શમ, અર્થાત્ સઘળા આરંભનો ત્યાગ જરૂરી છે. આ અવસ્થા કર્મસંન્યાસની નથી, પરંતુ અહંકારના ત્યાગપૂર્વક અનેક પ્રયાસોને અંતે રાજસિક પ્રયત્નો તજીને ભગવાનની સાથે યુક્ત થવું, ગુણોથી પર થઈને તેમની શક્તિથી સંચાલિત યંત્રની માફક વર્તવું, – એ પ્રકારની એક અવસ્થા છે. આ અવસ્થામાં જીવને સ્થાયીરૂપે એક એવું જ્ઞાન થયા કરે છે કે પોતે કર્તા નથી, માત્ર દ્રષ્ટા છે, ભગવાનનો અંશ છે, પોતાના સ્વભાવથી રચિત પોતાના દેહરૂપી કર્મમય આધાર દ્વારા ભગવાનની શક્તિ જ લીલા ચલાવી રહી છે. જીવ બને છે સાક્ષી અને ભોક્તા, પ્રકૃતિ કર્તા, પરમેશ્વર અનુમંતા. આ જ્ઞાનને પામેલો પુરુષ શક્તિના કોઈ પણ કાર્યમાં કામનારૂપી સહાય કે આડખીલી દેવા ઈચ્છતો નથી. શક્તિને અધીન થઈને પોતાનાં દેહ, મન તેમજ બુદ્ધિ ઈશ્વરે આદેશેલાં કર્મોમાં પ્રવૃત્ત થાય છે. કુરુક્ષેત્રનો ભીષણ હત્યાકાંડ જો ભગવાનને અનુમત હોય અને જો સ્વધર્મને માર્ગે એમ જ બને, તો પણ જેની બુદ્ધિ અલિપ્ત છે તેવા કામનારહિત જ્ઞાનપ્રાપ્ત જીવને પાપનો સ્પર્શ થતો નથી. પરંતુ યાદ રાખવું જરૂરી છે કે આ પ્રકારનાં જ્ઞાન અને આદર્શ કોઈ વિરલ જ પામી શકે છે. સામાન્ય લોકોનો આ ધર્મ હોઈ શકે નહીં.

ત્યારે આ માર્ગના સામાન્ય પથિકને માટે કયાં કર્તવ્યકર્મ હોઈ શકે? સામાન્ય મનુષ્યને પણ થોડેઘણે અંશે સમજી શકાય તેમ છે કે પોતે યંત્ર છે, ભગવાન યંત્રી છે. આ પ્રકારના જ્ઞાનને બળે ભગવાનનું સ્મરણ કરીને સ્વધર્મસેવા તેને માટે જરૂરી છે.

સ્વધર્મ એટલે સ્વભાવનિયત કર્મ. કાળની ગતિમાં સ્વભાવની અભિવ્યક્તિ અને પરિણતિ થાય છે. કાળની ગતિમાં મનુષ્યનો જે સામાન્ય સ્વભાવ ઘડાય, તે સ્વભાવ પ્રમાણેનાં કર્મ તે યુગધર્મ. જાતિની કર્મની ગતિ પ્રમાણે જે જાતિગત સ્વભાવનું ઘડતર થાય અને તે પ્રમાણેનાં જે કર્મ તે જાતિનો ધર્મ ગણાય. વ્યક્તિની કર્મની ગતિ પ્રમાણે જે સ્વભાવ ઘડાય, તે સ્વભાવ પ્રમાણેનાં જે કર્મ તે વ્યક્તિનો ધર્મ. આ બધા ધર્મો સનાતન ધર્મના સર્વસામાન્ય આદર્શ દ્વારા એકબીજાની સાથે સંકળાયેલા છે. સામાન્ય ધાર્મિક પુરુષાર્થ માટે આ ધર્મ એ જ સ્વધર્મ ગણાય. બ્રહ્મચારીની અવસ્થામાં આ પ્રકારની ધર્મસેવાને માટે જ્ઞાન અને શક્તિનો સંચય કરવો જોઈએ, ગૃહસ્થાશ્રમમાં એ ધર્મનું પાલન થાય. એ ધર્મના સંપૂર્ણ પાલનને માટે વાનપ્રસ્થના કે સંન્યાસના અધિકારી થવાય. ધર્મની સનાતન ગતિ આ જ છે.

ગીતામાં વિશ્વરૂપદર્શન

"વન્દે માતરમ્"ના મથાળા હેઠળ આપણા શ્રદ્ધેય બંધુ બિપિનચંદ્ર પાલે અર્જુનના વિશ્વરૂપદર્શનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે ગીતાના અગિયારમા અધ્યાયમાં જે વિશ્વરૂપદર્શનનું વર્ણન કરવામાં આવ્યું છે તે સંપૂર્ણ અસત્ય છે, કવિની કેવળ કલ્પના છે. અમારા ઉપર એ વાતનો વિરોધ કરવાની ફરજ પડી છે.

વિશ્વરૂપદર્શન ગીતાનું એક અતિ મહત્ત્વનું અંગ છે. અર્જુનના મનમાં જે દ્વિધા અને સંદેહ ઉત્પન્ન થયાં હતાં, તેનો શ્રીકૃષ્ણે તર્ક અને જ્ઞાનમર્મ વાણીથી રદિયો આપ્યો હતો. પરંતુ તર્ક અને ઉપદેશ દ્વારા જે જ્ઞાન મળે છે તે અદૃઢ-પ્રતિષ્ઠિત હોય છે. જે જ્ઞાનની ઉપલબ્ધિ થાય છે, તે જ્ઞાન જ દૃઢપ્રતિષ્ઠ હોય છે. તેથી અર્જુને અંતર્યામીની અલક્ષિત પ્રેરણાથી વિશ્વરૂપદર્શનની આકાંક્ષા જણાવી. વિશ્વરૂપદર્શનથી અર્જુનનો સંદેહ હમેશને માટે ટળી ગયો, બુદ્ધિ પવિત્ર થઈને ગીતાના પરમ રહસ્યને ગ્રહણ કરવાને અધિકારી બની. વિશ્વરૂપદર્શનના પહેલાં ગીતામાં જે જ્ઞાન જણાવ્યું છે તે સાધકને ઉપયોગી જ્ઞાનનું બહિરંગ છે; અને તે દર્શન પછી જે જ્ઞાન જણાવ્યું છે તે ગૂઢ સત્ય, પરમ રહસ્ય અને સનાતન શિક્ષણ છે. આ દર્શનના વર્ણનને જો આપણે માત્ર કવિની ઉપમા ગણીએ તો ગીતાનું ગાંભીર્ય, તેની સત્યતા અને ગંભીરતા નષ્ટ થાય અને યોગલબ્ધ ગભીર-તમ શિક્ષણ કેટલાક દાર્શનિક મતવાદમાં અથવા કવિની કલ્પનામાં પરિણામ પામે. વિશ્વરૂપદર્શન નથી કલ્પના, નથી કળા, પરંતુ એક સત્ય છે; અને એ સત્ય પણ અતિપ્રાકૃત નહિ, કારણ કે વિશ્વપ્રકૃતિમાં અંતર્ગત વિશ્વરૂપ કારણજગતનું સત્ય છે અને કારણજગતનું રૂપ દિવ્યચક્ષુથી પ્રગટે છે. એટલે જ દિવ્યચક્ષુ-પ્રાપ્ત અર્જુને કારણજગતનું વિશ્વરૂપ જોયું.

સાકાર અને નિરાકાર

જેઓ નિર્ગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસક હોય છે, તેઓ ગુણ અને આકારની વાતને રૂપક કે ઉપમા ગણીને ઉડાવી દે છે; જેઓ સગુણ નિરાકાર બ્રહ્મના ઉપાસક હોય છે, તેઓ શાસ્ત્રની અન્ય રીતે વ્યાખ્યા કરીને નિર્ગુણત્વનો અસ્વીકાર કરે છે અને આકારની વાતને રૂપક કે ઉપમા ગણીને ઉડાવી દે છે. અને સગુણ આકારવાળા બ્રહ્મના ઉપાસકો આ બન્ને ઉપર પ્રહારો કરવા લાગી જાય છે.

અમે આ ત્રણે મતવાદને સંકીર્ણ અને અસંપૂર્ણ જ્ઞાનમાંથી જન્મેલા માનીએ છીએ; કારણ કે, જેઓએ સાકાર તેમ જ નિરાકાર એવા દ્વિવિધ બ્રહ્મની ઉપલબ્ધિ કરી હોય, તેઓ કેવી રીતે એકને સત્ય અને બીજાને અસત્ય કહીને

જ્ઞાનનું અંતિમ પ્રમાણ નષ્ટ કરે અને અસીમ બ્રહ્મને સીમાને અધીન બનાવે! જો આપણે બ્રહ્મનું નિર્ગુણત્વ અને નિરાકારત્વ સ્વીકારીએ નહિ, તો ભગવાનને ક્ષુલ્લક બનાવી મૂકીએ એમ કહેવું ખરું ઠરે; પરંતુ જો બ્રહ્મનું સગુણત્વ અને સાકારત્વ સ્વીકારીએ નહિ તોય ભગવાનને ક્ષુલ્લક બનાવી મૂકીએ છીએ એ પણ તેટલું જ ખરું થાય. ભગવાન રૂપના કર્તા, સ્રષ્ટા અને અધીશ્વર હોવાથી કોઈ રૂપ દ્વારા આબદ્ધ નથી, – નહિ સાકારત્વથી, નહિ નિરાકારત્વથી. ભગવાન સર્વશક્તિમાન છે. સ્થૂળ પ્રકૃતિના કે દેશકાળના નિયમોની જાળમાં તેમને ફસાવવાનો ડોળ કરીને આપણે કદાચ જણાવીએ કે તમે જ્યારે અનંત છો ત્યારે તમને શાતા વળવા દઈશ નહિ, જુઓ તો ખરા તમારું કાંઈ નહિ ચાલે; તમે તો મારા અખંડનીય તર્ક અને યુક્તિ દ્વારા આબદ્ધ છો, — જેમ પ્રૉસ્પેરોની ઈન્દ્રજાળમાં ફર્ડિનાંડ હતો તેમ! કેવો ઘોર અહંકાર, કેવું અજ્ઞાન! ભગવાન બંધનરહિત છે: નિરાકાર પણ છે, સાકાર પણ છે. સાધકને પોતે સાકાર થઈને દર્શન દે છે, તે જે આકારમાં પોતે પરિપૂર્ણ છે અને છતાંય તે જ વખતે સંપૂર્ણ બ્રહ્માંડમાં વ્યાપી રહેલા છે. ભગવાન દેશ અને કાળથી પણ અતીત છે, તેથી આપણા તર્ક દ્વારા અગમ્ય છે. દેશ અને કાળ તો માત્ર તેમની લીલાની સામગ્રી છે; તેમના રૂપની જાળમાં પ્રાણીમાત્ર ખેલી રહ્યાં છે. પણ એ પોતે તો તેથી પર છે. જેટલી વાર આપણે તર્ક કે દાર્શનિક યુક્તિ વાપરીને એ અસાધ્યને સાધવાનો પ્રયાસ કરીએ છીએ, તેટલી વાર પોતાની લીલાની જાળને સહેજ સરકાવીને તેઓ આપણી ચારેબાજુ મૃદુ હાસ્ય સહિત પોતાનું વિશ્વરૂપ તેમ જ વિશ્વાતીત રૂપ પ્રસારીને આપણી બુદ્ધિને હંફાવે છે. જે કહે છે કે હું તેમને જાણી ચૂક્યો છું, તે સાચે જ કાંઈ જાણતો નથી; જે કહે છે કે હું કાંઈક જાણું છું અને છતાંય નથી જાણતો, તે ખરેખરો જ્ઞાની છે.

વિશ્વરૂપ

જે શક્તિનો ઉપાસક છે, કર્મયોગી છે અને યંત્રીનું યંત્ર બનીને ભગવાનનું કાર્ય કરવાને આદેશ પામેલ છે, તેને માટે વિશ્વરૂપનું દર્શન આવશ્યક છે. વિશ્વરૂપદર્શનની પહેલાં પણ તેનો આદેશ મળી શકે, પરંતુ તે દર્શન જ્યાં લગી ન થાય ત્યાં લગી આદેશની બરાબર મંજૂરી મળતી નથી; મંજૂરી રજૂ થઈ ગઈ હોય છે, માત્ર તેને પસાર થવાની વાર હોય છે. ત્યાં લગી તેને તૈયાર થવાનો સમય છે. વિશ્વરૂપદર્શનથી કર્મનો આરંભ થાય છે. આ દર્શન અનેક રીતનું હોઈ શકે, – જેવી સાધના અને જેવો સાધકનો સ્વભાવ. કાલીના વિશ્વરૂપદર્શનમાં સાધક જગતમય આશ્ચર્યસભર નારીરૂપ જુએ છે. તે એક હોવા છતાં અગણિત દેહવાળું હોય છે. સર્વત્ર એ નિબિડતિમિરપ્રસારક ઘનકૃષ્ણ કુંતલરાશિ આકાશમય વ્યાપી રહેલ છે, સર્વત્ર એ રક્તમય ખડ્ગની આભા આંખને

ચમકાવતી નાચી રહી છે, એ ભીષણ અટ્ટહાસ્યનું જગદ્વ્યાપી સ્રોત વિશ્વ-બ્રહ્માંડના ચૂરેચૂરા કરી રહ્યું છે!

આ બધી વાત કવિની કલ્પના નથી, પરંતુ અતિપ્રાકૃત ઉપલબ્ધિને અસંપૂર્ણ માનવભાષામાં વર્ણવવાનો માત્ર મોળો પ્રયાસ છે. આ છે કાલીનો આત્મપ્રકાશ, આપણી માનું સાચું રૂપ, – જે દિવ્યચક્ષુથી જોયું છે, તેનું સહજ સરળ સત્ય વર્ણન. અર્જુને કાલીનું વિશ્વવ્યાપી રૂપ જોયું નથી, જોયું હતું કાળ-રૂપી શ્રીકૃષ્ણનું સંહારક વિશ્વરૂપ. બન્ને એક જ છે. જે જોયું તે દિવ્યચક્ષુ દ્વારા, નહિ બાહ્યજ્ઞાનહીન સમાધિમાં. જે જોયું તે વ્યાસદેવે યથાર્થભાવે વર્ણવ્યું. એ નથી સ્વપ્ન, નથી કલ્પના. એ છે સત્ય, – જાગ્રત સત્ય.

કારણજગતનું રૂપ

ભગવાન વડે અધિષ્ઠિત એવી ત્રણ અવસ્થાઓનું વર્ણન શાસ્ત્રોમાં જોવા મળે છે : પ્રાજ્ઞ – અધિષ્ઠિત સુષુપ્તિ, તૈજસ વા હિરણ્યગર્ભ – અધિષ્ઠિત સ્વપ્ન, અને વિરાટ – અધિષ્ઠિત જાગ્રત. પ્રત્યેક અવસ્થા એક એક જગત છે; સુષુપ્તિમાં કારણજગત, સ્વપ્નમાં સૂક્ષ્મજગત અને જાગ્રતમાં સ્થૂળજગત આવેલું હોય છે. કારણજગતમાં જે કાંઈ નિર્ણિત હોય છે, જે આપણા દેશકાળથી અતીત હોય છે, તે સૂક્ષ્મમાં પ્રતિભાસિત થાય છે અને સ્થૂળમાં આંશિકભાવે સ્થૂળજગતના નિયમોને અનુસાર અભિનીત થાય છે.

શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે મેં ધાર્તરાષ્ટ્રગણનો પહેલેથી જ વધ કર્યો છે, અને છતાં સ્થૂળજગતમાં યુદ્ધક્ષેત્રમાં તેઓ તારી સામે ખડા છે, જીવતા છે, યુદ્ધમાં જોડાયેલા છે. ભગવાનની આ વાત અસત્ય નથી, ઉપમા નથી. કારણ-જગતમાં તેમણે તેમનો વધ કરેલો જ હતો, નહિ તો આ લોકમાં તેમનો વધ અસંભવ બનત. આપણું અસલ જીવન કારણજગતમાં છે, સ્થૂળમાં તો માત્ર તેનો પડછાયો હોય છે. પરંતુ કારણજગતના નિયમો, – દેશ, કાળ, રૂપ, નામ વગેરે જુદા હોય છે. વિશ્વરૂપ કારણજગતનું રૂપ છે, એ સ્થૂળજગતમાં દિવ્ય-ચક્ષુથી પ્રગટે છે.

દિવ્યચક્ષુ

ત્યારે દિવ્યચક્ષુ એ શું? એ કલ્પનાનાં ચક્ષુ કે કવિની ઉપમા નથી. યોગલબ્ધ દૃષ્ટિ ત્રણ પ્રકારની છે : સૂક્ષ્મદૃષ્ટિ, વિજ્ઞાનચક્ષુ અને દિવ્યચક્ષુ. સૂક્ષ્મ-દૃષ્ટિથી આપણે સ્વપ્નમાં કે જાગ્રદવસ્થામાં માનસિક મૂર્તિ જોઈએ છીએ; વિજ્ઞાનચક્ષુથી સમાધિસ્થ થઈને સૂક્ષ્મજગત અને કારણજગતનાં અંતર્ગત નામ-રૂપની પ્રતિમૂર્તિ અને તેનાં સાંકેતિકરૂપ ચિત્તાકાશમાં જોઈએ છીએ; અને

દિવ્યચક્ષુથી કારણજગતનાં નામરૂપની ઉપલબ્ધિ કરીએ છીએ, એટલે કે સમાધિમાં ય ઉપલબ્ધિ તો કરીએ છીએ, પરંતુ આમાં પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ. જે કાંઈ સ્થૂળ ઈન્દ્રિયને અગોચર હોય તે જો ઈન્દ્રિયગોચર બને, તો તે દિવ્ય-ચક્ષુને પ્રભાવે બન્યું એમ સમજવું. અર્જુને દિવ્યચક્ષુના પ્રભાવથી જાગ્રદવસ્થામાં ભગવાનનું કારણજગતમાં અંતર્ગત જે વિશ્વરૂપ તે જોયું, અને પરિણામે તેઓ સંદેહથી મુક્ત થયા. એ વિશ્વરૂપદર્શન સ્થૂળજગતમાં ઈન્દ્રિયગમ્ય સત્ય ભલે ન હોય, પરંતુ સ્થૂળ સત્યની સરખામણીમાં એક ઉચ્ચતર સત્ય છે. એ કેવળ કોઈ કલ્પના કે કોઈ ઉપમા નથી જ.

ગીતાની ભૂમિકા
પ્રાસ્તાવિક

ગીતા જગતનું એક શ્રેષ્ઠ ધર્મપુસ્તક છે. જે જ્ઞાન ગીતામાં ટૂંકમાં જણાવ્યું છે તે ચરમ અને ગુહ્યતમ જ્ઞાન છે, તેમાં જે ધર્મનીતિ જણાવી છે તેમાં સઘળા પ્રકારની ધર્મનીતિ આવી જાય છે અને તેના પર તે પ્રતિષ્ઠિત છે; તેમાં જે કર્મમાર્ગ જણાવ્યો છે તે ઉન્નતિપરાયણ જગતનો સનાતન કર્મમાર્ગ છે.

ગીતા અસંખ્ય રત્નોથી સભર એક અતલ સાગર છે. આખા જીવન પર્યંત એ સમુદ્રને તળિયે પહોંચવાનો પ્રયત્ન કરવા છતાંય તેની ગભીરતાનું અનુમાન કરી શકાય તેમ નથી, તેના તળિયાનો તાગ મેળવી શકાય તેમ નથી. સેંકડો વર્ષોની શોધ પછી પણ તેના અદૃશ્ય રત્ન-ભંડારમાંનો એક સહસ્રાંશ ભાગ પણ પ્રાપ્ત કરવો મુશ્કેલ છે. અને છતાંય ધારો કે તેમાંનાં એકબે રત્નો હાથ લાગી જાય તો દરિદ્રી પણ ધનિક બની જાય, ગભીર ચિંતનપરાયણ વ્યક્તિ જ્ઞાની થઈ જાય, ભગવાનનો વિદ્વેષ કરનાર ભગવત્પ્રેમી બની જાય અને કોઈ મહાપરાક્રમી શક્તિશાળી કર્મવીર પોતાના જીવનના ઉદ્દેશસાધન માટે સંપૂર્ણપણે કટિબદ્ધ થઈને કર્મક્ષેત્રમાં ઊતરી શકે.

ગીતા અક્ષયમણિની એક ખાણ છે. યુગે યુગે આ ખાણના મણિનો સંઘરો કરવામાં આવે છતાંય ભાવિના વંશજો તેમાંથી નવાં નવાં અમૂલ્ય મણિમાણેક પામીને કૃતકૃત્ય થઈને આશ્ચર્ય પામી શકે એવી એ ખાણ છે.

આવું ગભીર અને ગુપ્તજ્ઞાનપૂર્ણ પુસ્તક હોવા છતાં ગીતાની ભાષા ઘણી જ સહેલી, રચના સરળ અને બાહ્યાર્થ સહજબોધગમ્ય છે. ગીતાસમુદ્રની ઉપર ઉપર ફરીએ, ડૂબકી ન મારીએ તો પણ આપણને કેટલીક શક્તિ, કેટલોક આનંદ મળે છે. ગીતારૂપી ખાણનાં રત્નોથી ઝળહળતી ગુફામાં પ્રવેશ કર્યા વિના માત્ર આજુબાજુ લટાર મારવાથી પણ કોઈ ઉજ્જવલ મણિ હાથ લાગી જાય તો આ જીવનમાં તે વડે ધની તરીકે ઓળખાવી શકાય.

ગીતાની હજારો વ્યાખ્યાઓ થવા છતાંય એવો સમય કદાપિ નહિ આવે જ્યારે કોઈ નવી વ્યાખ્યાની જરૂર નહિ રહે. એવા કોઈ પણ જાતના શ્રેષ્ઠ પંડિત કે જ્ઞાની ગીતાની એવી કોઈ વ્યાખ્યા ન કરી શકે કે જે હૃદયંગમ કરીને આપણે કહી શકીએ કે બસ, હવે ગીતાને વિષે કાંઈ વધારે કહેવું જરૂરી નથી, તેનો બધો જ અર્થ પૂરોપૂરો સમજાઈ ગયો છે. સઘળી બુદ્ધિ દ્વારા પણ જ્ઞાનની માત્ર કેટલીક દિશાઓ જ સમજી-સમજાવી શકાય. ઘણા કાળ લગી યોગમગ્ન રહીને કે નિષ્કામ કર્મમાર્ગની ઉચ્ચોચ્ચ ભૂમિકા પર આરૂઢ થઈને આટલું જ જણાવી શકાય : "ગીતોક્ત સત્યનાં કેટલાંક ગભીર સત્યોની ઉપલબ્ધિ થઈ છે", અથવા તો "ગીતાની એક-બે વાતોને જીવનમાં વણી

શકાઈ છે." લેખકે જે કાંઈ ઉપલબ્ધિ કરી છે, કર્મમાર્ગનો જે કંઈ અભ્યાસ કર્યો છે, વિચાર અને તર્ક દ્વારા જે કાંઈ અર્થ પ્રાપ્ત કર્યો છે, તેને બીજાઓની સહાય માટે વિવૃત્ત કરવો તે આ લખાણનો ઉદ્દેશ છે.

વક્તા

ગીતાનો ઉદ્દેશ અને એનો અર્થ સમજતાં પહેલાં તેના વક્તા, પાત્ર અને અવસ્થા સમજવાં જરૂરી છે. વક્તા છે શ્રીકૃષ્ણ ભગવાન, પાત્ર છે શ્રીકૃષ્ણના સખા વીરશ્રેષ્ઠ અર્જુન, અને અવસ્થા છે કુરુક્ષેત્રના ભીષણ હત્યાકાંડનો પ્રારંભ.

ઘણા એમ માને છે કે મહાભારત એક રૂપક છે: શ્રીકૃષ્ણ એટલે કે ભગવાન, અર્જુન એટલે જીવ, ધાર્તરાષ્ટ્રગણ એટલે રિપુદળ અને પાંડવસેના એટલે મુક્તિને અનુકૂળ વૃત્તિઓ. આમ માનવાથી જેમ એક બાજુથી મહાભારતને કાવ્યજગતમાં એક હલકું સ્થાન આપવામાં આવે છે, તેમ બીજી બાજુથી ગીતાની ગભીરતા, કર્મજીવનની ઉપયોગિતા અને ઉચ્ચ માનવજાતિનું ઉન્નતિકારક શિક્ષણ નષ્ટ થાય છે. કુરુક્ષેત્રનું યુદ્ધ કેવળ ગીતાચિત્રનો એક તકતો નથી, પરંતુ ગીતોક્ત શિક્ષણનું મૂળ કારણ અને ગીતોક્ત ધર્મ પ્રાપ્ત કરવાનું એક ઉત્તમ ક્ષેત્ર છે. કુરુક્ષેત્રના મહાયુદ્ધનો કાલ્પનિક અર્થ જો આપણે સ્વીકારીએ તો ગીતાનો જે મુખ્ય ધર્મ વીરનો ધર્મ છે, તે સંસારમાં એક આચરણીય ધર્મ મટી જઈને અનુપયોગી શાંત સંન્યાસધર્મમાં ફલિત થાય.

આમ વક્તા શ્રીકૃષ્ણ છે. શાસ્ત્રો જણાવે છે કે શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે પોતાને તે રીતે ઓળખાવ્યા છે. ચોથા અધ્યાયના અવતારવાદમાં અને દશમા અધ્યાયના વિભૂતિવાદ દ્વારા ભગવાન સર્વ ભૂતોના દેહમાં પ્રચ્છન્ન ભાવે રહેલા છે, વિશેષ વિશેષ ભૂતોમાં શક્તિના વિકાસથી કેટલેક અંશે વ્યક્ત અને શ્રીકૃષ્ણના દેહે પૂર્ણાંશરૂપે અવતીર્ણ છે, એમ જણાવવામાં આવ્યું છે. કેટલાક વળી જણાવે છે કે શ્રીકૃષ્ણ, અર્જુન અને કુરુક્ષેત્ર એ રૂપકમાત્ર છે. તો તે રૂપકની પાછળ રહેલો ગીતાનો અસલ અર્થ શોધવો જોઈએ. પરંતુ તે અર્થનો આ અંશ બાદ કરી શકાય નહીં. જો અવતારવાદ હોય તો શ્રીકૃષ્ણને કેવી રીતે બાદ કરી શકાય? એટલે જ સ્વયં ભગવાન આ જ્ઞાન અને શિક્ષણના પ્રચારક છે.

શ્રીકૃષ્ણ અવતાર છે: માનવદેહે મનુષ્યનો શારીરિક, માનસિક તેમ જ આધ્યાત્મિક ધર્મ ગ્રહણ કરીને તે પ્રમાણે લીલા કરી ગયા છે. જો આપણે આ લીલાનો પ્રગટ અને ગૂઢ અર્થ પામી શકીએ, તો આ જગદ્વ્યાપી લીલાનો અર્થ, તેનો ઉદ્દેશ, તેની પ્રણાલી પણ પામી શકીએ. આ મહાન લીલાનું મુખ્ય

અંગ પૂર્ણજ્ઞાનપ્રવર્તિત કર્મ છે. આ કર્મમાં અને એ લીલાના મૂળમાં કયું જ્ઞાન રહેલું છે, તે ગીતામાં પ્રકાશ પામ્યું છે.

મહાભારતના શ્રીકૃષ્ણ કર્મવીર, મહાયોગી, મહાસંસારી, સામ્રાજ્ય-સ્થાપક, રાજનીતિજ્ઞ, યોદ્ધા અને ક્ષત્રિયદેહે બ્રહ્મજ્ઞાની હતા. તેમના જીવનમાં મહા-શક્તિનો અનુપમ વિકાસ અને રહસ્યમય ક્રીડા જોવામાં આવે છે. આ રહસ્યની વ્યાખ્યા તે ગીતા છે.

શ્રીકૃષ્ણ જેમ એક બાજુથી જગન્નાથ, વિશ્વવ્યાપી વાસુદેવ છે, તેમ બીજી બાજુથી પોતાનો મહિમા પ્રચ્છન્ન રાખીને પિતા, પુત્ર, ભ્રાતા, પતિ, સખા, મિત્ર, શત્રુ ઈત્યાદિ સંબંધો સ્થાપીને અનુપમ માનવલીલા પણ કરી ગયા છે. તેમના જીવનમાં આર્યજ્ઞાનનું શ્રેષ્ઠ રહસ્ય તેમ જ ભક્તિમાર્ગનું ઉત્તમ શિક્ષણ રહેલાં છે. આનાં તત્ત્વો પણ ગીતોક્ત શિક્ષણમાં અંતર્ગત છે.

શ્રીકૃષ્ણ દ્વાપર અને કળિયુગના સંધિસ્થળે અવતર્યા. કલ્પે કલ્પે તે સમયે ભગવાન પૂર્ણાંશરૂપે અવતરે છે. ચારે યુગોમાં કળિયુગ જેમ નિકૃષ્ટ તેમ શ્રેષ્ઠ પણ છે. માનવની ઉન્નતિના પ્રધાન શત્રુ પાપપ્રવર્તક કળિના રાજ્યકાળનો એ યુગ છે. તેના જ સમયમાં માનવની અત્યંત અવનતિ કે અધોગતિ થાય છે. પરંતુ સાથે સાથે મુશ્કેલીઓનો સામનો કરતાં શક્તિની વૃદ્ધિ થાય છે, પુરાતનના ધ્વંસથી નૂતનનું સર્જન થાય છે. જગતના ક્રમવિકાસમાં અશુભનો જે અંશ વિનાશ પામતો ચાલે છે, તે જ કળિયુગમાં અત્યંત વિકાસ પામીને નષ્ટ થાય છે; અને આ રીતે નૂતનનાં બીજ રોપાય છે, તેમાંથી અંકુર ફૂટે છે અને તેમાંથી સત્યયુગમાં વૃક્ષ ઊગી નીકળે છે. જેવી રીતે જ્યોતિષવિદ્યામાં એક ગ્રહની દશામાં બીજા બધા ગ્રહોની અંતર્દશાઓ આવે છે, તેવી રીતે કળિની દશામાં સત્ય, ત્રેતા, દ્વાપર અને કળિ પોતપોતાની અંતર્દશા ભોગવે છે. આ રીતે ચક્રના જેવી ગતિ હોવાને કારણે કળિયુગમાં એક વાર ઘોર અવનતિ, વળી ઉન્નતિ, પાછી અવનતિ, વળી ઉન્નતિ, એમ કરીને ભગવાનનો મુખ્ય હેતુ સધાય છે. દ્વાપર અને કળિના સંધિસ્થળે ભગવાન અવતરીને અશુભનો અતિવિકાસ, તેનો નાશ, શુભનું બીજારોપણ અને તેનો સ્ફોટ વગેરે અનુકૂળ અવસ્થા મૂકીને જાય છે અને ત્યાર પછી કળિનો આરંભ થાય છે. શ્રીકૃષ્ણ ગીતામાં સત્યયુગ આણવાને ઉપયોગી ગુહ્ય જ્ઞાન અને તેની કર્મપ્રણાલી મૂકી ગયા છે. કળિમાં સત્યની અંતર્દશા આવવાને સમયે ગીતા-ધર્મનો વિશ્વવ્યાપી પ્રચાર આવશ્યક છે. તે સમય ઉપસ્થિત હોવાથી ગીતાનો આદર કેટલાક જ્ઞાની કે પંડિતોમાં જ સીમાબદ્ધ નહિ રહેતાં સર્વસામાન્ય જનતામાં તેમ જ મ્લેચ્છ દેશોમાં પણ પ્રચાર પામતો જાય છે.

આમ હોવાથી વક્તા શ્રીકૃષ્ણથી તેમની ગીતારૂપી વાણી અળગી કરી શકાય નહીં. પોતે ગીતામાં પ્રચ્છન્ન ભાવે રહેલા છે. ગીતા શ્રીકૃષ્ણની વાઙ્મયી મૂર્તિ છે.

પાત્ર

ગીતામાં જણાવેલા જ્ઞાનના પાત્ર પાંડવશ્રેષ્ઠ મહાવીર ઈન્દ્રપુત્ર અર્જુન છે. જેમ વક્તા વિના ગીતાનો ઉદ્દેશ તેમ જ તેનો નિગૂઢ અર્થ સમજવો ભારે થઈ પડે, તેમ પાત્ર વિના પણ તે અર્થ યથાર્થ સમજવો મુશ્કેલ પડે.

અર્જુન શ્રીકૃષ્ણના સખા છે. જે બધા શ્રીકૃષ્ણના સમસામયિક છે, જેઓ એક જ કર્મક્ષેત્રમાં અવતીર્ણ થયા છે, તે સર્વે માનવદેહધારી પુરુષોત્તમની સાથે પોતપોતાના અધિકાર અને પૂર્વકર્મના ભેદ પ્રમાણે તેમની સાથે ભિન્ન ભિન્ન પ્રકારના સંબંધ ધરાવે છે. ઉદ્ધવ શ્રીકૃષ્ણના ભક્ત છે, સાત્યકિ તેમના સહચર અને અનુચર છે, રાજા યુધિષ્ઠિર તેમની મંત્રણા પ્રમાણે વર્તતા એક આત્મીય સ્વજન છે; પરંતુ અર્જુનના જેવો તેમને કોઈની સાથે સંબંધ નથી. શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંબંધ એક જ ઉંમરના પુરુષોમાં જેવો મધુર અને નિકટનો હોઈ શકે તેવો છે. અર્જુન શ્રીકૃષ્ણના ભાઈ છે, પ્રિયતમ સખા છે, તેમજ પ્રાણપ્રિય ભગિની સુભદ્રાના સ્વામી છે. ચોથા અધ્યાયમાં ભગવાને આ સંબંધની ઘનિષ્ટતાને, અર્જુનને ગીતાના પરમ રહસ્યના શ્રવણના પાત્રરૂપે પસંદ કરવાના કારણરૂપે જણાવી છે.[1] અઢારમા અધ્યાયમાં ગીતાના કેન્દ્રસ્વરૂપ કર્મયોગનો મૂળ મંત્ર જણાવતી વેળાએ પણ આ વાત તેમણે કહી છે.[2] આ બન્ને શ્લોકોનું તાત્પર્ય શ્રુતિને અનુકૂળ છે. કઠોપનિષદમાં જણાવ્યું છે—

नायमात्मा प्रवचनेन लभ्यः
न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्य-
स्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

"આ પરમાત્મા દાર્શનિકની વ્યાખ્યા દ્વારા, મેધાશક્તિ દ્વારા કે કોઈ વિશાળ શાસ્ત્રજ્ઞાન દ્વારા લભ્ય નથી. ભગવાન જેનું વરણ કરે છે, તેને જ તે લભ્ય છે. તેની પાસે તે પોતાનું શરીર પ્રગટ કરે છે." અર્થાત્, ભગવાનની સાથે સખ્ય જેવા મીઠા સંબંધો સ્થાપવાને જે સમર્થ થાય છે તે જ ગીતામાં જણાવેલ જ્ઞાનને પાત્ર બને છે.

---

૧ અધ્યાય ૪, ૩.

૨ અધ્યાય ૧૮, ૬૪.

આ ઉપરાંત એક બીજી વાત પણ છે. ભગવાને અર્જુનને એક જ દેહે ભક્ત તેમજ સખા તરીકે પસંદ કર્યા છે. ભક્તો અનેક પ્રકારના હોય છે. સામાન્ય રીતે ભક્ત કહેવાથી ગુરુશિષ્યનો સંબંધ મનમાં ખડો થાય છે. આ પ્રકારની ભક્તિના મૂળમાં પ્રેમ તો હોય જ છે; પરંતુ મોટે ભાગે અધીનતા, સંમાન અને અંધભક્તિ તેનાં વિશેષ લક્ષણો હોય છે. પણ સખા સખાનું સંમાન કરતો નથી; તેની સાથે તે રમતગમત, આમોદપ્રમોદ અને સ્નેહસંભાષણ કરે છે. વળી તદુપરાંત વાતવાતમાં તેની સાથે ઉપહાસ અને અવજ્ઞા કરે છે. અરે, કોઈ વાર તેને ગાળ પણ દઈ દે છે, ધિંગામસ્તી પણ કરે છે. મિત્ર મિત્રને વશવર્તીને રહેતો નથી. જ્ઞાનગરિમા કે નિષ્કપટ હિતબુદ્ધિથી મુગ્ધ થઈને કદાચ તે તેના કહેવા પ્રમાણે ચાલે, પરંતુ એ કોઈ અંધભાવે નહીં. મિત્ર મિત્રની સાથે ચર્ચા કરે, શંકા જણાવે; અને કોઈ કોઈ વાર તેના મતનો વિરોધ પણ કરે. ભયનો ત્યાગ એ મિત્રભાવનું પ્રથમ શિક્ષણ છે, સંમાન જેવા બાહ્ય આડંબરનો ત્યાગ એ તેનું બીજું શિક્ષણ છે અને પ્રેમ તેની પરાકાષ્ઠા છે. આ વિશ્વચરાચરને રહસ્યમય, પ્રેમમય, આનંદમય ક્રીડા સમજીને અને ભગવાનને એ ક્રીડાના સહાયરૂપે ગણીને જે તેમની સાથે સખ્યભાવ રાખી શકે છે તે ગીતાના જ્ઞાનને પાત્ર બને છે. જે ભગવાનનો મહિમા, પ્રભુત્વ, જ્ઞાનગરિમા અને ભીષણતાને હૃદયંગમ કરે છે અને છતાં ગભરાયા વગર તેમની સાથે નિર્ભય ભાવે હસતે મુખે રમી શકે છે, તે ગીતાના જ્ઞાનના પાત્ર છે.

સખ્યભાવના સંબંધમાં ક્રીડાને ઓથે બીજા ઘણા સંબંધો આવી જાય છે. ગુરુ-શિષ્યનો સંબંધ સખ્યભાવમાં પ્રતિષ્ઠિત થવાથી વધુ મધુર બને છે. ગીતાની શરૂઆતમાં અર્જુને શ્રીકૃષ્ણની સાથે આ પ્રકારનો સંબંધ જ બાંધ્યો હતો.

"તમે મારા પરમહિતૈષી બંધુ છો. તમારા વિના કોને શરણે જાઉં? હું હતબુદ્ધિ, કર્તવ્યના ભારથી ભીત, કર્તવ્યને વિષે સંદિગ્ધ, તીવ્ર શોકથી ઘેરાયેલો છું. તમે મારું રક્ષણ કરો, મને ઉપદેશ આપો. મેં તો મારા ઈહલોકનો તેમ જ પરલોકનો ભાર તમારા પર નાખ્યો છે."

આ ભાવે માનવજાતિના પરમ સખા અને સહાયકની પાસે અર્જુન જ્ઞાન મેળવવા આવ્યા છે.

વળી સખ્યમાં માતૃભાવ અને વાત્સલ્યભાવનો સમાવેશ પણ થાય છે. જે વયોજ્યેષ્ઠ અને જ્ઞાનશ્રેષ્ઠ હોય તે પોતાનાથી નાના અને અલ્પજ્ઞાની સાથે માદીકરા જેવો સંબંધ રાખે છે, તેનું જતન કરે છે, પોતાના ખોળાની હૂંફ આપીને તેને અનેક વિપત્તિઓમાંથી, અનેક અશુભમાંથી બચાવે છે. જેઓ શ્રીકૃષ્ણની સાથે સખ્યભાવ રાખે છે, તેમની પાસે તેઓ પોતાનું માતૃરૂપ પ્રકટ કરે છે. સખ્યમાં જેમ માતૃપ્રેમની ગંભીરતા હોય છે, તેમ દાંપત્યપ્રેમની તીવ્રતા

અને ઉત્કટ આનંદ પણ હોય છે. સખા સખાનું સાંનિધ્ય હમેશાં ઝંખે છે, તેના વિરહથી તે વ્યથિત થાય છે, તેના દેહસ્પર્શથી પુલકિત થાય છે અને તેને માટે પ્રાણત્યાગ કરવામાં આનંદ અનુભવે છે. સખ્યમાં દાંપત્યભાવ ભળવાથી તે સંબંધ ઘણો મીઠો બને છે. કહેવામાં આવ્યું છે કે જે મનુષ્ય જેટલો મધુર સંબંધ પુરુષોત્તમની સાથે સ્થાપી શકે તેટલો તેનો સખ્યભાવ પ્રગટ થાય અને તેટલે અંશે તે ગીતોક્ત જ્ઞાનને પાત્ર બની શકે.

કૃષ્ણસખા અર્જુન મહાભારતના મુખ્ય કર્મ કરનાર છે. ગીતામાં કર્મ-યોગનું શિક્ષણ મુખ્ય શિક્ષણ છે. જ્ઞાન, ભક્તિ અને કર્મ, એ ત્રણ માર્ગો પરસ્પર વિરોધી માર્ગો નથી. કર્મમાર્ગમાં, જ્ઞાનપ્રવર્તિત કર્મમાં, ભક્તિપ્રાપ્ત શક્તિનો યોગ સાધીને ભગવદુદ્દેશથી પ્રેરાઈને તેમની સાથે યુક્ત થઈને તેમનું જ આદિષ્ટ કર્મ કરવું, એ ગીતાનું શિક્ષણ છે. જેઓ સંસારનાં દુ:ખથી ડરે છે, જેઓ વૈરાગ્યપીડિત છે, જેમની તૃષ્ણા ભગવાનની લીલામાંથી ચાલી ગઈ છે અને જેઓ લીલાનો ત્યાગ કરીને અનંતને ખોળે લપાઈ જવાને ઈચ્છે છે તેમનો માર્ગ ભિન્ન છે. વીરશ્રેષ્ઠ મહાધનુર્ધર અર્જુનમાં એવો કોઈ ભાવ કે એવી કોઈ ઈચ્છા નહોતાં. શ્રીકૃષ્ણે કોઈ શાંત સંન્યાસી કે કોઈ દાર્શનિક જ્ઞાનીની પાસે આ ઉત્તમ રહસ્ય જણાવ્યું નથી, કોઈ અહિંસાપરાયણ બ્રાહ્મણને આ શિક્ષણને પાત્ર ગણીને પસંદ કર્યા નથી; પરંતુ એક મહાપરાક્રમી તેજસ્વી ક્ષત્રિય યોદ્ધાને આ અનુપમ જ્ઞાનને માટે યોગ્ય આધાર ગણીને પસંદ કર્યા છે. સંસારના જય કે પરાજયથી જે અવિચલિત રહે છે, તે જ આ શિક્ષણના રહસ્યમય ભાગમાં પ્રવેશી શકે છે. नायमात्मा बलहीनेन लभ्यः. મુમુક્ષુત્વની સરખામણીમાં ભગ-વાનની પ્રાપ્તિની આકાંક્ષાને જેઓ પોષે છે તેઓ જ ભગવાનના સાન્નિધ્યનો આસ્વાદ પામે છે; અને પોતાને નિત્ય મુક્ત સ્વભાવવાળા ગણીને ઉપલબ્ધિ કરવાને તેમ જ મુમુક્ષુત્વ અજ્ઞાનનો છેલ્લો આશ્રય છે એમ સમજીને તેનો ત્યાગ કરવાને સમર્થ થઈ શકે છે. જેઓ તામસિક અને રાજસિક અહંકાર તજીને સાત્ત્વિક અહંકારમાં બદ્ધ થવા ઈચ્છતા નથી તેઓ ગુણાતીત થઈ શકે છે. અર્જુને ક્ષત્રિય ધર્મના પાલનને માટે રાજસિક વૃત્તિ ચરિતાર્થ કરી છે અને સાથે સાથે સાત્ત્વિક આદર્શ ગ્રહણ કરવા માટે રજ:શક્તિને સત્ત્વાભિમુખી કરી છે. આ જાતનું પાત્ર ગીતોક્ત શિક્ષણનો ઉત્તમ આધાર થઈ શકે.

સમસામયિક મહાપુરુષોમાં અર્જુન કાંઈ શ્રેષ્ઠ નહોતા. આધ્યાત્મિક જ્ઞાનમાં વ્યાસદેવ શ્રેષ્ઠ હતા, તે યુગના સાંસારિક જ્ઞાનમાં પિતામહ ભીષ્મ શ્રેષ્ઠ હતા, જ્ઞાનતૃષ્ણામાં રાજા ધૃતરાષ્ટ્ર અને વિદુર શ્રેષ્ઠ હતા, સાધુતામાં અને સાત્ત્વિક ગુણમાં ધર્મપુત્ર યુધિષ્ઠિર શ્રેષ્ઠ હતા, ભક્તિમાં ઉદ્ધવ અને અક્રૂર શ્રેષ્ઠ હતા, સ્વભાવગત શૌર્ય અને પરાક્રમમાં મોટા ભાઈ મહારથી કર્ણ શ્રેષ્ઠ હતા. અને આમ છતાંય

જગન્નાથે અર્જુનને પસંદ કર્યા, તેમના જ હાથમાં અચળ જયશ્રી અને ગાંડીવ વગેરે દિવ્ય અસ્ત્રો આપીને તેમના દ્વારા ભારતના હજારો જગવિખ્યાત યોદ્ધાઓને પરાસ્ત કરીને યુધ્ધિષ્ઠિરનું અજોડ સામ્રાજ્ય પોતાના પરાક્રમના દાનરૂપે સ્થાપ્યું; અર્થાત્, તેમને જ ગીતોક્ત પરમ જ્ઞાનના એક માત્ર યોગ્ય પાત્ર ગણ્યા. અર્જુન જ મહાભારતના નાયક અને મુખ્ય કર્મ કરનાર છે. તે મહાકાવ્યનો પ્રત્યેક અંશ તેમનાં ગુણગાન ગાય છે. આ કાંઈ પુરુષોત્તમનો કે મહાભારતકાર વ્યાસદેવનો અન્યાયી પક્ષપાત નથી. આ ઉત્કર્ષ સંપૂર્ણ શ્રદ્ધા અને આત્મ-સમર્પણનું ફળ છે. જે પુરુષોત્તમ પર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને પોતાનાં શુભ અને અશુભ, મંગળ અને અમંગળ, પાપ અને પુણ્યનો બધો ભાર તેમને સમર્પે છે, પોતાનાં પ્રિય કર્મોમાં આસક્ત થયા વિના ભગવદાદિષ્ટ કર્મો કરવાની ઈચ્છા રાખે છે, પોતાની પ્રિય વૃત્તિને ચરિતાર્થ કર્યા વિના ભગવદ્પ્રેરિત વૃત્તિ સ્વીકારે છે, પોતાના પ્રશંસિત ગુણોને આગ્રહ-પૂર્વક પકડી રાખ્યા વિના ભગવદ્દત્ત ગુણ અને પ્રેરણાને તેમનાં જ કાર્યોમાં યોજે છે, તે શ્રદ્ધાવાન અહંકારરહિત કર્મયોગી પુરુષોત્તમનો પ્રિયતમ સખા અને શક્તિનો ઉત્તર આધાર છે, અને તેના દ્વારા જગતનાં વિરાટ કાર્યો નિર્દોષપણે સંપન્ન થઈ શકે છે. ઈસ્લામના પ્રણેતા મહમ્મદ આ પ્રકારના યોગીશ્રેષ્ઠ હતા. અર્જુન પણ તે પ્રકારનું આત્મસમર્પણ કરવાને સદાય પ્રયત્નશીલ હતા. તે પ્રયત્ન શ્રીકૃષ્ણની પ્રસન્નતા અને પ્રેમનું કારણ હતું. જે સંપૂર્ણ આત્મસમર્પણને માટે દૃઢ પ્રયત્નશીલ છે તે ગીતોક્ત શિક્ષણના ઉત્તમ અધિકારી છે. શ્રીકૃષ્ણ અર્જુનના ગુરુ અને સખા બનીને તેમનો આ લોકનો તેમ જ પરલોકનો સઘળો ભાર સ્વીકારે છે.

અવસ્થા

જો આપણે મનુષ્યનાં દરેક કાર્ય અને દરેક વચનનાં ઉદ્દેશ અને કારણ સંપૂર્ણપણે જાણવાં હોય તો કયી અવસ્થામાં તે કાર્ય આચરાયું અને તે વચન ઉચ્ચારાયું તે વિષે જાણવું પ્રથમ જરૂરી ગણાય. કુરુક્ષેત્રના મહાયુદ્ધની શરૂઆતમાં શસ્ત્રો ફેંકાઈ રહ્યાં છે – प्रवृत्ते शस्त्रसंपाते – તે વેળાએ ભગવાને ગીતા પ્રગટ કરી છે. આ પરથી કેટલાક લોકો વિસ્મય પામીને કે વિમાસણમાં પડી જઈને જણાવે છે કે આ કોઈ કવિની અસાવધાનતા કે બુદ્ધિનો દોષ હોવો જોઈએ. ખરું જોતાં તો તે સમયે તે સ્થાને તે પ્રકારના ભાવને પામેલા પાત્રને દેશ, કાળ તેમ જ પાત્રનો પૂરો વિચાર કરીને શ્રીકૃષ્ણે ગીતાનું જ્ઞાન પ્રગટ કર્યું છે.

સમય છે યુદ્ધનો પ્રારંભકાળ. જેઓ પ્રબળ કાર્યપ્રવાહમાં ખડા રહીને પોતાનાં વીરત્વ કે શક્તિનો વિકાસ કે પરીક્ષા કરી શકે નહિ, તેઓ કદાપિ ગીતાના જ્ઞાનના અધિકારી થઈ શકે નહિ. જેઓ કોઈ એવા કઠણ મહાવ્રતની શરૂઆત કરે કે જેમાં અનેક મુશ્કેલીઓ આવે, અનેક શત્રુઓ વધે અને પરાજયની આશંકા સ્વાભાવિક રીતે ઉદ્‌ભવ પામે, તો તેવા મહાવ્રતના આચરણમાં જ્યારે દિવ્યશક્તિનો આવિર્ભાવ થાય છે ત્યારે તેના અંતિમ ઉદ્યાપનને સમયે, ભગવાનની કાર્યસિદ્ધિને સમયે, આવું જ્ઞાન પ્રગટે છે. ગીતા કર્મયોગના પાયા પર ભગવત્પ્રાપ્તિની પ્રતિષ્ઠા કરે છે; અને જ્ઞાન, શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ કર્મદ્વારા જ જન્મે છે. આ રીતે જોતાં ગીતોક્ત સાધનમાર્ગનો પથિક પંથ છોડી દઈને કોઈ દૂરના શાંતિમય આશ્રમમાં, પર્વતમાં કે કોઈ નિર્જન સ્થાનમાં ભગવાનનો સાક્ષાત્કાર કરવા જતો નથી. એ તો માર્ગમાં જ, કર્મોના કોલાહલની વચ્ચે તે સ્વર્ગીય દીપ્તિ જગતને ઉજાળે છે, તે મધુર તેજસ્વી વાણી કર્ણગોચર થાય છે.

સ્થળ છે યુદ્ધક્ષેત્ર. બન્ને સેનાઓ ખડી છે, શસ્ત્રો ફેંકાઈ રહ્યાં છે. જેઓ આ માર્ગે નીકળેલા હોય છે, જેઓ આ પ્રકારનાં કર્મોમાં મોખરે રહેનારા હોય છે તેમને માટે કોઈ મહાન ફળ ફલિત થવાને સમયે – જ્યારે કર્મ કરનારનાં કર્મોને અનુસાર અદૃષ્ટની ગતિ આ બાજુ કે પેલી બાજુ સંચાલિત થાય છે – ત્યારે એકાએક તેમની યોગસિદ્ધિ થાય છે, તે પરમ જ્ઞાન પ્રગટે છે. જ્ઞાન તેમને માટે કર્મરોધક બનતું નથી, પરંતુ કર્મની સાથે સંકળાયેલું હોય છે. અને બીજી બાજુ એ પણ ખરું છે કે ધ્યાનમાં, નિર્જનતામાં, સ્વસ્થ આત્મામાં જ્ઞાનનો ઉઘાડ થાય છે. તેથી જ મનીષી લોકો નિર્જન સ્થાનમાં રહેવાનું પસંદ કરે છે.

પરંતુ ગીતોક્ત યોગમાર્ગનો પથિક પોતાનાં મન, પ્રાણ તેમ જ દેહરૂપ આધારને એવી રીતે વિભક્ત કરી શકે છે કે તે જનતામાં નિર્જનતા, કોલાહલમાં શાંતિ અને કર્મપ્રવૃત્તિમાં પરમ નિવૃત્તિ અનુભવી શકે છે. તે અંતરને બાહ્યદ્વારા નિયંત્રિત કરતો નથી, પણ બાહ્યને અંતરદ્વારા નિયંત્રિત કરે છે. સામાન્ય યોગમાર્ગી સંસારથી ડરે છે, તેમાંથી નાસી છૂટીને કોઈ યોગાશ્રમનું શરણ લઈને યોગમાં પ્રવૃત્ત થાય છે. સંસાર જ કર્મયોગીનો યોગાશ્રમ છે. સામાન્ય યોગી બહારની શાંતિ અને નીરવતા વાંછે છે, શાંતિના ભંગથી તેનો તપોભંગ થઈ જાય છે. કર્મયોગી અંતરમાં વિશાળ શાંતિ અનુભવે છે, નીરવતા માણે છે. બહારના કોલાહલથી તેની તે અવસ્થા વધુ ગંભીર થાય છે. બહારના તપોભંગથી તેનું તે સ્થિર આંતરિક તપસ ભગ્ન થતું નથી, ઊલટું વધુ અવિચલિત બને છે.

કોઈ કહેશે કે યુદ્ધને માટે તત્પર થયેલાં સૈન્યોની અધવચ શ્રીકૃષ્ણ અને અર્જુનનો સંવાદ કેવી રીતે સંભવી શકે? તો તેના ઉત્તરમાં જણાવવાનું કે યોગના પ્રભાવે કરીને સંભવી શકે. યોગબળના પ્રભાવથી યુદ્ધના કોલાહલની વચ્ચે એકી વખતે શ્રીકૃષ્ણ અને અર્જુનના અંતરમાં તેમ જ બહાર શાંતિ પ્રવર્તે છે, યુદ્ધનો કોલાહલ તેમને સ્પર્શી શકતો નથી. અહીં કર્મમાં ઉપયોગી એક બીજી આધ્યાત્મિક બાબતનો સમાવેશ થયો છે. જેઓ ગીતોક્ત યોગનું અનુશીલન કરે છે તેઓ શ્રેષ્ઠ કર્મ કરનારા હોવા છતાંય કર્મમાં અનાસક્ત હોય છે. કર્મોની વચ્ચે પણ આત્માનું આંતરિક આહ્વાન સાંભળીને તેઓ કર્મમાંથી નિવૃત્ત થઈને યોગમાં મગ્ન અને તપસ્યામાં નિરત રહી શકે છે. તેઓ સમજે છે કે કર્મ ભગવાનનું છે, ફળ પણ ભગવાનનું જ છે. પોતે માત્ર એક યંત્ર છે. આને લઈને કર્મના ફળને માટે તેઓ ઉત્કંઠિત થતા નથી. તેઓ એ પણ જાણતા હોય છે કે કર્મયોગના સુયોગ માટેનું, કર્મની ઉન્નતિને માટેનું તેમ જ જ્ઞાનવૃદ્ધિ કે શક્તિવૃદ્ધિ માટેનું તે એક આવાહન હોય છે. આથી જ કર્મમાંથી નિવૃત્ત થતાં તેમને ભય લાગતો નથી; કારણ કે તેઓ જાણે છે કે તપસ્યામાં ગાળેલો સમય કદાપિ એળે જવાનો નથી.

કર્મયોગીના શેષ સંદેહને ખડો કરવો એ પાત્રનો ભાવ છે. વિશ્વની સમસ્યા, દુ:ખસુખના પ્રશ્નો અને પાપપુણ્યની વિમાસણમાં પડીને કેટલાક તેમાંથી છટકી જવાને શ્રેયસ્કર ગણે છે અને પરિણામે નિવૃત્તિ, વૈરાગ્ય અને કર્મના ત્યાગની પ્રશંસા કરે છે. બુદ્ધદેવે જગતને અનિત્ય અને દુ:ખમય સમજીને નિર્વાણપ્રાપ્તિનો માર્ગ ચીંધ્યો. ઈસુ, ટૉલ્સ્ટૉય જેવાઓ માનવજાતિની સંતતિની પરંપરા સ્થાપતી વિવાહપદ્ધતિના તેમ જ જગતના ચિરંતન યુદ્ધના પ્રચંડ વિરોધી હતા.

સંન્યાસી જણાવે છે કે કર્મમાત્ર અજ્ઞાનમાંથી જન્મે છે; માટે અજ્ઞાનને તજો, કર્મને તજો, શાંત નિષ્ક્રિય થાઓ. અદ્વૈતવાદી કહે છે કે જગત મિથ્યા છે; બ્રહ્મમાં વિલીન થાઓ. તો પછી, આ સંસાર શાથી? આ જગત શાથી? જો ભગવાન હોય તો કોઈ અર્વાચીન બાળકની જેમ શાનો આ ફોકટ પશુશ્રમ, શાને આ નીરસ ઉપહાસ? જો આત્મા જ હોય અને જગત મિથ્યા હોય, તો તે આત્માએ શા માટે આવા ક્ષુદ્ર સ્વપ્નનું પોતાના નિર્મળ અસ્તિત્વ પર અધ્યારોપણ કર્યું? નાસ્તિક જણાવે છે કે ભગવાન નથી, આત્મા પણ નથી,—છે માત્ર અંધશક્તિની આંધળી ક્રિયા. આ વળી કેવી વાત! શક્તિ કોની? ક્યાંથી તે ઉત્પન્ન થઈ, અને શાથી અંધ અને ઉન્મત્ત? આ બધા પ્રશ્નોની સંતોષકારક મીમાંસા કોઈ કરી શકયું નથી: નહિ ક્રિશ્ચિયન, નહિ

બૌદ્ધ, નહિ અદ્વૈતવાદી, નહિ નાસ્તિક, નહિ ભૌતિક વૈજ્ઞાનિક. આ બાબતમાં બધાય નિરુત્તર છે; અર્થાત્, સમસ્યામાંથી છટકી જઈને તેને ઉડાવી દેવાને પ્રયન્નશીલ છે. એ પ્રશ્નને ઉડાવી દેવાની અનિચ્છા દર્શાવે છે એક માત્ર ઉપનિષદ અને તેને અનુસરનારી ગીતા. તેથી જ કુરુક્ષેત્રના યુદ્ધમાં ગીતા ગવાઈ છે. પ્રચંડ સાંસારિક કર્મ, ગુરુહત્યા, ભ્રાતૃહત્યા, સ્વજનહત્યા એનો ઉદ્દેશ છે. અસંખ્ય પ્રાણીઓનો સંહાર કરનાર સમરાંગણની શરૂઆતમાં અર્જુને હતબુદ્ધિ થઈને ગાંડીવ હાથમાંથી મૂકી દીધું છે અને કાતર સ્વરે શ્રીકૃષ્ણને જણાવે છે: "હે કેશવ, શા માટે મને આ ઘોર કર્મમાં નિયોજો છો?" તેના ઉત્તરમાં યુદ્ધના કોલાહલની વચ્ચે વજ્રગંભીર સ્વરે ભગવાનના શ્રીમુખથી નીકળતું મહાગીત સંભળાય છે: "તું તારે કર્મ કર. તારા પૂર્વજો જે કર્મો કરતા આવ્યા છે તે કર્મ તારે પણ કરવાં જોઈશે...યોગની સ્થિતિમાં રહીને આસક્તિનો ત્યાગ કરીને કર્મ કર...જેની બુદ્ધિ યોગમાં સ્થિર છે તે પાપ અને પુણ્યને આ કર્મક્ષેત્રમાં જ વટાવી જાય છે... તો યોગને માટે સાધના કર, યોગ એ જ શ્રેષ્ઠ કર્મનું સાધન છે... જો માનવ અનાસક્તભાવે કર્મ કરે તો તે જરૂર પરમ ભગવાનને પામે... જ્ઞાનપૂર્ણ હૃદયે મારા પર તારાં સઘળાં કર્મોની જવાબદારી નાખ... કામનાનો ત્યાગ કરીને, અહંકારનો પરિત્યાગ કરીને, દુ:ખરહિત થઈને યુદ્ધ કર... જે મુક્ત છે, જે આસક્તિરહિત છે, જેનું ચિત્ત સર્વદા જ્ઞાનમાં વસે છે, જે યથાર્થ કર્મો કરે છે, તેનાં સઘળાં કર્મો બંધનનાં કારણ બન્યા વગર મારામાં સંપૂર્ણપણે વિલીન થાય છે...

સઘળાં પ્રાણીઓમાં અંતર્નિહિત જ્ઞાન અજ્ઞાનદ્વારા ઢંકાયેલું છે, અને તેને લઈને સુખદુ:ખ, પાપપુણ્ય વગેરે દ્વંદ્વ ખડા કરીને તેઓ મોહમાં સપડાય છે... મને સર્વે લોકના મહેશ્વર તરીકે, યજ્ઞ, તપસ્યા ઈત્યાદિ કર્મોના ભોક્તા તરીકે, તેમ જ પ્રાણીમાત્રના સખા અને બંધુ તરીકે જાણવાથી પરમ શાંતિ મળે છે... મેં તારા શત્રુઓને હણ્યા છે, તું યંત્ર બનીને તેમનો સંહાર કર; દુ:ખિત થા મા, યુદ્ધ કર અને જયી થા... જેનું અંત:કરણ અહંકારશૂન્ય હોય છે, જેની બુદ્ધિ નિર્લિપ્ત હોય છે, તે કદાચ આખા સંસારનો સંહાર કરે, તો ય તે હત્યા કરતો નથી, તેને પાપનાં બંધન લાગતાં નથી."

આમાં પ્રશ્નને સરકાવી દેવાનાં લક્ષણ ક્યાં ય જણાતાં નથી. પ્રશ્ન બરાબર ખડો કરવામાં આવ્યો છે. ભગવાન, જગત, સંસાર, ધર્મમાર્ગ, – એ બધાય પ્રશ્નનો ઉત્તર ગીતામાં ટૂંકમાં આપવામાં આવ્યો છે. ગીતાનો ઉદ્દેશ તેની સાર્વજનિક ઉપયોગિતામાં સમાયો છે.

પ્રથમ અધ્યાય

સંજયની દિવ્યચક્ષુપ્રાપ્તિ

મહાભારતના યુદ્ધની શરૂઆતમાં ગીતા ગવાઈ છે. આપણે જોઈએ છીએ કે ગીતાના પ્રથમ શ્લોકમાં રાજા ધૃતરાષ્ટ્ર દિવ્યચક્ષુપ્રાપ્ત સંજયની પાસેથી યુદ્ધની હકીકત જાણવા ઈચ્છે છે. બન્ને સૈન્યો યુદ્ધક્ષેત્રમાં હાજર છે. તેમનો પ્રથમ પ્રયત્ન કયો છે તે જાણવા વૃદ્ધ રાજા ઉત્સુક છે.

સંજયની દિવ્યચક્ષુની પ્રાપ્તિની વાત આધુનિક ભારતના અંગ્રેજી શિક્ષણ પામેલા શિક્ષિત સમાજની નજરે કવિની કલ્પના સિવાય બીજું કશું જ નહિ જણાય. જો એમ કહેવામાં આવે કે અમુક માણસ દૂરદૃષ્ટિ (clairvoyance) કે દૂરશ્રવણ (clairaudience) પ્રાપ્ત કરીને દૂર આવેલા રણક્ષેત્રનાં રોમાંચક દૃશ્યો કે મહારથીગણના સિંહનાદ ઈન્દ્રિયગોચર કરી શકયો છે, તો મને લાગે છે કે એ વાત વિશ્વાસને કેવળ અયોગ્ય નહિ લેખાય. પરંતુ જો એમ કહેવામાં આવે કે એ શક્તિ વ્યાસદેવે સંજયને આપી હતી તો તે માત્ર ટાઢા પહોરનાં ગપ્પાં લાગે! જો એમ કહેવામાં આવે કે કોઈ એક વિખ્યાત પાશ્ચાત્ય વિજ્ઞાનશાસ્ત્રી અમુક માણસને સ્વપ્નાવસ્થા (hypnotise) પ્રાપ્ત કરાવીને તેને મુખેથી દૂરની ઘટનાનું કેટલુંક વર્ણન કરાવે છે, તો જેમણે પશ્ચિમની સંમોહનવિદ્યા (hypnotism)નો અભ્યાસ કર્યો હશે તેઓ તે વાતને વિશ્વાસપૂર્વક માનશે. અને આ છતાં એ વિદ્યા યોગશક્તિનું એક હલકું અને તજવાલાયક અંગ માત્ર છે. મનુષ્યમાં એવી ઘણી શક્તિઓ રહેલી છે જે પૂર્વકાળની સભ્ય જાતિઓ જાણતી અને વિકસાવતી; પરંતુ કળિથી ઉદ્ભવેલા અજ્ઞાનના પ્રવાહમાં એ સઘળી વિદ્યા તણાઈ ગઈ છે, માત્ર કેટલેક અંશે ક્યાંક ગુપ્ત કે ગોપનીય જ્ઞાન તરીકે રક્ષણને પામી છે. સૂક્ષ્મદૃષ્ટિ નામે સ્થૂળ ઈન્દ્રિયથી અતીત એક સૂક્ષ્મ ઈન્દ્રિય રહેલી છે, જે દ્વારા આપણે સ્થૂળ ઈન્દ્રિયના અધિકારથી અતીત પદાર્થને કે જ્ઞાનને પામી શકીએ; સૂક્ષ્મ વસ્તુનું દર્શન, સૂક્ષ્મ શબ્દનું શ્રવણ, સૂક્ષ્મ ગંધનું આઘ્રાણ, સૂક્ષ્મ પદાર્થનો સ્પર્શ તેમ જ સૂક્ષ્મ આહારનો આસ્વાદ લઈ શકીએ. સૂક્ષ્મ દૃષ્ટિના ચરમ પરિણામને દિવ્યચક્ષુ કહેવાય. તેના પ્રભાવને લઈને દૂર રહેલા, ગુપ્ત કે અન્ય લોકના વિષયો આપણને જ્ઞાનગોચર થાય છે. પરમ યોગશક્તિના આધારરૂપ મહામુનિ વ્યાસ સંજયને દિવ્યચક્ષુ આપવાને સમર્થ હતા એમાં વિશ્વાસ ન લાવવાનું કોઈ કારણ નથી. આપણે જ્યારે પાશ્ચાત્ય સંમોહનવિદ્યાની અદ્ભુત શક્તિમાં અણવિશ્વાસ લાવતા નથી, ત્યારે આવા અનુપમ જ્ઞાની વ્યાસદેવની શક્તિમાં

અણવિશ્વાસ રાખવાનું શું કારણ હોઈ શકે? શક્તિશાળીની શક્તિનો બીજાના શરીરમાં સંચાર થઈ શકે છે તે વિષે ઈતિહાસને પાને પાને અને માનવજીવનને પર્વે પર્વે દૃષ્ટાન્તો મળી આવશે. નેપોલિયન, ઈતો જેવા કર્મવીરો અધિકારી પાત્રમાં શક્તિ સંચાર કરીને તેમના દ્વારા પોતાનાં કાર્યો સાધી શકયા હતા. કોઈ સામાન્ય યોગી પણ એકાદ સિદ્ધિ પામીને થોડા સમયને માટે કે કોઈ વિશેષ કાર્યને માટે અન્યને તે સિદ્ધિ દઈ શકે છે. ત્યારે વ્યાસદેવ તો જગતના એક શ્રેષ્ઠ મનીષી અને અસામાન્ય યોગસિદ્ધ પુરુષ હતા. વાસ્તવિક રીતે જોતાં દિવ્યચક્ષુની વાત કોઈ ટાઢા પહોરનાં ગપ્પાં નહિ હોતાં એક વૈજ્ઞાનિક સત્ય છે.

આપણે જાણીએ છીએ કે ખરું જોતાં આંખ જોતી નથી, કાન સાંભળતા નથી, નાક સૂંઘતું નથી, ચામડી સ્પર્શ અનુભવતી નથી, જીભ સ્વાદ પામતી નથી, પરંતુ એ બધું મન કરે છે. દર્શનશાસ્ત્રમાં તેમ જ મનોવિજ્ઞાનમાં આ સત્ય ઘણા સમયથી સ્વીકારાઈ ચૂકેલું છે, અને સંમોહનવિદ્યાની બાબતમાં પણ વૈજ્ઞાનિક પ્રયોગો દ્વારા સાબિત થઈ ચૂકયું છે કે આંખો બંધ હોવા છતાંય દર્શનેન્દ્રિયનું કાર્ય કોઈ નાડીદ્વારા સંપન્ન થઈ શકે છે. આ પરથી એટલું નક્કી થઈ શકે છે કે સ્થૂળ ઈન્દ્રિય જ્ઞાનપ્રાપ્તિનું માત્ર કામચલાઉ કરણ છે. સ્થૂળ શરીરની સનાતન ટેવને વશ થઈને આપણે તેના ગુલામ થઈ ગયા છીએ. પરંતુ ખરી રીતે જોઈએ તો ગમે તે કોઈ એક શારીરિક પ્રક્રિયા દ્વારા તે જ્ઞાન આપણે મનને પહોંચાડી શકીએ છીએ,—દાખલા તરીકે, અંધ માણસ સ્પર્શદ્વારા પદાર્થની આકૃતિ અને તેનો સ્વભાવ પારખી શકે છે. પરંતુ અંધની દૃષ્ટિ અને સ્વપ્નાવસ્થાપ્રાપ્ત વ્યક્તિની દૃષ્ટિમાં મોટો ફરક એ છે કે સ્વપ્નાવસ્થાપ્રાપ્ત વ્યક્તિ પદાર્થની પ્રતિમૂર્તિ મનમાં જોઈ શકે છે. આને જ દર્શન કહેવાય. દાખલા તરીકે, હું સામેના પુસ્તકનું દર્શન કરતો નથી, પણ તે પુસ્તકની જે પ્રતિમૂર્તિ મારી આંખમાં ચીતરાય છે તે જોઈને મન જણાવે છે કે મેં પુસ્તક જોયું. પરંતુ સ્વપ્નાવસ્થાપ્રાપ્ત વ્યક્તિના દૂર રહેલા પદાર્થ કે ઘટનાનાં દર્શન કે શ્રવણથી એમ પણ જણાય છે કે પદાર્થના જ્ઞાનની પ્રાપ્તિને માટે કોઈ શારીરિક પ્રક્રિયાની જરૂર નથી રહેતી. તેનું દર્શન સૂક્ષ્મ દૃષ્ટિ દ્વારા કરી શકાય છે. લંડનમાં ઘરમાં બેઠાં બેઠાં એક વાર ઍડિનબરોમાં જે ઘટના બની તે મનમાં જોઈ હતી. આવાં તો અસંખ્ય દૃષ્ટાંતો મળતાં જાય છે. આને સૂક્ષ્મ દૃષ્ટિ કહે છે. સૂક્ષ્મ દૃષ્ટિમાં અને દિવ્યચક્ષુમાં ફરક એ છે કે સૂક્ષ્મદર્શી મનમાં અદૃષ્ટ પદાર્થની પ્રતિમૂર્તિ જુએ છે, જ્યારે દિવ્યદર્શી માત્ર મનમાં ન જોતાં નરી આંખે તે દૃશ્ય જોઈ શકે છે, માત્ર વિચારોના પ્રવાહમાં શબ્દ ન સાંભળતાં ખુલ્લે કાને સાંભળી શકે છે. આનું સામાન્ય દૃષ્ટાંત છે ક્રિસ્ટલ (crystal) ઉપર બનતી

ઘટના જેવી તે. પરંતુ દિવ્યદર્શી યોગીને આવાં સ્થૂળ ઉપકરણોની જરૂરી હતો નથી; એ પોતાની શક્તિના વિકાસને બળે દેશકાળનાં બંધન ભેદીને અન્ય દેશની કે કાળની ઘટના પામી શકે છે. સ્થળનાં બંધનો ભેદવાનાં પ્રમાણ આપણી પાસે સારા પ્રમાણમાં છે, પરંતુ કાળનાં બંધનો ભેદાઈ શકે, મનુષ્ય ત્રિકાળદર્શી થઈ શકે તેનાં વધારે અને સંતોષકારક પ્રમાણો હજુ જગતની સમક્ષ રજૂ થયાં નથી. પણ જો સ્થળનાં બંધન ભેદી શકાય તો કાળનાં બંધન ભેદવાં અસંભવ ન ગણી શકાય.

વારુ ત્યારે, વ્યાસદેવે દીધેલાં દિવ્યચક્ષુદ્વારા સંજયે હસ્તિનાપુરમાં હોવા છતાં જાણે કે કુરુક્ષેત્રમાં ઊભા ઊભા ધાર્તરાષ્ટ્ર અને પાંડવગણને જોયા; દુર્યોધનનાં વચનો, ભીષ્મપિતામહનો પ્રચંડ સિંહનાદ, પાંચજન્યનો કુરુધ્વંસકારી મહાશબ્દ અને ગીતાના અર્થનો દ્યોતક કૃષ્ણાર્જુન સંવાદ સાંભળ્યો.

અમારા મત પ્રમાણે મહાભારત કોઈ રૂપક નથી, કૃષ્ણ તેમ જ અર્જુન કવિની કલ્પના નથી, ગીતા કોઈ આધુનિક તાર્કિક કે દાર્શનિકનો સિદ્ધાન્ત નથી. એટલે ગીતાની કોઈ પણ બાબત અસંભવ કે યુક્તિવિરુદ્ધ નથી તે જોવું જોઈશે. આ કારણે જ દિવ્યચક્ષુની આટલી વિસ્તૃત સમાલોચના કરી.

દુર્યોધનની વાણીનું કૌશલ

સંજયે યુદ્ધના શરૂઆતના પ્રયત્નો વર્ણવવાનું શરૂ કર્યું. પાંડવસૈન્યે રચેલો વ્યૂહ જોઈને દુર્યોધન દ્રોણાચાર્યની પાસે ગયા. શા માટે દ્રોણ પાસે ગયા હશે? સેનાપતિ તો ભીષ્મ હતા અને યુદ્ધની વાત તેમને જ જણાવવી ઉચિત હતી. પરંતુ કૂટબુદ્ધિ દુર્યોધનના મનમાં ભીષ્મ પર વિશ્વાસ નહોતો. ભીષ્મ પાંડવો તરફ ઢળતા હતા અને હસ્તિનાપુરના શાંતિસ્થાપક દળ(peace party)ના નેતા હતા. જો પાંડવો અને ધાર્તરાષ્ટ્રોનું જ યુદ્ધ થાત તો ભીષ્મ કદાપિ હથિયાર લેત નહીં. પરંતુ કુરુઓની પ્રાચીન શત્રુ અને સમોવડિયા સામ્રાજ્ય-વાંછુ પાંચાલજાતિ દ્વારા કુરુરાજ્યને ઘેરાયેલું જોઈને, કુરુઓના મુખ્ય પુરુષ, યોદ્ધા અને રાજનીતિવિદ્ ભીષ્મ સેનાપતિપદે નિમાઈને પોતાના બાહુબળથી ચિરરક્ષિત સ્વજાતિનું ગૌરવ અને પ્રાધાન્યપદ રક્ષવા કૃતસંકલ્પ થયા.

દુર્યોધન છે અસુર પ્રકૃતિનો. તેનાં બધાં કર્મોનો હેતુ અને તેમનો આધાર રાગદ્વેષ છે. આને લઈને કર્તવ્યપરાયણ મહાપુરુષના મનોભાવ તે સમજી શકતો નથી. કર્તવ્યબુદ્ધિને વશ થઈને પોતાના પ્રાણસમા પાંડવગણનો પણ સંહાર કરવાનું બળ આ કઠોર તપસ્વીમાં રહેલું છે એ બાબતમાં દુર્યોધન વિશ્વાસ મૂકી શકયો નહીં. ઊહાપોહને વખતે સ્વદેશ-હિતેચ્છુ માનવ પોતાનો મત દર્શાવે ત્યારે પોતાની જાતિને અન્યાયમાંથી અને અહિતમાંથી

બચાવી લેવા તનતોડ પ્રયત્ન કરે છે; તેમ છતાં જો તેને એમ જણાય કે એ પ્રકારનાં અન્યાય અને અહિત લોકોએ સ્વીકારી લીધાં છે, તો પોતાના મતને અવગણીને પણ અધર્મયુદ્ધમાં રહ્યો રહ્યો એ પોતાની જાતિનું રક્ષણ અને શત્રુઓનું દમન કરવા તત્પર થાય છે. ભીષ્મે પણ આવું જ વલણ દાખવ્યું હતું. આ ભાવ પણ દુર્યોધનની સમજની બહારનો હતો. તેથી જ ભીષ્મની પાસે ગયા વગર તેણે દ્રોણનું સ્મરણ કર્યું.

વ્યક્તિગતભાવે દ્રોણ પાંચાલરાજ્યના ઘોર શત્રુ હતા. પાંચાલ દેશના રાજકુમાર ધૃષ્ટદ્યુમ્ન ગુરુ દ્રોણનો વધ કરવાને કૃતપ્રતિજ્ઞ હતા; એટલે દુર્યોધને ધાર્યું કે વ્યક્તિગત વૈરભાવનું સ્મરણ કરાવવાથી દ્રોણાચાર્ય શાંતિ તજીને પૂર્ણ ઉત્સાહથી યુદ્ધમાં જોડાશે. પણ એ પ્રમાણે સ્પષ્ટ તે બોલ્યા નહિ, ધૃષ્ટદ્યુમ્નનો માત્ર ઉલ્લેખ કર્યો. અને પછીથી ભીષ્મને પણ સંતોષવા ખાતર તેમને કુરુ-રાજ્યના રક્ષક અને વિજયના આશાસ્વરૂપ ગણાવ્યા. પ્રથમ શત્રુપક્ષના મુખ્ય મુખ્ય યોદ્ધાઓનાં નામ ગણાવ્યાં, પછી પોતાના સૈન્યના કેટલાક નેતાઓનાં નામ દીધાં. બધાયનાં નામ ન ગણાવ્યાં. માત્ર દ્રોણ અને ભીષ્મનાં નામ પણ તેનો હેતુ સારે તેમ હતાં; તેમ છતાં પોતાનો હેતુ છુપાવવા બીજાં ચારપાંચ નામ ગણાવ્યાં. પછી તેણે કહ્યું : "આપણું સૈન્ય ઘણું મોટું છે. ભીષ્મ સેનાપતિ છે. પાંડવોનું સૈન્ય સરખામણીમાં નાનું છે. તેમની આશા ભીમનું બાહુબળ છે. એટલે વિજય તો આપણો જ થનાર છે. તે ઉપરાંત વળી ભીષ્મ આપણી શ્રદ્ધાના મુખ્ય પાત્ર છે; એટલે શત્રુના આક્રમણમાંથી તેમનું રક્ષણ કરવું આપણે માટે ઉચિત છે. તેઓ છે ત્યાં લગી આપણો વિજય નક્કી છે." ઘણા 'अपर्याप्त' શબ્દનો અર્થ ઊંધો કરે છે, તે યુક્તિસંગત નથી. દુર્યોધનનું સૈન્ય સરખામણીમાં મોટું છે, તેના નેતાઓ પણ શૌર્યમાં કે વીર્યમાં કોઈથી ઊતરે તેવા નથી. આત્મશ્લાઘી દુર્યોધન શા માટે પોતાના સૈન્યની નિંદા કરીને નિરાશા ઉત્પન્ન કરે? દુર્યોધનના મનનો ભાવ અને તેની વાતનું રહસ્ય સમજીને ભીષ્મે તેના સંદેહને ટાળવા માટે સિંહનાદ અને શંખધ્વનિ કર્યા. દુર્યોધનના હૃદયમાં હર્ષ થયો. તેણે વિચાર્યું કે પોતાનો હેતુ પાર પડ્યો, અને હવે દ્રોણ તેમ જ ભીષ્મ સંદેહ તજીને યુદ્ધ કરશે.

પૂર્વ સૂચના

ભીષ્મના ગગનભેદી શંખનાદથી જેવું રણક્ષેત્ર ધ્રૂજી ઊઠ્યું તેવાં જ તે વિશાળ કૌરવ સૈન્યની ચારે બાજુથી રણવાદ્યો વાગવા લાગ્યાં અને યુદ્ધના ઉત્તેજિત વાતાવરણમાં મહારથીઓ ઉન્મત્ત થવા લાગ્યા. બીજી બાજુથી પાંડવોના શ્રેષ્ઠ વીરે તેમ જ તેમના સારથિ શ્રીકૃષ્ણે ભીષ્મના આવાહનના ઉત્તરરૂપે શંખનાદ

કર્યો અને યુધિષ્ઠિર વગેરે પાંડવોએ પોતપોતાના શંખનાદથી રણચંડીને સૈન્યના હૃદયમાં જાગ્રત કરી. એ મહાશબ્દ જાણે પૃથ્વી અને આકાશને ઘેરી વળીને ધાર્તરાષ્ટ્રગણનાં હૃદય ચીરવા લાગ્યો. આનો અર્થ એમ નથી કે ભીષ્મ જેવા આ શબ્દથી ભય પામ્યા. એ સર્વ તો વીર પુરુષો હતા, અને રણચંડીના આહ્વાનથી કાંઈ ડરી જાય તેવા નહોતા. કવિએ અહીં પ્રથમ અતિ ઉત્કટ શબ્દનો શારીરિક વેગવાળો સંચાર વર્ણવ્યો છે. જેવી રીતે વજ્રનાદ માથું ફાડી નાખે એવો બોધ સાંભળનારને થાય છે, તેવી રીતે મહાશબ્દનો રણક્ષેત્રવ્યાપી સંચાર થયો. જાણે કે એ અવાજ ધાર્તરાષ્ટ્રગણના ભાવી અવસાનની ઘોષણા ન કરતો હોય! જે હૃદયોને પાંડવોનાં હથિયાર વિદીર્ણ કરવાનાં છે, તેમનાં હૃદયોને પ્રથમથી જ તે શંખનાદ ચીરવા લાગ્યો.

યુદ્ધ શરૂ થયું. બન્ને તરફથી હથિયાર ફેંકાવા લાગ્યાં. એવે વખતે અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું: "તમે મારો રથ બન્ને સૈન્યોની વચ્ચે લઈ જાઓ. કોણ કોણ મારા શત્રુ છે, દુર્બુદ્ધિ દુર્યોધનને મદદ કરવાને કોણ કોણ એકત્ર થયા છે, મારે કોની સામે લડવાનું છે, એ જરા જોઈ લઉં." અર્જુનનો મનોભાવ એ છે કે હું જ પાંડવોની આશાનું પાત્ર છું, મારા દ્વારા જ શત્રુઓના મોટા મોટા યોદ્ધાઓ હણાવાના છે. તો જોઈ લઉં કે એ કોણ કોણ છે. અહીં લગી અર્જુનમાં સંપૂર્ણપણે ક્ષત્રિયભાવ રહ્યો છે, કૃપા કે દુર્બળતાનું તેમાં ક્યાંય નિશાન નથી. ભારતના અનેક શ્રેષ્ઠ વીરપુરુષો શત્રુના સૈન્યમાં આવેલા છે, તે બધાનો સંહાર કરીને પોતાના મોટાભાઈ યુધિષ્ઠિરને બિનહરીફ સામ્રાજ્ય સોંપવાને અર્જુન ઉદ્યમશીલ છે. પરંતુ શ્રીકૃષ્ણ જાણે છે કે અર્જુનના મનમાં દુર્બળતા છે; જો આ અવસરે તેનું ચિત્ત શુદ્ધ નહિ કરવામાં આવે તો બીજે પ્રસંગે કદાચ તે તેના ચિત્તનો કબજો લઈ લે, અને પરિણામે પાંડવોનું અનિષ્ટ થાય, તેનો સર્વનાશ પણ સંભવે. આથી કરીને શ્રીકૃષ્ણે રથ એવે ઠેકાણે ખડો કર્યો કે જ્યાંથી ભીષ્મ, દ્રોણ ઈત્યાદિ અર્જુનના પ્રિયજનો તેમની સમક્ષ જણાય અને સાથે સાથે અન્ય કૌરવોને પણ જોઈ શકાય. શ્રીકૃષ્ણે કહ્યું: "જો, આ બધી કુરુજાતિને જોઈ લે." અહીં યાદ રાખવું જરૂરી છે કે અર્જુન પોતે કુરુજાતિના છે, કુરુવંશના ગૌરવસમા છે. તેમના સઘળા નિકટના પ્રિયજનો, બાળપણના સહચરો કુરુજાતિના છે. આ પરથી આપણને શ્રીકૃષ્ણની વાતનો ઊંડો અર્થ અને ભાવ સમજાશે. તે વેળાએ અર્જુને જોયું કે જેમનો સંહાર કરીને યુધિષ્ઠિરનું અજોડ સામ્રાજ્ય સ્થાપવાનું છે એ બધા તો પોતાના જ પ્રિયજનો, ગુરુ, ભાઈભાંડુઓ છે, પ્રેમનાં પાત્રો છે. તેમણે જોયું કે સમસ્ત ભારતનો ક્ષત્રિય વંશ એકબીજાની સાથે સ્નેહની ગાંઠે બંધાયેલો હોવા છતાં એકબીજાનો સંહાર કરવા એ ભીષણ રણક્ષેત્રમાં એકત્ર થયો છે!

વિષાદનું મૂળ

અર્જુનના વિષાદનું મૂળ ક્યાં? કેટલાક અર્જુનના આ વિષાદની પ્રશંસા કરીને શ્રીકૃષ્ણને કુમાર્ગપ્રદર્શક અને અધર્મના અનુમોદક ગણે છે અને તેમની નિંદા કરે છે. ખ્રિસ્તીધર્મનો શાંતિભાવ, બૌદ્ધધર્મનો અહિંસાભાવ, વૈષ્ણવધર્મનો પ્રેમભાવ એ સઘળા ભાવો ઉચ્ચ અને શ્રેષ્ઠ ધર્મ ગણાય. યુદ્ધ અને નરહત્યા પાપ છે, ભ્રાતૃહત્યા અને ગુરુહત્યા મહાપાતક છે,– આમ માનીને કેટલાક અસંગત વાતો જણાવે છે. પરંતુ આવી બધી આધુનિક ધારણા દ્વાપરયુગના મહાવીર પાંડવના મનમાં ય ઊઠી ન હતી. શું શ્રેષ્ઠ ગણાય, યુદ્ધ કે અહિંસા? – નરહત્યા, ભ્રાતૃહત્યા તેમ જ ગુરુહત્યા મહાપાપ હોવાને કારણે યુદ્ધમાંથી નિવૃત્ત થવું ઉચિત છે, – આ પ્રકારની વિચારસરણીનાં કોઈ ચિહ્નો અર્જુનની વાણીમાં જણાતાં નથી. અલબત્ત, તેમણે જણાવ્યું કે ગુરુજનની હત્યા કરવા કરતાં ભિક્ષાવૃત્તિ શ્રેયસ્કર છે, ભાઈભાંડુની હત્યાથી પાપ લાગે; પરંતુ એ બધું કર્મનો સ્વભાવ જોઈને તેઓ બોલતા નહોતા, માત્ર કર્મનું ફળ જોઈને બોલ્યા હતા. તેથી તેમનો એ વિષાદ દૂર કરવાને શ્રીકૃષ્ણે કહ્યું કે કર્મનાં ફળ જોઈને નહિ, પરંતુ કર્મનો સ્વભાવ જોઈને તે ઉચિત છે કે અનુચિત તેનો નિર્ણય કરવો જોઈએ.

અર્જુનનો પ્રથમનો ભાવ ત્યારે આવો છે: આ બધાં મારાં નિકટનાં છે, ગુરુજન, ભાઈભાંડુ, બાળપણના સહચરો, સર્વે સ્નેહ, ભક્તિ તેમ જ પ્રેમનાં પાત્રો છે. એમની હત્યાથી ધારો કે અજોડ સામ્રાજ્ય મળે, તો ય તેમાંથી સુખ ન નીપજે; ઊલટું, જીવન લગી દુઃખમાં અને પશ્ચાત્તાપમાં બળવું પડે. અને વળી બંધુબાંધવ વગરનું પૃથ્વીનું રાજ્ય પણ કોણ ઈચ્છે? બીજી વાત એ છે કે પ્રિયજનોની હત્યા કરવી એ ધર્મવિરુદ્ધ ગણાય; જેઓ વિદ્વેષી હોય તેમનો યુદ્ધમાં નાશ કરવો એ ક્ષત્રિયનો ધર્મ છે. ત્રીજી વાત એ છે કે માત્ર સ્વાર્થને ખાતર આમ કરવું એ ધર્મવિરુદ્ધ ગણાય, ક્ષત્રિયને માટે અનુચિત ગણાય. ચોથી વાત એ છે કે ભાઈઓના વિરોધને પરિણામે ભ્રાતૃહત્યાથી કુળનો નાશ થાય, જાતિનો ધ્વંસ થાય; અને આ પ્રકારનાં કુફળ ભોગવવાં એ કુળરક્ષક અને જાતિરક્ષક ક્ષત્રિયવીરને માટે મહાપાપ ગણાય. આ ચાર સિવાય અર્જુનના વિષાદનાં બીજાં કારણો નથી. આ સમજ્યા વિના શ્રીકૃષ્ણનો ઉદ્દેશ અને તેમના ઉપદેશનો અર્થ બરાબર સમજાય નહીં. ખ્રિસ્તીધર્મ, બૌદ્ધધર્મ અને વૈષ્ણવધર્મની સાથે ગીતાના ધર્મનો વિરોધ ક્યાં છે તેમ જ મેળ ક્યાં છે એ વાત પાછળથી જણાવીશું. અર્જુનની વાતનો મર્મ સૂક્ષ્મ રીતે તપાસીને તેમનો મનોભાવ પ્રથમ જોઈએ.

વૈષ્ણવી માયાનું આક્રમણ

અર્જુને પ્રથમ પોતાના વિષાદનું વર્ણન કર્યું. સ્નેહ અને કૃપાના એકા-એક આક્રમણથી મહાવીર અર્જુન ઘેરાઈ ગયા છે. તેમના શરીરનું બધું બળ એક મુહૂર્તમાં જાણે કે સુકાઈ ગયું છે. અંગો બધાં વિકળ થઈ ગયાં છે, ઊભા રહેવાની પણ તાકાત નથી. પ્રભાવશાળી બાહુમાં ગાંડીવ ધારણ કરવાની શક્તિ રહી નથી. શોકની ઉત્કટતાથી જ્વરનાં લક્ષણ જણાય છે. શરીરમાં દુર્બળતા વ્યાપી ગઈ છે. ચામડીમાં બળતરા થઈ રહી છે, મોઢું શોષાઈ રહ્યું છે, શરીર કંપી ઊઠે છે, મન જાણે કે ભમી રહ્યું છે.

આ ભાવનું વર્ણન સાંભળતાં જ પ્રથમ તેને કવિની તેજસ્વી કલ્પના ગણી લઈને કવિત્વની રસનિષ્પત્તિનો ઉપભોગ કરીને આપણે વિરમીએ છીએ. પરંતુ આ બાબતને વિષે જો સૂક્ષ્મ નિરીક્ષણ કરીશું તો જણાશે કે આમાં એક ગૂઢ અર્થ સમાયેલો છે. અર્જુને પહેલાં કુરુઓની સાથે યુદ્ધ કરેલું, પરંતુ ત્યારે કાંઈ આવો ભાવ વર્તાયેલો નહીં. અત્યારે શ્રીકૃષ્ણની ઈચ્છાથી એકદમ આવો આંતરિક ઉત્પાત મચ્યો ! માનવજાતિની અનેક પ્રચંડ પ્રવૃત્તિઓ ક્ષત્રિયોચિત શિક્ષણ અને ઉચ્ચ આકાંક્ષા દ્વારા પરાભવ પામીને, આબદ્ધ થઈને અર્જુનના હૃદયના ઊંડાણમાં ગુપ્તભાવે રહેલી છે. ચિત્તશુદ્ધિ નિગ્રહ દ્વારા થતી નથી, પરંતુ વિવેક અને વિશુદ્ધ બુદ્ધિની સહાયથી સંયમ દ્વારા થાય છે. નિગ્રહ પામેલી વૃત્તિઓ કે મનોભાવો કાં તો આ જન્મમાં, કાં તો અન્ય જન્મમાં ચિત્તમાંથી પ્રગટ થઈને બુદ્ધિને ઘેરી વળે છે અને વિજયી થઈને બધાં કર્મોને પોતાના વિકાસને અનુકૂળ માર્ગે દોરે છે. આ કારણે જે વ્યક્તિ આ જન્મમાં દયાળુ હોય તે અન્ય જન્મમાં નિષ્ઠુર હોઈ શકે છે, આ જન્મમાં કામી કે દુષ્ટ હોય તે અન્ય જન્મમાં સાધુ કે સજ્જન હોઈ શકે છે. નિગ્રહ કર્યા વગર વિવેક અને વિશુદ્ધ બુદ્ધિની સહાય વડે વૃત્તિઓનું સમાધાન કરીને ચિત્તને શુદ્ધ કરવું જરૂરી છે. આનું નામ જ સંયમ. જ્ઞાનના પ્રભાવથી જ્યાં લગી તમોભાવ દૂર ન થાય ત્યાં લગી સંયમ અસંભવ છે. તેથી જ શ્રીકૃષ્ણ અર્જુનનું અજ્ઞાન દૂર કરીને, તેના સુપ્ત વિવેકને જાગ્રત કરીને ચિત્તશુદ્ધિ કરવા ચાહે છે. પરંતુ જ્યાં લગી સઘળી તજવાલાયક વૃત્તિઓ સાવધાનીથી ચિત્તમાંથી બુદ્ધિની સમક્ષ ખડી કરવામાં ન આવે, ત્યાં લગી બુદ્ધિ પણ તેમને દૂર કરવાની તક પ્રાપ્ત કરી શકતી નથી. પ્રથમ યુદ્ધમાં જ અંત:સ્થ દૈત્ય અને રાક્ષસ વિવેક દ્વારા હણાય છે, અને ત્યાર પછી જ વિવેક બુદ્ધિને મુક્ત કરે છે. યોગની પ્રાથમિક અવસ્થામાં જે બધી કુવૃત્તિઓ ચિત્તમાં ઊંડાં મૂળ નાખીને પડી હોય છે, તે બધી પ્રબળ વેગે બુદ્ધિને ઘેરી વળીને અભ્યાસ વગરના સાધકને ભયથી કે શોકથી વિહ્વળ

કરી મૂકે છે. પશ્ચિમમાં આને જ શયતાનનું પ્રલોભન કહેવામાં આવે છે. એ જ છે મારનું આક્રમણ.

પરંતુ આ ભય તેમ જ શોક અજ્ઞાનમાંથી ઉદ્ભવ્યા છે. એ પ્રલોભન શયતાનનું નહિ, પણ ભગવાનનું છે. અંતર્યામી જગદ્ગુરુ જ એ સઘળી પ્રવૃત્તિઓને સાધકને ઘેરી વળવાને નોતરે છે. અને આ કાંઈ કોઈ અમંગળને માટે નહિ, પરંતુ મંગળને માટે, ચિત્તશુદ્ધિને માટે હોય છે. શ્રીકૃષ્ણ જેમ એક બાજુથી શરીરધારી રૂપે બાહ્ય જગતમાં અર્જુનના સખા તેમ જ સારથિ છે, તેમ બીજી બાજુથી અશરીરી ઈશ્વર અને અંતર્યામી પુરુષોત્તમ પણ છે. તેમણે જ અર્જુનના અંતરની બધી ગુપ્ત વૃત્તિઓને, મનોભાવને વેગપૂર્વક એકી સાથે બુદ્ધિની સપાટી ઉપર તારવી કાઢી. તેના ભીષણ આઘાતથી બુદ્ધિ ભમવા લાગી, અને પ્રબળ માનસિક વિકાર સ્થૂળ શરીરમાં કવિએ વર્ણવેલાં લક્ષણો દ્વારા વ્યક્ત થયો. પ્રબળ અને અણધાર્યા શોકનું કે દુઃખનું આવું શારીરિક પરિણામ આવે તે આપણે જાણીએ છીએ. આ કાંઈ માનવ-જાતિના સામાન્ય અનુભવોથી બહારની વાત નથી. ભગવાનની વૈષ્ણવી માયાએ અર્જુનને એકદમ ઘેરી લીધો, જેને લઈને તેમનામાં આવા વિકારો જણાઈ આવ્યા. જ્યારે જ્યારે અધર્મ, દયા કે પ્રેમ જેવા કોમળ ગુણોનો આશ્રય લઈને, અજ્ઞાન, જ્ઞાનનો છૂપો વેશ ધારણ કરીને ગાઢ ઘેરો તમોગુણ, ઉજ્જવલ વિશદ પવિત્રતાનો ડોળ કરીને કહે કે, "હું સાત્ત્વિક છું, હું જ્ઞાન છું, હું ધર્મ છું, હું ભગવાનનો પુણ્યરૂપી અને પુણ્યપ્રવર્તનશીલ પ્રિય દૂત છું," ત્યારે ત્યારે જાણવું કે પેલી ભગવાનની વૈષ્ણવી માયાએ બુદ્ધિ ઉપર ઘેરો ઘાલ્યો છે.

વૈષ્ણવી માયાનાં લક્ષણ

આ વૈષ્ણવી માયાનાં મુખ્ય સાધન કૃપા અને સ્નેહ છે. માનવજાતિનો પ્રેમ વિશુદ્ધ પ્રેમ નથી હોતો. તે શારીરિક તેમ જ પ્રાણના કોષમાં રહેલા વિકારને લઈને કલુષિત થયેલો છે. વૃત્તિઓનું વાસસ્થાન ચિત્ત છે, ભોગનું ક્ષેત્ર પ્રાણ છે, કર્મનું સાધન શરીર છે અને વિચારનું રાજ્ય બુદ્ધિ છે. વિશુદ્ધ અવસ્થામાં આ બધાંની પ્રવૃત્તિ સ્વતંત્ર છતાં પરસ્પર અવિરોધી હોય છે: ચિત્તમાં ભાવ ઊઠે છે, શરીર દ્વારા તે કર્મમાં પરિણમે છે, બુદ્ધિમાં તેને અનુકૂળ વિચાર ઉદ્ભવે છે અને પ્રાણ તે ભાવ, કર્મ અને વિચારનો આનંદ માણે છે; અને જીવ સાક્ષી બનીને પ્રકૃતિની એ આનંદમય ક્રીડાના દર્શનથી આનંદ પામે છે.

અશુદ્ધ અવસ્થામાં શારીરિક કે માનસિક ભોગ ભોગવવા પ્રાણ શરીરને માત્ર કર્મનું સાધન નહિ બનાવતાં ભોગનું સાધન બનાવે છે અને શરીર ભોગમાં આસક્ત થઈને વારંવાર શારીરિક ભોગની માગણી કરે છે. ચિત્ત શારીરિક ભોગની કામનાથી ઘેરાઈને નિર્મળ ભાવ ગ્રહણ કરવાને અશક્ત બને છે, અને કલુષિત વાસનાયુક્ત ભાવ ચિત્તસાગરને ખળભળાવી મૂકે છે. વાસનાઓનો કોલાહલ બુદ્ધિને ઘેરી વળીને તેને અવ્યવસ્થિત કરી દે છે, બહેરી કરી દે છે. પરિણામે નિર્મળ, શાંત અને ભ્રમરહિત વિચારણા ગ્રહણ કરવાને બુદ્ધિ અસમર્થ નીવડે છે; અને ચંચળ મનને વશ થઈને ભ્રમમાં, વિચારોના ગોટાળામાં પડી જઈને અનૃતની પ્રબળતાને અંધ બની જાય છે. જીવ પણ બુદ્ધિના આ ભ્રંશથી હતજ્ઞાન બનીને પોતાનો સાક્ષીભાવ અને નિર્મળ આનંદભાવ તજીને આધારની સાથે પોતાની એકતા સ્વીકારતો "હું દેહ છું, હું પ્રાણ છું, હું ચિત્ત છું, હું બુદ્ધિ છું" એવી ભ્રમયુક્ત ધારણાથી શારીરિક અને માનસિક સુખદુ:ખે પોતે પણ સુખી કે દુ:ખી થાય છે. આ બધી અસ્તવ્યસ્ત સ્થિતિનું મૂળ અશુદ્ધ ચિત્ત છે. ચિત્તશુદ્ધિ એ ઉન્નતિનું પ્રથમ પગથિયું છે. આ પ્રકારની અશુદ્ધિ માત્ર તામસિક કે રાજસિક વૃત્તિઓને કલુષિત કરી મૂકે છે તેમ નથી; પરંતુ સાત્ત્વિક વૃત્તિઓને પણ મલિન કરે છે. અમુક વ્યક્તિ મારા શારીરિક કે માનસિક ભોગનું સાધન છે, મને તે ગમે છે, હું તેને જ ચાહું છું, તેના વિયોગથી મને ખેદ થાય છે, – આ પ્રકારનો પ્રેમ અશુદ્ધ પ્રેમ છે. શરીર અને પ્રાણ ચિત્તને કલુષિત કરીને નિર્મળ પ્રેમને વિકૃત કરે છે. આવી અશુદ્ધિને પરિણામે બુદ્ધિ જણાવે છે કે, આ મારી સ્ત્રી છે, મારો ભાઈ છે, મિત્ર છે, સગો છે, મારે તેને ચાહવું જોઈએ, આ પ્રેમ પુણ્યમય છે, તેની વિરુદ્ધમાં કાંઈક કરું તો તે પાપ થાય, ક્રૂરતા ગણાય, અધર્મ બને. આવા પ્રકારના અશુદ્ધ પ્રેમને પરિણામે એવી બળવાન કૃપાનો ઉદય થાય છે કે પોતાનાં પ્રિયજનમાં કષ્ટ અને અનિષ્ટની સરખામણીમાં ધર્મને તિલાંજલિ આપવી વધુ કલ્યાણકારી લાગે છે. અંતે આ કૃપા ઉપર જ આઘાત થશે એમ માનીને ધર્મને જ અધર્મ ગણી લઈને પોતાની દુર્બળતાનું સમર્થન કરવામાં આવે છે. આ પ્રકારની વૈષ્ણવી માયાનાં પ્રમાણ અર્જુનની દરેક વાતમાં મળી આવશે.

વૈષ્ણવી માયાની ક્ષુદ્રતા

અર્જુનનો પ્રથમ પ્રશ્ન એ છે કે આ બધાં મારાં સ્વજન છે, નિકટનાં છે, સ્નેહનાં પાત્ર છે, તો તેમને યુદ્ધમાં હણીને મારું કયું હિત સધાય? વિજેતાનો ગર્વ? રાજાનું ગૌરવ? કે ધનીનું સુખ? મારે એ સઘળો સૂનો

સ્વાર્થ નથી જોઈતો. રાજ્ય કે ભોગ કે જીવન શાને લઈને વહાલું લાગે છે? કારણ કે સ્ત્રી છે, પુત્ર છે તેથી; પોતાનાં સ્વજનોને સુખમાં રાખી શકવાની તકને લઈને. વળી ભાઈભાંડુઓની સાથે ઐશ્વર્યના સુખમાં દિવસો પણ મઝાથી ગાળી શકાય. આ બધાંને લઈને જ જે કાંઈ છે તે છે. પરંતુ જેમને માટે હું રાજ્યની, ભોગની કે સુખની ઈચ્છા રાખું છું, એ બધાં તો શત્રુ બનીને યુદ્ધમાં હાજર થયેલાં જોઉં છું. ભલે એ બધાં યુદ્ધમાં મારો વધ કરે; મારી સાથે રાજ્ય કે સુખ ભોગવવાને તેઓ સંમત ન પણ હોય; પરંતુ એમને નહિ હણી શકું. તેમને હણવાથી ભલે ત્રણ લોકનું રાજ્ય મળે, છતાં ય તેમ કરીશ નહીં. તો પછી પૃથ્વીના રાજ્યની વાત જ શી?

સ્થૂલદર્શી લોકો અર્જુનનો આ ઉત્તર સાંભળીને જણાવે છે: "અહાહા! શો અર્જુનનો મહાન ઉદાર નિ:સ્વાર્થ પ્રેમભાવ! કેવો તે લોહીથી ખરડાયેલા ભોગ કે સુખની સરખામણીમાં પરાજયને, મરણને, ચિરદુ:ખને પસંદ કરે છે!"

પરંતુ જો આપણે અર્જુનના મનોભાવની બરાબર પરીક્ષા કરીશું તો આપણને જણાશે કે તે અતિ ક્ષુદ્ર, દુર્બળતાભર્યો અને કાયરને ઉચિત છે. કુળના હિતને માટે, પ્રિયજનોના પ્રેમને વશ થઈને, કૃપાને લીધે કે રક્તપાતના ભયથી વ્યક્તિગત સ્વાર્થનો ત્યાગ કરવો એ અનાર્યને માટે કદાચ મહાન ઉદાર ભાવ હોઈ શકે, પરંતુ આર્યને માટે એ એક મધ્યમ ભાવ છે. ધર્મ અને ભગવાનના પ્રેમને માટે સ્વાર્થત્યાગ કરવો એ જ ઉત્તમ ભાવ છે. બીજી બાજુથી કુળના હિતને માટે, પ્રિયજનોના પ્રેમને વશ થઈને, કૃપાને લીધે કે રક્તપાતના ભયથી ધર્મનો ત્યાગ કરવો એ અધમ ભાવ છે. ધર્મ અને ભગવાનના પ્રેમની ખાતર સ્નેહ, કૃપા કે ભયનું દમન કરવું એ સાચો આર્યભાવ છે.

આવા ક્ષુદ્ર ભાવોનું સમર્થન કરવાને માટે પોતાના સ્વજનોની હત્યાથી થતા પાપનો ઉલ્લેખ કરીને અર્જુન વળી બોલ્યા: "ધાર્તરાષ્ટ્રગણના વધથી મારું શું સુખ થાય, મનને કયો સંતોષ મળે? એ બધાં મારાં ભાઈભાંડુ છે, સ્વજનો છે; કદાચ અન્યાય કરે, શત્રુવટ દાખવે, રાજ્ય છીનવી લે, સત્યભંગ કરે, તોય તેમના વધથી મને પાપ લાગે, સુખ તો નહીં જ."

અર્જુન ભૂલી જાય છે કે પોતે ધર્મયુદ્ધ કરી રહ્યા છે. તેઓ પોતાના સુખને માટે કે યુધિષ્ઠિરના સુખને માટે શ્રીકૃષ્ણ દ્વારા ધૃતરાષ્ટ્રના પુત્રોનો વધ કરવાને નિયુક્ત થયેલ નથી; પરંતુ ધર્મસંસ્થાપન, અધર્મનો નાશ, ક્ષત્રિયધર્મનું પાલન અને ભારતમાં ધર્મપ્રતિષ્ઠિત એક મોટું સામ્રાજ્ય સ્થાપવું, — આ બધા ધર્મયુદ્ધના ઉદ્દેશ છે. સર્વપ્રકારનાં સુખને તિલાંજલિ આપીને, જગદ્વ્યાપી દુ:ખ અને યંત્રણા સહન કરીને પોતાના આ ઉદ્દેશને પાર પાડવો એ જ અર્જુનનું કર્તવ્ય છે.

કુળનાશની વાત

પોતાની દુર્બળતાના સમર્થનમાં અર્જુને વળી એક બીજી યુક્તિ શોધી કાઢી. આ યુદ્ધને પરિણામે કુળનાશ થાય, જાતિનાશ થાય; એટલે યુદ્ધ ધર્મયુદ્ધ ન થતાં અધર્મયુદ્ધ થયું ગણાય. ભ્રાતૃહત્યાથી મિત્રદ્રોહ થાય, અર્થાત્ જે સર્વે સ્વાભાવિક રીતે અનુકૂળ તેમ જ સહાયક હોય તેમનું અનિષ્ટ થાય. પરિણામે જેમાં બન્ને પક્ષોનો જન્મ થયેલ છે તે કુરુકુળનો વિનાશ થાય.

પ્રાચીન કાળમાં જાતિ મોટે ભાગે રક્તના સંબંધ પર પ્રતિષ્ઠિત હતી. કોઈ પણ એક મોટું કુળ વિસ્તાર પામીને જાતિમાં પરિણમતું; જેમ કે ભોજવંશ, કુરુવંશ ઈત્યાદિ ભારતની જાતિઓમાં આવેલી એક કુળવિશિષ્ટ બળવાન જાતિ થઈ ગઈ. કુળમાં જે આંતરિક વિરોધ તેમ જ પરસ્પરનું અનિષ્ટ જણાય છે તેને જ અર્જુને મિત્રદ્રોહ તરીકે વર્ણવ્યો છે. એક તો આ મિત્રદ્રોહ નૈતિક દૃષ્ટિએ મહાપાપ ગણાય, અને વળી અર્થનીતિની દૃષ્ટિએ જેનું નિશ્ચિત પરિણામ કુળનો ક્ષય થાય, એ બીજો દોષ ઉમેરાય. સનાતન કુળધર્મનું યોગ્ય પાલન કુળની ઉન્નતિ અને તેની અવસ્થિતિનું કારણ છે. જે મહાન આદર્શ અને કર્મપ્રણાલી ગૃહસ્થજીવનમાં કે રાજનૈતિક ક્ષેત્રમાં પૂર્વજો સ્થાપી તેમ જ રક્ષી ગયા છે, તેમાં હાનિ કે શિથિલતા આવવાથી કુળનું અધઃપતન થાય છે. જ્યાં લગી કુળ ભાગ્યશાળી તેમ જ બળવાન રહે ત્યાં લગી એ આદર્શ અને કર્મપ્રણાલી સચવાય છે. કુળ ક્ષીણ કે દુર્બળ થવાની સાથે જ તમોભાવ પ્રસરે છે અને તેના મહાન ધર્મમાં શિથિલતા વ્યાપી જાય છે. આને પરિણામે અરાજકતા, દુર્નીતિ વગેરે દોષો કુળમાં પ્રવેશે છે, કુળની મહિલાઓ દુરાચારી બને છે. આમ આખા કુળની પવિત્રતા જોખમાય છે અને નીચ જાતિ કે નીચ ચરિતવાળા લોકને પેટે મહાન કુળ દ્વારા પ્રજોત્પત્તિ થાય છે.

આમ પૂર્વજોની સંતતિપરંપરામાં વિચ્છેદ થવાને કારણે કુળને હણનારની નર્કપ્રાપ્તિ થાય છે અને અધર્મના પ્રસરવાથી, વર્ણસંકરતાને લઈને ઉત્પન્ન થયેલી અધોગતિ તેમ જ નીચ ગુણોના વિસ્તારથી, અને અરાજકતા જેવા દોષથી આખું કુળ નાશ પામે છે અને નર્કનું અધિકારી બને છે. કુળનાશને પરિણામે નીતિધર્મ અને કુળધર્મ નષ્ટ થાય છે. નીતિધર્મ એટલે કુળસમષ્ટિ દ્વારા જે નીતિ ઘડાય તેની પુરુષપરંપરાથી ચાલ્યો આવેલો સનાતન આદર્શ અને કર્મપ્રણાલી.

ત્યાર પછી પોતાના સિદ્ધાન્ત અને કર્તવ્યકર્મ વિશેનો નિશ્ચય જણાવીને અર્જુને ગાંડીવનો ત્યાગ કર્યો અને પોતે રથમાં બેસી ગયા. આ અધ્યાયના છેલ્લા શ્લોકમાં કવિએ ઈંગિત દ્વારા જણાવ્યું છે કે શોકથી બુદ્ધિવિભ્રમ

થવાને પરિણામે અર્જુને ક્ષત્રિયને અનુચિત અનાર્ય આચરણ કરવાનો સંકલ્પ કર્યો.

વિદ્યા અને અવિદ્યા

આપણે અર્જુનની કુળનાશની વાતમાંથી એક મહાન ઉન્નત પ્રશ્નની નિકટ પહોંચી જઈએ છીએ. આ પ્રશ્નની સાથે જે મોટી ભાવના સંકળાયેલી છે, તેની આલોચના ગીતાની વ્યાખ્યા કરનારને માટે અત્યંત આવશ્યક છે. જો આપણે ગીતાનો માત્ર આધ્યાત્મિક અર્થ જ શોધીએ અને આપણો જાતિગત ગૃહસ્થજીવનનો અને વ્યક્તિગત સાંસારિક કર્મ કે આદર્શનો પ્રશ્ન ગીતોક્ત ધર્મમાંથી જતો કરીએ, તો તે ભાવ અને તે પ્રશ્નનાં મહત્ત્વ અને જરૂરિયાતનો અસ્વીકાર કર્યા બરાબર ગણાય. પરિણામે, ગીતોક્ત ધર્મનો સર્વવ્યાપી વિસ્તાર સંકુચિત થઈ જાય. શંકરાચાર્ય જેવા જેમણે ગીતાનું ભાષ્ય કર્યું છે તે બધા સંસારમાંથી વિમુખ થયેલા દાર્શનિક અધ્યાત્મવિદ્યાપરાયણ જ્ઞાની કે ભક્ત હતા. ગીતામાંથી પોતાને જરૂરી જ્ઞાન કે ભાવ શોધીને અને પ્રાપ્ત કરીને તેનાથી જ તેઓ સંતોષ પામ્યા હતા. જેઓ એકી સાથે જ્ઞાની, ભક્ત તેમ જ કર્મી હોય તેઓ જ ગીતાના ગૂઢતમ શિક્ષણના અધિકારી બની શકે.

ગીતાના વક્તા શ્રીકૃષ્ણ જ્ઞાની અને કર્મી હતા, પાત્ર અર્જુન ભક્ત અને કર્મી હતા. અર્જુનનાં જ્ઞાનચક્ષુ ખોલવાને માટે શ્રીકૃષ્ણે કુરુક્ષેત્રમાં આ શિક્ષણ આપ્યું. ગીતાના પ્રચારના મૂળમાં એક મોટો રાજનૈતિક સંઘર્ષ રહ્યો છે. અર્જુનને એ સંઘર્ષના એક મહાન રાજનૈતિક ઉદ્દેશની સિદ્ધિના સાધન તેમ જ નિમિત્ત બનાવીને તેમને યુદ્ધમાં પ્રવૃત્ત કરવા એ ગીતાનો ઉદ્દેશ છે. આને કારણે જ યુદ્ધક્ષેત્ર શિક્ષણનું સ્થળ બન્યું છે. શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ રાજનીતિજ્ઞ અને યોદ્ધા છે, ધર્મરાજ્યની સ્થાપના તેમના જીવનનો મુખ્ય ઉદ્દેશ છે. અર્જુન પણ એક ક્ષત્રિય રાજકુમાર છે, રાજનીતિ અને યુદ્ધ તેમનાં સ્વાભાવિક કર્મ છે. તો પછી ગીતાનો ઉદ્દેશ, તેના વક્તા, તેના પાત્ર કે તેના પ્રચારનું કારણ બાદ કરીને ગીતાની સમજૂતી કેવી રીતે આપી શકાય?

ચિર કાળથી માનવસંસારની પાંચ મુખ્ય પ્રતિષ્ઠાઓ જોવામાં આવે છે: વ્યક્તિ, પરિવાર, વંશ, જાતિ અને માનવસમષ્ટિ. આ પાંચ ઉપર ધર્મ પણ પ્રતિષ્ઠિત છે. ધર્મનો ઉદ્દેશ છે ભગવાનની પ્રાપ્તિ. ભગવાનની પ્રાપ્તિના બે માર્ગ છે: વિદ્યાને પ્રાપ્ત કરવી અને અવિદ્યા પર પ્રભુત્વ મેળવવું. આ બન્ને માર્ગો આત્મજ્ઞાન અને ભગવદ્દર્શનનાં સાધન છે. વિદ્યાનો માર્ગ છે બ્રહ્મની અભિવ્યક્તિ રૂપી આ અવિદ્યામય પ્રપંચનો પરિત્યાગ કરીને

સચ્ચિદાનંદની પ્રાપ્તિ વા પરબ્રહ્મમાં લય. અવિદ્યાનો માર્ગ છે સર્વત્ર આત્મા અને ભગવાનનું દર્શન કરીને તે જ્ઞાનમય, મંગલમય, શક્તિમય પરમેશ્વરને બંધુ, પ્રભુ, ગુરુ, પિતા, માતા, પુત્ર, પુત્રી, સ્ત્રી, પ્રેમી, પતિ કે પત્નીરૂપે પ્રાપ્ત કરવા. વિદ્યાનો ઉદ્દેશ છે શાંતિ, અવિદ્યાનો છે પ્રેમ. પરંતુ ભગવાનની પ્રકૃતિ વિદ્યા–અવિદ્યામયી છે. જો આપણે કેવળ વિદ્યાનો માર્ગ અનુસરીએ તો વિદ્યામય બ્રહ્મ મેળવીએ, જો અવિદ્યાનો માર્ગ અનુસરીએ તો અવિદ્યા-મય બ્રહ્મ મેળવીએ. વાસ્તવિક રીતે જે વિદ્યા તેમ જ અવિદ્યા એમ બન્નેને પ્રાપ્ત કરે છે તે જ સંપૂર્ણપણે વાસુદેવને પામે છે. તે વિદ્યા અને અવિદ્યાથી અતીત થાય છે. જેઓ વિદ્યાના અંતિમ લક્ષ્ય સુધી પહોંચ્યા હોય છે, તેઓએ વિદ્યાની સહાયતાથી અવિદ્યા ઉપર અધિકાર મેળવ્યો હોય છે. ઈશોપનિષદમાં આ મહાન સત્ય સ્પષ્ટ રીતે દર્શાવ્યું છે.

अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते ।
ततो भूय इव ते तमो य उ विद्यायां रताः ।।
अन्यदेवाहुर्विद्ययान्यदेवाहुरविद्यया ।
इति शुश्रूम धीराणां ये नस्तद्विचचक्षिरे ।।
विद्याञ्चाविद्याञ्च यस्तद्वेदोभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ।।

"જેઓ અવિદ્યાના ઉપાસક હોય છે તેઓ અંધ અજ્ઞાનરૂપી તમસમાં પ્રવેશે છે. જે ધીર જ્ઞાનીઓએ અમને બ્રહ્મજ્ઞાન બતાવ્યું છે, તેમને મોઢે સાંભળ્યું છે કે વિદ્યાનું તેમ જ અવિદ્યાનું પોતપોતાનું સ્વતંત્ર રૂપ છે. જેઓ વિદ્યા પર તેમ જ અવિદ્યા પર જ્ઞાનપૂર્વક અધિકાર મેળવી શકયા છે તેઓ જ અવિદ્યાદ્વારા મૃત્યુને ઓળંગીને વિદ્યાદ્વારા અમૃતમય પુરુષોત્તમનો આનંદ ભોગવે છે."

આખી માનવજાતિ અવિદ્યાને ભોગવતી વિદ્યા તરફ ધપી રહી છે; અને એ જ છે ખરો ક્રમવિકાસ. જેઓ એકી સાથે શ્રેષ્ઠ, સાધક, યોગી, જ્ઞાની, ભક્ત, કર્મયોગી હોય છે, તેઓ આ મહાભિનિષ્ક્રમણના અગ્રગણ્ય સૈનિકો છે. દૂર દૂરને માર્ગે જલદી પહોંચીને તેઓ વળી પાછા ફરે છે અને માનવજાતિને એ સુસંવાદ સંભળાવે છે, માર્ગ બતાવે છે, શક્તિ અર્પે છે ભગવાનનો અવતાર કે તેમની વિભૂતિ જન્મીને માર્ગ સરળ કરી આપે છે, અનુકૂળ અવસ્થા પ્રાપ્ત કરે છે અને વિઘ્નો દૂર કરે છે.

અવિદ્યામાં વિદ્યા, ભોગમાં ત્યાગ, સંસારમાં સંન્યાસ, આત્મામાં પ્રાણીમાત્ર અને પ્રાણીમાત્રમાં આત્મા, ભગવાનમાં જગત અને જગતમાં

ભગવાન, – આ પ્રકારની ઉપલબ્ધિ અસલ જ્ઞાન છે અને તે જ માનવ-જાતિના લક્ષ્યસ્થળે જવાનો નિર્દિષ્ટ માર્ગ છે. આત્મજ્ઞાનનું સાંકડાપણું એ ઉન્નતિનો મોટો અંતરાય છે. દેહાત્મબોધ, સ્વાર્થબોધ, એ સાંકડાપણાનું મૂળ કારણ છે. એટલે જ પારકાને પોતા જેવો જોવો એને ઉન્નતિનું પ્રથમ સોપાન ગણાય.

મનુષ્ય પ્રથમ તો વ્યક્તિમાં આબદ્ધ રહે છે. પોતાની અંગત શારીરિક કે માનસિક ઉન્નતિ, ભોગ અને તેના વિકાસમાં તે મગ્ન રહે છે. હું દેહ છું, મન છું, પ્રાણ છું; દેહનાં બળ, સુખ અને સૌન્દર્ય, મનની ત્વરિત ગતિ, આનંદ અને સ્વચ્છતા, પ્રાણનાં તેજ, ભોગ અને પ્રફુલ્લતા, – આ બધાં જીવનનો ઉદ્દેશ્ય છે, ઉન્નતિની ચરમ સ્થિતિ છે, એ જાતનું જે પ્રથમ જ્ઞાન માનવમાં પ્રગટે છે તે આસુરી જ્ઞાન છે. અને એ પણ જરૂરી છે. દેહ, મન તેમ જ પ્રાણનો વિકાસ અને પરિપૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી તે પૂર્ણવિક-સિત શક્તિનો પારકાની સેવામાં વિનિયોગ કરવો ઉચિત ગણાય. એટલે જ આસુરી શક્તિનો વિકાસ માનવજાતિની સભ્યતાની પ્રાથમિક અવસ્થા છે. માનવમનમાં, માનવકર્મમાં તેમ જ માનવચરિતમાં પશુ, યક્ષ, રાક્ષસ, અસુર, પિશાચ વગેરેની લીલા અને તેનો વિકાસ જોવામાં આવે છે.

ત્યાર પછી મનુષ્ય આત્મજ્ઞાનનો વિસ્તાર કરીને પારકાને આત્મવત્ જોવાનું શરૂ કરે છે, પારકાને માટે પોતાનું જતું કરતાં શીખે છે. શરૂશરૂમાં તે પરિવારને જ આત્મવત્ દેખે છે. તેમનાં પ્રાણરક્ષણને માટે પોતાનો પ્રાણત્યાગ કરે છે, તેમના સુખને માટે પોતાનાં સુખને તિલાંજલિ અર્પે છે.

ત્યાર પછી પોતાના વંશને કે કુળને આત્મવત્ જુએ છે અને તેને માટે પ્રાણનો ભોગ આપે છે, પોતાનું તેમ જ પોતાના પરિવારનું બલિદાન દે છે અને કુળનાં સુખ, ગૌરવ અને વૃદ્ધિને માટે પોતાનાં તેમ જ પરિવારનાં સુખને તિલાંજલિ આપે છે. અને ત્યાર પછી જાતિને માટે, સમગ્ર માનવ-જાતિને માટે પોતાનાં તેમ જ પરિવારનાં કે કુળનાં સુખને તિલાંજલિ આપે છે.

આ રીતે પરને આત્મવત્ ગણવો અને પરને અર્થે પોતાને તેમ જ પોતાનાં સુખને હોમવાં, એ બૌદ્ધધર્મ તેમ જ બૌદ્ધધર્મમાંથી ઉદ્ભવેલ ખ્રિસ્તીધર્મનું મુખ્ય શિક્ષણ છે. યુરોપની નૈતિક ઉન્નતિ આ માર્ગે આગળ વધી છે. પ્રાચીન યુરોપની પ્રજા વ્યક્તિને પરિવારમાં અને પરિવારને કુળમાં હોમતાં શીખી હતી. આધુનિક યુરોપની પ્રજા કુળને જાતિમાં હોમતાં શીખી છે. પરંતુ જાતિને માનવસમષ્ટિમાં હોમવાનું હજી તેમનામાં ભારે આદર્શરૂપ લેખાય છે. ટૉલ્સ્ટૉય જેવા મનીષીઓ અને સમાજવાદી, ઍનાર્કિસ્ટ જેવાં નૂતન આદર્શવાળાં દળો આ આદર્શને કાર્યમાં પરિણત કરવા પ્રયત્નશીલ છે.

યુરોપની દોડ અહીં લગીની છે. તેઓ અવિદ્યાના ઉપાસકો છે, અસલ વિદ્યાની તેમને ગમ નથી. अन्धं तमः प्रविशन्ति येऽविद्यामुपासते ।

ભારતના મનીષી લોકોએ વિદ્યા અને અવિદ્યા બન્ને પર અધિકાર મેળવ્યો હતો. તેઓ જાણતા હતા કે અવિદ્યાની પંચપ્રતિષ્ઠા ઉપરાંત વિદ્યાની પ્રતિષ્ઠારૂપે સ્વયં ભગવાન છે. તેમને જાણ્યા વિના અવિદ્યાનું જ્ઞાન કે તે પર અધિકાર મળતો નથી. તેથી કરીને માત્ર પરને આત્મવત્ જોવા ઉપરાંત પોતામાં તેમ જ પારકામાં સમાનભાવે ભગવાનનું દર્શન કરતાં શીખ્યા હતા. પોતાના ઉત્કર્ષની સાધનામાં પરિવારનો ઉત્કર્ષ, પરિવારના ઉત્કર્ષની સાધનામાં કુળનો ઉત્કર્ષ, કુળના ઉત્કર્ષની સાધનામાં જાતિનો ઉત્કર્ષ અને જાતિના ઉત્કર્ષની સાધનામાં માનવજાતિનો ઉત્કર્ષ, – આ પ્રકારનું જ્ઞાન આર્યની સામાજિક વ્યવસ્થા અને શિક્ષણના મૂળમાં રહેલું છે. વ્યક્તિગત ત્યાગ આર્યની રગેરગમાં વ્યાપેલી ભાવના છે. અને એ રીતે ક્રમશઃ ચઢતા જતા ત્યાગનું અંતિમ લક્ષ્ય છે ભગવાનને માટે સર્વસ્વનો ત્યાગ. આપણા શિક્ષણમાં જે કેટલાક દોષ અથવા ઊણપો જણાઈ આવે છે તેમાંની ઘણી ઐતિહાસિક કારણોને ફળરૂપે છે, – જેમ કે જાતિને સમાજમાં જોવી, સમાજના હિતમાં વ્યક્તિનું કે પરિવારનું હિત હોમવું તે. પરંતુ જાતિનો રાજનૈતિક જીવનવિકાસ આપણા ધર્મના અંતર્ગત મુખ્ય અંગ તરીકે મનાતો નહિ. આ શિક્ષણ આપણે પશ્ચિમમાંથી આણ્યું છે. છતાંય આપણા પ્રાચીન શિક્ષણમાં, મહાભારતમાં, ગીતામાં, રાજપુતાનાના ઈતિહાસમાં, રામદાસના દાસબોધમાં આ પ્રકારનું શિક્ષણ મળી આવે છે. પરંતુ વધારે પડતો વિદ્યાની ઉપાસનાથી તેમ જ અવિદ્યાના ભયથી આપણે તે શિક્ષાનો વિકાસ સાધી શકયા નહિ અને તેને પરિણામે તમસમાં સપડાઈને જાતિધર્મમાંથી ભ્રષ્ટ થઈને આપણે ભયંકર ગુલામીમાં, દુઃખમાં, અજ્ઞાનમાં ડૂબ્યા. અવિદ્યા ઉપર કાબૂ ન મેળવી શકયા અને વિદ્યાને ગુમાવવા બેઠા. ततो भूय इव ते तमो य उ विद्यायाँ रताः ।

શ્રીકૃષ્ણનો રાજનૈતિક ઉદ્દેશ્ય

માનવસમાજના ક્રમિક વિકાસમાં કુળ અને જાતિ ભિન્ન હોય છે. પ્રાચીન કાળમાં ભારત તેમ જ અન્ય દેશોમાં આ ભિન્નતા આટલી પરિસ્ફુટ નહોતી. કેટલાંક મોટાં મોટાં કુળમાંથી એક જાતિ થતી. આવાં ભિન્ન ભિન્ન કુળો કાં તો કોઈ એક પૂર્વજના વંશજો, કાં તો જુદા વંશનાં હોવા છતાં પ્રીતિ બાંધવામાં એક જ વંશનાં હોય તે રીતે મનાતાં. સમસ્ત ભારત એક મહાન જાતિ બની નથી, પરંતુ જે મોટી મોટી જાતિઓ આખા દેશમાં છૂટી-છવાયી હતી તે સર્વમાં એક સભ્યતા, એક ધર્મ, એક સંસ્કૃત ભાષા અને

વિવાહ જેવા સંબંધો પ્રચલિત હતા. પ્રાચીન સમયથી એકતા સ્થાપવાના પ્રયત્નો થતા આવ્યા છે. કોઈ વાર કુરુ, કોઈ વાર પાંચાલ, કોઈ વાર કોશલ, કોઈ વાર મગધ, એમ કોઈ એક જાતિ દેશની પ્રધાન કે સાર્વભૌમ જાતિ બનીને સામ્રાજ્ય સ્થાપતી. પરંતુ પ્રાચીન કુળધર્મ અને કુળની સ્વાધીનતા આ પ્રકારની એકતાની સ્થાપના કરવામાં અંતરાયરૂપ બનતાં. પરિણામે એ પ્રયત્ન કદાપિ લાંબો વખત ટકી શકતો નહીં. ભારતમાં આ પ્રકારનો પ્રયત્ન, એક અજોડ સામ્રાજ્યનો પ્રયત્ન, એક પુણ્યકર્મ અને રાજાને માટે એક કર્તવ્યકર્મ તરીકે મનાતો. આ એકતાની સ્થાપનાનો પ્રયાસ એટલો બધો પ્રબળ બન્યો હતો કે ચેદિરાજ શિશુપાલના જેવો તેજસ્વી અને અનાડી ક્ષત્રિય પણ યુધિષ્ઠિરની સામ્રાજ્ય સંસ્થાપનની બાબતમાં સાથ આપવા સંમત થયો હતો. શ્રીકૃષ્ણનો હેતુ પણ આવી એકતા સ્થાપવાનો હતો. મગધરાજ જરાસંધે આ જાતનો પ્રયાસ કરેલો; પણ તેની શક્તિ અધર્મ અને અત્યાચાર ઉપર પ્રતિષ્ઠિત હતી. એટલે તેને ક્ષણસ્થાયી માનીને શ્રીકૃષ્ણે ભીમને હાથે તેનો વધ કરાવીને તે પ્રયત્ન નિષ્ફળ બનાવ્યો.

શ્રીકૃષ્ણના કાર્યમાં મુખ્ય અંતરાયરૂપ હતો ગર્વિષ્ઠ તેજસ્વી કુરુવંશ. કુરુજાતિ ઘણા સમયથી ભારતની અગ્રગણ્ય જાતિ હતી. અંગ્રેજીમાં જેને હેજિમની (hegemony) કહે છે, એટલે કે અનેક સમાન સ્વાધીન જાતિઓમાં પ્રધાનત્વને નેતૃત્વની દૃષ્ટિએ કુરુજાતિનો વંશપરંપરાગત અધિકાર હતો. જ્યાં લગી આ જાતિમાં બળ અને ગર્વ અતૂટ રહે, ત્યાં લગી ભારતમાં એકતાની સ્થાપના પ્રાય: અશક્ય ગણાય, એમ શ્રીકૃષ્ણ જાણતા હતા. એટલે જ તેઓ કુરુજાતિનો નાશ કરવાને કૃતસંકલ્પ થયા. પરંતુ સાથે સાથે તેઓ એ પણ સમજતા હતા કે ભારતના સામ્રાજ્યમાં કુરુજાતિનો વંશપરંપરાગત હક્ક હતો. જેને ધર્મ પ્રમાણે જે મળવું જોઈએ તેમાંથી તેને વંચિત કરવું તે અધર્મ ગણાય, એ ન્યાયે કુરુજાતિના જે ન્યાયયુક્ત રાજા તેમ જ પ્રધાનપુરુષ ગણાય એવા યુધિષ્ઠિરને સમ્રાટપદે નીમવાનું તેમણે વિચાર્યું. શ્રીકૃષ્ણ પરમ ધાર્મિક હતા. પોતે સમર્થ હોવા છતાં માત્ર સ્નેહને વશ થઈને પોતાના પ્રિય યાદવકુળને કુરુજાતિને ઠેકાણે સ્થાપવાનો તેમણે પ્રયત્ન ન કર્યો. એટલું જ નહિ પરંતુ પાંડવજ્યેષ્ઠ યુધિષ્ઠિરની ઉપેક્ષા કરીને પોતાના પ્રિયતમ સખા અર્જુનને પણ સમ્રાટને પદે નીમવાનો વિચાર સરખો ય કર્યો નહિ. માત્ર ઉંમર કે પૂર્વ અધિકાર જોવા જતાં ઘણી વાર અનિષ્ટનો સંભવ થાય છે; એટલે ગુણ તેમ જ સામર્થ્ય બન્ને જોવાં જોઈએ. જો રાજા યુધિષ્ઠિર અધાર્મિક, અત્યાચારી કે અશક્ત હોત તો શ્રીકૃષ્ણને કોઈ બીજા યોગ્ય પાત્રની શોધ કરવી પડત. યુધિષ્ઠિર જેમ એક દૃષ્ટિથી વંશક્રમ, ન્યાય અને દેશના પ્રચલિત

નિયમને હિસાબે સમ્રાટપદને લાયક હતા, તેમ બીજી દૃષ્ટિથી ગુણને હિસાબે પણ એક સાચા અધિકારી હતા. બીજા ઘણાય રાજાઓ યુધિષ્ઠિરના કરતાં તેજસ્વી અને પ્રતિભાશાળી હતા; પરંતુ માત્ર બળ કે પ્રતિભાને આધારે કોઈ રાજ્યનું અધિકારી ઠરી શકતું નથી. રાજાએ ધર્મનું રક્ષણ, પ્રજાનું રંજન અને દેશનું રક્ષણ કરવું જોઈએ. પ્રથમ બે ગુણોની દૃષ્ટિએ યુધિષ્ઠિર અજોડ હતા. પોતે ધર્મપુત્ર હતા. દયાળુ, ન્યાયપરાયણ, સત્યવાદી, સત્યપ્રતિજ્ઞ, સત્યકર્મા હતા, પ્રજાને પ્રિય હતા. માત્ર છેલ્લા આવશ્યક ગુણની, એટલે કે દેશનું રક્ષણ કરવાના સામર્થ્યની, જે તેમનામાં ઊણપ હતી, તે તેમના બે ભાઈઓ, ભીમ અને અર્જુન, પૂરે તેમ હતા. તે વખતે પાંચ પાંડવો જેવા પરાક્રમી કે વીર બીજા કોઈ નહોતા. તેથી જરાસંધના વધથી કાંટો કાઢીને શ્રીકૃષ્ણની સાથે પરામર્શ કરીને રાજા યુધિષ્ઠિર દેશની પ્રાચીન પ્રણાલી પ્રમાણે રાજસૂય યજ્ઞ કરીને સમ્રાટ બન્યા.

શ્રીકૃષ્ણ ધાર્મિક અને રાજનીતિજ્ઞ હતા. જો દેશનો ધર્મ, દેશની પ્રણાલિકા અને સામાજિક નીતિરીતિમાં રહીને પોતાનો ઉદ્દેશ્ય પાર પાડી શકાતો હોય તો તે ધર્મને હાનિ કરીને, પ્રણાલિકાનો વિરોધ કરીને કે નીતિનિયમનનો ભંગ કરીને શો લાભ? કારણ વગરના એવા રાષ્ટ્રીય વિપ્લવો કે સામાજિક ઊથલપાથલ દેશને માટે અહિતકર ગણાય. આમ વિચારીને શ્રીકૃષ્ણ પ્રાચીન પ્રણાલિકાનું રક્ષણ કરીને પોતાની ઉદ્દેશસિદ્ધિને માટે કટિબદ્ધ થયા. પરંતુ દેશની પ્રાચીન પ્રણાલિકામાં એક મોટો દોષ એ હતો કે ધારો કે તેમનો પ્રયત્ન સફળ થયો તો પણ તેનું ફળ સ્થાયીરૂપે ટકવાનો સંભવ ઓછો હતો. અલબત્ત, જેની પાસે સમરાંગણને યોગ્ય બળ હોય તે રાજસૂય યજ્ઞ કરીને સમ્રાટ બની શકે, પણ જો તેના વંશજો નિસ્તેજ નીવડયા તો રાજમુકુટ આપમેળે જ ખસી પડવાનો. જે બધી વીર તેજસ્વી જાતિઓ પોતાના પિતા કે પિતામહને વશ થઈ હોય તે વિજયી પુત્ર કે પૌત્રની અધીનતા શી રીતે સ્વીકારી શકે? સામ્રાજ્યના મૂળમાં વંશગત અધિકાર ન હતો, પરંતુ રાજસૂય યજ્ઞ, અર્થાત્ અસામાન્ય પરાક્રમ હતું. આને લીધે જેનું વીર્ય અધિક તે જ યજ્ઞ કરીને સમ્રાટ બની શકતો. પરિણામે સામ્રાજ્યનું સ્થાયિત્વ નિશ્ચિત થતું નહિ અને કોઈ એક જાતિનું પ્રાધાન્ય પણ અલ્પકાળ માટે થતું. વળી આ પ્રથાનો બીજો દોષ એ હતો કે જ્યારે કોઈ નવો સમ્રાટ એકાએક બળવાન થઈને મુખ્ય થઈ જતો ત્યારે જે ક્ષત્રિયો બળને લઈને અભિમાની તેમ જ અસહિષ્ણુ કે તેજસ્વી હતા તેમનાં હૃદયમાં ઈર્ષ્યાનો અગ્નિ ભભૂકી ઊઠતો અને વિરોધનો પડકાર થવાનો સંભવ રહેતો. યુધિષ્ઠિરના પોતાના કુળના જ ક્ષત્રિયો આ ઈર્ષાને પરિણામે તેમના વિરોધી બન્યા, તેમના પિતરાઈના

પુત્રોએ તેમને કુશળતાપૂર્વક પદભ્રષ્ટ કરીને કાઢી મૂકયા. આ રીતે દ્વેષનાં પરિણામ તરત જ જણાયાં.

ઉપર કહ્યું તેમ શ્રીકૃષ્ણ ધાર્મિક અને રાજનીતિજ્ઞ હોવાથી તેઓ કદાપિ દોષયુક્ત, અહિતકર કે સમયને અનુચિત પ્રણાલી બદલતાં ગભરાતા નહિ. તેઓ તે યુગના મુખ્ય ક્રાંતિકારી હતા. રાજા ભૂરિશ્રવાએ શ્રીકૃષ્ણને તિરસ્કાર કરતી વખતે તે સમયના ઘણા પુરાતન મતને માનનારા ભારતવાસીઓનો અવાજ રજૂ કરતાં કહ્યું હતું કે કૃષ્ણ અને કૃષ્ણસંચાલિત યાદવકુળ કદાપિ ધર્મની વિરુદ્ધ આચરણ કરવામાં અથવા ધર્મને વિકૃત કરવામાં પાછી પાની કરે તેમ નથી. એટલે કૃષ્ણથી દોરવાઈને જે કાર્ય કરશે તે થોડા વખતમાં જ જરૂર પાપમાં પડશે. આનું કારણ એ હતું કે પુરાતન રીતિમાં આસક્ત રક્ષણશીલ સમૂહના મત પ્રમાણે નવો પ્રયાસમાત્ર પાપ ગણાય. શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરના પતનથી સમજી ગયા હતા – અરે, સાક્ષાત્ ભગવાન હોવાથી જાણતા જ હતા – કે દ્વાપરયુગને ઉપયોગી પ્રથા કળિયુગમાં ચાલી શકે નહિ. એટલે તેમણે તેવા પ્રયત્નો કર્યા નહિ. પરંતુ કળિયુગને ઉચિત ભેદદંડપ્રધાન રાજનીતિનું અનુસરણ કરીને ગર્વિષ્ઠ ક્ષત્રિય જાતિના બળનો નાશ કરીને ભાવિ સામ્રાજ્યને નિષ્કંટક કરવાનો પ્રયાસ કરવા લાગ્યા. કુરુજાતિની સમોવડિયા શત્રુ જાતિ પાંચાલ જાતિને તેમણે કુરુજાતિનો ધ્વંસ કરવાને કામે લગાડી અને જે અન્ય જાતિઓ કંઈક અંશે કુરુઓ પ્રત્યેના વિદ્વેષને લઈને, કંઈક અંશે યુધિષ્ઠિર પ્રત્યેના પ્રેમને લઈને, કંઈક અંશે ધર્મરાજ્ય કે એકતાની આકાંક્ષાથી આકર્ષાઈ હતી, તે સર્વેને તેમણે યુદ્ધના કાર્યમાં પ્રવૃત્ત કરી દીધી. સંધિ કરવાનો જે પ્રયાસ થયો હતો તેમાં શ્રીકૃષ્ણને આસ્થા નહોતી. તેઓ જાણતા હતા કે સંધિનો સંભવ નથી, અને કદાચ સંધિ સ્થપાય તો તે લાંબો કાળ ટકી શકે તેમ નથી. અને તેમ છતાં ય ધર્મની ખાતર, રાજનીતિની ખાતર તેઓ સંધિના પ્રયાસમાં પ્રયત્નશીલ બન્યા. એ તો ચોક્કસ છે કે કુરુક્ષેત્રનું યુદ્ધ શ્રીકૃષ્ણની રાજનીતિનું ફળ હતું. તેનો હેતુ હતો કુરુઓનો અને ક્ષત્રિયોનો ધ્વંસ, નિષ્કંટક સામ્રાજ્ય અને ભારતની એકતા.

જે યુદ્ધ ધર્મરાજ્યની સ્થાપના કરવાને થાય તેને ધર્મયુદ્ધ કહેવાય. એ પ્રકારના ધર્મયુદ્ધને માટે ઈશ્વરે નિર્દિષ્ટ કરેલ વિજેતા દિવ્યશક્તિપ્રેરિત મહારથી અર્જુન હતા. જો અર્જુન શસ્ત્રત્યાગ કરે તો શ્રીકૃષ્ણનો રાજનૈતિક પરિશ્રમ એળે જાય, ભારતની એકતા સ્થપાય નહિ અને દેશના ભાવિમાં ઘણાં માઠાં પરિણામ આવે.

ભ્રાતૃવધ અને કુળનાશ

અર્જુનની બધી યુક્તિ કુળના હિતની વિચારણાને ધોરણે રચાઈ છે. સ્નેહને વશ થઈને સમગ્ર જાતિની હિતની વિચારણા તેમના મનમાંથી દૂર થઈ ગઈ છે. કુરુવંશના હિતનું ચિંતન કરવામાં ભારતનું હિત તેઓ ભૂલી ગયા છે. અધર્મના ભયથી ધર્મને પણ તિલાંજલિ આપવા તત્પર થયા છે. સ્વાર્થને ખાતર ભ્રાતૃવધ એ મહાપાપ છે એ સૌ કોઈ જાણે છે; પરંતુ ભ્રાતૃપ્રેમને અધીન થઈને જાતિના અહિતમાં સહાયભૂત થવું અને તેના હિતમાંથી વિમુખ થવું, એ વધુ મોટું પાપ ગણાય. જો અર્જુન શસ્ત્રનો ત્યાગ કરે તો અધર્મનો જય થાય, દુર્યોધન ભારતમાં પ્રધાનરાજા અને નેતા થઈને સમગ્ર જાતિના ચરિત્રને તેમ જ ક્ષત્રિયકુળના આચરણને પોતાના અનિષ્ટ દૃષ્ટાંતથી કલુષિત કરે, ભારતનાં અન્ય કુળો સ્વાર્થ, ઈર્ષ્યા અને વિરોધથી દોરવાઈને એકબીજાનો નાશ કરવાને ખડે પગે થાય, દેશને એકત્રિત, નિયંત્રિત અને શક્તિને પ્રતાપે સુરક્ષિત રાખનારી કોઈ અદ્વિતીય ધર્મપ્રેરિત રાજ્યશક્તિ રહે નહિ; અને આવી અંધાધૂંધીની દશામાં જે વિદેશી આક્રમણ ત્યાર લગી ભારતનો કોળિયો કરી જવાને મોં ફાડી રહ્યું હતું તે કવખતે ધસી આવી આર્યસભ્યતાને હોઈયાં કરી જાય અને જગતના ભાવિ હિતની આશાને હતી-ન-હતી કરી મૂકે. શ્રીકૃષ્ણ અને અર્જુને પ્રતિષ્ઠિત કરેલા સામ્રાજ્યના નાશથી બે હજાર વર્ષો પછી ભારતમાં જે રાજનૈતિક ઊથલ-પાથલ થઈ તે કદાચ તે જ સમયે શરૂ થઈ જાત.

કેટલાક જણાવે છે કે જે અનિષ્ટના ભયને કારણે અર્જુને વાંધો લીધો હતો તે અંતે સાચો ઠર્યો. કુરુક્ષેત્રના યુદ્ધનું ફળ એટલે ભ્રાતૃવધ, કુળનાશ અને જાતિનાશ. કળિયુગને લઈને જ એ યુદ્ધ થયું હોવું જોઈએ. અને વાત પણ ખરી છે કે એ યુદ્ધમાં ભયંકર હિંસા થઈ. પરંતુ વિચારવાનું એ છે કે બીજા કયા ઉપાયથી શ્રીકૃષ્ણનો ઉદ્દેશ પાર પડી શકયો હોત? આને લઈને તો સંધિની નિષ્ફળતા જાણ્યા છતાં સંધિ કરવાને તેઓ તત્પર થયા હતા. અરે, પાંચ ગામ પણ જો પાછાં મળત તો યે યુધિષ્ઠિર યુદ્ધ કરત નહીં. પગ મૂકવા જેટલી એકલી જમીન મળી હોત તો પણ શ્રીકૃષ્ણ ધર્મરાજ્ય સ્થાપી શકત. પણ દુર્યોધને દૃઢ નિશ્ચય કર્યો હતો કે યુદ્ધ વિના એક તસુ જેટલી જમીન પણ આપવી નહિ. જ્યારે આખા દેશનું ભાવિ યુદ્ધના પરિણામ પર નિર્ભર હોય, ત્યારે ભ્રાતૃવધની ગણતરીથી તેમાં જોડાવું નહિ એ અધર્મ ગણાય. પરિવારના હિતને જાતિના હિતમાં, જગતના હિતમાં હોમવું જોઈએ. માત્ર ભ્રાતૃસ્નેહને વશ થઈને, પરિવારના પ્રેમના મોહથી કરોડો લોકોનો

સર્વનાશ સાંખી શકાય નહિ, કરોડો જણના ભાવિ સુખ કે દુઃખમુક્તિનો નાશ કર્યે ચાલે નહિ. એમ કરવાથી વ્યક્તિની તેમ જ કુળની નરકપ્રાપ્તિ થાય છે.

કુરુક્ષેત્રના યુદ્ધમાં કુળનો નાશ થયો એ વાત પણ ખરી છે. તેને પરિણામે મહાપ્રતાપશાળી કુરુવંશનો લોપ થયો. પરંતુ તેમ થવાથી સમસ્ત ભારતનું રક્ષણ થયું હોય તે બહેતર છે. જેવી પરિવારની મમતા—માયા હોય છે તેવી કુળને વિષેની પણ હોય છે. દેશભાઈને કાંઈ કહેવાય નહિ, તેની સાથે વિરોધ થાય નહિ, તે અનિષ્ટ કરતો હોય કે આતતાયી હોય કે દેશનું સર્વનાશ વાળતો હોય, તો ય તે આપણો ભાઈ છે, સ્નેહનું પાત્ર છે, માટે તે સહી લેવું રહ્યું,—આ પ્રકારની વિચારણા, વૈષ્ણવી-માયાથી ઉત્પન્ન થયેલો જે અધર્મ ધર્મનો ઢોંગ કરીને ઘણાની બુદ્ધિને ભ્રષ્ટ કરે છે, તે જાતની વિચારણા છે. નર્યા સ્વાર્થને ખાતર કારણ વિના કે કોઈ ખાસ પ્રયોજનને અભાવે દેશભાઈનો વિરોધ કરવો એ અધર્મ ગણાય. પરંતુ જ્યારે કોઈ દેશભાઈ આપણી માતાનો પ્રાણ હણવા કે તેનું અનિષ્ટ કરવા સજ્જ થયો હોય, ત્યારે તેની તે દુષ્ટતા શાંતપણે સહી લઈને માતૃહત્યા થવા દેવી કે અનિષ્ટ આચરણ બનવા દેવું, એ તેથી યે મોટું પાતક ગણાય. જ્યારે શિવાજી મુસલમાનની પીઠ થાબડનાર દેશભાઈનો સંહાર કરવા તત્પર થયા ત્યારે જો કોઈ એમ કહેત કે, "અરે, આ કરો છો, આ તો આપણો દેશબાંધવ છે, એને સહી લો, મોગલો મહારાષ્ટ્રને કબજે કરે તો કરવા દો, આપણે તો મરાઠા મરાઠામાં ભ્રાતૃભાવ સાચવવો જોઈએ,"—તો તે કેવું હાસ્યાસ્પદ લાગત? જ્યારે અમેરિકન પ્રજાએ પોતાની ગુલામીની પ્રથાને નાબૂદ કરવા માટે દેશમાં વિરોધનો સૂર ઉઠાવ્યો અને આંતરવિગ્રહ કરીને હજારો દેશભાઈ-ઓના પ્રાણ લીધા, ત્યારે તેમણે કયું કુકર્મ કર્યું હતું? કેટલીક વાર સમગ્ર જાતિના કે જગતના હિતનો એક માત્ર ઉપાય દેશભાઈનો વિરોધ, પરસ્પર યુદ્ધ બને છે. એવે વખતે કુળનાશની વાત આવે તો તેમ છતાં ય જાતિ કે જગતના હિતમાંથી ભ્રષ્ટ થવું એ વાજબી ન ગણી શકાય. અલબત્ત, જો એવે વખતે કુળનું રક્ષણ જાતિના હિતને માટે આવશ્યક બનતું હોય તો તે એક જટિલ સમસ્યા ખડી કરે.

મહાભારતના સમયમાં ભારતમાં જાતિની પ્રતિષ્ઠા થઈ નહોતી. તેઓ કુળને જ મનુષ્યજાતિનું કેન્દ્ર ગણતા. આને લઈને જ પુરાતન વિદ્યાની ખાણ સમા ગણાતા ભીષ્મ, દ્રોણ વગેરેએ પાંડવોની વિરુદ્ધ યુદ્ધ કર્યું: તેઓ જાણતા હતા કે ધર્મ પાંડવોની તરફેણમાં છે, અને એક મોટા સામ્રાજ્યની સ્થાપના કરીને સમસ્ત ભારતને એક કેન્દ્રમાં આણવાનું જરૂરી હતું. પરંતુ તેઓ એ પણ જાણતા હતા કે કુળ જ ધર્મની પ્રતિષ્ઠા છે, જાતિનું કેન્દ્ર છે;

કુળના નાશને પરિણામે ધર્મનું રક્ષણ અને જાતિની સ્થાપના અસંભવિત છે. અર્જુન પણ એ જ ભ્રમમાં પડયા.

આ યુગમાં ધર્મની પ્રતિષ્ઠા અને માનવસમાજનું કેન્દ્ર જાતિ ગણાય છે. પરિણામે યુગધર્મ જાતિનું રક્ષણ થયો છે. જાતિનો નાશ મહાપાતક ગણાય. પરંતુ ભવિષ્યમાં એવો યુગ પણ આવે જ્યારે એક વિરાટ માનવસમાજની પ્રતિષ્ઠા સંભવે, અને તે સમયે કદાચ એક બાજુ જગતના મોટા મોટા જ્ઞાનીઓ અને કર્મ કરનારાઓ જાતિના રક્ષણને માટે ઝૂઝે અને બીજી બાજુ શ્રીકૃષ્ણ ક્રાંતિકારી બનીને નવું કુરુક્ષેત્ર રચીને જગતનું કલ્યાણ સાધે!

શ્રીકૃષ્ણની રાજનીતિનું ફળ

શરૂઆતમાં કૃપાની લાગણીથી ઘેરાઈને અર્જુન કુળનાશની વાત પર વિશેષ મક્કમ હતા; કારણ કે, આવા મોટા સૈન્યને જોઈને કુળનો વિચાર, જાતિનો વિચાર સ્વાભાવિક રીતે જ મનમાં ખડો થાય. આપણે આગળ જોઈ ગયા કે કુળના હિતનો વિચાર તે વેળાના ભારતવાસીને માટે મુખ્ય વાત હતી, જેમ આધુનિક માનવજાતિને સમગ્ર જાતિના હિતનો વિચાર સ્વાભાવિક હોય તેમ. પરંતુ કુળના નાશથી જાતિની પ્રતિષ્ઠાનો નાશ થશે એ આશંકા શું પાયા વગરની હતી?

કેટલાક જણાવે છે કે અર્જુન જેનાથી ડરતા હતા તે જ આખરે થયું: કુરુક્ષેત્રનું યુદ્ધ ભારતની અવનતિ અને તેની લાંબા વખતની પરાધીનતાનું મૂળ કારણ છે. તેજસ્વી ક્ષત્રિયવંશના લોપથી, ક્ષાત્રતેજના હ્રાસથી ભારતનું ઘણું અમંગળ થયું છે. જેના શ્રીચરણે અનેક હિંદુઓ શિષ્યભાવે ઢળે છે એવી એક વિખ્યાત વિદેશી મહિલાએ એટલે સુધી કહ્યું છે કે ક્ષત્રિયોના નાશથી અંગ્રેજી સામ્રાજ્યની સ્થાપનાનો માર્ગ સરળ કરવો એ જ સ્વયં ભગવાનને અવતરવાનો ખરો હેતુ હતો! અમને લાગે છે કે જેઓ આવી અર્થ વગરની વાતો જણાવે છે તેઓ મૂળ વિષયના તળને પામ્યા વિના માત્ર કેટલીક નજીવી રાજનૈતિક બાબતોને આધારે શ્રીકૃષ્ણનો રાજનૈતિક દોષ જણાવે છે. આવું રાજનૈતિક તત્ત્વ એ મ્લેચ્છ વિદ્યા છે, જે અનાર્ય વિચાર-પ્રણાલીમાંથી ઉદ્‌ભવ્યું છે. અનાર્યો આસુરી બળને લઈને બળવાન જણાય છે; તેઓ એ બળને સ્વાધીનતા અને જાતિગત મહત્ત્વનો એક માત્ર ઉપાય માને છે.

જાતિગત મહત્ત્વ કેવળ ક્ષાત્રતેજ ઉપર પ્રતિષ્ઠિત થઈ શકે નહિ. તેની પ્રતિષ્ઠાભૂમિ ચારે વર્ણોનું ચતુર્વિધ તેજ છે. સાત્ત્વિક બ્રહ્મતેજ, રાજસિક ક્ષાત્રતેજને જ્ઞાન, વિનય અને પરહિતવિચારની મધુર સંજીવનીસુધાથી

જીવંત રાખે છે, અને ક્ષાત્રતેજ શાંત બ્રહ્મતેજનું રક્ષણ કરે છે. ક્ષાત્રતેજ વગરનું બ્રહ્મતેજ તમો-ભાવ દ્વારા ઘેરાઈને શૂદ્રત્વના હલકા ગુણોનો આશરો લે છે; તેથી જ જે દેશમાં ક્ષત્રિય ન હોય ત્યાં બ્રાહ્મણને રહેવાનું નિષિદ્ધ ગણ્યું છે. જો ક્ષત્રિયવંશનો લોપ થાય તો નવા ક્ષત્રિયો ઉત્પન્ન કરવાની બ્રાહ્મણની ફરજ છે. બ્રહ્મતેજ વગરનું ક્ષાત્રતેજ દુર્દાન્ત ઉદ્દામ આસુરી બળમાં પરિણમીને પ્રથમ પરહિતનો વિનાશ કરવામાં પ્રવૃત્ત થાય છે અને અંતે પોતે પણ વિનષ્ટ થાય છે. રોમન કવિએ યથાર્થ કહ્યું છે કે અસુરગણ પોતાના બળના અતિરેકથી ભ્રષ્ટ થઈને સમૂળગા નાશને પામે છે. સત્ત્વ રજસને ઉત્પન્ન કરે અને રજસ સત્ત્વનું રક્ષણ કરે અને તે સાત્ત્વિક કાર્યમાં જોડાય તો જ વ્યક્તિનું તેમ જ સમગ્ર જાતિનું મંગળ સંભવે. જો સત્ત્વ રજસને ગળી જાય કે રજસ સત્ત્વને ગળી જાય તો તમોગુણના પ્રાદુર્ભાવથી વિજયી ગુણ સ્વયં પરાજિત થાય છે અને પરિણામે તમોગુણની આણ વરતાય છે. બ્રાહ્મણ કદાપિ રાજા થઈ શકે નહિ; ક્ષત્રિયનો નાશ થવાથી શૂદ્ર રાજા થાય અને બ્રાહ્મણ તમોગુણમાં પતિત થઈને અર્થના લોભે જ્ઞાનને વિકૃત કરી દે છે અને શૂદ્રનો દાસ બની જાય છે. પરિણામે આધ્યાત્મિકતા પ્રમાદને પોષતી થઈ જાય છે અને પોતે મ્લાન બનીને ધર્મની અવનતિનું કારણ બને છે. ક્ષત્રિય વગરની શૂદ્રસંચાલિત જાતિમાંથી ગુલામી જ સંભવે છે. ભારતની આવી દશા થયેલી છે.

બીજી બાજુથી વિચારતાં આસુરિક બળના પ્રભાવે કરીને ક્ષણિક ઉત્તેજનાને વશ થઈને કદાચ થોડા સમયને માટે શક્તિનો સંચાર જણાય, કંઈક મહત્ત્વની નિશાની વરતાય; પરંતુ, લાંબે ગાળે આખો દેશ કાં તો દુર્બળતા, ગ્લાનિ અને શક્તિની ક્ષીણતાને લઈને અવસન્ન થઈ જાય, કાં તો રાજસિક વિલાસ, દંભ, સ્વાર્થબુદ્ધિમાં સમગ્ર જાતિ ફસાઈ પડીને પોતાના ગૌરવનું રક્ષણ કરવાને અસમર્થ નીવડે, કાં તો આંતરિક વિરોધો, દુર્નીતિ અને અત્યાચારમાં સબડીને આખો દેશ શત્રુને માટે સહેલો શિકાર બની જાય. ભારતના અને યુરોપના ઈતિહાસમાં આવાં ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે.

મહાભારતના સમયમાં આસુરિક બળને લઈને પૃથ્વી અસ્થિર બની ગઈ હતી. ભારતમાં એવો તેજસ્વી પરાક્રમશાળી પ્રચંડ ક્ષાત્રતેજનો વિસ્તાર પૂર્વે થયો ન હતો, પાછળથી પણ થયો નથી. પરંતુ એવા ભીષણ બળના સદુપયોગનો સંભવ ઘણો ઓછો હતો. જેઓ આ બળના આધારભૂત હતા તે સર્વે અસુર પ્રકૃતિના હતા. અહંકાર, દર્પ, સ્વાર્થ, સ્વેચ્છાચાર તેમની રગેરગમાં વ્યાપી ગયાં હતાં. જો શ્રીકૃષ્ણ આ બળનો વિનાશ કરીને ધર્મરાજ્યની સ્થાપનામાં પ્રવૃત્ત થાત નહિ, તો જે ત્રણ પ્રકારનાં પરિણામોનું ઉપર વર્ણન

કરવામાં આવ્યું તેમાંનું એકાદ તો થાત જ. કવખતે ભારત મ્લેચ્છોના હાથમાં જાત.

અહીં યાદ રાખવું જરૂરી છે કે કુરુક્ષેત્રનું યુદ્ધ પાંચ હજાર વર્ષો પૂર્વે થયું હતું અને અઢી હજાર વર્ષો પસાર થયા પછી મ્લેચ્છોનું પ્રથમ સફળ આક્રમણ સિંધુ નદીના બીજા કિનારા લગી પહોંચી શકયું. અર્થાત્, અર્જુને પ્રતિષ્ઠિત કરેલું ધર્મરાજ્ય આટલો વખત બ્રહ્મતેજથી પ્રેરિત ક્ષાત્રતેજને પ્રભાવે દેશનું રક્ષણ કરી શકયું. તદુપરાંત તે સમયનું સંચિત થયેલું ક્ષાત્રતેજ દેશના પ્રમાણમાં એટલું બધું હતું કે તેમાંનો એક ભાગ પણ હજાર વર્ષો લગી દેશને નભાવી શકયો. ચન્દ્રગુપ્ત, પુષ્યમિત્ર, સમુદ્રગુપ્ત, વિક્રમ, સંગ્રામસિંહ, પ્રતાપ, રાજસિંહ, પ્રતાપાદિત્ય, શિવાજી વગેરે મહાપુરુષો પોતાના ક્ષાત્રતેજને બળે દેશના દુર્ભાગ્યની સામે ઝૂઝી શકયા હતા. થોડા સમય પૂર્વે જ ગુજરાતના યુદ્ધમાં અને લક્ષ્મીબાઈની ચિતામાં તે તેજનો છેલ્લો તણખો બુઝાઈ ગયો ! તે સમયે શ્રીકૃષ્ણની રાજનીતિનું સુફળ અને પુણ્ય પરવારી ગયાં ! હવે વળી ભારતને અને જગતને રક્ષવા માટે પાછી પૂર્ણાવતારની જરૂર ઊભી થઈ છે. એ અવતાર વળી પાછું લુપ્ત બ્રહ્મતેજ જગાવી ગયા. અને એ બ્રહ્મતેજ પાછું ક્ષાત્રતેજને ઉત્પન્ન કરશે.

શ્રીકૃષ્ણે ભારતના ક્ષાત્રતેજને કુરુક્ષેત્રના રક્તસમુદ્રમાં ખતમ કરી દીધું ન હતું; પરંતુ આસુરિક બળનો વિનાશ કરીને બ્રહ્મતેજ તેમ જ ક્ષાત્રતેજ એમ બન્નેયનું તેમણે રક્ષણ કર્યું હતું. અલબત્ત, આસુરિક બળથી ગર્વિષ્ઠ બનેલા ક્ષત્રિયવંશનો સંહાર કરીને ઉદ્દામ રજ:શક્તિને તેઓ છિન્નભિન્ન કરી ગયા, પરંતુ આ પ્રકારના મહાવિપ્લવના કાળમાં આંતરિક વિરોધોને ઉત્કટ ભોગ દ્વારા ક્ષીણ કરીને તેમનું દમન કરવામાં આવે છે. ઉદ્દામ ક્ષત્રિયકુળનો સંહાર હમેશાં અનિષ્ટકારી હોતો નથી. આંતરિક વિરોધને પરિણામે રોમન ક્ષત્રિય-કુળના નાશથી અને રાજયતંત્રની સ્થાપનાથી રોમનું વિશાળ સામ્રાજ્ય અકાળ વિનાશમાંથી બચી ગયું હતું. ઈંગ્લૅન્ડમાં શ્વેત અને રક્ત ગુલાબના આંતરિક વિરોધને લઈને ક્ષત્રિયકુળના નાશને પરિણામે ચોથો ઍડવર્ડ, આઠમો હેન્રી અને રાણી ઈલેઝાબેથ એક સુરક્ષિત, પરાક્રમશાળી અને વિશ્વવિજયી આધુનિક ઈંગ્લૅન્ડનો પાયો નાખતાં ગયાં. કુરુક્ષેત્રના યુદ્ધમાં પણ ભારતને તે જ પ્રકારનું રક્ષણ મળ્યું હતું.

કળિયુગમાં ભારતની અવનતિ થઈ છે એની કોઈ ના કહી શકે તેમ નથી. પરંતુ અવનતિ આણવાને કદાપિ ભગવાન અવતર્યા નથી. અવતાર હમેશાં ધર્મના રક્ષણને માટે, વિશ્વના રક્ષણને માટે, લોકોના રક્ષણને માટે હોય છે. વિશેષ કરીને કળિયુગમાં જ ભગવાન પૂર્ણભાવે અવતરે; કારણ કે,

કળિમાં માનવોની અવનતિનો ઘણો ભય હોય છે, અધર્મની વૃદ્ધિ આપમેળે થાય છે, એટલે અધર્મનો નાશ અને ધર્મની સ્થાપનાને માટે કળિની ગતિ અટકાવવા આ યુગમાં વારંવાર અવતાર સંભવી શકે છે.

જ્યારે શ્રીકૃષ્ણ અવતર્યા હતા ત્યારે કળિના રાજ્યની શરૂઆત થઈ ચૂકી હતી. તેમના આવિર્ભાવથી ગભરાઈને કળિ પોતાના રાજ્યમાં પગલું મૂકી શકયો નહિ. તેમની જ કૃપાથી પરીક્ષિત કળિને પાંચ ગામનું દાન કરીને તેમના જ યુગમાં તેમનું જ એકાધિપત્ય ટૂંકાવી શકયો. કળિયુગની શરૂઆતથી ઠેઠ સુધી કળિની સામે માનવનો જે ભીષણ સંગ્રામ ચાલી રહ્યો છે અને ચાલશે, તે સંગ્રામમાં સહાયક બનીને નાયકરૂપે ભગવાનના અવતાર અને વિભૂતિ વારંવાર પ્રગટશે. તે સંગ્રામને ઉચિત એવાં બ્રહ્મતેજ, જ્ઞાન, ભક્તિ, નિષ્કામ કર્મનું શિક્ષણ વગેરેનું રક્ષણ કરવા માટે ભગવાન કળિયુગની શરૂઆતમાં માનવશરીર ધારણ કરીને અવતર્યા.

ભારતનું સંરક્ષણ માનવકલ્યાણની ભૂમિકા છે. કુરુક્ષેત્રમાં ભગવાને ભારતનું સંરક્ષણ કર્યું હતું. એ રક્તસમુદ્રમાં, નૂતન જગતની લીલાના પદ્મમાં કાળરૂપી વિરાટ પુરુષે વિહાર કરવાનું શરૂ કરી દીધું !

બીજો અધ્યાય

શ્રીકૃષ્ણનો ઉત્તર

શ્રીકૃષ્ણે જોયું કે અર્જુન કૃપાના આવેશમાં છે, વિષાદમાં તે ડૂબી ગયેલ છે. આવો તામસિક ભાવ દૂર કરવાના હેતુથી અંતર્યામીએ પોતાના પ્રિય સખાનો ક્ષત્રિયોચિત તિરસ્કાર કર્યો, જેથી કરીને તેનામાં રાજસિક ભાવ જાગે અને તમોભાવ ચાલ્યો જાય. તેથી તેમણે જણાવ્યું કે હે અર્જુન, જરા વિચારી જો. તારા પક્ષને માટે અત્યારે સંકટનો સમય છે. આવે વખતે જો તું હથિયાર છોડી દઈશ તો તેમને માટે સંપૂર્ણ વિપત્તિ અને વિનાશ સંભવશે. રણક્ષેત્રમાં પોતાના પક્ષનો ત્યાગ તારા જેવા ક્ષત્રિયશ્રેષ્ઠને શોભે નહીં. ક્યાંથી તને એકાએક આવી દુર્મતિ સૂઝી? તારો મનોભાવ દુર્બળ છે, પાપપૂર્ણ છે. અનાર્યો આવા ભાવને પ્રશંસે, તેને વશ વર્તે. આર્યને માટે એ અનુચિત છે. આને પરિણામે પરલોકમાં સ્વર્ગપ્રાપ્તિની બાધા થશે, આ લોકમાં યશ અને કીર્તિ ઝંખવાશે.

ત્યાર પછી તેમણે મર્મભેદી તિરસ્કાર કર્યો. તારો ભાવ તો કાયરને છાજે તેવો છે. તું છે એક વીરશ્રેષ્ઠ, વિજેતા, કુંતીપુત્ર,—અને તારે મોઢે આવી કાયરતાની વાત? તારી આ દુર્બળતાને છોડી દે. ઊઠ અને તારાં કર્તવ્યકર્મમાં પ્રવૃત્ત થા.

કૃપા અને દયા

કૃપા અને દયા અલગ અલગ ભાવો છે. કૃપા દયાનો વિરોધી ભાવ પણ હોઈ શકે છે. આપણે દયાથી પ્રેરાઈને જગતનું કલ્યાણ કરવા પ્રયત્નશીલ થઈએ છીએ; મનુષ્યનાં દુ:ખ, જાતિનાં દુ:ખ, પારકાનાં દુ:ખ ટાળવા મથીએ છીએ. જો પોતાનું કે કોઈ અન્ય વ્યક્તિનું દુ:ખ સહન ન કરી શકવાને કારણે, આપણે કલ્યાણસાધનામાંથી નિવૃત્ત થઈએ, તો તે દયા ન કહેવાય; એ થયો માત્ર કૃપાનો આવેશ. આખી માનવજાતિનું કે સ્વદેશનું દુખ દૂર કરવાના હેતુથી કટિબદ્ધ થવું એ દયાભાવ ગણાય. રક્ત-પાતના ભયથી કે પ્રાણીહિંસાના ભયથી એ પુણ્યકારી કર્મમાંથી પાછા હઠવું અને જગતનાં કે સ્વજાતિનાં દુ:ખની ચાલી આવેલી સ્થિતિમાં સહાયભૂત થવું, એ થયો કૃપાનો ભાવ. લોકોનાં દુ:ખથી દુખી થઈને દુ:ખ દૂર કરવાની જે પ્રબળ પ્રવૃત્તિ તે થઈ દયા. બીજાંનાં દુ:ખથી, ચિંતાથી કે એ દુ:ખનાં દર્શનથી કાયર થઈ જવું એ થઈ કૃપા. કાયરતા કૃપાનો ભાવ છે. દયા છે

બળવાનનો ધર્મ, કૃપા છે દુર્બળનો ધર્મ. દયાની લાગણીથી પ્રેરાઈને બુદ્ધદેવ સ્ત્રીપુત્ર, માતાપિતા, ભાઈભાંડુઓને દુ:ખી કરીને જગતનું દુ:ખ દૂર કરવા ચાલી નીકળ્યા હતા. ઉગ્ર દયાના આવેશમાં ઉન્મત્ત કાલિએ જગદ્વ્યાપી અસુરનો સંહાર કરીને, પૃથ્વીને લોહીમાં તરબોળ કરીને સૌનું દુ:ખ ટાળ્યું હતું. અર્જુને કૃપાના આવેશમાં શસ્ત્રનો ત્યાગ કર્યો.

આવો ભાવ અનાર્યને ઘટે, તેનું આચરણ અનાર્ય કરે. આર્યશિક્ષણ ઉદાર, વીરોચિત અને દૈવી શિક્ષણ છે. અનાર્ય મોહમાં ફસાઈને, અનુદાર ભાવને ધર્મ માની લઈને ઉદાર ભાવનો ત્યાગ કરે છે. અનાર્ય રાજસિક ભાવથી પ્રેરાઈને, પોતાનું, પોતાનાં પ્રિયજનોનું, પોતાના પરિવારનું કે કુળનું હિત જુએ છે, પરંતુ વિરાટનું કલ્યાણ જોઈ શકતો નથી. કૃપાને વશવર્તીને પોતાને પુણ્યશાળી માનતો અનાર્ય ગર્વ કરે છે અને કઠોરવ્રતી આર્યને નિષ્ઠુર, અધર્મપરાયણ ગણે છે. તામસિક મોહથી મુગ્ધ બનીને અનાર્ય અપ્રવૃત્તિને નિવૃત્તિ માને છે, સકામ પુણ્યપ્રિયતાને, ધર્મનીતિને ઉચ્ચ આસને બેસાડે છે. દયા આર્યભાવ છે, કૃપા અનાર્યભાવ છે.

દયાને વશ થઈને પુરુષ પારકાંનું અમંગળ અને દુ:ખ દૂર કરવાને માટે તે અમંગળ અને દુ:ખની સામે ઝઝૂમે છે. દયાને વશ થઈને નારી પારકાંનાં દુ:ખ હળવાં કરવાને માટે શુશ્રૂષા, પ્રયત્ન આદરે છે, પરહિતને કાજે પોતાનો પ્રાણ અર્પે છે, શક્તિ ખર્ચે છે. કૃપાને વશ થઈને જે હથિયારનો ત્યાગ કરે છે, ધર્મમાંથી વિમુખ થાય છે અને રડતો રડતો વિચારે છે કે હું મારું કર્તવ્ય કરું છું, હું પુણ્યવાન છું, – તે કલીબ છે, નામર્દ છે. આ એક ક્ષુદ્ર ભાવ છે, દુર્બળતા છે. વિષાદ કદાપિ ધર્મ હોઈ શકે નહીં. જે વિષાદનો આશરો લે છે, તે પાપનો આશરો લે છે. આ પ્રકારની ચિત્તની મલિનતા અને અશુદ્ધ દુર્બળ ભાવ ત્યજીને યુદ્ધમાં પ્રવૃત્ત થઈને કર્તવ્યનું પાલન કરવામાં જગતનું રક્ષણ છે, ધર્મનું રક્ષણ છે. અને આ રીતે પૃથ્વીનો ભાર હળવો કરવો એ શ્રેયસ્કર છે.

શ્રીકૃષ્ણનો કહેવાનો આ મર્મ છે.

અર્જુનની ઉપદેશ માટે પ્રાર્થના

શ્રીકૃષ્ણનો કહેવાનો ઉદ્દેશ અર્જુન સમજી ગયા, એટલે એમણે કોઈ રાજનૈતિક વાંધો ઉઠાવ્યો નહિ. પરંતુ બીજી બધી મુશ્કેલીઓનો ઉત્તર નહિ મળવાથી તેઓ શ્રીકૃષ્ણના ઉપદેશ માટે તેમને શરણે ગયા. તેમણે જણાવ્યું : "હું સ્વીકારું છું કે હું ક્ષત્રિય છું; કૃપાને આધીન થઈને મહાન કાર્યમાંથી

પીછેહઠ કરવી તે મારે માટે કાયરતાસૂચક છે, અકીર્તિજનક છે, ધર્મવિરુદ્ધ છે. પરંતુ મારું મન માનતું નથી, પ્રાણને પ્રતીતિ થતી નથી. મન જણાવે છે કે ગુરુજનની હત્યા કરવી એ મહાપાપ ગણાય; પોતાના સુખને કાજે ગુરુજનની હત્યા કર્યે અધર્મમાં પતિત થઈને ધર્મ, મોક્ષ, પરલોક વગેરે જે વાંછનીય ગણાય છે, તે સર્વ નષ્ટ થઈ જાય. કદાચ કામનાની તૃપ્તિ થાય, અર્થસ્પૃહા સંતોષાય; પણ તે કયાં લગી? અધર્મથી પ્રાપ્ત કરેલા ભોગ પ્રાણપર્યંત ટકે; પણ ત્યાર પછી તો અનિર્વચનીય દુર્ગતિ! અને એ પ્રમાણે ભોગ ભોગવતી વેળાએ તેમાં ગુરુજનના રક્તનો ખ્યાલ આવતાં કેમ કર્યે સુખ કે શાંતિ વળે? પ્રાણ જણાવે છે કે આ બધાં તારાં પ્રિયજન છે; તેમની હત્યા કરીને આ જન્મમાં સુખ મેળવવાની વાત જવા દેજે. અરે, જીવવું પણ અકારું લાગશે! પછી જો તું મને આખી પૃથ્વીનું સામ્રાજ્ય આપીશ વા સ્વર્ગ પર વિજય મેળવીને ઈન્દ્રનો ઐશ્વર્યભોગ અર્પીશ, તો ય હું તારું કાંઈ સાંભળીશ નહિ. મને જે શોક ઘેરી વળશે તેનાથી બધી કર્મેન્દ્રિયો, બધી જ્ઞાનેન્દ્રિયો છવાઈ જશે. અને તેને લઈને અવસન્ન થઈ જશે, પોત-પોતાનાં કામોમાં શિથિલ થઈ જશે, અસમર્થ થઈ જશે. અને તેવે વખતે હું શું ભોગવી શકવાનો હતો?

મારા વિષમ ચિત્તને દીનતા ઘેરી વળી છે, અને તેથી કરીને મારો અસલ ક્ષત્રિયસ્વભાવ પણ તેમાં ઢંકાઈ ગયો છે. હું તમારે શરણે આવ્યો છું. મને જ્ઞાન આપો, શક્તિ આપો, શ્રદ્ધા આપો. મારો કલ્યાણનો માર્ગ બતાવીને મારું રક્ષણ કરો,"

ભગવાનની પાસે સંપૂર્ણભાવે શરણાગતિ એ જ ગીતાનો યોગમાર્ગ છે. એને આપણે આત્મસમર્પણ કે આત્મનિવેદન પણ કહી શકીએ. જે માનવ ભગવાનને ગુરુ, પ્રભુ, સખા, માર્ગદર્શક ગણીને અન્ય સૌ ધર્મોને તિલાંજલિ દેવા તત્પર થાય છે અને પાપ–પુણ્ય, કર્મ–અકર્મ, સત્ય–અસત્ય, મંગલ–અમંગલનો વિચાર કર્યા વગર પોતાનાં જ્ઞાન, કર્મ અને સાધનાનો સમગ્ર ભાર શ્રીકૃષ્ણને અર્પણ કરે છે તે જ ગીતાએ જણાવેલા યોગમાર્ગનો સાચો અધિકારી ગણાય. અર્જુને શ્રીકૃષ્ણને કહ્યું કે તમે જો મને ગુરુહત્યા કરવાનું કહેતા હો તો પ્રથમ મને ધર્મ અને કર્તવ્યકર્મ સમજાવો, ત્યાર પછી હું તે પ્રમાણે કરવા તૈયાર છું. આવી ગંભીર શ્રદ્ધાને લઈને સમસામયિક બધા મહાપુરુષોમાં ગીતામાં જણાવેલી શિક્ષાને માટે અર્જુન શ્રેષ્ઠ પાત્ર થઈ શકયા.

ઉત્તરમાં પ્રથમ શ્રીકૃષ્ણે અર્જુનની બે મુશ્કેલીઓનું ખંડન કર્યું અને ત્યાર પછી ગુરુનો ભાર સ્વીકારીને તેમણે અસલ જ્ઞાન દેવાની શરૂઆત કરી. આડત્રીસ શ્લોકો લગી સઘળી આપત્તિઓનું ખંડન છે અને ત્યાર પછી

ગીતાના શિક્ષણનો આરંભ થાય છે. પરંતુ આ આપત્તિઓના ખંડનમાં પણ કેટલુંક મહત્ત્વનું શિક્ષણ રહ્યું છે, જે નહિ સમજવાથી ગીતાનું ખરું શિક્ષણ હૃદયંગમ થઈ શકે નહિ. આ બાબતની વિસ્તૃત આલોચના જરૂરી છે,

મૃત્યુની અસત્યતા

અર્જુનની વાત સાંભળીને શ્રીકૃષ્ણને મુખે હાસ્ય પ્રગટયું. એ હાસ્ય જેવું મર્માળું તેવું જ પ્રસન્નતાપૂર્ણ હતું. અર્જુનના ભ્રમમાં માનવજાતિનો પુરાતન ભ્રમ પારખીને અન્તર્યામી હસ્યા. એ ભ્રમ શ્રીકૃષ્ણની જ વૈષ્ણવી માયામાંથી ઉદ્ભવેલો છે. જગતનાં સર્વે અશુભ, દુ:ખ અને દુર્બળતાને ભોગ-દ્વારા અને સંયમદ્વારા નાશ કરવા માટે તેમણે માનવોને માયાને વશ કર્યા છે. પ્રાણની મમતા, મરણનો ભય, સુખદુ:ખની અધીનતા, પ્રિયઅપ્રિયનો બોધ વગેરે અજ્ઞાન અર્જુનની વાતમાં વ્યક્ત થાય છે. એને માનવની બુદ્ધિમાંથી દૂર કરીને જગતને અશુભમાંથી મુક્ત કરવું જોઈએ,—એ પ્રકારના શુભ કાર્યની અનુકૂળ અવસ્થાની તૈયારી કરવાને શ્રીકૃષ્ણ આવ્યા છે અને ગીતાનો પ્રકાશ કરવા ઈચ્છે છે. પરંતુ પ્રથમ તો અર્જુનના મનમાં જે ભ્રમ થયો છે તેનો ભોગદ્વારા ક્ષય કરવો જોઈશે. અર્જુન શ્રીકૃષ્ણના સખા છે, માનવજાતિના પ્રતિનિધિ છે. એટલે તેમને ગીતા સમજાવવી પડશે, કારણ કે તેઓ જ શ્રેષ્ઠ પાત્ર છે.

પરંતુ માનવજાતિ હજી લગી ગીતાનો અર્થ ગ્રહણ કરવા યોગ્ય બની નથી, અર્જુન પણ સંપૂર્ણ અર્થ ગ્રહણ કરી શકયા નથી. જે શોક, દુ:ખ, કાયરતાએ તેમના મનને ઘેરો ઘાલ્યો છે, તેને માનવજાતિ કળિયુગમાં પૂર્ણભાવે ભોગવતી આવી છે. ખ્રિસ્તી ધર્મે પ્રેમ આણીને, બૌદ્ધ ધર્મે દયા આણીને અને ઈસ્લામે શક્તિ આણીને તે દુ:ખ દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. હવે કળિયુગમાં અંતર્ગત પ્રથમ ખંડ જે સત્યયુગ તે શરૂ થશે. ભગવાન વળી પાછા ભારતને, કુરુજાતિના વંશધરોને ગીતાનું પ્રદાન કરશે. જો તે ગ્રહણ કરી શકીશું, ધારણ કરવાને સમર્થ થઈશું, તો ભારતનું મંગળ, સમસ્ત જગતનું મંગળ, એ તેનું નિર્ણીત ફળ છે.

એટલે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું : "હે અર્જુન, તું પંડિતની માફક પાપ-પુણ્યનો વિચાર કરે છે, જીવનમરણના તત્ત્વની વાતો કરે છે, જાતિનું શામાં કલ્યાણ કે અકલ્યાણ છે તેનું પ્રતિપાદન કરવાને મથે છે; પરંતુ તારી વાતોમાં અસલ જ્ઞાનનો પરિચય થતો નથી. ખરું જોતાં તો તારી સઘળી વાતો ઘોર અજ્ઞાનથી ભરેલી છે. આના કરતાં તો સ્પષ્ટ ભાષામાં કહી દે કે મારું હૃદય દુર્બળ છે, શોકથી કાયર છે અને બુદ્ધિ કર્તવ્યથી વિમુખ છે. જ્ઞાનીની પરિ-

ભાષામાં એક અજ્ઞાનીની માફક તર્ક કરીને તું તારી દુર્બળતાનું સમર્થન કરે છે, પણ તેથી કોઈ પ્રયોજન સરવાનું નથી. મનુષ્યમાત્રના હૃદયમાં શોક ઉત્પન્ન થાય છે; મરણ અને વિચ્છેદ ભયંકર છે, જીવન મહામૂલ્યવાન છે, શોક અસહ્ય છે, કર્તવ્ય કઠોર છે, સ્વાર્થસિદ્ધિ મધુર છે,—આમ સમજીને માનવમાત્ર હર્ષ કરે છે, દુ:ખ કરે છે, હસે છે, રડે છે. પરંતુ આ બધી વૃત્તિઓને કોઈ પણ મનુષ્ય જ્ઞાનમાંથી જન્મેલી માનતો નથી.

જેમને માટે શોક કરવો અનુચિત છે તેમને માટે તું શોક કરે છે. જ્ઞાની કોઈને માટે શોક કરતો નથી, નહિ મરેલાંને માટે કે નહિ જીવતાંને માટે. તે સમજે છે કે મરણ નથી, વિચ્છેદ નથી, દુ:ખ નથી; આપણે અમર છીએ, ચિરકાળ એક છીએ. આપણે આનંદનાં સંતાન છીએ, અમૃતનાં સંતાન છીએ. આ પૃથ્વી પર આપણે જીવનમરણની સાથે, સુખદુ:ખની સાથે સંતાકુકડી રમવા આવ્યાં છીએ, પ્રકૃતિના આ વિશાળ નાટયગૃહમાં આપણે હસવા-રડવાનો અભિનય કરીએ છીએ, શત્રુ કે મિત્રનો પાઠ લઈને યુદ્ધ કે શાંતિ, કલહ કે પ્રેમનો આસ્વાદ લઈએ છીએ. આજે થોડો વખત અહીં છીએ ત્યાં લગી ઠીક છે; કાલે કે પરમ દિવસે કોણ જાણે કયાંય ચાલ્યા જઈશું તે જાણતા નથી. આ તો આપણું અનંત ક્રીડામાંનું એક મુહૂર્ત છે, ક્ષણનો ખેલ છે, કેટલાક હાવભાવ છે. આપણે હતા, છીએ અને હોઈશું,—સનાતન, નિત્ય, અનશ્વર. આપણે છીએ પ્રકૃતિના ઈશ્વર, જીવનમરણના કર્તા, ભગવાનના અંશ, ભૂત, વર્તમાન અને ભવિષ્યના અધિકારી.

જેમ દેહને બાળપણ છે, જુવાની છે, વૃદ્ધાવસ્થા છે, તેમ દેહાંતર-પ્રાપ્તિ પણ છે. મરણ તો છે નામ માત્ર. તેનું નામ સાંભળીને આપણે અમથા બીએ છીએ, દુ:ખી થઈએ છીએ. જો ખરી વાત જાણતા હોત તો ભય ન પામત, દુખી ન થાત. આપણે જો બાળકની જુવાનીની અવસ્થાને તેના બાળપણનું મરણ માનીને રડી ઊઠીએ અને કહીએ કે હાય, કયાં ગયો મારો એ પ્રિય બાળક, આ જુવાન તો એ કુમળું બાળક નથી, — હાય, કયાં ગયો મારો એ લાડીલો, — તો એ જાતના બળાપાને બધાં હસી કાઢશે અને કહેશે કે આ તો ઘોર અજ્ઞાનનું પરિણામ છે; કારણ કે અવસ્થાંતરપ્રાપ્તિ એ પ્રકૃતિનો નિયમ છે. બાળકને દેહે કે યુવાનને દેહે એક જ પુરુષ બાહ્ય પરિવર્તનોથી અતીત થઈને સ્થિરભાવે રહેલો છે. જ્ઞાની સામાન્ય મનુષ્યોને મરણથી ભય અને દુખ પામતાં જોઈને તેમનાં તે આચરણને હાસ્યપાત્ર અને ઘોર અજ્ઞાન-માંથી ઊપજેલાં માને છે; કારણ કે દેહાંતરપ્રાપ્તિ પ્રકૃતિનો નિયમ છે. સ્થૂળ દેહે કે સૂક્ષ્મ દેહે એક જ પુરુષ બાહ્ય પરિવર્તનોથી પર થઈને સ્થિર ભાવે રહેલો છે. આપણે તો છીએ અમૃતનાં સંતાન : કોણ મરે છે, કોણ મારે

છે! મૃત્યુ તો આપણને સ્પર્શ પણ કરી શકે નહીં,—એ તો છે માત્ર પોલો અવાજ, ભ્રમ. મૃત્યુ છે જ નહીં.

માત્રા

પુરુષ અચલ છે, પ્રકૃતિ ચલ છે. ચલ પ્રકૃતિમાં પુરુષ રહેલો છે. પ્રકૃતિમાં રહેલો પુરુષ પાંચ ઈન્દ્રિયો દ્વારા જે કંઈ દેખે છે, સાંભળે છે, સૂંઘે છે, ચાખે છે, સ્પર્શે છે, તે બધાંનો ઉપભોગ કરવા ખાતર પ્રકૃતિનો આશરો લે છે. આપણે રૂપ જોઈએ છીએ, શબ્દ સાંભળીએ છીએ, સુગંધી લઈએ છીએ, રસ ચાખીએ છીએ, સ્પર્શ અનુભવીએ છીએ. આમ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, એ પાંચ તન્માત્રા ઈન્દ્રિયોપભોગના વિષયો છે. છઠ્ઠી ઈન્દ્રિય છે મન. તેનો વિશેષ વિષય છે સંસ્કાર. બુદ્ધિનો વિષય વિચાર છે. આ પ્રમાણે પાંચ તન્માત્રાઓ, સંસ્કાર અને વિચારનો અનુભવ તેમ જ ઉપભોગ કરવાને પુરુષ અને પ્રકૃતિનું પરસ્પર મિલન અને અનંત ક્રીડા છે. આ ઉપભોગ બે પ્રકારનો છે: શુદ્ધ અને અશુદ્ધ. શુદ્ધ ભોગમાં સુખદુ:ખ હોતાં નથી.

પુરુષનો ચિરંતન સ્વભાવસિદ્ધ ધર્મ આનંદ છે. અશુદ્ધ ભોગમાં સુખ-દુ:ખ છે: ટાઢુંઊનું, ભૂખતરસ, હરખશોક ઈત્યાદિ જોડકાં અશુદ્ધ ભોગીને વિચલિત અને વિક્ષુબ્ધ કરી મૂકે છે. કામના અશુદ્ધિનું કારણ છે. કામી માત્ર અશુદ્ધ છે. જે નિષ્કામ છે તે જ શુદ્ધ છે. કામનાથી રાગદ્વેષ જન્મે છે, રાગદ્વેષને લઈને પુરુષ વિષયમાં આસક્ત થાય છે અને આસક્તિનું ફળ છે બંધન. પુરુષ વિચલિત અને વિક્ષુબ્ધ, વ્યથિત અને યંત્રણા ભોગવતો છતાં આસક્તિથી ટેવાઈ જઈને પોતાનાં ક્ષોભ, વ્યથા કે યંત્રણાનું કારણ છોડવાને અસમર્થ બની જાય છે.

સમભાવ

શ્રીકૃષ્ણે પ્રથમ આત્માની નિત્યતાનો ઉલ્લેખ કર્યો અને ત્યાર પછી અજ્ઞાનનાં બંધનો ઢીલાં કરવાનો ઉપાય દર્શાવ્યો. માત્રા, અર્થાત્ વિષયનાં અનેકવિધ સ્પર્શ, સુખ, દુ:ખ વગેરે દ્વંદ્વનાં કારણ છે. આ બધા સ્પર્શો અનિત્ય છે. તેમને આરંભ છે, અંત છે. તેમને અનિત્ય ગણીને આસક્તિનો ત્યાગ કરવો જોઈએ. જો અનિત્ય વસ્તુઓમાં આસક્ત થઈએ તો તેના આવવાથી હર્ષ થાય, તેના અભાવથી, નાશથી દુ:ખ થાય, પીડા થાય. આ પ્રકારની અવસ્થા એ થઈ અજ્ઞાનની અવસ્થા. અજ્ઞાનને પરિણામે અનશ્વર આત્માનો સનાતન ભાવ અને તેમાંથી પરિણમતો આનંદ ઢંકાઈ જાય છે. માત્ર ક્ષણસ્થાયી ભાવમાં અને વસ્તુમાં મત્ત રહીએ છીએ. તેના નાશના

દુ:ખથી શોકસાગરમાં ડૂબી જઈએ છીએ. આ પ્રમાણે ન થતાં વિષયોના સર્વે સ્પર્શો જે સહન કરી શકે છે, એટલે કે સઘળા દ્વંદ્વો ઉપલબ્ધ કર્યા છતાં જે સુખમાં કે દુ:ખમાં, શીતમાં કે ઉષ્ણમાં, પ્રિયમાં કે અપ્રિયમાં, મંગલમાં કે અમંગલમાં, સિદ્ધિમાં કે અસિદ્ધિમાં, હર્ષ કે શોક અનુભવ્યા વગર સમાન ભાવે, પ્રફુલ્લ ચિત્તે, હસતે મોઢે બધું ગ્રહણ કરી શકે છે, તે પુરુષ રાગદ્વેષથી મુક્ત હોય છે અને અજ્ઞાનનાં બંધનો તોડીને તે સનાતન ભાવ તેમ જ આનંદ ઉપલબ્ધ કરવાને સમર્થ બને છે,— अमृतत्वाय कल्पते ।

સમતાનો ગુણ

સમતા ગીતાનું પ્રથમ શિક્ષણ છે, ગીતાની સાધનાનો પાયો છે. ગ્રીસ દેશના સ્ટૉઈક કહેવાતા લોકોએ ભારતવર્ષમાંથી આ સમતાનું શિક્ષણ મેળવીને યુરોપમાં સમતાવાદનો પ્રચાર કર્યો હતો. ગ્રીક દાર્શનિક એપિકયૂરસે શ્રીકૃષ્ણે પ્રચારેલા શિક્ષણની એક અન્ય દિશા પકડીને શાંત ભોગના શિક્ષણનો —epicurianismનો—, અર્થાત્ ભોગવાદનો પ્રચાર કર્યો હતો. આ બન્ને મતવાદ, સમતાવાદ અને ભોગવાદ, પ્રાચીન યુરોપના શ્રેષ્ઠ નૈતિક મતવાદ ગણાતા અને આધુનિક યુરોપમાં પણ તે બન્ને નવે સ્વરૂપે પ્યૂરીટેનિઝમ અને પેગેનિઝમ (puritanism અને paganism)ના ચિરદ્વંદ્વમાં પરિણત થયા છે. પરંતુ ગીતામાં જણાવેલી સાધનામાં સમતાવાદ અને શાંત કે શુદ્ધ ભોગવાદ જ ગણી શકાય.

સમતા કારણ છે. શુદ્ધ ભોગ તેનું કાર્ય છે. સમતાથી આસક્તિ મરે છે, રાગદ્વેષ શમે છે, અને પરિણામે શુદ્ધતા જન્મે છે. શુદ્ધ પુરુષનો ભોગ કામના કે આસક્તિરહિત હોવાથી શુદ્ધ હોય છે. આમાં જ સમતાનો ગુણ રહ્યો છે, એટલે કે સમતાની સાથે આસક્તિ તેમ જ રાગદ્વેષ એક સાથે ટકી ન શકે. સમતા એ જ શુદ્ધિનું બીજ છે.

દુ:ખનો જય

ગ્રીસના સ્ટૉઈક સંપ્રદાયે એક એ ભૂલ કરી કે તેઓ દુ:ખ પર વિજય મેળવવાનો સાચો ઉપાય સમજી શકયા નહોતા. તેમણે દુ:ખનો નિગ્રહ કરીને, તેને દબાવીને તેના પર વિજય મેળવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ ગીતામાં જણાવું છે કે प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति. પ્રાણી-માત્ર પોતપોતાની પ્રકૃતિને અનુસરે છે. તેમાં નિગ્રહથી શું વળે? દુ:ખનો નિગ્રહ કરવાથી માનવનું હૃદય શુષ્ક, કઠોર અને પ્રેમશૂન્ય બની જાય છે. દુ:ખમાં આંસુ સારવાં નહિ, યંત્રણાનો સ્વીકાર કરવો નહિ, 'એ તો કાંઈ

નહિ' એમ માનીને બધું સહન કરવું; સ્ત્રીનું દુ:ખ, સંતાનનું દુ:ખ, ભાઈભાંડુ-ઓનું દુ:ખ, સમગ્ર જાતિનું દુ:ખ અવિચલિત ભાવે જોવું, – આ પ્રકારના ભાવમાં બલદૃપ્ત અસુરની તપસ્યા રહેલી છે. તેનું મહત્ત્વ પણ છે, માનવની સમગ્ર ઉન્નતિની સાધનામાં તેનું કાંઈક પ્રયોજન પણ છે. પરંતુ દુ:ખ પર વિજય મેળવવાનો તે અસલ ઉપાય નથી; અથવા કહો કે છેલ્લી વાત નથી. તેનો સાચો ઉપાય છે જ્ઞાન, શાંતિ, સમતા. શાંતભાવે સુખદુ:ખ ગ્રહણ કરવાં એ જ ખરો માર્ગ છે. પ્રાણમાં સુખદુ:ખનો સંચાર અટકાવ્યા વિના બુદ્ધિને અવિચલિત રાખવી. સમતાનું સ્થાન બુદ્ધિ છે, નહિ ચિત્ત, નહિ પ્રાણ. બુદ્ધિની સમતાથી ચિત્ત અને પ્રાણ આપમેળે સમતા ધારણ કરે છે અને છતાં પ્રેમ વગેરે પ્રકૃતિગત પ્રવૃત્તિઓ સુકાઈ જતી નથી, મનુષ્ય પથ્થર જેવો જડ થઈ જતો નથી. प्रकृतिं यान्ति भूतानि, – પ્રેમ વગેરે પ્રવૃત્તિઓ પ્રકૃતિની ચિરંતન પ્રવૃત્તિઓ છે. તેમાંથી બચી જવાનો એકમાત્ર ઉપાય પરબ્રહ્મમાં લય થઈ જવું તે છે. પ્રકૃતિમાં રહ્યા છતાં તેમાંથી બચી જવું અસંભવ છે. જો કોમળતાનો ત્યાગ કરશો તો કઠોરતા હૃદયને ઘેરી વળશે, જો બહારથી દુ:ખનાં સ્પંદનોનો નિષેધ કરવામાં આવશે તો દુ:ખ ભીતરમાં જામતું જશે અને અલક્ષ્યભાવે પ્રાણને સૂકવી નાખશે. આ પ્રકારની કૃચ્છ્ર સાધનામાં ઉન્નતિનો સંભવ નથી. અલબત્ત, તપસ્યાથી શક્તિ વધે, પરંતુ જેને આ જન્મમાં દબાવ્યું તે અન્ય જન્મમાં સઘળા અવરોધો ભેદીને બમણે વેગે ઊછળી આવશે.

ધર્મ અને રાષ્ટ્રીયતા

જગન્નાથનો રથ

આદર્શ સમાજ એટલે માનવસમષ્ટિના અંતરાત્મા ભગવાનનું વાહન, જગન્નાથની યાત્રાનો રથ. એકતા, સ્વાધીનતા, જ્ઞાન અને શક્તિ એ ચાર એનાં ચક્ર છે.

મનુષ્યની બુદ્ધિએ રચેલો અથવા તો પ્રકૃતિના અશુદ્ધ પ્રાણતત્ત્વના સ્ફુરણમાંથી જન્મેલો સમાજ એક જુદી જ વસ્તુ છે. એવો સમાજ માનવ-સમષ્ટિના નિયંતા ભગવાનનો રથ નથી, પરંતુ આ માનવસમષ્ટિમાં સમષ્ટિગત રહેલા અહંકારનું જ વાહન છે. આ અહંકારની બહુરૂપી શક્તિ જગતની અંદર વસેલા મુક્ત અંતર્યામીને ઢાંકી દે છે, વિશ્વ પાછળ રહેલી ભગવાનની પ્રેરણાને વિકૃત કરી નાખે છે. આ પ્રાકૃત સમાજ કોઈ એક ખાસ લક્ષ્ય વિના હર-કોઈ વસ્તુ માટે ગમે તે કર્મોમાં પ્રવૃત્ત થાય છે, બુદ્ધિના અપૂર્ણ અને અસિદ્ધ સંકલ્પો એને ધકેલે છે, નિમ્ન પ્રકૃતિની નવી નવી કે જૂની પ્રેરણાઓને તે અવશપણે તાબે થઈ જાય છે. સમાજનું પ્રેરક તત્ત્વ જ્યાં સુધી અહંકાર રહેશે ત્યાં સુધી તેને પોતાના સાચા લક્ષ્યનું જ્ઞાન નહિ થાય. અને જ્ઞાન થશે તોપણ એ દિશામાં રથને બરાબર લઈ જઈ શકાશે નહિ. ભાગવત દિવ્ય પૂર્ણતાને પ્રાપ્ત કરવામાં અહંકાર મુખ્ય વિઘ્ન છે. આ વસ્તુ જેટલી વ્યક્તિને માટે સાચી છે તેટલી જ સમષ્ટિને માટે પણ સાચી છે.

પ્રાકૃત માનવસમાજમાં ત્રણ મુખ્ય પ્રકાર જોવામાં આવે છે. એમાંના પહેલા પ્રકારને આપણે એક ઉત્તમ રથની ઉપમા આપી શકીએ. ઘણા નિપુણ કારીગરોએ એને બનાવ્યો છે. એનું અંગેઅંગ ઝગઝગી રહ્યું છે. એમાં સર્વ પ્રકારની સુખસામગ્રી છે. કેળવાયેલા બળવાન અશ્વો એને ખેંચી રહ્યા છે. એક સુંદર માર્ગ ઉપર એ જ્ઞાનપૂર્વક ગતિ કરી રહ્યો છે. એની ગતિમાં ઉતાવળ નથી, મંદતા નથી. એનો સ્વામી સાત્ત્વિક અહંકાર છે. અંદર બેઠો બેઠો એ રથનું ચાલન કરે છે. પરંતુ જે ઊર્ધ્વ ઉચ્ચ પ્રદેશ ઉપર ભગવાનનું મંદિર આવી રહેલું છે ત્યાં તેની ગતિ પહોંચી શકતી નથી. એ ઉચ્ચ પ્રદેશની તળેટીમાં જ તે અટકી જાય છે, એની આસપાસ ફર્યા કરે છે. જો આપણે એ ઉચ્ચ પ્રદેશમાં જવું હોય તો રથમાંથી ઊતરી જઈ પગે ચાલીને જવાનું રહે છે. વેદકાળ પછી પ્રાચીન આર્યોનો જે સમાજ હતો તેને આ પ્રકારનો રથ કહી શકાય.

માનવ સમાજના બીજા પ્રકારને મોટરગાડીની સાથે સરખાવી શકાય. વિલાસપ્રિય કર્મપરાયણ માણસોએ એની રચના કરેલી છે. ધોરી રસ્તા ઉપર ધૂળના ગોટેગોટા ઉડાડતી પૂર વેગમાં એ દોડે છે, એના ભૂંગળાનો અવાજ કાનને બહેરા કરી મૂકે છે, પોતાની હડફેટમાં આવે તેને તે પછાડી નાખે છે.

એમાં બેસનારનો જીવ જોખમમાં છે. એમાં અનેક અકસ્માતોનો સંભવ છે. એ બગડી જાય તો એને પાછી ઠીક કરતાં ઘણી મુશ્કેલી પડે છે. પણ ઠીક થઈ ગયા પછી એ પાછી રુઆબભેર ચાલવા માંડે છે. એનો માલિક રાજસિક અહંકાર છે. એની દૃષ્ટિ સમક્ષ કોઈ સ્પષ્ટ લક્ષ્ય નથી. કોઈ પણ નવી વસ્તુને જોતાં તે પોકારી ઊઠે છે, 'આ રહ્યું લક્ષ્ય, આ રહ્યું લક્ષ્ય.' અને એ દિશામાં ગાડીને વહેતી મૂકે છે. આ વાહનમાં આરામ તો ઠીક ઠીક મળે, પણ સાથે સાથે આપત્તિ માટે પણ તૈયાર રહેવાનું છે. એમાં બેસીને પ્રભુ પાસે પહોંચવું અશકય છે. પશ્ચિમનો અર્વાચીન સમાજ આ પ્રકારની મોટર છે.

માનવસમાજનો ત્રીજો પ્રકાર છે આપણા જરીપુરાણા બળદગાડા જેવો. એના ઘણાખરા ભાગ તૂટી ગયેલા છે. કાચબાની ગતિએ તે ચાલે છે. ભૂખથી અધમૂઆ દૂબળા બળદ એને ખેંચે છે. ગામડાના સાંકડા રસ્તા પર એ ચાલે છે. એ ગાડામાં એક અંધ અશક્ત ડોસો બેઠો છે. એનું પેટ વધી ગયેલું છે, કપડાં ગંદાં ગોબરાં છે, ગાડામાં બેઠો બેઠો એ આરામથી હુક્કો ગગડાવ્યે રાખે છે. ગાડાનો કર્કશ ખખડાટ સાંભળતો સાંભળતો એ ભૂતકાળનાં ઝાંખાં-પાંખાં સ્મરણો વાગોળ્યા કરે છે. એનું નામ છે તામસિક અહંકાર. એના ગાડી હાંકનાર નોકરનું નામ છે પુસ્તકિયા જ્ઞાન. પોતે ક્યારે નીકળવું, કઈ દિશામાં જવું એનો નિર્ણય આ ગાડીવાન પંચાંગમાં જોઈ જોઈને કરે છે, અને કહેતો રહે છે કે, 'જગતમાં આજે જે કંઈ છે વા હતું તે જ ઉત્તમ છે. કંઈ નવું કરવાનો પ્રયત્ન કરવો એ સાવ અનિષ્ટ છે.' આ વાહનમાં બેસીને પ્રભુની પાસે તો નહિ જ જવાય. કદાચ ઝડપભેર શૂન્ય બ્રહ્મમાં પહોંચવાનો સંભવ ખરો!

તામસિક અહંકારનું આ ગાડું જ્યાં સુધી ગામડાના કાચા રસ્તા પર છે ત્યાં સુધી સલામત છે. પણ પ્રચંડ વેગવાળાં વાહનોથી ઊભરાતા રાજમાર્ગ પર એ પહોંચશે ત્યારે એની જે દશા થશે તે વિચારતાં જરા કંપ થાય છે. મુશ્કેલી એ છે કે હવે એણે પોતાનું વાહન બદલવાનો સમય આવી ચૂકયો છે એ વાત એ જાણી શકતો નથી, સ્વીકારી શકતો નથી. એ એના જ્ઞાન અને શક્તિ બહારની વાત છે. જ્ઞાન માટે એ કશી પ્રવૃત્તિ જ કરતો નથી. એમ કરે તો એનો બધો વ્યાપાર પડી ભાંગે, એની માલિકી ધૂળમાં મળી જાય. જ્યારે કોઈ વિકટ પરિસ્થિતિ ઊભી થાય છે ત્યારે આ પ્રવાસીઓમાંથી કોઈ કોઈ બોલી ઊઠે છે, 'અરે, રહેવા દો. જે છે તે જ સારું છે. જુઓને, આ તો આપણી જ વસ્તુ છે.' આ છે આપણા રૂઢિરક્ષક અથવા ભાવના-પ્રધાન દેશભક્તો. કેટલાક કહે છે, 'અરે, આમાં થોડો થોડો ફેરફાર કરી લો ને!' જાણે કે એટલું કરતાં વેંત જ આ બળદગાડામાંથી ઉત્તમ અમૂલ્ય

મોટર બની જશે! આ લોકો છે આપણા સુધારાવાળાઓ. બીજા કેટલાક કહે છે, 'ના ના, આપણો પેલો પ્રાચીન કાળનો રથ જ પાછો લઈ આવીએ.' આ અશક્ય વસ્તુને શક્ય કરવા માટે તેઓ થોડોઘણો પ્રયત્ન પણ કરે છે, પણ એમની આશા કેવી રીતે ફળીભૂત થશે તેનાં કશાં ચિહ્ન ક્યાંય દેખાતાં નથી.

આ ત્રણ પ્રકારમાંથી જ જો કોઈ એકની પસંદગી કરવાની હોય, અને એથી વધારે કોઈ મહાન પુરુષાર્થ કરવો ન હોય તો પછી સાત્ત્વિક અહંકારનો જ એક નવો રથ બનાવવો ઈષ્ટ ગણાય. પરંતુ જ્યાં સુધી જગન્નાથનો રથ નહિ રચાય, ત્યાં સુધી આદર્શ સમાજની રચના થવાની નથી. એ જ અંતિમ આદર્શ છે, પરમ ગંભીર અને ઉચ્ચ સત્ય એમાં જ પ્રકટ થશે, મૂર્તિમંત થશે. મનુષ્યજાતિ, તેના અંતરમાં વસેલા વિશ્વપુરુષની ગૂઢ પ્રેરણાથી આ આદર્શને જ સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ પોતાની પ્રકૃતિમાં રહેલા અજ્ઞાનને લીધે તે કંઈક જુદું જ કરી બેસે છે, એની રચનામાં કંઈક વિકૃતિ આવી જાય છે, કશુંક અધૂરું રહી જાય છે, કંઈક બગડી જાય છે. તેને હાથે કોઈ રચના થાય છે તોપણ તેમાં સૌન્દર્યનું તત્ત્વ સંપૂર્ણપણે સાકાર બનતું નથી. શિવને બદલે કોઈ વામન વા રાક્ષસ, કે કોઈ વચલી ભૂમિની અર્ધદૈવી શક્તિનો જ તેને ભેટો થાય છે.

જગન્નાથના રથની મૂળ આકૃતિ કેવી છે તે કોઈ જાણતું નથી. કોઈ પણ જીવન-શિલ્પી એનું ચિત્ર આંકી શકે તેમ નથી. એ ચિત્ર તો ફક્ત વિશ્વ-પુરુષના હૃદયમાં જ છે. અનેક આવરણોથી તે ઢંકાયેલું છે. અંતર્યામીની યોજના એવી લાગે છે કે અનેક દ્રષ્ટાઓ, યુગપુરુષો અને વિભૂતિઓના પુરુષાર્થ દ્વારા ધીમે ધીમે એ ચિત્ર પ્રગટ થતું જાય, અને એમ ક્રમે ક્રમે સ્થૂલ જગતમાં પોતાની પ્રતિષ્ઠા કરતું જાય.

જગન્નાથના આ રથનું મૂળ નામ 'સમાજ' નહિ, 'સંઘ' છે. વળી એ 'સંઘ' એટલે બહુમુખી અને શિથિલ એવો જનસમુદાય કે જનતા નહિ, પરંતુ આત્મજ્ઞાન અને ઈશ્વરજ્ઞાનની ઐક્યમુખી શક્તિ દ્વારા આનંદપૂર્વક રચાયેલી, કોઈ પણ પ્રકારના બંધન વિનાની છતાં અવિચ્છેદ્ય એવી 'સંહતિ', 'ભાગવત સંઘ.'

સમાજ એટલે કોઈ એક કાર્ય માટે અનેક લોકોનું એકત્ર થવું તે, શબ્દની વ્યુત્પત્તિ જાણતાં તેનો અર્થ વધારે સ્પષ્ટ થાય છે. 'સમ્' પ્રત્યયનો અર્થ છે 'એકત્ર,' 'અજ્' ધાતુનો અર્થ છે ગતિ કરવી, દોડવું, લડવું. જગતમાં હજારો મનુષ્યો કોઈ ને કોઈ હેતુથી ભેગા મળે છે, પોતપોતાના લક્ષ્ય તરફ ધસે છે. કોઈ આગળ વધી જાય છે, મોટો બની જાય છે. એમાંથી સ્પર્ધા —competition નો જન્મ થાય છે. બીજા માનવસમૂહો સાથે અને આપસ-

આપસમાં પણ અથડામણો ઊભી થાય છે, યુદ્ધો જામે છે. પોતપોતાનું સંગઠન સાધવાને, સહાય મેળવવાને, પોતાનો હેતુ પાર પાડવાને મનુષ્યો મનુષ્યો વચ્ચે અનેક પ્રકારના સંબંધો સ્થપાય છે, અનેક પ્રકારના આદર્શો ઊભા થાય છે. અને એમાંથી મહામહેનતે સંસ્થાઓ જન્મે છે, અસ્થિર રૂપની અને અપૂર્ણ. આ છે સમાજનું, પ્રાકૃત જગતનું સ્વરૂપ.

પ્રાકૃત સમાજનો પાયો ભેદ ઉપર મંડાયેલો છે. એ ભેદની ભૂમિકા ઉપર જે એકતા ઊભી થાય છે તે આંશિક હોય છે, અનિશ્ચિત અને અસ્થાયી હોય છે. આદર્શ સમાજ આથી ઊલટી રીતે જ રચાય છે. એના પાયામાં એકતા હોય છે. એમાં જે ભિન્નતા કે પૃથક્‌ભાવ પ્રગટે છે તે આનંદની વિવિધ લીલાને ખાતર હોય છે, ભેદને ખાતર નહિ. પ્રાકૃત સમાજમાં દેખાતી એકતા સ્થૂલ પ્રકારની હોય છે, મનથી નિપજાવેલી, કે પરિસ્થિતિમાંથી જન્મેલી હોય છે. આદર્શ સંઘમાં આત્મામાંથી પ્રગટતી એકતા એ જ પ્રાણ રૂપે હોય છે.

આજ સુધીમાં અમુક મર્યાદિત ક્ષેત્રમાં આદર્શ સંઘો રચવાના કેટલાક નિષ્ફળ પ્રયત્નો થયા છે. એ પ્રયત્નોની પાછળ, પશ્ચિમમાં બન્યું છે તેમ, કેટલીક વાર બૌદ્ધિક વિચારોની પ્રેરણા હોય છે, કેટલીક વાર બૌદ્ધોની માફક નિર્વાણ તરફ જવા માટે, કર્મમાંથી સદંતર છૂટા થઈ જવાની વૃત્તિ હોય છે, અથવા તો ખ્રિસ્તી ધર્મના આરંભમાં હતું તેમ પ્રભુભક્તિનો આવેગ હોય છે. પરંતુ સમાજમાં રહેલા દોષો અને અપૂર્ણતાઓ થોડા જ વખતમાં એ પ્રવૃત્તિઓમાં પણ પેસી જાય છે. 'સંઘ'નો પાછો 'સમાજ' બની રહે છે. અસ્થિર બુદ્ધિના વિચારો લાંબો વખત ટકી શકતા નથી. પ્રાણની નવી નવી કે જૂની વૃત્તિઓના વેગવાન પ્રવાહમાં તે વિચારો ઘસડાઈ જાય છે. એકલી ભાવનાના બળે આ પ્રયત્નો સફળ થઈ શકતા નથી. એ અશક્ય છે. ભાવના છેવટે પોતાના આવેશથી જ થાકી જાય છે, શિથિલ થઈ જાય છે. અને નિર્વાણની ખોજ તો માણસ પોતે એકલો રહીને કરે એ જ સારું છે. નિવૃત્તિ શોધનાર લોકો સંઘ રચવાની પ્રવૃત્તિ કરે એ વદતોવ્યાઘાત છે. સંઘ સ્વાભાવિક રીતે જ કર્મની આસપાસ રચાઈ શકે. સંઘ તો સંબંધોની લીલાભૂમિ છે.

જ્યારે સમષ્ટિમાં રહેલા વિરાટ પુરુષની પ્રેરણાથી જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય થઈ માનવના આત્મામાં રહેલી એકતા પ્રગટ થશે, ત્યારે જગન્નાથના રથનાં ચક્રો જગતના માર્ગ પર ગતિ કરશે, એના પ્રકાશથી દિશાઓ આલોકિત બનશે, પૃથ્વી ઉપર સત્ય યુગનો અવતાર થશે, મર્ત્ય માનવની આ પૃથ્વી પ્રભુનું ક્રીડાંગણ, ભગવાનની મંદિર-નગરી, Temple City of God – આનંદપુરી બનશે.

માનવસમાજની ત્રણ અવસ્થાઓ

માનવનાં જ્ઞાન અને શક્તિ વિકસતાં વિકસતાં અનેક સ્વરૂપો ધારણ કરે છે. આ પ્રકારના વિકાસની ત્રણ અવસ્થાઓ આપણે જોઈએ છીએ : (૧) શરીરપ્રધાન પ્રાણનિયંત્રિત સામાન્ય અવસ્થા; (૨) બુદ્ધિપ્રધાન ઉન્નતિપંથી મધ્યમ અવસ્થા અને (૩) આત્મપ્રધાન શ્રેષ્ઠ પરિણત અવસ્થા.

પ્રથમ અવસ્થામાં, એટલે કે પ્રાણથી નિયંત્રિત થતી શરીરને મુખ્ય ગણનારી પ્રથમ અવસ્થામાં, મનુષ્ય કામ અને અર્થનો દાસ હોય છે. તેને માત્ર સહજ સ્વાર્થનું જ્ઞાન હોય છે. સામાન્ય ભાવ અને પ્રેરણાથી (instinct અને impulse) તે સંચાલિત થાય છે. કામનાઓની અથડામણ, અર્થનો સંઘર્ષ અને એ રીતે ઘટનાઓની પરંપરાને લઈને જે વ્યવસ્થા સર્જાય છે અને જે સરળતાવાળી જણાતી હોય છે તેને તે પસંદ કરે છે. આવી નાની મોટી થોડી ઘણી વ્યવસ્થાઓની સંહતિને ધર્મ કહેવામાં આવે છે. આ પ્રકારની નિમ્ન સામાન્ય અવસ્થાનો ધર્મ હોય છે રુચિપરંપરાગત, કુલગત કે સામાજિક આચાર. સામાન્ય માણને મોક્ષની કલ્પના હોતી નથી, આત્માનું અનુસંધાન પણ તેને થયું હોતું નથી. એક વિશાળ શારીરિક અને પ્રાણગત પ્રવૃત્તિઓનું બૃહત લીલાક્ષેત્ર તેને માટે કલ્પિત સ્વર્ગ જણાય છે. તે તરફ તેના વિચારો વળતા નથી હોતા. શરીર છૂટયું એટલે સ્વર્ગે જવું એ તેનો મોક્ષ ગણાય છે.

બુદ્ધિપ્રધાન મનુષ્ય કામ અને અર્થને વિચાર દ્વારા નિયંત્રિત કરવાને હમેશ પ્રયત્નશીલ હોય છે. કામની શ્રેષ્ઠ ચરિતાર્થતા ક્યાં હોઈ શકે, જીવનના અનેક બહુમુખી અર્થમાં કયા અર્થને મહત્ત્વ આપવું ઉચિત ગણાય, આદર્શ જીવનનું સ્વરૂપ કેવું હોય,—અને બુદ્ધિથી સંચાલિત થતા કયા નિયમોને લઈને આ સ્વરૂપ પરિસ્ફુટ થાય, આદર્શની સિદ્ધિ થાય,—આ પ્રકારની શોધમાં બુદ્ધિપ્રધાન મનુષ્ય રચ્યોપચ્યો રહે છે. આ પ્રકારનું સ્વરૂપ અને આદર્શ નિયમનું કોઈ એક તર્કબદ્ધ અનુશીલન,—આ પ્રકારનો ધર્મ સમાજનો ધર્મ હોવો જોઈએ એમ બુદ્ધિમાન મનુષ્ય ઈચ્છે છે. આ પ્રકારની ધર્મબુદ્ધિ જ માનસજ્ઞાનથી પ્રકાશિત ઉન્નત સમાજની નિયંતા બને છે.

આત્મપ્રધાન માનવ બુદ્ધિ, મન, પ્રાણ અને શરીર ઉપરાંત ગૂઢ આત્માનું અનુસંધાન પામ્યો હોય છે. તે જીવનની ગતિની પ્રતિષ્ઠાભૂમિ તરીકે આત્મજ્ઞાનને જ માનતો હોય છે. મોક્ષ, આત્મપ્રાપ્તિ, ભગવાનને મેળવવા, એ જીવનની પરિણતિ છે એમ માનીને આત્મપ્રધાન વ્યક્તિ તેની સઘળી ગતિને તે તરફ વાળે છે, જીવનની જે પ્રણાલી અને આદર્શનું અનુશીલન આત્માની પ્રાપ્તિ કરવામાં ઉપયોગી થાય, જેથી કરીને માનવ

ક્રમવિકાસનું ચક્ર તે ધ્યેય તરફ લઈ જઈ શકે, તેને તે ધર્મ ગણે છે. શ્રેષ્ઠ સમાજ આ પ્રકારના આદર્શ અને ધર્મ દ્વારા સંચાલિત થાય છે.

આમ પ્રાણપ્રધાન માનવ પછી બુદ્ધિપ્રધાન માનવ અને બુદ્ધિપ્રધાન માનવ પછી આત્મપ્રધાન માનવ, – એમ માનવયાત્રી એક પછી એક ભાગવત-પર્વત પર આરોહણ કરવાને ગતિ કરે છે.

ઉપર જણાવી તેમાંની એક માત્ર ધારા કોઈ પણ એક સમાજમાં અળગી જણાતી નથી. ઘણે ભાગે બધાય સમાજમાં આ ત્રણે પ્રકારના મનુષ્યો વસતા હોય છે અને આવા માનવસમૂહનો સમાજ પણ મિશ્રજાતિનો હોય છે.

સામાન્ય સમાજમાં પણ બુદ્ધિમાન અને આત્મવાન પુરુષો હોય છે. જો આવી વ્યક્તિઓ વિરલ હોય છે તો તે સમાજ સંહતિરહિત અને સિદ્ધિ વગરનો હોય છે; અને તો પછી સમાજરૂપી વૃક્ષ પર કોઈ ખાસ ફળ જણાતાં નથી. જો મોટી સંખ્યાવાળાને સંહતિમાં બાંધીને શક્તિમાન સિદ્ધિને પામે તો જ સામાન્ય સમાજને આંગળીએ લઈને ઉન્નતિ તરફ વળાય છે. તેમ છતાં સામાન્ય માણસોની સંખ્યા વધુ હોવાને કારણે બુદ્ધિમાન કે આત્મવાનનો ધર્મ ઘણે ભાગે વિકૃતિને પામે છે; બુદ્ધિનો ધર્મ પરંપરાગત નિયમાનુસરણમાં (convention) પરિણત થાય છે અને આત્મજ્ઞાનનો ધર્મ રુચિ અને બાહ્ય આચારના દબાણથી ક્લિષ્ટ, ખરડાયેલો, પ્રાણહીન અને લક્ષ્યભ્રષ્ટ થાય છે. આ પ્રકારનાં પરિણામ હમેશાં જોવામાં આવે છે.

જ્યારે બુદ્ધિનું પ્રાબલ્ય હોય છે ત્યારે બુદ્ધિ સમાજની નેતા થવાનો વેશ ધારણ કરે છે અને સમજ વગરનાં રુચિ અને આધારને ભાંગીને કે બદલાવીને માનસજ્ઞાનથી પ્રકાશિત ધર્મની પ્રતિષ્ઠા કરવાને પ્રયત્નશીલ બને છે. પશ્ચિમના જ્ઞાનનાં પ્રકાશનાં સ્વરૂપો (enlightenment), સામ્ય, સ્વાધીનતા અને મૈત્રી, – એ ત્રણ આ રીતના પ્રયત્નનો એક પ્રકાર છે. પરંતુ સિદ્ધિ અસંભવ છે. આત્મજ્ઞાનને અભાવે બુદ્ધિમાન પણ પ્રાણ, મન અને શરીરના આકર્ષણને લઈને પોતાનો આદર્શ પોતે જ વિકૃત કરે છે. નિમ્ન પ્રકૃતિના પંજામાંથી છટકવું ઘણું અઘરું હોય છે. અને મધ્ય અવસ્થામાં – જ્યાં સ્થાયિત્વ જણાતું નથી – કાં તો નીચે પતન થવાનો સંભવ હોય છે, કાં તો ઉચ્ચ તરફ ઊઠવાનું હોય છે, – ત્યાં નીચે અને ઊંચે એ બન્ને આકર્ષણોની વચ્ચે બુદ્ધિ દોલાયમાન જણાય છે.

અહંકાર

આપણી ભાષામાં અહંકાર શબ્દના એવા વિકૃત અર્થ થઈ ગયા છે કે આર્યધર્મનાં મુખ્ય મુખ્ય અંગોની સમજણ આપતી વખતે ઘણી વાર અસ્પષ્ટતા ઊભી થાય છે. ગર્વ રાજસિક અહંકારનું એક વિશેષ પરિણામ છે, તેમ છતાં સામાન્ય રીતે અહંકારનો અર્થ આ પ્રકારનો જ સમજાય છે. અહંકારનો ત્યાગ કરવાની વાત આવતાં ગર્વનો ત્યાગ અથવા રાજસિક અહંકારને છોડવાની વાત મનમાં ખડી થાય છે. ખરી રીતે જોતાં સઘળું અહંજ્ઞાન અહંકાર છે. અહંબુદ્ધિ માનવના વિજ્ઞાનમય આત્મામાં જન્મે છે. પ્રકૃતિમાં રહેલા ત્રણ ગુણોની લીલા પ્રમાણે તેની ત્રણ પ્રકારની વૃત્તિઓ વિકાસ પામી છે: સાત્ત્વિક અહંકાર, રાજસિક અહંકાર, તામસિક અહંકાર.

સાત્ત્વિક અહંકાર જ્ઞાનપ્રધાન અને સુખપ્રધાન છે. મને જ્ઞાન છે, મને આનંદ થાય છે, એવા ભાવો સાત્ત્વિક અહંકારનું કાર્ય છે. સાધકનો અહં, ભક્તનો અહં, જ્ઞાનીનો અહં, નિષ્કામ કર્મીનો અહં, — આ સઘળા અહં સત્ત્વપ્રધાન છે, જ્ઞાનપ્રધાન છે, સુખપ્રધાન છે. રાજસિક અહંકાર કર્મપ્રધાન છે. હું કર્મ કરું છું, હું વિજય પામું છું, હું પરાજય પામ્યો છું, હું પ્રયાસ કરું છું, મારી જ કાર્યસિદ્ધિ છે, મારી અસિદ્ધિ છે, હું બળવાન છું, હું સિદ્ધ છું, હું સુખી છું, હું દુઃખી છું, — આવા બધા ભાવો રજોપ્રધાન છે, કર્મપ્રધાન છે, પ્રવૃત્તિજનક છે. તામસિક અહંકાર અજ્ઞાનપૂર્ણ છે, પ્રવૃત્તિરહિત છે. હું અધમ છું, હું લાચાર છું, હું આળસુ છું, હું અશક્ત છું, હું હીન છું. મારે કોઈ આશા નથી, પ્રકૃતિમાં લીન થતો જાઉં છું અને એ જ છે મારી ગતિ, આવા બધા ભાવો તમોપ્રધાન છે, અપ્રવૃત્તિજનક છે, અપ્રકાશજનક છે.

જેઓ તામસિક અહંકારથી ક્લિષ્ટ હોય છે, તેમને ગર્વ હોતો નથી, છતાં અહંકાર ભરપૂર હોય છે. જેવો બળનો અહંકાર છે, તેવો દુર્બળતાનો અહંકાર પણ છે. જેઓ તામસિક ભાવે ગર્વહીન હોય છે, તેઓ અધમ અને દુર્બળ હોય છે, ભય અને નિરાશાને લઈને પારકાના પગમાં આળોટતા હોય છે. તામસિક નમ્રતાનું, તામસિક ક્ષમાનું, તામસિક સહિષ્ણુતાનું કશું જ મૂલ્ય નથી, તેનું કોઈ સારું ફળ પણ નથી.

જેઓ સર્વત્ર નારાયણનું દર્શન કરીને સઘળાની પાસે નમ્ર, સહિષ્ણુ અને ક્ષમાશીલ બને છે તેમનું જ પુણ્ય થાય છે. જેઓ આ બધી અહંકૃત વૃત્તિઓનો સમૂળગો ત્યાગ કરીને ત્રૈગુણ્યમયી માયાને ઓળંગી જાય છે. તેઓને નથી હોતો ગર્વ, નથી હોતી નમ્રતા; ભગવાનની જગન્મયી શક્તિ તેવાઓના મન અને પ્રાણરૂપી આધારમાં જે ભાવ ઉત્પન્ન કરે છે, તેથી

તેઓ સંતુષ્ટ થાય છે અને અનાસક્ત થઈને અટલ શાંતિ તેમ જ આનંદ પામે છે. તામસિક અહંકાર સર્વ રીતે ત્યજવા લાયક છે. રાજસિક અહંકારને જાગ્રત કરીને સત્ત્વથી જન્મતા જ્ઞાનની મદદથી તેને નિર્મૂળ કરવો, એ ઉન્નતિનું પ્રથમ સોપાન છે. રાજસિક અહંકારના હાથમાંથી છૂટવું હોય તો તેનો ઉપાય છે જ્ઞાન, શ્રદ્ધા અને ભક્તિનો વિકાસ.

સત્ત્વપ્રધાન વ્યક્તિ એમ નથી કહેતી કે હું સુખી છું, તે એમ જણાવે છે કે, મારા પ્રાણમાં સુખનો વિકાસ થઈ રહ્યો છે; તે એમ નથી કહેતી કે હું જ્ઞાની છું, તે જણાવે છે કે, મારામાં જ્ઞાનનો સંચાર થઈ રહ્યો છે. તે જાણતી હોય છે કે સુખ કે જ્ઞાન તેનાં નથી, જગન્માતાનાં છે. અને છતાં સર્વ પ્રકારના અનુભવોની સાથે આનંદ ભોગવવાની જ્યાં લગી લાલસા હોય છે, ત્યાં લગી તે જ્ઞાની કે ભક્તનો ભાવ અહંકૃત જાણવો. જ્યાં લગી "મારું થઈ રહ્યું છે." એમ કહેવામાં આવે છે ત્યાં લગી અહંબુદ્ધિનો ત્યાગ થયો નથી એમ જાણવું.

ગુણાતીત વ્યક્તિ જ સંપૂર્ણ રીતે અહંકાર પર વિજયી હોઈ શકે. તે જણાવશે કે જીવ સાક્ષી છે, ભોક્તા છે, પુરુષોત્તમ અનુમંતા છે, પ્રકૃતિ કર્તા છે, આ સૌમાં 'હું' ક્યાંય નથી, સઘળી એકમેવાદ્વિતીય બ્રહ્મની વિદ્યા – અવિદ્યામયી શક્તિની માત્ર લીલા છે. જીવ – અધિષ્ઠિત પ્રકૃતિમાં માયામાંથી જન્મેલો ભાવ એટલે અહંજ્ઞાન. આ અહંજ્ઞાનરહિત ભાવની અંતિમ અવસ્થા એટલે સચ્ચિદાનંદમાં લય. પરંતુ જેઓ ગુણાતીત હોવા છતાં પુરુષોત્તમની ઈચ્છાથી લીલાની દશામાં રહેતા હોય છે, તેઓ પુરુષોત્તમ તેમ જ જીવના સ્વતંત્ર અસ્તિત્વનું રક્ષણ કરીને, પોતાને પ્રકૃતિથી વિશિષ્ટ ભગવદંશ સમજીને, લીલાનું કાર્ય ધપાવે છે. આ પ્રકારના ભાવને અહંકાર ન કહી શકાય. આવો ભાવ તો પરમેશ્વરનો પણ હોય છે. તેમાં અજ્ઞાન કે આસક્તિ હોતાં નથી; પરંતુ એક પ્રકારની આનંદમય અવસ્થા સ્વસ્થ નહિ હોતાં જગતને અભિમુખ થઈને કાર્યરત બને છે. જેમનામાં આ પ્રકારનો ભાવ છે તેઓ જ જીવનમુક્ત કહેવાય. લયરૂપ મુક્તિ દેહ પડયે જ પ્રાપ્ત થઈ શકે. જીવનમુક્ત દશા દેહમાં રહ્યે અનુભવાય છે.

પૂર્ણતા

જ્યારે તમે પૂર્ણયોગને માર્ગે પગલાં માંડયાં છે ત્યારે તમારે પૂર્ણયોગનો અર્થ અને તેનું લક્ષ્ય શું હોઈ શકે તેનો ગંભીરપણે વિચાર કરવાની જરૂર છે. જેની મહત્ત્વાકાંક્ષા સિદ્ધિનાં ઊંચાં શિખરો સર કરવાની હોય તેણે બે વાતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ : ઉદ્દેશ્ય અને તેને પહોંચવાનો માર્ગ. માર્ગની વાત પછી કરીશું. પ્રથમ ઉદ્દેશ્યનું એક પૂર્ણ ચિત્ર તમારી સમક્ષ પૂર્ણભાવે દૃઢપણે રેખાંકિત કરવું જરૂરી છે.

પૂર્ણતા એટલે શું ? પૂર્ણતા એટલે ભાગવત સત્તાનું સ્વરૂપ, ભાગવતી પ્રકૃતિનો ધર્મ. મનુષ્ય અપૂર્ણ છે, પૂર્ણતાનો એ પ્રયાસી છે. પૂર્ણતા તરફ તે ક્રમશઃ વિકાસ પામી રહ્યો છે, આત્માની ક્રમિક અભિવ્યક્તિની ધારામાં તે વહી રહ્યો છે. પૂર્ણતાએ તેણે પહોંચવાનું છે, પોતે ભગવાનનું એક અર્ધ-વિકસિત રૂપ છે અને તેને લઈને તે ભાગવત પૂર્ણતાનો પથિક છે. આ માનવરૂપી કળીમાં ભાગવતપદ્મની પૂર્ણતા છુપાયેલી છે. પ્રકૃતિ તેને ક્રમે ક્રમે ખીલવવાનો પ્રયત્ન કરી રહી છે. યોગના અભ્યાસને લઈને યોગશક્તિના સંસ્પર્શથી તે ઝડપી વિકાસ સાધી શકે છે. સામાન્ય લોકો જેને પૂર્ણ મનુષ્ય-ત્વને નામે ઓળખાવે છે,—જેમકે, માનસિક ઉન્નતિ, નૈતિક સાધુતા, ચિત્ત-વૃત્તિનો લલિત વિકાસ, ચરિત્રનું તેજ, પ્રાણનું બળ, દેહનું સ્વાસ્થ્ય — આ બધું ભાગવત પૂર્ણતા નથી. આ તો થઈ પ્રકૃતિના એક આંશિક ધર્મની પૂર્ણતા. ખરી અખંડ પૂર્ણતા આવે છે આત્માની પૂર્ણતામાં, મનસાતીત વિજ્ઞાનશક્તિની પૂર્ણતામાં. કારણ કે અખંડ આત્મા જ અસલ પુરુષ છે; મનુષ્યનું માનસિક, પ્રાણિક કે દૈહિક પુરુષત્વ તેનો એક ખંડભાવે જ વિકાસ છે. અને મનનો વિકાસ એ તો વિજ્ઞાનની એક પ્રકારની ખંડ ભાવની સ્થૂળ વિકૃત રમત છે. મનની સાચી પૂર્ણતા ત્યારે થાય જ્યારે તે વિજ્ઞાનમાં પરિણતિ પામે. અખંડ આત્મા વિજ્ઞાનશક્તિ દ્વારા જગતનું સર્જન કરીને તેને નિયંત્રિત કરે છે, ખંડને અખંડમાં પહોંચતું કરે છે. મનુષ્યમાં આત્મા માનસરૂપી પડદાની પાછળ છુપાયેલો છે. એ પડદાને સરકાવી દીધે આત્માનું સ્વરૂપ દર્શાય છે. આત્મશક્તિ મનમાં ખંડિતભાવે અર્ધ પ્રકાશિત રૂપે અડધી પડધી છૂપેલી રહીને રૂપ અને ક્રીડા અનુભવે છે. જ્યારે વિજ્ઞાનશક્તિ ખૂલે છે ત્યારે જ આત્મશક્તિનું પૂર્ણ સ્ફુરણ થાય છે.

સ્તવ અને સ્તોત્ર

સાધક, સાધન અને સાધ્ય એ ત્રણ અંગોને લઈને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. સાધકોના ભિન્ન ભિન્ન સ્વભાવ હોવાથી ભિન્ન ભિન્ન સાધનો ઊભાં થયાં છે, અને તે પ્રમાણે ભિન્ન ભિન્ન સાધ્ય પણ અનુસરાયાં છે. સ્થૂળ દૃષ્ટિથી સાધ્ય ઘણાં હોવા છતાં ય સૂક્ષ્મ રીતે બધાય સાધકોનું એક જ સાધ્ય જણાય છે. એ સાધ્ય છે આત્મતુષ્ટિ. ઉપનિષદમાં યાજ્ઞવલ્કયે પોતાની સહધર્મિણીને સમજાવ્યું હતું કે આ સંસારમાં બધું જ આત્માને માટે છે, – સ્ત્રી, ધન, પ્રેમ, સુખ, દુઃખ, જીવન, મરણ, બધું જ આત્માને કેન્દ્રિત કરીને છે. આથી આત્મા કોણ એ પ્રશ્નનું મહત્ત્વ સમજાય છે.

ઘણા વિદ્વાન માણસ કહે છે કે આત્મજ્ઞાનને વિષે આટઆટલી માથાકૂટ શા માટે? આવા સૂક્ષ્મ વિચારોમાં સમય ગુમાવવો એ માત્ર ગાંડપણ છે, સંસારના ઉપયોગી વિષયો અને માનવજાતિના કલ્યાણનો પ્રયત્ન કરવો એ જ જરૂરી છે. પરંતુ સંસારના કયા કયા વિષયો ઉપયોગી છે અને માનવજાતિનું કલ્યાણ કયે માર્ગે સધાય, એ પ્રશ્નોની મીમાંસા પણ આત્મજ્ઞાન ઉપર આધાર રાખે છે. જેવું મારું જ્ઞાન, તેવું મારું સાધ્ય. જો હું પોતાના દેહને આત્મા સમજું, તો તેની તુષ્ટિને માટે બીજા બધા વિચારો કે વિવેચનાને તિલાંજલિ દેવાથી સ્વાર્થપરાયણ નરપિશાચ ગણાઉં. જો પોતાની સ્ત્રીને જ આત્મવત્ ગણું, આત્મવત્ ચાહું, તો બાયલો બનીને ન્યાય કે અન્યાયનો વિચાર કર્યા વિના માત્ર તેના જ મનની તુષ્ટિને માટે પ્રાણપર્યંતનો પ્રયત્ન કરું, પારકાને કષ્ટ દઈને તેના જ સુખમાં મશગૂલ રહું, અને પારકાનું અનિષ્ટ કરીને તેનું જ ઈષ્ટ કરું. જો પોતાના દેશને આત્મવત્ ગણું તો એક મોટો દેશહિતેચ્છુ ગણાઉં, કદાચ ઈતિહાસમાં મારી કીર્તિ અમર થઈ જાય, પરંતુ બીજા બધા ધર્મોનો ત્યાગ કરીને પરદેશનું અનિષ્ટ, તેના ધનનું શોષણ કે તેની સ્વાધીનતાનું અપહરણ કરું. જો ભગવાનને આત્મા ગણું અથવા આત્મવત્ ચાહું, – કારણ કે પ્રેમ છે ચરમ દૃષ્ટિ – તો હું ભક્ત, યોગી કે નિષ્કામ કર્મી થઈને સામાન્ય મનુષ્યને અલભ્ય એવાં શક્તિ, જ્ઞાન અને આનંદ પામી શકું. જો નિર્ગુણ પરબ્રહ્મને આત્મા ગણું, તો પરમ શાંતિ કે લય મળે. यो यच्छ्रद्धः स एव सः, – જેની જેવી શ્રદ્ધા, તેવો તે થાય.

ચિરકાળથી માનવજાતિની સાધના ચાલી રહી છે. શરૂઆતમાં ક્ષુદ્ર, પછી સહેજ વિશાળ, અને અંતે સર્વોચ્ચ પરાત્પર સાધ્ય પ્રાપ્ત કરીને શ્રીહરિના પરમ ધામરૂપી લક્ષ્ય સ્થળે તે આગળ ધપી રહી છે. એક યુગ એવો હતો, જ્યારે માનવજાતિ માત્ર શરીરનું સાધન કરતી; તે વખતે શરીરસાધન યુગધર્મ

મનાતો. બીજા ધર્મોને ઉવેખીને પણ શરીરસાધનનો માર્ગ શ્રેયસ્કર ગણાતો, કારણ કે જે શરીર ધર્મસાધનાના સાધનરૂપ મનાતું તેનો તે સિવાય ઉત્કર્ષ થાત નહિ. એ જ રીતે એક યુગમાં સ્ત્રીપરિવાર, વળી બીજામાં કુળ, ત્રીજામાં જાતિ, – એમ ક્રમશ: સાધ્ય મનાતાં આવ્યાં. બધાંયથી ઊંચું પરાત્પર સાધ્ય તે પરમેશ્વર, ભગવાન છે. ભગવાન જ બધાંયનો ખરો અસલ પરમ આત્મા, માટે જ તે સાચું સાધ્ય છે. તેથી જ ગીતામાં કહ્યું છે કે બધાય ધર્મોનો ત્યાગ કરીને મારું જ સ્મરણ કરો. ભગવાનમાં બધાય ધર્મોનો સમન્વય થાય છે, તેમની સાધનાથી તેઓ આપણી સઘળી જવાબદારી માથે લઈને આપણને નિમિત્ત બનાવીને સ્ત્રી, પરિવાર, કુળ, જાતિ ને માનવસમષ્ટિનાં પરમ તુષ્ટિ, પરમ કલ્યાણ સાધે છે.

એક સાધ્યના અનેક સાધકોના ભિન્ન ભિન્ન સ્વભાવ પ્રમાણે સાધન પણ વિવિધ હોય છે. ભગવાનની સાધનાનો એક મુખ્ય ઉપાય સ્તવસ્તોત્રો છે. બધાંયને માટે આ સાધન ઉપયોગી નથી, જ્ઞાનનું સાધન છે ધ્યાન અને સમાધિ; કર્મનું સાધન છે કર્મસમર્પણ; સ્તવસ્તોત્ર છે ભક્તિનું અંગ. આ અંગ અલબત્ત શ્રેષ્ઠ નથી, કારણ કે અહેતુક પ્રેમમાં ભક્તિનો પરમ ઉત્કર્ષ છે. એ પ્રેમ શરૂમાં સ્તવસ્તોત્રથી ભગવાનના સ્વરૂપને અધીન બનીને ધીમે ધીમે સ્તવસ્તોત્રોનું પ્રયોજન ઓળંગી જઈને, અંતે તેના ભોગમાં લીન થઈ જાય છે. છતાંય એવો કોઈ ભક્ત નહિ હોય કે જે સ્તવસ્તોત્ર વિના ચલાવી શકે. જ્યારે બીજી કોઈ સાધનની જરૂર જણાતી નથી, ત્યારે પણ સ્તવસ્તોત્રથી પ્રાણમાં ભાવના ઉછાળા આવે છે. માત્ર ધ્યાનમાં રાખવું જરૂરી છે કે સાધન એ સાધ્ય નથી, જે સાધન મારે માટે છે, તે બીજાને માટે ન પણ હોય. કેટલાક ભક્તો એમ ધારે છે કે જેઓ ભગવાનના સ્તવસ્તોત્ર કરે નહિ, સ્તોત્રો સાંભળીને આનંદ પ્રગટ કરે નહિ, તેઓ ધાર્મિક ન કહેવાય. આ ભ્રાંતિ તે સંકીર્ણતાની નિશાની છે. બુદ્ધ સ્તવસ્તોત્ર કરતા નહિ, છતાં તેમને અધાર્મિક કોણ કહેશે? ભક્તિમાર્ગની સાધનાને માટે સ્તવસ્તોત્રો ઉપયોગી છે.

જેમ ભક્તોના અનેક પ્રકાર છે, તેમ સ્તવસ્તોત્રોના ભિન્ન ભિન્ન પ્રયોગ છે. આર્ત ભક્ત દુ:ખને વખતે ભગવાનની પાસે ક્રંદન કરવા માટે, ભગવાનની સહાયતા મેળવવા માટે, ઉદ્ધારની આશાએ સ્તવસ્તોત્ર રચે છે; અર્થાર્થી ભક્ત કોઈ પણ અર્થસિદ્ધિને માટે, ધન, માન, સુખ, ઐશ્વર્ય, જય, કલ્યાણ, ભુક્તિ, મુક્તિ વગેરેનો ઉદ્દેશ રાખીને સ્તવસ્તોત્ર કરે છે. આ પ્રકારના ભક્તો ઘણી વાર ભગવાનને પ્રલોભન બતાવીને સંતોષવા ઈચ્છે છે. કોઈ વળી પોતાની ઈચ્છિત વસ્તુની સિદ્ધિ નહિ થવાથી પરમેશ્વર ઉપર ચિડાઈ જાય છે, અને તેમને ક્રૂર, પ્રવંચક ગણીને કહે છે કે હવે ભગવાનની પૂજા નહિ

કરું, તેમનું મુખ નહિ જોઉં, કંઈ જ માનીશ નહિ! કેટલાક વળી હતાશ થઈ જઈને નાસ્તિક બની જાય છે અને નક્કી કરે છે કે આ જગત દુ:ખનું, અન્યાય ને અત્યાચારનું રાજ્ય છે, ભગવાન જેવું કાંઈ છે જ નહિ.

ભક્તિના આ બન્ને પ્રકાર અજ્ઞાનથી ભરેલા છે; પણ તેમ હોવાથી ઉવેખવા લાયક નથી, કારણ કે ક્ષુદ્રમાંથી જ બૃહદ થવાય છે. અવિદ્યાની સાધના એ વિદ્યાનું પ્રથમ સોપાન છે. બાળક પણ અજ્ઞ છે, પરંતુ તેના અજ્ઞાનમાં માધુર્ય છે. બાળક પણ પોતાની મા પાસે રડવા જાય છે, દુ:ખનો ઉપાય વાંછે છે, અનેક રૂપનાં સુખો કે સ્વાર્થસિદ્ધિને માટે મા પાસે દોડી જઈને ધમાલ મચાવે છે, પોતાનું ધાર્યું ના મળે તો બાળહઠ કરે છે, ધિંગા-મસ્તી પણ કરે છે. જગજજનની પણ હસ્તે મોઢે અજ્ઞાની ભક્તના બધા અનાડીવેડા સહન કરે છે.

જિજ્ઞાસુ ભક્ત કોઈ પણ અર્થસિદ્ધિને માટે કે ભગવાનને સંતુષ્ટ કરવાને માટે સ્તવસ્તોત્રો કરતો નથી; તેને માટે સ્તવસ્તોત્રો માત્ર ભગવાનના સ્વરૂપની ઉપલબ્ધિ કે પોતાની ભાવપુષ્ટિના ઉપાય પૂરતાં છે. જ્ઞાની ભક્તને માટે આ પ્રયોજન પણ રહેતું નથી, કારણ કે સ્વરૂપની ઉપલબ્ધિ થઈ ગઈ હોય છે, તેનો ભાવ સુદૃઢ અને સુપ્રતિષ્ઠિત થયો હોય છે; કેવળ ભાવોચ્છ્વાસ પૂરતું સ્તવસ્તોત્રનું પ્રયોજન રહે છે.

ગીતામાં કહ્યું છે કે આ ચારે પ્રકારના ભક્તો ઉદાર છે, તેમાંનો એક પણ ઉપેક્ષણીય નથી, બધા જ ભગવાનને વહાલા છે; પરંતુ જ્ઞાની ભક્ત સર્વશ્રેષ્ઠ છે, કારણ કે, જ્ઞાની ને ભગવાન એકાત્મ છે.

ભગવાન ભક્તના સાધ્ય છે, અર્થાત્ આત્મરૂપે જ્ઞાતવ્ય તેમ જ પ્રાપ્ય છે; પરંતુ જ્ઞાની ભક્તમાં અને ભગવાનમાં આત્મા અને પરમાત્માનો સંબંધ છે. જ્ઞાન, પ્રેમ અને કર્મ,—એ ત્રણ સૂત્રમાં આત્મા અને પરમાત્મા પરસ્પર ઓતપ્રોત છે. કર્મ છે, કારણ કે કર્મ ભગવદ્દત્ત છે, તેમાં કોઈ પ્રયોજન કે સ્વાર્થ, કાંઈ જ પ્રાર્થનીય નથી; પ્રેમ છે, કારણ કે તે પ્રેમ કલહ અને અભિમાનશૂન્ય છે, નિ:સ્વાર્થ, નિષ્કલંક, નિર્મલ છે; જ્ઞાન છે, કારણ કે તે જ્ઞાન શુષ્ક અને ભાવરહિત નહિ, પણ ગભીર છે, તીવ્ર આનંદ અને પ્રેમથી પૂર્ણ છે. આમ સાધ્ય એક હોવા છતાંય જેવા સાધક તેવાં સાધન છે, તેવી રીતે ભિન્ન ભિન્ન સાધકોના એક સાધનનો પણ ભિન્ન ભિન્ન પ્રયોગ જોવામાં આવે છે.

આપણો ધર્મ

આપણો ધર્મ સનાતન ધર્મ છે. આ ધર્મ ત્રણ પ્રકારનો, ત્રણ માર્ગને અનુસરનારો અને ત્રણ કર્મોમાં પરોવાયેલો છે. ભગવાન અંતરાત્મામાં, માનસિક જગતમાં અને સ્થૂલ જગતમાં, – એમ ત્રણ ધામમાં પ્રકૃતિએ સર્જેલી મહાશક્તિથી સંચાલિત વિશ્વરૂપમાં પોતાનો પ્રકાશ કરી રહ્યા છે. આ ત્રણેય ધામમાં તેમની સાથે યુક્ત થવાનો જે પ્રયત્ન છે તેમાં જ સનાતન ધર્મની ત્રિવિધતા રહેલી છે. માનવનું સાધ્ય એટલે જ્ઞાન, ભક્તિ અને કર્મ, એ ત્રણેયની સ્વતંત્ર કે સુમેળવાળી યુક્તાવસ્થા. આ ત્રણ પ્રકારે આત્મશુદ્ધિ કરીને ભગવાનની સાથે યુક્ત થવાની ઈચ્છા, એમાં સનાતન ધર્મની ત્રણ માર્ગે અનુસરનારી ગતિ રહેલી છે, મનુષ્યની સઘળી મુખ્ય વૃત્તિઓમાંથી ઊર્ધ્વ ગતિ અર્પનારી અને બ્રહ્મપ્રાપ્તિનું બળ દેનારી એવી ત્રણ વૃત્તિઓ છે : સત્ય, પ્રેમ અને શક્તિ. આ ત્રણ વૃત્તિઓના વિકાસની સાથે સાથે માનવજાતિની ક્રમશ: ઉન્નતિ થતી આવી છે. સત્ય, પ્રેમ અને શક્તિ દ્વારા ઉપર જણાવેલા ત્રણ માર્ગે આગળ ધપવું એ છે સનાતન ધર્મનાં ત્રણ કર્મો.

સનાતન ધર્મમાં અનેક ગૌણ ધર્મો રહેલા છે. તેને આધારે પરિવર્તનશીલ ઘણા નાનામોટા ધર્મો પોતપોતાના કર્મમાં પ્રવૃત્ત થાય છે. બધાં ધર્મકર્મ સ્વભાવે સર્જેલાં છે. સનાતન ધર્મ જગતના સનાતન સ્વભાવને આશ્રિત છે. બીજા બધા ધર્મો પોતપોતાના આધારગત સ્વભાવના ફળરૂપે પ્રગટ થયેલા છે. વ્યક્તિગત ધર્મ, જાતિગત ધર્મ અને વર્ણાશ્રિત ધર્મ અને યુગધર્મ, એમ અનેક ધર્મો હોઈ શકે છે. આ બધાને અનિત્ય માનીને એમની ઉપેક્ષા કરવી કે એમનો ત્યાગ કરવો એ ઉચિત ન ગણાય. ઊલટું, એમનાથી જ સનાતન ધર્મનો વિકાસ થાય છે, એમના ઉપર તેની પ્રતિષ્ઠા છે. ઉપર જણાવેલા ધર્મોનો પરિત્યાગ કરવાથી સનાતન ધર્મની પુષ્ટિ ન થતાં કેવળ અધર્મની જ વૃદ્ધિ થાય છે; અને પરિણામે ગીતામાં જેને સંકરતા કહી છે, અર્થાત્ સનાતન પ્રણાલિકાનો ભંગ અને ક્રમશ: ઉન્નતિની વિપરીત ગતિ, એને લઈને આખી પૃથ્વી પાપ અને અત્યાચારમાં પડી જાય છે. આ પ્રમાણે જ્યારે પાપ અને અત્યાચારની અતિશયતાથી માનવોન્નતિની વિરોધક ધર્મસંહારક આસુરી શક્તિ પરિપુષ્ટ થઈને બળવાન થાય છે અને તેને લઈને જ્યારે સ્વાર્થ, ક્રૂરતા અને અહંકાર દરેક દિશામાં વ્યાપી જાય છે, અનાથ જગતમાં પોતે પ્રભુ છે એવો ડોળ કરે છે, ત્યારે ભારાર્ત્ત પૃથ્વીનાં દુ:ખ દૂર કરવાના હેતુથી ભગવાનનો અવતાર કે તેમની વિભૂતિ માનવદેહે પ્રગટીને વળી પાછો ધર્મમાર્ગ નિષ્કંટક કરે છે.

સનાતન ધર્મના યથાર્થ પાલનને માટે વ્યક્તિગત ધર્મ, જાતિધર્મ, વર્ણાશ્રિત ધર્મ અને યુગધર્મનું આચરણ હમેશાં રક્ષણ કરવાને યોગ્ય છે. પરંતુ આ સઘળા ધર્મોનાં નાનાં અને મોટાં એમ બે સ્વરૂપો છે. બૃહદ ધર્મની સાથે ક્ષુદ્ર ધર્મનો સુમેળ સાચવીને તેનું પાલન કરવું એ શ્રેયસ્કર છે. વ્યક્તિગત ધર્મ જો જાતિધર્મ ઉપર પ્રતિષ્ઠિત ન થાય તો જાતિનો નાશ થાય અને જાતિધર્મનો લોપ થવાથી વ્યક્તિગત ધર્મનાં ક્ષેત્ર તેમ જ સુયોગનો પણ લોપ થાય. આ પણ ધર્મસંકરતા થઈ. એને લઈને જાતિ તેમ જ સંકરકારી સમૂહ, એમ બન્નેય અતલ નરકમાં ડૂબી મરે. જાતિના યોગ્ય રક્ષણથી જ વ્યક્તિની આધ્યાત્મિક, નૈતિક કે આર્થિક ઉન્નતિ મુશ્કેલી વગર પાર પાડી શકાય. આ રીતે જો વર્ણાશ્રિત ધર્મને પણ યુગધર્મના આધારે ઢાળી ન શકાય, તો યુગધર્મની પ્રતિકૂળ ગતિથી વર્ણાશ્રિત ધર્મ નષ્ટ થાય. આને લઈને સમાજનો ભુક્કો ઊડી જાય. જે કાંઈ ક્ષુદ્ર હોય તે હમેશાં મહાનને આધારે કે સહાયરૂપ હોવું ઘટે. એની વિપરીતતાથી ધર્મસંકરતામાંથી સંભવતું મહાન અનિષ્ટ થાય. જ્યારે જ્યારે ક્ષુદ્ર ધર્મ અને બૃહદ ધર્મનો વિરોધ ઉત્પન્ન થાય ત્યારે ત્યારે ક્ષુદ્ર ધર્મનો ત્યાગ કરીને બૃહદ ધર્મનું પાલન એ જ મંગલપ્રદ ગણાય.

આપણો ઉદ્દેશ્ય છે સનાતન ધર્મનો પ્રચાર અને તેને આશ્રિત જાતિધર્મ તેમ જ યુગધર્મનું પાલન. આપણે ભારતવાસી છીએ, આર્યજાતિના વારસદાર છીએ, આર્યશિક્ષણ અને આર્યજાતિના અધિકારી છીએ. આ આર્યભાવ એ આપણો કુળધર્મ છે, આપણો જાતિધર્મ છે. જ્ઞાન, ભક્તિ અને નિષ્કામ કર્મ આર્યશિક્ષણનાં મૂળ છે; જ્ઞાન, ઉદારતા, પ્રેમ, સાહસ, શક્તિ, વિજય એ આર્યચરિતનાં લક્ષણ છે. માનવજાતિમાં જ્ઞાન ફેલાવવું, જગતમાં ઉન્નત ઉદાર ચરિત્રના નિષ્કલંક આદર્શરૂપ બનવું, દુર્બળનું રક્ષણ કરવું, પ્રબળ અત્યાચારીનું શાસન કરવું,—એ આર્યજાતિના જીવનનો ઉદ્દેશ છે, અને એને પાર પાડવો એમાં આર્યધર્મની ચરિતાર્થતા છે. આપણે ધર્મભ્રષ્ટ લક્ષ્યભ્રષ્ટ થઈને ધર્મસંકરતા તેમ જ ભ્રાંતિથી ભરેલા તામસિક મોહમાં પડીને આર્યશિક્ષણ કે આર્યનીતિથી વંચિત થઈ ગયા છીએ. આર્યજાતિ હોવા છતાં ય આપણે શૂદ્રત્વ અને શૂદ્રધર્મને અનુરૂપ ગુલામી સ્વીકારીને જગતમાં તુચ્છ, પ્રબળથી પદદલિત અને દુ:ખપીડિત બની ગયા છીએ. એટલે જો આપણી ઈચ્છા જીવંત રહેવાની હોય, અનંત નરકમાંથી મુક્ત થવાની લેશમાત્ર અભિલાષા હોય, તો જાતિનું રક્ષણ આપણે માટે પ્રથમ કર્તવ્ય થઈ પડે છે. આ જાતિના રક્ષણનો ઉપાય છે આર્યચરિત્રનું પુન:ઘડતર, જેથી કરીને આપણી જન્મભૂમિનાં ભાવિ સંતાન જ્ઞાની, સત્યનિષ્ઠ, માનવપ્રેમપૂર્ણ, ભ્રાતૃભાવવાળાં, સાહસિક, શક્તિશાળી, વિનીત બને; અને સમસ્ત જાતિને, ખાસ કરીને યુવકવર્ગને, એ પ્રકારનું યોગ્ય

શિક્ષણ, ઉચ્ચ આદર્શ અને આર્યભાવોદ્દીપક કર્મપ્રણાલી પ્રાપ્ય થઈ શકે,— એ આપણો પ્રથમ ઉદ્દેશ છે. જ્યાં લગી આપણે આ કાર્યમાં કૃતાર્થ નહિ થઈએ ત્યાં લગી સનાતન ધર્મનો પ્રચાર માત્ર વેરાન જમીનમાં બી વાવવા જેવો થશે.

જાતિધર્મના પાલનથી યુગધર્મની સેવા સહેલાઈથી સાધ્ય થશે. આ યુગ શક્તિ અને પ્રેમનો યુગ છે. જ્યારે કળિનો આરંભ થાય છે ત્યારે જ્ઞાન અને કર્મ વ્યક્તિને અધીન તેમ જ સહાયક થઈને પોતાની પ્રવૃત્તિ સફળ કરે છે, સત્ય અને શક્તિ પ્રેમને આશ્રયે માનવજાતિમાં પ્રેમનો વિકાસ સાધવાને પ્રયત્નશીલ થાય છે. આ જાતના પ્રયત્નનાં ફળ એટલે બૌદ્ધધર્મનાં મૈત્રી અને દયા, ખ્રિસ્તીધર્મનું પ્રેમશિક્ષણ, મુસલમાન ધર્મનાં સામ્યભાવ અને ભ્રાતૃભાવ, પૌરાણિક ધર્મનાં ભક્તિ અને પ્રેમભાવ. કળિયુગમાં સનાતન ધર્મ મૈત્રી, કર્મ, ભક્તિ, પ્રેમ, સામ્ય અને ભ્રાતૃભાવની સહાયતાથી માનવકલ્યાણ સાધે છે. જ્ઞાન, ભક્તિ અને નિષ્કામ કર્મ પર પ્રતિષ્ઠિત આર્યધર્મમાં આ સઘળી શક્તિઓ પ્રવેશ પામી વિકસિત થઈને પોતાના વિસ્તારનો અને પોતાની પ્રવૃત્તિને પૂરક એવો એક માર્ગ શોધી રહી છે. શક્તિ સ્ફુરવાનાં લક્ષણ છે કઠણ તપસ્યા, ઉચ્ચ આકાંક્ષા, મહાન કર્મ. જ્યારે આ જાતિ તપસ્વી, ઉચ્ચાકાંક્ષી, મહાન કર્મપ્રયાસી થશે, ત્યારે જાણવું કે જગતની ઉન્નતિના દિવસો શરૂ થઈ ચૂકયા છે, ધર્મની વિરોધક આસુરી શક્તિનું પતન અને દૈવી શક્તિનું પુનરુત્થાન ચોક્કસ થનાર છે. એટલે આ પ્રકારનું શિક્ષણ હાલમાં આવશ્યક છે.

યુગધર્મ અને જાતિધર્મની સાધના પછી સમસ્ત જગતમાં સનાતન ધર્મ અબાધિત રીતે ફેલાશે. પહેલાંના સમયથી વિધાતાએ જે નક્કી કર્યું હશે, જે વિષેની ભવિષ્યવાણી શાસ્ત્રમાં લખાઈ છે તે પણ આચારમાં અનુભવાશે. તે વખતે આખું જગત આર્યદેશમાં ઉત્પન્ન થયેલા બ્રહ્મજ્ઞાનીની પાસે જ્ઞાન અને ધર્મના શિક્ષણને અંજલિ ધરતું ભારતભૂમિને તીર્થ ગણીને અવનત મસ્તકે તેનો મહિમા સ્વીકારશે. એ દિવસો આણવાને છે ભારતવાસીની જાગ્રતિ, આર્યભાવોનું પુનરુત્થાન.

માયા

આપણા પુરાતન દાર્શનિકો જ્યારે જગતનાં મૂળતત્ત્વોના અનુસંધાનમાં પ્રવૃત્ત થયા, ત્યારે તેમને આ પ્રપંચના મૂળમાં એક અનશ્વર વ્યાપક વસ્તુનું અસ્તિત્વ મળી આવ્યું. આધુનિક પાશ્ચાત્ય ભૌતિક વૈજ્ઞાનિકો પણ ઘણા સમયના અનુસંધાન પછી બાહ્ય જગતમાં આવા અનશ્વર સર્વવ્યાપી એકત્વને વિષે કૃતનિશ્ચય થયા છે. તેમણે આકાશને ભૌતિક પ્રપંચના મૂળતત્ત્વ તરીકે સ્વીકાર્યું છે. ભારતના પુરાતન દાર્શનિકો પણ હજારો વર્ષો પહેલાં આ સિદ્ધાન્તને પામ્યા હતા કે આકાશ જ ભૌતિક પ્રપંચનું મૂળ છે, અને તેમાંથી બીજી બધી ભૌતિક અવસ્થાઓ પ્રાકૃતિક પરિણામ દ્વારા ઉદ્ભવે છે. પરંતુ આને જ તેઓ અંતિમ સિદ્ધાંત માનીને સંતોષ પામ્યા નહોતા. પોતાના યોગના બળથી સૂક્ષ્મ જગતમાં પ્રવેશીને તેઓ જાણી શકયા હતા કે સ્થૂળ ભૌતિક પ્રપંચની પાછળ એક સૂક્ષ્મ પ્રપંચ છે, અને આ પ્રપંચનું મૂળ ભૌતિક તત્ત્વ સૂક્ષ્મ આકાશ છે. આ આકાશ પણ અંતિમ વસ્તુ નથી. તેઓ અંતિમ વસ્તુને મુખ્ય ગણતા. પ્રકૃતિ અથવા જગન્મયી ક્રિયાશક્તિ પોતાના સર્વવ્યાપી સ્પંદનથી આ જાતની સૃષ્ટિ કરીને તેમાંથી કરોડો આણુ ઉત્પન્ન કરે છે અને એ આણુઓ દ્વારા સૂક્ષ્મ ભૌતિક પદાર્થ ઘડાય છે. પ્રકૃતિ અથવા તો ક્રિયાશક્તિ પોતાને માટે કાંઈ જ કરતી નથી; જેની શક્તિ છે, તેને સંતોષવા ખાતર આ બધા પ્રપંચની સૃષ્ટિ અને અનેકવિધ ગતિ છે. આત્મા અથવા પુરુષ આ પ્રકૃતિની ક્રીડાનો અધ્યક્ષ અને સાક્ષી છે. આ પુરુષ અને પ્રકૃતિ જેનાં સ્વરૂપ અને ક્રિયા છે તે અનિર્વચનીય પરબ્રહ્મ જગતનું અનશ્વર અદ્વિતીય મૂળ સત્ય છે. મુખ્ય મુખ્ય ઉપનિષદોમાં આર્યઋષિગણોએ તત્ત્વનું અનુસંધાન કરતાં કરતાં જે મૂળ સત્યોનો આવિષ્કાર કર્યો હતો, તેમના કેન્દ્રમાં આ બ્રહ્મવાદ અને પુરુષપ્રકૃતિવાદ રહેલા છે. તત્ત્વદર્શીઓએ આ મૂળ સત્યોને વિષે અનેક તર્ક અને વાદવિવાદ દ્વારા ભિન્ન ભિન્ન વિચારસરણીઓ ખડી કરી. જેઓ બ્રહ્મવાદી હતા તેમણે વેદાંતદર્શન પ્રવર્તાવ્યું, જેઓ પ્રકૃતિવાદી હતા તેમણે સાંખ્યદર્શન પ્રચાર્યું. તે ઉપરાંત કેટલાક વળી પરમાણુને જ ભૌતિક પ્રપંચનું મૂળ તત્ત્વ માનીને પોતાને માર્ગે વળ્યા. આ પ્રમાણે અનેક માર્ગોના આવિષ્કાર પછી શ્રીકૃષ્ણે ગીતામાં બધી વિચારસરણીઓના સમન્વય અને સામંજસ્યની સ્થાપના કરી અને વ્યાસદેવને મુખે ઉપનિષદનાં સત્યો ફરીથી પ્રવર્તાવ્યાં. પુરાણોના રચયિતાઓએ પણ વ્યાસદેવે રચેલા પુરાણને આધારે એ સત્યોની વિધવિધ વ્યાખ્યાઓ કરીને કથા કે રૂપકને ઓથે લોકોની પાસે એ બધાં મૂકયાં. છતાં ય એથી કંઈ વિદ્વાનની મંડળીઓમાં વાદવિવાદ ઓછા થયા નહિ; પરંતુ જુદા જુદા વિદ્વાનો પોત-

પોતાનો મત પ્રગટ કરીને વિશદરૂપે દર્શનશાસ્ત્રની ભિન્ન ભિન્ન શાખાઓના સિદ્ધાંતો તર્ક દ્વારા પ્રતિપન્ન કરવા લાગ્યા. આનું ફળ તે આપણાં છ દર્શનોનું આધુનિક સ્વરૂપ. અંતે શંકરાચાર્યે સમસ્ત દેશમાં વેદાંતના પ્રચારની અપૂર્વ અને સ્થાયી વ્યવસ્થા કરીને સામાન્ય લોકોના હૃદયમાં વેદાંતના આધિપત્યનાં મૂળ નાખ્યાં. ત્યાર પછી બીજાં પાંચ દર્શનો અલબત્ત થોડા વિદ્વાનોમાં પ્રતિષ્ઠિત રહ્યાં, પરંતુ તેમનાં આધિપત્ય તેમ જ પ્રભાવ વિચારના જગતમાંથી લગભગ અલોપ જેવાં થઈ ગયાં. આ પ્રમાણે બધાંયને સંમત થયેલા વેદાંતદર્શનમાં ઘણા મતભેદ થયા અને તેમાંથી ત્રણ મુખ્ય તેમ જ બીજી ગૌણ શાખાઓ સ્થપાઈ. જ્ઞાનપ્રધાન અદ્વૈતવાદ અને ભક્તિપ્રધાન વિશિષ્ટાદ્વૈતવાદ અને દ્વૈતવાદનો વિરોધ હજી યે હિંદુધર્મમાં વર્તમાન છે. જ્ઞાનમાર્ગી ભક્તના ઉદ્દામ પ્રેમને, તેની ભાવદશાને ઉન્માદ ગણીને ઉડાવી દે છે; ભક્ત જ્ઞાનમાર્ગીની તત્ત્વજ્ઞાનસ્પૃહાને શુષ્ક તર્ક ગણીને ઉવેખે છે. આ બન્નેય વિચારસરણી ભ્રાંત અને સંકીર્ણ છે. ભક્તિશૂન્ય તત્ત્વજ્ઞાનથી અહંકારની વૃદ્ધિ થઈને મુક્તિનો માર્ગ અટકે છે, જ્ઞાનશૂન્ય ભક્તિથી અંધશ્રદ્ધા અને ભ્રમભરી તામસિકતા જન્મે છે. અસલના ઉપનિષદે દર્શાવેલા ધર્મમાર્ગમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનું સામંજસ્ય સચવાયું છે.

જો સર્વવ્યાપી અને સર્વજનસંમત આર્યધર્મનો પ્રચાર કરવો હોય તો તેની સ્થાપના અસલ આર્યજ્ઞાન ઉપર થવી જોઈએ. દર્શનશાસ્ત્ર હંમેશાં એક પક્ષને દર્શાવનારું અને અસંપૂર્ણ રહેવાનું. આખા જગતને કોઈ એક સંકીર્ણ મતને અનુયાયી તર્કદ્વારા સીમાબદ્ધ કરવાથી કદાચ એક બાજુની વિશદરૂપે વ્યાખ્યા થાય, પરંતુ તેની બીજી બાજુ મિથ્યા ઠરે. અદ્વૈતવાદીઓનો માયાવાદ આ પ્રકારની મિથ્યા ઉક્તિનું એક દૃષ્ટાંત છે. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા, એ થયો માયાવાદનો મૂળ મંત્ર. આ પ્રકારનો મંત્ર જે જાતિની વિચારસરણીના મૂળમંત્રરૂપે આદર પામે, તે જાતિમાં જ્ઞાનલિપ્સા, વૈરાગ્ય અને સંન્યાસપ્રિયતા વધે, રજોશક્તિનો લોપ થાય, અને સત્ત્વ તેમ જ તમસ પ્રબળ બને; પરિણામે એક બાજુ જ્ઞાનપ્રાપ્ત સંન્યાસી, સંસારમાં તૃષ્ણા વગરના પ્રેમી ભક્ત અને શાંતિપ્રાર્થી વૈરાગીની સંખ્યા વધે અને બીજી બાજુ તામસિક અજ્ઞ અપ્રવૃત્તિમાં મુગ્ધ કર્મહીન સામાન્ય પ્રજાની દુર્દશા થાય. ભારતમાં માયાવાદના પ્રચારથી આ પરિણામ આવ્યું છે. જો જગતને મિથ્યા ગણીએ તો જ્ઞાનતૃષ્ણા વગરના બધાય પ્રયત્નો નિરર્થક અને અનિષ્ટકારી બને. પરંતુ માનવજીવનમાં જ્ઞાનતૃષ્ણા સિવાય બીજી ઘણી પ્રબળ અને ઉપયોગી વૃત્તિઓ કાર્ય કરી રહી છે, તેમની ઉપેક્ષા કર્યે કોઈ પણ જાતિ ટકી શકે નહિ. આ અનર્થના ભયથી શંકરાચાર્યે પારમાર્થિક અને વ્યાવહારિક એવાં જ્ઞાનનાં બે

અંગો દર્શાવીને અધિકારના ભેદ પ્રમાણે જ્ઞાન અને કર્મની વ્યવસ્થા કરી. પરંતુ તે યુગના ક્રિયાસંકુલ કર્મમાર્ગનો પ્રતિવાદ કરવાથી વિપરીત પરિણામ આવ્યું છે. શંકરના પ્રભાવથી એ કર્મમાર્ગ લુપ્તપ્રાય બની ગયો, વૈદિક ક્રિયાઓ અદૃશ્ય થઈ ગઈ, અને સાધારણ લોકોના મનમાં જગત માયાની સૃષ્ટિ છે, કર્મ અજ્ઞાનમાંથી જન્મે છે અને મુક્તિનું વિરોધી છે, અદૃષ્ટ જ સુખદુ:ખનું કારણ છે વગેરે તમસને પ્રવર્તાવનારા ખ્યાલો એવા તો દૃઢરૂપે ઠસી ગયા કે, રજસશક્તિનો આવિર્ભાવ અસંભવ બની ગયો. આર્યજાતિના રક્ષણને માટે ભગવાને પુરાણ અને તંત્રના પ્રચારથી માયાવાદનો પ્રતિરોધ કર્યો. પુરાણ દ્વારા ઉપનિષદમાંથી જન્મેલ આર્યધર્મનું કેટલેક અંશે રક્ષણ થયું અને તંત્રો દ્વારા શક્તિની ઉપાસનાથી મુક્તિ અને ભુક્તિરૂપી દ્વિવિધ ફળની પ્રાપ્તિને માટે લોકો કર્મમાં પ્રવૃત્ત થયા. ઘણે ભાગે જેઓએ જાતિના રક્ષણને માટે યુદ્ધ કર્યું છે, દાખલા તરીકે પ્રતાપસિંહ, શિવાજી, પ્રતાપાદિત્ય, ચાંદરાય વગેરે, કાં તો શક્તિના ઉપાસક હતા, કાં તો તાંત્રિક યોગીઓના શિષ્યો હતા. તમસમાંથી ઉત્પન્ન થતા અનર્થનો નિષેધ કરવાને માટે શ્રીકૃષ્ણે ગીતામાં કર્મસંન્યાસનો વિરોધી ઉપદેશ આપ્યો.

માયાવાદ સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે. ઉપનિષદમાં પણ જણાવ્યું છે કે ઈશ્વર પરમ માયાવી છે, પોતાની માયા દ્વારા તેમણે આ દૃશ્ય જગત ઉત્પન્ન કર્યું છે. ગીતામાં પણ શ્રીકૃષ્ણે કહ્યું છે કે ત્રિગુણમયી માયા જ સમસ્ત જગતમાં વ્યાપેલી છે. એક અનિર્વચનીય બ્રહ્મ જ જગતનું મૂળ સત્ય છે, સમસ્ત પ્રપંચ માત્ર તેમની અભિવ્યક્તિ છે, સ્વયં પરિણામશીલ અને નશ્વર છે. જો માત્ર એક બ્રહ્મ જ સનાતન સત્ય હોય, તો આ બધાં ભેદ અને બહુત્વ ક્યાંથી જન્મ્યાં, તેમની પ્રતિષ્ઠા ક્યાં, કેવી રીતે તે ઉત્પન્ન થયાં એ બધા પ્રશ્નો અનિવાર્ય બને છે. જો માત્ર એક બ્રહ્મ જ સનાતન સત્ય ઠરે, તો બ્રહ્મમાંથી જ ભેદ અને બહુત્વ જન્મ્યાં ગણાય. ઉપનિષદનો ઉત્તર છે કે બધાં બ્રહ્મમાં જ પ્રતિષ્ઠિત છે, બ્રહ્મની કોઈ અનિર્વચનીય શક્તિથી ઉત્પન્ન થયાં છે. આ શક્તિને કેટલાકે માયાવીની માયા, કેટલાકે પુરુષ – અધિષ્ઠિત પ્રકૃતિ, કેટલાકે ઈશ્વરની વિદ્યા – અવિદ્યામયી ઈચ્છાશક્તિ, એવાં નામો આપ્યાં છે. પરંતુ આથી કંઈ તાર્કિકના મનને સંતોષ ન થયો; કેવી રીતે એકમાંથી બહુ થાય, અભેદમાંથી ભેદ ઉદ્‌ભવે, તેની સંતોષજનક વ્યાખ્યા ન થઈ! અંતે એક સહેલો ઉત્તર મનમાં તરી આવ્યો કે એક બહુ થઈ શકે નહિ, સનાતન અભેદમાંથી ભેદ ઉદ્‌ભવી શકે નહિ, માટે બહુ મિથ્યા છે, ભેદ અમૂલક છે; સનાતન અદ્વિતીય આત્મામાં સ્વપ્નની માફક ભાસતી માત્ર માયા છે, — આત્મા જ છે સત્ય, સનાતન. આમાં ય વળી ગોટાળો

થયો : ત્યારે માયા શું, તે ક્યાંથી જન્મી, તેની પ્રતિષ્ઠા ક્યાં, તેની ઉત્પત્તિ કેવી રીતે થઈ? શંકરે ઉત્તર આપ્યો કે માયા શું છે તે જણાવી શકાય નહિ, માયા અનિર્વચનીય છે, તે જન્મતી નથી, તે ચિરકાળથી છે છતાં ય નથી. ગોટાળો મટયો નહિ, સંતોષજનક ઉત્તર મળ્યો નહિ! આ તર્કને પરિણામે એક અદ્વિતીય બ્રહ્મમાં બીજી એક સનાતન અનિર્વચનીય વસ્તુની પ્રતિષ્ઠા થઈ, અને એકત્વનું રક્ષણ થયું નહિ.

શંકરની યુક્તિના કરતાં ઉપનિષદની યુક્તિ ઉત્કૃષ્ટ છે. ભગવાનની પ્રકૃતિ જગતનું મૂળ છે; તે પ્રકૃતિ છે શક્તિ, સચ્ચિદાનંદની સચ્ચિદાનંદમયી શક્તિ, આત્માને પક્ષે ભગવાન પરમાત્મા છે, જગતને પક્ષે પરમેશ્વર છે. પરમેશ્વરની ઈચ્છા શક્તિમયી છે, અને તે ઈચ્છામાંથી જ એકમાંથી બહુનો, અભેદમાંથી ભેદનો ઉદ્‌ભવ થયો, પરમાર્થની દૃષ્ટિથી બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, પરામાયામાંથી જન્મેલ છે, કારણ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલ છે અને બ્રહ્મમાં જ વિલીન થાય છે. દેશકાળમાં જ પ્રપંચનું અસ્તિત્વ છે, પરંતુ બ્રહ્મની દેશકાલાતીત અવસ્થામાં તેનું અસ્તિત્વ નથી. પ્રપંચયુક્ત દેશકાળ બ્રહ્મમાં રહેલ છે; બ્રહ્મ દેશકાળમાં આબદ્ધ નથી. જગતની પ્રસૂતિ બ્રહ્મમાંથી છે, બ્રહ્મમાં તે વર્તમાન છે; સનાતન અનિર્દેશ્ય બ્રહ્મની વિદ્યા — અવિદ્યામયી શક્તિ દ્વારા ઉત્પન્ન થતું તે વિરાજી રહ્યું છે. જેવી રીતે મનુષ્યમાં અસલ સત્યની ઉપલબ્ધિ કરવાની શક્તિ ઉપરાંત કલ્પના દ્વારા મિથ્યા વસ્તુની ઉપલબ્ધિ કરવાની શક્તિ પણ રહેલી છે, તેવી રીતે બ્રહ્મમાં પણ વિદ્યા અને અવિદ્યા, સત્ય અને અનૃત રહેલાં છે, છતાં અનૃત દેશકાળનું સર્જન છે. જેવી રીતે માનવની કલ્પના દેશકાળની ગતિથી સત્યમાં પરિણમે છે, તેવી જ રીતે આપણે જેને અનૃત કહીએ છીએ, તે સર્વથા અનૃત રહેતું નથી, પરંતુ માત્ર સત્યની અનુભૂત એક દિશા હોય છે. અસલ દૃષ્ટિથી જોતાં સર્વં સત્યમ્ છે; દેશકાલાતીત અવસ્થામાં જગત મિથ્યા છે. પરંતુ આપણે બધા દેશ અને કાળથી અતીત નથી, આપણે જગતને મિથ્યા કહેવાને અધિકારી નથી. દેશમાં અને કાળમાં જગત મિથ્યા નથી, જગત સત્ય છે. જ્યારે દેશ અને કાળથી અતીત થઈને બ્રહ્મમાં વિલીન થવાનો સમય પાકશે અને શક્તિનો ઉદ્‌ભવ થશે, ત્યારે આપણે જગતને મિથ્યા કહી શકીશું. અધિકાર વગર તેમ બોલ્યાથી મિથ્યાચાર ગણાય, અને ધર્મની પણ વિપરીત ગતિ થાય. અમને લાગે છે કે બ્રહ્મ સત્ય, જગત મિથ્યા એમ કહ્યા કરતાં બ્રહ્મ સત્ય, જગત બ્રહ્મ, એમ કહેવું ઉચિત છે, અને એ જ છે ઉપનિષદોનો ઉપદેશ, સર્વં ખલ્વિદં બ્રહ્મ, — આ સત્ય ઉપર જ આર્યધર્મની પ્રતિષ્ઠા છે.

નિવૃત્તિ

આપણા દેશના મનીષી લોકોએ ધર્મની વ્યાખ્યા કદાપિ ટૂંકી દૃષ્ટિથી કે જીવનનાં બૃહદ કર્મોનો વિરોધ થાય તેવી કરી નથી. હિંદુના જ્ઞાનના તેમ જ તેના શિક્ષણના મૂળમાં એક ઊંડું તત્ત્વ રહેલું છે અને એ તત્ત્વ, સમસ્ત જીવન એક ધર્મક્ષેત્ર છે, એ છે. પશ્ચિમની શિક્ષણપ્રણાલીના સ્પર્શને લઈને આપણાં જ્ઞાન અને શિક્ષણ વિકૃત અને અસ્વાભાવિક થઈ ગયાં છે. આપણામાંના ઘણા એમ માની બેઠા છીએ કે સંન્યાસ, ભક્તિ અને સાત્ત્વિક ભાવ સિવાય ધર્મનાં બીજાં અંગો હોઈ શકે નહિ. પશ્ચિમના લોકો ધર્મની આલોચના આ પ્રકારની સંકીર્ણ દૃષ્ટિથી કરે છે.

હિંદુઓ જીવનનાં બધાંય કર્મોને બે ભાગે વહેંચતા: ધર્મ અને અધર્મ. પાશ્ચાત્ય લોકો ત્રણ ભાગે વહેંચે છે : ધર્મ, અધર્મ અને ધર્માધર્મથી બહિર્ભૂત અન્ય ક્રિયાઓ અને વૃત્તિઓનું અનુશીલન. તેઓ ભગવાનનાં ગુણગાન, પ્રાર્થના, સંકીર્તન, પાદરીનું પ્રવચન વગેરે કર્મોને રિલીજીઅન (religion) કહે છે; અને સત્કાર્ય (morality)ને ધર્મનું એક અંગ ન ગણતાં તેને સ્વતંત્ર ગણે છે. કેટલાક વળી ધર્મ અને સત્કાર્યને ધર્મનાં ગૌણ અંગો તરીકે સ્વીકારે પણ છે. દેવળમાં ન જવાને તેઓ નાસ્તિકવાદ કે સંશયવાદ માને છે, અને ધર્મની નિંદા કે તે પ્રત્યેની ઉદાસીનતાને ઈરિલીજીઅન (irreligion) કહે છે, કુકાર્યને ઈમ્મોરેલિટી (immorality) કહે છે. પહેલાના મત પ્રમાણે આ પણ અધર્મનું જ એક અંગ ગણાય. પરંતુ ઘણા ભાગનાં કાર્યો અને વૃત્તિઓ ધર્મ કે અધર્મથી બહિર્ભૂત અંગો છે. ધર્મ અને કર્મ (religion and life) નિરનિરાળાં છે. આપણામાંના ઘણા ધર્મ શબ્દનો આવો વિકૃત અર્થ કરે છે. સાધુસંતોની વાતો, ભગવાનની કથા, દેવદેવીઓનાં વૃત્તાંત, સંસારત્યાગની વાતો, – એ બધાંને ધર્મનું નામ આપવામાં આવે છે. આ સિવાય બીજું કાંઈ કહેવા જઈએ તો તેને સંસારની વાતો કહેવામાં આવે છે. આ પ્રમાણે વિચારનારના મનમાં પાશ્ચાત્ય 'રિલીજીઅન' શબ્દના ભાવાર્થની સેળભેળ થઈ ગઈ હોય છે. 'ધર્મ' શબ્દ સાંભળતાંકને 'રિલીજીઅન' મનમાં આવે છે. પરિણામે જાણ્યેઅજાણ્યે પણ એ જ અર્થમાં ધર્મ શબ્દનો વ્યવહાર થાય છે. આ રીતે આપણી ભાવનામાં વિદેશી ભાવનાની સેળભેળ થવાથી આપણે ઉદાર અને સનાતન આર્યભાવનામાંથી ભ્રષ્ટ થઈએ છીએ.

આપણી દૃષ્ટિએ જોતાં સમસ્ત જીવન ધર્મક્ષેત્ર છે, સંસાર પણ ધર્મ છે. કેવળ આધ્યાત્મિક જ્ઞાનની આલોચના કે ભક્તિભાવ ધર્મ નથી. કર્મ પણ ધર્મ છે. આપણા સઘળા સાહિત્યમાં આ મહાન શિક્ષણ સનાતન ભાવે ઓતપ્રોત છે. एषः धर्मः सनातनः ।

વળી કેટલાકની ધારણા એવી છે કે કર્મ ધર્મનું અંગ તો ખરું, પરંતુ બધી જાતનાં કર્મો નહિ. જે કર્મો માત્ર સાત્ત્વિક ભાવવાળાં હોય, નિવૃત્તિને અનુકૂળ હોય તેવાં જ કર્મો ધર્મનાં અંગ ગણાય. આ પ્રકારની ધારણા પણ ભ્રમયુક્ત છે. જેમ સાત્ત્વિક કર્મ ધર્મ ગણાય છે તેમ રાજસિક કર્મ પણ ધર્મ ગણી શકાય. જેમ જીવો પર દયા કરવી એ ધર્મ છે, તેમ ધર્મયુદ્ધમાં દેશના શત્રુઓનો નાશ કરવો પણ ધર્મ છે. જેમ પરોપકારની દૃષ્ટિએ પોતાનાં સુખ, ધન કે પ્રાણને પણ તિલાંજલિ આપવી ધર્મ છે, તેમ ધર્મના સાધનરૂપ શરીરને ઉચિતભાવે રક્ષવું પણ ધર્મ છે. જેવો રાજનીતિ ધર્મ છે, તેવી કાવ્યરચના પણ ધર્મ છે. જેમ ચિત્રકાર્ય ધર્મ છે, તેમ ગાનથી મનોરંજન કરવું પણ ધર્મ છે. જેમાં સ્વાર્થ ન હોય તેવાં બધાં કર્મો ધર્મ ગણાય, પછી એ કર્મો ભલે નાનાં હોય, ભલે મોટાં હોય. નાનાંમોટાં કર્મની ગણતરી તો આપણે હિસાબે છે. ભગવાનની પાસે એવું કાંઈ જ નથી. કયા ભાવથી મનુષ્ય પોતાના સ્વભાવને ઉચિત કે અદૃષ્ટદત્ત કર્મો આચરે છે એ જ ભગવાન તો જુએ છે. ઉચ્ચ ધર્મ કે શ્રેષ્ઠ ધર્મ એને જ કહેવાય જ્યાં બધાં કર્મો યજ્ઞભાવે ભગવાનને ચરણે સમર્પિત થતાં હોય, જ્યાં તેમની પ્રકૃતિ દ્વારા કરાયેલાં ગણીને સમભાવે સ્વીકારાતાં હોય.

ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद् धनम् ।।
कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः ।।

એટલે કે આપણે જે કાંઈ જોઈએ, જે કાંઈ કરીએ, જે કાંઈ વિચારીએ એ બધું જ તેમનામાં જોવું, જાણે કે તેમનાં જ ચિંતનનાં વસ્ત્રથી આચ્છાદિત થયેલો શ્રેષ્ઠ માર્ગ ન હોય! એ આવરણને ભેદવાને પાપ કે અધર્મ અસમર્થ હોય છે. મનથી સઘળા પ્રકારનાં કર્મોમાં વાસના કે આસક્તિ તજીને, કોઈ પણ પ્રકારની કામના સિવાય કર્મના પ્રવાહમાં જે કાંઈ વહ્યું આવે તેને ભોગવી લેવું, બધાં કર્મો કરવાં, દેહનું રક્ષણ કરવું, – આ ભગવાનને ગમતું આચરણ છે, શ્રેષ્ઠ ધર્મ છે. અને એ જ છે ખરી નિવૃત્તિ.

નિવૃત્તિનું સ્થાન બુદ્ધિ છે. પ્રાણ અને ઈન્દ્રિયો પ્રવૃત્તિનું ક્ષેત્ર છે. બુદ્ધિ પ્રવૃત્તિ દ્વારા લિપ્ત થાય છે, એમ માનવાને કારણે જ બધી ભાંજગડ ઊભી થાય છે. બુદ્ધિ નિર્લિપ્ત થઈ જાય, સાક્ષી બનીને રહે, ભગવાનની સંદેશવાહક કે પ્રવક્તા (prophet કે spokesman) તરીકે રહે, નિષ્કામ ભાવે ભગવાનથી પ્રેરિત થઈને પ્રાણ તેમ જ ઈન્દ્રિયોને એ બધું જણાવે. અને પ્રાણ તેમ જ ઈન્દ્રિયો એ પ્રમાણે પોતપોતાનાં કર્મોમાં પ્રવૃત્ત થાય. કર્મનો ત્યાગ ખરો ત્યાગ નથી, કામનાનો ત્યાગ એ જ ખરો ત્યાગ છે. શરીરની નિવૃત્તિ ખરી નિવૃત્તિ નથી, બુદ્ધિની નિર્લિપ્તતા જ અસલ નિવૃત્તિ છે.

પ્રાકામ્ય

૧

જ્યારે લોકો અષ્ટસિદ્ધિની વાત જણાવે છે, ત્યારે અલૌકિક યોગપ્રાપ્ત કેટલીક અપૂર્વ શક્તિનો વિચાર મનમાં આવે છે. અલબત્ત, અષ્ટસિદ્ધિનો પૂર્ણ વિકાસ યોગીને જ થાય છે, પરંતુ એ બધી શક્તિઓ પ્રકૃતિના સાધારણ નિયમની બહાર હોતી નથી. ખરી રીતે તો આપણે જેને પ્રકૃતિના નિયમો ગણીએ છીએ તેનો પણ અષ્ટસિદ્ધિમાં સમાવેશ થાય છે.

આ આઠ સિદ્ધિઓનાં નામ છે : મહિમા, લઘિમા, અણિમા, પ્રાકામ્ય, વ્યાપ્તિ, ઐશ્વર્ય, વશિતા અને ઈશિતા. આ બધી સિદ્ધિઓ પરમેશ્વરની આઠ સ્વભાવસિદ્ધ શક્તિઓ તરીકે ઓળખાય છે. આપણે પ્રાકામ્યનો દાખલો લઈએ. પ્રાકામ્યનો અર્થ છે સઘળી ઈન્દ્રિયોનો સંપૂર્ણ વિકાસ અને તેમની અબાધિત ક્રિયા. વાસ્તવિક રીતે પાંચ જ્ઞાનેન્દ્રિયો તેમ જ મનની બધી ક્રિયાઓ પ્રાકામ્યમાં આવી જાય છે. પ્રાકામ્યના બળથી આંખ જોઈ શકે છે, કાન સાંભળી શકે છે, નાક સૂંઘી શકે છે, ચામડી સ્પર્શ અનુભવે છે, રસના રસ ચાખી શકે છે અને મન બહારના બધા સ્પર્શો કળી શકે છે. સામાન્ય લોકો માને છે કે સ્થૂળ ઈન્દ્રિયો જ જ્ઞાનને ધારણ કરવાની શક્તિ ધરાવે છે; પરંતુ તત્ત્વવિદ જાણે છે કે આંખ જોતી નથી, મન જુએ છે, કાન સાંભળતો નથી, મન સાંભળે છે, નાક સૂંઘતું નથી, મન સૂંઘે છે, વગેરે. જેઓ આથી વધારે તત્ત્વજ્ઞાની છે તેઓ કહે છે કે મન પણ જોતું, સાંભળતું કે સૂંઘતું નથી; પરંતુ જીવ જુએ, સાંભળે કે સૂંઘે છે. જીવ પોતે જ જ્ઞાતા છે. જીવ ઈશ્વર છે, ભગવાનનો અંશ છે. ભગવાનની અષ્ટસિદ્ધિ જીવની પણ હોઈ શકે છે.

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ।।

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात् ।।

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ।।

આપણો સનાતન અંશ જીવલોકમાં જીવ થઈને મન અને પંચેન્દ્રિયોની પ્રકૃતિમાં રહીને તેમને આકર્ષે છે, એટલે કે પોતાના ઉપયોગમાં લગાડે છે અને ભોગને માટે આયત્ત કરે છે. જ્યારે જીવરૂપી ઈશ્વર શરીરને મેળવે છે કે

શરીરમાંથી નીકળી જાય છે, ત્યારે જેવી રીતે વાયુ ફૂલો વગેરેમાંથી ગંધ લઈ જાય છે, તેવી રીતે જીવ શરીરમાંથી બધી ઈન્દ્રિયો લઈ જાય છે. કાન, આંખ, સ્પર્શ, આસ્વાદ, ઘ્રાણ અને મન ઉપર અધિષ્ઠિત થઈને ઈશ્વર પોતે વિષયોનો ઉપભોગ કરે છે. દૃષ્ટિ, શ્રવણ, આઘ્રાણ, આસ્વાદન, સ્પર્શ અને મનન, — એ બધી પ્રાકામ્યની ક્રિયાઓ છે. ભગવાનનો સનાતન અંશ જીવ આ પ્રકૃતિની ક્રિયાને આધારે પ્રકૃતિના વિકારથી પંચેન્દ્રિયનો અને સૂક્ષ્મ શરીરમાં મનનો વિકાસ કરે છે અને સ્થૂળ શરીર પામતી વખતે એ છઠ્ઠી ઈન્દ્રિય સાથે પ્રવેશે છે અને મૃત્યુવેળાએ તેની સાથે ચાલ્યો જાય છે. એ જીવ સ્થૂળ દેહમાં કે સૂક્ષ્મ દેહમાં રહીને આ છઠ્ઠી ઈન્દ્રિયનો અધિષ્ઠાતા બનીને બધા વિષયો ભોગવે છે.

કારણદેહમાં સંપૂર્ણ પ્રાકામ્ય હોય છે; તે શક્તિ સૂક્ષ્મ દેહમાં વિકસે છે અને પાછળથી સ્થૂળમાં પ્રવેશે છે, પરંતુ પહેલેથી જ સ્થૂળમાં તેનો સંપૂર્ણ પ્રકાશ થતો નથી. જગતના ક્રમવિકાસ પ્રમાણે બધી ઈન્દ્રિયોનો ક્રમિક વિકાસ થાય છે, અને અંતે કેટલાંક પશુઓમાં મનુષ્યને ઉપયોગી વિકાસ અને પ્રખરતા પામે છે. મનુષ્યમાં પાંચ ઈન્દ્રિયો સહેજ નિસ્તેજ બની જાય છે. કારણ કે આપણે મન અને બુદ્ધિના વિકાસ પ્રમાણે અધિક શક્તિ દાખવીએ છીએ. પરંતુ આ અપૂર્ણ અભિવ્યક્તિ પ્રાકામ્યના વિકાસની છેલ્લી અવસ્થા નથી. યોગ દ્વારા સૂક્ષ્મ દેહમાં જેટલી પ્રાકામ્યની સિદ્ધિ વિકસિત થઈ હોય, તેટલી સ્થૂળ દેહમાં પણ પ્રગટે છે. આને જ યોગપ્રાપ્ત પ્રાકામ્યની સિદ્ધિ કહેવાય.

૨

પરમેશ્વર અનંત અને અપરાજિત પરાક્રમવાળા છે. તેમની સ્વભાવ-સિદ્ધ શક્તિનું ક્ષેત્ર પણ અનંત અને ક્રિયા અબાધિત છે. જીવ ઈશ્વર છે, ભગવાનનો અંશ છે, એટલે સૂક્ષ્મ તેમ જ સ્થૂળ દેહમાં આબદ્ધ થતો ક્રમશ: પોતાની ઈશ્વરી શક્તિનો વિકાસ કરે છે. સ્થૂળ શરીરની બધી ઈન્દ્રિયો મુખ્યત્વે સીમાબદ્ધ છે. જ્યાં સુધી મનુષ્ય સ્થૂળ દેહની શક્તિઓમાં આબદ્ધ રહે છે, ત્યાં સુધી પોતાના બુદ્ધિવિકાસને લઈને જ તે પશુના કરતાં ઉત્કૃષ્ટ હોય છે; નહિ તો ઈન્દ્રિયોની પ્રખરતામાં તેમ જ મનની ભ્રમરહિત ક્રિયાઓમાં, એટલે કે પ્રાકામ્યની સિદ્ધિમાં, પશુ ઉત્કૃષ્ટ હોય છે. વિજ્ઞાનવેત્તા જેને ઈન્સ્ટિન્ક્ટ (instinct) કહે છે, તે જ આ પ્રાકામ્ય છે, પશુમાં બુદ્ધિનો વિકાસ ઘણા થોડા પ્રમાણમાં થયેલો છે; છતાંય આ જગતમાં જીવવાને માટે એવી કોઈ વૃત્તિની જરૂર છે જે માર્ગ બતાવે, શું કરવું, શું ના કરવું, તે દર્શાવે. પશુનું મન આ કાર્ય કરે છે. માનવનું મન કોઈ નિર્ણય કરતું નથી, તેની બુદ્ધિ જ નિશ્ચયાત્મિકા છે. બુદ્ધિ જ તેના નિર્ણયો કરે છે, મન માત્ર સંસ્કાર

ઉત્પન્ન કરવાનું યંત્ર છે. આપણે જે કાંઈ જોઈએ, સાંભળીએ કે જાણીએ છીએ, તે મનમાં સંસ્કારરૂપે પરિણમે છે, એ સંસ્કારોને બુદ્ધિ ગ્રહણ કરે છે અથવા ઉવેખે છે, તે વિષે વિચારો સર્જે છે. પશુની બુદ્ધિ આવો નિર્ણય કરવામાં પછાત છે; પશુ બુદ્ધિ દ્વારા નહિ, પરંતુ મન દ્વારા સમજે છે, વિચારે છે. મનમાં એક એવી અદ્‌ભુત શક્તિ રહેલી છે, જે દ્વારા બીજાના મનમાં જે કાંઈ થતું હોય તે જોતજોતામાં કળી જાય છે; અને વગર વિચાર્યે જે કાંઈ જરૂરી છે તે પારખીને તેને કર્મને ઉપયુક્ત કરે છે. આપણે ઘરમાં પેસતાં કોઈને જોયું ન હોય, છતાંય જાણે કે ઘરમાં કોઈ લપાઈ રહ્યું છે તે જાણી જઈએ છીએ; ભયનું કોઈ કારણ ન હોય, છતાંય ક્યાંકથી ભયનો સંદેહ અનુભવીએ છીએ; કોઈ કાંઈ બોલ્યું, ન બોલ્યું, એટલામાં તો તે શું બોલશે તેની અટકળ કરી લઈએ છીએ. આવાં ઘણાં ઉદાહરણો આપણા સામાન્ય જીવનમાંથી મળી આવશે. આ બધાંની પાછળ મનની શક્તિ રહેલી છે, અગિયારમી ઈન્દ્રિયની સ્વાભાવિક અબાધિત ક્રિયા રહેલી છે. પરંતુ આપણે બુદ્ધિની સહાયતાથી બધાં કામો કરવાને એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આ ક્રિયા, આ પ્રાકામ્યની સમજ આપણામાંથી લગભગ લોપ પામી ગઈ છે. આ પ્રાકામ્યના આધાર વગર પશુ જીવી જ ન શકે. શું પથ્ય છે, શું અપથ્ય છે, કોણ મિત્ર છે, કોણ શત્રુ છે, ક્યાં ભય છે, ક્યાં ભય નથી, – એ બધી હકીકતોની જાણ પશુને પ્રાકામ્ય જ દે છે. આ પ્રાકામ્ય દ્વારા કૂતરું પોતાના માલિકની ભાષા જાણ્યા વગર પણ તેની વાતનો અર્થ અથવા મનનો ભાવ કળી શકે છે; ઘોડો જે રસ્તે ગયો હોય, તે રસ્તે જ પાછો ફરી શકે છે. આ બધી પ્રાકામ્યની ક્રિયાઓ મનની છે. પરંતુ પંચેન્દ્રિયની શક્તિમાં પણ પશુ માણસને હરાવે છે. કયો માણસ કૂતરાની માફક માત્ર ગંધને અનુસરતો એકસો માઈલ સુધી રસ્તો છોડીને કોઈ જંતુની પાછળ ગભરાયા વગર પાછળ પડી શકે તેમ છે? કે પશુની માફક અંધારામાં જોઈ શકે છે? કે માત્ર શ્રવણ દ્વારા ગુપ્ત અવાજ કરનારાને બહાર લાવી શકે છે? ટૅલિપથીની સિદ્ધિને વિષે જણાવતાં એક અંગ્રેજી પત્રે લખ્યું હતું કે ટૅલિપથી મનની પ્રક્રિયા છે, પશુને પણ તે સિદ્ધ છે, પરંતુ મનુષ્યમાં તે નથી; માટે તેના વિકાસથી મનુષ્યની ઉન્નતિને બદલે અવનતિ સંભવે છે. સ્થૂલબુદ્ધિ અંગ્રેજને લાયક તર્ક તો ખરો! અલબત્ત, મનુષ્ય બુદ્ધિવિકાસને માટે એકાદશ ઈન્દ્રિયના સંપૂર્ણ વિકાસથી પાછળ હઠ્યો છે, તે ઠીક જ થયું છે, નહિ તો પ્રયોજનને અભાવે તેનો બુદ્ધિવિકાસ આટલો ઝડપી થઈ શકત નહિ. પરંતુ જ્યારે બુદ્ધિવિકાસ સંપૂર્ણ અને દૃઢ થયો છે, ત્યારે અગિયારમી ઈન્દ્રિયનો ફરીથી વિકાસ કરવો એ માનવજાતિનું કર્તવ્ય છે. આને પરિણામે બુદ્ધિથી વિચારાયેલું

જ્ઞાન વિસ્તૃત થાય, મનુષ્ય પણ મન અને બુદ્ધિના સંપૂર્ણ અનુશીલનથી પોતાના અંતર્નિહિત દેવત્વના પ્રકાશને યોગ્ય પાત્ર બની શકે. કોઈ પણ શક્તિનો વિકાસ અવનતિનું કારણ હોઈ શકે નહિ; માત્ર તેના ગમે તેવા પ્રયોગમાં, મિથ્યા વ્યવહારમાં અને મેળ વગરના દોષમાં અવનતિ સંભવે છે. એવાં ઘણાં લક્ષણો જણાય છે જે ઉપરથી એકાદશ ઈન્દ્રિયનો ફરીથી વિકાસ, પ્રાકામ્યની વૃદ્ધિની શરૂઆતના દિવસો પાસે આવતા સમજી શકાય છે.

રાષ્ટ્રીયતા

પુરાતન અને નૂતન

અમે જોઈએ છીએ કે પુરાતનની બેડીઓને તોડીને દેશબાંધવોને અમે નૂતનનું સર્જન કરવાની હાકલ કરી રહ્યા છીએ, તેને લઈને કેટલાકના મનમાં ક્રોધ, ભય અને આશંકા ઉત્પન્ન થવા લાગ્યાં છે. તેઓ એમ માનતા હોય છે કે પુરાતન કાળ જ સર્વ પ્રકારનાં મંગળનો ખજાનો છે, એ જ નર્યું સત્ય છે, તેમ જ પૂર્ણજ્ઞાન, ધર્મ અને ઐશ્વર્યનો એ જ એક પ્રશસ્ત સમૃદ્ધિ-શાળી ભંડાર છે અને ભારતનું ભારતીયપણું તેને લઈને જ છે. અમે તો ભગવાનમાં અને તેમની શક્તિમાં અચળ શ્રદ્ધા રાખીને ઉન્નતિને માર્ગે આગળ વધવાને કટિબદ્ધ થયા છીએ, ઉદાર સાહસથી ભાવિને એક નવો આકાર આપવા ઈચ્છીએ છીએ. યૌવનના મદથી ઉન્મત્ત બનીને અમે જાણે કે પાશ્ચાત્ય જ્ઞાનથી પુષ્ટ ઉચ્છૃંખલ માર્ગના યાત્રીઓ છીએ. પુરાતનને હઠાવીને નૂતનનું આગમન સરળ બનાવવું એ અત્યંત મુશ્કેલીભર્યું કાર્ય છે, કહો કે સર્વનાશનો માર્ગ છે. પુરાતન ગયું તો ભારતનો સનાતન ધર્મ રહ્યો ક્યાં? એટલે જ તો પુરાતનને વળગી રહ્યે કલ્યાણ છે. એ ચિરંતન મોક્ષપરાયણતા, એ અનુપમ કલ્યાણકારી માયાવાદ, એ અચલ સ્થિતિશીલતા, – એ તો રહી ભારતની એક માત્ર સંપત્તિ! અમે કહી શકત કે ભારતની અને ખાસ કરીને અત્યારના બંગાળની જે અવસ્થા છે તેના કરતાં વધુ મોટો સર્વનાશ કયો હોઈ શકે, વધુ શોચનીય પરિણામ કયું હોઈ શકે? આ સમજવું અને તેની કલ્પના કરવી કેટલું ભયંકર છે! પુરાતનને વળગી રહ્યે જ જો આ હાલ થયા, તો નૂતનના પ્રયાસો કરવામાં શો દોષ થાય?

અત્યારે જ્યારે સમગ્ર જાતિના વિનાશનો ભય વરતાઈ રહ્યો છે, ત્યારે પુરાતન પર નિર્ભર રહીને નિશ્ચેષ્ટ રહેવું સારું ગણાય કે આ બધી જાળ-જંજાળને ભાંગી તોડીને સ્વાધીનતાના મુક્ત જીવન પ્રત્યે જવાનો માર્ગ મોકળો કરવો એ શ્રેયસ્કર ગણાય?

પરંતુ જેઓ વાંધો ઉઠાવે છે તેમાંના ઘણાખરા પંડિતો છે, ચિંતનશીલ અને આદરપાત્ર વ્યક્તિઓ છે; તેમની વાત આમ ઉડાવી દેવી એ ઠીક ન ગણાય. ખરી રીતે તો અમારા કહેવાનું તાત્પર્ય, અમારા આ પડકારનું ગંભીરતર તત્ત્વ સમજાવવાનો અમે પ્રયત્ન કરીશું.

સનાતન અને પુરાતન એક નથી. સનાતન હમેશનું છે. જે ત્રિકાલાતીત છે, જે અવિનશ્વર છે, જે સઘળાં રૂપાંતરોની વચ્ચે રહીને પણ અવિચ્છિન્ન ધારામાં ટકી રહ્યું છે, જે વિનાશ પામતી વસ્તુઓમાં અવિનાશી છે, તે જ સનાતન છે. ભારતના ધર્મને કે તેની મૌલિક ચિંતનધારાને તે પુરાતન છે

માટે સનાતન ધર્મ છે કે સનાતન સત્ય છે, એમ અમે કહેતા નથી. એ ચિંતનધારા આત્માની ઉપલબ્ધિથી પ્રાપ્ત થયેલું આત્મજ્ઞાન છે અને સનાતન જ્ઞાન પર પ્રતિષ્ઠિત થયેલો તે ધર્મ છે અને માટે તે સનાતન છે. સનાતનને માટે સમયને ઉપયોગી તેનું એક રૂપ તેને પુરાતન કહીશું.

અતીતની સમસ્યા

લગભગ એક શતાબ્દી લગી ભણેલો વર્ગ પાશ્ચાત્ય ભાવના સંપૂર્ણ આધિપત્યમાં આવી જઈને આર્યજ્ઞાન અને આર્યભાવથી વંચિત થઈ ગયો હતો અને પરિણામે શક્તિહીન, પરાશ્રયી અને અનુકરણ પ્રિય બની ગયો હતો. આ તામસિક ભાવ હવે જઈ રહ્યો છે. શાને લઈને આમ બન્યું તેની વિચારણા કરવી જરૂરી છે.

અઢારમી સદીમાં તામસિક અજ્ઞાન અને ભયંકર રાજસિક પ્રવૃત્તિ ભારતવાસીને ભરખી ગયાં હતાં. દેશમાં હજારોની સંખ્યામાં સ્વાર્થપરાયણ, કર્તવ્યવિમુખ, દેશદ્રોહી, શક્તિશાળી અસુર પ્રકૃતિના લોકો જન્મ્યા હતા, અને તેમણે પરાધીનતાને માટેની અનુકૂળ અવસ્થા તૈયાર કરી રાખી હતી. આવે સમયે ભગવાનનો ગૂઢ મતલબ પાર પાડવાને ભારતમાં દૂરથી એક બેટના રહેવાસી અંગ્રેજ વાણિયા આવી પહોંચ્યા. પાપના ભારથી દુઃખી થયેલો ભારત દેશ જોતજોતામાં વિદેશીના પંજામાં પડ્યો. આ અદ્‌ભુત કાંડનો વિચાર કરતાં હજી પણ જગત આશ્ચર્યને પામે છે. આની કોઈ સંતોષજનક વિચારણા ન મળતાં બધા જ અંગ્રેજોના ગુણની પાર વગરની પ્રશંસા કરવા લાગી ગયા છે. અંગ્રેજ જાતિમાં અનેક ગુણો છે; એમ ન હોત તો તેઓ પૃથ્વીશ્રેષ્ઠ દિગ્વિજયી જાતિ થઈ શકત નહીં. પરંતુ જેઓ ભારતવાસીની નિકૃષ્ટતાને અને અંગ્રેજોની શ્રેષ્ઠતાને, ભારતવાસીના પાપને અને અંગ્રેજોના પુણ્યને આ અદ્‌ભુત ઘટનાના એક માત્ર કારણ તરીકે માને છે, તેઓ ભલે પૂર્ણ રીતે ભ્રાંત ન હોય, પરંતુ લોકોના મનમાં કેટલીક ભૂલ ભરેલી વાતો ઉપજાવવામાં સહાયભૂત થયા છે. તો હવે આ બાબતમાં ઝીણી વિગતો તપાસીને ભૂલ વગરની વિચારણા કરવાનો પ્રયત્ન કરીએ. અતીતની સૂક્ષ્મ તપાસ કર્યા વગર ભવિષ્યની ગતિનો નિર્ણય કરવો મુશ્કેલ ગણાય.

અંગ્રેજોનો ભારત પરનો વિજય જગતના ઈતિહાસમાં એક અજોડ ઘટના ગણાય. આવડો મોટો દેશ જો કોઈ અસભ્ય, દુર્બળ અથવા અબૂજ, અશક્ત જાતિના વસવાટવાળો હોત તો આવી વાત વિચારવાની જરૂર ના રહેત; પરંતુ ભારતવર્ષ રાજપૂત, મરાઠા, શીખ, પઠાણ મોગલ વગેરે જાતિઓનું વાસસ્થાન છે અને તીક્ષ્ણબુદ્ધિ બંગાળી, વિચારશીલ મદ્રાસની પ્રજા અને રાજનીતિજ્ઞ મહારાષ્ટ્રીય બ્રાહ્મણ ઈત્યાદિ ભારતીનાં સંતાન છે. અંગ્રેજોના વિજયને સમયે નાના ફડનવીસના જેવા વિચક્ષણ રાજનીતિવિદ, માધોજી સિન્ધિયાના જેવા યુદ્ધવિશારદ સેનાપતિ, હૈદરઅલી અને રણજીતસિંહના જેવા તેજસ્વી અને પ્રતિભાશાળી રાજ્યનિર્માતા ઠેકઠેકાણે જન્મી ચૂકયા હતા. અઢા-

રમી સદીમાં શું તેજમાં, શું શૌર્યમાં, શું બુદ્ધિમાં ભારતવાસી કોઈ અન્ય રાષ્ટ્રની સરખામણીમાં ઊતરે તેવા ન હતા. અઢારમી સદીનું ભારત એટલે સરસ્વતીનું મંદિર, લક્ષ્મીનો ભંડાર, શક્તિનું ક્રીડાક્ષેત્ર અને આમ છતાં જે દેશ પર પ્રબળ અને વધતા જતા મુસલમાનો સેંકડો વર્ષોના પ્રયાસ પછી મહામુશ્કેલીથી વિજય મેળવીને કદાપિ પણ નિર્વિઘ્ને શાસન કરી શક્યા નથી, તે જ દેશ પચાસ વર્ષમાં સહેલાઈથી એક મુઠ્ઠીભર અંગ્રેજ વાણિયાઓના સકંજામાં આવી ગયો. અને સો વર્ષમાં તેમનાં એકછત્ર સામ્રાજયની છાયા તળે લહેરથી આરામ કરી ગયો! તમે કહેશો કે તેનું કારણ એકતાનો અભાવ હતું. ચાલો માની લઈએ કે એકતાનો અભાવ આપણા દુર્ભાગ્યનું મુખ્ય કારણ ગણાય પણ ભારતવર્ષમાં કોઈપણ કાળે એકતા સ્થપાઈ જ ન હતી. એ એકતા નહોતી મહાભારતના સમયમાં, નહોતી ચન્દ્રગુપ્ત અને અશોકના યુગમાં, નહોતી મુસલમાનોના ભારતવિજય કાળે અને નહોતી અઢારમી સદીમાં પણ. આ આશ્ચર્યકારક ઘટનાનું એકમાત્ર કારણ એકતાનો અભાવ ન હોઈ શકે. જો તમે એમ કહો કે એનું કારણ અંગ્રેજોનું પુણ્ય ગણાય, તો અમે પૂછીએ છીએ કે જે લોકો તે સમયનો ઈતિહાસ સમજે છે તેઓ શું કહેવાનું સાહસ કરી શકશે કે તે વખતના અંગ્રેજ વાણિયા તે સમયના ભારતવાસીનાં કરતાં ગુણમાં કે પુણ્યમાં શ્રેષ્ઠ હતા? જે કલાઈવ અને વૉરન-હેસ્ટીંગ્સનું પ્રતિનિધિત્વ ધરાવતી અંગ્રેજ વણિક જાતિ અને દસ્યુઓએ ભારત-ભૂમિ પર વિજય મેળવીને તેને લૂંટીને જગતમાં અજોડ સાહસ, ઉદ્યમ અને સ્વાર્થપરાયણતા અને જગતમાં અજોડ દુર્ગુણોનાં દૃષ્ટાન્ત બતાવ્યાં છે તે નિષ્ઠુર, સ્વાર્થપરાયણ, અર્થલોલુપ, શક્તિશાળી અસુરોના પુણ્યની વાત સાંભળીને હાસ્ય રોકી શકાતું નથી. સાહસ ઉદ્યમ અને સ્વાર્થપરાયણતા અસુરના ગુણો છે, અસુરોનું પુણ્ય છે અને તે કલાઈવ જેવા અંગ્રેજોનું હતું પરંતુ તેમનાં પાપ ભારતવાસીના પાપની સરખામણીમાં સહેજેય ઓછાં નહોતાં. એટલે કે અંગ્રેજોના પુણ્યને લઈને આ ન બનવાનું બન્યું એમ કહેવું ઠીક નથી.

અંગ્રેજો અસુર હતા અને ભારતવાસી પણ અસુર હતા. સંઘર્ષ અસુર અને દેવ વચ્ચે ન હતો, અસુર અસુર વચ્ચે હતો. તો પશ્ચિમના અસુરોમાં એવા કયા મોટા ગુણો હતા જેને લઈને તેમનાં તેજ, શૌર્ય અને બુદ્ધિ સફળ થયાં, જ્યારે ભારતવાસી અસુરમાં એવા કયા ભયંકર દોષ હતા જેને લઈને તેમનાં તેજ, શૌર્ય અને બુદ્ધિ નિષ્ફળ ગયાં?

આનો પ્રથમ ઉત્તર એ કે ભારતવાસી બીજા બધા ગુણોમાં અંગ્રેજોના સમાન હોવા છતાં રાષ્ટ્રભાવનારહિત હતા. અંગ્રેજોમાં આ ગુણ પૂર્ણપણે વિકાસ પામ્યો હતો. આ પરથી રખે કોઈ એમ સમજે કે અંગ્રેજો સ્વદેશપ્રેમી

હતા અને એ સ્વદેશપ્રેમની પ્રેરણાને લઈને ભારતમાં વિશાળ સામ્રાજ્યને સ્થાપવાને શક્તિશાળી થયા હતા.

સ્વદેશપ્રેમ અને રાષ્ટ્રભાવના બે અલગ વૃત્તિઓ છે. સ્વદેશપ્રેમી સ્વદેશની સેવાના ભાવમાં ઉન્મત્ત હોય છે; સર્વત્ર તે સ્વદેશને નીરખે છે, બધાં કાર્યો સ્વદેશને ઈષ્ટદેવતા તરીકે ગણીને યજ્ઞરૂપે સમર્પણ કરે છે અને એ રીતે દેશનું હિત સાધે છે, દેશના સ્વાર્થમાં પોતાનો સ્વાર્થ ડુબાડી દે છે. અઢારમી સદીના અંગ્રેજોમાં આ પ્રકારનો ભાવ ન હતો; અને એ રીતનો ભાવ કોઈ જડવાદી પાશ્ચાત્ય જાતિના પ્રાણતત્ત્વમાં સ્થાયીરૂપે ટકી શકે નહીં. અંગ્રેજો સ્વદેશહિતથી પ્રેરાઈને ભારતમાં આવ્યા ન હતા, સ્વદેશના કલ્યાણને અર્થે ભારતમાં આવ્યા ન હતા. તેઓ આવ્યા હતા પોતપોતાના આર્થિક લાભને લઈને, પોતાના દેશના હિતને માટે તેમણે ભારતનો વિજય નહોતો કર્યો, તેને નહોતું લૂટયું; ઘણે ભાગે પોતાના સ્વાર્થની સિદ્ધિને કાજે વિજય મેળવ્યો હતો. પરંતુ સ્વદેશપ્રેમી ન હોવા છતાંય તેઓ રાષ્ટ્રભાવાપન્ન હતા, મારો દેશ શ્રેષ્ઠ છે, મારા રાષ્ટ્રના આચારવિચાર, ધર્મકર્મ, ચરિત્ર, બળ, પરાક્રમ, બુદ્ધિ, મતમતાંતર ઉત્કૃષ્ટ છે, અજોડ છે અને અન્ય રાષ્ટ્રની સરખામણીમાં દુર્લભ છે, – એ પ્રકારનું અભિમાન એમને હતું. મારા દેશના હિતમાં મારું હિત છે, તેના ગૌરવે મારું ગૌરવ છે, મારા દેશભાઈઓની સમૃદ્ધિમાં મારી સમૃદ્ધિ છે, આ એમનો વિશ્વાસ હતો. માત્ર મારો સ્વાર્થ ન સાધતાં સાથે સાથે દેશનો સ્વાર્થ સાધવો; દેશનાં માન, ગૌરવ અને સમૃદ્ધિને માટે ઝઝૂમવું દરેક દેશવાસીનું કર્તવ્ય છે; જરૂર પડતાં યુદ્ધમાં નિર્ભયે પ્રાણત્યાગ કરવામાં વીરનો ધર્મ સમાયો છે, – આ પ્રકારની કર્તવ્યબુદ્ધિ રાષ્ટ્રીય ભાવનાનાં મુખ્ય લક્ષણ છે.

રાષ્ટ્રીય ભાવ રાજસિક ભાવ છે; સ્વદેશપ્રેમ સાત્ત્વિક ભાવ છે. જે પોતાના અહંને દેશના અહંમાં વિલીન કરી શકે છે તે આદર્શ સ્વદેશપ્રેમી કહેવાય. જે પોતાના અહંને સંપૂર્ણપણે જાળવી રાખીને તે દ્વારા દેશના અહંમાં વધારો કરે તે રાષ્ટ્રભાવાપન્ન કહેવાય.

તે સમયે ભારતવાસીઓ રાષ્ટ્રભાવશૂન્ય હતા. તેઓ કદાપિ રાષ્ટ્રનું હિત જોતા નહિ એમ નહીં કહી શકાય; પરંતુ રાષ્ટ્રના અને પોતાના હિતમાં લેશમાત્ર વિરોધ જણાતાં મોટે ભાગે રાષ્ટ્રનું હિત છોડી દઈને પોતાનું હિત સાધતા. એકતાના અભાવ કરતાં રાષ્ટ્રભાવનો આ અભાવ અમારા મત પ્રમાણે પ્રાણવિનાશક દોષ ગણાય. પૂર્ણ રાષ્ટ્રીય ભાવ દેશમાં વ્યાપક થાય તો આવા અનેક ભેદસંકુલ દેશમાં પણ એકતા સંભવે. ફક્ત એકતાનો પોકાર કર્યે તે સ્થપાવાની નથી. અંગ્રેજોના ભારત પરના વિજયનું મુખ્ય કારણ આ

છે. અસુરોની સાથે અસુરોનો સંઘર્ષ થયો; રાષ્ટ્રભાવાપન્ન એકતાપ્રાપ્ત અસુર લોકોએ રાષ્ટ્રભાવશૂન્ય, એકતાશૂન્ય, સમાનગુણવિશિષ્ટ અસુર લોકોનો પરાજય કર્યો. વિધાતાનો એ નિયમ છે કે જે દક્ષ અને શક્તિશાળી હોય તે જ કુસ્તીમાં જીતે; જે ઝડપી અને સહિષ્ણુ હોય તે જ દોડમાં પહેલા આવે. સચ્ચરિત્ર કે પુણ્યશાળી હોવાને કારણે કોઈ દોડમાં કે કુસ્તીમાં વિજયી ન નીવડે. તેને માટે યોગ્ય શક્તિની જરૂર હોય છે. તે પ્રમાણે રાષ્ટ્રીય ભાવના વિકાસે કરીને દુર્વૃત્ત અને આસુરી રાષ્ટ્ર પણ સામ્રાજ્ય સ્થાપવામાં શક્તિશાળી થઈ શકે; રાષ્ટ્રીય ભાવને અભાવે સચ્ચરિત્ર અને ગુણસંપન્ન રાષ્ટ્ર પણ પરાધીન બનીને આખરે ચરિત્ર અને ગુણ ગુમાવીને અધોગતિને પામે.

રાજનીતિની દૃષ્ટિએ ભારતવિજયની આ જ એક શ્રેષ્ઠ મીમાંસા ગણાય; પરંતુ આ વિષયમાં બીજું પણ ગંભીર સત્ય રહેલું છે. મેં આગળ જણાવ્યું છે કે તામસિક અજ્ઞાન અને રાજસિક પ્રવૃત્તિ ભારતમાં અતિ પ્રબળ થયાં હતાં. આ પ્રકારની સ્થિતિ પતનની પહેલાંની સ્થિતિ છે. રજોગુણના સેવનથી રાજસિક શક્તિનો વિકાસ થાય; પરંતુ કેવળ રજસ શીઘ્ર તમસ તરફ ગતિ કરનારું થાય છે, ઉદ્ધત અને સંયમ વગરના પ્રયાસો જલદી અવસાદને અને થાકને પામીને અપ્રવૃત્તિ, શક્તિહીનતા, વિષાદ અને નિષ્ક્રિયતામાં પરિણમે છે. રજોશક્તિ સત્ત્વમુખી થાય તો જ સ્થાયી બને છે. ભલે સાત્ત્વિક ભાવ ન હોય, તો પણ સાત્ત્વિક આદર્શ જરૂરી છે. તે આદર્શ દ્વારા રજોશક્તિ નિયંત્રિત થઈને સ્થાયી બળને પામે છે. સ્વાધીનતા અને સુનિયંત્રિતતા એ બે મહાન સાત્ત્વિક આદર્શો અંગ્રેજોમાં પ્રથમથી જ હતા. તેને લઈને જ અંગ્રેજો જગતમાં આગળ પડતા અને વિજયી નીવડ્યા છે. ઓગણીસમી સદીમાં રાષ્ટ્રમાં પરોપકારની લાલસા પણ જાગ્રત થઈ હતી અને તેને પરિણામે ઇંગ્લેંડ રાષ્ટ્રીય મહત્તાની ચરમ અવસ્થા લગી પહોંચી ગયું હતું. આ ઉપરાંત વળી યૂરોપમાં જ્ઞાનતૃષ્ણાની પ્રબળ પ્રેરણાને લીધે પાશ્ચાત્ય દેશોમાં સેંકડો વૈજ્ઞાનિકો પ્રગટયા. એક નાનકડા જ્ઞાનને માટે સેંકડો લોકો પ્રાણ આપવા લાગ્યા. આ પ્રકારની બળવાન સાત્ત્વિક જ્ઞાનતૃષ્ણા અંગ્રેજજાતિમાં વિકાસ પામી હતી. આ સાત્ત્વિક શક્તિથી અંગ્રેજો બળવાન હતા. આ રીતની સાત્ત્વિક શક્તિ ક્ષીણ થવાને કારણે અંગ્રેજોનું પ્રાધાન્ય, તેમનાં તેજ અને પરાક્રમ ક્ષીણ થઈને ભય, વિષાદ અને આત્મશક્તિ પર અશ્રદ્ધા વધવા લાગ્યાં છે. સાત્ત્વિક લક્ષ્યમાંથી ભ્રષ્ટ રજોશક્તિ તમોમુખી થઈ રહી છે. બીજી તરફ ભારતવાસી એક મહાન સાત્ત્વિક જાતિ હતી અને એ સાત્ત્વિકતાને બળે જ્ઞાનમાં, શૌર્યમાં, તેજમાં તેમ જ બળમાં તે અજોડ થઈ હતી અને એકતા વગરની હોવા છતાંય હજારો વર્ષો લગી વિદેશીઓના આક્રમણોનો

સામનો કરવામાં અને તેમનાં દમનમાં સમર્થ રહી હતી. આખરે રજસની વૃદ્ધિ અને સત્ત્વનો હ્રાસ થવા લાગ્યો. મુસલમાનો આવ્યા ત્યારે જ્ઞાનનો વિસ્તાર સંકુચિત થવા લાગ્યો હતો. તે સમયે રજોપ્રધાન રાજપૂત જાતિ ભારતનાં સિંહાસન પર વિરાજતી હતી. ઉત્તર ભારતમાં યુદ્ધ, વિગ્રહ અને અંદરો અંદર કલહો વધવા લાગ્યા હતા. બંગાળમાં બૌદ્ધધર્મની અવનતિને લઈને તામસિક ભાવ પ્રબળ થતો જતો હતો. દક્ષિણ ભારતમાં અધ્યાત્મજ્ઞાન આશ્રય પામ્યું હતું. તેના સાત્ત્વિક બળને લઈને દક્ષિણ ભારત ઘણા સમય લગી સ્વાધીનતાનું રક્ષણ કરવાને સમર્થ થયું હતું. જ્ઞાનની તૃષા અને તેની ઉન્નતિ બંધ થવા લાગ્યાં, તેને ઠેકાણે પાંડિત્યનાં માન અને ગૌરવ વધ્યાં. આધ્યાત્મિક જ્ઞાન, યોગશક્તિનો વિકાસ અને આભ્યન્તરિક ઉપલબ્ધિને ઠેકાણે તામસિક પૂજા અને સકામ રાજસિક વ્રતોદ્યાપનો વધવા લાગ્યાં હતાં. વર્ણાશ્રમ ધર્મ લુપ્ત થઈ ગયો હતો. બાહ્ય આચાર અને ક્રિયાઓને લોકો વધુ મૂલ્યવાન ગણવા લાગ્યા હતા. આ પ્રકારના જાતિધર્મના લોપને લઈને જ ગ્રીસ, રોમ, મિસર, આસીરિયાનો વિનાશ થયો હતો. પરંતુ સનાતન ધર્માવલંબી આર્યજાતિનાં તે સનાતન મૂળમાંથી વચ્ચે વચ્ચે સંજીવની સુધા-ધારાએ સમગ્ર જાતિના પ્રાણનું રક્ષણ કર્યું હતું. શંકર, રામાનુજ, ચૈતન્ય, નાનક, રામદાસ, તુકારામ વગેરેએ તે અમૃતનું સિંચન કરીને મરણથી આઘાત પામેલા ભારતમાં પ્રાણનો સંચાર કર્યો હતો.

આમ છતાં રજસ અને તમસના સ્રોતનું એટલું બધું પ્રાબલ્ય હતું કે તેના આકર્ષણને લઈને ઉત્તમ પણ અધમ થયા, સામાન્ય લોકોમાં શંકરાચાર્યના જ્ઞાનદ્વારા તામસિક ભાવને વેગ મળવા લાગ્યો, ચૈતન્યનો પ્રેમધર્મ ભયંકર તામસિક નિષ્ક્રિયતામાં પરિણત થયો. રામદાસની શિક્ષા પામેલા મહારાષ્ટ્રીય લોકો મહારાષ્ટ્ર ધર્મ ભૂલીને સ્વાર્થ સાધવામાં અને આપસ આપસના કલહમાં શક્તિનો દુરુપયોગ કરીને શિવાજી અને બાજીરાવે સ્થાપેલું સામ્રાજ્ય નષ્ટ કરવા લાગ્યા. અઢારમી સદીમાં આ પ્રવાહે પૂરો વેગ પકડ્યો. તે સમયે સમાજ અને ધર્મ કેટલાક આધુનિક વિધાનકર્તાની સાંકડી વાડમાં બંધાઈ ગયા, બાહ્ય આચાર અને ક્રિયાનો આડંબર ધર્મને નામે પ્રચલિત થવા લાગ્યો. આર્યજ્ઞાન પ્રાયઃ લુપ્ત થઈ ગયું હતું, આર્યચરિત્ર પ્રાયઃ નાશ પામ્યું હતું અને સનાતન ધર્મ સમાજનો ત્યાગ કરીને સંન્યાસીના અરણ્યવાસમાં તેમ જ ભક્તના હૃદયમાં છુપાઈ ગયો હતો, તે વેળા ભારત પ્રચંડ તમસના અંધકારથી છવાઈ ગયો હતો. તેમ છતાં ઉત્કટ રાજસિક પ્રવૃત્તિ બાહ્ય ધર્મને વેશે સ્વાર્થ, પાપ, દેશનું અકલ્યાણ, અન્યનું અનિષ્ટ પુરબહારમાં આચરી રહી હતી. દેશમાં શક્તિનો અભાવ ન હતો; પરંતુ આર્યધર્મનો લોપ થવાને કારણે તેમ જ

સત્ત્વનો હ્રાસ થવાથી તે શક્તિ આત્મરક્ષણ કરવામાં અસમર્થ થઈને આત્મ-વિનાશ તરફ વળી. આખરે અંગ્રેજોની આસુરી શક્તિને મુકાબલે પરાજય પામીને ભારતની આસુરી શક્તિ બંધનમાં પડી અને મુમૂર્ષુ થઈ ગઈ. ભારત સંપૂર્ણપણે તમોભાવના ખોળામાં ઊંઘી ગયો. અપ્રકાશ, અપ્રવૃત્તિ, અજ્ઞાન, અકર્મણ્યતા, પરધર્મસેવન, પારકાનું અનુકરણ, પારકાને આશ્રયે પોતાની ઉન્નતિ સાધવાના પ્રયત્નો, વિષાદ, આત્મનિંદા, ક્ષુદ્ર આશય, આળસ વગેરે સર્વે તમોભાવને પ્રગટ કરનારા ગુણો છે. ઓગણીસમી સદીમાં આમાંથી કયા ગુણોનો અભાવ હતો? ઓગણીસમી શતાબ્દીના સઘળા પ્રયત્નો આ બધા ગુણોને પ્રાબલ્યે તમઃશક્તિના ચિહ્નોથી સર્વત્ર ચિહ્નિત થયેલા જણાશે.

જ્યારે ભગવાને ભારતને જગાડ્યો ત્યારે તે જાગરણના પ્રથમ આવેગને લઈને રાષ્ટ્રીય ભાવના ઉદ્દીપ્ત થઈ અને તેની જ્વાલામયી શક્તિ જાતિની શિરાએ શિરાએ જોરથી વહેવા લાગી. સાથે સાથે સ્વદેશપ્રેમનો ઉન્માદકારી આવેગ યુવકોમાં પ્રસરી ગયો. આપણે પાશ્ચાત્ય જાતિ નથી, આપણે એશિયાવાસી છીએ, ભારતવાસી છીએ, આર્ય છીએ. આપણામાં રાષ્ટ્રીયભાવ છે. પરંતુ તેમાં સ્વદેશપ્રેમનો સંચાર ન થવાને કારણે આપણો રાષ્ટ્રભાવ પરિસ્ફુટ થતો નથી. આ સ્વદેશપ્રેમની ભૂમિકા છે માતૃપૂજા. જે દિવસે બંકિમચન્દ્રનું "વંદેમાતરમ્" ગાન કાનને ઓળંગીને પ્રાણમાં કંપવા લાગ્યું, તે દિવસથી આપણા હૃદયમાં સ્વદેશપ્રેમ જાગ્યો, માતાની મૂર્તિ પ્રતિષ્ઠા પામી. સ્વદેશ મા છે, સ્વદેશ ભગવાન છે, એ પ્રકારનું વેદાન્તશિક્ષણનું અંતર્ગત મહાન શિક્ષણ રાષ્ટ્રીય અભ્યુત્થાનનું બીજ છે. જેમ જીવ ભગવાનનો અંશ છે, તેની શક્તિ ભગવાનની શક્તિનો અંશ છે, તેમ આ સાત કરોડ બંગવાસી, ત્રીસ કરોડ ભારતવાસીના સમષ્ટિગત, સર્વવ્યાપી વાસુદેવના અંશરૂપ છે, તેમનો આશ્રય છે. આ શક્તિસ્વરૂપિણી, બહુભુજાવાળી, પ્રચંડબળધારિણી ભારતજનની, ભગવાનની એક શક્તિ છે, મા છે, દેવી છે, જગજ્જનની કાલીનો દેહવિશેષ છે. આ પ્રકારનો માતૃપ્રેમ, માતૃમૂર્તિ, રાષ્ટ્રના મનમાં તેમ જ પ્રાણમાં જાગ્રત કરવા, પ્રતિષ્ઠિત કરવા આ કેટલાંક વર્ષોની ઉત્તેજના, ઉદ્યમ, કોલાહલ, અપમાન, લાંછના, પીડા ભગવાને નક્કી કરેલાં હતાં. એ કાર્ય થઈ ચૂક્યું છે. હવે શું?

હવે પછી આર્યજાતિની સનાતન શક્તિનો પુનરુદ્ધાર કરવો પડશે. પહેલું આર્યચરિત્ર અને શિક્ષણ, બીજું યોગશક્તિનો પુનર્વિકાસ, ત્રીજું આર્યો-ચિત જ્ઞાનતૃષ્ણા અને કર્મશક્તિ દ્વારા નવયુગને આવશ્યક સામગ્રીનો સંચય અને આ બધાં વર્ષોની ઉન્માદિની ઉત્તેજનાને નિયંત્રિત કરીને સ્થિર લક્ષ્ય તરફ વાળીને માતાના કાર્યનો ઉદ્ધાર. અત્યારે જે નવયુવકો દેશભરમાં માર્ગ

શોધી રહ્યા છે અને કર્મનું અન્વેષણ કરી રહ્યા છે, તેઓ ઉત્તેજનાને પાર કરીને શક્તિને આણવાનો માર્ગ ભલે ઢૂંઢો. જે મહાન કાર્ય પાર પાડવાનું છે તે માત્ર ઉત્તેજનાથી સંપન્ન થઈ શકવાનું નથી. તેને માટે શક્તિની જરૂર છે. તમારા બાપદાદાઓના શિક્ષણથી જે શક્તિ પ્રાપ્ત થશે તે અઘટનઘટન-પટીયસી ન થયેલું કરી શકે તેવી શક્તિ હશે. એ શક્તિ તમારા શરીરોમાં ઊતરવા તૈયાર થઈ રહી છે અને તે શક્તિ જ છે મા. તેને આત્મસમર્પણ કરવાનું શીખી લો. મા તમારા દ્વારા એટલું ઝડપથી, એટલી સબળ રીતે કાર્ય સંપન્ન કરશે કે તે જોઈને જગત અવાક બની જશે. એ શક્તિને અભાવે તમારા સઘળા પ્રયત્નો વ્યર્થ જશે. માતાની મૂર્તિ તમારા હૃદયમાં પ્રતિષ્ઠા પામી છે, તમે માની પૂજા અને સેવા કરવાનું શીખ્યા છો. હવે અંતરમાં રહેલી માને આત્મસમર્પણ કરો, કાર્યને પાર પાડવાને માટે બીજો કોઈ માર્ગ નથી.

દેશ અને રાષ્ટ્રભાવ

રાષ્ટ્રભાવ દેશ પર પ્રતિષ્ઠિત છે. જાતિ કે ધર્મ કે બીજું કંઈ નહિ, માત્ર દેશ જ તેની ભૂમિકા છે. બીજાં બધાં રાષ્ટ્રભાવનાં ઉપકરણ ગૌણ અને ઉપકારક હોઈ શકે, પરંતુ મુખ્ય અને આવશ્યક વાત તે દેશ છે. ઘણીએ પરસ્પરવિરોધી જાતિઓ દેશમાં રહેતી હોય છે, તેમનામાં કદાપિ સદ્‌ભાવ, એકતા કે મૈત્રી જણાયાં હોતાં નથી. પણ તેમાં ભય શાનો છે? જ્યારે એક દેશ છે, એક માતા છે, ત્યારે એક વાર એકતા સ્થપાશે જ, અનેક જાતિઓના મિલનથી એક બળવાન અજેય જાતિ રચાશે. ધર્મમત ભલે એક ન હોય, સંપ્રદાયે સંપ્રદાયે વિરોધ હોય, મેળ ન હોય કે તેની આશા પણ ન હોય; છતાંય કશો જ ભય રાખવાની જરૂર નથી. એક વાર સ્વદેશ મૂર્તિધારિણી માતાના પ્રબળ આકર્ષણથી, છળથી, બળથી, સામથી, દંડથી, દાનથી મેળ સ્થપાશે જ અને સાંપ્રદાયિક વિભિન્નતા ભ્રાતૃભાવમાં, માતૃપ્રેમમાં વિલીન થઈ જશે.

દેશ એક, ભાષાઓ ઘણી, ભાઈભાઈની વાત સમજાય નહીં, પરસ્પરના ભાવમાં પ્રવેશ ન મળે, હૃદયે હૃદય ભળવાને માર્ગે અભેદ્ય દીવાલ ખડી હોય, તેને મહામુશ્કેલીએ ઓળંગી શકાય – છતાંય ભય રાખવો જરૂરી નથી. એક દેશ, એક જીવન, એક વિચારનો સ્રોત સૌનાં મનમાં પ્રયોજનને વશ થઈને સર્વ સામાન્ય ભાષાનું સર્જન કરશે જ. કદાચ કોઈ એક ચાલુ ભાષાનું આધિપત્ય સ્વીકારાય અથવા તો કોઈ નવી ભાષા રચાય. માતાના મંદિરમાં બધા એ જ ભાષાનો વ્યવહાર કરશે. આ સઘળી મુશ્કેલીઓ લાંબો વખત ટકવાની નથી. માતાનું પ્રયોજન, માતાનું આકર્ષણ, માતાના પ્રાણની ઝંખના નકામી જવાની નથી. તે બધી મુશ્કેલીઓ, બધા વિરોધોને ટપી જશે, તેમનો નાશ કરશે અને વિજયી થશે. આપણે સૌ એક માતાના ગર્ભમાંથી જન્મ્યા છીએ, એક જ માના ખોળે વસીએ છીએ, એક જ માના પંચભૂતમાં ભળી જઈએ છીએ. અંદર અંદરનાં હજારો ઝઘડા હોવા છતાંય મા બોલાવશે એટલે હળીમળી એક થઈશું. કુદરતનો એ નિયમ છે અને ઈતિહાસ પણ એ જ જણાવે છે કે દેશ રાષ્ટ્રભાવની પ્રતિષ્ઠાભૂમિ છે. આ સંબંધ ખરો સંબંધ છે. સ્વદેશ હોય એટલે રાષ્ટ્રભાવ આવનાર જ છે. એક દેશમાં બે જાતિ લાંબો સમય રહી ન શકે, તેને એક થવું જ પડે. બીજી રીતે જોતાં જો એક દેશ ન હોય અને જાતિ, ધર્મ અને ભાષા એક હોય તો તેથી કંઈ પણ અર્થ સરે નહીં. એક દિવસ સ્વતંત્ર જાતિનું સર્જન થવાનું જ. સ્વતંત્ર સ્વતંત્ર દેશોને જોડીને એક મોટું સામ્રાજ્ય થઈ શકે, પણ એક મોટી જાતિનું નિર્માણ થઈ ન શકે. સામ્રાજ્યનો ધ્વંસ થવાથી વળી સ્વતંત્ર જાતિ થાય; આમ અનેકવાર તે અંતર્નિહિત સ્વાભાવિક સ્વતંત્રતા જ સામ્રાજ્યના વિનાશનું કારણ બને.

પરંતુ આ પ્રકારનું પરિણામ અવશ્યંભાવિ હોવા છતાંય મનુષ્યના પ્રયત્નોથી, તેની બુદ્ધિથી કે બુદ્ધિના અભાવથી તે નિશ્ચિત પ્રાકૃતિક ક્રિયા વહેલી કે મોડી ફળવાની છે. આપણા દેશમાં કદાપિ એકતા સ્થપાઈ નથી; છતાંય હંમેશાં તે તરફ સૌનું ધ્યાન હતું, વલણ હતું. આપણા ઈતિહાસમાં ભારતનાં વિભિન્ન અંગોને એક કરવાનું આકર્ષણ રહ્યું છે. આ પ્રાકૃતિક પ્રયાસોમાં કેટલાક મુખ્ય અંતરાયો હતા. એક તો પ્રાદેશિક વિભિન્નતા, બીજું હિંદુ–મુસ્લિમ વિરોધ, ત્રીજું માતાના દર્શનનો અભાવ. દેશ વિશાળકાય, અવર-જવરમાં વિલંબ અને ભાષાની વિભિન્નતા પ્રાદેશિક અનૈક્યમાં સહાયભૂત થાય. છેલ્લા અંતરાય સિવાય આધુનિક વૈજ્ઞાનિક સરળતાને કારણે બીજા બધા અંતરાયો ફિક્કા પડી ગયા છે. હિંદુ અને મુસલમાનની વચ્ચે વિરોધ હોવા છતાં અકબર ભારતને એક કરવામાં સમર્થ નીવડયા હતા. અને ઔરંગઝેબ જો હલકી રાજયનૈતિક બુદ્ધિને વશ થયા ન હોત તો કાળના મહિમાને લઈને, પરિચયને લઈને અને વિદેશીના આક્રમણના ભયથી, જેમ ઇંગ્લૅન્ડમાં કૅથલિક અને પ્રૉટેસ્ટન્ટની બાબતમાં થયું હતું તેમ ભારતમાં હિંદુ અને મુસલમાન હંમેશને માટે એક થઈ શકયા હોત. તેની બુદ્ધિના દોષને લઈને તેમ જ હાલના કેટલાક કુટિલબુદ્ધિ અંગ્રેજ રાજનીતિજ્ઞોની ઉશ્કેરણીથી તે વિરોધ ભભૂકી ઊઠયો છે. અને હવે હોલવાશે નહિ એમ લાગે છે.

પરંતુ મોટો અંતરાય છે માતાના દર્શનનો અભાવ. આપણા રાજનીતિજ્ઞો ઘણુંખરું માતાના સંપૂર્ણ સ્વરૂપનું દર્શન કરી શકયા નહોતા. રણજિતસિંહે કે ગુરુગોવિન્દસિંહે ભારતમાતાને સ્થાને પંચનંદમાતાનાં દર્શન કર્યાં હતાં. શિવાજી અને બાજીરાવે ભારતમાતાને સ્થાને હિંદુ માતાનાં દર્શન કર્યાં હતાં. બીજા કેટલાક મહારાષ્ટ્રના નેતાઓએ મહારાષ્ટ્રમાતાનાં દર્શન કર્યાં હતાં. આપણે પણ બંગભંગને સમયે બંગમાતાનાં જ દર્શન કર્યાં હતાં. પરંતુ તે એક અખંડદર્શન હતું અને તેને લઈને બંગાળની એકતા અને ઉન્નતિ આવશ્ય થનાર છે. પરંતુ ભારતમાતાની અખંડમૂર્તિ હજી પ્રગટ થઈ નથી. કૉંગ્રેસમાં જે ભારતમાતાની અનેક સ્તવસ્તોત્રથી પૂજા કરતા હતા તે એક કલ્પિત માતા હતી, અંગ્રેજોની સહચરી અને પ્રિય દાસી એવી મ્લેચ્છની વેશભૂષાથી સજ્જિત દાનવી માયા હતી. તે આપણી મા નહોતી. તેની પાછળ અસલી મા ઝાંખા પ્રકાશમાં છુપાઈ રહીને આપણા મનને અને પ્રાણને હાકલ કરતી હતી. જે દિવસે આપણે સૌ માની અખંડમૂર્તિનું દર્શન કરીશું, તેના રૂપના લાવણ્યથી મુગ્ધ થઈને તેના કાર્યમાં જીવનને અર્પવા તલપાપડ થઈશું, તે દિવસે આ અંતરાય ચાલ્યો જશે અને ત્યારે ભારતની એકતા, સ્વાધીનતા અને ઉન્નતિ સહેલાઈથી સાધી શકાશે. પછી ભાષાના અંતરાયો નડશે નહીં, સૌ પોતપોતાની

માતૃભાષાનું રક્ષણ કરશે અને સર્વ સામાન્યની ભાષા તરીકે હિન્દીને સ્વીકારીને તે મુશ્કેલી દૂર કરી શકશે અને પછી હિન્દુ મુસલમાનનાં ભેદની સાચી વિચારણા કરી શકીશું. માતાના દર્શનના અભાવે તે મુશ્કેલી દૂર કરવાની બળવાન ઈચ્છા ન હોવાને કારણે ઉપાય જડતો નથી અને વિરોધ તીવ્ર સ્વરૂપ ધારણ કરતો જાય છે. પણ આપણે જોવું છે અખંડસ્વરૂપ. જો હિંદુની માતા, હિંદુ રાષ્ટ્રની પ્રતિષ્ઠા માનીને માતાનાં દર્શનની આકાંક્ષા રાખીશું તો વળી પાછા તે પુરાતન ભ્રમમાં પડીને રાષ્ટ્રભાવનાના પૂર્ણવિકાસમાંથી વંચિત થઈશું.

સ્વાધીનતાનો અર્થ

સ્વાધીનતા આપણા રાજનૈતિક પ્રયત્નોનો ઉદ્દેશ્ય છે, પરંતુ સ્વાધીનતાને વિષે ઘણા મતભેદ પ્રવર્તે છે. કેટલાક તેને સ્વાયત્તશાસન માને છે, કેટલાક ઔપનિવેશિક સ્વરાજ ગણે છે, કેટલાક સંપૂર્ણ સ્વરાજ સમજે છે. આર્ય ઋષિઓ સંપૂર્ણ વ્યાવહારિક તેમ જ આધ્યાત્મિક સ્વાધીનતા અને તેને પરિણામે અક્ષુણ્ણ આનંદને સ્વરાજ્ય કહેતા. રાજનૈતિક સ્વાધીનતા સ્વરાજ્યનું એક-માત્ર અંગ છે. તેની બે બાજુઓ છે: બાહ્ય સ્વાધીનતા અને આંતરિક સ્વા-ધીનતા. વિદેશી શાસનમાંથી સંપૂર્ણ મુક્તિ એ બાહ્ય સ્વાધીનતા થઈ અને પ્રજાતંત્ર આંતરિક સ્વાધીનતાનો ચરમ વિકાસ ગણાય. જ્યાં લગી પારકાનું શાસન કે રાજત્વ હોય ત્યાં લગી કોઈ જાતિને સ્વરાજપ્રાપ્ત સ્વાધીન જાતિ ગણાય નહીં. જ્યાં લગી પ્રજાતંત્ર સ્થપાય નહીં, ત્યાં લગી જાતિની અંતર્ગત પ્રજાને સ્વાધીન મનુષ્ય કહેવાય નહીં. આપણે ઈચ્છીએ છીએ સંપૂર્ણ સ્વા-ધીનતા, વિદેશીના આદેશ તેમ જ બંધનમાંથી પૂર્ણ મુક્તિ, પોતાના ઘરમાં પ્રજાનું પૂર્ણ આધિપત્ય. અને આ જ છે આપણું રાજનૈતિક લક્ષ્ય.

આને વિષે ટૂંકમાં જણાવું. રાષ્ટ્રને માટે પરાધીનતા મૃત્યુનો દૂત છે અને આજ્ઞાવાહક છે. સ્વાધીનતામાં જ જીવનનું રક્ષણ છે, ઉન્નતિનો સંભવ છે. સ્વધર્મ, એટલે કે સ્વભાવનિયત રાષ્ટ્રીય કર્મ અને પ્રયત્નો, રાષ્ટ્રની ઉન્નતિનો એક માત્ર માર્ગ છે. દેશ પર અધિકાર જમાવનાર વિદેશી ભલેને ઘણો દયાળુ અને હિતેચ્છુ જણાય, તેમ છતાં આપણા પર પરધર્મનો ભાર લાદતાં અચકાશે નહીં. તેનો ઉદ્દેશ્ય સારો હોય કે ખોટો હોય, તેથી આપણું અહિત સિવાય બીજું કાંઈ થઈ શકે નહીં. પારકાના સ્વભાવનિયત માર્ગે આગળ ધપવાની શક્તિ કે પ્રેરણા આપણાં નથી. એ માર્ગે જતાં આપણે સરસ રીતે પારકાનું અનુકરણ કરી શકીએ, તેમની ઉન્નતિનાં લક્ષણોથી અને વેશભૂષાથી દક્ષતા-પૂર્વક પોતાની અવનતિ પર ઢાંકપિછોડો કરી શકીએ; પરંતુ કસોટીને સમયે આપણી, પારકા ધર્મના અનુકરણમાંથી સંભવેલી, દુર્બળતા અને પોકળતા છતી થઈ જશે. આપણે પણ આને પરિણામે વિનાશ પામીએ.

રોમના આધિપત્ય તળે અને તેની સભ્યતા પાળનારી પ્રાચીન યૂરોપની જાતિ ઘણા સમય લગી ભલે સુખથી અને આરામથી રહી હોય, પણ તેમની છેવટની સ્થિતિ અત્યંત ભયંકર થઈ હતી. માનવતાના નાશને લીધે તેમની જે ઘોર દુર્દશા થઈ હતી તેવી જ દુર્દશા પ્રત્યેક પરાધીનતાપરાયણ જાતિને વિષે થવાની જ. પરાધીનતાનું મુખ્ય લક્ષણ છે જાતિના સ્વધર્મનો નાશ અને પરધર્મનું સેવન. જો પરાધીન અવસ્થામાં સ્વધર્મનું રક્ષણ કરી શકીએ અથવા

તેનું પુનરુત્થાન કરી શકીએ તો પરાધીનતાનું બંધન આપમેળે ખસી જશે. આ એક અવશ્યંભાવી કુદરતી નિયમ છે. એટલે જો કોઈ જાતિ પોતાને દોષે પરાધીનતામાં પતન પામે તો તેનું પ્રથમ ઉદ્દેશ્ય છે પૂર્ણાંગ સ્વરાજ્ય અને તે જ તેનો રાજનૈતિક આદર્શ હોવો જોઈએ. ઔપનિવેશિક સ્વાયત્તશાસન સ્વરાજ્ય નથી, તેમ છતાં જો શરત વિના સંપૂર્ણ અધિકાર આપવામાં આવે અને જો જાતિ આદર્શભ્રષ્ટ કે સ્વધર્મભ્રષ્ટ ન થાય તો કદાચ તેને સ્વરાજને અનુકૂળ પૂર્વવર્તી સ્થિતિ ગણી શકાય. કહેવામાં આવે છે કે બ્રિટિશ સામ્રાજ્યની બહાર સ્વાધીનતાની આશા રાખવી એ ધૃષ્ટતા અને રાજદ્રોહનું સૂચક ગણાય. જેઓ ઔપનિવેશિક સ્વાયત્તશાસનથી સંતુષ્ટ નથી તેઓ ખરેખર રાજદ્રોહી ગણાય, રાષ્ટ્રવિપ્લવકારી કહેવાય અને તેમને સર્વ પ્રકારનાં રાજનૈતિક કાર્યોમાંથી દૂર રાખવા જોઈએ. પરંતુ એ પ્રકારની આશા કે આદર્શની સાથે રાજદ્રોહને કશો જ સંબંધ નથી. અંગ્રેજી રાજ્યની શરૂઆતથી મોટા મોટા અંગ્રેજ રાજનીતિશાસ્ત્રીઓ કહી ગયા છે કે આ પ્રકારની સ્વાધીનતા અંગ્રેજ રાજપુરુષોનું પણ લક્ષ્ય છે અને અત્યારે પણ અંગ્રેજ વિચારકો મુક્ત કંઠે જણાવે છે કે સ્વાધીનતાના આદર્શનો પ્રચાર અને તે પ્રાપ્ત કરવાના વિધિપૂર્વકના પ્રયત્નો કાયદાને સંમત અને દોષશૂન્ય ગણાય. પરંતુ આપણી સ્વાધીનતા બ્રિટિશ રાજ્યની બહાર કે અંતર્ગત હશે તે પ્રશ્નની ચર્ચા રાષ્ટ્રીય પક્ષ કદાપિ આવશ્યક ગણતો નથી. આપણે પૂર્ણાંગ સ્વરાજ ઈચ્છીએ છીએ. જો બ્રિટિશ જાતિ એવા યુક્ત સામ્રાજ્યની વ્યવસ્થા કરે જે તેમનામાં રહ્યા છતાં ભારતવાસીને માટે તેવું સ્વરાજ સંભવિત બને, તો કાંઈ વાંધો ન ગણાય. અમે અંગ્રેજ જાતિના વિદ્વેષને લઈને સ્વરાજ મેળવવા ઈચ્છતા નથી, પરંતુ દેશના રક્ષણ માટે તે ઈચ્છીએ છીએ. પરંતુ સાથે સાથે અમે પૂર્ણાંગ સ્વરાજ સિવાય અન્ય આદર્શોનો સ્વીકાર કરીને દેશબાંધવોને મિથ્યા રાજનીતિ અને દેશના રક્ષણનો ભૂલભરેલો માર્ગ ચીંધવા તૈયાર નથી.

સમાજને વિષે

મનુષ્યનો જન્મ સમાજને માટે નથી, પરંતુ સમાજ મનુષ્યને માટે રચાયો છે. જેઓ માનવમાં રહેલા ભગવાનને ભૂલી જઈને સમાજને મોટું સ્વરૂપ આપે છે, તેઓ ખોટા દેવતાની પૂજા કરી રહ્યા છે. આનો અર્થ એ કે સમાજની પૂજા મનુષ્યજીવનની કૃત્રિમતાનું લક્ષણ થયું, સ્વધર્મની વિકૃતિ થઈ.

મનુષ્ય સમાજનો નથી, ભગવાનનો છે. જેઓ સમાજનું દાસત્વ સ્વીકારે છે, સમાજનાં અનેકવિધ બાહ્ય બંધનો દ્વારા પોતાના આત્માને, મનને કે પ્રાણને દબાવી દઈને પોતાના અંતર્યામી ભગવાનને ખંડિત કરવાનો પ્રયત્ન કરે છે, તેઓ માનવજાતિનું સાચું લક્ષ્ય ગુમાવી બેઠા છે એમ કહેવાય. આ પ્રકારના અત્યાચારને પરિણામે અંતર્નિહિત દેવતા જાગ્રત થતો નથી; ઊલટી તેની શક્તિ તમસથી ઘેરાઈ જાય છે. જો દાસત્વ જ સ્વીકારવું હોય તો સમાજનું નહિ, ભગવાનનું જ સ્વીકારવું રહ્યું. એ પ્રકારના દાસત્વમાં માધુર્ય છે, ઉન્નતિ છે અને તેનું ચરમ પરિણામ છે. પરમ આનંદ, બંધનમાં પણ મુક્તિ અને બાધાહીન સ્વાધીનતા.

સમાજ એ ઉદ્દેશ્ય ન હોઈ શકે. એ હોય સાધન, એક નિમિત્ત. જીવનના સાચાં નિયંતા છે તેનાં આત્મપ્રેરિત કર્મસ્ફુરિત ભગવાનથી સુગઠિત જ્ઞાન અને શક્તિ. આ જ્ઞાન અને શક્તિની ઉત્તરોત્તર વૃદ્ધિ જીવનના આધ્યાત્મિક ક્રમવિકાસનું ધ્યેય છે. સમાજરૂપી યંત્રનું સંચાલન આ જ્ઞાન અને શક્તિ કરે, તેનું સંગઠન કરે અને જરૂર પ્રમાણે તેમાં ફેરફાર કરે. આ થઈ સ્વાભાવિક અવસ્થા. અચલાયતન સમાજ મરેલા માનવની કબર જેવો થઈ જાય છે. જીવનની સ્ફુરણાથી અને જ્ઞાનશક્તિના વિકાસથી સમાજનું રૂપાંતર જરૂર થાય છે. સમાજરૂપી યંત્રના હજારો બંધનોમાં ઘણા મનુષ્યોને બાંધીને અને પીસીને પરિણામે નિશ્ચલતા અને અવનતિ અનિવાર્ય બને છે.

આપણે માનવને ગૌણ ગણ્યો, સમાજને પ્રધાન માન્યો. પરંતુ આમ થયે સમાજ મોટો થાય નહીં; ઊલટો ક્ષુદ્ર, નિશ્ચલ અને નિષ્ફળ થાય. સમાજને આપણે ઉત્તરોત્તર ઉન્નતિનું સાધન ગણ્યો નહીં; તેને દબાવ્યો, બંધનમાં નાખ્યો, અને આ જ આપણી નિશ્ચેષ્ટતાનું, આપણી લાચારીભરી દુર્બળતાનું કારણ થયું. માનવને મહાન ગણો, જ્યાં અંતઃસ્થ ભગવાન ગુપ્ત ભાવે વિરાજી રહ્યા છે તે મંદિરનું મુખ્ય દ્વાર ખોલી નાખો અને આખો સમાજ આપોઆપ મહાન થશે; તે સર્વાંગસુંદર, ઉન્મુક્ત અને ઉચ્ચ આશયવાળા પ્રયાસોનું સફળ ક્ષેત્ર બની રહેશે.

ભ્રાતૃત્વ

આધુનિક સભ્યતાના જે ત્રણ આદર્શ કે ચરમ ઉદ્દેશ્ય ફ્રાન્સની ક્રાંતિને સમયે પ્રચારમાં આવ્યા તેને સામાન્ય રીતે આપણી ભાષામાં ત્રણ તત્ત્વ તરીકે નીચે પ્રમાણે જણાવી શકીએ : સ્વાધીનતા, સામ્ય અને મૈત્રી. પરંતુ પશ્ચિમની ભાષામાં જેને ફ્રેટર્નિટી (fraternity) કહેવાય છે, તે મૈત્રી નથી. મૈત્રી મનનો એક ભાવ છે. જે પ્રાણીમાત્રનું કલ્યાણ ઈચ્છે છે, કોઈનુંયે અનિષ્ટ કરતો નથી, તેવા દયાવાન, અહિંસાપરાયણ, સર્વભૂતહિતમાં રત પુરુષને 'મિત્ર' કહેવાય, અને મૈત્રી તેના મનનો ભાવ થયો. આ પ્રકારનો ભાવ વ્યક્તિની માનસિક સંપત્તિ છે, તે વ્યક્તિના જીવનને તેમ જ કર્મને નિયંત્રિત કરી શકે છે. આવો ભાવ રાજનૈતિક કે સામાજિક શૃંખલાનું મુખ્ય બંધન થવો અસંભવિત ગણાય. ફ્રાન્સના રાષ્ટ્રીય વિપ્લવનાં ત્રણ તત્ત્વ વ્યક્તિગત જીવનના નૈતિક નિયમો નથી, પરંતુ સમાજ અને દેશની વ્યવસ્થાને નવીન ઢબે ઘડનારાં ત્રણ ઉપયોગી સૂત્રો છે, સમાજની તેમ જ દેશની બાહ્ય અવસ્થાનાં પ્રકાશોન્મુખ પ્રાકૃતિક મૂળ તત્ત્વો છે. ફ્રેટર્નિટી એટલે ભ્રાતૃત્વ.

ફ્રાન્સના ક્રાંતિકારીઓ રાજનૈતિક અને સામાજિક સ્વાધીનતા તેમ જ સામ્ય મેળવવા પ્રયત્નશીલ હતા, ભ્રાતૃત્વ પર તેમનું દૃઢ લક્ષ્ય નહોતું. ફ્રાન્સની રાષ્ટ્રીય ક્રાંતિની અસંપૂર્ણતાનું કારણ ભ્રાતૃત્વનો અભાવ હતું. એ અપૂર્વ ઉત્થાનને લઈને યૂરોપમાં રાજનૈતિક અને સામાજિક સ્વાધીનતાની પ્રતિષ્ઠા થઈ, અને કેટલેક અંશે રાજનૈતિક સામ્યે પણ કેટલાક દેશોમાં શાસનતંત્ર અને કાયદાની પદ્ધતિ પર અધિકાર જમાવ્યો, પરંતુ ભ્રાતૃત્વના અભાવે સામાજિક સામ્ય સંભવી શકે નહીં, અને યૂરોપ તેને લઈને સામાજિક સામ્યથી વંચિત રહ્યો. આ ત્રણ તત્ત્વોનો પૂર્ણ વિકાસ પરસ્પરના વિકાસ પર અવલંબે છે. સામ્ય સ્વાધીનતા પર પ્રતિષ્ઠિત હોય છે. સામ્ય ન હોય તો સ્વાધીનતા હોય નહીં. ભ્રાતૃત્વ પર સામ્ય પ્રતિષ્ઠિત થઈ શકે છે, ભ્રાતૃત્વ ન હોય તો સામ્ય ટકી શકે નહીં. અને ભ્રાતૃભાવ હોય તો ભ્રાતૃત્વ સંભવે. યૂરોપમાં ભ્રાતૃત્વ-ભાવ નથી, સામ્ય અને સ્વાધીનતા કલુષિત થઈ ગયાં છે, અપ્રતિષ્ઠિત અને અસંપૂર્ણ છે. આને લઈને યૂરોપમાં અનિયંત્રિતતા અને વિપ્લવ રોજની સ્થિતિ થઈ ગઈ છે. આ પરિસ્થિતિને યૂરોપ ગર્વપૂર્વક પ્રગતિ કે ઉન્નતિને નામે ઓળખાવે છે.

યૂરોપમાં જે કાંઈ ભ્રાતૃભાવ વરતાય છે, તે દેશપૂરતો છે. એક દેશ-ના જ લોકો, હિતાહિત એક, એકતાને લીધે રાષ્ટ્રીય સ્વાધીનતા ટકી રહે,—આ જ્ઞાન તેમની એકતાનો હેતુ છે. આના વિરોધમાં બીજું એક જ્ઞાન ખડું છે : આપણે સૌ મનુષ્યો છીએ, સૌ મનુષ્યોએ એક થવું જોઈએ, મનુષ્ય મનુષ્યની

વચ્ચેના ભેદ અજ્ઞાનમાંથી જન્મેલા છે, અનિષ્ટ કરનારા છે; રાષ્ટ્રીયતા ભેદનું કારણ છે, તે અજ્ઞાનમાંથી જન્મેલી છે, અનિષ્ટકારી છે, માટે રાષ્ટ્રીયતાને તજીને માનવજાતિની એકતાની પ્રતિષ્ઠા કરવી જોઈએ. વિશેષે કરીને જે ફ્રાન્સમાં સ્વાધીનતા, સામ્ય અને ભ્રાતૃત્વના મહાન આદર્શો પ્રથમ પ્રચારમાં આવ્યા, તે ભાવનાશાળી દેશમાં આ પ્રકારના બન્ને પરસ્પર વિરોધી જ્ઞાનનો સંઘર્ષ ચાલી રહ્યો છે. અને ખરું જોતાં એ બન્ને જ્ઞાન અને ભાવ પરસ્પર વિરોધી નથી. રાષ્ટ્રીયતા પણ એક સત્ય છે, માનવજાતિની એકતા પણ એવું જ એક સત્ય છે; આ બન્ને સત્યોના સામંજસ્યમાં જ માનવજાતિનું કલ્યાણ રહ્યું છે. જો આપણી બુદ્ધિ આ સામંજસ્ય સમજવામાં અસમર્થ હોય, વિરોધરહિત તત્ત્વના વિરોધમાં આસક્ત હોય, તો તે બુદ્ધિને આપણે ભ્રાન્ત રાજબુદ્ધિ કહેવી જોઈએ.

સામ્યશૂન્ય રાજનૈતિક અને સામાજિક સ્વાધીનતા પર વિરક્ત થઈને યૂરોપ હવે સમાજવાદની દિશા તરફ દોડી રહ્યો છે. હાલમાં બે જૂથ છે : અરાજકતાવાદી (anarchist) અને સમાજવાદી (Socialist). પ્રથમવાળા કહે છે કે આ રાજનૈતિક સ્વાધીનતા એક માયા છે અને ગવર્નમેન્ટને નામે મોટા માણસોનું અત્યાચારોનું એક યંત્ર સ્થાપીને રાજનૈતિક સ્વાધીનતાના રક્ષણને નામે વ્યક્તિગત સ્વાધીનતાનું દલન કરવું એ આ માયાનું લક્ષણ છે; તો કોઈ-પણ પ્રકારની ગવર્નમેન્ટ નહિ જોઈએ, સાચી સ્વાધીનતા સ્થાપો. કોઈ એમ પૂછે કે ગવર્નમેન્ટ નહિ હોય તો સ્વાધીનતા અને સામ્યનું રક્ષણ કોણ કરશે, બળવાનના અત્યાચારને થતો કોણ રોકશે ? તો તેના ઉત્તરમાં એનાર્કિસ્ટ જણાવે છે કે શિક્ષણનો વિસ્તાર કરીને સંપૂર્ણ જ્ઞાન અને ભ્રાતૃભાવ વધારો, આ જ્ઞાન અને ભ્રાતૃભાવ સ્વાધીનતા અને સામ્યનું રક્ષણ કરશે; જો કોઈ ભ્રાતૃ-ભાવનું ઉલ્લંઘન કરીને અત્યાચાર કરશે તો તેને મૃત્યુદંડની સજા થઈ શકશે. સમાજવાદી કહે છે; સરકાર ભલે હોય, તેનું પ્રયોજન છે. સમાજ અને શાસન-તંત્ર સંપૂર્ણ સામ્ય પર પ્રતિષ્ઠિત થાય. તો અત્યારે જે સમાજમાં તેમ જ શાસન-તંત્રમાં દોષો છે તે બધાનું સંશોધન થશે અને માનવજાતિ સંપૂર્ણ સુખી, સ્વાધીન અને ભ્રાતૃભાવવાળી થશે. આથી સમાજવાદી સમાજને એક કરવા ઈચ્છે છે,—જો વ્યક્તિગત સંપત્તિને ઠેકાણે સમાજની સંપત્તિ હોય, દાખલા તરીકે એકાન્નવર્તી પરિવારની સંપત્તિ કોઈ વ્યક્તિની નથી, પરિવારની હોય છે; કારણ કે પરિવાર દેહ છે અને વ્યક્તિ તે દેહનું અંગ છે, તો સમાજમાં ભેદ રહે નહીં, સમાજ એક થઈ જાય.

એનાર્કિસ્ટની ભૂલ એ છે કે ભ્રાતૃભાવ સ્થપાયા પહેલાં તે સરકારનો વિનાશ કરવા ઈચ્છે છે. સંપૂર્ણ ભ્રાતૃભાવ સ્થપાતાં ઘણો સમય લાગે, એના

વચગાળામાં શાસનતંત્ર કાઢી નાંખવાનું નિશ્ચિત ફળ થાય ભયંકર અરાજકતાને પરિણામે પશુભાવનું આધિપત્ય. રાજા સમાજનું કેન્દ્ર છે, શાસનતંત્રના સ્થાપનને લઈને મનુષ્ય પશુભાવ ઓળંગી શકે. જ્યારે સંપૂર્ણ ભ્રાતૃભાવ સ્થપાશે ત્યારે ભગવાન કોઈપણ પાર્થિવ પ્રતિનિધિને નિયુક્ત કર્યા વગર સ્વયં પૃથ્વીનું રાજ્ય ચલાવશે અને સૌનાં હૃદયમાં સિંહાસનની સ્થાપના થશે, અને ખ્રિસ્તીઓ જેને સાધુઓનું રાજ્ય (Reign of the Saints) અને આપણે જેને સત્યયુગ કહીએ છીએ તે સ્થપાશે. હજી લગી માનવજાતિએ એટલી ઉન્નતિ સાધી નથી કે આ પ્રકારની અવસ્થા જલદી સંભવી શકે, માત્ર તેની આંશિક ઉપલબ્ધિ થઈ શકે.

સમાજવાદીની ભૂલ એ છે કે તે ભ્રાતૃભાવ પર સામ્યની પ્રતિષ્ઠા ન કરતાં સામ્ય પર ભ્રાતૃત્વને પ્રતિષ્ઠિત કરવાનો પ્રયત્ન કરે છે. સામ્યહીન ભ્રાતૃત્વ સંભવી શકે: પરંતુ ભ્રાતૃત્વહીન સામ્ય ટકી ન શકે,—મતમતાંતર, કલહ, આધિપત્યને માટે ઉદ્દામ લાલસાથી તેનો વિનાશ થાય. પ્રથમ જોઈએ સંપૂર્ણ ભ્રાતૃત્વ, અને પછી પૂર્ણ સામ્ય.

ભ્રાતૃત્વ બહારની અવસ્થા છે. ભ્રાતૃભાવમાં આપણે છીએ એમ હોય તો સઘળાની એક સંપત્તિ, એક હિત હોય. બધાના પ્રયત્નો પણ એક હોય. આને ભ્રાતૃત્વ કહે છે. આ બહારની અવસ્થા અંતરના ભાવ પર પ્રતિષ્ઠિત છે. ભ્રાતૃપ્રેમે ભ્રાતૃત્વ જીવંત અને સત્ય બને છે. એ ભ્રાતૃપ્રેમની પણ પ્રતિષ્ઠા જોઈએ. આપણે સૌ એક માતાનાં બાળકો છીએ, દેશભાઈ છીએ, આ પ્રકારનો ભાવ ભ્રાતૃપ્રેમની પ્રતિષ્ઠા છે. પરંતુ આ ભાવ રાજનૈતિક એકતાને માટે બંધનરૂપ થાય, તેને લઈને સામાજિક એકતા થતી નથી. હજી વધારે ઊંડે જઈએ. દાખલા તરીકે પોતાની માથી પર દેશભાઈઓની માની ઉપાસના કરવી, તેથી પર જઈને જગજ્જનનીની ઉપલબ્ધિ કરવી. આમ ખંડિત શક્તિને ઓળંગીને પૂર્ણ શક્તિમાં પહોંચવાનું હોય છે, પરંતુ જેમ ભારતજનનીની ઉપાસના કરતાં શરીરની જનની માને ઓળંગ્યા છતાં તેને ભૂલી ગયા નથી તે પ્રમાણે જગજ્જનનીની ઉપાસના કરતાં છતાં, ભારતજનનીને ઓળંગ્યા છતાં તેને આપણે ભૂલી જતા નથી. તેઓ પણ કાલી મા છે.

ભ્રાતૃભાવની પ્રતિષ્ઠા ધર્મ પર થઈ શકે. બધા ધર્મો એક વાત જણાવે છે કે આપણે એક છીએ, ભેદ અજ્ઞાનમાંથી જન્મેલો છે, દ્વેષમૂલક છે. સઘળા ધર્મોનું મૂળ શિક્ષણ છે પ્રેમ. આપણો ધર્મ પણ જણાવે છે કે આપણે સૌ એક છીએ, ભેદબુદ્ધિ અજ્ઞાનનું લક્ષણ છે, જ્ઞાની સૌને સમાન ભાવે દેખે છે. સૌમાં એક આત્મા છે, સમભાવે રહેલા એ નારાયણનું દર્શન કરો. આ પ્રકારની ભક્તિપૂર્ણ સમતામાંથી વિશ્વપ્રેમનો ઉદય થાય છે. પરંતુ આ પ્રકારનું

જ્ઞાન માનવજાતિનું જે પરમ ગંતવ્ય સ્થાન છે તે આખરી અવસ્થાએ સર્વ-વ્યાપી થશે. વચગાળામાં તેની માત્ર આંશિક ઉપલબ્ધિ થઈ શકે: જેમ કે અંતરમાં, બહાર, પરિવારમાં, સમાજમાં, દેશમાં, પ્રાણીમાત્રમાં, માનવજાતિ પરિવાર, કુળ, દેશ, સંપ્રદાય ઈત્યાદિ ઊભાં કરીને શાસ્ત્ર કે નિયમોનાં બંધનથી તેમને દૃઢ કરીને આ ભ્રાતૃભાવનો સ્થાયી આધાર ઘડવામાં ચિરકાળથી પ્રયાસ કરી રહી છે.

અત્યાર લગી એ પ્રયત્ન ફળ્યો નથી. પ્રતિષ્ઠા છે, આધાર છે, પરંતુ ભ્રાતૃત્વની પ્રાણરક્ષક કોઈ અક્ષય શક્તિની જરૂર છે, જેથી કરીને તે પ્રતિષ્ઠા અક્ષુણ્ણ રહી શકે અને તે આધાર ચિરસ્થાયી કે નિત્યનૂતન રહે. ભગવાને એ શક્તિને હજી લગી પ્રગટ કરી નથી. તેઓ રામ, કૃષ્ણ, ચૈતન્ય, રામકૃષ્ણરૂપે અવતરીને માનવના કઠોર સ્વાર્થપૂર્ણ હૃદયમાં પ્રેમનું યોગ્ય પાત્ર થવા માટે તૈયારી કરી રહ્યા છે. ક્યારે તે દિવસ આવશે જ્યારે તેઓ વળી અવતરીને માનવહૃદયમાં ચિર પ્રેમાનંદનો સંચાર કરીને અને સ્થાપીને પૃથ્વીને સ્વર્ગ સમી બનાવશે ?

ભારતીય ચિત્રવિદ્યા

આપણો દેશ જ્ઞાન, ધર્મ, સાહિત્ય અને શિલ્પનો અખૂટ ભંડાર હતો, તેનો પશ્ચિમ અને પૂર્વના સૌ કોઈ સ્વીકાર કરે છે; પરંતુ પહેલાં યૂરોપમાં એવી માન્યતા હતી કે જે પ્રમાણે આપણે ત્યાં ઉચ્ચ કક્ષાનું સાહિત્ય અને શિલ્પ હતાં તેટલી ઊંચી કક્ષાની ચિત્રવિદ્યા નહોતી; ઊલટું, તે હલકા પ્રકારની અને સૌન્દર્યહીણ હતી. આપણે પણ પશ્ચિમના તે જ્ઞાનનો સ્વીકાર કરીને આંખે યૂરોપીય ચશ્માં પહેરીને ભારતીય ચિત્ર અને સ્થાપત્ય જોઈને તિરસ્કારના ભાવથી પોતાની ઊજળી બુદ્ધિ અને નિર્દોષ રુચિનો પરિચય કરાવતા! આપણા ધનિક લોકોનાં ઘર ગ્રીક મૂર્તિઓ અને અંગ્રેજી ચિત્રના ઢાળથી કે નિર્જીવ અનુકરણથી ભરાઈ ગયાં હતાં, અને સામાન્ય લોકોનાં ઘરમાં પણ દીવાલ પર હલકાં તૈલચિત્રો શોભતાં. જે ભારતની રુચિ અને શિલ્પચાતુર્ય જગતમાં અજોડ ગણાતાં અને વર્ણ અને રૂપની બાબતમાં જેમની રુચિ સ્વાભાવિક રીતે દોષરહિત ગણાતી તે ભારતીય જાતિની આંખ અંધ બની ગઈ હતી, બુદ્ધિ ભાવને ગ્રહણ કરવામાં અશક્ત જણાતી હતી અને રુચિ ઈટાલીના કૂલી કે મજૂરના કરતાં પણ અધમ થઈ ગઈ હતી! રાજા રવિવર્મા ભારતના શ્રેષ્ઠ ચિત્રકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. હાલમાં કેટલીક રસજ્ઞ વ્યક્તિઓની મહેનતથી ભારતવાસીની આંખ ખૂલવા લાગી છે અને પોતાની શક્તિ તેમ જ ઐશ્વર્ય સમજવાની શરૂઆત થઈ છે. શ્રીમાન અવનીન્દ્રનાથ ઠાકુરની અસાધારણ પ્રતિભાની પ્રેરણા પામીને કેટલાક યુવકો લુપ્ત થયેલી ભારતીય ચિત્રવિદ્યાનો પુનરુદ્ધાર કરી રહ્યા છે અને તેમની પ્રતિભાના ગુણને લઈને બંગાળીમાં નવા યુગનાં મંડાણ થયાં છે. આપણે આશા રાખીએ કે હવેથી ભારતવાસી અંગ્રેજની નજરે ન જોતાં પોતાની નજરે જોશે, પાશ્ચાત્યનું અનુકરણ ત્યજીને, પોતાની સ્વચ્છ બુદ્ધિ પર ભરોસો રાખીને, વળી રૂપ અને વર્ણનાં નવા ચિત્રોથી ભારતનો સનાતન ભાવ વ્યક્ત કરશે.

ભારતીય ચિત્રવિદ્યાની બાબતમાં પશ્ચિમની અરુચિના બે કારણો છે. તેઓ જણાવે છે કે ભારતના ચિત્રકારો પ્રકૃતિનું (nature) અનુકરણ કરવામાં અસમર્થ છે. તેઓ માણસને માણસની માફક, ઘોડાને ઘોડાની માફક કે ઝાડને ઝાડની માફક ન દોરતાં તેની એક વિકૃતિ દર્શાવે છે. તેમનામાં perspective નથી. ચિત્રો મોળાં (flat) અને અસ્વાભાવિક લાગે છે. બીજું કે એ ચિત્રોમાં સુન્દર ભાવ કે સુન્દર રૂપનો કેવળ અભાવ જણાય છે. બીજો દોષ હવે યુરોપીય મુખેથી ઉચ્ચારાતો નથી. આપણી પ્રાચીન બુદ્ધની મૂર્તિનો અનુપમ શાંત ભાવ અને દુર્ગાની મૂર્તિની અપાર્થિવ શક્તિનું પ્રકટીકરણ

જોઈને પશ્ચિમના વિદ્વાનો ખુશ થાય છે અને આશ્ચર્ય પામે છે. ત્યાંના જે શ્રેષ્ઠ વિવેચકો ગણાય છે તેઓ સ્વીકારતા થયા છે કે ભારતના ચિત્રકારો ભલે યૂરોપના perspectiveના નિયમો ન જાણતા હોય. છતાં ભારતની રીતના તેના નિયમો ઘણા સુન્દર, સંપૂર્ણ અને સુસંગત છે. ભારતીય ચિત્રકારો અને અન્ય કલાકારો બહારના જગતનું અનુકરણ કરતા નથી તે વાત સાચી છે. પરંતુ તેનું કારણ સામર્થ્યનો અભાવ છે તેમ નથી. ભારતીય કલાકારોનો ઉદ્દેશ્ય બાહ્ય દૃશ્ય અને આકૃતિથી પર જે અંત:સ્થ ભાવ અને સત્ય રહ્યાં છે તેને વ્યક્ત કરવાનો છે. * બહારની આકૃતિ અને આંતરિક સત્યનું આવરણ, જે તેનો છદ્મવેશ છે, તેના સૌન્દર્યમાં મગ્ન થઈને ભીતરમાં જે છૂપું સત્ય રહ્યું છે તેને આપણે ગ્રહણ કરી શકતા નથી. એટલે ભારતીય ચિત્રકારોએ જાણી જોઈને બાહ્ય આકૃતિ બદલીને આંતરિક સત્ય પ્રકટ કરવાને ઉપયુક્ત તેને બનાવી. તેઓ કેવા સુન્દર ભાવે પ્રત્યેક અંગમાં તેમ જ ચારે બાજુના દૃશ્યમાં, આસનમાં, વેશમાં માનસિક ભાવ કે ઘટનાનું અંતર્ગત સત્ય પ્રગટ કરે છે, તે જોઈને દિઙ્મૂઢ થઈ જવાય છે. આ જ છે ભારતીય ચિત્રનો મુખ્ય ગુણ, તેનો ચરમ ઉત્કર્ષ.

પાશ્ચાત્ય બહારના મિથ્યા અનુભવમાં મશગૂલ રહે છે, તેઓ છાયાના ભક્ત છે. પ્રાચ્ય ભીતરના સત્યનું અનુસંધાન કરે છે; આપણે નિત્યવસ્તુના ભક્ત છીએ. પાશ્ચાત્ય શરીરના ઉપાસક છે, આપણે આત્માના ઉપાસક છીએ. પાશ્ચાત્ય નામરૂપમાં અનુરક્ત છે. આપણે નિત્ય વસ્તુ પામ્યા વિના સહેજ પણ સંતોષ પામતા નથી. આ જાતનો બન્નેનાં દૃષ્ટિબિંદુનો જે ફરક છે તે જેવી રીતે ધર્મની બાબતમાં, દર્શનની બાબતમાં કે સાહિત્યની બાબતમાં છે, તેવી જ રીતે ચિત્રકળા તેમ જ સ્થાપત્યકળામાં પણ સર્વત્ર જણાઈ આવે છે.

---

* અનુવાદકે નંદલાલ બસુને શાંતિનિકેતનમાં પશ્ચિમની અને પૂર્વની ઢબે portrait વિદ્યાર્થીઓની સમક્ષ કરતા જોયા હતા. તેઓ તેની સમજૂતી પણ આપતા હતા, તેઓએ બોલ્યા વગર બન્ને પ્રકારની તાદશ્ય રજૂઆત કરી હતી. (અનુ.)

હિરોબૂમિ ઈતો

મનુષ્યયોનિમાં બે પ્રકારના જીવો જન્મ લે છે. એક છે સાધારણ મનુષ્યો, વિકાસક્રમના પ્રવાહમાં ધીરે ધીરે આગળ વધતાં વધતાં તેઓ પોતાની અંદરના દેવત્વને પ્રાપ્ત કરે છે. બીજો પ્રકાર છે આ વિકાસક્રમમાં સહાયરૂપ થવા જન્મેલી વિભૂતિઓનો, પ્રાકૃત માનવથી તદ્દન નિરાળી એવી વ્યક્તિઓનો. તેઓ જે પ્રજામાં અને જે યુગમાં જન્મ લે છે તે પ્રજાના ચરિત્ર અને આચાર-વિચારનો સ્વીકાર તો કરે છે, તે પોતાના યુગનો ધર્મ અંગીકાર કરી લે છે તોપણ પોતાની ઈશ્વરી શક્તિ અને સ્વભાવ દ્વારા સાધારણ મનુષ્ય માટે અસાધ્ય એવાં કર્મો કરી જાય છે, જગતની ગતિમાં કાંઈક પલટો આપી જાય છે, ઈતિહાસમાં અમર નામ મૂકી જાય છે અને પાછા પોતાના ધામમાં ચાલ્યા જાય છે . તેમનાં કર્મ અને ચરિત્ર મનુષ્યની પ્રશંસા કે નિંદાથી પર હોય છે. પ્રશંસા થાય કે નિંદા, તેઓ તો પોતાને પ્રભુ તરફથી પ્રાપ્ત થયેલું કાર્ય કરી જાય છે. માનવજાતિનું ભાવિ તેમનાં એ કાર્ય દ્વારા જ ઘડાવાનું છે. તેમણે બતાવેલા માર્ગે જ માનવજાતિ વેગપૂર્વક ગતિ કરવાની છે. સીઝર, નેપોલિયન, અકબર, શિવાજી આ પ્રકારની વિભૂતિ હતા. જાપાનનો હિરોબૂમિ ઈતો પણ આ કોટિનો પુરુષ હતો. ઉપર કહેલા મહાપુરુષોના જેવા જ ગુણ, પ્રતિભા તેનામાં હતાં. એના કાર્યનું મહત્ત્વ, અને તેનું ભાવિ પરિણામ પણ એ પુરુષોની કક્ષાનું હતું. જાપાનના અભ્યુદયમાં અને ઈતિહાસમાં ઈતો ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે તે સૌ કોઈ જાણે છે. પરંતુ એ વસ્તુની બધાને ખબર નથી કે જાપાનના વિકાસની દિશા નક્કી કરનાર, તે માટે સાધનો યોજનાર અને તેને અંત સુધી લઈ જઈ જાપાનના જીવનમાં મહાન પરિવર્તન લાવનાર વ્યક્તિ તે ઈતો જ છે. જાપાનના અન્ય મહાપુરુષો ઈતોના હાથમાં ફક્ત હથિયાર રૂપ જ હતા. જાપાનનું ઐક્ય, જાપાનની સ્વતંત્રતા, જાપાનનું વિદ્યાબલ, સૈન્યબલ, નૌકાબલ, અર્થબલ, વાણિજ્ય, રાજનીતિ એ સર્વની રૂપરેખા આંકનાર અને તેમને મૂર્ત રૂપ આપનાર એકમાત્ર પુરુષ ઈતો જ હતો. જાપાનના ભાવિ સામ્રાજ્યનો પાયો તેણે જ નાખ્યો. પરંતુ તેનું સઘળું કાર્ય પડદા પાછળનું હતું. જર્મનીમાં વિલિયમ કૈસર જે કરી ગયો, ઈંગ્લૅન્ડમાં લૉઈડ જૉર્જે જે કર્યું તે આખું જગત તરત જાણતું થઈ ગયું હતું. પરંતુ ઈતો જે વિચાર સેવી રહ્યો હતો, તે જે કાર્ય કરી રહ્યો હતો તે કોઈ પણ જાણતું ન હતું. ઈતોના ગુપ્ત વિચારો અને કાર્યોનું પરિણામ જ્યારે બહાર પ્રગટ થયું ત્યારે જ જગતને આશ્ચર્ય સાથે જાણ થઈ કે આજ સુધી જાપાન કઈ વસ્તુ માટે તૈયારી કરી રહ્યું હતું. અને એ બધા કાર્યની પાછળ કેવી પ્રચંડ કાર્યશક્તિ, કેવી અદ્‌ભુત પ્રતિભા પ્રગટ થઈ રહી હતી ! જો ઈતોએ પોતાના વિચારોને જાહેર કર્યા હોત

તો આખા જગતે તેને અશકયને શકય કરવા નીકળેલા એક પાગલ તરીકે, વ્યર્થ સ્વપ્નો સેવતા કોઈ ભાવનાભક્ત—idealist તરીકે હસી કાઢયો હોત. તે વખતે કોણ માની શકયું હોત કે પચાસ વરસની અંદર જાપાન પોતાની મોંઘામૂલી સ્વતંત્રતા સિદ્ધ કરી લઈને, પશ્ચિમની સંસ્કૃતિને પૂરેપૂરી અપનાવી શકશે, ઈંગ્લૅન્ડ, જર્મની અને ફ્રાન્સના જેવી પરાક્રમી પ્રજા બની જશે, ચીનને જીતી લેશે, રશિયાને શિકસ્ત આપશે, દૂર દૂરના દેશોમાં પોતાનો વેપાર, પોતાની ચિત્રકળા પહોંચાડી દેશે, જાપાનની બુદ્ધિ પ્રત્યે માન અને તેની શક્તિ પ્રત્યે ભય જન્માવશે, કોરિયાને હસ્તગત કરી લેશે, ફારમોસાનો કબજો લેશે, એક વિશાળ સામ્રાજ્યનો પાયો નાખશે, અને એકતા, સ્વાધીનતા, તથા સમાનતાની ભૂમિકા ઉપર પોતાની પ્રજાકીય સંસ્કૃતિને ઉન્નતિની ટોચે લઈ જશે. નેપોલિયન કહેતો હતો કે મારા શબ્દકોશમાંથી મેં 'અશકય' શબ્દ કાઢી નાંખ્યો છે. એ જ વસ્તુ ઈતોએ બોલ્યા વિના, કાર્યમાં જ સિદ્ધ કરી બતાવી છે. નેપોલિયનના કાર્યની સરખામણીમાં ઈતોનું કાર્ય ઘણું મોટું છે. આવો મહાપુરુષ એક અત્યાચારીની ગોળીથી મરણ પામ્યો. પણ એમાં કોઈએ દુ:ખ પામવાનું નથી. જેણે જાપાનને અર્થે પોતાના પ્રાણ સમર્પી દીધા હતા, જે હમેશાં જાપાનનું જ ચિંતન કરતો હતો, જાપાન જ જેની ઉપાસ્ય દેવતા હતી, તેણે જાપાનને ખાતર પોતાનો પ્રાણત્યાગ કર્યો એ ઘણા આનંદની વાત છે, સદ્‌ભાગ્યની અને ગૌરવની વાત છે. હિરોબૂમિ ઈતોને એક જ જીવનવૃક્ષ પરથી આ બંને પરમ ફળ પ્રાપ્ત થયાં. એ એનું સદ્‌ભાગ્ય હતું.

રાષ્ટ્રીય ઉત્થાન

અમારા પ્રતિપક્ષી અંગ્રેજો હાલમાં પ્રવર્તતા મહાન અને સર્વવ્યાપી આંદોલનને શરૂઆતથી વિદ્વેષમાંથી જન્મેલું ગણતા આવ્યા છે અને તેમનું અનુકરણ કરવામાં ખુશ થતા કેટલાક ભારતવાસીઓ પણ આ અભિપ્રાયનું પુનરાવર્તન કરવામાં દોષ માનતા નથી. અમે ધર્મના પ્રચારમાં પ્રવૃત્ત છીએ, રાષ્ટ્રીય ઉત્થાન કરનારું આ આંદોલન ધર્મનું એક મુખ્ય અંગ ગણીને તેમાં અમે શક્તિ રોકીએ છીએ. આ આંદોલન જો વિદ્વેષમાંથી જન્મેલું હોત તો અમે તેને ધર્મનું અંગ ગણીને પ્રચાર કરવાનું સાહસ કદાપિ કરત નહીં. વિરોધ, યુદ્ધ, હત્યા એ બધાં ધર્મનાં અંગ હોઈ શકે છે; પરંતુ વિદ્વેષ અને ઘૃણા ધર્મનાં બહિર્ભૂત અંગ ગણાય. વિદ્વેષ અને ઘૃણા જગતની ક્રમિક ઉન્નતિના વિકાસમાં વર્જનીય ગણાય; અને તેથી જેઓ પોતે આ વૃત્તિઓને પોષતા હોય તેઓ અજ્ઞાનના મોહમાં પડીને પાપને આશ્રય દઈ રહ્યા ગણાય. આ આંદોલનમાં કદાપિ વિદ્વેષ પ્રવેશ્યો નથી એમ અમે કહી શકતા નથી. જ્યારે એક પક્ષ વિદ્વેષ અને ઘૃણા કરે છે ત્યારે અન્ય પક્ષમાં તેના પ્રત્યાઘાતરૂપે વિદ્વેષ અને ઘૃણા સંભવવાં અનિવાર્ય છે. આ પ્રકારના પાપને માટે બંગાળનાં કેટલાંક અંગ્રેજી દૈનિકો અને ઉદ્ધત સ્વભાવવાળી અત્યાચારી કેટલીક વિશેષ વ્યક્તિઓનાં આચરણ જવાબદાર ગણાય. સમાચારપત્રોમાં દરરોજ પ્રગટતાં ઉપેક્ષા, ઘૃણા અને વિદ્વેષસૂચક તિરસ્કાર તેમ જ રેલમાં, રસ્તામાં, બજારમાં ચાલતાં ગાળાગાળી, અપમાન અને પ્રહાર પર્યંત અનેક દિવસો સહીને અંતે આવા ઉપદ્રવસહિષ્ણુ અને ધીરપ્રકૃતિ ભારતવાસીને માટે પણ અસહ્ય થઈ પડે છે, અને પરિણામે ગાળના બદલામાં ગાળ, પ્રહારના બદલામાં પ્રહાર પ્રત્યાઘાતરૂપે દેખા દે છે. ઘણા અંગ્રેજોએ પણ પોતાના દેશભાઈના આ દોષો અને અશુભ દૃષ્ટિની જવાબદારીનો સ્વીકાર કર્યો છે. તે ઉપરાંત રાજપુરુષો ભયંકર ભ્રમને વશ થઈને ઘણા સમયથી પ્રજાનાં સ્વાર્થનાં વિરોધી, અસંતોષ ઉત્પન્ન કરનારાં અને માર્મિક દુઃખ દેનારાં કામો કરતા આવ્યા છે. મનુષ્યનો સ્વભાવ ક્રોધ તરફ સહેલાઈથી ઢળતો હોય છે; સ્વાર્થનો આઘાત લાગવાથી, અપ્રિય આચરણથી કે પ્રાણની પ્રિય વસ્તુ કે ભાવ પર ખોટું દબાણ થવાથી પ્રાણીમાત્રમાં રહેલો ક્રોધવહ્નિ પ્રજ્વળી ઊઠે છે, અને ક્રોધની અતિશયતાને લીધે અંધ ગતિ થાય છે, અને તેને પરિણામે વિદ્વેષ જન્મે છે અને તેમાંથી એ પ્રકારનાં આચરણ થાય છે. ઘણા સમયથી ભારતવાસીના પ્રાણમાં અંગ્રેજ વ્યક્તિવિશેષનાં અન્યાયી આચરણથી, તેની ઉદ્ધત વાતોથી અને ચાલુ શાસનતંત્રમાં પ્રજાનો કોઈ ખરો અધિકાર કે અવાજ ન હોવાને કારણે અંદરથી ન જણાય તેવો અસંતોષ વધતો જતો હતો. છેવટે, લૉર્ડ કર્ઝનના શાસનકાળમાં

આ અસંતોષે તીવ્ર સ્વરૂપ ધારણ કર્યું. બંગાળનાં ભાગલાંની વાતથી અસહ્ય માર્મિક વેદનાને લઈને આખા દેશમાં અસાધારણ ક્રોધ ભભૂકી ઊઠયો અને રાજ્યકર્તાઓની દમનનીતિને પરિણામે તે ક્રોધ વિદ્વેષમાં પરિણમ્યો. એ પણ સ્વીકારવું જ રહ્યું કે આ ક્રોધને લઈને અધીરા બનીને ઘણાએ તે વિદ્વેષરૂપી અગ્નિમાં મોટા પ્રમાણમાં ઘીની આહુતિઓ આપી છે. ભગવાનની લીલા અતિ વિચિત્ર છે. તેમની સૃષ્ટિમાં શુભ અને અશુભના સંઘર્ષથી જગતની ક્રમિક ઉન્નતિ થતી રહે છે અને તેમાં ઘણેભાગે અશુભ શુભને સહાયક બને છે, ભગવાનનું ઈચ્છેલું મંગલમય ફળ પ્રાપ્ત થાય છે. આ જે વિદ્વેષનું સર્જન પરમ અશુભ ગણાય તેનું પણ એવું શુભ ફળ આવ્યું કે તમસથી ઘેરાયેલા ભારતવાસીમાં રાજસિક શક્તિને જગાડે તેવી ઉપયુક્ત ઉત્કટ રાજસિક પ્રેરણા ઉત્પન્ન થઈ. આમ કહીને અમે અશુભની કે અશુભ કરનારની પ્રશંસા કરવા માગતા નથી. જેઓ રાજસિક અહંકારને વશ થઈને અશુભ કાર્ય કરે છે, તેમનાં કાર્યો દ્વારા ઈશ્વરનિર્દિષ્ટ શુભફળને સહાયતા મળે છે એમ કહીને તેમની જવાબદારી અને ફળ ભોગવવારૂપી બંધન લેશમાત્ર ટળતાં નથી. જેઓ જાતિગત વિદ્વેષનો પ્રચાર કરે છે તેઓ ભ્રાંત છે; જે ફળ વિદ્વેષના પ્રચારથી મળે છે તેના કરતાં નિ:સ્વાર્થ ધર્મપ્રચારથી દશગણું ફળ મળે છે. અને તેને લીધે અધર્મ અને તેમાંથી ઉત્પન્ન થતાં પાપનાં ફળ ભોગવવાને બદલે ધર્મની વૃદ્ધિ થાય છે અને સાચા પુણ્યનો ઉદય થાય છે. અમે જાતિગત વિદ્વેષની કે ઘૃણાજનક વાતો લખીશું નહીં અને બીજાઓને પણ એવો અનર્થ કરતાં અટકાવીશું.

એક જાતિનો બીજી જાતિની સાથે સ્વાર્થ વિરોધ થતાં અથવા ચાલુ સ્થિતિમાં ન ટાળી શકાય તેવું અંગ બનતાં, અમે બીજી જાતિના સ્વાર્થનાશના અને સ્વજાતિના સ્વાર્થસાધનાના કાયદાથી તેમ જ ધર્મનીતિથી અધિકારી છીએ. અત્યાચાર કે અન્યાયી કાર્ય થતાં તેનો ઉપયોગ કરવામાં અને જાતિની શક્તિના આઘાત તેમ જ બધી પ્રકારના વિધિસરના ઉપાય અને વિધિપૂર્વકના પ્રતિરોધ દ્વારા તેને દૂર કરાવવાના અમે કાયદાથી અને ધર્મનીતિથી અધિકારી છીએ. કોઈ પણ વ્યક્તિવિશેષ પછી તે રાજકર્તા હો કે દેશવાસી હો, જો અમંગલજનક, અન્યાયી અને અયોગ્ય કાર્ય કરે કે એવો મત દર્શાવે, તો અમે ભદ્રસમાજને ઉચિત અને અવિરોધી ચળવળ કરીને કે તિરસ્કાર કરીને તે પ્રકારના મતનો સામનો કરવાના કે તેનું ખંડન કરવાના અધિકારી છીએ. પરંતુ કોઈ જાતિ કે વ્યક્તિ પ્રત્યે વિદ્વેષ કે ઘૃણા પોષવી કે જન્માવવી તેનો અધિકાર અમને નથી. ભૂતકાળમાં તેમ બન્યું હોય તો તે ગઈ ગુજરીની વાત થઈ. પરંતુ ભવિષ્યમાં એવો દોષ ન થાય તે માટે અમે સૌને અને ખાસ કરીને રાષ્ટ્રીય પક્ષના સમાચારપત્રને તેમ જ કાર્ય કરનારા યુવકોને જણાવીએ છીએ.

આર્યજ્ઞાન, આર્યશિક્ષણ અને આર્ય આદર્શ જડજ્ઞાનવાદી રાજસિક ભોગપરાયણ પાશ્ચાત્ય જાતિનાં જ્ઞાન, શિક્ષણ કે આદર્શ કરતાં જુદાં છે. યૂરોપને મતે સ્વાર્થ અને સુખના અન્વેષણને અભાવે કર્મના આચરણની જરૂર નથી, વિદ્વેષને અભાવે વિરોધ અને યુદ્ધ અસંભવ છે. કાં તો સકામ કર્મ કરો, નહિ તો, કામના વગરના સંન્યાસી બનો એ એમની માન્યતા છે. આ જગત જીવિકાને અર્થે થતા સંઘર્ષથી રચાયું છે, જગતની ક્રમિક ઉન્નતિ તેને લઈને જ સધાય છે, આ છે તેમના વિજ્ઞાનનો મૂળ મંત્ર. જ્યારથી આર્યોએ ઉત્તર-કુરુથી માંડીને દક્ષિણ લગીની યાત્રા કરીને પંચનદભૂમિ પર અધિકાર મેળવ્યો, ત્યારથી એ પ્રકારનું સનાતન શિક્ષણ પામીને જગતમાં તેની સનાતન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે કે આ વિશ્વ આનંદનું એક ધામ છે, અને પ્રેમ, સત્ય અને શક્તિના વિકાસને કાજે સર્વવ્યાપી નારાયણ સ્થાવરમાં, જંગલમાં, માનવ, પશુ, કીટપતંગમાં, સાધુમાં પાપીમાં, શત્રુમાં, મિત્રમાં, દેવમાં અસુરમાં પ્રગટ થઈને આ જગદ્વ્યાપી ક્રીડા કરી રહ્યા છે. આ ક્રીડાને લઈને છે સુખદુ:ખ, પાપપુણ્ય, બન્ધુત્વ, શત્રુતા, દેવત્વ, અસુરત્વ. શું મિત્ર, શું શત્રુ, બધા જ ક્રીડાના સહચર છે; બે પક્ષમાં વિભક્ત થઈને સ્વપક્ષ અને પરપક્ષ ખડા કરે છે. આર્ય મિત્રનું રક્ષણ કરે છે તેમ જ શત્રુનું દમન કરે છે, પરંતુ તે આસક્તિ વગર. તે સર્વત્ર, પ્રાણીમાત્રમાં પદાર્થમાત્રમાં, પ્રત્યેક કર્મમાં, પ્રત્યેક ફળમાં નારાયણનું દર્શન કરે છે. અને ઈષ્ટ–અનિષ્ટ, શત્રુમિત્ર, સુખદુ:ખ, પાપપુણ્ય સિદ્ધિ–અસિદ્ધિ સર્વ સ્થિતિમાં સમભાવાપન્ન છે. પરંતુ આનો અર્થ એમ નથી કે તેને બધી પ્રકારનું પરિણામ ઈષ્ટ છે, બધા માણસો તેના મિત્ર છે, સઘળી ઘટનાઓ તેને સુખ આપનારી છે, સઘળાં કર્મ તેને આચરણીય છે, બધાં ફળ તેને વાંછનીય છે. જ્યાં લગી સંપૂર્ણ યોગની પ્રાપ્તિ ન થાય ત્યાં લગી દ્વન્દ્વ જતાં નથી, તે સ્થિતિ થોડાંકને જ સાંપડે છે. પરંતુ આર્યોનું શિક્ષણ સામાન્ય આર્યજનની એક સંપત્તિ છે. આર્ય ઈષ્ટને સાધવા અને અનિષ્ટને ટાળવા પ્રયત્નશીલ રહે છે, પરંતુ ઈષ્ટની પ્રાપ્તિથી તે છકી જતો નથી ને અનિષ્ટને લઈને કાયર થતો નથી. મિત્રને સહાય કરવી અને શત્રુનો પરાજય કરવો એ તેના પ્રયત્નના ઉદ્દેશ્ય હોય છે; પરંતુ એથી કરીને શત્રુનો તે વિદ્વેષ કરતો નથી, મિત્ર પ્રત્યે અન્યાયી પક્ષપાત કરતો નથી. કર્તવ્યના હેતુથી તે સ્વજનનો સંહાર કરી શકે છે, પરપક્ષના પ્રાણરક્ષણને માટે પ્રાણ-ત્યાગ પણ કરી શકે છે. સુખ તેને ગમે છે, દુ:ખ તેને ગમતું નથી, પણ સુખથી તે અધીરો થતો નથી, દુ:ખથી તેનું ધૈર્ય અને પ્રીતિ અવિચલિત રહે છે. તે પાપનું વર્જન તેમ જ પુણ્યનો સંચય કરે છે! પણ પુણ્ય કર્મથી

તે ગર્વ કરતો નથી કે પાપથી પતિત થઈને દુર્બળ બાળકની માફક રડતો નથી. હસતો હસતો પાપના કાદવમાંથી ઊઠીને શરીરને લાગેલો કાદવ ધોઈ કરીને શુદ્ધ થઈને વળી પાછો તે પોતાની ઉન્નતિને માટે પ્રયત્નો કરવા મંડી પડે છે. કર્મની સિદ્ધિને માટે આર્ય મહાન પ્રયાસ આદરે છે, ને હજારો પરાજયોથી તે ગભરાઈ જતો નથી. પરંતુ કર્મની સિદ્ધિ ન થતાં દુ:ખિત, વિષણ્ણ કે વિરક્ત થવું તેને માટે અધર્મ ગણાય. અલબત્ત, જ્યારે કોઈ યોગારૂઢ થઈને ગુણાતીત ભાવે કર્મો કરવાને સમર્થ થાય તો તેને માટે સઘળા દ્વન્દ્વો ખતમ થઈ જાય છે. જગન્માતા તેને જે કાર્ય સોંપે છે તે કાર્ય વિના-વિચાર તે કરે છે, તે ફળ આપે છે તે આનંદ સહિત ભોગવે છે. જેને માતા સ્વપક્ષ જણાવે છે તેને કાજે માતાનું કાર્ય કરે છે અને જેને માતા વિપક્ષ તરીકે જણાવે છે તેનું આદેશ મુજબ દમન કે સંહાર કરે છે. આ છે આર્યશિક્ષણ. આ શિક્ષણમાં વિદ્વેષને કે ઘૃણાને સ્થાન નથી. સર્વત્ર નારાયણ છે. કોનો વિદ્વેષ કરવો, કોની ઘૃણા કરવી?

અને જો આપણે પાશ્ચાત્યની ઢબે રાજનૈતિક આંદોલન કરીશું તો વિદ્વેષ અને ઘૃણા અનિવાર્ય બનશે અને તે તેમને મતે નિંદનીય નથી, કારણ કે સ્વાર્થનો વિરોધ છે. એક પક્ષે ઉત્થાન છે, અન્ય પક્ષે દમન ચાલે છે. પરંતુ આપણું ઉત્થાન માત્ર આર્યજાતિનું ઉત્થાન નથી, પરંતુ આર્યચરિત્રનું, આર્યશિક્ષણનું, આર્યધર્મનું ઉત્થાન છે. આંદોલનની શરૂઆતમાં પાશ્ચાત્ય રાજનીતિનો પ્રભાવ ઘણો હતો. તેમ છતાં ત્યારથી જ આ સત્ય આપણને સમજાઈ ગયું છે. માતૃપૂજા, માતૃપ્રેમ અને આર્યઅભિમાનના તીવ્ર અનુભવને લીધે ધર્મપ્રધાન એવી બીજી અવસ્થા પ્રાપ્ત થઈ છે. રાજનીતિ ધર્મનું એક અંગ છે, પરંતુ તે આર્યભાવે, આર્યધર્મને માન્ય રીતે આચરવી જોઈએ. અમે ભવિષ્યના આશાસ્વરૂપ યુવકોને કહીએ છીએ કે જો તમારા પ્રાણમાં વિદ્વેષ હોય તો તે જલદી જડમૂળથી ઉખાડી નાંખજો. વિદ્વેષની તીવ્ર ઉત્તેજનાને લઈને ક્ષણિક રજોપૂર્ણ બળ સહેલાઈથી આવે છે અને ઝડપથી ભગ્ન થઈને દુર્બળતામાં પરિણમે છે. જેઓ દેશના ઉદ્ધારને માટે પ્રતિજ્ઞાથી બંધાયા છે, જેમણે દેશને માટે પોતાના પ્રાણનો ઉત્સર્ગ કર્યો છે, તેમનામાં પ્રબળ ભ્રાતૃ-ભાવ, કઠોર ઉદ્યમ, લોઢાના જેવી દૃઢતા અને જ્વલંત અગ્નિ જેવું તેજ સંચાર પામો; આપણે તે શક્તિથી અતૂટ બળવાળા થઈશું, ચિરવિજયી થઈશું.

આપણી આશા

આપણી પાસે નથી બાહુબળ, નથી યુદ્ધને માટેની સાધનસામગ્રી, નથી શિક્ષણ, નથી રાજશક્તિ, તો પછી આપણી આશા કયી? કયું છે એ બળ જેને આધારે આપણે પ્રબળ શિક્ષિત યુરોપીય જાતિએ સાધેલું અસાધ્ય કાર્ય સાધી શકીએ? પંડિત અને ડાહ્યા લોકો જણાવે છે કે એ તો બાળકની ઉદ્દામ દુરાશા માત્ર છે, ઉચ્ચ આદર્શના મદથી ઉન્મત્ત થઈને વિવેક રહિત લોકોનું ખાલી સ્વપ્ન છે. સ્વાધીનતા મેળવવી હોય તો તેનો એક માત્ર માર્ગ યુદ્ધ જ છે, અને યુદ્ધ કરવાને માટે આપણે અસમર્થ છીએ.

માની લઈએ કે યુદ્ધ કરવાને આપણે અસમર્થ છીએ; અમે પણ યુદ્ધ કરવાની સલાહ આપતા નથી. પરંતુ એ વાત શું તદ્દન સાચી છે કે બાહુબળ જ શક્તિનો આધાર છે? કે પછી શક્તિ વધુ ગૂઢ છે, કોઈ ઊંડા મૂળમાંથી તે પ્રગટે છે? સૌ કોઈ એટલું તો સ્વીકારશે કે માત્ર બાહુબળને આધારે કોઈ વિશાળ કાર્ય સાધી શકાવું અસંભવ છે. જો બે પરસ્પરવિરોધી સમાન બળવાન શક્તિની વચ્ચે સંઘર્ષ થાય તો જેનું નૈતિક તેમ જ માનસિક બળ વધુ હોય, જેનાં ઐક્ય, સાહસ, ખંત, ઉત્સાહ, દૃઢપ્રતિજ્ઞા, સ્વાર્થત્યાગ ઉચ્ચ કોટિનાં હોય, જેનામાં વિદ્યા, બુદ્ધિ, ચાતુર્ય, તીક્ષ્ણ દૃષ્ટિ, દૂરંદેશીપણું, ઉપાયો યોજવાની શક્તિ વધુ વિકાસ પામ્યાં હોય, તેનો જ વિજય નિશ્ચિત થવાનો. એ તો શું પણ જે બાહુબળ, સંખ્યા અને ઉપકરણની સરખામણીમાં પાછળ હોય, તે પણ નૈતિક તેમ જ માનસિક બળના પ્રતાપે પ્રબળ શત્રુને હઠાવી શકે છે. આનાં દૃષ્ટાન્ત ઈતિહાસને પાને પાને જોવા મળશે. આ પરથી એમ કહી શકો કે બાહુબળની સરખામણીમાં નૈતિક બળ અને માનસિક બળ ગૌરવશાળી છે. પરંતુ બાહુબળ ન હોય તો નૈતિક બળ કે માનસિક બળનું રક્ષણ કોણ કરશે?

બરાબર છે. પરંતુ એવું પણ જોવામાં આવે છે કે બન્ને પ્રકારની વિચારપ્રણાલી, બન્ને મતવાદ કે બન્ને પરસ્પર વિરોધી સભ્યતાનો સંઘર્ષ થતાં જે બાજુએ બાહુબળ, રાજશક્તિ અને યુદ્ધનાં ઉપકરણ વગેરે પૂરતાં પ્રમાણમાં હોય તેમનો પરાજય થયો છે અને જે બાજુએ આ બધાં હતાં નહીં તેમનો જય થયો છે. આ પરિણામની વિપરીતતા કેમ? यतो धर्मस्ततो जयः વાત સાચી, પરંતુ ધર્મની પાછળ શક્તિ જોઈએ, નહિ તો અધર્મનું અભ્યુત્થાન થાય અને ધર્મની ગ્લાનિ સ્થાયી બની જાય. કારણ વગર કાર્ય હોય નહીં. વિજયનું કારણ છે શક્તિ. કયી શક્તિને લઈને દુર્બળ પક્ષની જીત થાય છે અને પ્રબળ પક્ષ પરાજયને પામે છે કે નાશ પામે છે?

ઈતિહાસનાં બધાં દૃષ્ટાન્તોનો અભ્યાસ કરવાથી આપણને સમજાશે કે આધ્યાત્મિક શક્તિના બળે જે ન બની શકે તે બને છે; આ શક્તિ જ બાહુ-બળને તુચ્છ ગણીને માનવ જાતિને જણાવી રહી છે કે આ જગત ભગવાનનું રાજ્ય છે, કોઈ અંધ સ્થૂળ પ્રકૃતિનું ક્રીડાક્ષેત્ર નથી. શુદ્ધ આત્મા છે શક્તિનું મૂળ. જે આદ્યા પ્રકૃતિ ગગનમંડળમાં કોટિ કોટિ સૂર્યોને ફેરવી રહી છે, માત્ર આંગળીના સ્પર્શ વડે પૃથ્વીને હલમલાવીને માનવે સર્જેલાં પૂર્વગૌરવનાં ચિહ્નોનો નાશ કરી શકે છે, તે આદ્યા પ્રકૃતિ શુદ્ધ આત્માને અધીન છે, તે પ્રકૃતિ અસંભવને સંભવિત કરે છે, મૂંગાને જીભ અર્પે છે, પાંગળાને ગિરિ ઓળંગવાની શક્તિ આપે છે. આખું જગત આ શક્તિનું સર્જન છે. જેનું આધ્યાત્મિક બળ વિકાસ પામ્યું હોય છે તેને માટે વિજયનાં સઘળાં ઉપકરણ સર્જાય છે, મુશ્કેલીઓ આપમેળે ટળી જઈને અનુકૂળ અવસ્થા પ્રાપ્ત થાય છે અને કાર્ય કરવાની શક્તિ આપમેળે જ પ્રગટીને તેજસ્વી અને ઝડપી બને છે. યૂરોપ આજકાલ આ soul-force અથવા આધ્યાત્મિક શક્તિનો આવિષ્કાર કરી રહ્યો છે; હજુ તેનો તેમાં સંપૂર્ણ વિશ્વાસ નથી, તેને ભરોસે તે કાર્ય કરવા પ્રેરાતો નથી. પરંતુ ભારતના શિક્ષણમાં, સભ્યતામાં, ગૌરવમાં, બળમાં, મહત્ત્વમાં, તે સૌના મૂળમાં આધ્યાત્મિક શક્તિ રહેલી છે. જેટલી વાર ભારત-જાતિનો વિનાશકાળ પાસે છે એમ બધાંને ખાતરી થવાનો પ્રસંગ આવ્યો છે, તેટલી વાર આધ્યાત્મિક બળે ગુપ્ત મૂળમાંથી ઉગ્ર રૂપે પ્રવાહિત થઈને મુમૂર્ષુ ભારતને પુનરુજ્જીવિત કર્યું છે અને તેને અંગેની અન્ય ઉપયોગી શક્તિ પણ સર્જી છે. હજી લગી એ મૂળ સુકાઈ ગયું નથી, આજે પણ એ અદ્‌ભુત મૃત્યુંજય શક્તિ ક્રીડા કરી રહી છે.

પરંતુ સ્થૂળ જગતમાં બધી શક્તિઓનો વિકાસ સમય પ્રમાણે થાય છે; સમુદ્રમાં થતી ભરતી તેમ જ ઓટની માફક અવસ્થાને ઉપયુક્ત ક્રમે ઘટતી કે વધતી આખરે સંપૂર્ણ કાર્ય કરતી હોય છે. આપણામાં તે પ્રમાણે થઈ રહ્યું છે. આવી સંપૂર્ણ ઓટ ભરતીના મુહૂર્તની રાહ જોઈ રહી છે. આધ્યાત્મિક બળનાં મૂળ છે મહાપુરુષોની તપસ્યા, સ્વાર્થત્યાગીનો કષ્ટસ્વીકાર, સાહસિકનું આત્મવિસર્જન, યોગીની યોગશક્તિ, જ્ઞાનીનો જ્ઞાનસંચાર, સાધુની શુદ્ધિ. એકવાર આ પ્રકારનું અનેકવિધ પુણ્ય ભારતને સંજીવનીસુધાનું પાન કરાવીને મૃતજાતિને જીવિત, બલિષ્ઠ અને તેજસ્વી કરી ગયું હતું. વળી પાછું તે જ તપોબળ પોતાનામાં નિરોધ પામીને અદમ્ય અને અજેય બનીને પ્રગટી રહ્યું છે. કેટલાંક વર્ષોનાં દમન, દુર્બળતા અને પરાજયને પરિણામે ભારતવાસી પોતાનામાં શક્તિનું મૂળ શોધવા મથી રહ્યો છે. ભાષણોની ઉત્તેજના, મ્લેચ્છદત્ત વિદ્યા, સભાસમિતિઓની ભાવસંચારિણી શક્તિ, દૈનિકપત્રોની ક્ષણસ્થાયી

પ્રેરણા,–એ બધાંથી કાંઈ જ વળવાનું નથી. પોતાનામાં, આત્માની વિશાળ નીરવતામાં, ભગવાન અને જીવતા સંયોગને લઈને જે ગંભીર અવિચલિત અભ્રાન્ત, શુદ્ધ, સુખદુઃખજયી, પાપપુણ્ય રહિત શક્તિ ઉત્પન્ન થશે તે મહા-સૃષ્ટિકારિણી, મહાપ્રલયકારી, મહાસ્થિતિશાલિની, જ્ઞાનદાયિની મહાસરસ્વતી, ઐશ્વર્યદાયિની મહાલક્ષ્મી, શક્તિદાયિની મહાકાલી અને તે સહસ્ર તેજના સંયોજનથી સમન્વિત ચંડી પ્રગટ થઈને ભારતના તેમ જ જગતના કલ્યાણ માટે કટિબદ્ધ થશે. ભારતની સ્વાધીનતા એ તો માત્ર એક ગૌણ ઉદ્દેશ્ય છે; મુખ્ય ઉદ્દેશ્ય છે ભારતની સંસ્કૃતિની શક્તિનું પ્રગટીકરણ અને તેનો જગદ્-વ્યાપી વિસ્તાર અને અધિકાર, આપણે જો પાશ્ચાત્ય સંસ્કૃતિને બળે, સભા-સમિતિની વક્તૃતાને જોરે, માત્ર બાહુબળથી સ્વાધીનતા પ્રાપ્ત કરી શકીએ, તો પણ આપણો મુખ્ય ઉદ્દેશ્ય સધાય નહીં. આપણે સ્વાધીનતા મેળવવા ઈચ્છીએ છીએ તે ભારતીય સંસ્કૃતિને બળે, આધ્યાત્મિક શક્તિના પ્રતાપે અને તેથી ઉત્પન્ન થતા સ્થૂળ અને સૂક્ષ્મ ઉપાયો વડે. તેને લઈને જ ભગવાને આપણું પાશ્ચાત્ય ભાવયુક્ત આંદોલન નષ્ટ કરીને બહિર્મુખી શક્તિને અંતર્મુખી કરી છે. બ્રહ્મબાંધવ ઉપાધ્યાયે દિવ્યદૃષ્ટિથી જોયું હતું અને તે જોઈને વારંવાર જણાવતા હતા કે શક્તિને અંતર્મુખી કરો. પરંતુ સમયને દોષે ત્યારે કોઈ કંઈ જ કરી શક્યું નહીં, પોતે પણ કંઈ કરી શક્યા નહીં. પરંતુ ભગવાને આ જ તે શક્ય કર્યું છે. ભારતની શક્તિ અંતર્મુખી થઈ છે. જ્યારે તે બહિર્મુખી થશે પછી તે સ્રોત પાછો ફરશે નહીં, તેને કોઈ અટકાવી શકશે નહીં. એ ત્રિલોકપાવની ગંગા ભારતને તેમ જ પૃથ્વીને તરબોળ કરીને તેના અમૃતસ્પર્શથી જગતને એક નવા યૌવનનું પ્રદાન કરશે.

પ્રાચ્ય અને પાશ્ચાત્ય

આપણા દેશમાં અને પશ્ચિમના દેશોમાં મુખ્ય ફરક એ છે કે આપણું જીવન અંતર્મુખી છે, જ્યારે ત્યાંનું જીવન બહિર્મુખી છે. આપણે ભાવને આધારે પાપ પુણ્યને વિષે વિચારીએ છીએ, યૂરોપ કર્મને આધારે પાપપુણ્યનો વિચાર કરે છે. આપણે ભગવાનને અંતર્યામી અને આત્મસ્થ માનીને તેમનું અંતરમાં અન્વેષણ કરીએ છીએ, યૂરોપ ભગવાનને જગતના રાજા ગણીને તેમને બહારથી શોધે છે અને ઉપાસે છે. તેમનું સ્વર્ગ સ્થૂલ જગતમાં છે: પૃથ્વીનું સૌંદર્ય, તેનું ઐશ્વર્ય, તેના ભોગવિલાસ તેમને માટે આદરણીય અને શોધવા લાયક છે. બીજા કોઈ સ્વર્ગની કલ્પના તેઓ કદાચ કરે તો તે આ પાર્થિવ ઐશ્વર્ય, સૌન્દર્ય અને ભોગવિલાસની પ્રતિકૃતિ હોય છે. તેમના ભગવાન આપણા ઈન્દ્ર જેવા છે: આ પૃથ્વીના રાજાની જેમ રત્નજડિત સિંહાસન પર વિરાજમાન થઈને હજારો બંદીજનોનાં સ્તવ-ગાનથી ખુશ થતા આ વિશ્વનું સામ્રાજ્ય ચલાવી રહ્યા છે. અને આપણા શિવ? કેવા છે એ? પરમેશ્વર, છતાં ભિક્ષુક, પાગલ, ભોળાનાથ. અને કૃષ્ણ? બાળક, હાસ્યપ્રિય, રંગમય, પ્રેમમય ક્રીડા કરવી જેમનો ધર્મ છે તેવા. યૂરોપના ભગવાન કદાપિ હસે નહીં, ક્રીડા કરે નહીં; એમ કરવા જાય તો તેમનું ગાંભીર્ય હણાય, તેમનું ઈશ્વરપણું જોખમાય. એ બહિર્મુખી ભાવ હોવાનું કારણ એ છે કે ઐશ્વર્યનાં ચિહ્નો તેમના ઐશ્વર્યની પ્રતિષ્ઠા છે; જો તેઓની નજરે ચિહ્ન ના પડે તો મૂળ વસ્તુ તેઓ જોઈ શકતા નથી. તેમને દિવ્યચક્ષુ નથી, સૂક્ષ્મ દૃષ્ટિ નથી – બધું સ્થૂલ છે. આપણા શિવ ભિક્ષુક હોવા છતાં ત્રણે લોકનું સઘળું ધન અને ઐશ્વર્ય સહેજમાં સાધકને દઈ શકે છે, ભોળાનાથ હોવા છતાં જ્ઞાનીને અગમ્યજ્ઞાન તેમની સ્વભાવસિદ્ધ સંપત્તિ છે. આપણા પ્રેમમય રંગરાગપ્રિય શ્યામસુંદર કુરુક્ષેત્રના નાયક છે, જગતના પિતા છે, અખિલ બ્રહ્માંડના સખા અને સુહૃદ છે. ભારતનું વિરાટ જ્ઞાન, તેની તીક્ષ્ણ સૂક્ષ્મ દૃષ્ટિ અને અપ્રતિહત દિવ્યચક્ષુ બહારનાં આવરણોને ભેદીને આત્મસ્થ ભાવને, અસલ સત્યને અને અંતર્નિહિત ગૂઢ તત્ત્વને પ્રગટ કરે છે.

પાપપુણ્યની બાબતમાં પણ આમ જોવામાં આવે છે. આપણી નજર અંતરના ભાવ તરફ રહેલી છે. નિંદા પામતાં કર્મોની પાછળ પવિત્ર ભાવ હોઈ શકે છે. બહારથી દેખાતાં પુણ્યશાળી કર્મોની પાછળ પાપિષ્ઠનો સ્વાર્થ છુપાયેલો હોઈ શકે છે. પાપ અને પુણ્ય, સુખ અને દુઃખ મનના ધર્મ છે; કર્મ આવરણ માત્ર છે. આપણે એમ જાણીએ છીએ કે સામાજિક સુમેળની દૃષ્ટિએ બાહ્ય પાપપુણ્ય કર્મનાં પ્રમાણ ભલે મનાય, પરંતુ આદરને પાત્ર તો છે અંતરનો

ભાવ, હેતુ. જે સંન્યાસી આચારવિચાર, કર્તવ્ય-અકર્તવ્ય અને પાપપુણ્યથી અતીત થઈને મદોન્મત્ત પિશાચની જેમ આચરણ કરે છે તેવા સર્વધર્મત્યાગી પુરુષને આપણે શ્રેષ્ઠ ગણીએ છીએ. પશ્ચિમના લોકોની બુદ્ધિમાં આ ઊતરવું અશકય છે. એનું તત્ત્વ ગ્રહણ કરવામાં તેમની બુદ્ધિ અસમર્થ છે. જે જડ જેવું આચરણ કરે તે જડ, ઉન્મત્તની જેમ વર્તે તે વિકૃતચિત્ત, પિશાચની માફક આચરે તે ઘૃણાપાત્ર, અનાચારી – આ રીતે તેઓ જુએ છે. કારણ? તેમને સૂક્ષ્મ દૃષ્ટિ નથી, અંતરનો હેતુ જોવાને તેઓ અસમર્થ છે.

આ પ્રકારની બાહ્ય દૃષ્ટિને વશ થઈને યૂરોપના વિદ્વાનો જણાવે છે કે ભારતમાં પ્રજાતંત્ર કદાપિ નહોતું. સંસ્કૃત ભાષામાં પ્રજાતંત્ર સૂચક કોઈ વાત જણાતી નથી. આધુનિક પાર્લમેન્ટની સાથે સુમેળ ખાય તેવી કોઈ કાનૂની વ્યવસ્થા કરનારી સભા નહોતી, અને આ રીતે પ્રજાતંત્રનાં બાહ્ય ચિહ્નોને અભાવે પ્રજાતંત્રનો અભાવ પુરવાર થાય છે. અને આપણે પણ આ પ્રકારના પશ્ચિમના વિદ્વાનોના તર્કને યથાર્થ ગણીને ગ્રહણ કરવા લાગી ગયા. આપણાં પ્રાચીન આર્યરાજ્યોમાં પ્રજાતંત્રનો અભાવ ન હતો. અલબત્ત, તેને માટેનાં બાહ્ય ઉપકરણો પૂરતાં ન હતાં; પરંતુ પ્રજાતંત્રનો ભાવ આપણા સમસ્ત સમાજ અને શાસનતંત્રમાં વ્યાપ્ત હોવાને કારણે તે પ્રજાનું સુખ અને દેશની ઉન્નતિનું રક્ષણ કરતો. પ્રથમ એ કે દરેક ગામમાં સંપૂર્ણ પ્રજાતંત્ર હતું. ગામનાં લોકો એકઠા થઈને એકબીજાની સાથે વિચારોની આપલે કરીને વૃદ્ધ અને નેતાનું સ્થાન લેતા. પુરુષો ગામની વ્યવસ્થા અને સમાજની વ્યવસ્થા કરતા. આ પ્રકારનું ગામડાંઓનું પ્રજાતંત્ર મુસલમાનોના સમયમાં ચાલુ રહ્યું હતું; પરંતુ બ્રિટિશ શાસનતંત્રના દબાણતળે તે નષ્ટ થઈ ગયું. બીજું એ કે દરેક નાનાં નાનાં રાજ્યોમાં પણ, જ્યાં જ્યાં સર્વસાધારણનો મેળ યોજવાની સરળતા હતી ત્યાં ત્યાં તે પ્રકારની પ્રથા ચાલુ હતી. આનાં ઘણાંખરાં પ્રમાણ બૌદ્ધ સાહિત્યમાં, ગ્રીક ઈતિહાસમાં, મહાભારતમાં મળી આવે છે. ત્રીજું એ કે મોટાં મોટાં રાજ્યોમાં, જ્યાં આવાં બહારનાં સાધનો હોવાં અસંભવ હતાં ત્યાં પ્રજાતંત્રનો ભાવ રાજ્યતંત્રને સંચાલિત કરતો હતો. પ્રજાની કાનૂન વ્યવસ્થા કરનારી સભા નહોતી, પરંતુ રાજાને પણ કાયદો ઘડવાનો કે ચાલુ કાયદાકાનૂનમાં ફેરફાર કરવાનો લેશમાત્ર અધિકાર ન હતો. જે પ્રકારના આચારવિચાર, રીતિનીતિ કે કાયદાકાનૂન પ્રજાઓ પાળતી આવતી તેના રક્ષણ કરનાર તરીકે રાજાઓ ગણાતા. બ્રાહ્મણો હાલના વકીલો કે ન્યાયાધીશોની માફક પ્રજામાં પાલન કરાતા નિયમો રાજાને સમજાવતા, સંશયોનો નિર્ણય કરતા અને જ્યાં જ્યાં જે પ્રકારનાં પરિવર્તન જોતા તે સર્વે શાસ્ત્રમાં લિપિબદ્ધ કરતા. શાસનની જવાબદારી રાજાને શિર હતી, પણ તેની શક્તિ કાનૂનથી

કઠણ જાળથી બંધાયેલી હતી, આ ઉપરાંત રાજા પ્રજાથી અનુમોદન પામેલાં કાર્યો કરે અને જેથી કરીને પ્રજાને અસંતોષ થાય તેવાં આચરણ ન કરે એ પ્રકારનો રાજનૈતિક નિયમ બધા જ માનીને ચાલતા. રાજ્ય તેનું ઉલ્લંઘન કરે તો પ્રજા તેવા રાજાને માન્ય કરવા બંધાયેલી નહોતી.

પ્રાચ્ય અને પાશ્ચાત્યનું એકીકરણ આ યુગનો ધર્મ છે. પરંતુ આ એકીકરણની ક્રિયામાં જો આપણે પાશ્ચાત્યને ભૂમિકા તરીકે કે મુખ્ય અંગ તરીકે લઈએ તો એક મોટા ભ્રમમાં પડી જઈશું. પ્રાચ્ય જ પ્રતિષ્ઠાને યોગ્ય ગણાય, મુખ્ય અંગ ગણાય. બહારનું જગત અંતરનાં જગત પર પ્રતિષ્ઠિત છે, નહિ કે તેથી ઊલટું. ભાવ અને શ્રદ્ધા શક્તિ અને કર્મનાં મૂળ છે. ભાવ અને શ્રદ્ધાનું રક્ષણ જરૂરી છે, પરંતુ તે શક્તિના પ્રયોગથી કે કર્મના બાહ્ય આકાર અને ઉપકરણમાં આસક્ત થઈને નહીં. પશ્ચિમના લોકો પ્રજાતંત્રના બાહ્ય આકાર અને ઉપકરણમાં મશગૂલ છે. બાહ્ય આકાર અને ઉપકરણ ભાવને પરિસ્ફુટ કરવા માટે છે. ભાવ આકારને ઘડે છે, શ્રદ્ધા ઉપકરણ સર્જે છે. પરંતુ પશ્ચિમની પ્રજા આકારમાં અને ઉપકરણમાં એટલી બધી આબદ્ધ છે કે તેનાં પ્રકટીકરણમાં ભાવ અને શ્રદ્ધા માર્યાં જાય છે તેની તેમને ખબર પણ પડતી નથી. આજકાલ પ્રાચ્ય દેશોમાં પ્રજાતંત્રનાં ભાવ અને શ્રદ્ધા પ્રબળ વેગે સ્ફુટ થઈ રહ્યાં છે અને તેને લઈને બહારનાં ઉપકરણો સર્જાઈ રહ્યાં છે, બહારના આકારો વ્યક્ત થઈ રહ્યા છે, પરંતુ પાશ્ચાત્ય દેશોમાં તે ભાવ મ્લાન થતો જાય છે, શ્રદ્ધા ક્ષીણ થઈ રહી છે. પ્રાચ્ય પ્રભાતની તરફ ઉન્મુખ થઈને પ્રકાશની દિશામાં દોડી રહ્યો છે; પાશ્ચાત્ય તિમિર તરફ લઈ જનારી રાત્રિ તરફ જઈ રહ્યો છે.

આનું કારણ એ છે કે બહારના આકાર અને ઉપકરણોમાં આસક્તિ હોવાને લીધે પ્રજાતંત્રનાં માઠાં પરિણામ આવે છે. પ્રજાતંત્રને સંપૂર્ણ રીતે અનુકૂળ શાસનતંત્ર સર્જીને અમેરિકા અત્યાર લગી અભિમાન કરતું હતું કે અમેરિકા જેવો સ્વાધીન દેશ જગતમાં બીજો કોઈ નથી. પરંતુ સાચી રીતે જોતાં પ્રેસીડેન્ટ અને અન્ય કાર્યકર્તાઓ કૉંગ્રેસની મદદથી સ્વેચ્છા પ્રમાણે શાસન ચલાવે છે, ધનિકોના અન્યાયી, અવિચારી અને સર્વભક્ષી લોભને આશરો આપે છે અને પોતે પણ સત્તાનો દુરુપયોગ કરીને ધનવાન બને છે. માત્ર પ્રતિનિધિની ચૂંટણીને સમયે પ્રજા સ્વાધીન જણાય છે, અને ત્યારે પણ ધનિકો અઢળક પૈસો ખર્ચીને પોતાની સત્તા ટકાવી રાખે છે, બીજાઓ પ્રજાના પ્રતિનિધિઓને ખરીદીને મરજી મુજબ અર્થશોષણ કરે છે, સત્તા ભોગવે છે. ફ્રાન્સ પ્રજાતંત્ર અને સ્વાધીનતાની જન્મભૂમિ ગણાય, પરંતુ જે કર્મચારી ગણ અને પોલીસ વર્ગ પ્રજાની સ્વેચ્છાએ પ્રત્યેક પ્રકારનું શાસન

આગળ ધપાવવાનાં માત્ર યંત્ર છે, એ રીતે રચવામાં આવ્યાં હતાં, તે હવે મોટી સંખ્યામાં ક્ષુદ્ર સ્વેચ્છાચારી રાજાઓ જેવા થઈ ગયા છે અને પ્રજા તેમનાથી ગભરાઈ રહી છે. ઈંગ્લૅન્ડમાં અલબત્ત, આ પ્રકારનું પરિવર્તન થયું નથી; પરંતુ પ્રજાતંત્રની બીજી કેટલીક મુશ્કેલીઓએ માથાં ઊંચાં કર્યાં છે. ચંચળ મતિવાળી અને અર્ધશિક્ષિત પ્રજાના દરેક મનપરિવર્તનને કારણે શાસન-કાર્ય અને રાજનીતિ ડોળાઈ જવાને કારણે બ્રિટિશ પ્રજા પુરાતન રાજનૈતિક કુશળતા ગુમાવીને અંદરથી તેમ જ બહારથી મુશ્કેલીમાં સપડાઈ જાય છે, શાસકવર્ગ કર્તવ્યજ્ઞાન રહિત છે અને પોતાનાં સ્વાર્થ અને પ્રતિષ્ઠાનું રક્ષણ કરવા માટે મતદાર વર્ગને પ્રલોભન આપીને, ભય દેખાડીને અથવા ભૂલો બતાવીને બ્રિટિશ જાતિની બુદ્ધિને વિકૃત કરી રહ્યા છે, જાતિની અસ્થિરતા, ચંચળતા વધારી રહ્યો છે. આવાં બધાં કારણોને લીધે એક તરફ પ્રજાતંત્રવાદ એક ભ્રમ છે એમ કહીને સ્વાધીનતાની વિરુદ્ધમાં એક દળ ઝઝૂમી રહ્યું છે; જ્યારે બીજી તરફ ઍનાર્કિસ્ટ, સોશિઆલિસ્ટ અને ક્રાંતિકારીઓની સંખ્યા વધતી જાય છે. આ બન્ને પક્ષોની અથડામણ ઈંગ્લૅન્ડમાં ચાલી રહી છે તેના રાજનૈતિકક્ષેત્રે, અમેરિકામાં ચાલી રહી છે શ્રમજીવી અને કરોડપતિના સંઘર્ષમાં, જર્મનીમાં મતના સંગઠનની બાબતમાં, ફ્રાન્સમાં સૈન્ય અને નૌકાદળમાં, રશિયામાં પોલીસ અને હત્યાકારીના સંગ્રામમાં, જ્યાં જુઓ ત્યાં ધમાલ, ચંચળતા, અશાંતિ !

બહિર્મુખી દૃષ્ટિનું પરિણામ આમ જ આવે. કેટલાક દિવસો માટે રાજ-સિક તેજથી તેજસ્વી થઈને અસુર મહાન શ્રીસંપન્ન, અજેય જણાય; પણ પાછળથી છુપાયેલા દોષો તરી આવે અને બધું જ પાછું હતું ન હતું થઈ જાય. ભાવ અને શ્રદ્ધા, સજ્ઞાનકર્મ, અનાસક્ત કર્મ જે દેશમાં શિક્ષણનાં મૂળ સૂત્રો હોય, ત્યાં જ અંદરથી તેમ જ બહારથી પ્રાચ્ય અને પાશ્ચાત્યના એકીકરણથી સમાજ, અર્થનીતિ વગેરેની સમસ્યાઓનાં સંતોષજનક વ્યવહારુ સમાધાન થઈ શકે. પરંતુ પાશ્ચાત્ય જ્ઞાન અને શિક્ષણ અનુસાર તેમ બની શકશે નહીં. પ્રાચ્ય પર ખડા રહીને પાશ્ચાત્યને સુમેળપૂર્વક યોજવું પડશે. પ્રતિષ્ઠા અંદર થાય, પ્રકાશ બહાર પડે. માત્ર ભાવને લઈને પાશ્ચાત્ય ઉપકરણોનો આશરો લેવાથી મુશ્કેલીમાં આવી પડીશું. પોતાના સ્વભાવ અને પ્રાચ્ય બુદ્ધિને ઉચિત એવાં ઉપકરણો સર્જવાં જોઈશે.

ગુરુ ગોવિંદસિંહ

શ્રી વસંતકુમાર બન્દોપાધ્યાયે લખેલું ગુરુ ગોવિંદસિંહનું જીવનચરિત હમણાં અમને મળ્યું. આ પુસ્તકમાં ગુરુ ગોવિંદસિંહના રાજનીતિ સંબંધી પ્રયાસો અને તેમનું ચરિત્ર સરળ સહજ ભાષામાં ખૂબ સુંદર રીતે વર્ણવવામાં આવ્યું છે; પરંતુ શીખ લોકોના એ દસમા ગુરુ માત્ર એક યોદ્ધા અને રાજનીતિજ્ઞ પુરુષ ન હતા, પણ એ ધાર્મિક મહાપુરુષ તેમ જ ભગવાનનો આદેશ પામેલા ધર્મોપદેશક હતા. તેમણે ગુરુ નાનકના સાત્ત્વિક વેદાંતની શિક્ષણપ્રણાલીથી સભર ધર્મને એક નવો ઘાટ આપ્યો હતો. આને લઈને તેમનો ધર્મમત અને તે પર મંડાયેલા શીખધર્મ તેમ જ શીખ સમાજમાં થયેલું પરિવર્તન વિશદરૂપે વર્ણવવામાં આવ્યું હોત તો આ સુંદર જીવનચરિત અસંપૂર્ણતાના દોષમાંથી ઊગરી ગયું હોત. લેખકે ટૂંકમાં શીખજાતિનું પૂર્વ વૃત્તાન્ત લખીને ગોવિંદસિંહનું ચરિત્ર અને તેમના આગમનનાં ઐતિહાસિક બીજ અને કારણોને સમજવામાં મદદ કરી છે. ગુરુ ગોવિંદસિંહ શીખ ઈતિહાસના કેન્દ્રમાં છે. તેમણે જે જાતિને સંગઠિત કરવામાં પોતાની સમગ્ર પ્રતિભા અને શક્તિ યોજ્યાં હતાં તે જાતિનો ઈતિહાસ જ તેમનું ખરું જીવનચરિત ગણી શકાય. જેમ મૂળિયાં અને ડાળી પાંદડાં વગર થડની શોભા વર્તાતી નથી, તેમ શીખજાતિના પૂર્વના અને પાછળના વૃત્તાન્ત વગર ગોવિંદસિંહનું જીવનચરિત અધૂરું લાગે છે. અમને આશા છે કે લેખક બીજી આવૃત્તિમાં આ અંગોને જોડી દેશે. અને શીખ-જાતિના મહાપુરુષનો ધર્મમત અને સમાજનું સ્પષ્ટ વર્ણન કરીને પોતાના ગ્રંથને સર્વાંગ સુંદર બનાવશે. તેમનું પુસ્તક વાંચવાથી ખાલસાના સંસ્થાપક સ્વદેશ હિતૈષી મહાવીરનું ઉદાર ચરિત અને તેમનાં અદ્‌ભુત કાર્યો તરફ મન પ્રબળ ભાવે આકર્ષાય છે. જેઓએ દેશના કાર્યમાં પોતાનું હોમ્યું છે અથવા તેમ કરવા જેઓ તત્પરતા દર્શાવે છે તેમની શક્તિમાં આ જીવનચરિતનું વાચન પ્રાણ પૂરશે અને ઈશ્વરની પ્રેરણા દૃઢમૂળ થશે.

પત્રો

શ્રી મૃણાલિનીને,
શ્રી બારીન્દ્રકુમારને

[૧]

૩૦મી ઑગસ્ટ,
૧૯૦૫

પ્રિયતમા મૃણાલિની,

તમારો ૨૪મી ઑગસ્ટનો પત્ર મળ્યો. તમારાં માબાપ ઉપર ફરી પાછું એ જ દુ:ખ આવી પડ્યું એ જાણી હું દુ:ખી થયો છું. કયા પુત્રનું અવસાન થયું એ તમે લખ્યું નથી. દુ:ખ આવી પડ્યું છે, પણ એમાં શું થાય? આપણે જીવનમાં સુખની શોધમાં નીકળીએ છીએ ત્યારે એ સુખની અંદર જ દુ:ખ રહેલું દેખાય છે. હમેશાં દુ:ખ સુખની સાથે જોડાયેલું છે. આ વસ્તુ કેવળ પુત્રકામનાને જ લાગુ પડે છે એમ નથી. જીવનની બધી કામનાઓનું આ જ ફળ છે. ધીર ચિત્તથી સઘળાં સુખદુ:ખ ભગવાનના ચરણમાં અર્પણ કરવાં એ જ મનુષ્ય માટે એકમાત્ર ઉપાય છે.

મેં વીસ રૂપિયાને બદલે દસ રૂપિયા વાંચેલા. એટલે જ મેં લખેલું કે દસ રૂપિયા મોકલીશ. પંદર રૂપિયાની જરૂર હશે તો પંદર પણ મોકલીશ. આ મહિનામાં સરોજિનીએ તમારે માટે દાર્જિલિંગમાં જે સાડી ખરીદી છે તેના પૈસા મેં મોકલી આપ્યા છે. તમે ત્યાં ઉછીના પૈસા લીધા છે તેની મને કેવી રીતે ખબર પડે? જે પંદર રૂપિયા ખર્ચાયા છે તે મોકલ્યા છે. હજી બીજા ત્રણ ચાર રૂપિયાની જરૂર હશે તો તે આવતે મહિને મોકલી આપીશ. તમને આ વખતે વીસ રૂપિયા મોકલીશ.

હવે પાછો પેલી વાત ઉપર આવું. હું માનું છું કે આજ સુધીમાં તમને એ તો સમજાઈ ગયું હશે કે જે મનુષ્યના ભાગ્યની સાથે તમારું ભાગ્ય જોડાયું છે તે બહુ વિચિત્ર પ્રકારનો માણસ છે. આ દેશમાં અત્યારે લોકોની જે પ્રકારની મનોભાવના છે, તેમના જીવનનું જે ઉદ્દેશ્ય અને કાર્યક્ષેત્ર છે તેવું મારું નથી. હું બધી જ બાબતોમાં ભિન્ન છું, અસાધારણ છું. સામાન્ય માણસો અસાધારણ ભાવના, અસાધારણ પુરુષાર્થ, તેમ જ અસાધારણ ઉચ્ચ આકાંક્ષા વિષે જે કાંઈ બોલે છે તે તમે જાણતાં તો હશો જ એમ માનું છું. આ બધી વસ્તુઓને 'પાગલપણું' કહેવામાં આવે છે. પરંતુ જ્યારે પાગલને પોતાના કાર્યમાં સફળતા મળે છે ત્યારે એને લોકો પ્રતિભાશાળી મહાપુરુષ કહે છે. પણ કેટલા માણસના પ્રયત્નોને સફળતા મળે છે? હજારમાં દસ

માણસ અસાધારણ હોય છે અને એ દસમાં એકાદને જ સફળતા વરે છે. મારા કાર્યક્ષેત્રમાં સફળતાની વાત તો હજી ઘણી દૂર છે. હજી તો હું મારા કાર્યક્ષેત્રમાં પૂરો પ્રવેશ પણ પામી શકયો નથી. એટલે લોકો મને પાગલ જ સમજવાના. અને પાગલને પનારે પડવું એ તો સ્ત્રીનું ઘણું મોટું દુર્ભાગ્ય ગણાય. કેમકે સ્ત્રીઓની બધી આશાઓ સાંસારિક સુખદુ:ખમાં જ સમાઈ ગયેલી હોય છે. અને પાગલ પોતાની સ્ત્રીને સુખ તો નથી જ આપતો, એ તો દુ:ખ જ આપે છે.

હિંદુ ધર્મના પ્રવર્તકો આ વાત સમજયા હતા. એમને અસાધારણ ચરિત્ર, અસાધારણ પુરુષાર્થ, મહાન ભાવનાઓ એ બધું અત્યંત પ્રિય હતું. અસાધારણ મનુષ્ય પાગલ હો કે મહાપુરુષ હો પણ આર્ય લોકો એનું બહુમાન કરતા. પરંતુ એ બધામાં સ્ત્રીની જે ભયંકર દુર્દશા થાય છે તેનો શો ઉપાય? ઋષિમુનિઓએ એનો પણ ઉપાય યોજયો છે. તેમણે સ્ત્રીજાતિને કહ્યું છે, 'તમે બીજું બધું છોડીને **पतिः परमो गुरुः** એ જ મંત્રને તમારો એકમાત્ર મંત્ર બનાવો.' સ્ત્રી સ્વામીની સહધર્મિણી છે, સ્વામી જે કાર્યને સ્વધર્મ તરીકે સ્વીકારે, તેમાં સ્ત્રીએ સહાય કરવી, મંત્રણા આપવી, ઉત્સાહ પૂરવો, સ્વામીને દેવ સમાન ગણવો, તેના જ સુખમાં સુખ અને દુ:ખમાં દુખ માનવું એ સ્ત્રીનું કર્તવ્ય છે. કાર્યની પસંદગી કરવી એ પુરુષનો અધિકાર છે, સહાય અને ઉત્સાહ આપવાં એ સ્ત્રીનો અધિકાર છે.

હવે કહેવાનું એ કે તમે હિંદુ ધર્મે બતાવેલો આ માર્ગ લેશો કે નવા સુધારેલા ધર્મનો માર્ગ લેશો? પાગલ સાથે તમારાં લગ્ન થયાં એ તમારા પૂર્વજન્મના કર્મદોષનું ફળ છે. પોતાના ભાગ્યનો પોતે નિર્ણય કરવો એ વાત તો સારી છે, પણ તે કરવું કેવી રીતે? બેચાર જણના અભિપ્રાયને સ્વીકારી લઈ તમે પણ પતિને પાગલ કહીને ઉડાવી દેશો? પાગલ તો એના પાગલપણાને માર્ગે જ ચાલ્યે જવાનો. તમે એને રોકી નહિ શકો, કારણ તમારા કરતાં એનો સ્વભાવ ઘણો વધારે બળવાન છે. ત્યારે તમે શું ખૂણામાં બેઠાં બેઠાં ફક્ત રુદન કર્યા કરશો? કે પછી પેલા અંધ રાજાની રાણીએ પોતાની આંખે પાટા બાંધીને પોતે પણ અંધાપો ધારણ કર્યો હતો તેવી રીતે તમે પણ પાગલની સાથે પાગલ થવા પ્રયત્ન કરશો? તમારામાં બ્રાહ્મો સમાજના ગમે તેટલા સંસ્કાર પડયા હશે તોપણ તમે હિંદુ કુટુંબની કન્યા છો, હિંદુ પૂર્વજોનું લોહી તમારી નસોમાં વહે છે. મને શંકા નથી કે તમે બીજો માર્ગ જ લેશો.

મારામાં ત્રણ પ્રકારનું પાગલપણું છે. પહેલું પાગલપણું આ છે. મારો દૃઢ વિશ્વાસ છે કે ભગવાને માણસને જે કાંઈ ગુણ, પ્રતિભા, ઉચ્ચ સંસ્કારો, વિદ્યા, અને ધન આપ્યું છે તે બધું ભગવાનનું જ છે. પોતાના કુટુંબના

નિર્વાહ માટે તથા બીજી અત્યંત જરૂરી વસ્તુઓ માટે જેટલું જોઈએ તેટલું જ પોતાને અર્થે ખર્ચ કરવાનો માણસને અધિકાર છે. તે પછી જે બાકી રહે તે ભગવાનને પાછું સોંપી દેવાવું જોઈએ. હું જો બધું જ મારે માટે, મારા સુખ માટે, મારા ભોગવિલાસ માટે વાપરી નાખું તો હું ચોર બનું. હિંદુ-શાસ્ત્રમાં કહ્યું છે કે જે મનુષ્ય ભગવાન પાસેથી ધન લઈને પાછું આપતો નથી તે ચોર છે. આજ સુધી મેં ભગવાનને બે આના આપી ચૌદ આના મારે માટે વાપર્યા છે. અને એમ કરી હિસાબ બરાબર ચૂકવી દીધો છે એમ માન્યું છે, અને જગતના ભોગવિલાસમાં મસ્ત રહ્યો છું. એમ અર્ધું જીવન વૃથા ગયું છે. પશુ પણ પોતાના અને પોતાના પરિવારનું પોષણ કરીને કૃતાર્થ તો થાય છે.

પણ હવે મને સમજાયું છે કે હું આજ સુધી પશુવૃત્તિ અને ચૌર્યવૃત્તિ કરતો આવ્યો છું. એ સમજ્યા પછી મને ઘણો અનુતાપ થયો છે, મારા પોતા ઉપર ઘૃણા થઈ છે. હવે એ પાપ કરવું મેં સદા માટે છોડી દીધું છે. ભગવાનને આપવું એનો અર્થ છે ધર્મકાર્યમાં વ્યય કરવો. જે પૈસા મેં સરોજિની કે ઉષાને આપ્યા છે તે માટે મને કશી દિલગીરી નથી થતી. પરોપકાર કરવો એ ધર્મ છે. આશ્રિતને રક્ષણ આપવું એ એથીયે મહાન ધર્મ છે. પરંતુ ફક્ત ભાઈભાંડુઓને આપીએ એટલાથી જ કંઈ હિસાબ પૂરો ન થઈ જાય. આ વિષમ કાળમાં સમસ્ત દેશ મારે આંગણે આશ્રિત બનીને આવ્યો છે. આ દેશનાં ત્રીસ કરોડ મનુષ્યો મારાં ભાઈભાંડુ છે. એમાંથી આજે કેટલાંયે અન્ન વિના ભૂખે મરી રહ્યાં છે, કેટલાંયે અનેક દુઃખોથી રિબાય છે અને માંડ માંડ જીવી રહ્યાં છે. એ સર્વનું કલ્યાણ સાધવાનું છે.

બોલો ત્યારે, આ વિષયમાં મારી સહધર્મિણી બનશો ? સાધારણ માણસોની પેઠે ખાવા પીવા માટે આપણે જેટલું ખરેખર જરૂરનું હોય તેટલું રાખી બાકીનું બધું ભગવાનને અર્પણ કરવું એ મારી ઈચ્છા છે. તમારી જો સંમતિ મળે, તમે જો આ ત્યાગ સ્વીકારવા તૈયાર થાઓ તો જ મારી મનોકામના પૂર્ણ થઈ શકે. તમે કહેતાં હતાં કે 'મારો કાંઈ વિકાસ થયો નથી.' તો વિકાસનો આ એક માર્ગ બતાવું છું. તમે એ લેશો ?

બીજું પાગલપણું હમણાં હમણાં જ વળગ્યું છે. એ છે કોઈ પણ રીતે ભગવાનનો સાક્ષાત્કાર કરવો. વાતવાતમાં ભગવાનનું નામ લેવું, બીજા લોકો જોઈ શકે તેવી રીતે પ્રાર્થના કરવી, લોકો આગળ પોતાની ધાર્મિકતાનું પ્રદર્શન કરવું, એવો આજકાલનો ધર્મ મારે નથી જોઈતો. ઈશ્વર જો હોય તો તેના અસ્તિત્વનો અનુભવ કરવા માટે, તેને સાક્ષાત કરવા માટે કોઈક માર્ગ હોવો જ જોઈએ. એ માર્ગ ભલે ગમે તેટલો દુર્ગમ હોય પણ એ માર્ગે

જવાનો મેં દૃઢ સંકલ્પ કર્યો છે. હિંદુ ધર્મ કહે છે પોતાના શરીરમાં, પોતાના અંતરમાં એ માર્ગ રહ્યો છે. એ માર્ગમાં પ્રવેશ કરવાના નિયમો પણ શાસ્ત્રમાં બતાવાયા છે. મેં એ બધું પાલન કરવાનું શરૂ કરી દીધું છે. એક માસમાં તો હું અનુભવી શકયો છું કે હિંદુ ધર્મની વાત જરાકે ખોટી નથી. એણે જે જે ચિહ્નો જણાવ્યાં છે તે સૌનો હું સાક્ષાત્કાર કરી રહ્યો છું. મારી ઈચ્છા તમને પણ એ માર્ગે લઈ જવાની છે. તમે મારી સાથોસાથ તો પૂરેપૂરું નહિ ચાલી શકો, કારણ તમને હજી એટલું જ્ઞાન નથી થયું. પરંતુ મારી પાછળ પાછળ આવવામાં પણ હાનિ નથી. આ માર્ગે સૌ કોઈને સિદ્ધિ મળી શકે તેમ છે. પરંતુ બધો આધાર એ માર્ગમાં પ્રવેશ કરવાની ઈચ્છા ઉપર રહે છે. એટલે તમને કોઈ હાથ પકડીને નહિ લઈ જઈ શકે. તમારી ઈચ્છા હશે તો આ સંબંધમાં પછીથી વિશેષ લખીશ.

ત્રીજું પાગલપણું આ છે. સામાન્ય લોકો સ્વદેશને એક જડ પદાર્થ, અમુક મેદાનો, ખેતરો, વનો, પર્વતો અને નદીઓનો બનેલો એક સમૂહ સમજે છે. પણ હું સ્વદેશને માતા રૂપે જોઉં છું, તેની ભક્તિ કરું છું, પૂજા કરું છું. માના વક્ષઃસ્થળ ઉપર બેસીને કોઈ રાક્ષસ તેનું રક્ત પીવા તૈયાર થયો હોય ત્યારે એ માતાનાં સંતાનોનું કર્તવ્ય શું હોઈ શકે? એ સંતાનો શું નિરાંતે આહારવિહારમાં મગ્ન રહેશે, પોતાના પુત્રપરિવાર સાથે આનંદ-વિનોદ કર્યા કરશે કે પછી માતાનું રક્ષણ કરવા માટે એકદમ નીકળી પડશે? હું જાણું છું કે આ પતિત દેશનો ઉદ્ધાર કરવાનું બળ મારામાં છે. શારીરિક બળ નહિ, (તલવાર કે બંદૂક લઈ લડાઈ કરવાને તો હું નથી નીકળ્યો.) પણ જ્ઞાનનું બળ. ક્ષાત્રતેજ એ જ કંઈ એકમાત્ર તેજ નથી. બ્રહ્મતેજ પણ છે. એ તેજ જ્ઞાન ઉપર પ્રતિષ્ઠિત છે. મારી આ ભાવના નવી નથી, આજ-કાલની નથી. આ ભાવના લઈને તો હું જન્મ્યો છું. મારા આણુએ આણુમાં આ ભાવના ઓતપ્રોત છે. આ મહા ધ્યેય સિદ્ધ કરવાને ભગવાને મને આ પૃથ્વી ઉપર મોકલ્યો છે. ચૌદ વર્ષની ઉંમરે આ ભાવનાનું બીજ મારામાં અંકુરિત થવા લાગ્યું હતું. અઢાર વર્ષની ઉંમરે મારામાં એ દૃઢ અને અચલ રીતે જડાઈ ગયું હતું. તમે ન . . . માસીની વાત સાંભળીને માની લીધું કે કોઈ બદમાસ માણસો તમારા ભલાભોળા સ્વામીને કુમાર્ગે ખેંચી ગયા છે. પરંતુ તમારા એ ભલાભોળા સ્વામીએ જ એ લોકોને અને બીજા સેંકડો લોકોને એ જ માર્ગે — કુમાર્ગે કહો કે સુમાર્ગે — ચડાવ્યા છે, અને હજીયે હજારો લોકોને એ માર્ગે ચડાવશે. હું હોઈશ તો જ કાર્ય સિદ્ધ થશે એમ તો હું નથી કહેતો, પણ એ થવાનું છે એ તો નક્કી જ છે.

હવે હું પૂછું છું કે તમે આ બાબતમાં શું કરવા ઈચ્છો છો ? સ્ત્રી સ્વામીની શક્તિ છે. તમે ઉષાનાં શિષ્યા થઈને સાહેબશાહી પૂજાના મંત્રનો જાપ જપશો ? ઉદાસીન રહીને સ્વામીની શક્તિનો વ્યય કરશો કે તેના કાર્ય પ્રતિ સહાનુભૂતિ દર્શાવીને એના ઉત્સાહને દ્વિગુણિત કરશો ? તમે કહેશો, 'આવાં મહાન કાર્યોમાં મારા જેવી સામાન્ય સ્ત્રી શું કરી શકે ? મારામાં મનોબળ નથી, બુદ્ધિ નથી. આ બધી વાતોનો વિચાર કરતાં મને ભય થાય છે.' એનો ઉપાય સહેલો છે. ભગવાનનો આશ્રય લો. પ્રભુપ્રાપ્તિની સાધનામાં એક વાર પ્રવેશ કરો. તમારામાં જે જે વસ્તુઓનો અભાવ હશે તે બધું તે શીઘ્ર પૂર્ણ કરી આપશે. જે મનુષ્ય ભગવાનનો આશ્રય લે છે તેની પાસેથી ભય ધીરે ધીરે દૂર થઈ જાય છે. અને જો તમે મારા ઉપર વિશ્વાસ મૂકી શકતાં હો, બીજા માણસોની વાતો સાંભળવાને બદલે મારી જ વાત સાંભળવા તૈયાર હો, તો હું મારું પોતાનું બળ પણ તમને આપી શકું. એથી મારું બળ ઓછું નહિ થાય પણ ઊલટું વૃદ્ધિ જ પામશે. આપણે કહીએ છીએ કે સ્ત્રી એ સ્વામીની શક્તિ છે. એનો અર્થ એ છે કે પતિ જો પોતાની પત્નીમાં પોતાની પ્રતિમૂર્તિ જુએ, તેની પાસેથી તેને પોતાની મહેચ્છાનો પ્રતિધ્વનિ સાંભળવા મળે તો તેની શક્તિ બમણી થઈ જાય છે. વારુ ત્યારે, તમે અત્યારે જે રીતે જીવન ગાળો છો એવા ભાવથી જ શું હમેશાં જીવન વિતાવવું છે ? હું સારાં સારાં કપડાં પહેરું, સારું સારું ખાઉં, પીઉં, હસું રમું, હરેક પ્રકારનાં સુખચેન ભોગવું, આ પ્રકારની મનોદશા તે વિકાસ ન કહેવાય. આજે આપણા દેશની સ્ત્રીઓનું જીવન આવું બહિર્મુખ અને અનિષ્ટ પ્રકારનું બની ગયું છે. તમે આ બધું છોડી દો, અને મારી પાસે આવો. જગતમાં આપણે ભગવાનનું કાર્ય કરવા આવ્યાં છીએ. આવો, એ કાર્યનો આરંભ કરીએ.

તમારા સ્વભાવમાં એક દોષ છે. તે એ કે તમે ઘણાં સરળ છો. કોઈ કંઈ પણ કહે તે માની લો છો. એથી મન હમેશાં અસ્થિર રહે છે, બુદ્ધિ વિકાસ પામતી નથી, કોઈ પણ કામમાં એકાગ્રતા થતી નથી. આ બધું સુધારવું પડશે. એક જ માણસની વાતમાં શ્રદ્ધા રાખીને જ્ઞાન મેળવવું જોઈએ. દૃષ્ટિ સમક્ષ એક જ લક્ષ્ય રાખીને અવિચલિત ચિત્તથી કાર્યસાધના કરવી જોઈએ. લોકોની નિંદા કે વિરોધને તુચ્છ સમજીને સ્થિર ભક્તિ રાખવી જોઈએ.

બીજો પણ એક દોષ છે. પણ તે તમારા સ્વભાવનો દોષ નથી, સમયનો દોષ છે. આજે દેશમાં સમય જ એવો આવ્યો છે. લોકો કોઈ પણ ગંભીર વાતને ગંભીરતાપૂર્વક સાંભળી શકતા નથી. ધર્મ, પરોપકાર, મહત્ત્વાકાંક્ષા, મહાન પુરુષાર્થ, દેશોદ્ધાર, એવી જે જે કંઈ ઉચ્ચ અને મહાન વસ્તુઓ છે

તે સઘળીને લોકો હસી કાઢીને ઉડાવી દેવા માગે છે. બ્રાહ્મો સમાજમાં રહેવાથી તમારામાં પણ આ દોષ કંઈક આવ્યો છે. બારીનમાં પણ આ દોષ હતો. થોડે અંશે આપણા બધામાં આ દોષ રહેલો છે. પણ દેવઘરના લોકોમાં તો એ દોષ આશ્ચર્ય પમાડે તેટલો વૃદ્ધિ પામેલો છે. આ મનોદશાને ખૂબ દૃઢતાથી દૂર કરવી જોઈશે. એક વાર વિચાર કરવાનો અભ્યાસ પાડવાથી તમારો મૂળ સ્વભાવ જાગૃત થશે. પરોપકાર અને સ્વાર્થત્યાગ તરફ તમારી કુદરતી રીતે જ વૃત્તિ છે. માત્ર એક મનોબળ નથી. પ્રભુની ઉપાસના કરવાથી તે બળ તમે પાછું મેળવશો.

મારી જે ગુપ્ત વાત હતી તે આ છે. કોઈને પણ આ કહેશો નહિ. તમારા પોતાના મનમાં જ ધીર ચિત્તથી એનું ચિંતન કરજો. એમાં ભય પામવા જેવું કશું નથી, પણ વિચાર કરવા જેવી અનેક વસ્તુઓ રહેલી છે. પ્રારંભમાં તમારે બીજું કાંઈ કરવાનું નથી. માત્ર રોજ અર્ધો કલાક ભગવાનનું ધ્યાન કરવું. પ્રભુ પાસે પ્રાર્થના રૂપે પોતાની ઉત્કટ ઈચ્છા પ્રગટ કરવી. મન ધીરે ધીરે તૈયાર થઈ જશે. ભગવાન પાસે હમેશાં આ જ પ્રાર્થના કરવી કે, 'હું સ્વામીના જીવનમાં, એમના ઉદ્દેશ્યમાં અને ઈશ્વરપ્રાપ્તિના પથમાં બાધા રૂપ ન બનું, પણ સર્વદા સહાય રૂપ થાઉં, સાધન રૂપ થાઉં.' આટલું કરશો ?

તમારો

[૨]

૨૩ સ્કૉટસ લેઈન,
કલકત્તા
૧૭મી ફેબ્રુઆરી, ૧૯૦૭

પ્રિય મૃણાલિની,

ઘણા દિવસથી મેં પત્ર લખ્યો નથી. એ મારો હંમેશનો અપરાધ છે. એ માટે તો તમે તમારી સ્વાભાવિક ઉદારતાથી ક્ષમા નહિ આપો તો મારી પાસે બીજો શો ઉપાય છે? જે વસ્તુ મારા સ્વભાવનું લક્ષણ થઈ ગઈ છે તે એક દિવસમાં દૂર થઈ શકતી નથી. આ દોષ સુધારવા માટે મને લાગે છે કે આખો જન્મ લાગશે.

૮ મી જાન્યુઆરીએ હું આવવાનો હતો, પણ ન આવી શકયો. એ મારી ઈચ્છાથી નથી થયું. ભગવાન જ્યાં લઈ ગયા ત્યાં જવું પડયું. આ વખતે હું મારા પોતાના કાર્ય માટે નહોતો ગયો. ભગવાનના કાર્ય માટે ગયો હતો. હવે મારા ચિત્તની સ્થિતિ બદલાઈ ગઈ છે. પણ એ વાત આ પત્રમાં નહિ લખું. તમે અહીં આવશો ત્યારે જે કંઈ કહેવાનું છે તે કહીશ. હમણાં તો માત્ર એટલું જ કહીશ કે હવે હું મારી પોતાની ઈચ્છાને આધીન નથી. ભગવાન મને જ્યાં લઈ જાય ત્યાં એક યંત્ર પેઠે મારે જવાનું છે. તે જે કરાવે તે યંત્ર પેઠે મારે કરવાનું છે. આ વાતનું રહસ્ય હમણાં સમજવું તમને જરા કઠણ પડશે. તોપણ તમને એ કહી રાખવું જરૂરનું છે. નહિ તો વળી મારું વર્તન તમારા આક્ષેપ અને દુ:ખનું કારણ થઈ પડશે. તમને થશે કે હું તમારી ઉપેક્ષા કરીને આ બધું કરી રહ્યો છું. પણ એમ ન માનશો. આજ સુધી મેં તમારી વિરુદ્ધ અનેક અપરાધ કર્યા છે. તમને જે અસંતોષ થયો તે સ્વાભાવિક હતો. પરંતુ હવે હું સ્વાધીન નથી. હવે મારાં બધાં કાર્યો મારી ઈચ્છા ઉપર નિર્ભર નથી રહ્યાં. એ બધાં ભગવાનના આદેશ અનુસાર જ થાય છે એ મારે તમને જણાવવું રહ્યું. તમે આવશો ત્યારે મારા કહેવાનું તાત્પર્ય બરાબર સમજશો. હું આશા રાખું છું કે ભગવાને તેની અપાર કરુણાના જે પ્રકાશનાં દર્શન મને કરાવ્યાં છે તે દર્શન તમને પણ કરાવે. પણ તેમ બનવું એ પણ તે પરમ કૃપાળુની જ ઈચ્છા ઉપર નિર્ભર છે. તમે જો

મારી સહધર્મચારિણી થવા ઈચ્છતાં હો તો ખરા હૃદયથી પ્રયત્ન કરો, કે જેથી તમારી તીવ્ર અભીપ્સાના બળે તમને પણ ભગવાન પોતાનો કરુણાપથ બતાવે. આ પત્ર કોઈને પણ બતાવશો નહિ, કારણ આમાં જે વાતો લખી છે તે અતિશય ગુપ્ત છે. તમારા સિવાય બીજા કોઈને મેં આ વાત કહી નથી, કહેવાનો નિષેધ છે. આજે આટલું જ.

તમારો સ્વામી

તા. ક.—વ્યવહારની બીજી કેટલીક વાતો મેં સરોજિનીને લખી છે. એટલે તમને જુદી લખવાની જરૂર નથી. એ તમે તે પત્ર વાંચીને સમજી શકશો.

[૩]

૬ ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૦૭

પ્રિય મૃણાલિની,

પરમ દિવસે તમારો પત્ર મળ્યો. તે જ દિવસે મેં શાલ મોકલાવી હતી. તમને એ કેમ ન મળી તે હું સમજી શકતો નથી.

*　　*　　*

મને અહીં એક પળની પણ નવરાશ નથી. લખવાનો ભાર મારા ઉપર, કૉંગ્રેસના કામનો ભાર મારા ઉપર, અને 'વંદે માતરમ્'નો ઝઘડો પતાવવાનો ભાર પણ મારા ઉપર. હું આ બધાને પહોંચી શકતો નથી. તે ઉપરાંત મારું પોતાનું કામ પણ છે, અને તેને પણ હું છોડી શકતો નથી.

મારી એક વાત સાંભળશો? હાલ મારી સ્થિતિ ઘણી વિકટ થઈ પડી છે. ચારે બાજુથી કામની એવી ખેંચ થઈ રહી છે કે માણસને પાગલ કરી મૂકે. અને આવે વખતે જો તમે અસ્થિર થઈ જશો તો મારી ચિંતા અને મુશ્કેલીઓમાં વધારો થશે. તમે ઉત્સાહ અને સાંત્વનામય પત્ર લખશો તો મને વધારે બળ મળશે અને હું પ્રફુલ્લ ચિત્તે બધી વિપત્તિઓ અને ભયને પાર કરી શકીશ. હું જાણું છું કે દેવઘરમાં એકલાં રહેતાં તમને દુ:ખ થાય છે. પણ તમે જો મનને દૃઢ કરી શકશો અને શ્રદ્ધા રાખી શકશો તો એ દુ:ખ મન ઉપર એટલું બધું સવાર નહિ થાય. તમારી સાથે મારાં લગ્ન થઈ ચૂકયાં છે. હવે તમારા ભાગ્યમાં આ દુખ અનિવાર્ય છે. અવારનવાર વિયોગ તો આવવાનો. કારણ કે સાધારણ બંગાળીની પેઠે હું કુટુંબ અને સ્વજનોના સુખને જીવનનો મુખ્ય ઉદ્દેશ બનાવી શકું એમ નથી. આ સ્થિતિમાં મારો ધર્મ એ જ તમારો ધર્મ બનવો જોઈએ. મને મળેલા કાર્યની સફળતામાં તમારું સુખ સમાયું છે એમ જો તમે નહિ માનો તો પછી તમારે માટે બીજો કોઈ ઉપાય નથી. બીજી પણ એક વાત કહેવાની છે. જેમની સાથે તમે હમણાં રહો છો, એ લોકોમાંથી ઘણા તો આપણા લડીલો છે. એટલે તેઓ કદાચ કડવો શબ્દ બોલે કે અઘટિત વાત કહે તોપણ તેમના ઉપર રોષ ના કરશો. તેઓ જે કાંઈ બોલે તેવું તેમના મનમાં પણ સાચેસાચ છે, અથવા તમને

દુ:ખી કરવા જ બોલે છે એવું ન માની લેશો. ઘણી વાર ક્રોધમાં આવીને વગર વિચાર્યે ઘણું બોલાઈ જાય છે, પણ તેને પકડી રાખવું યોગ્ય નથી. તમે જો ત્યાં ખરેખર ન જ રહી શકો તેમ હોય તો હું ગિરીશ બાબુને કહીશ કે હું જેટલા દિવસ કૉંગ્રેસમાં રહું તેટલો વખત તમારા દાદા મહાશય ઘેર રહે.

આજે હું મેદિનીપુર જઈશ. ત્યાંથી પાછો આવીને અહીંની બધી વ્યવસ્થા કરીને સૂરત જઈશ. કદાચ ૧૫ મી કે ૧૬ મીએ જવાનું થશે. જાન્યુઆરીની બીજીએ હું પાછો આવીશ.

તમારો—

૭ મી એપ્રિલ, ૧૯૨૦

પ્રિય બારીન,

તમારો પત્ર મળ્યો છે. પરંતુ હજુ સુધી ઉત્તર લખી શકયો નથી. આ જે લખવા બેઠો છું તે પણ એક miracle(ચમત્કાર)છે. મારે પત્ર લખવાનું થાય છે once in a blue moon (વરસને વચલે દહાડે); અને તેમાંય બંગાળીમાં તો આ પાંચ સાત વર્ષમાં એક વાર પણ લખ્યું નથી. આ પત્ર પૂરો થઈને જો post - પોસ્ટ થઈ શકશે તો આ miracle (ચમત્કાર) સંપૂર્ણ બનશે.

પહેલાં તમારા યોગ વિષે. તમે તમારા યોગનો ભાર કેવળ મને આપવા ઈચ્છો છો, તો હું પણ તે લેવા ખુશી છું. પણ એનો અર્થ એ થાય છે કે જે મને અને તમને, પ્રકટ કે અપ્રકટ રૂપે, પોતાની દિવ્ય શક્તિ દ્વારા પ્રેરે છે તેને જ આ ભાર સોંપવાનો છે. વળી એમાંથી એ પણ સ્પષ્ટ રીતે ફલિત થાય છે કે, એ શક્તિએ મને જે યોગમાર્ગ દર્શાવ્યો છે કે જેને હું પૂર્ણયોગ કહું છું, તે માર્ગે જ ચાલવાનું રહેશે. . . . જે વસ્તુ લઈને મેં પ્રારંભ કર્યો હતો, લેલેએ મને જે આપ્યું હતું. . . . તે માર્ગ શોધવાની અવસ્થા હતી. ત્યારે જુદી જુદી દિશાઓમાં દૃષ્ટિપાત કરી લેવાનો હતો. આપણા પ્રાચીન યોગ-માર્ગમાંથી અમુકનો કિંચિત્ સ્પર્શ કરી લેવો, અમુકનું અવલોકન કરી લેવું, અમુકનું અનુસરણ કરી તેનું રહસ્ય જોઈ લેવું, અમુક યોગપદ્ધતિનો જરૂર પડે તેટલો પૂરતા પ્રમાણમાં અનુભવ લઈ લેવો, અને વળી બીજી કોઈ યોગપદ્ધતિને હાથ લેવી એ પ્રકારની એ સ્થિતિ હતી.

પોંડિચેરી આવ્યા પછી આ અસ્થિર સ્થિતિ દૂર થઈ ગઈ. અંતર્યામી જગદ્‌ગુરુએ મને મારો માર્ગ પૂરેપૂરો બતાવ્યો. તેનું સમગ્ર તત્ત્વ (theory) યોગનાં દસ અંગમાં આવી જાય છે. છેલ્લાં દસ વરસથી પ્રભુ એ વસ્તુની મને અનુભૂતિ આપીને મારામાં એ તત્ત્વનો વિકાસ (development) સાધી રહ્યા છે. જોકે હજી એ કાર્ય પૂર્ણ થયું નથી. હજી બેએક વર્ષ લાગશે.

આ યોગના સ્વરૂપ વિષે પછીથી લખીશ. અથવા તમે અહીં આવશો ત્યારે રૂબરૂમાં કહીશ. આ વિષયમાં લખવા કરતાં પ્રત્યક્ષ વાત કરવી એ વધારે

ઈષ્ટ છે. હમણાં તો માત્ર એટલું કહી શકું કે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ કર્મ અને પૂર્ણ ભક્તિના સામંજસ્ય અને ઐકયને મનોમય ભૂમિકા (level)થી ઉપર થઈ જઈને, મનથી ઊર્ધ્વમાં આવેલી વિજ્ઞાનમય ભૂમિકામાં તેમને સંપૂર્ણ રીતે સ્થાપન કરવાં એ પૂર્ણયોગનું મૂળતત્ત્વ છે. પ્રાચીન યોગની ઊણપ એ હતી કે તેમાં કેવળ મન અને બુદ્ધિનું તથા આત્માનું જ જ્ઞાન આવતું હતું, અને મનમાં જ આધ્યાત્મિકતાની અનુભૂતિ પામીને સંતોષ મનાતો હતો. પરંતુ મનુષ્યનું મન માત્ર ખંડનું જ ગ્રહણ કરી શકે છે. અનન્તને, અખંડને તે સંપૂર્ણ રીતે ગ્રહણ કરી શકતું નથી. અને જો તે ગ્રહણ કરવા ઈચ્છે તોપણ એની પાસે સાધન રૂપે માત્ર સમાધિ, મોક્ષ, નિર્વાણ ઈત્યાદિ જ છે, બીજું નહિ. એવા નિરુદ્દેશ મોક્ષને ભલે કોઈ કોઈ વ્યક્તિ પામી શકે. પણ તેનો લાભ શો? બ્રહ્મ, આત્મા, ભગવાન તો છે જ. પરંતુ ભગવાન મનુષ્ય પાસેથી શું ઈચ્છે છે? ભગવાન એ ઈચ્છે છે કે અહીં જગતમાં જ, વ્યષ્ટિમાં અને સમષ્ટિમાં તેને પોતાને મૂર્તિમંત કરવામાં આવે — to realise God in life (જીવનમાં ભગવાનનો સાક્ષાત્કાર કરાય).

પ્રાચીન યોગપ્રણાલી અધ્યાત્મ અને જીવન એ બે વચ્ચે સામંજસ્ય કે ઐકય સાધી શકી ન હતી. તેણે જગતને માયા અથવા એક અનિત્ય લીલા કહી ઉડાવી દીધું હતું. પરિણામ આવ્યું છે જીવનશક્તિનો હ્રાસ, ભારતની અવનતિ. ગીતામાં કહ્યું છે કે, '**उत्सीदेयुरिमे लोकाः न कुर्यां कर्म चेदहम्**' તે પ્રમાણે ભારતના '**इमे लोका :**' સાચેસાચ નષ્ટપ્રાય બની ગયા છે. અમુક માણસો સંન્યાસી અને સાધુ થઈ સિદ્ધ બને, મુક્ત બને; અમુક ભક્તો પ્રેમ અને આનંદમાં તલ્લીન થઈને નાચ્યા કરે; અને બાકીનો બધો સમાજ પ્રાણહીન, બુદ્ધિહીન બનીને ઘોર તમોભાવમાં ડૂબી રહે એ કયા પ્રકારની અધ્યાત્મસિદ્ધિ કહેવાય? વસ્તુતઃ પ્રથમ તો મનોમય level(ભૂમિકા)ઉપર જેટલી ખંડ અનુભૂતિઓ શકય છે તેમને મેળવી લઈને મનને અધ્યાત્મ રસમાં તરબોળ કરી, અધ્યાત્મના પ્રકાશથી આલોકિત કરવાનું છે અને તે પછી ઉપર જવાનું છે. ઉપર, એટલે કે વિજ્ઞાનની ભૂમિકામાં. ત્યાં પહોંચ્યા વિના જગતના અંતિમ રહસ્યને જાણવું અસંભવિત છે. તે વિના જગતની સમસ્યા solved થવાની, ઉકેલાવાની નથી. એ વિજ્ઞાનની ભૂમિકા ઉપર જ આત્મા અને જગત, અધ્યાત્મ અને જીવન—ઈત્યાદિ દ્વંદ્વોની અવિદ્યાનો અંત આવે છે. ત્યાં જગત માયા રૂપે દેખાતું નથી. જગત ભગવાનની સનાતન લીલા છે, આત્માનો નિત્ય વિકાસ છે એ તત્ત્વ ત્યાં, વિજ્ઞાન ભૂમિકામાં સમજાય છે. ત્યાં ભગવાનને પૂર્ણ રીતે જાણવાનું, પામવાનું શકય બને છે. ગીતામાં જે કહ્યું છે, '**समग्रं मां ज्ञातुम्**' તે એ અવસ્થા છે. સ્થૂલ દેહ, પ્રાણ, મન, બુદ્ધિ, વિજ્ઞાન અને આનંદ એ

આત્માની પાંચ ભૂમિકાઓ છે. જેમ જેમ હું ઊંચે આરોહણ કરતો જાઉં છું તેમ તેમ મનુષ્યના spiritual evolution (આધ્યાત્મિક વિકાસ)ની અંતિમ સ્થિતિ પાસે ને પાસે આવતી જાય છે. વિજ્ઞાનની ભૂમિકામાં પહોંચ્યા પછી આનંદની ભૂમિકા ઉપર પહોંચવું સહજ થઈ જાય છે. અખંડ અનન્ત આનંદની અંદર સુદૃઢ સ્થિતિ પ્રાપ્ત થાય છે. અને આ આનંદ માત્ર કાલાતીત પર-બ્રહ્મની અંદર જ નહિ, પણ દેહમાં, જગતમાં અને જીવનમાં પણ સિદ્ધ બને છે. પૂર્ણ સત્તા, પૂર્ણ ચૈતન્ય, પૂર્ણ આનંદ સિદ્ધ થઈને જીવનમાં મૂર્ત બને છે. આ દિશામાં કાર્ય કરવું એ જ મારા યોગમાર્ગનો central clue (મર્મ ભાગ) છે.

પરંતુ એ વસ્તુ સિદ્ધ કરવી સહેલી નથી. છેલ્લાં પંદર વર્ષની સાધના પછી હમણાં હમણાં હું આ વિજ્ઞાનના ત્રણ સ્તરોમાંના સૌથી નીચે આવેલા સ્તર ઉપર પહોંચીને નીચેની સઘળી વૃત્તિઓને તે સ્તર ઉપર ખેંચી લઈ જવાનો પ્રયત્ન કરી રહ્યો છું. જ્યારે આ સિદ્ધિ પૂર્ણ થશે ત્યારે ભગવાન મારી through (દ્વારા) બીજાઓને અલ્પ પ્રયાસથી પણ વિજ્ઞાન-સિદ્ધિ આપશે એમાં કશો સંદેહ નથી. ત્યારે મારા મૂળ કાર્યનો આરંભ થશે. કાર્યસિદ્ધિ માટે મને ઉતાવળ નથી. જે બનવાનું છે તે ભગવાને નિશ્ચિત કરેલા સમયે થશે જ. ગાંડા માણસ પેઠે દોડાદોડી કરી, માત્ર પોતાના ક્ષુદ્ર અહંકારની શક્તિ લઈ કર્મના ક્ષેત્રમાં કૂદી પડવાની મને ઈચ્છા નથી. કદાચ કાર્યસિદ્ધિ ન પણ થઈ, તોપણ મારું ધૈર્ય તો ચલિત નહિ જ થાય. આ કાર્ય કંઈ મારું નથી, ભગવાનનું છે. મારે કોઈનો અવાજ સાંભળવાનો નથી. ભગવાન જ્યારે ડગ ભરવાનું કહેશે ત્યારે જ ચાલીશ.

બંગાળ હજી જોઈએ તેટલું તૈયાર નથી તે હું જાણું છું. ત્યાં આધ્યાત્મિકતાની જે રેલ આવેલી છે તે મોટે ભાગે પ્રાચીન વસ્તુનું જ નવું રૂપ છે, તેનું વાસ્તવિક રૂપાંતર નથી. પણ એનીયે જરૂર હતી. બંગાળે આપણા પ્રાચીન યોગના બધા સંસ્કારો પોતામાં પ્રગટાવી તેમને exhaust (નિઃશેષ) કરી લીધા છે અને યોગના મૂળ તત્ત્વને આત્મસાત્ કરી લઈ જમીનને રસાળ કરી આપી છે. બંગાળમાં પહેલાં વેદાંત, અદ્વૈતવાદ, સંન્યાસ, શંકરનો માયાવાદ ઈત્યાદિનો યુગ આવી ગયો. આજે હવે વૈષ્ણવ માર્ગનો – લીલા, પ્રેમ, અને ઊર્મિઓની મસ્તીનો યુગ આવ્યો છે. આ બધી વસ્તુઓ ઘણી જૂની છે, આજના યુગમાં કામ આવે એવી નથી. એ ટકવાની નથી, કારણ કે આવા ઉન્માદમાં લાંબા વખત સુધી ટકી રહેવાની શક્તિ હોતી નથી. તોપણ વૈષ્ણવ માર્ગમાં એક સારું તત્ત્વ એ છે કે તે ભગવાનની સાથે જગતનો કંઈક સંબંધ જાળવી રાખે છે, એમાં જીવનનો

કંઈક અર્થ રહે છે. પરંતુ આ કંઈક એટલે કંઈક જ. એમાં પ્રભુ સાથેના સંબંધની કે જીવનના અર્થની — રહસ્યની સંપૂર્ણતા આવી જતી નથી. તમે પક્ષાપક્ષીનું જે માનસ જોઈ રહ્યા છો તે અનિવાર્ય છે. મનનો સ્વભાવ છે કે ખંડને — અંશને પૂર્ણ તરીકે રજૂ કરવું, અને પોતાથી જે કંઈ જુદું પડે તે બધાનો ત્યાગ કરવો. કોઈ પણ આધ્યાત્મિક આદર્શ લઈ આવનાર સિદ્ધ પુરુષ ખંડભાવનું અવલંબન કરે છે તોપણ પૂર્ણતા — સમગ્રની સાથે કંઈક સંપર્ક તો રાખે જ છે, પોતે એ પૂર્ણતાને મૂર્ત ન કરી શકે તે છતાં. પરંતુ તેના અનુયાયીઓ તેવો સંપર્ક રાખી શકતા નથી, કારણ કે ગુરુમાં તે તત્ત્વ મૂર્ત થયેલું હોતું નથી. પોટલાં બાંધતા હોય તેમને બાંધવા દો. દેશમાં જે દિવસે ભગવાન પૂર્ણ રૂપે અવતરણ કરશે ત્યારે એ પોટલાં આપોઆપ છૂટી જશે. આ બધાં અપૂર્ણતાનાં, કાચી અવસ્થાનાં લક્ષણ છે. હું તેથી મૂંઝાતો નથી. દેશમાં આધ્યાત્મિકતાને ફેલાવા દો, પછી તે ભલે ગમે તે રૂપે, ગમે તે પ્રમાણમાં ફેલાય — બીજું બધું પછી જોયું જશે. હજી આ તો નવયુગનું શૈશવ છે, કહો કે embryonic (ભ્રૂણ) અવસ્થા છે. નવયુગનો આ ફક્ત આભાસ છે, આરંભ નથી.

મારા આ યોગની વિશિષ્ટતા એ છે કે સિદ્ધિની ઊર્ધ્વ ગતિ ચાલુ ન રહે તો પાયો પણ પાકો ન થાય. (મારા યોગની) જેઓ સાધના કરી રહ્યા છે તેમનામાં પહેલાં જૂના સંસ્કાર ઘણા હતા. એમાંથી કેટલાક દૂર થયા છે, કેટલાક હજી પણ રહ્યા છે. પહેલાં (તમારામાં) સંન્યાસના સંસ્કાર હતા. તમે અરવિંદ-મઠ સ્થાપવા વિચાર કરતા હતા. હવે (તમારી) બુદ્ધિ સ્વીકારે છે કે સંન્યાસની જરૂર નથી. (કિંતુ) પ્રાણમાંથી પેલો જૂનો સંસ્કાર ગયો નથી. માટે જ સંસારમાં રહીને ત્યાગી સંસારી થવાની વાત તમે કરો છો. તમે કામનાના ત્યાગની આવશ્યકતા સમજ્યા છો, પણ કામનાનો ત્યાગ અને આનંદનો ભોગ એ બેનું સામંજસ્ય પૂરેપૂરું સમજી શકયા નથી. બંગાળીઓના સ્વભાવ પ્રમાણે તમે મારો યોગ સ્વીકારી લીધો તો ખરો પણ તેનો તમે જેટલો ભક્તિ અને કર્મની દૃષ્ટિએ સ્વીકાર કર્યો તેટલો જ્ઞાનની દૃષ્ટિએ ન કર્યો. આજે થોડુંક જ્ઞાન પ્રગટ્યું છે, પણ હજી ઘણું બાકી છે. ભાવુકતાનું ધુમ્મસ હજી dissipated થયું (વિખરાયું) નથી. સાત્ત્વિકતાના વર્તુળમાંથી તમે પૂરેપૂરા બહાર નીકળ્યા નથી. અહંકાર હજી પણ રહ્યો છે. એક રીતે કહીએ તો તેનો વિકાસ (development) થયો નથી. પણ મારે પણ ઉતાવળ નથી. હું તમને તમારા પોતાના સ્વભાવ પ્રમાણે વિકાસ સાધવા દઉં છું. એક જ બીબામાં સૌને ઢાળવા નથી ઈચ્છતો. બધામાં મૂળ વસ્તુ તો એક જ રહેવાની છે. પરંતુ તે ભિન્ન ભિન્ન રૂપે પ્રગટ થશે. સૌ કોઈ પોતાની અંદરથી

grow (વિકસિત) થાય છે, ઘડાય છે. હું બહારથી ઘડવા ઈચ્છતો નથી. તમને મૂળ વસ્તુ મળી ગઈ છે. બાકીનું આવી મળશે.

મારે ભેદ ઉપર પ્રતિષ્ઠિત થયેલો સમાજ નથી જોઈતો, આત્મા ઉપર પ્રતિષ્ઠિત થયલો, આત્માના ઐક્યની મૂર્તિ રૂપ સંઘ જોઈએ છે. આ idea (વિચાર) કે ભાવના લઈને જ દેવસંઘ નામ આપેલું. જેઓ દેવજીવન ઈચ્છતા હોય તેમનો સંઘ તે દેવસંઘ. આ પ્રકારના સંઘને એક સ્થાનમાં સ્થાપીને પછીથી તેને દેશભરમાં વિસ્તારવાનો રહેશે. આ પ્રકારની પ્રવૃત્તિ ઉપર જો અહંકારની છાયા પડે તો સંઘ એક પક્ષ રૂપે બની જશે. એવી માન્યતા કદાચ સ્વાભાવિક રીતે બંધાય કે સંઘ આખરે જે (શુદ્ધ) સ્વરૂપ ધારણ કરશે તે આવું જ (એક પક્ષ તરીકેનું જ) હશે. (જાણે કે) આ પક્ષ રૂપી એકમાત્ર કેન્દ્રની આજુબાજુ બાકી બધું વર્તુળ રૂપે બનશે. જે લોકો એ વર્તુળની બહાર હશે તે અંદરના (સંઘના) નહિ ગણાય. (અથવા કદાચ અંદરના) ગણાતા હશે તોપણ, આપણી વર્તમાન ભાવના સાથે તેમનો મેળ નહિ હોય તો તેઓ માર્ગ ભૂલેલા જ હશે.

તમે કદાચ કહેશો કે સંઘની શી જરૂર છે? હું મુક્ત રૂપે સર્વમાં વ્યાપક રૂપે જ રહું, સૌ એકરૂપ થઈ જાઓ, અને એ વિરાટ એકરૂપતામાં પછી જે થવાનું હોય તે થાઓ. એ વાત સાચી છે. પણ સત્યની એ ફક્ત એક બાજુ છે. આપણો વ્યવહાર કેવળ નિરાકાર આત્મા સાથે નથી. જીવનનો નિર્વાહ પણ કરવાનો છે. અને મૂર્ત રૂપ પામ્યા વિના જીવન effective (કાર્યક્ષમ) ગતિ ધારણ કરી શકતું નથી. અરૂપ તત્ત્વે જે મૂર્ત રૂપ લીધું છે, નામરૂપ ગ્રહણ કર્યા છે, એ માત્ર માયાની ઈન્દ્રજાળ નથી. રૂપનું અત્યંત પ્રયોજન હોવાને કારણે જ રૂપ અસ્તિત્વમાં આવ્યું છે. આપણે જીવનના કોઈ પણ પ્રદેશને મૂકી દેવા ઈચ્છતા નથી. રાજનીતિ, વાણિજ્ય, સમાજ, કાવ્ય, શિલ્પકલા, સાહિત્ય બધું જ રહેશે. માત્ર એ સૌમાં નવો પ્રાણ પૂરવાનો રહેશે, સૌને નવો આકાર આપવો પડશે.

મેં રાજકારણ શા માટે છોડી દીધું? કારણ કે આપણું રાજકારણ એ ભારતની પોતાની રાજનીતિ નથી. એ પરદેશથી આયાત થયેલી વસ્તુ છે, પાશ્ચાત્ય પદ્ધતિનું માત્ર અનુકરણ છે. જોકે એની પણ આવશ્યકતા હતી. મેં પણ પશ્ચિમની પદ્ધતિએ રાજકીય કાર્ય કર્યું છે. એમ ના કર્યું હોત તો દેશ જાગૃત ન થાત, આપણને experience (અનુભવ) ન મળત અને આપણો પૂર્ણ વિકાસ (development) ન થાત. હજી પણ એની જરૂર છે. પણ હવે હિંદના બીજા પ્રાંતોમાં તેની જેટલી જરૂર છે તેટલી બંગાળમાં નથી. હવે માત્ર પડછાયાનો વિસ્તાર કરવાને બદલે મૂળ વસ્તુને જ ગ્રહણ કરવાનો સમય

આવ્યો છે. આજે ભારતના આત્માને જાગૃત કરીને સઘળાં કર્મો તેને અનુરૂપ બનાવવાં જોઈએ.

કેટલાક લોકો આજકાલ રાજકરણને spiritualise (આધ્યાત્મિક રૂપનું) કરવા માગે છે ... એનું જો કોઈ સ્થાયી પરિણામ આવશે તો તે એક પ્રકારનું Indianised Bolshevism (ભારતીય રૂપ ધારણ કરેલું બૉલ્શેવિઝમ) જ હશે. એ પ્રકારના કાર્ય સામે પણ મારે વિરોધ નથી. જેને જેવી પ્રેરણા થતી હોય તે પ્રમાણે તે ભલે કરે. પરંતુ મૂળ વસ્તુ તે એ નથી. અશુદ્ધ આધારમાં Spiritual (આધ્યાત્મિક) શક્તિને રેડવાથી—કાચા ઘટમાં કારણોદધિના પાણીને રેડવાથી—પરિણામ એ આવશે કે કાચી વસ્તુ ભાંગી જશે, પાણી ઢોળાઈ જશે, અથવા આધ્યાત્મિક શક્તિ evaporate (લુપ્ત) થઈ ગયા પછી પેલો અશુદ્ધ આધાર જ માત્ર બાકી રહેશે. બધાં જ ક્ષેત્રમાં આવું બને છે. Spiritual influence (આધ્યાત્મિક શક્તિ) હું આપી શકું છું. પણ એ શક્તિનો ઉપયોગ શિવમંદિરમાં વાનરની મૂર્તિની સ્થાપના કરવા માટે થશે. હા, પ્રાણપ્રતિષ્ઠા દ્વારા વાનર પણ બલ પ્રાપ્ત કરશે અને તેનામાં પેલી શક્તિ રહેશે ત્યાં સુધી, ભક્ત હનુમાનની પેઠે રામનાં અનેક કાર્યો કરશે. પરંતુ આપણે ભારતમાતાના મંદિરમાં હનુમાનની નહિ, પણ પ્રભુની, સ્વયં રામચંદ્રની સ્થાપના માગીએ છીએ.

હું સૌ કોઈની સાથે મેળ રાખી શકું છું. પણ તે સૌને મારે માર્ગે લઈ જવા માટે જ, મારા આદર્શના spirit (ભાવ) તથા સ્વરૂપને અક્ષુણ્ણ રાખીને જ. એ પ્રમાણે ન કરું તો હું દિશા જ ચૂકી જઉં, અને કરવાનું કામ રહી જ જાય. Individually (વ્યક્તિગત રીતે) સર્વમાં વ્યાપક રૂપે રહીને પણ કંઈક તો થઈ શકે જ. પરંતુ સંઘ રૂપે સર્વમાં કાર્ય થાય તો સોગણું પરિણામ આવી શકે. પણ હજી એ પ્રકારના કાર્ય માટે સમય આવ્યો નથી. એ કાર્યને ઉતાવળ કરીને કોઈ આકાર આપી દેવાનો પ્રયત્ન થાય તો હું માગું છું તે પરિણામ ન આવે. એ દિશામાં સંઘ પ્રથમ પગથિયા રૂપ બનશે. જેમને આ આદેશ મળ્યો છે તેઓ સંગઠિત થઈને જુદાં જુદાં સ્થાનોમાં કાર્ય કરશે. પછી તેને Spiritual Commune (આધ્યાત્મિક સંઘ)ના જેવું રૂપ આપીને સંઘબદ્ધ થઈને સર્વ કર્મોને આત્માનુરૂપ, યુગાનુરૂપ આકાર આપશે. એ આકાર જડ નહિ હોય, અચલાયતન નહિ હોય. એ એક મુક્ત આકાર હશે. સમુદ્રની માફક એ સર્વત્ર વ્યાપી જાય એવો હશે. પોતાની ભિન્ન ભિન્ન ગતિ દ્વારા તે ક્યાંક કોઈને ઘેરી લેશે, ક્યાંક કોઈને તરબોળ કરશે. એમ કરતાં કરતાં સૌ કોઈને તે આત્મસાત્ કરશે. અને એમ ક્રમે ક્રમે Spiritual Community (દેવજાતિ) ઊભી થશે. મારા મનમાં આજે

કંઈક આવી ભાવના છે. હજી એ પૂરેપૂરી developed (પરિપકવ) થઈ નથી. બધું ભગવાનના હાથમાં છે. તે કરાવે તે ખરું.

હવે તમારા પત્રમાંના કેટલાક ખાસ મુદ્દાઓ ઉપર આવું છું. તમે તમારા યોગ સંબંધે જે લખો છો એ વિષે આ પત્રમાં કંઈ લખવા ઈચ્છતો નથી. રૂબરૂમાં તેની વાત કરવી સરળ થશે. દેહને શબ તરીકે ગણવો એ સંન્યાસના નિર્વાણ માર્ગનું લક્ષણ છે. એવી ભાવનાનો આશ્રય લેવામાં આવે તો જીવનવ્યવહાર ચાલી ન શકે. હરેક પદાર્થમાંથી આનંદ પ્રાપ્ત થવો જોઈએ. આત્મામાં આનંદ મળે છે તેમ દેહમાં પણ મળવો જોઈએ. દેહ ચૈતન્યમય છે, ભગવાનનું રૂપ છે. જગતમાં જે કંઈ છે તેમાં ભગવાનને નીરખવાથી, '**सर्वमिदं ब्रह्म – वासुदेवः सर्वमिति**' એ પ્રકારની દૃષ્ટિ સિદ્ધ થતાં વિશ્વાનંદની પ્રાપ્તિ થાય છે. શરીરમાં પણ એ જ આનંદનો તરંગ મૂર્ત રૂપે વહે છે. એવી અવસ્થા પ્રાપ્ત કરીને, આધ્યાત્મિક બ્રહ્મભાવથી પૂર્ણ થઈને જીવનના વ્યવહારો, લગ્ન, ઈત્યાદિ સઘળાં કાર્યો કરી શકાય, બધાં કર્મોમાં ભગવાનનો આનંદમય આવિર્ભાવ અનુભવી શકાય. (મેં મારા પોતામાં) મનોમય ભૂમિકા ઉપર મન તથા ઈન્દ્રિયોના બધા વિષયો અને અનુભૂતિઓને ઘણા વખતથી આનંદમય કરી લીધાં છે. હવે એ અનુભૂતિઓ વિજ્ઞાનના આનંદ રૂપે બની ગઈ છે. આવી અવસ્થામાં જ સચ્ચિદાનંદનું પૂર્ણ દર્શન અને અનુભૂતિ શકય છે.

દેવસંઘ વિષે લખતાં તમે કહો છો, 'હું દેવ નથી, ખૂબ ટિપાયેલું લોખંડ છું.' હા, દેવ તો કોઈ પણ નથી. પરંતુ પ્રત્યેક મનુષ્યની અંદર તો દેવ છે જ. એ દેવને પ્રકટ કરવો એ દેવજીવનનું લક્ષ્ય છે. સૌ કોઈ એ કરી શકે છે. દેવત્વના એ પ્રાકટય માટે કોઈ આધાર બીજા કરતાં વધારે મહાન હોય એ હું સ્વીકારું છું. પરંતુ તમારા પોતાના સંબંધમાં તમે આપેલા વર્ણનને હું accurate (યથાર્થ) તરીકે નહિ સ્વીકારું. આધાર ભલે ગમે તેવો હોય, એક વાર એને જો ભગવાનનો સ્પર્શ પ્રાપ્ત થઈ જાય, એક વાર જો તેમાંનો આત્મા જાગૃત થઈ જાય, તો પછી નાના મોટાનો સવાલ બહુ રહેતો નથી. કોઈને થોડી વધારે મુશ્કેલીઓ નડે, થોડો વધુ વખત પણ લાગે, વ્યક્તિ વ્યક્તિના વિકાસમાં તફાવત પણ રહે. પણ એમ અવશ્ય થાય જ એવું નથી. અંતર્યામી પરમાત્મા એ મુશ્કેલીઓનો, ન્યૂનતાઓનો, વિચાર કરતા નથી. તેઓ બધી મર્યાદાઓને દૂર કરી શકે છે. મારામાં પણ ઓછા દોષ હતા? મન, ચિત્ત, પ્રાણ અને દેહમાં કંઈ ઓછી મુશ્કેલીઓ ન હતી. મને પણ કંઈ થોડો સમય નથી લાગ્યો. વળી ભગવાને મને ઘડવામાં પણ કંઈ બાકી રાખ્યું નથી. દિવસોના દિવસો, પ્રહરોના પ્રહરો એણે મને તાવ્યો છે. અને

છતાં એ બધા પછી હું દેવ બન્યો છું કે શું બન્યો છું તે કહેવું મુશ્કેલ છે. માત્ર એટલું કહી શકું છું કે કંઈક તો બન્યો છું, બની રહ્યો છું. ભગવાને મને ઘડવાની ઈચ્છા કરી તે ઘણી મોટી વાત છે. બીજાઓની પણ આ જ સ્થિતિ છે. . . .આપણી પોતાની શક્તિ નહિ, ભગવાનની શક્તિ જ આ યોગની સાધક છે.

ઘણા વખતથી કેટલીક વસ્તુઓ તરફ મારું ધ્યાન જવા લાગ્યું છે. તેમાંથી બેએક બાબતો ટૂંકમાં કહીશ. મને લાગે છે કે ભારતની દુર્બળતાનું મુખ્ય કારણ પરાધીનતા નથી, દરિદ્રય નથી, આધ્યાત્મિક જ્ઞાન વા ધર્મનો અભાવ નથી, પણ વિચારશક્તિનો હ્રાસ છે. જ્ઞાનની જન્મભૂમિમાં અજ્ઞાનનું જે પ્રાબલ્ય વધી રહ્યું છે તે તેનું કારણ છે. હું ચારે બાજુ inability વા unwillingness to think (વિચાર કરવાની અશક્તિ વા અનિચ્છા), અથવા બુદ્ધિનું વિરોધી માનસ જોઈ રહ્યો છું. આપણા મધ્ય યુગમાં આપણી ભલે ગમે તે સ્થિતિ રહી હોય, પરંતુ આજે તો સ્થિતિ ઘોર અવનતિની જ સૂચક છે. મધ્ય યુગ રાત્રિનો કાળ હતો, અજ્ઞાનીઓના વિજયનો સમય હતો. પરંતુ આજે હવે જગતમાં જ્ઞાનના વિજયનો યુગ આવ્યો છે. જેઓ વધારે વિચારે છે, જેઓ વિશ્વના સત્યને તેના ઠેઠ મૂળમાં જઈને લઈ આવે છે, તેમની શક્તિ વધે છે. યુરોપ તરફ જુઓ. ત્યાં બે વસ્તુઓ દેખાશે, વિચારનો એક વિશાળ અને નિઃસીમ સાગર અને બીજું પ્રચંડ વેગવાળી અને છતાં સુનિયંત્રિત રીતે પ્રયોજાતી શક્તિ. યુરોપનું બધું બળ એ બેમાં રહ્યું છે. એ જ શક્તિના બળથી તે જગતને હસ્તગત કરી શકયું છે, આપણા પ્રાચીન તપસ્વીઓની પેઠે, કે જેમના શક્તિપ્રભાવથી દેવો પણ ભય પામતા, વશ થતા, અને જેમના જ્ઞાન આગળ પોતાના જ્ઞાનની અલ્પતા અનુભવતા. લોકો કહે છે, 'યુરોપ વિનાશને માર્ગે ધસી રહ્યું છે.' હું એમ માનતો નથી. ત્યાં જે વિપ્લવો અને ક્રાન્તિઓ થઈ રહ્યાં છે એ બધું નવસર્જનની પૂર્વ અવસ્થા છે.

હવે હિંદ તરફ દૃષ્ટિ કરો. કેટલાક solitary giants (છૂટાછવાયા મહાપુરુષો) સિવાય બીજા બધા સામાન્ય માણસો, અર્થાત્ average man (પ્રાકૃત મનુષ્યો) જ છે. આ માણસોને ચિંતન નથી જોઈતું. તેઓ ચિંતન કરી શકતા પણ નથી. એમનામાં અંશ માત્ર શક્તિ નથી, છે કેવળ ક્ષણિક ઉત્તેજના. હિંદના લોકો માત્ર સરળ વિચારો અને સાદી સીધી વાતો માગે છે, જ્યારે યુરોપના લોકો ગંભીર વિચાર અને ગંભીર વસ્તુઓ માગે છે. ત્યાં એક મજૂર પણ વિચાર કરે છે. તે બધું જાણવા માગે છે. ફક્ત ઉપર ઉપરથી જાણીને તે સંતોષ પામતો નથી. વસ્તુના ઠેઠ મૂળ સુધી પહોંચી તે સમજવા માગે છે. યુરોપમાં ખામી એટલી છે કે તેની

શક્તિ અને વિચારને એક fatal limitation (કરુણ સીમા) છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં આવતાં તેની વિચારશક્તિ ગતિ કરી શકતી નથી. આ પ્રદેશમાં યુરોપને બધું nebulous metaphysics(ધુમ્મસ જેવું તત્ત્વજ્ઞાન), yogic hallucination (યોગની ભ્રમણા) દેખાય છે. ધુમાડામાં જાણે એ જોઈ રહ્યો હોય તેમ તે આંખો મસળ્યા કરે છે. આ પ્રદેશમાં તે કશું સ્પષ્ટ સમજી શકતો નથી. પરંતુ આ limitation (મર્યાદા)ને surmount (અતિક્રાન્ત) કરવાના પ્રયત્નો પણ આજે યુરોપમાં ઓછા થઈ રહ્યા નથી. આપણામાં જે કંઈ આધ્યાત્મિક જ્ઞાન છે તે આપણા પૂર્વજોને પ્રતાપે જ છે. જેમની પાસે એ જ્ઞાન છે તેમની પાસે એક એવી વિદ્યા છે, એક એવી શક્તિ છે કે જે પોતાની એક ફૂંક માત્રથી યુરોપની સમસ્ત પ્રચણ્ડ શક્તિને પણ તણખલાની પેઠે ઉડાડી દઈ શકે છે. પરંતુ એ શક્તિ મેળવવાને શક્તિની (ઉપાસનાની) જરૂર છે. અને આપણે તો શક્તિના ઉપાસક નથી રહ્યા, સહજના જ ઉપાસક છીએ. પરંતુ શક્તિ સહજ રીતે મેળવી શકાતી નથી. આપણા પૂર્વજોએ ચિંતનનો એક મહાસાગર ડહોળ્યો હતો, વિશાળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને એમાંથી એક મહાન સંસ્કૃતિ ઊભી કરી હતી. એમણે રચેલા માર્ગે ચાલતાં ચાલતાં કાળક્રમે પ્રજામાં અવસાદ આવવા લાગ્યો. પ્રજાને થાક ચડવા લાગ્યો, અને ચિંતનનો વેગ મંદ બનવા લાગ્યો, અને તેની સાથે સાથે શક્તિનો વેગ પણ ઓછો થતો ગયો. આજે આપણી સંસ્કૃતિ અચલાયતન થઈ ગઈ છે. સ્થૂલ આચારવિચારના અનુસરણ આગળ સૂક્ષ્મ આધ્યાત્મિકતાનો પ્રકાશ ક્ષીણ થઈ ગયો છે. આધ્યાત્મિકતા એક ક્ષણિક ઉન્માદનો તરંગ બની ગઈ છે. જ્યાં સુધી આ અવસ્થા રહેશે ત્યાં સુધી ભારતનું પુનરુત્થાન સ્થાયી રૂપે થવું અસંભવિત છે.

બંગાળમાં તો આ નિર્બળતા પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે. બંગાળીમાં તેજસ્વી બુદ્ધિ છે, ભાવની capacity (ક્ષમતા) છે, intution (અંતર્જ્ઞાન) છે. આ બધા ગુણોમાં એ હિંદમાં શ્રેષ્ઠ છે. એ ગુણોની આવશ્યકતા પણ છે જ. પરંતુ એટલું જ બસ નથી. એ ગુણોમાં ચિંતનની ગંભીરતા, ધીર શક્તિ, વીરોચિત સાહસ, અખંડ ઉદ્યોગશીલતા અને આનંદનો સંયોગ થાય તો બંગાળીઓ ફક્ત હિંદના જ નહિ, આખી દુનિયાના પણ નેતા થઈ શકે. પરંતુ બંગાળીઓને તે નથી જોઈતું. એમને તો બધું સરળતાથી મેળવી લેવું છે. એમને વગર ચિંતને જ્ઞાન જોઈએ છે, વગર પરિશ્રમે ફળ જોઈએ છે, અને કોઈ સરળ સાધના કરી લઈ સિદ્ધ જોઈએ છે. એમની પાસે એક જ સંપત્તિ છે, લાગણીની ઉત્તેજના. પરંતુ જ્ઞાન વિનાની લાગણીનો અતિરેક એ જ આ રોગનું લક્ષણ છે. એ અતિરેકમાંથી જન્મે છે અવસાદ, તમોગુણ. આ માર્ગે દેશ ક્રમે ક્રમે અવનતિ પામશે, જીવનશક્તિ હ્રાસ પામશે. જુઓને, આજે

બંગાળીઓની તેમના પોતાના જ પ્રાંતમાં કેવી સ્થિતિ થઈ છે? ખાવાને ધાન નથી, પહેરવા કપડાં નથી. ચારે તરફ હાહાકાર મચી રહ્યો છે. માલ-મિલકત, વેપારવણજ, ખેતીવાડી, બધું જ બીજાના હાથમાં જવા લાગ્યું છે. આપણે શક્તિની સાધના મૂકી દીધી છે. એટલે શક્તિએ પણ આપણો ત્યાગ કર્યો છે. આપણે કરીએ છીએ માત્ર પ્રેમની સાધના. પરંતુ જ્યાં જ્ઞાન અને શક્તિ નથી હોતાં ત્યાં પ્રેમ પણ પછી રહેતો નથી. એ પ્રેમમાં સંકુચિતતા, ક્ષુદ્રતા આવી જાય છે. ક્ષુદ્ર અને સંકુચિત પ્રકારનાં મન, પ્રાણ અને હૃદયમાં પ્રેમ નિવાસ કરતો નથી. અને બંગાળમાં તો પ્રેમ પણ ક્યાં છે? મનની મલિનતા, ઈર્ષા, તિરસ્કાર, પક્ષાપક્ષી, ઝઘડા એ બધું આ પ્રાંતમાં જેટલું છે તેટલું ભેદભાવોથી ઊભરાતા આ દેશમાં બીજે ક્યાંય નથી.

આપણી આર્ય જાતિના ઈતિહાસમાં જ્યારે વીરતાનો મહાન યુગ હતો ત્યારે કંઈ આવો કોલાહલ અને ઉન્માદ ન હતાં. એ લોકો જે પ્રવૃત્તિનો આરંભ કરતા તે સેંકડો વરસો લગી અખંડ ચાલુ રહેતી. આપણા બંગાળી વીરોની પ્રવૃત્તિ માત્ર બે દહાડા નભે છે.

તમે કહો છો ભાવોન્માદની જરૂર છે, દેશને ગાંડો કરી દેવો જોઈએ. રાજકીય ક્ષેત્રમાં હું એ બધું કરી ચૂકયો છું. પણ સ્વદેશી આંદોલનમાં મેં જે કંઈ કર્યું હતું તે બધું આજે ધૂળમાં ગયું છે. શું આધ્યાત્મિક ક્ષેત્રમાં એથી વધારે સારું પરિણામ આવી શકશે? હું એમ નથી કહેતો કે જે થયું છે તેનું કંઈ જ પરિણામ નથી આવ્યું. જે કંઈ movement (પ્રવૃત્તિ) થાય છે, તેનું કંઈ ને કંઈ પરિણામ તો જરૂર આવે છે. પરંતુ તે મોટે ભાગે અંતિમ possibilty (શકયતા) ને કંઈક નજીક લઈ આવે છે. એટલું જ એનું પરિણામ સમજવું. વસ્તુને સ્થાયી રૂપે actualise (સિદ્ધ) કરવી હોય તો તે માટે આ સાચી રીત નથી. તેથી હવે હું emotional excitement (લાગણી ઉશ્કેરણી)ને, ભાવના અને મસ્તીને base (પાયા) તરીકે લેવા ઈચ્છતો નથી. હું એક વિશાળ અને સમર્થ સમત્વ ઉપર મારા યોગની પ્રતિષ્ઠા કરવા માગું છું. એ સમત્વ ઉપર પ્રતિષ્ઠિત બનેલા આધારમાં સર્વ રીતે પૂર્ણ અને દૃઢ એવી અવિચલિત શક્તિનું અવતરણ થશે. એ શક્તિના સાગરમાં જ્ઞાનસૂર્યનાં કિરણો વિસ્તરશે. એ જ્યોતિર્મય વિસ્તારમાં અનન્ત અને અસીમ એવા પ્રેમ, આનંદ અને એકત્વની અખંડ ecstasy (તીવ્ર અનુભૂતિ) વિદ્યમાન રહેશે. મારે હજારો કે લાખો શિષ્યો જોઈતા નથી. પોતાના ક્ષુદ્ર અહંકારમાંથી મુક્ત થયેલા સોએક માણસો ભગવાનના કરણ રૂપ કામ કરવા મને મળી આવે તોપણ ઘણું છે. આપણી ચાલુ ગુરુપ્રણાલિકા ઉપર મને આસ્થા નથી. હું ગુરુ થવા નથી માગતો. મારા સ્પર્શથી અથવા તો કોઈ

બીજાના સ્પર્શથી પણ જાગીને વ્યક્તિ પોતાના અંતરમાં સુપ્ત રહેલા દેવત્વને પ્રકટ કરે અને ભાગવત જીવનને પ્રાપ્ત કરે એટલું જ હું ઈચ્છું છું. આવા મનુષ્યો જ આ દેશનો ઉદ્ધાર કરશે.

આ lecture (ભાષણ) વાંચીને તમે એમ ન વિચારશો કે હું બંગાળના ભવિષ્ય માટે નિરાશ થઈ ગયો છું. લોકો કહે છે કે હવે બંગાળમાં જ પ્રભુની મહાજ્યોતિનો આવિર્ભાવ થવાનો છે. હું પણ એવી આશા સેવું છું. પરંતુ અહીં મેં other side of the shield (ઢાલની બીજી બાજુ), આપણામાં જે કંઈ દોષ, ત્રુટિ, ન્યૂનતા રહ્યાં છે તે જોવાનો પ્રયત્ન કર્યો છે. આ બધી ઊણપો જો રહેશે તો પેલી જ્યોતિ મહાજ્યોતિ રૂપે પ્રગટ નહિ થાય અને સ્થાયી પણ નહિ રહે,

આ અસાધારણ લંબાયેલા પત્રનું તાત્પર્ય એ છે કે હું પણ મારી પોટલી બાંધી રહ્યો છું. પણ મને શ્રદ્ધા છે કે એ પોટલી St. Peter (સંત પિટર)ની ચાદર જેવી છે. અનન્તના જેટલા શિકાર છે તે બધા એમાં ખીચોખીચ બાંધ્યા છે. હમણાં હું એ પોટલી છોડવાનો નથી. સમય આવ્યા પહેલાં છોડવા જતાં અંદર બાંધેલા શિકાર પલાયન થઈ જશે. દેશમાં પણ હમણાં નહિ આવું. પણ એનું કારણ એ નથી કે દેશ તૈયાર નથી. હું પોતે તૈયાર નથી. અપક્વ માનવ અપક્વ માનવોની વચ્ચે જઈને શું કાર્ય કરી શકે?

ઈતિ—

તમારો સેજદા*

*સેજદા—ત્રીજો ભાઈ. બંગાળીમાં સૌથી મોટા ભાઈને બડદા, તે પછીના બીજા ભાઈને મેજદા, ત્રીજા ભાઈને સેજદા અને ચોથાને છોટદા કહે છે.

પત્રાવલિ

મુશ્કેલીઓ

પ્રાણને વિચારશૂન્ય વિશાળતાની અવસ્થા ગમતી નથી. એને તો ગતિ જોઈએ છે, પછી તે ગમે તે પ્રકારની ગતિ હો, જ્ઞાનની કે અજ્ઞાનની. કોઈ પણ અચંચલ સ્થિર અવસ્થા એને નીરસ લાગે છે.

*

દુ:ખ, નિરાશા, નિરાનન્દ, નિરુત્સાહ એમાં રહીને કોઈ પણ કદી યોગમાં પ્રગતિ કરી શકતું નથી. આ બધાં ના હોય તો જ સારું.

*

ઊર્ધ્વ તત્ત્વની અનુભૂતિ થવી જોઈએ. નિમ્ન પ્રકૃતિનું રૂપાંતર પણ થવું જોઈએ. હર્ષ, વિષાદ, નિરાશા, નિરાનન્દ આ બધી સામાન્ય પ્રકૃતિની ગતિ છે. પ્રગતિમાં એ બધાં અન્તરાય રૂપ જ હોય છે. આ બધાથી પર થઈ જઈને ઊર્ધ્વ ચેતનાથી વિશાળ એકતા અને સમતા પ્રાણમાં તેમ જ આખા આધારમાં નીચે લઈ આવવાં જોઈએ.

*

જ્યાં લગી માણસમાં વાસના, વિરોધી વિચારો, વિરોધી કલ્પનાનું જોર રહે છે ત્યાં લગી પ્રાણનું આધિપત્ય પણ રહે જ છે. આ બધાં પ્રાણનો ખોરાક છે, અને એ ખોરાક મળતો રહે તો પ્રાણ પછી શા માટે તાજોમાજો અને બળવાન ના થાય ?

*

તમે જો વાસનાનું પોષણ કર્યા કરો, સાધનાના ફળ માટે અધીર બની જાઓ, તો પછી શાંત અને નીરવ કેવી રીતે રહી શકશો ? મનુષ્યના સ્વભાવનું રૂપાંતર એ તો ઘણું મોટું કામ છે, એ શું એક દિવસમાં થઈ જવાનું છે ? સ્થિર રહીને માની શક્તિને કામ કરવા દો. એમ કરશો તો યથાસમયે બધું બની આવશે.

*

તમે જો તમારી અંદર શાંત અને સમર્પિત સ્થિતિમાં રહેશો તો પછી મુશ્કેલીઓ, વિઘ્નો વગેરે તમને ડગમગાવી દેશે નહિ. અશાંતિ, ચંચલતા, 'કાંઈ થતું નથી, ક્યારે થશે ?' એ રીતનો ભાવ તમારામાં આવવા દેશો તો મુશ્કેલીઓ અને વિઘ્નો વધારે બળવાન થશે. અને તમે મુશ્કેલીઓના ઉપર

આટલું બધું ધ્યાન શા માટે આપો છો ? માના તરફ આપો. પોતાની અંદર શાંત અને સમર્પિત બની રહો. નિમ્ન પ્રકૃતિની નાની નાની ખામીઓ સહેજમાં ચાલો જતી નથી. એટલે એને કારણે ગભરાવું નિરર્થક છે. માની શક્તિ જ્યારે આખીયે સત્તા ઉપર અવચેતના સુધી પૂરેપૂરો અધિકાર જમાવી લેશે ત્યારે આ બધું ચાલ્યું જશે. એ કામમાં ભલે ગમે તેટલો વખત લાગે, તોપણ એમાં કંઈ નુકસાન નથી. સંપૂર્ણ રૂપાંતરને માટે સમય જોઈએ છે.

*

અમે દૂર પણ ચાલી જતાં નથી, ત્યાગ પણ કરતાં નથી. તમારાં મન પ્રાણ જ્યારે અશાંત બની જાય છે ત્યારે જ આ બધી ખોટી કલ્પનાઓ મનમાં આવે છે. વિઘ્નો આવતાં હોય, અહંકાર રહેતો હોય ત્યારે પણ માની ઉપરનો વિશ્વાસ ગુમાવવો ન જોઈએ—સ્થિર ભાવે માને પુકાર કરતા કરતા અચંચલ રહો, વિઘ્ન અહંકાર બધું ચાલ્યું જશે.

*

મૂળ વાત એ છે કે કામ કરતી વખતે અહંકાર અથવા તો બાહ્ય પ્રકૃતિને વશ થઈ ન જોઈએ. એમ જો થાય તો પછી કામ તે સાધનાનો અંશ બની શકતું નથી, એ બીજા સામાન્ય કામ જેવું જ બની રહે છે. કામ પણ આપણે સમર્પિત ભાવે અંદરમાંથી કરવાનું છે.

*

બાહ્ય ચેતના અજ્ઞાનમય છે. ઉપરથી જે વસ્તુ આવતી હોય છે તેની જાણે કે તે ખોટી રીતે નકલ કે અનુવાદ કરી લેવા ઈચ્છે છે, એને તે પોતાની રીતનો ઘાટ આપવા માગે છે, પોતાની કલ્પના પ્રમાણે તેનો ઉપયોગ કરવાનો અથવા તો પોતાના બાહ્ય સ્વાર્થની કે અહંકારની તૃપ્તિ માટે તેને કામમાં લેવાનો પ્રયત્ન કરે છે. આ જ માનવ સ્વભાવની દુર્બળતા છે. ભગવાનને ભગવાનને ખાતર જ ચાહવાના છે, પોતાના સ્વાર્થની તૃપ્તિ માટે નહિ. જ્યારે આપણી અંદર ચૈત્ય પુરુષ બળવાન બને છે ત્યારે પછી આ બધા બાહ્ય પ્રકૃતિના દોષો ઓછા થતા થતા આખરે નિર્મળ થઈ જાય છે.

*

આ વસ્તુ તો માણસ માત્ર કરે છે—પ્રશંસા થતાં આનંદ પામે છે, નિન્દા થતાં દુ:ખી થાય છે. આમાં કશું અસાધારણ નથી. પણ સાધકે તો આ દુર્બળતાથી ખરેખર પર થઈ જવાનું છે, સ્તુતિ કે નિંદા, માન કે

અપમાન એનાથી ચલિત થવાનું નથી. પરંતુ આ વસ્તુ સહેજમાં થતી નથી– સમય લાગે છે.

*

સત્ય ચેતનાની અવસ્થા તથા દૃષ્ટિ આ પ્રમાણેની જ હોય છે. તમે અંદરની ચેતનામાં રહેતા હો કે બહારની ચેતનામાં આવતા હો ત્યારે જો આ સ્થિતિ ટકી રહેતો પછી બધું ભગવાનની દિશા તરફ ગતિ કરવા લાગશે.

*

આ યોગમાર્ગમાં અસત્ય એ જ મોટું વિઘ્ન છે, કોઈ પણ રીતે અસત્યને સ્થાન આપવું ન જોઈએ – મનમાં પણ નહિ, વાતચીતમાં પણ નહિ, કામની અંદર પણ નહિ.

*

તામસિક સમર્પણની સાથે તામસિક અહંકારને કશો સંબંધ નથી. 'હું પાપી છું, હું દુર્બળ છું, મારી કોઈ પ્રગતિ નહિ થાય, મારી સાધના થઈ શકશે નહિ, હું દુ:ખી છું, ભગવાને મને ગ્રહણ કર્યો નથી, મરણ એ જ મારો એક આશ્રય છે, મા મને ચાહતાં નથી, બીજા બધાને ચાહે છે' એવા એવા વિચારો તે તામસિક અહંકાર છે. પ્રાણમય પ્રકૃતિ આ પ્રમાણે પોતાને હીન સમજીને પોતાના ઉપર આઘાત કરે છે. પોતે બધા કરતાં વધારે ખરાબ છે, દુ:ખી છે, દુષ્ટ છે, પીડિત છે એમ કહી કહીને પોતાના અહંકારને, ઊલટી રીતે, તૃપ્ત કરવા તે માગે છે. રાજસિક અહંકાર આનાથી તદ્દન ઊલટો છે. પોતે મહાન છે વગેરે વગેરે બોલીને તે પોતાની જાતને ઘણી મોટી બતાવવા માગે છે.

*

અજ્ઞાન, અહંકાર અને વાસના એ જ વિઘ્નો છે–મન, પ્રાણ, દેહ જો ઊર્ધ્વ ચેતનાનો આધાર બની જાય તો પછી આ ભાગવત જ્યોતિ શરીરમાં ઊતરી શકે છે.

*

માણસનું મન જ અવિશ્વાસની કલ્પનાઓથી, ખોટા વિચારો અને અશ્રદ્ધાથી ભરેલું છે, અજ્ઞાન અને દુ:ખ પણ તેમાં ભરેલાં છે. આ અજ્ઞાન જ એ અશ્રદ્ધાનું કારણ હોય છે, એ દુ:ખનું મૂળ હોય છે. મનુષ્યની બુદ્ધિ અજ્ઞાનનું હથિયાર છે. મોટે ભાગે તે ખોટા વિચારો અને ખોટી ધારણા-

ઓથી ભરેલી હોય છે, અને તે એમ જ માનતી હોય છે કે મારા વિચારો જ સાચા છે. પોતાના વિચારમાં ભૂલ છે કે નહિ, અને ભૂલ ક્યાં છે તે જોઈને તેનો વિચાર કરાવાની તેને ઈચ્છા જ થતી નથી. અને તે એટલે સુધી કે એને એની ભૂલ બતાવવામાં આવે છે ત્યારે એના અહંકારને આઘાત થાય છે, એ ક્રોધે ભરાય છે અથવા તો દુ:ખી થાય છે. એ આ વસ્તુનો સ્વીકાર કરવા માગતી નથી, અને એને જ્યારે બીજાની ભૂલ કે દોષ દેખાડવાની તક મળે છે ત્યારે તેને ખૂબ તૃપ્તિ થાય છે. પારકાની નિંદા સાંભળતાં એ વસ્તુનો તે એમ ને એમ જ સ્વીકાર કરી લે છે, એ કેટલી સાચી છે તેનો તેને વિચાર સરખો પણ આવતો નથી. આવી રીતના મનની અંદર શ્રદ્ધા અને વિશ્વાસનો ઉદય સહેલાઈથી બનતો નથી. એટલે તમારે માણસની વાત સાંભળવી ન જોઈએ, તમારા ઉપર માણસનો પ્રભાવ પડવા ન દેવો જોઈએ. તમારે જો મૂળ વસ્તુ જાણવી હોય તો તે માટે પોતાની અંદર જઈ ચૈત્ય પુરુષને જગાડવો જોઈશે, એમાં રહેવા લાગ્યા પછી ધીરે ધીરે સાચી બુદ્ધિ મનમાં વૃદ્ધિ પામવા લાગશે, હૃદયમાં સાચો ભાવ અને લાગણી જન્મશે, પ્રાણમાં સાચી પ્રેરણા જાગશે, ચૈત્ય પુરુષના પ્રકાશમાં તમને માણસો, વસ્તુઓ, બનાવો તથા જગત વિષે એક નવી દૃષ્ટિ પ્રાપ્ત થશે. મનનું અજ્ઞાન, ખોટી દૃષ્ટિ, ખોટો વિચાર, અવિશ્વાસ, અશ્રદ્ધા પછી આવશે નહિ.

*

સંભવ છે કે ધ્યાનને લીધે શરીરમાં મુશ્કેલી ઊભી થઈ હશે, અને એટલે જ શરીર બેસવા માગતું નહિ હોય, પણ તો ઘણા માણસોની સાધનામાં એવું પણ બનતું હોય છે કે સાધના આપોઆપ થતી રહે છે. પછી જોર કરીને બેસીને ધ્યાન કરવાનું રહેતું નથી. પરંતુ બેસતાં ઊઠતાં, સૂતાં, હરતાં ફરતાં પણ સાધના થતી રહે છે.

*

આ બધું બહારની વસ્તુઓના સંપર્કમાંથી આવે છે એમ લાગે છે. હમણાં હમણાં પ્રાણનો આ બધો ગોટાળો કેટલાક માણસોમાં વારંવાર ઊભો થવા લાગ્યો છે. એક રોગની માફક એકમાંથી નીકળી તે બીજામાં પહોંચે છે. ખાસ કરીને તો લોકોને મારે મરી જવું છે, મારે આ શરીર જોઈતું નથી, આ શરીરમાં મારાથી યોગ નહિ થાય, એ પ્રમાણેની જ લાગણી જોરદાર રીતે થતી રહે છે. પણ આ દેહનો ત્યાગ કરી બીજા દેહમાં જઈશું તો પછી કશી મુશ્કેલી વિના યોગ સિદ્ધ થઈ જશે એ વિચાર જ સાવ ખોટો છે. આ પ્રમાણે શરીર છોડી દેવાથી બીજા જન્મમાં આથી પણ વધારે મુશ્કેલીઓ

ઊભી થાય છે અને માતાજીની સાથે સંબંધ રહેવા પામતો જ નથી, આ આ બધું વિરોધી શક્તિઓના હુમલા રૂપ છે. એ શક્તિઓ સાધકની સાધનાનો નાશ કરવા માગતી હોય છે, માતાજીના શરીરનો નાશ કરવા માગતી હોય છે, આશ્રમના તથા અમારા કામનો નાશ કરવા માગતી હોય છે. એટલે તમારે સાવધાન રહેવું જોઈએ. આ બધું તમારામાં ક્યાંય આવવા દેશો નહિ.

*

બીજા લોકો મારા પર હુકમ ચલાવે છે, મને બહુ જ લાગી આવે છે, હું મરી જઈશ, આ બધું પ્રાણનો અહંકાર બોલે છે, સાધક નહિ. મેં તમને ચેતાવ્યા છે, અહંકારને સ્થાન આપશો નહિ. કોઈ જો કાંઈ કહે, તો જરા પણ ગભરાયા વિના, શાંત ચિત્તે નિરહંકાર ભાવ રહો, માતાજી સાથે તમારી ચેતનાને જોડી રાખો.

*

મરી જવાથી કશો જ ફાયદો થવાનો નથી. જે મુશ્કેલીઓને તમે આ જન્મમાં જીતી નહિ લીધી હશે, તે શું તમે એમ ધારો છો કે બીજા જન્મમાં તમારા કેડો મૂકી દેશે? એમને આ જન્મમાં જ સાફ કરી લેવી જોઈએ.

*

આ બધા પ્રાણના વ્યર્થ વિલાપો થવા દેશો તો તમને અનુભૂતિ કેવી રીતે મળવાની છે, અને મળશે તોપણ તે કઈ રીતે ટકી રહેવાની છે કે સફળ થવાની છે? પ્રાણનું આ રુદન માત્ર અન્તરાય રૂપ જ બને છે.

આ બધા વિલાપ અને નિરાશાની વાતો યોગ માર્ગમાં આગળ વધતાં રોકી પાડે છે, આ માત્ર પ્રાણની એક રીતની રમત જ છે—બીજું કાંઈ જ નહિ. આ બધું બંધ કરીને શાંત ભાવે સાધના કરશો તો જલદી પ્રગતિ થશે.

*

તમે જે જોયું છે તે સાચું છે—પણ જેને દુષ્ટ શક્તિ કહેવામાં આવે છે એ તો માત્ર સામાન્ય પ્રકૃતિ જ હોય છે. એ પ્રકૃતિ જ માણસ પાસે મોટે ભાગે બધું કરાવે છે. સાધનામાં આપણે એના પ્રભાવથી ઉપર ચાલ્યા જવાનું છે, પણ તે સહેલાઈથી થતું નથી. દૃઢ અને સ્થિર ભાવે પ્રયત્ન કરતા રહેવાથી છેવટે જતાં તે સંપૂર્ણ રીતે બને છે.

*

સાધક જ્યારે વિશુદ્ધ ચેતનામાં રહેવા લાગે છે ત્યારે પણ બીજા અંશો તો રહે જ છે. પણ આ શુદ્ધ ચેતનાનો પ્રભાવ વધવા લાગે છે ત્યારે તે એ બધાંને ધીરે ધીરે નિસ્તેજ કરી નાખે છે.

*

દુષ્ટ શક્તિ વિના બીજું કોણ આટલું બધું માણસને નીચે ખેંચી જાય તથા તેને દુર્બળ અને છિન્નભિન્ન કરી શકે? આ પ્રમાણેની અનેક શક્તિઓ સાધકો તેમને આશ્રય આપે છે એટલે જ તે વાતાવરણમાં ભમ્યા કરે છે. તમારા ઉપર એ શક્તિઓ ધસી આવે તો માને બોલાવીને તેમનો ઈનકાર કરી દો. એમ કરશો તો એ શક્તિઓ કાંઈ જ કરી શકશે નહિ, પાસે આવી શકશે નહિ.

*

મુશ્કેલીઓ સંપૂર્ણ મટી જાય એ વસ્તું સહેલાઈથી બનતી નથી. ચેતના વધુ ને વધુ ખૂલતી જાય, વધતાં વધતાં તેનું રૂપાંતર છેક શરીર-ચેતના સુધી પહોંચી જાય ત્યારે જ મુશ્કેલીઓ સંપૂર્ણ રીતે દૂર થઈ જાય છે. એમ થતું નથી ત્યાં સુધી તે વધતી ઘટતી રહે છે; બહારના ભાગમાં ટકી રહે છે,— એટલે તમારે મુશ્કેલીઓથી ન ગભરાતાં તમારી જાતને તેમનાથી અલગ પાડી લેવી જોઈએ. આ મારી મુશ્કેલી છે એમ કહી તેનો વધુ સ્વીકાર કરશો નહિ. એમ થતાં એનું જોર ઘટી જશે.

*

મુશ્કેલીઓ બધાને જ ઊભી થાય છે—જે લોકો કાંઈ કામ નથી કરતા, તેમને તો વધારે જોરથી મુશ્કેલીઓ આવે છે.

*

બાહ્ય પ્રકૃતિ માણસને છોડતી નથી એટલે મુશ્કેલીઓ ઊભી થાય છે, જ્યારે બાહ્ય પ્રકૃતિનો નવો જન્મ થશે ત્યારે પછી કોઈ મુશ્કેલીઓ રહેશે નહિ.

*

આ અગે મેં તમને અનેક વાર સમજાવ્યું છે કે મુશ્કેલીઓ એક જ દિવસમાં ચાલી જતી નથી — માણસની બાહ્ય પ્રકૃતિનો સ્વભાવ જ એવો છે કે તેના પરિણામે મુશ્કેલીઓ ઊભી થાય છે—અને આ સ્વભાવ કાંઈ એક દિવસમાં કે થોડા દિવસમાં પણ બદલાતો નથી — શ્રેષ્ઠ સાધકોનો પણ નહિ. તોપણ તમે જો માના ઉપર પૂરેપૂરો ભરોસો રાખીને શાંત ધીર ભાવે, જરા

પણ ગભરાયા વિના માને હંમેશાં પુકાર કરતાં કરતાં આગળ વધતાં રહેશો તો મુશ્કેલીઓ આવશે તોપણ, તે કાંઈ કરી શકશે નહિ – વખત જતાં તેમનું જોર કમી થઈ જશે, નષ્ટ થઈ જશે, અને પછી તે ટકી શકશે નહિ.

*

આ મુશ્કેલી બધાને જ હોય છે. હરેક પળે શ્રી માતાજી સાથે મિલનમાં રહેવું સહેલાઈથી થતું નથી, ધીર ભાવે સાધના કરતાં કરતાં જ એ બને છે.

*

મુશ્કેલી તે ખાસ કોઈ ચીજ નથી, મનુષ્યની બાહ્ય પ્રકૃતિમાં જે કાંઈ છે તે જ મુશ્કેલી છે—એ બધું માની શક્તિના કાર્ય દ્વારા ક્રમે ક્રમે ચાલ્યું જશે. એને માટે ચિંતા કરવાનું કે દુઃખી થવાનું કોઈ કારણ નથી.

*

હંમેશાં માનું સ્મરણ કરતાં રહો, માને બોલાવતાં રહો એટલે મુશ્કેલીઓ ચાલી જશે. મુશ્કેલીઓથી બીઓ નહિ, ગભરાઈ જાઓ નહિ – સ્થિર રહીને માને બોલાવો.

*

મુશ્કેલીઓ અનંત દેખાતી હોય તો ભલે. એ દેખાવ સાચો નથી, એ માત્ર રાક્ષસી માયા છે – યોગ્ય માર્ગે ચાલતાં ચાલતાં આખરે માર્ગ સાફ થઈ જશે.

*

એ તો સહેજ અમથું છે, પણ મુશ્કેલીઓ તો કોઈને પણ સહેલાઈથી છોડતી નથી, ખૂબ મોટા યોગીને પણ નહિ. મનની મુશ્કેલી પ્રમાણમાં સહેલાઈથી ચાલી જાય છે, પણ પ્રાણની મુશ્કેલી, શરીરની મુશ્કેલી સહેજમાં જતી નથી, એને સમય લાગે છે.

*

મોટા મોટા સાધક ઉપર પણ મુશ્કેલીઓ હુમલો કરી શકે છે. પણ તેથી શું થયું ? માણસ જો ચૈત્ય પુરુષની અવસ્થામાં રહે, માતાજીની માથે જોડાણમાં રહી શકે તો પછી આ બધા આક્રમણના પ્રયત્નો નિષ્ફળ થઈ જાય છે.

*

આ બે મુશ્કેલીઓ મોટે ભાગે સાધકને નડે જ છે. એક પ્રાણની મુશ્કેલી, બીજી શરીર-ચેતનાની મુશ્કેલી – એનાથી સ્વતંત્ર થઈ જવાય તો તે કમી થતી જાય છે અને છેવટે જતાં તે ચાલી જાય છે.

*

આ બધી મુશ્કેલીઓ માણસ માત્રને હોય છે, એમ ના હોત તો થોડા જ દિવસમાં યોગસિદ્ધિ થઈ જાત.

*

મનુષ્યની પ્રકૃતિ કંઈ બધો વખત અંદર જ રહી શકતી નથી પરંતુ જ્યારે તમને અંદરબહાર બધી અવસ્થામાં માનો અનુભવ થઈ શકશે ત્યારે પછી આ મુશ્કેલી રહેશે નહિ. એ જ સ્થિતિને પ્રાપ્ત કરો.

*

અશુદ્ધ પ્રકૃતિ જ સાધકની મુશ્કેલીઓ ઊભી કરે છે – કામભોગની ઈચ્છા, અજ્ઞાનતા ઈત્યાદિ માણસની અશુદ્ધ પ્રકૃતિની અંદર જ રહેલું છે. આ બધાં બધાની જ અંદર હોય છે – એ બધાં જ્યારે ચડી આવે ત્યારે ગભરાયા વિના શાંત ભાવે પોતાની જાતને તેમનાથી અલગ પાડી લઈને તેમનો ઈનકાર કરી દેવો જોઈએ. 'હું તો પાપી છું' એવું એવું તમે બોલતા રહેશો તો તેમાંથી દુર્બળતાનો જ વધારો થાય છે. તમારે એમ કહેવું જોઈએ કે – 'આ તો મનુષ્યની અશુદ્ધ પ્રકૃતિ છે. આ બધું માણસના સામાન્ય જીવનમાં હોય છે, તો ભલે રહ્યું – મારે તે જોઈતું નથી, મારે તો ભગવાન જ જોઈએ છે, ભગવતી મા જોઈએ છે – આ બધી મારી સાચી ચેતનાની વસ્તુઓ નથી. જ્યારે જ્યારે આવશે ત્યારે સ્થિર ભાવે તેનો વિરોધ કરીશ – ગભરાઈશ નહિ, તેને સંમતિ આપીશ નહિ.'

Sex force – (જાતીય આવેગ) માણસ માત્રમાં રહેલો છે. એ impuls (વૃત્તિ) પ્રકૃતિનું એક મુખ્ય હથિયાર છે, અને તેની દ્વારા તે માણસને હલાવે ચલાવે છે. એ વૃત્તિમાંથી જ સંસાર, સમાજ, પરિવારનું સર્જન થાય છે, મનુષ્યના જીવનમાંની ઘણીક વસ્તુઓ એના ઉપર આધાર રાખે છે. એટલા માટે બધાની અંદર Sex impulse (જાતીય વૃત્તિ) રહેલી છે. એમાંથી કોઈ બાકી નથી—સાધના કરવાથી પણ આ Sex impulse સાધકને છોડી જવા માગતી નથી, સહેલાઈથી છોડતી નથી. જ્યાં સુધી પ્રાણ અને શરીરની પ્રકૃતિ રૂપાંતર પામતી નથી ત્યાં સુધી તે ફરી ફરીને પાછી

આવતી રહે છે. એટલે સાધકે સાવધાન રહીને, સંયમ રાખીને, એનો ઈનકાર કરતા રહીને, એ જ્યારે જ્યારે આવે ત્યારે એને હાંકી કાઢવી જોઈએ—આમ કરતાં કરતાં છેવટે તે લુપ્ત થઈ જાય છે.

*

સ્થિર ભાવે સાધના કરતા રહો—ક્રમે ક્રમે પહેલાંની પ્રકૃતિના જે કાંઈ અંશો હજી પણ ટકી રહેલા હશે તે ધીરે ધીરે ચાલ્યા જશે.

*

મુશ્કેલીઓ બધાને હોય છે, આશ્રમમાં એવો કોઈ સાધક નથી જેને મુશ્કેલીઓ નહિ હોય. ભીતરમાં સ્થિર રહો, મુશ્કેલીની અંદર પણ સહાય આવી મળશે, સત્ય ચેતના બધા જ ભાગોમાં પ્રગટ થઈ જશે.

*

બધો વખત મુશ્કેલીઓની જ વાતો કર્યા કરવી, હું ખરાબ છું, હું ખરાબ છું એવી રીતના વિચારો કર્યા કરવા એ જ તમાયું મુખ્ય વિઘ્ન છે.

શાન્ત ભાવે માનું અવલંબન લઈને સ્થિર ભાવે સામાન્ય પ્રકૃતિનો ઈનકાર કરતા રહીને ધીરે ધીરે તેને જીતવાની છે—પરિવર્તન સાધવા માટેનો આ જ એકમાત્ર ઉપાય છે.

*

બધી મુશ્કેલીઓ વિરોધી શક્તિઓ જ ઊભી કરતી હોય છે—સામાન્ય રીતની અશુદ્ધ પ્રકૃતિમાંથી જ ઊભી થતી હોય છે, અને આ અશુદ્ધ પ્રકૃતિ બધામાં જ રહેલી છે.

*

સ્વરૂપના ભાગો

સ્વરૂપના કોઈ પણ ભાગનો ત્યાગ કરી શકાતો નથી. એનું રૂપાંતર કરવાનું હોય છે. પ્રકૃતિમાં રહેલી કોઈ પણ ખાસ ગતિનો ત્યાગ કરી શકાય છે, સ્વરૂપના જે બધા ભાગો છે તે સ્થાયી રીતના છે.

*

ભીતર અને બહારની ચેતના

સાધના કરતાં કરતાં એવી અવસ્થા આવે છે કે એમાં જાણે આપણામાં બે સ્વતંત્ર સ્વરૂપો છે એમ અનુભવીએ છીએ. એક સ્વરૂપ તે અંદરની બાજુએ રહેલું હોય છે, એ શાંત વિશુદ્ધ ભાગવત સત્યની દૃષ્ટિ તથા અનુભૂતિમાં રહેતું હોય છે અથવા તેની સાથે જોડાયેલું હોય છે. બીજું સ્વરૂપ બહારની નાનીમોટી વસ્તુઓમાં રોકાયેલું હોય છે. આ અનુભવ પછી આ બંને સ્વરૂપોને પ્રભુની ભાગવત એકતામાં સ્થાપિત કરવાનાં રહે છે — એ એકતામાં ઊર્ધ્વ જગત અને બાહ્ય જગત એક થઈ જાય છે.

*

સામાન્ય માણસો બહારની દિશામાં જ સાચી જાગૃત હોય છે—પણ આ બાહ્ય રીતની જાગૃતિવાળી ચેતના એ સાચી જાગૃતિવાળી ચેતના હોતી નથી, એ ચેતના અવિદ્યાથી ભરેલી, અજ્ઞ હોય છે. એ બાહ્ય ચેતનાની પાછળ inner being — આંતર સ્વરૂપનો પ્રદેશ આવેલો છે. એ સ્વરૂપ જાણે કે નિદ્રામાં પડેલું હોય એવું હોય છે. પરંતુ આ નિદ્રાનું આવરણ ખૂલી ગયા પછી પાછળમાં રહેલી ચેતના ખુલ્લેખુલ્લી જોઈ શકાય છે. આ સ્થાનમાં જ પ્રકાશ, શક્તિ, શાંતિ આદિ પહેલાં ઊતરે છે. જે વસ્તુ બહારની જાગૃત સત્તા કરી શકતી નથી તે આ પાછળની ભીરતની સત્તા સહેજમાં કરી શકે છે. એ સત્તા પોતાને ભગવાનની તરફ, વિશ્વ ચેતનાની તરફ ખોલીને વિશાળ મુક્ત ચેતના બની શકે છે.

*

આ બધા હુમલા જો થતા જ ન હોય અથવા તો થાય તોપણ તે જો ટકી શકતા ન હોય તો જાણવું કે outer being (બાહ્ય સ્વરૂપ)ની ચેતના જાગૃત થઈ છે તેમ જ તેની વિશુદ્ધિમાં ખૂબ પ્રગતિ (progress) થઈ છે.

*

અવચેતના

અવચેતનામાંથી તમોભાવ ઉત્પન્ન થઈને શરીર ઉપર હુમલો કરે છે. ત્યારે આ પ્રમાણેના અસુખ જેવું થાય છે–ઉપરથી માની શક્તિને શરીરમાં બોલાવો એટલે બધું ચાલ્યું જશે.

*

અવચેતનામાંથી આવતાં વિઘ્નોમાંથી મુક્ત થવાનો ઉપાય એ છે કે પ્રથમ તો તમારે એ બધાંને ઓળખી લેવાં જોઈએ, તે પછી તેમને (reject) બહાર ફેંકી દેવા જોઈએ, અને છેવટે માનો ભીતરનો તથા ઉપરનો પ્રકાશ તથા ચેતનાને શરીરની ચેતનામાં નીચે લઈ આવવાં જોઈએ. એમ થતાં અવચેતનાની ignorant movements (અજ્ઞાનમય ક્રિયાઓ) દૂર હઠી જશે અને તેને બદલે પેલી ચેતનાની ક્રિયાઓ સ્થાપિત થશે. પરંતુ આ વસ્તુ સહેલાઈથી જતી નથી–એ ધીરજપૂર્વક કરવું પડે છે. દૃઢ patience (ધીરજ) ની જરૂર રહે છે. આમાં માની ઉપર વિશ્વાસ એ જ તમારું અવલંબન છે. પરંતુ તમે જો ભીતરમાં રહી શકો, ભીતરની દૃષ્ટિ તથા ચેતના રાખી શકો તો તેમાં કષ્ટ કે પરિશ્રમ પડતાં નથી—પણ આ સ્થિતિ બધો વખત રાખી શકાતી નથી, અને એવે વખતે શ્રદ્ધા અને ધૈર્યની ખૂબ જ જરૂર રહે છે.

*

શરીર ચેતના

જ્યારે physical consciousness (શરીર ચેતના) બળવાન બને છે અને બીજી બધી વસ્તુઓને ઢાંકી દઈ આખુંય સ્થાન પચાવી પાડવાનો પ્રયત્ન કરે છે ત્યારે આવી સ્થિતિ થાય છે—કારણ કે જ્યારે દેહ-ચેતનાની જે સ્વતંત્ર પ્રકૃતિ છે તે પ્રગટ થાય છે ત્યારે બધું જાણે જડબદ્ધ તમોમય જેવું બની જતું લાગે છે, આપણામાંથી જ્ઞાનનો પ્રકાશ, શક્તિની પ્રેરણા ચાલ્યાં જાય છે. આ સ્થિતિને તમારે સંમતિ આપવી ન જોઈએ. આ સ્થિતિ જો આવી પડે તો માનાં પ્રકાશ તથા શક્તિને આ દેહ-ચેતનામાં પ્રવેશ કરી તેને પ્રકાશમય તથા શક્તિમય કરવા માટે પુકાર કરવો જોઈએ.

*

Physical (શારીરિક)નું કેન્દ્ર મેરુદંડના છેવટના ભાગમાં, જેને મૂલાધાર કહે છે, ત્યાં છે—પણ એ મોટે ભાગે દેખાતું નથી, એની presence (હાજરી) અનુભવી શકાય છે.

*

પ્રાણમય પુરુષના ત્રણ સ્તર

આ પ્રાણમય પુરુષ છે અને તે emotional vital (ઊર્મિમય પ્રાણ) ઉપર અધિષ્ઠિત હોય છે. પ્રાણમય પુરુષના ત્રણ સ્તર છે – હૃદયમાં, નાભિમાં અને નાભિની નીચે. હૃદયમાં તે emotional being (ઊર્મિમય સ્વરૂપ) હોય છે, નાભિમાં તે વાસનામય રૂપે હોય છે, નાભિની નીચે sensational એટલે કે ઈન્દ્રિયોના આકર્ષણ અને પ્રાણના નાના નાના ક્ષુદ્ર ભાવોમાં રચ્યોપચ્યો રહેતો હોય છે.

*

આત્મા જ આ પ્રમાણે અસીમ વિરાટ ઈત્યાદિ રૂપે હોય છે. ભીતરનાં આંતર મન પ્રાણ physical consciousness (શરીર ચેતના) જ્યારે સંપૂર્ણ રૂપે ખુલ્લાં થઈ જાય છે ત્યારે એ બધાં પણ આ અસીમ વિરાટ બની રહે છે. બહારના મન પ્રાણ દેહ એ માત્ર સાધન રૂપે છે, આ જગતની બાહ્ય પ્રકૃતિ સાથે વ્યવહાર તથા લીલા કરવાને માટે. બાહ્ય મન પ્રાણ તથા દેહ પણ જ્યારે પ્રકાશમય ચૈતન્યમય થઈ જાય છે ત્યારે તે પછી સંકુચિત અને બંધાયેલાં હોય એમ લાગતું નથી. એ પણ અંદરની વસ્તુઓ જોડે જોડાઈ જાય છે.

*

મનની એવી ઘણી ક્રિયાઓ થતી હોય છે જેમાં કોઈ સંવાદ હોતો નથી – આવું સાધકને પણ થાય છે. સાધારણ માણસને પણ થાય છે, બધાને થાય છે. પણ સાધક આ બધું જોતો હોય છે, જાણતો હોય છે. સાધારણ માણસ પોતાની અંદર શું થતું હોય છે તે જાણતો નથી. બધી વસ્તુઓને ભગવાન તરફ વાળતાં વાળતાં બધામાં સંવાદ આવી જાય છે.

*

સામાન્ય મનના ત્રણ સ્તર

સામાન્ય મનના ત્રણ સ્તર છે. ચિંતન અથવા બુદ્ધિનો સ્તર, ઈચ્છા-શક્તિનો સ્તર (બુદ્ધિપ્રેરિત will ઈચ્છાશક્તિ) અને બહિર્ગામી બુદ્ધિનો સ્તર. સામાન્ય મનથી ઉપરના મનના પણ ત્રણ સ્તર છે higher mind, illumined mind, intuition (ઊર્ધ્વ મન, આલોકિત મન, સહજપ્રજ્ઞા). તમે મસ્તકની અંદર નજર નાખતા હશો ત્યારે તમને આ સાધારણ મનના સ્તર દેખાતા હશે—ઉપરની બાજુએ ખુલ્લા થયેલા, એ દરેક સ્તરમાં એક ખાસ ભાગવતી શક્તિ કામ કરવાને નીચે આવે છે.

*

આ વિરાટ અવસ્થા જ્યારે મગજમાં આવી બને છે, ત્યારે એનો અર્થ એ કે મન વિશાળ બની વિશ્વમનની સાથે જોડાઈ ગયું છે. કંઠ વગેરે ભાગો વિરાટ થતા અનુભવાય ત્યારે તે તે કેન્દ્રની જે ચેતના હોય છે તે જ પ્રમાણે એ બધાની અવસ્થા થવા લાગે છે.

*

અધિમાનસ અને અતિમાનસ

Higher mind (ઊર્ધ્વ મન)માં રહેવું એટલું બધું મુશ્કેલ નથી—ચેતના મસ્તકની સહેજ ઉપર ચડે છે ત્યારે આવી સ્થિતિનો આરંભ થાય છે—પણ Overmind (અધિમનસ) માં પહોંચતાં ઘણો સમય લાગે છે. તમે ઘણા મોટા સાધક હો તો જ ત્યાં પહોંચી શકો છો. આ બધા ઉપરના સ્તરમાં રહેતા થવાથી મનનાં બંધન ભાંગી જાય છે, ચેતના વિશાળ થાય છે, ક્ષુદ્ર અહંજ્ઞાન ઓછું થાય છે, બધા એક છે, બધું ભગવાનની અંદર આવેલું છે વગેરે ભાગવત અથવા અધ્યાત્મ જ્ઞાન સહેલાઈથી થઈ જાય છે.

*

જે પ્રમાણેની કાળની જરૂર હોય છે તે પ્રમાણે સાધના થતી રહે છે. પહેલાંના વખતમાં ભીતરની સાધનામાં સહજ ધ્યાનની અવસ્થા રહેતી હતી. અત્યારે અંતર અને બહારના પ્રદેશોને એક કરવા – દેહ ચેતના સુધી, એ આજના યુગની જરૂર છે.

*

જ્ઞાન ઘણા પ્રકારનું હોય છે—જે પ્રમાણેની ચેતના હોય છે તે જ પ્રમાણેનું જ્ઞાન હોય છે. ઊર્ધ્વ ચેતનાને થતું જ્ઞાન સત્ય અને શુદ્ધ હોય છે, નિમ્ન ચેતનાનું જ્ઞાન સત્ય-અસત્યથી મિશ્રિત, અશુદ્ધ હોય છે. બુદ્ધિનું જ્ઞાન એક પ્રકારનું હોય છે. supramental (અતિમાનસ) ચેતનાનું જ્ઞાન વળી જુદા પ્રકારનું, બુદ્ધિથી અતીત રીતનું હોય છે. ઊર્ધ્વ ચેતનાનું જ્ઞાન શાંત હોય છે.

*

આ ઊર્ધ્વ ચેતનાનું સોપાન છે—આ ચેતનાના અનેક સ્તરો અથવા સમતલ ભૂમિકાઓ હોય છે. આ સોપાન દ્વારા તમે એક પછી એક ભૂમિકા પર ચડતાં ચડતાં છેવટે અતિમાનસમાં પહોંચો છો — ભગવાનના અસીમ પ્રકાશમય આનંદમય અનંતમાં.

*

આ ઉપરનું જગત ઊર્ધ્વ ચૈતન્યની ભૂમિ (plane) છે. એ આપણી યોગસાધના દ્વારા નીચે આવે છે. હમણાં હમણાં પાર્થિવ જગતમાં પ્રાણ જગતનું તાણ્ડવ નૃત્ય થઈ રહેલું છે, અને એ વિનાશ તરફ જઈ રહ્યું છે.

*

ચૈત્ય પુરુષ

Psychic being (ચૈત્ય પુરુષ) એ ભગવાનનો અંશ છે. એ સત્ય તરફ, પ્રભુ તરફ આકર્ષાતો રહે છે અને એ આકર્ષણમાં કશી વાસના હોતી નથી, એમાં કોઈ હકદાવા, હલકી કામના નથી હોતી. Psychic emotion (ચૈત્ય પુરુષની ઊર્મિ) પવિત્ર નિર્મળ હોય છે. Emotional vital (ઊર્મિમય પ્રાણ)માં વાસના, હકદાવા, અહંકાર, અભિમાન વગેરે ખૂબ ખૂબ હોય છે. આ પ્રાણ પોતાના અહંકાર તથા વાસનાને તૃપ્ત કરવા માટે જ ભગવાનને મેળવવા માગતો હોય છે – પણ એને Psychic (ચૈત્ય પુરુષ)નો સ્પર્શ થતાં તે શુદ્ધ પવિત્ર થઈ શકે છે.

*

Psychic (ચૈત્ય પુરુષ)ની સત્તા મન પ્રાણ દેહની પાછળ હોય છે તેમ જ આ ત્રણેયને તે સ્પર્શ કરતી હોય છે. મનની એ જ બાજુ પર અધ્યાત્મ સત્તા તથા ઊર્ધ્વ ચેતના રહેતી હોય છે.

*

Psychic being (ચૈત્ય પુરુષ)નું સ્થાન પાછળની બાજુએ હોય છે, અને બધાં કેન્દ્રો ત્યાં આવેલાં છે – જેમકે હૃદય કેન્દ્ર, પ્રાણ કેન્દ્ર, શરીર કેન્દ્ર. બધાં મેરુદણ્ડ સાથે જોડાયેલાં હોય છે, ત્યાં એમનું સ્થાન છે. એટલા માટે આ પાછળની બાજુની ચેતનાની અવસ્થા ઘણી important (મહત્ત્વની) છે.

*

બધાનો આધાર psychic (ચૈત્ય પુરુષ) કેટલો પ્રધાનપદે હોય છે તેના ઉપર રહે છે. બાહ્ય પ્રકૃતિ તો અહંકાર તથા વાસના કામનાને તૃપ્ત કરવામાં જ ડૂબેલી હોય છે. મનોમય પુરુષ આત્માની અંદર મગ્ન હોય છે. પણ ક્ષુદ્ર અહંકાર આત્માથી તૃપ્ત થતો નથી, એને તો ક્ષુદ્ર વસ્તુઓ જ જોઈતી હોય છે. Psychic (ચૈત્ય પુરુષ) ને ભગવાનની લગની હોય છે. એ જ સમર્પણ કરતો હોય છે—માત્ર psychic (ચૈત્ય પુરુષ) જ બાહ્ય પ્રકૃતિને વશ કરી શકે છે.

*

Psychic—ચૈત્ય પુરુષે આધારનો નિયામક (ruler, ચાલક, પથ-પ્રદર્શક) બનીને બુદ્ધિ મન પ્રાણ શરીર-ચેતનાને ભગવાન પ્રત્યે વાળવાનાં રહે છે. આમ ન થાય તો ઊર્ધ્વ ચેતના શરીર-ચેતના સુધી નીચે ઊતરી આવી જતાં આખા આધારમાં દખલગીરી કરે છે, અને એમ થતાં સ્થૂલ ચેતનામાં એક મજબૂત દીવાલ ઊભી થઈ જાય છે.

*

આ psychic (ચૈત્ય પુરુષ) તથા heart (હૃદય) ની consciousness (ચેતના) ખુલ્લી થયેલી છે—ઉપરની બાજુએથી higher mind (ઊર્ધ્વ મન) નો તથા ભાગવત ચેતનાનો પ્રકાશ તથા શાંતિ નીચે આવેલાં છે. ચંદ્રના ઉદય જેવું જે દેખાય છે એ psychic (ચૈત્ય પુરુષ)માંથી આધ્યાત્મિક aspiration (અભીપ્સા) નો પ્રવાહ છે.

*

આ જ વસ્તુની જરૂર છે—હૃદય પદ્મ ખૂલવું જોઈએ, આખી nature (પ્રકૃતિ), હૃદયસ્થ psychic being (ચૈત્ય પુરુષ) ને વશ થવી જોઈએ, એમાંથી જ નવ જન્મ થાય છે.

યોગનો પાયો

સંયમ, પ્રકૃતિની શુદ્ધિ, શાન્તિ અને સમર્પણ

પોતાની જાતને સંયમમાં રાખવી – કોઈના પણ તરફ આકર્ષણ ન થવા દેવું, કોઈના પણ પ્રાણના ખેંચાણને આશ્રય ન આપવો, પોતે પણ તેના ઉપર પ્રાણનો મોહ કે આકર્ષણ નાખવું નહિ – આને જ કહે છે પોતાની અંદર સ્થિર રહેવું.

*

પાપની વાત શા માટે કરવી? પાપ જેવું કાંઈ નથી, એ મનુષ્યની દુર્બળતા હોય છે. આત્મા સર્વદા શુદ્ધ છે, psychic being (ચૈત્ય પુરુષ પણ) શુદ્ધ છે, સાધના દ્વારા આંતર તત્ત્વો (inner mind, vital, physical – આંતર મન, પ્રાણ, શારીરિક) એ પણ શુદ્ધ થઈ શકે છે, પણ external being (બાહ્ય સ્વરૂપ), બહિઃસત્તા, બાહ્ય પ્રકૃતિમાં ચારિત્ર્યની એ જૂની દુર્બળતા ઘણા વખત સુધી ટકી રહી શકે છે, એને સંપૂર્ણ શુદ્ધ કરવી કઠણ છે. એટલે complete sincerity (સંપૂર્ણ સત્યનિષ્ઠા)ની જરૂર રહે છે, દૃઢતા અને ધૈર્યની જરૂર રહે છે, સદા જાગ્રત ભાવની જરૂર રહે છે. Psychic being (ચૈત્ય પુરુષ) જો અગ્રભાગમાં રહે, હમેશાં જાગતો રહે, પોતાનો પ્રભાવ ફેલાવતો રહે તો પછી ભય રહેતો નથી. પરંતુ આ સ્થિતિ બધો વખત રહેતી નથી. રાક્ષસી માયા એ જ જૂના weak point (દુર્બળતાઓ)ને પકડમાં લઈને મનને ભુલાવામાં નાખીને દાખલ થવાનો રસ્તો મેળવી લે છે. એના દરેક હુમલા વખતે તેને મારી ભગાડીને તેનો રસ્તો રોકી દેવો જોઈએ.

*

પ્રાણનો નાશ કરી નાખવાનો નથી, પ્રાણ વિના કશું કાર્ય થઈ શકતું નથી, તેના વિના જીવન પણ રહેવા પામતું નથી. પ્રાણને રૂપાંતર આપવાનું રહે છે, ભગવાનનું યન્ત્ર બનાવવાનો રહે છે.

*

પોતાની અંદર શાંતિ, માની ભક્તિ અને પ્રકાશ રાખી શાન્ત ભાવે બધું કરતા રહો – એ પછી તમારે બીજા કશાની જરૂર રહેશે નહિ – બધી શુદ્ધિ થઈ જશે.

*

બે ઊલટાસુલટી પ્રભાવોનું દ્વન્દ્વ યુદ્ધ ચાલે છે – સત્યની શક્તિનો પ્રભાવ જ્યારે દેહને સ્પર્શ કરે છે ત્યારે બધું સ્વસ્થ બની જાય છે – અવિદ્યાના પ્રભાવને લીધે રોગ, વ્યથા, જ્ઞાનતંતુઓમાં વિકાર આવી જાય છે.

*

અવિદ્યામાં જે જે કાંઈ છે તે બધું એક વિશ્વ ચેતનાની અંદર પણ રહેલું છે, પ્રકાશ અને અંધકારની માફક, પણ તેથી પ્રકાશ અને અંધકાર એ બધું જ એકસરખું છે એમ નથી. અંધકારને તજી દેવાનો છે અને પ્રકાશને પસંદ કરવાનો છે.

*

કોઈ પણ નિયમ પ્રમાણે કામ કરવાનું નથી. સ્થિર શાંત દૃઢસંકલ્પ થઈને ઈનકાર કરવાથી થોડે થોડે કરીને અવિદ્યાનો પ્રભાવ ચાલ્યો જાય છે. ગભરાઈ જવાથી (વ્યગ્ર થવાથી, અંધ તથા હતાશ થવાથી) અવિદ્યાની શક્તિ પહેલા કરતાં પણ વધારે જોરદાર બનીને હુમલો કરવાની હિંમત કરતી થાય છે.

*

મુશ્કેલી સહેલાઈથી જતી રહેતી નથી. ખૂબ મોટા સાધકોને પણ 'આજે ને આજે' એક ક્ષણમાં બધી મુશ્કેલીઓ ચાલી જતી નથી. મેં આ વાત અનેક વાર કહી છે. તમારે શાંત અચંચલ રહીને માના ઉપર સંપૂર્ણ ભરોસો રાખીને આસ્તે આસ્તે આગળ વધવાનું રહે છે – એક જ ક્ષણમાં બધું કરી નાખવાનું નથી. આજે ને આજે બધું મળી જવું જોઈએ એ પ્રમાણેનો આગ્રહ રાખવાથી મુશ્કેલી પહેલા કરતાં પણ વધી જાય છે. ધીર અને સ્થિર બની રહેવાનું છે.

*

Psychic (ચૈત્ય)ની પાછળ, psychic (ચૈત્ય) અવસ્થાની પાછળ અહંકાર રહી શકતો નથી. પણ અહંકાર પ્રાણમાંથી આવીને ચૈત્ય પુરુષ સાથે જોડાઈ જવાનો પ્રયત્ન કરી શકે છે. જો આ પ્રમાણે કાંઈ થતું લાગે તો તેનો સ્વીકાર ન કરવો અને તેનો ત્યાગ કરી લેવા માટે તેને માને સમર્પણ કરી દેવું.

*

સીધો માર્ગ તે psychic (ચૈત્ય પુરુષ)નો છે. એ માર્ગ સમર્પણના બળ વડે તથા સત્ય દૃષ્ટિના પ્રકાશમાં, વાંકોચૂંકો થયા વિના ઉપરની દિશામાં ચાલ્યો જાય છે–થોડોક સીધો અને થોડોક વાંકોચૂંકો તે માનસિક તપસ્યાનો

માર્ગ છે, અને એકદમ વાંકોચૂંકો તે પ્રાણનો માર્ગ છે. તે ઈચ્છાઓ કામના-ઓથી ભરેલો હોય છે. પણ પ્રાણમાં જો સાચી ઝંખના હોય છે તો પછી કોઈ પણ રીતે આગળ વધી શકાય છે.

*

પ્રથમ તો ચેતના શૂન્ય અને વિશાળ બનવી જોઈએ. એની અંદર પછી ઉપરનો પ્રકાશ શક્તિ વગેરે સ્થાયી ભાવે સ્થાન કરીને રહી શકે છે – ચેતના જો ખાલી ના થાય તો જૂની movements (ક્રિયાઓ) જ ચાલુ રહે છે અને ઉપરની વસ્તુ સારી રીતે ટકી રહી શકતી નથી.

*

આ પ્રમાણેની શૂન્યતા જ્યારે ઊર્ધ્વ ચેતના નીચે આવી મન અને પ્રાણનો કબજો લેવાની તૈયારી કરે છે ત્યારે સાધકમાં બની આવે છે. આત્માની અનુભૂતિ થાય છે ત્યારે એનો પ્રથમ સ્પર્શ એક વિશાળ શાંત શૂન્યતા રૂપે જ આવે છે. તે પછી એ શૂન્યતામાં એક વિશાળ ગાઢ શાંતિ નીરવતા, સ્થિર નિશ્ચલ આનંદ ઊતરી આવે છે.

*

માત્ર ઊર્ધ્વમાં ચાલી જવાથી આ યોગની સિદ્ધિ થતી નથી – ઊર્ધ્વનાં સત્ય શાંતિ પ્રકાશ વગેરે નીચે આવીને મન પ્રાણ અને દેહમાં પ્રતિષ્ઠિત બને ત્યારે જ એ સિદ્ધિ બને છે.

*

જો ઊર્ધ્વ ચૈતન્ય નીચે આવે અને તમે મન પ્રાણ અને શરીરની બધી અસત્ય વસ્તુઓનો ઈનકાર કરી દો તો પછી સત્યની સ્થાપના થશે.

*

એકદમ નીરવ થઈ જવાથી કામ નહિ ચાલે, એ સારું પણ નથી. પણ પહેલાં જેટલું બની શકે તેટલું નીરવ અને ગંભીર રહેવાય તેટલું રહેવું એ સાધના માટે અનુકૂળ અવસ્થા છે. જ્યારે બહારની પ્રકૃતિ શ્રી માતાજીમય થઈ જાય ત્યાર પછી વાતચીત કરવી, હાસ્ય વિનોદ વગેરેમાં પણ સાચી ચેતના બની રહેશે.

*

ઉપરના ચૈતન્યનો સ્પર્શ—આ ઉપર ચૈતન્યનો ભાવ, શાંતિ, જ્ઞાન, ગંભીરતા એ બધાનું અવતરણ થાય એ જ યોગસિદ્ધિનું સાધન છે. પ્રાણને સંયમમાં લઈને એ જ શક્તિને મન પ્રાણ અને દેહની ઉપર પોતાનો અધિકાર જમાવવા દેવો જોઈએ.

*

નિદ્રાની આ સ્થિતિ ઘણી જ સારી છે. નિદ્રા આ રીતે સચેતન થવા માગે છે.

*

જ્યારે નિદ્રા સચેતન બને છે ત્યારે આ પ્રમાણે જ બને છે—જે પ્રમાણે જાગ્રત સ્થિતિમાં તે જ પ્રમાણે નિદ્રામાં સાધના અટકયા વિના ચાલુ રહે છે.

*

જાગ્રત અવસ્થામાં જ બધું ઉતારવું, બધી ભાગવત અનુભૂતિ પ્રાપ્ત કરવી એ યોગનો નિયમ છે. બેશક, શરૂની અવસ્થામાં ધ્યાન જ વધારે સારું થાય છે અને છેવટ સુધી એ લાભકારક તો રહે છે જ—પણ માત્ર ધ્યાનમાં જ અનુભૂતિ થતી રહે તો આખા સ્વરૂપનું રૂપાંતર થતું નથી. એ અનુભૂતિ જો જાગ્રત સ્થિતિમાં થાય તો રૂપાંતર માટેનું એ ઘણું સારું ચિહ્ન ગણાય.

*

પ્રથમ શાંતિ આવે છે. સમસ્ત આધાર શાંત ન થાય તો જ્ઞાન આવવું મુશ્કેલ બને છે. શાંતિ સ્થાપિત થઈ જતાં માનું વિશાળ અનન્ત ચૈતન્ય આવે છે. એ ચૈતન્યમાં ડૂબી જતાં પછી અહંભાવ ડૂબી જાય છે, લુપ્ત થઈ જાય છે—છેવટે તેનું કોઈ પણ ચિહ્ન રહેતું નથી. રહે છે કેવળ મા અને તેનો સનાતન અંશ ભાગવત અનંતની અંદર.

*

આ બહુ સારી વસ્તુ છે. અસલ અનુભૂતિ તે આ જ હોય છે. આ શાંતિ જ્યારે આખા આધારમાં ફેલાઈ જાય છે તથા દૃઢ અને સઘન બને છે ત્યારે જ ભાગવત ચેતનાનો પહેલો પાયો સ્થાપિત બને છે.

*

શરીરના જ્ઞાનતંતુઓમાં (nervous system માં) શાંતિ અને શક્તિ ઊતરી આવે, એ સિવાય nerves (જ્ઞાનતંતુઓ)ને બળવાન બનાવવાનો બીજો કોઈ ઉપાય નથી.

*

અંદરમાંથી જે બોલાય છે તે સાચું જ હોય છે. બાહ્ય ચેતનાના અજ્ઞાન માંથી કેવળ ભૂલ, ભ્રાંતિ અને મિથ્યા કષ્ટ જ ઉત્પન્ન થાય છે, ત્યાં બધું ક્ષુદ્ર અહંકારની જ લીલા હોય છે. માણસે અંદરમાં જ રહેવું જોઈએ – જે માણસમાં મૂળ સત્ય ચેતના, સત્ય ભાવ, સત્ય દૃષ્ટિ આવી ગયાં હોય છે તેનામાં અહંકાર, અભિમાન અને વાસનાના હકદાવા લેશ માત્ર પણ રહેતા નથી. આ સત્ય ચેતના વગેરેને જ grow – વૃદ્ધિ પામવા દો. તે પછી માનું ચૈતન્ય તમારામાં સ્થાપિત થશે, માનવ પ્રકૃતિનો અહંકાર, વિરોધ, ગોટાળો વધુ રહેવા નહિ પામે.

*

લોકો મુશ્કેલીઓનો જેટલો વધારે વિચાર કરે છે તેટલી તે તેમના ઉપર વધુ જોર કરતી રહે છે. માની આગળ પોતાની જાતને ખુલ્લી કરીને ભગવાનની વાતનો જ વધુ વિચાર કરવો જોઈએ – પ્રકાશ, શાંતિ, આનંદની વાતનો.

*

આ અસીમ શાંતિ જેટલી વધારે બની આવે તેટલું સારું છે. શાંતિ એ જ યોગની પ્રતિષ્ઠા છે.

*

જ્યારે શૂન્ય અવસ્થા બની આવે ત્યારે શાંત થઈને માને બોલાવો. શૂન્ય અવસ્થા તો બધાને થાય છે પણ શાંત પ્રકારની શૂન્ય અવસ્થા પ્રાપ્ત થાય એ સાધનાને લાભદાયક બને છે – અશાંત થવાથી એ શૂન્યતાનું ફળ મળતું નથી.

અભિજ્ઞતા, અનુભૂતિ અને ઉપલબ્ધિ

સભાનતા એ નકામી વસ્તુ નથી—એની પણ જરૂર છે. એ અનુભૂતિને માટે આપણને તૈયાર કરી આપે છે, આધારને ખુલ્લો કરવામાં મદદ આપે છે, બીજાં જગતોનું જુદી જુદી ભૂમિકાઓનું જ્ઞાન આપે છે. મૂળ અનુભૂતિ તે પ્રભુની ભાગવત શાંતિ, સમતા, પ્રકાશ, જ્ઞાન, પવિત્રતા, વિશાળતા, પ્રભુનું સાંનિધ્ય, આત્માનું જ્ઞાન, પ્રભુનો આનંદ. વિશ્વ ચૈતન્યનું જ્ઞાન (જેને લીધે અહંકાર નાશ પામે છે), નિર્મળ વાસનાશૂન્ય ભાગવત પ્રેમ, સર્વત્ર પ્રભુનું દર્શન, ઈત્યાદિનો તેમાં સારી રીતે અનુભવ અને સ્થાપના એ રીતની હોય છે. ઉપરની ઊર્ધ્વ શાંતિ નીચે ઊતરે તથા આધારમાં તેમ જ આધારની ચારે બાજુએ એની દૃઢ સ્થાપના થઈ જાય એ આ બધી અનુભૂતિ માટેનું પહેલું પગથિયું છે.

*

આ બધું સભાનતાનું મહત્ત્વ છે, અને તે સાચું છે—એને લીધે સાધના આગળ વધે છે. પણ આટલી જ વસ્તુઓ બસ નથી—અનુભૂતિની પણ જરૂરે છે, ભાગવત શાંતિ, સમતા, પવિત્રતા, ઊર્ધ્વમાં રહેલી ચેતના, જ્ઞાન, શક્તિ, આનંદનું અવતરણ, સ્થાપના—એ જ મૂળ વસ્તુ છે.

*

શરીરમાં પ્રાણ છે, ચેતના છે—શરીર દ્વારા ભાવનો વિનિમય સહેલાઈથી થાય છે.

*

આ અનુભૂતિ ઘણી સારી છે. પ્રણામ વખતે માતાજી ભીતરમાંથી આપતાં હોય છે, એ જ વસ્તુ feel કરવી (અનુભવવી) જોઈએ. માત્ર બહારનો appearance (દેખાવ) જોઈને લોકો બહુ જ ખોટું સમજે છે, આંતરિક વસ્તુનું દાન લેવાનું ભૂલી જાય છે અથવા તો લઈ શકતા નથી.

*

હીરાનો પ્રકાશ તે માતાજીનો પ્રકાશ છે, at its strongest (એના વધુમાં વધુ ઉગ્ર રૂપે). આ પ્રમાણે તે માતાજીના શરીરમાંથી નીકળી સાધક ઉપર પડે તે બહુ જ સ્વાભાવિક છે. સાધક જો સારી અવસ્થામાં હોય તો આમ થાય છે.

*

ના, આ વસ્તુ કલ્પના કે ખોટી નથી—ઉપરનું મંદિર ઊર્ધ્વ ચેતનાનું છે, નીચેનું મંદિર તે આ મન પ્રાણ શરીરની રૂપાંતરિત ચેતના છે—માતાજી નીચે આવીને આ મંદિરની રચના કરે છે અને એમાંથી પછી તમારી અંદર બધે સત્યના પ્રભાવનો વિસ્તાર કરે છે.

*

સરસ, આવી રીતે ઊર્ધ્વ ચેતનાને નીચે લાવવી જોઈએ. એને શાંત, વિશ્વમય ભાવે મસ્તકમાં, (માનસ ક્ષેત્રમાં) અને તે પછી હૃદયમાં emotional vital (ઊર્મિમય પ્રાણ) અને psychic (ચૈત્ય પુરુષ) માં, તે પછી નાભિમાં અને નાભિની નીચે (vital-પ્રાણમાં), અને છેવટે સમસ્ત physical—શરીરમાં તેને ભરી દેવી જોઈએ.

*

આ change (ફેરફાર) પાછળની બાજુમાં જે થયો છે તે બહુ જ સારો છે. આ પ્રમાણેના હુમલા ઘણી વાર પાછળની બાજુઓથી થાય છે, પણ ત્યાં જો માતાજીની શક્તિ અને ચૈતન્ય હાજર હોય તો તે ત્યાં પછી જઈ શકતા નથી. સફેદ કમળનો અર્થ એ છે કે ત્યાં માતાજીની ચેતના પ્રગટ થઈ છે

*

માથામાં આ પ્રમાણે થવું એનો અર્થ એ છે કે મન સંપૂર્ણ રીતે ખુલી ગયું છે અને ઉપરથી ચેતનાને ઝીલી રહ્યું છે.

*

આ જ થવું જોઈએ—બહારની વસ્તુઓ અંદર જવું જોઈએ, ત્યાં અંદરની સાથે એકરૂપ થવું જોઈએ, અંદરના ભાવને ગ્રહણ કરવો જોઈએ.

*

શરીરને આ રીતે જોવું એ સારી વસ્તુ છે. પણ ચેતના શરીરમાં બંધાયેલી ના રહે તથા તે વિશાળ અને અસીમ બને ત્યારે જ શરીર ચેતનાનો અંશ બન્યું છે તથા માતાજીનું કરણ થયું છે એમ ગણી શકાય. શરીરની ચેતનાનું પણ રૂપાંતર કરવાનું રહે છે.

*

આ બહુ જ સારું ચિહ્ન છે. આ નિમ્ન ચેતના જ ઊર્ધ્વ ચેતનાને મળવા માટે ઉપર ચડતી હોય છે. ઊર્ધ્વની ચેતના પણ જાગ્રત ચેતનાને મળવા માટે નીચે આવતી હોય છે.

*

આ તમારું આજ્ઞાચક્ર એટલે કે આંતરિક બુદ્ધિ, ચિંતન, દૃષ્ટિ, ઇચ્છા-શક્તિનું કેન્દ્ર તે હવે pressure (દબાણ) ને લીધે ખૂલી ગયું છે તથા જ્યોતિર્મય થઈ ગયું છે અને એ રીતે હવે તે ઊર્ધ્વ ચેતનાની સાથે જોડાયું છે અને એ ચેતનાના પ્રભાવને સમસ્ત આધાર ઉપર વિસ્તારી રહ્યું છે.

*

ઊર્ધ્વ ચેતનાનું સ્થાન મસ્તકની ઉપર જ આવેલું છે. બરાબર મસ્તકને અડીને તેનો આરંભ થાય છે અને ત્યાંથી શરૂ કરી તે છેક અનન્ત સુધી પહોંચે છે. એ ઠેકાણે જે વિશાળ શાંતિ અને નીરવતા આવી રહેલી છે તેની જ presence–હાજરી તમે અનુભવી રહ્યા છો. એ શાંતિ અને ચેતના આખા આધારમાં ઉતારવાની છે,

*

એ મોટો સ્તર તે અધ્યાત્મ ચેતના હોઈ શકે છે. એની અંદર સત્યનું મંદિર રહેલું છે. તમારા vital (પ્રાણ) ની સાથે આ સ્તરનો સંબંધ સ્થાપિત થયો છે. ઊર્ધ્વની શક્તિ જાણે કે પૂલની ઉપર થઈને vital (પ્રાણ) માં આવનજાવન કરતી રહે છે.

*

કુંડલિનીની જાગૃતિનો અનુભવ બધાને થતો નથી, કેટલાકને થાય છે. આખા આધારને ખોલીને ઉપરની ઊર્ધ્વ ચેતના સાથે જોડી દેવો એ આ જાગૃતિનો હેતુ હોય છે, પણ એ વસ્તુ બીજી રીતે પણ થઈ શકે છે.

*

માતાજીની અંદરથી જે એક emanation (પ્રાદુર્ભાવ) એટલે કે એમની સત્તા તથા ચેતનાનો અંશ, પ્રતિકૃતિ તથા પ્રતિનિધિ રૂપ બનીને દરેક સાધકની પાસે તેને સહાય કરવા માટે એક બહારની વ્યક્તિ તરીકે આવતો હોય છે યા તો રહેતો હોય છે – પણ અહીં તો માતાજી જ એક રૂપ લઈને આવ્યાં છે.

*

તમે જે વિશાળતા અનુભવી રહ્યા છો એની અંદર તમારે ઊર્ધ્વમાં વાસ કરવાનો છે, ભીતરના ઊંડાણમાં પણ તમારે એ વિશાળતામાં જ વાસ કરવાનો છે – પણ આ ઉપરાંત આખીયે પ્રકૃતિમાં, એટલે કે નિમ્ન પ્રકૃતિમાં પણ, એ વિશાળતાને લઈ આવવાની છે. આમ થશે ત્યારે જ નિમ્ન પ્રકૃતિ તથા બાહ્ય પ્રકૃતિનું સંપૂર્ણ રૂપાંતર સ્થાપિત થઈ શકશે. કેમકે આ વિશાળતા તે માતાજીની ચેતનાની વિશાળતા છે – નીચેની સાંકડી પ્રકૃતિ જ્યારે માતાજીની ચેતનામાં વિશાળ અને મુક્ત બની રહેશે ત્યારે એનું મૂળ સુધી રૂપાંતર થઈ શકશે.

*

અનુભૂતિને જો બોલીને કે લખીને પ્રગટ કરવામાં આવે તો તે ઓછી થઈ જાય કે અટકી જાય એવું ઘણાની બાબતમાં બને છે. એટલા માટે જ યોગીઓ ઘણુંખરું કોઈને પણ પોતાની અનુભૂતિની વાત કરતા નથી, અથવા તો જ્યારે આખી વસ્તુ પાકી જાય છે ત્યારે જ કહે છે. પરંતુ પોતાના ગુરુને કે માતાજીને કહેવાથી એ ઓછી થતી નથી, ઊલટી વધે છે. આ રીતે કહેવાનો અભ્યાસ પાડવો જોઈએ.

*

બાળક તે હૃદયમાં રહેલા ભગવાન અને શક્તિ તે માતાજી જ હશે.

*

ચક્ર ફરે છે એનો અર્થ outer being – (બાહ્ય સ્વરૂપ)માં માતાજીની શક્તિનું કામ ચાલે છે – એનું રૂપાંતર થાય છે.

*

અનુભૂતિ થાય ત્યારે એને વિષે અવિશ્વાસ ન કરતાં તેને સ્વીકારી લેવી એ વધારે સારું છે. આ અનુભૂતિ સાચી હતી – એમાં યોગ્ય કે અયોગ્યની કોઈ વાત છે નહિ, સાધનામાં આ બધી વાતોનો કશો અર્થ નથી. માતાજી સમક્ષ ખુલ્લા થઈ શકતાં બધું બની આવે છે.

*

મસ્તકમાં જે અનુભવ થાય છે તે બાહ્ય મન (physical mind) છે, અને નાભિની નીચેથી જે અનુભવ થાય છે તે (lower vital) નિમ્ન પ્રાણ છે.

*

આ પ્રમાણે માતાજીમાં ઓગળી જવું એ આ મુક્તિનું લક્ષણ છે.

*

આ પ્રમાણે શરીરમાં માતાજીનો પ્રકાશ ભરાઈ જાય ત્યારે physical (સ્થૂલ) ચેતનાનું રૂપાંતર સંભવિત બને છે.

*

આ અનુભૂતિ ઘણી જ સુંદર તથા સાચી છે – દરેક સાધકનો આધાર આ પ્રમાણે જ મંદિર બની જવો જોઈએ. તમે જે સાંભળ્યું કે માતાજી જ બધું કરશે, માત્ર એમની અંદર જ નિમગ્ન રહેવું જોઈએ, આ પણ ઘણું મોટું સત્ય છે.

*

તમે જે બાલિકાઓની વાત લખો છો એ જુદી જુદી ભૂમિકાઓ પરની માતાજીની શક્તિ છે. તમારી સભાનતાઓ ઘણી સારી છે – અવસ્થા પણ સારી છે – સાધના સારી રીતે ચાલે છે – મુશ્કેલીઓ આવે છે તે બાહ્ય પ્રકૃતિમાંથી તમારી અવસ્થાને disturb (ખલેલ) કરવા માટે આવે છે. એનો સ્વીકાર કરશો નહિ.

*

આ કલ્પના નથી. માતાજીની અનેક Personality (સ્વરૂપાવસ્થા) છે. એ દરેકનું જુદું જુદું રૂપ હોય છે. એ બધાં વખતે વખતે માતાજીના શરીરમાં પ્રગટ થાય છે. સાડીનો રંગ જે રીતનો હોય છે એ રંગનો પ્રકાશ કે શક્તિ લઈને માતાજી આવે છે. કેમકે પ્રત્યેક રંગ એક એક શક્તિનો (force)નો દ્યોતક છે.

*

તમે જે જોયું તે પૂરેપૂરુ સાચું છે. કંઠમાં આ સત્તાનું એક કેન્દ્ર છે. એ externalising mind or physical mental (બહિર્ગતિક મન યા યા શારીરિક મનસ)નું એક કેન્દ્ર છે. અર્થાત્ આ મન બુદ્ધિની બધી ક્રિયાઓને બહારમાં આકાર આપે છે, એ speech – વાણીનું અધિષ્ઠાતા છે, એ બધી physical સ્થૂલ વસ્તુઓને જુએ છે, એમાં પરોવાયેલું રહે છે. મસ્તકનો નીચેનો ભાગ તથા મુખ એના અધિકારમાં રહેતાં હોય છે. આ મન જો ઉપરની ચેતના અથવા ભીતરની સાથે જોડાઈ જાય, એ બંનેને વ્યક્ત કરે તો ઘણું સારું થાય. પણ એને વધારે ગાઢ સંબંધ તો નિમ્ન અંશોની સાથે, lower vitel (નિમ્ન પ્રાણ) તથા physical consciousness (શારીરિક

ચેતના કે જેનું કેન્દ્ર મૂલાધાર છે) તેની સાથે છે. એટલે આ પ્રમાણે થાય છે. એટલે જ વાતચીત ઉપર કાબૂ રાખવો એની સાધનામાં ઘણી જરૂર છે. એવી રીતે કાબૂ રાખતાં તમારા મનને ઉપરની તથા ભીતરની ચેતનાને વ્યક્ત કરવાનો અભ્યાસ પડશે, તે નિમ્ન અથવા બાહ્ય ચેતનાને જ પ્રગટ નહિ કરે.

*

આ શારીરિક ચેતનામાં નીચે ઊતરી આવવું બધા સાધકોને થાય છે—એમ ના થાય તો પછી એ ચેતનાનું રૂપાંતર થવું મુશ્કેલ રહે છે.

*

આ ઘણું મોટું opening (ઉદ્‌ઘાટન) છે—જે સૂર્યનો પ્રકાશ નીચે આવ્યો છે એ સત્યનો પ્રકાશ છે—એ સત્ય ઊર્ધ્વ મનથી પણ ઘણું ઊંચે આવેલું છે.

*

ચેતના ઊર્ધ્વ સત્યની દિશામાં ખુલ્લી થઈ છે, સોનેરી મોર એ સત્યનો જય છે. માતાજીની શક્તિ Physical (સ્થૂલ શરીર) સુધી નીચે ઊતરી આવે છે—એનો પરિણામે સત્યનો પ્રકાશ (સોનેરી પ્રકાશ) નીચે આવે છે અને તમે માતાજીની દિશામાં વેગપૂર્વક આગળ ચાલવા લાગો છો.

*

શરીરની પાછળનો અંશ સૌથી વધુ અચેતન છે—એ લગભગ સૌથી છેલ્લો પ્રકાશિત થાય છે. તમે જે જોયું છે તે સાચું છે.

*

હા, તમે બરાબર જોયું છે—માથાની ઉપર સાત પદ્મો અથવા ચક્રો છે—પણ ઊર્ધ્વ મન ખુલ્લું ન થાય ત્યાં સુધી એ બધાં દેખાતાં નથી.

*

ઉપરમાં એક ઘણી મોટી વસ્તુ આવેલી છે, એ છે ઊર્ધ્વ ચેતનાની વિશાળતા. તમને જે અનુભવ થાય છે કે માથાનું ભમતું ભમતું નીચે આવી જાય છે એ સ્થૂલ માથું તો નથી જ, એ મન-બુદ્ધિ છે. એ પેલી વિશાળતામાં ઉપર ચડે છે અને એ જ રીતે ત્યાંથી નીચે આવે છે.

શૂન્ય અવસ્થા બે રીતે થાય છે–Physical (શારીરિક) તામસિક જડ નિશ્ચેષ્ટતામાં ડૂબી જતાં આમ થાય છે અથવા તો ઊર્ધ્વ ચેતનાની વિરાટ શાંતિ તથા આત્મભાન નીચે ઊતરી આવે તે પૂર્વે એક શૂન્યતા અને નિશ્ચેષ્ટતા આવે છે. આ બેમાંથી કઈ વસ્તુ બની છે તે જોવું જોઈએ, કારણ બંને અવસ્થામાં બધું અટકી જતું હોય છે. ભીતરની ચેતના શૂન્ય થઈ જતી હોય છે.

*

મહેશ્વરી શાંતિ, સમતા, મુક્તિની વિશાળતા આપે છે–તમારે આ બધાની વધુ જરૂર છે એટલે તેમણે તમારું આહ્વાન થતાં દર્શન આપ્યાં છે.

*

આ તમારા ભીતર મનનો તથા માતાજીના ભીતર મનનો યોગ થયો છે–આ મનનું કેન્દ્ર કપાળમાં છે–આ જોડાણ જ્યારે થાય છે ત્યારે એ ભીતર મનમાં ભાગવત સત્ય પ્રત્યે એક આકર્ષણ જન્મે છે અને તે ઉપર ચડવાનો આરંભ કરે છે.

*

બધો જ વખત ઉત્તમ સ્થિતિ રહે, બધો જ વખત ભીતરમાં માનું દર્શન થતું રહે એ ઉત્તમ સાધકોની બાબતમાં પણ બનતું નથી–એ બધું સાધનાની પકવ સ્થિતિ થાય ત્યારે બને છે, સિદ્ધિની અવસ્થામાં બને છે. સામાન્ય રીતે બધાને તો વચ્ચે વચ્ચે સભર અવસ્થા આવી જાય છે અને વચ્ચે વચ્ચે શૂન્ય અવસ્થા રહે છે. શૂન્ય અવસ્થામાં પણ શાંત રહેવું વધારે સારું છે.

માના આશ્રયમાં

હું કેટલે સુધી આવ્યો છું, હજી કેટલું દૂર જવાનું છે આવા બધા સવાલો કરવાથી કોઈ ખાસ લાભ થવાનો નથી. માને સુકાની સફરમાં આગળ વધ્યે જાઓ. મા તમને તમારા ગન્તવ્ય સ્થાનમાં પહોંચાડી આપશે.

*

મા જ ગન્તવ્ય સ્થાન છે, એમની અંદર જ બધું આવી રહેલું છે – મા મળતાં બધું જ મળી આવે છે, એમની ચેતનામાં વાસ કરતાં બીજું બધું આપોઆપ જ પ્રગટી આવે છે.

*

માતાજીનો ભાવ બદલાતો નથી – એક જ રહે છે. પણ સાધકને પોતાના મનના ભાવ પ્રમાણે લાગે છે કે – માતાજીનો ભાવ બદલાઈ ગયો છે – પણ એ સાચું નથી.

*

નાશ કરી દીધા પછી પરિવર્તન શાનું થશે? પ્રાણ અને શરીરની જૂની પ્રકૃતિનો નાશ કરવાનો છે, પ્રાણ અને શરીરનો નહિ.

*

એ વાત સાચી છે કે માતાજી બધાની અંદર રહેલાં છે અને સૌની સાથે એક સંબંધ હોવો જોઈએ; પણ લોકોની સાથેનો આ સંબંધ personal (અંગત) રીતનો નથી હોતો, એ સંબંધ તો માતાજી સાથે જ હોય છે, અને તે એક વિશાળ ઐક્યનો સંબંધ હોય છે.

*

એક બાજુએ શાંતિ અને સત્ય ચેતનાની વૃદ્ધિ, બીજી બાજુએ સમર્પણ; આ જ છે સાચો માર્ગ.

*

પ્રાણનો નાશ કરવાની ઈચ્છા ખોટી ઈચ્છા છે—પ્રાણનો નાશ કર્યા પછી શરીર બચશે નહિ, અને શરીર નહિ હોય તો પછી સાધના થઈ શકશે નહિ.

*

મા ભગવાન સિવાય તમે છો જ નહિ—મા તો તમારી સાથે જ રહેલાં છે—સાધક પાતાળમાં જાય છે તે એ ઠેકાણે ઉપરના પ્રકાશને અને ચેતનાને લઈ જવાને માટે—આ વિશ્વાસ રાખીને ધીર ચિત્તથી કામ કરતા રહો, એ પ્રકાશ અને એ ચેતના આવશે જ.

*

મા તો તમારી અંદર રહેલાં છે. Physical (શારીરિક) પ્રકૃતિનો જે પડદો પડી ગયો છે, તેના ઉપર જ શક્તિનું કાર્ય થવા દેવાનું છે. એ પડદો છેવટે માના પ્રકાશમાં transparent (પારદર્શક) થઈ જશે.

*

માનો વિજય થવાનો જ છે એ શ્રદ્ધા બધો વખત રાખીને શાંત ધીર, નિર્ભય બનીને સાધના કરવાની છે.

*

પુરુષ પોતે કાંઈ કરતો નથી, પ્રકૃતિ કિંવા શક્તિ જ બધું કરે છે. પણ પુરુષની ઈચ્છાથી વિરુદ્ધમાં કાંઈ જ બની શકતું નથી.

*

શરીરમાં મા રહેલાં તો છે જ—ગૂઢ ચેતનામાં—પણ જ્યાં સુધી બહારની ચેતના ઉપર અવિદ્યાની છાપ રહે છે ત્યાં સુધી અવિદ્યાનાં પરિણામો એક જ દિવસમાં ચાલી જતાં નથી.

*

માતાજી તમને ચાહે છે અને તમે માતાજીને ચાહો છો. તમને માતાજી મળ્યાં છે અને હજી વધારે મળશે. પણ લાગે છે કે તમારી physical consciousness (શારીરિક ચેતના)માં અવારનવાર એવી ઈચ્છા થતી રહે છે કે માતાજીની સાથે બાહ્યમાં ગાઢ સંબંધ બને, માતાજીનું શારીરિક સાંનિધ્ય વગેરે વગેરે મળે, આ બધું માતાજી કેમ નહિ આપતાં હોય, કદાચ માતાજી મને ચાહતાં જ નહિ હોય. પરંતુ અત્યારે જીવન અને સાધના જે સ્થિતિમાં ચાલે છે તેમાં આ વસ્તુઓ બની શકે તેવી નથી. કેમકે સાધકને જો આ બધું આપવામાં આવે તો તે તેમાં જ રચ્યોપચ્યો રહેશે અને અંદરની મૂળ સાધના તથા રૂપાંતર થશે નહિ. ખરી જરૂર તો માતાજીની સાથે અંદરના ગાઢ સંબંધની છે, રૂપાંતરની જરૂર છે—સાધકોને તેમના બાહ્ય મન પ્રાણ

અને દેહ સુધી સંપૂર્ણ રીતે અનુભૂતિ થવી જોઈએ તથા તેમનું રૂપાંતર થવું જોઈએ. આ જ વસ્તુ મનમાં રાખી આગળ વધો.

*

માના ઉપર જો શુદ્ધ પ્રેમ અને ભક્તિ હશે, તેના ઉપર ભરોસો હશે તો મા મળી આવશે. અને આ વસ્તુઓ નહિ હોય તો ગમે તેટલો પ્રયત્ન કરવાથી પણ મા મળવાનાં નથી.

*

બહારની પ્રકૃતિ સાધકમાં પ્રવેશ કરવા માટે તેની ચારે બાજુ જે આંટા મારી રહેલી છે તેને લીધે આ બધું થાય છે. સાધકનાં મન પ્રાણ દેહ જ્યારે બહારની પ્રકૃતિના સકંજામાં આવી જાય છે ત્યારે એ પ્રમાણેનો પડદો ઊભો થાય છે ખરો, પરંતુ જો માની ઉપર ભરોસો રાખવામાં આવે, માની સાથે તમે જો જોડાયેલા રહો તો માની શક્તિ એ પડદાને હઠાવી દઈને મન પ્રાણ અને દેહના પડદાને હઠાવી દેશે અને મન પ્રાણ તથા દેહ-ચેતનાને માના કરણ રૂપે – યંત્ર રૂપે બદલી આપશે.

*

અત્યારે physical consciousness (શારીરિક ચેતના) ઉપર શક્તિ કામ કરી રહી છે, એટલે જ ઘણાને આ શારીરિક ચેતનાની મુશ્કેલી ઘણી જોરદાર રીતે અનુભવાઈ રહી છે. તમારી ચંચળતાનું કારણ એ છે કે આ બહારની શારીરિક ચેતના સાથે તમે તમારી જાતને એકરૂપ કરી દીધી છે, જાણે કે તમે પોતે એ જ ચેતના રૂપે છો. પણ તમારી મૂળ સત્તા તો અંદરમાં જ્યાં માની સાથે સંયોગ રહેતો હોય છે ત્યાં રહેતી હોય છે. એટલે શારીરિક ચેતનાનું જે અજ્ઞાન, તામસિકતા, ભૂલો વગેરે છે તેમને પોતાનાં ગણીને સ્વીકારી લેવાનાં નથી, એ તો જાણે કે બહારનું યંત્ર છે એમ સમજવાનું છે. એ યંત્રના જે કાંઈ દોષ, અપૂર્ણતા વગેરે હશે તે બધું માની શક્તિ દૂર કરી દેશે આ જ્ઞાનપૂર્વક અંદરમાંથી સાક્ષી પુરુષની માફક અવિચલ રહીને, માના ઉપર સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા રાખીને બધું જોતા રહેવાનું છે.

*

જેમને માના ઉપર પૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા હોય છે તે બધો વખત માના ખોળામાં, માની અંદર જ રહેતા હોય છે. એમને પણ મુશ્કેલીઓ તો ઊભી થઈ શકે છે, પણ હજાર મુશ્કેલીઓ પણ તેમને ચલિત કરી શકતી નથી. આ વિશ્વાસ, આ શ્રદ્ધા બધો વખત, બધી અવસ્થામાં, બધા બનાવોમાં

અતૂટ રાખવાં જોઈએ, યોગની મૂળ વાત તે આ છે. બાકી બીજું બધું ગૌણ છે, આ જ મૂળ વસ્તુ છે.

*

આ બધો વિલાપ અને રોકકળ એ તામસિક અહંકારનું લક્ષણ છે – હું કરી શકતો નથી, હું મરી જઈશ, હું જતો રહીશ, આમ કર્યા કરવાથી તો મુશ્કેલીઓ ઊલટી વધારે મોટી બને છે, તામસિક અહંકાર ઘણો વધી પડે છે. એને લીધે સાધનામાં કોઈ પણ પ્રકારની પ્રગતિ કરવામાં મદદ મળતી નથી. મેં આ વસ્તુ તમને અનેક વાર લખી છે, અને ફરી એક વાર એ મૂળ વાત લખું છું. તમારી સાધના બગડી ગઈ નથી, તમને જે મળ્યું છે તે પણ જતું રહેવાનું નથી, એ માત્ર પડદા પાછળ ચાલ્યું ગયું છે. સાધનાના માર્ગમાં એક વખત એવો આવે છે કે જ્યારે ચેતના એકદમ physical plane (શારીરિક ભૂમિકા) ઉપર ઊતરી આવે છે. અને ત્યારે અંદરની સત્તા ઉપર, અંદરની અનુભૂતિ ઉપર એક અ-પ્રવૃત્તિનો અને અપ્રકાશનો પડદો પડી જાય છે. એમ લાગે છે કે હવે સાધના જેવું કાંઈ રહ્યું જ નથી, હવે અભીપ્સા નથી, અનુભૂતિ નથી, માનું સાંનિધ્ય નથી. એકદમ સામાન્ય માણસ જેવા જ થઈ જવાયું છે. આ અવસ્થા માત્ર તમારી જ થઈ છે એવું નથી, બધાને એમ થયું છે, થાય છે અથવા તો થશે, પછી ભલેને તે સારામાં સારો સાધક હોય. પણ સાચી વાત એ છે કે આ બધું સાધનાના માર્ગમાં આવતી માત્ર એક passage – અવસ્થા જ છે, ભલે પછી તે ઘણી લાંબી અવસ્થા હોય. આ અવસ્થામાં જવામાં ન આવે ત્યાં સુધી રૂપાંતર પૂરું થતું નથી. આ ભૂમિકામાં જઈને ત્યાં સ્થિર થઈને ત્યાં માની શક્તિની લીલાને, રૂપાંતરની ક્રિયાને બોલાવી લાવવાનાં રહે છે. એમ થતાં પછી ધીરે ધીરે બધું cleared (સાફ) થઈ જશે, અપ્રકાશને બદલે દિવ્ય પ્રકાશ થઈ રહેશે, અ-પ્રવૃત્તિને બદલે દિવ્ય લીલા અને અનુભૂતિનો પ્રકાશ થશે, અને તે માત્ર ભીતરમાં જ નહિ, બહારમાં પણ થશે, માત્ર ઉચ્ચ ભૂમિકામાં જ નહિ, પણ નિમ્ન ભૂમિકામાં, શરીર ચેતનામાં, અવચેતનામાં પણ એ થશે. વળી જે બધી અનુભૂતિઓ ઉપર પડદો પડી ગયો છે તે બધી પણ, આ બધી ભૂમિકાઓ ઉપર પોતાનો કબજો કરીને પાછી બહાર આવી જશે. પરંતુ આ બધું સહેલાઈથી અને જલદી જલદી થતું નથી, ધીરે ધીરે બને છે – એ માટે ધીરજની જરૂર રહે છે, માની ઉપર વિશ્વાસની જરૂર રહે છે, દીર્ઘ કાળ ટકી રહે તેવી સહિષ્ણુતાની જરૂર રહે છે. જેને ભગવાન જોઈતા હોય તેણે ભગવાનને માટે કષ્ટ વેઠવાને તૈયાર રહેવું જ પડશે. જેણે સાધના કરવી હશે

તેણે સાધનાના માર્ગમાં કષ્ટ, મુશ્કેલીઓ, ઊલટી પરિસ્થિતિ એ બધું સહન કરવું પડશે. સાધનામાં માત્ર સુખ અને આનંદ જ મળતાં રહે એવી માગણી નહિ ચાલે, સાધનામાં તો મુશ્કેલીઓ ઊભી થાય છે, વિરુદ્ધ પરિસ્થિતિ ઊભી થાય છે એમ કહીને માત્ર રુદન કરવાથી તથા નિરાશા સેવવાથી કશું વળવાનું નથી. એમ કરવાથી તો રસ્તો ઊલટો વધારે લાંબો થઈ જાય છે. એટલે ધીરજ રાખો, શ્રદ્ધા રાખો, માના ઉપર સંપૂર્ણ ભરોસો રાખો એ જરૂરનું છે.

*

વસ્તુ આ છે, માને પ્રથમ તો અંદરમાંથી મેળવવાનાં છે, બહારથી નહિ — બહારથી પણ માને મળી શકાય છે, પણ એમાં પછી માનું સાંનિધ્ય અંદરની બાજુ આવતું નથી અને અંદરનો ભાગ પ્રકાશિત બનતો નથી. ભીતરમાં મા સંપૂર્ણ રીતે મળી જાય તે પછી બહારમાં જે કાંઈ જરૂરનું હશે તે બધું સિદ્ધ થઈ શકશે. આ સત્ય એકાદ બે જણ સિવાય કોઈ પણ હજી પણ સારી રીતે સમજી શકયું નથી.

*

માની સાથે જ્યારે ભીતરમાં સંયોગ થઈ જાય છે તે પછી કોઈ ભય રહેવા પામતો નથી. જે પરિવર્તન કરવાની જરૂર હશે તે માની શક્તિ જ કરી આપશે. આ બધું પરિવર્તન થતાં વખત તો લાગે છે પણ તે માટે ચિંતા કરવાની નથી. કેવળ માની સાથે સંયોગમાં રહો, માને સમર્પિત બની રહો બાકીનું બધું જરૂર થઈ રહેશે.

*

આ શૂન્ય અવસ્થા આવે ત્યારે મનને ખૂબ શાંત કરી દો, બહારની પ્રકૃતિમાં આવવા માટે માની શક્તિ અને પ્રકાશને બોલાવો.

*

આ attitude (વલણ) જ સારું છે. જ્યારે પણ મુશ્કેલી આવી પડે, ચેતના ઉપર પડદો ઢળી જાય ત્યારે ગભરાયા વિના જ્યાં સુધી પડદો હઠી ન જાય ત્યાં સુધી શાંત ભાવે માને બોલાવતા રહો. પડદો ભલે પડી જાય પણ પાછલા ભાગમાં બધું જ જળવાઈ રહેલું હોય છે.

*

એ ખ્યાલ રાખો કે મા દૂર જતાં રહેતાં નથી. તેઓ હંમેશાં પાસે ભીતરમાં રહેલાં છે – બાહ્ય પ્રકૃતિની જ્યારે કોઈ રીતની ચંચળતા ઊભી થાય છે ત્યારે એ ચંચળતા મોજાની પેઠે ભીતરમાંના સત્યને ઢાંકી દેતી હોય એ પ્રમાણે અનુભવાય છે. ભીતરમાં રહો, ભીતરમાંથી બધું જુઓ, કરો.

*

અંદરમાં માની સાથે જોડાયેલા રહેવાનું છે અને એ ઠેકાણેથી બહારની પ્રકૃતિની મુશ્કેલી દોષ ત્રુટિ વગેરે જોવાનાં છે, એ બધું જોઈને ગભરાવાનું નથી યા તો વિષાદ અને નિરાશામાં ડૂબી જવાનું નથી. આ બધાનો સ્થિર ભાવે વિરોધ કરીને માના પ્રકાશ અને શક્તિના બળ વડે એમને સુધારી લેવાનાં છે.

*

અંદરમાં બધું જ છે અને માનું કામ અંદરમાં રહેલું છે, પણ બહારના મન સાથે બંધાયેલા રહેવાથી આ બધાનું જ્ઞાન થઈ શકતું નથી. આ બાહ્ય મન જ્યાં સુધી પૂરેપૂરું પ્રકાશિત થઈ જતું નથી ત્યાં સુધી તે અંદરની સાથે એક થઈ શકતું નથી.

*

માનો પ્રેમ અને સહાય તો બધો જ વખત રહેલાં છે, એ કદી પણ ગેરહાજર હોતાં નથી.

*

માણસ જો સચેતન બનીને મુશ્કેલીનો સામનો કરતો કરતો માના ઉપર જ બધો આધાર રાખે, મુશ્કેલી જ્યારે જ્યારે આવે ત્યારે ત્યારે તેને માની શક્તિના જોરે ધીર ભાવે બહાર કાઢી મૂકતો રહે તો છેવટે જતાં તે મુશ્કેલી-ઓમાંથી મુક્ત થઈ જશે.

*

ચાલ્યું કોણ જવાનું છે? જેનામાં આંતરિક ભાવ નહિ હોય, જેને મા ઉપર વિશ્વાસ અને શ્રદ્ધા નહિ હોય, જે માની ઈચ્છા કરતાં પોતાની કલ્પનાને વધારે મોટી સમજે છે, એવા લોકો જતા રહી શકશે. પણ જે લોકોને સત્ય જોઈએ છે, જેમનામાં શ્રદ્ધા અને વિશ્વાસ છે, જેમને મા ઉપર પ્રેમ છે, તેમને માટે કોઈ રીતનો ભય નથી. એવા લોકો હજાર મુશ્કેલીઓ ઊભી થશે તોપણ તેને પાર કરી જશે, એમના સ્વભાવમાં જો અનેક દોષો હશે તો તે પણ બધા સુધરી જશે, એવા લોકોનું જો પતન થશે તોપણ તે

ફરી પાછા ઊભા થઈ ચાલવા લાગશે અને છેવટે એક દિવસ તેઓ સાધનાના અંતિમ લક્ષ્યમાં અવશ્ય પહોંચી જશે.

*

આ right attitude (સાચું વલણ) નથી. તમારી સાધના પડી ભાંગી નથી. માએ તમારો ત્યાગ કર્યો નથી. દૂર ચાલ્યાં ગયાં નથી, તમારા ઉપર નાખુશ થયાં નથી. આ બધું પ્રાણની કલ્પના છે, આવા બધા વિચારોને સાંભળવાના નથી. માના ઉપર શાંત સરળ ભાવે આલંબન લો, મુશ્કેલી-ઓથી ડર્યા વિના માની શક્તિને તમારી અંદર બોલાવો – તમે જે મેળવ્યું છે તે બધું જ તમારી અંદર પડેલું છે, અને નવી પ્રગતિ પણ થશે જ.

*

શાંત અને સચેતન રહો, માને બોલાવો, સારી સ્થિતિ પાછી આવી જશે. સમર્પણ સંપૂર્ણ થતાં વખત લાગે છે–જે ઠેકાણે તમને સમર્પણ થતું ના દેખાય તે જગ્યાને જ સમર્પણ કરો – આ પ્રમાણે કરતાં કરતાં આખરે સમર્પણ પૂર્ણ થશે.

*

હંમેશાં સ્થિર રહીને માની ઊર્ધ્વ ચેતનાને નીચે આવવા દો – એમાંથી જ બાહ્ય ચેતના ક્રમે ક્રમે રૂપાંતર પામશે.

*

શાંત ભાવે સમર્પણ કર્યે જાઓ, જે જે જૂની વસ્તુઓનું રૂપાંતર થવાની જરૂર હશે તે ક્રમે ક્રમે થતું રહેશે.

*

ભગવાનના સંતાન હોવા છતાં એવો કોઈ સાધક નથી કે જેનામાં પ્રકૃતિના નાના નાના દોષો ન હોય. આ બધાની જ્યારે ખબર પડી જાય ત્યારે તેને reject – દૂર કરી દેવાના રહે છે અને માની શક્તિનો આશ્રય વધુ ને વધુ દૃઢ ભાવે માગવાનો રહે છે. એમાંથી પછી ધીરે ધીરે ક્ષુદ્ર પ્રકૃતિના બધા દોષો નાશ પામી જશે. પણ તમારે વિશ્વાસ તેમ જ માની ઉપર આધાર રાખતું સમર્પણ તો બધા વખત અતૂટ રાખવું જ પડશે. આ બધા દોષોને સંપૂર્ણપણે દૂર કરી દેવામાં તો સમય લાગે છે. દોષો છે એમ માનીને ગભરાઈ જવાનું નથી.

*

આને લીધે ગભરાઈ ના જશો. યોગમાર્ગમાં આવી રીતની અવસ્થા આવે જ છે – જ્યારે સૌથી નીચે શરીર-ચેતનામાં તથા અવચેતનામાં નીચે જવાનો વખત આવે છે ત્યારે – અને એ ગાળો ઘણા દિવસો લગી ટકી રહી શકે છે. પરંતુ આ પડદાની પાછળ મા બેઠેલાં છે, પછીથી એ દર્શન દેશે, આ નીચલી વસ્તુઓનું રાજ્ય ઉપરના પ્રકાશના રાજ્યમાં પલટાઈ જશે, એ પ્રમાણેનો દૃઢ વિશ્વાસ રાખી બધાનું સમર્પણ કરતાં કરતાં આ મુશ્કેલીઓનો કાળ પૂરો ન થાય ત્યાં લગી આગળ ચાલતા જ રહો.

*

બહારના જગત સાથે સંબંધ તો રાખવો જોઈએ, પણ એ સંબંધ ઉપર ઉપરનો (outer surface) રાખવો એ સારું છે. તમારે તમારી અંદર માની સમીપમાં રહેવાનું છે અને ત્યાં રહ્યા રહ્યા બધું જોવાનું છે – આ જ કરવાની જરૂર છે – આ જ કર્મયોગનું પહેલું પગથિયું છે. એ પછી અંદરમાંથી માની શક્તિ દ્વારા બહારનાં બધાં કર્મો વગેરે ચલાવતા રહેવાનું છે. આ છે બીજી અવસ્થા. આ કરી શકાય તે પછી કોઈ ગોટાળો રહેવા નહિ પામે.

*

પહેલાં તો અંદરની દિશાએથી માને મેળવવાનાં છે. પછી જ્યારે બહારના અંશો પૂરેપૂરા વશમાં આવી જશે ત્યારે બહારમાં હમેશાં અનુભવ થવા લાગશે.

તમારે બધો વખત આ વસ્તુ મનમાં રાખવાની છે કે ભલે ગમે તે અવસ્થા હોય, ગમે તેટલી મુશ્કેલીઓ હોય, ગમે તેટલો વખત લાગે, પણ તમારે માના ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને ચાલવાનું છે, એમ કરશો તો તમે લક્ષ્યમાં અવશ્ય પહોંચી જશો – આમાં કોઈ પણ મુશ્કેલી, કોઈ પણ વિલંબ, કોઈ પણ ખરાબ સ્થિતિ આખરની સફળતાને અટકાવી શકવાનાં નથી.

*

આ સાધનામાં જે રીતે ચંચળતાને દૂર કરી દેવાની છે, એ જ રીતે દુ:ખને પણ કોઈ સ્થાન આપવાનું નથી. માના ઉપર આધાર રાખીને સ્થિર ચિત્તે અને શાંત પ્રસન્ન મને આગળ વધતા રહો. તમે જો માનો આશ્રય લીધો છે તો પછી દુ:ખને સ્થાન ક્યાં રહે છે? મા દૂર નથી, હંમેશાં પાસે જ છે. આ જ્ઞાન, આ વિશ્વાસ બધો વખત રાખવાનાં છે.

*

પ્રણામ અથવા તો દર્શનના વખતે માતાજીના બહારના appearance (ચહેરા)ને જોઈને તેઓ આનંદમાં છે કે દુ:ખમાં એવી રીતનું અનુમાન કરવું

યોગ્ય નથી. એમ કરવામાં લોકો માત્ર ભૂલ જ કરે છે, ખોટાં અનુમાનો જ કરે છે. માતાજી અસંતુષ્ટ છે, કઠોર છે, મને ચાહતાં નથી, દૂર રાખે છે એવી એવી ઘણી ખોટી કલ્પનાઓ કરીને માણસો નિરાશ બને છે અને એમાંથી પોતાની સાધનાને પોતે જ નુકસાન પહોંચાડે છે. આ બધું ના કરતાં સાધકે પોતાની અંદરમાં માના ઉપર, માના love (પ્રેમ) અને help (સહાય) ઉપર અટળ વિશ્વાસ રાખી પ્રફુલ્લ શાંત મને સાધનામાં આગળ વધ્યે જવાનું છે. આ પ્રમાણે જેઓ કરે છે તેમને કોઈ આપત્તિ રહેતી નથી – મુશ્કેલી આવી પડે ત્યારે, અહંકાર આવે તોપણ તે તેને અડી શકતાં નથી. એ લોકો તો કહેતા રહે છે, માતાજી બેઠાં છે, તેઓ જે કરે છે તે સારું જ છે, આ ક્ષણે હું તેમને જોઈ શકતો નથી તોપણ તેઓ મારી પાસે રહેલાં છે, મને ઘેરીને બેઠેલાં છે, મારે કોઈ રીતે બીવાનું નથી. તમારે આ જ વસ્તુ કરવાની છે, આવો ભરોસો રાખીને જ સાધના કરવી પડશે.

*

એવી અવસ્થા હોવી જોઈએ કે ચેતના અંદરની બાજુએ માતાજીની સાથે જોડાયેલી રહે અને માતાજીની શક્તિ કામ કરતી રહે, બહારની ચેતના એ શક્તિનું યંત્ર બનીને કામ કરતી રહે – પણ આ અવસ્થા પૂર્ણ રૂપે સહેલાથી બની આવતી નથી. સાધના કરતાં કરતાં આવે છે, અને ધીરે ધીરે complete (સંપૂર્ણ) થાય છે.

સૂક્ષ્મ દર્શનો – પ્રતીકો – રંગો

જેવી રીતે ધ્યાનમાં જુદી જુદી રીતનાં દૃશ્યો દેખાય છે એવી જ રીતે ધ્યાનમાં લખાણ પણ દેખાય છે. આવાં લખાણોને આપણે લિપિ અથવા આકાશલિપિ એવું નામ આપીએ છીએ. આ લખાણો બંધ આંખે દેખાય છે, તેમ જ ખુલ્લી આંખે પણ દેખાય છે.

*

આ બધાં symbols (પ્રતીકો) છે – જેમકે સફેદ ફૂલ એ ચેતનાનું પ્રતીક છે, સૂર્ય તે જ્ઞાન વા સત્યનું પ્રતીક છે, ચંદ્ર આધ્યાત્મિક પ્રકાશનું. તારા સૃષ્ટિનું પ્રતીક છે, અગ્નિ તે તપસ્યા અથવા અભીપ્સાનું પ્રતીક છે.

સોનેરી ગુલાબ = સત્યચેતનામય પ્રેમ અને સમર્પણ
સફેદ કમળ = માતાજીની ચેતના (દિવ્ય ચેતના)

*

ગાય એ ચેતના તથા પ્રકાશનું પ્રતીક છે. સફેદ ગાયનો અર્થ ઊર્ધ્વની શુદ્ધ ચેતના છે.

*

બાળક તે તમારો ચૈત્ય પુરુષ છે, તમારામાં સત્યનું તત્ત્વ તે બહાર લઈ આવે છે—રસ્તો તે higher mind (ઊર્ધ્વ મન) નો માર્ગ છે, અને તે સત્યની દિશામાં જતો હોય છે.

*

વેદના યજ્ઞમાં પાંચ અગ્નિઓ છે. પાંચ અગ્નિઓ વિના યજ્ઞ પૂર્ણ થતો નથી. આપણે એમ કહી શકીએ છીએ કે ચૈત્ય પુરુષમાં, મનમાં, પ્રાણમાં, શરીરમાં અને અવચેતનામાં આ પાંચ અગ્નિની જરૂર છે.

*

વૃક્ષ એ આંતરિક Spiritual life (આધ્યાત્મિક જીવન) છે. એના ઉપર બેઠો છે સત્યના વિજય સ્વરૂપ સોનેરી મોર, વૃક્ષના દરેક ભાગમાં ચંદ્ર આધ્યાત્મિક શક્તિનો પ્રકાશ છે.

*

માથા ઉપર એક કમળ હોય છે, એ જ ઊર્ધ્વ ચેતનાનું કેન્દ્ર છે. એ કમળ જ સંભવ છે કે ખીલવા લાગ્યું હશે.

*

પ્રાણમાં જે આધ્યાત્મિકતા પ્રગટ થવા લાગી હતી એ જ અર્ધ ચંદ્ર છે. ચન્દ્રગ્રહણ થયું હતું. લીલા રંગનો અર્થ છે શુદ્ધ પ્રાણશક્તિ. સૂર્યનો ઉદય પ્રાણની ભૂમિ ઉપર સત્ય ચેતનાનો પ્રકાશ.

*

ચન્દ્ર = અધ્યાત્મનો પ્રકાશ
હાથી = બળનું પ્રતીક
સોનાનો હાથી = સત્ય ચેતનાનું બળ
લીલો રંગ તે emotion (લાગણી)ના પ્રકાશનો રંગ

*

સૂર્યનાં અનેક રૂપો છે, અનેક રંગોવાળા પ્રકાશનાં. સૂર્ય લાલ હોય છે તેમ જ હિરણ્મય, વાદળી, લીલો ઈત્યાદિ હોય છે.

*

વાદળી = ઊર્ધ્વ મન, સૂર્યનો પ્રકાશ = Light of Divine Truth.
ચમકતો લાલ = Divine Love (દિવ્ય પ્રેમ), અથવા ઊર્ધ્વ ચેતનાની શક્તિ (Force).

*

પ્રાણની ઊર્ધ્વગામી અવસ્થા ભગવાનની તરફ, સત્યની તરફ જતી હોય છે. એ ઊર્ધ્વગામી પ્રાણચેતનામાં સત્યનો (સોનેરી રંગનો) તથા higher mind (ઊર્ધ્વ મન)નો (વાદળી રંગનો) પ્રભાવ મૂર્ત બનીને નીચે આવી ફરતો થાય છે.

*

વાદળી પ્રકાશ મારો પ્રકાશ છે, સફેદ પ્રકાશ માતાજીનો છે — જ્યારે ઊર્ધ્વ ચેતના (higher consciousness) વિશ્વમય ભાવે આધારમાં નીચે આવવાનું શરૂ કરે છે ત્યારે વાદળી પ્રકાશ કુદરતી રીતે દેખાવા લાગે છે.

*

આ છે મનની ઉપરનું ઊર્ધ્વ ચૈતન્ય. એમાંથી શાંતિ, શક્તિ, પ્રકાશ ઈત્યાદિ આવે છે—સફેદ કમળ માતાજીની ચેતના છે, લાલ કમળ મારી ચેતના છે—એમાં જ્ઞાન અને સત્યનો પ્રકાશ હંમેશાં રહેલો હોય છે.

*

Higher mind (ઊર્ધ્વ મન) નો રંગ વાદળી છે. વાદળી કમળ તે તમારી ચેતનામાં ઊર્ધ્વ મનનું ઉન્મીલન બતાવે છે.

*

સફેદ પ્રકાશ Divine consciousness (દિવ્ય ચેતના) નો પ્રકાશ છે, વાદળી પ્રકાશ higher consciousness (ઊર્ધ્વ ચેતના) નો છે — રૂપેરી જેવો પ્રકાશ આધ્યાત્મિકતાનો પ્રકાશ છે.

*

સાપ Energy (શક્તિ)નું પ્રતીક છે. ઊર્ધ્વની કોઈક Energy માથાની ઉપર higher consciousness (ઊર્ધ્વ ચેતના)માં આવી ઊભેલી છે.

*

પાણી ચેતનાનું પ્રતીક છે—એમાં જે મોજાં ઊઠતાં દેખાય છે તે ચેતનાની આકાંક્ષા કે તપસ્યા છે.

પ્રકાશ જો સફેદ પડતો વાદળી (whitish blue) હોય તો તે મારો પ્રકાશ છે — જો સામાન્ય રીતનો પ્રકાશ હોય તો તે ઊર્ધ્વ જ્ઞાનનો પ્રકાશ છે.

*

નારંગી રંગનો અર્થ Divine (ભગવાન)ની સાથે મિલન તથા અપાર્થિવ ચેતનાનો સ્પર્શ.

*

મૂલાધાર એ physical (શારીરિક)નું inner centre (આંતર કેન્દ્ર) છે. તળાવ એ ચેતનાનું એક opening (ઉદ્‌ઘાટન) અથવા formation (નિઘટન) છે. એ ચેતનામાં શ્રી અરવિંદની presence (હાજરી) તે લાલ કમળ, તથા inner physical (આંતર શારીરિક)માં પ્રેમનો ગુલાબી પ્રકાશ નીચે આવ્યાં છે.

*

સાપ હોય છે પ્રકૃતિની શક્તિ — એ મૂલાધાર શક્તિનું (physical centre) એક મુખ્ય સ્થાન છે — એ સ્થાનમાં આ શક્તિ ગૂંચળું વળેલી અવસ્થામાં સૂતેલી હોય છે. તે જ્યારે સાધના દ્વારા જાગ્રત થાય છે ત્યારે સત્યની સાથે જોડાવા માટે તે ઉપરની દિશામાં ઊંચે ચડે છે. માતાજીની શક્તિનું અવતરણ થતાં એ શક્તિમાં આ મૂલાધાર સ્વર્ણમય બની રહે છે, અર્થાત્ તે ભાગવત સત્યના પ્રકાશથી ભરાઈ જાય છે.

*

આ બધી અભિજ્ઞતાઓમાં પાર્થિવ માતા તે પાર્થિવ પ્રકૃતિ હોય છે, અને તે સામાન્ય બાહ્ય પ્રકૃતિનું માત્ર પ્રતીક જ હોય છે.

*

(Red Lotus લાલ કમળ)—The Divine Harmony, દિવ્ય સંવાદિતા.

(Blue Light વાદળી પ્રકાશ)—The Higher Consciousness (ઊર્ધ્વ ચેતના).

(Golden Temple સોનેરી મંદિર) – The Temple of the Divine Truth (દિવ્ય સત્યનું મંદિર).

*

ધીર સ્થિર રહો, એટલે તમારી બહાર પણ, તમારી બાહ્ય પ્રકૃતિમાં, તમારા જીવનમાં ધીરે ધીરે આ બધું બનશે.

*

સફેદ ગુલાબ એટલે માતાજીને પ્રેમમય સમર્પણ. એના પરિણામે આધારની અંદર સત્યના પ્રકાશનો વિસ્તાર થાય છે. સફેદ કમળ એટલે તમારા મનની ભૂમિકામાં માતાજીની ચેતના ઉદય પામી છે. નારંગી રંગના જેવો પ્રકાશ (red-gold) એ શરીરમાં પરમ સત્યની દીપ્તિ (Supramental in physical) છે.

શ્રદ્ધા – વિશ્વાસ – નિર્ભરતા

શાંત ભાવે બેસીને, માનું સ્મરણ કરીને માની પાસે પોતાની જાતને ખુલ્લી રાખો—ધ્યાનનો નિયમ આ છે.

*

બંને પ્રકારે કરવું સારું છે. જો દૂર રહ્યાં રહ્યાં સાધના કરી શકાય તેમ હોત તો એ વસ્તુ સારી જ રહેત, પરંતુ આમ બધો વખત બની શકતું નથી. પણ મૂળ વસ્તુ એ છે કે તમારે psychic (ચૈત્ય પુરુષ) માં તમારું સ્થાન દૃઢ કરી લઈને, ત્યાં તમારો અભેદ્ય કિલ્લો બનાવી દઈને સાધના કરવાની છે—અર્થાત્ સ્થિર ધીર ભાવથી માના ઉપર આધાર રાખો. અધીરા ન થતાં પ્રસન્ન ચિત્તે કહો : 'તમે જે કહો છો તે સાચું છે—મોટી મોટી મુશ્કેલીઓ નહિ, પણ હમણાં તો આ નાની નાની અપૂર્ણતાઓ જ મૂળ અંતરાય છે.' પણ આ બધું ધીરે ધીરે કરવાનું છે, અપૂર્ણતાને પૂર્ણતામાં રૂપાંતરિત કરવાની છે, એકદમ કરી નાખી શકાતું નથી. એટલે જ આ બધું જોઈને દુ:ખી વા અધીર બનવાનું નથી, માની શક્તિ જ ધીરે ધીરે એ કામ કરી આપશે.

*

સત્યનો સીધો માર્ગ અંતરમાં ખોલો. જે સમર્પણ કરેલું છે એ જ અવસ્થામાં રહી સહજ સરળ ભાવે ઉપર માની પાસે પહોંચી સત્યની સાથે જઈ મળવાનું છે, સત્યમય થઈ જવાનું છે.

*

બીશો નહિ કે ગભરાશો નહિ. યોગપથનો આ જ નિયમ છે. અંધકારની અવસ્થાને ઓળંગી જવાની છે, અને અંધકારમાં પણ શાંત રહેવાનું છે.

*

તપસ્યા તે માત્ર આટલી કે, સ્થિર રહો, માને બોલાવો. ખૂબ શાંત અને દૃઢ ભાવે અશાંતિને, નિરાશાને, કામના વાસનાને વિદાય કરી દો.

શાંતિ સત્ય વગેરે પ્રથમ તો અંદરમાં સ્થાપિત થવાં જોઈએ, તે પછી તે બહાર કાર્ય રૂપે પ્રગટ થાય છે.

*

શૂન્ય અવસ્થાથી બીઓ નહિ. શૂન્ય અવસ્થામાં જ ભાગવત શાંતિ ઊતરી આવે છે. મા તમારી અંદર સદાય રહેલાં છે — પણ તમારામાં શાંતિ,

શક્તિ, પ્રકાશ સ્થાપિત થયેલાં નથી એટલે બધો વખત આ વસ્તુની તમને ખબર રહેતી નથી.

*

આ બધું રમખાણ તમારે માટે જ થયું છે એમ સમજી લેવું એ શું એક ભારે અહંકાર નથી ? હું બહુ સારો છું, બહુ બુદ્ધિમાન છું, મારી દ્વારા જ બધું થાય છે, મારા સિવાય માનું કામ ચાલી શકશે નહિ, આ બધું એક પ્રકારનો અહંકાર છે. હું ખરાબમાં ખરાબ છું, મારે લીધે જ બધું બંધ થઈ જાય છે, ભગવાન પોતાનું કામ કરી શકતા નથી, એ વાત પણ એક ઊલટી રીતનો અહંકાર છે.

*

બધો વખત સ્થિર બની રહો — માની શક્તિને શાંત ભાવે બોલાવતા રહીને, બધો ઉદ્વેગ છોડી દઈને.

*

આ feeling (લાગણી), આ શ્રદ્ધા અને વિશ્વાસ બધો જ વખત રાખવાં જોઈએ. સાધકમાં આ જે શ્રદ્ધા અને વિશ્વાસ, faith, conviction આવે છે એ જ માની શક્તિ તરફથી મળતી મુખ્ય મદદ છે.

*

દૃઢ શાંત મને, માના ઉપર અતૂટ શ્રદ્ધા અને આલંબન રાખીને સાધના કરવાની છે. Depression (વિષાદ)ને કયારેય પણ સ્થાન આપવાનું નથી. વિષાદ આવે તો તેનો વિરોધ કરી તેને દૂર કરી દેવો જોઈએ. હું નીચ છું, અધમ છું, મારાથી કંઈ થશે નહિ, માએ મને દૂર કરી દીધો છે, હું ચાલ્યો જઈશ, હું મરી જઈશ, આ બધા વિચારો જો આવતા રહે તો જાણવું જોઈએ કે એ બધાં નિમ્ન પ્રકૃતિનાં સૂચનો છે, એ સત્યનાં અને સાધનાનાં વિરોધી છે. આ બધા ભાવોને કદી પણ આશ્રય ન આપવો જોઈએ.

*

દુ:ખી શા માટે થાઓ છો ? માના ઉપર આલંબન રાખીને સમતા રાખશો તો પછી દુ:ખી થવાનું નહિ રહેશે. માણસની પાસેથી સુખ શાંતિ અને આનંદ મેળવવાની આશા નકામી છે.

*

આ રીતની ચિંતા તથા ભય સેવવાને બદલે એ પ્રમાણેની નિશ્ચયતા અને શ્રદ્ધા રાખવી જોઈએ કે એક વાર જો માની સાથે ભીતરમાં યોગ થઈ

ગયો છે તો પછી હજારો મુશ્કેલીઓ આવે તોપણ, બાહ્ય પ્રકૃતિમાં ગમે તેટલા દોષ હોય તથા અપૂર્ણતા હોય તોપણ મારામાં માનો વિજય અવશ્ય થવાનો છે, એ સિવાય બીજું કાંઈ થવાનું જ નથી.

*

બધો વખત માના ઉપર એવી સંપૂર્ણ આસ્થા રાખવી જોઈએ કે હું એમના જ હાથમાં છું, એમની શક્તિથી બધું થવાનું છે, એટલે પછી મુશ્કેલીમાંથી દુ:ખ કે નિરાશા આવી શકશે નહિ.

*

એને લઈને મૂંઝાશો નહિ. આ વસ્તુ આખો વખત પ્રયત્નપૂર્વક મનમાં રાખવી સહેલું નથી — માની હાજરીથી જ્યારે આખો આધાર ભરાઈ જશે ત્યારે એ સ્મરણ આપોઆપ રહેવા લાગશે, ભૂલી જવાનો સંભવ રહેશે નહિ.

*

શાંત ભાવે સાધના કરતાં કરતાં આગળ વધો — દુ:ખ કે નિરાશાને સ્થાન ન આપો — છેવટે બધો અંધકાર ઓગળી જશે.

*

આવું તો બધાને જ થાય છે — હંમેશાં ઉત્તમ અવસ્થામાં રહેવું ઘણું મુશ્કેલ છે, એ માટે વખત લાગે છે — સ્થિર રહીને સાધના કરો, ગભરાઓ નહિ. વખત આવતાં બધું થશે.

*

સાધના એટલે કે મા તમારી પાસે છે, તમારી અંદર છે એમ feel (અનુભવ) કરો, મા બધું કરે છે એ પ્રમાણે અનુભવો. માની બધી વસ્તુ-ઓને ભીતરમાં receive (ગ્રહણ) કરો. આવી અવસ્થા રહેશે તો ભણવામાં મન લગાડવામાં કોઈ મુશ્કેલી નહિ રહેશે.

*

હા, આ પ્રમાણે રડવાથી નબળાઈ આવે છે. બધો વખત, બધી અવ-સ્થામાં ધીર અને શાંત રહી, માના ઉપર આધાર મૂકીને માને બોલાવો. એમ થતાં સારી અવસ્થા જલદી પાછી આવી જશે.

*

હું જે કહું છું—અને એ મેં અનેક વાર કહ્યું છે—તે ભૂલી ન જાઓ. કશા પણ ગભરાટ વિના સ્થિર શાંત ભાવે સાધના કરતા રહો. એટલે બધું ધીરે ધીરે ખરા રસ્તા પર આવી જશે. બૂમો પાડીને રડવું સારું નથી—માને શાંત ભાવે બોલાવો, એમને સમર્પણ કરો. પ્રાણ જેટલો શાંત બનશે, તેટલી જ સાધના steadily (સ્થિર ભાવે) એક રસ્તે ચાલ્યા કરશે.

ચૈત્ય પુરુષ

બાળક એ તમારો psychic being (ચૈત્ય પુરુષ) છે. જે છાતીમાંથી ઉપર નીકળીને પછી નીચે આવે છે, એ બાહ્ય પ્રકૃતિમાં રહેલી મુશ્કેલી છે. તે ભીતરના સત્યનો સ્વીકાર કરવા માગતી નથી, એને તે ઢાંકી રાખવા માગે છે.

*

એ સ્થાન પાછળના મેરુદણ્ડની અંદર છે, એ psychic being (ચૈત્ય પુરુષ)નું સ્થાન છે. તમે જે વર્ણવો છો તે બધાં psychic being (ચૈત્ય પુરુષ)નાં લખાણો છે.

*

હા, માણસની ચેતનાનું કેન્દ્ર છાતીમાં જ્યાં psychic being (ચૈત્ય પુરુષ) નું સ્થાન છે ત્યાં રહેલું છે.

*

આ સીધો પ્રકાશમય માર્ગ જ ખરો માર્ગ છે, પણ એમાં પહોંચતાં વાર લાગે છે. એક વાર આ માર્ગ ઉપર પહોંચી ગયા પછી કોઈ બીજું ખાસ કષ્ટ કે વિઘ્ન રહેતાં નથી.

*

તમે ઊંડો હૃદયનો (psychic — ચૈત્ય પુરુષનો) માર્ગ લેશો, અને બાળકની પેઠે માના ખોળામાં જઈ બેસી જશો તો આ બધી sex impulse (જાતીય વૃત્તિ) ઈત્યાદિનો હુમલો થશે તોપણ તે કાંઈ કરી શકશે નહિ. અને છેવટે તો તે આવી શકશે પણ નહિ.

*

આ વસ્તુનો જવાબ મેં પહેલાં આપી દીધો છે. ભીતરમાં રહો, ભીતરમાંથી બધું જુઓ, બહારનાં ચક્ષુથી નહિ. બાહ્ય ચેતનામાં રહેવાથી વિચારના આવરણને લીધે અનેક ભૂલ થઈ શકે છે. ભીતરમાં રહેવાથી Psychic being (ચૈત્ય પુરુષ) ધીરે ધીરે બળવાન બનતો જાય છે. Psychic being (ચૈત્ય પુરુષ) જ સત્ય જુએ છે અને બધું સત્યમય કરી આપે છે.

*

સભાનતા હોવી સારી છે — આ અગ્નિ તે Psychic fire (ચૈત્ય અગ્નિ) છે તથા જે અવસ્થાનું તમે વર્ણન કર્યું છે તે Psychic condition (ચૈત્ય અવસ્થા) છે. એમાં કોઈ અશુદ્ધ તત્ત્વ આવી શકતું નથી.

*

તમને થયેલું દર્શન બરાબર છે — Psychic consciusness (ચૈત્ય ચેતના) રસ્તા ઉપરની સત્ય ચેતનામાં રહેલી છે. એ Psychic (ચૈત્ય પુરુષ)ને કેન્દ્ર બનાવીને બધા સ્તર એકી સાથે ભગવાન પ્રત્યે વળવા લાગે છે. એ રસ્તો ઉપરની દિશામાં જાય છે — નાનું બાળક એ તમારો Psychic being (ચૈત્ય પુરુષ) છે.

*

Yes, this is the true psychic attitude. (હા, આ જ સાચું ચૈત્ય વલણ છે.) જે માણસ બધો વખત, બધી ઘટનાઓમાં આ ભાવ રાખી શકે છે તે સાધનાના માર્ગ પર સીધો ચાલ્યો જાય છે.

અહંકાર–અશુદ્ધિ–ક્ષોભ–નિરાશા

ચેતના જ્યારે વિશાળ અને વિશ્વમય થાય છે તેમ જ આખાયે વિશ્વમાં માતાજી દેખાય છે ત્યારે પછી અહંકાર રહેવા પામતો નથી. હવે પછી તો માત્ર માતાજીના ખોળામાં તમારી મૂળ સત્તા, માતાજીનું સંતાન, માતાજીનો અંશ જ રહે છે.

*

અમે તો તમારો ત્યાગ કર્યો નથી. તમારામાં જ્યારે depression (વિષાદ) ચડી આવે છે ત્યારે તમને આવું બધું લાગે છે. અવારનવાર તમે બહારની ચેતનામાં આવી જાઓ છો અને ત્યાં તમને માતાજી feel (અનુભવ) થતાં નથી. પણ એથી કાંઈ માતાજીએ તમારો ત્યાગ કરી દીધો છે એમ કહેવું બરાબર નથી. હજી વધુ ઊંડાણમાં જાઓ, ત્યાં તમને માતાજી feel (અનુભવ) થશે.

*

એનો અર્થ આ છે—સારો સાધક સારી રીતે સાધના કરતો હોય ત્યારે એ સારી સાધનામાં પણ અહંકાર, અજ્ઞાન, વાસનાની છાપ લાંબા વખત સુધી ટકી રહે છે—પણ ચેતના જ્યારે વધારે ખુલ્લી થતી થતી વિશુદ્ધ બને છે—જે રીતે તમારી થવા લાગી છે—ત્યારે આ બધું અજ્ઞાનનું મિશ્રણ હઠવા લાગે છે.

*

આ બધું પ્રાણનો નિરર્થક ગોટાળો (disturbance) છે. શાંત થઈને યોગમાર્ગમાં ચાલવાનું છે, ક્ષોભ અને નિરાશાને સ્થાન આપવાનું નથી.

*

આવી રીતની વાતોચીતોમાં પ્રાણની અનેક અશુદ્ધ ગતિ જરૂર આવી જઈ શકે છે. માતાજી તરફ અસંતોષ, બીજા લોકો ઉપર ક્રોધ, હિંસા, વિષાદ, દુઃખ આ બધું પોતામાં ન રહેવા દેવું એ સારું છે.

*

આ અવસ્થા, આવી સમજ જ સાચી છે, એ બધો વખત રાખવી જોઈએ. બીજા માણસોને તથા બનાવોને અહંકારની બુદ્ધિમાંથી ન જોતાં અધ્યાત્મ બુદ્ધિમાંથી તથા અંદરના psychic (ચૈત્ય પુરુષ)ની દૃષ્ટિમાંથી જોવાં જોઈએ.

ચેતનાની સૂરાવલિ

મૂલાધારથી માંડી પગના તળિયા સુધીનો ભાગ physical (સ્થૂલ) સ્તર કહેવાય છે, પગની નીચે અવચેતનાનું રાજ્ય છે.

*

ઉપર તેમ જ નીચે ઘણા સ્તરો આવેલા છે. પણ નીચેની બાજુએ મુખ્ય ચાર સ્તર છે, મનનો સ્તર, psychic (ચૈત્ય પુરુષનો) સ્તર, vital (પ્રાણનો) સ્તર, શરીરનો સ્તર—ઉપરની બાજુએ ઊર્ધ્વ મનના ઘણા સ્તરો આવે છે અને તે પછી વિજ્ઞાનનો સ્તર અને સચ્ચિદાનંદ આવે છે.

*

જો નીચે ઊતરો તો ત્યાં પણ શાંત રહીને માના પ્રકાશ તથા શક્તિને બોલાવીને નીચે લઈ જાઓ. નીચે તેમ જ ઉપર બંને જગ્યાએ માનું રાજ્ય સ્થાપન કરી દો.

*

ચેતના જ્યારે physical (શરીર) માં નીચે ઊતરી પડે છે ત્યારે આવી જ સ્થિતિ થાય છે. પણ એનો અર્થ એવો નહિ કે સાધનાનું બધું ફળ નકામું ગયું છે કે ઉપર ચાલ્યું ગયું છે—બધું જ રહેવાનું છે પણ આવરણની અંદર પાછળના ભાગમાં રહ્યું છે. આ obscure physical (અંધારમય શરીર) માં માની ચેતના, પ્રકાશ તથા શક્તિને નીચે લાવવાનાં છે—એ બધાં જ્યારે સ્થાપિત થઈ જશે ત્યારે પછી ફરીને આ સ્થિતિ પાછી નહિ આવે. પણ તમે જો ડગી જશો, depressed (વિષાદને વશ) થઈ જશો અથવા તમને જો એવા એવા વિચારો આવશે કે આ જીવનમાં મારાથી હવે કાંઈ થવાનું નથી, મારે માટે તો મરી જવું એ જ સારું છે ઈત્યાદિ ઈત્યાદિ, તો પછી માની પેલી ચેતના, શક્તિ તથા પ્રકાશને નીચે લઈ આવવામાં મુશ્કેલી થાય છે. માટે આ બધાંને reject (દૂર ફેંકી દઈને) માના ઉપર આલંબન રાખવું જોઈએ અને શાંત ભાવે aspire (અભીપ્સા) કરીને માને બોલાવવાં જોઈએ.

કારાવાસની કહાણી

કારાવાસની કહાણી

હું તા. ૧લી મે સને ૧૯૦૮ને શુક્રવારના રોજ 'વન્દેમાતરમ્' પત્રના કાર્યાલયમાં બેઠો હતો, ત્યાં શ્રીયુત્ શ્યામસુંદર ચક્રવર્તીએ મુઝફ્ફરપુરનો એક તાર મારા હાથમાં મૂકયો. તાર વાંચતાં મને માલૂમ પડયું કે મુઝફ્ફરપુરમાં બૉમ્બ ફેંકવામાં આવ્યો છે, અને તેથી બે મડમોનાં ખૂન થયાં છે. તે દિવસના 'એમ્પાયર' નામના અંગ્રેજી પત્રમાં એમ પણ વાંચવામાં આવ્યું કે પોલીસ કમિશ્નર કહે છે કે "આ કરપીણ કામમાં સામેલ પ્રત્યેક જણને અમે સારી પેઠે ઓળખીએ છીએ ને તે બધાને તાકીદથી હાથ કરવામાં આવશે." તે સમયે હું જાણતો ન હતો કે પોલીસના મત પ્રમાણે હું જ મુખ્ય ગુનેગાર છું, અને રાજ્યક્રાન્તિવાદી નવયુવાનોનો સલાહકાર અને ગુપ્ત નેતા મને જ માનવામાં આવે છે. હું જાણતો ન હતો કે આજનો દિવસ મારા જીવનના એક ભાગનો અંતિમ અધ્યાય છે, મારી સન્મુખ એક વર્ષનો જેલનિવાસ છે. આ સમયે જ મનુષ્ય જીવન સાથે જે કાંઈ બંધન છે, તે સર્વ છિન્ન-ભિન્ન થશે. એક વર્ષ સુધી માણસના સહવાસની બહાર પશુની માફક પિંજરામાં પુરાઈ રહેવું પડશે, અને પછીથી જયારે કર્મક્ષેત્રમાં પાછો આવીશ, ત્યારે જૂનો પરિચિત અરવિન્દ નહિ રહું; પણ એક નવો જ માણસ, નવું ચરિત્ર, નવી બુદ્ધિ, નવો પ્રાણ ને નવું મન લઈને અને એક નવા કામની જવાબદારી લઈને અલીપુર 'આશ્રમ'માંથી નીકળીશ.

મેં ઉપર 'એક વર્ષનો જેલનિવાસ' શબ્દો વાપર્યા છે, પણ તેને "એક વર્ષનો વનવાસ" અથવા એક વર્ષનો "આશ્રમવાસ" કહેવો જોઈએ. બહુ દિવસથી હું હૃદયવાસી નારાયણનાં સાક્ષાત્ દર્શન કરવાનો પ્રબળ પ્રયત્ન કરી રહ્યો હતો. મારા હૃદયમાં તીવ્ર ભાવના થયા કરતી હતી કે જગદાધાર પુરુષોત્તમને બંધુભાવથી અથવા પ્રભુભાવથી પ્રાપ્ત કરું. પણ સંસારની હજારો વાસનાઓનું બંધન, અનેક કામની જંજાળ અને અજ્ઞાનરૂપી અંધકારને લીધે સફળતા મળી શકતી ન હતી. અંતે પરમદયાળુ મંગળમૂર્તિ શ્રીહરિએ તે સર્વ શત્રુઓનો એકીસામટો જ અંત લાવી, મારો માર્ગ ખુલ્લો કરી દીધો. પ્રભુએ મને યોગાશ્રમ બતાવ્યો, અને પોતે ગુરુરૂપે, સખારૂપે તે કંગાળ કોટડીમાં આવી પ્રત્યક્ષ થયા. તે યોગાશ્રમ એટલે અંગ્રેજોની જેલ! હું મારા જીવનમાં સદા એક આશ્ચર્ય જોતો આવ્યો છું કે મારા પરમ શુભેચ્છક મિત્રો મારા પર ગમે તેટલો ઉપકાર કાં ન કરે, તો પણ તેમની સાથે સરખાવતાં મારું અહિત ઈચ્છનારાઓ – શત્રુ કોને કહું? મારે શત્રુ છે

જ નહિ – તરફથી મારા પર અધિક ઉપકાર થતો રહ્યો છે. મારું અનિષ્ટ ઈચ્છનારાઓને હાથે મારું ઈષ્ટ જ થતું રહ્યું છે! બ્રિટિશ સરકારની કોપદૃષ્ટિનું ફળ એ આવ્યું કે મને ભગવાન મળ્યા! આ લેખ પ્રકટ કરવામાં મારો ઉદ્દેશ જેલનિવાસ દરમિયાનના મારા આંતરિક જીવનનું બયાન આપવાનો નથી. આ સમયે તો એક બે ઉપર ઉપરની જ બાબતો કહેવાની ઈચ્છા છે. જેલ-નિવાસ દરમિયાનનો મુખ્ય ભાગ આરંભમાં જ પ્રકટ કરવાનું એટલા માટે ઉચિત માનું છું કે તેથી વાંચક એમ ન સમજે કે જેલમાં કેવળ કષ્ટ જ હતું. એમ નથી કહેતો કે કષ્ટ ન હતું. પરંતુ હું ખાતરીપૂર્વક કહી શકું છું કે મારો ઘણો ખરો સમય આનન્દમાંજ પસાર થતો હતો.

શુક્રવારે રાત્રે હું નચિંત મનથી સૂઈ રહ્યો હતો. પ્રભાતે લગભગ પાંચ વાગ્યે મારી બહેન ગભરાયેલી સ્થિતિમાં મારા ખંડમાં આવી, અને નામ દઈ મને બોલાવવા લાગી. હું જાગી ઊઠયો. એક ક્ષણમાં મારો નાનકડો ઓરડો હથિયાર-બંધ સિપાઈઓથી ભરાઈ ગયો. તેમાં સુપ્રિન્ટેન્ડન્ટ ક્રેગન, ૨૪ પરગણાના કલાર્ક સાહેબ, આપણા જાણીતા શ્રીમાન્ વિનોદકુમાર ગુપ્તની આનંદી અને લાવણ્યમયી મૂર્તિ, કેટલાક ઈન્સ્પેકટરો, સિપાઈ, ડિટેકટીવ અને જડતીના સાક્ષીઓ પણ હતા. તે સર્વ લોકો હાથમાં પિસ્તોલો રાખી એવી વીરતાથી દોડી આવ્યા, કે જાણે તેમને કોઈ તોપ અને બંદૂકોથી સુરક્ષિત થયેલો કિલ્લો સર કરવો હોય! મેં મારી નજરે તો જોયું નહિ, પણ પાછળથી સાંભળ્યું કે એક ગોરી ચામડીવાળાએ મારી બહેનની છાતીપર પણ બંદૂક તાકી રાખી હતી. હું બિછાનાપર બેઠો હતો, અને મારી આંખોમાં ઊંઘ ભરી હતી, તે સમયે ક્રેગન સાહેબે મને પૂછયું, "અરવિન્દ ઘોષ કોણ છે?" મેં જવાબ આપ્યો, "હું, હું જ અરવિન્દ ઘોષ છું." તે સાંભળતાં જ તેણે એક સિપાઈને મને કેદ કરવાનો હુકમ કર્યો. ત્યાર પછી ક્રેગને એક એવી અસભ્ય વાત કહી, કે તે પર અમારી વચ્ચે કાંઈ વાદવિવાદ પણ થઈ ગયો. મેં જડતીનું વૉરંટ માગ્યું, અને વાંચી તે પર સહી કરી. વૉરંટમાં બૉમ્બગોળાની વાત જોઈ હું જાણી ગયો કે આજ અહીં પોલીસ ફોજની સવારી મુઝફરપુરમાં થયેલ ખૂન બાબત આવી લાગે છે, પણ મારી સમજમાં આવી શકયું નહિ કે બૉમ્બ અથવા બીજા ફાટી નીકળે તેવા પદાર્થો મારા ઘરમાંથી મળી આવ્યા પહેલાં જ અને મારા નામનું કોઈ વૉરંટ નીકળ્યા સિવાય, મને કેમ પકડવામાં આવ્યો. પણ તે બાબતમાં મેં કાંઈ તકરાર કરી નહિ. ત્યાર બાદ ક્રેગન સાહેબના હુકમથી મારા હાથમાં હાથકડી અને કેડે દોરડું બાંધી દેવામાં આવ્યું. એક હિન્દુસ્થાની સિપાઈ તે દોરડું પકડી મારી પછવાડે ઊભો રહ્યો. તે વખતે શ્રીયુત્ અવિનાશચન્દ્ર ભટ્ટાચાર્ય અને શ્રીયુત્ શૈલેન્દ્રબાબુને સિપાઈઓ

ઉપર લઈ આવ્યા, તેમને પણ હાથમાં હાથકડી અને કેડે દોરડું બાંધેલું હતું. અર્ધા કલાક પછી કોણ જાણે કોના હુકમથી અમારા હાથની હાથકડીઓ અને કેડનાં દોરડાં કાઢી નાંખવામાં આવ્યાં. ક્રેગન સાહેબની વાતો પરથી એમ દેખાઈ આવતું, કે જાણે તે કોઈ હિંસક પ્રાણીની બોડમાં ઘૂસ્યા હોય, અને અમે બધા જંગલી, હિંસક અને સ્વભાવથી જ કાયદાનો ભંગ કરનાર માણસો હોઈએ! અમારી સાથે સારી રીતે વર્તવું, અથવા અમારી સાથે સારા માણસોની પેઠે વાત કરવી તે ક્રેગન સાહેબને નિરર્થક લાગતું હતું. પણ મારી સાથેની તકરાર પછી તે જરા શાન્ત થઈ ગયો હતો. અમારા વિષે વિનોદબાબુએ તેને શીયે વાત કરી, કે તે ઉપરથી ક્રેગને મને કહ્યું, "મેં સાંભળ્યું છે, કે તમે બી. એ. થયેલા છો. તમારા જેવા ભણેલાગણેલા લોકો આવા મકાનમાં અને બિછાના વિનાના ઓરડામાં રહે અને જમીન પર સૂઈ રહે, એ શરમાવા જેવું નથી?" મેં કહ્યું, "હું ગરીબ માણસ છું, અને તેથી ગરીબની માફક જ રહું છું." એટલે સાહેબ બહાદુર બરાડી ઊઠયા, "ત્યારે તમે પૈસાદાર થવા માટે જ આ કાવતરું રચ્યું છે કે શું!" હું ચેતી ગયો, કે દેશપ્રેમ, સ્વાર્થત્યાગ અને ઐચ્છિક ગરીબાઈનું મહત્ત્વ આ જડબુદ્ધિના અંગ્રેજને સમજાવવું મુશ્કેલ છે, તેથી મેં તેવો પ્રયત્ન પણ ન કર્યો.

આ સમયે જડતી લેવાનું કામ ચાલતું હતું. તે સવારના સાડાપાંચથી શરૂ થયું હતું, અને લગભગ સાડાઅગિયાર વાગે પૂરું થયું. પેટીઓમાં અને બહાર જે કાંઈ નકલો, પત્રો, ચિઠ્ઠીઓ, કવિતા, નાટક, પદ્ય ગદ્ય, નિબંધ, અનુવાદ વગેરે જોવામાં આવ્યું, તેમાંથી એકે વસ્તુ આ સર્વભક્ષક જડતી લેનારાઓના પંજામાંથી બચી શકતી ન હતી. જડતીના સાક્ષીઓમાં એક 'રક્ષિત' નામના ગૃહસ્થ હતા. તે જરા ઉદાસ દેખાતા હતા. તેમણે ઘણા કરુણ અવાજે મને કહ્યું, "પોલીસ અચાનક કાંઈપણ બોલ્યા ચાલ્યા વિના મને અહીં પકડી લાવેલ છે. મને જરાયે ખબર નહિ કે આવા નીચ કામમાં મારે મદદ કરવી પડશે." પોતાના સપડાવાની આ વાત રક્ષિત બાબુએ ઘણી કરુણાજનક રીતે કહી સંભળાવી. અમરનાથ નામના બીજા સાક્ષીની સ્થિતિ વળી જુદી જ તરેહની હતી. તેઓ બહુ ઉત્સાહથી એક સાચા રાજ-ભક્તની જેમ જડતીના કામમાં દોડાદોડ કરી રહ્યા હતા. કેમ જાણે તેમના જન્મનું સાર્થક જડતી લેવાના કાર્યમાં જ થતું હોય! જડતી સમયે બીજી કાંઈ ખાસ લખવા જેવી બાબત બની નહીં. ફક્ત એક નાનીશી વાત યાદ આવે છે. દક્ષિણેશ્વરની થોડી માટી એક નાના પૂઠાના ખોખામાં પડી હતી, તેની સામે કલાર્ક સાહેબ ઘણીવાર તાકીને જોઈ રહ્યા. કેમ જાણે તેમણે એક નવો ભયંકર ફાટી નીકળે તેવો પદાર્થ શોધી કાઢયો હોય! કલાર્ક સાહેબની

આ શંકા પાયા વિનાની પણ કેમ કહી શકાય? પણ અંતે નક્કી થયું કે એ તો માટી જ હતી, અને રસાયણશાસ્ત્રીની પાસે પૃથક્કરણને માટે તે મોકલવાની જરૂર ન હતી. જડતી દરમિયાન મારું કામ તો ફક્ત પેટીઓ ઉઘાડવા પૂરતું જ હતું. મને કોઈએ એકે કાગળપત્ર બતાવ્યો નહિ, કે વાંચી સંભળાવ્યો નહિ. ફક્ત અલકધારીજીનો એક પત્ર કલાર્ક સાહેબે પોતાનું મનરંજન કરવા માટે મોટેથી વાંચ્યો હતો. પ્રિય ભાઈ વિનોદ ગુપ્ત પોતાની સ્વાભાવિક લલિત ઢબે પગલાંઓ ભરી મેડી ધ્રૂજાવી રહ્યા હતા, અને એકાદ કાગળ હાથમાં આવતાં "ઘણો જરૂરી, ઘણો જરૂરી" કહી ક્રેગન સાહેબને સુપરત કરતા હતા. હું જાણી શકતો ન હતો કે ઘણો જરૂરી કાગળ કયો હતો, અને મને જાણવાની ઈચ્છા પણ ન હતી. કારણ મને ખાતરી હતી કે મારા મકાનમાં ફાટી નીકળે તેવો પદાર્થ બનાવવા સંબંધી અથવા કાવતરા સંબંધી કોઈ કાગળ હોય, તે અસંભવિત હતું.

મારા ઓરડાની બરાબર જડતી લેવાયા પછી પોલીસ અમને પાસેના ખંડમાં લઈ ગઈ. ક્રેગન સાહેબે બીજા ઓરડામાં જઈને મારાં નાનાં માશીની પેટી ખોલી, એક બે વાર તેમના પત્રો પર નજર ફેરવી, અને પછી "સ્ત્રીઓના પત્ર લેવાની કંઈ જરૂર નથી" એમ કહી, તે પત્રો ત્યાં જ રહેવા દીધા. ત્યાર પછી પોલીસ સૌથી નીચલા માળ પર આવી. ત્યાં ક્રેગન સાહેબે ચાપાણી કર્યાં. મેં પણ એક પ્યાલો કોકો અને થોડી રોટી ખાધી. ત્યાં ક્રેગન સાહેબે પોતાના રાજનૈતિક વિચારો, યુક્તિ અને તર્કથી સાબિત કરવાનું આદર્યું. હું શાન્તિથી આ મનોવ્યથા સહન કરતો બેસી રહ્યો. આપણે ઘડીભર એમ માની લઈએ, કે શરીર પર અત્યાચાર કરવો એ પોલીસની પરાપૂર્વની રૂઢિ છે. પણ મન પર પણ એવો હેવાનિયતભર્યો અત્યાચાર કરવો, એ કયા અણલખ્યા કાયદાને આધારે છે, એ સમજાતું નથી. હું આશા રાખું છું કે આપણા પરમ માન્યવર દેશહિતેચ્છુ યોગેન્દ્રચન્દ્ર ઘોષ આ બાબતમાં ધારાસભામાં પ્રશ્ન ઉઠાવશે.

નીચેના ખંડોની અને 'નવશક્તિ' પત્રના કાર્યાલયની બારીક જડતી લીધા પછી પોલીસ એક ટ્રન્ક ઉઘાડવા માટે બીજા માળ પર ગઈ. ટ્રંક 'નવશક્તિ'ના દફતરની હતી. અર્ધોકલાક માથું કૂટયા છતાં ટ્રંક ઊઘડી નહિ, ત્યારે તેને થાણાપર લઈ જવાનો ઠરાવ થયો. તેવામાં પોલીસના એક સાહેબે મકાનમાંથી એક બાઈસીકલ ખોળી કાઢી. તેના પર "કુષ્ટીયાર" રેલવે સ્ટેશનનું લેબલ લગાવેલો હતો. પછી શું બાકી રહે? તેણે તો એમ જ માની લીધું, કે કુષ્ટીયારના સાહેબને ગોળીથી ઉડાવનાર માણસની જ આ

બાઈસીકલ છે. તેથી બહુ જ આનંદમાં આવી જઈને પુરાવાના આ મહાન સાધનને તેણે સાથે લઈ લીધું.

લગભગ સાડા અગિયાર વાગે અમે અમારા મકાન પરથી નીકળ્યા. ઝાંપાની બહાર મારા માસા અને શ્રીયુત્ ભૂપેન્દ્રનાથ બસુ ગાડીમાં બેઠેલા મળ્યા. માસાજીએ પૂછયું. "કેમ? કયા ગુના માટે પકડાયા છો?" મેં કહ્યું, "મને ખબર નથી. આ લોકો મારા ઘરમાં ઘૂસી આવી મને પકડી લાવ્યા છે, મારા હાથમાં હાથકડીઓ નાંખી દીધી છે, પણ મારા નામનું કોઈ વૉરંટ મને બતાવવામાં આવ્યું નથી." મારા માસાએ હાથકડી નાંખવાનું કારણ પૂછયું. ત્યારે વિનોદબાબુ બોલ્યા, "જુઓ, આમાં મારો કોઈ દોષ નથી, તમે અરવિન્દ બાબુને પૂછો કે મેં તો સાહેબને કહી હાથકડીઓ કઢાવી હતી કે નહિ?" પછી ભૂપેન્દ્રબાબુએ મારા ગુના વિષે પૂછયું ત્યારે ગુપ્ત મહાશયે "ખૂન"ની કલમ બતાવી. તે સાંભળીને ભૂપેન્દ્રબાબુ તો સડક જ થઈ ગયા. પાછળથી મારા સાંભળવામાં આવ્યું, કે અમારા વકીલ શ્રીયુત્ હિરેન્દ્રનાથ દત્તે ગેસ્ટ્રીટમાંથી આવીને અમારી તપાસ વખતે હાજર રહેવાની માગણી કરી હતી, પણ પોલીસે તેમને પાછા ધકેલ્યા હતા.

અમને ત્રણેને થાણા પર પહોંચાડવાનું કામ વિનોદ બાબુને માથે આવ્યું. તેમણે થાણા પર પહોંચ્યા પછી અમારી સાથે બહુ સારું વર્તન ચલાવ્યું. થાણા પર પહોંચી, નાહી–ધોઈ અમે લાલ બજાર તરફ રવાના થયા. કેટલાક કલાક લાલ બજારમાં બેસાડી મૂકયા પછી અમને રાયડસ્ટ્રીટમાં પહોંચતા કરવામાં આવ્યા. સાંજ સુધી અમે તે મહા શુભસ્થાને બેસી રહ્યા. રાયડસ્ટ્રીટમાં ડિટેકટીવ કેસરી મૌલવી શમશુલ ઉલ્મા સાથે અમારે પહેલી વારની મુલાકાત થઈ, અને પરસ્પરમાં થોડો ઘણો સ્નેહ પણ બંધાઈ ગયો, તે સમયે મૌલવી સાહેબમાં અત્યારના જેટલો ઉત્સાહ ન હતો; કારણ તે સમયે તે ન હતા બૉમ્બ કેસમાં મુખ્ય તપાસ કરનાર, કે ન હતા નોર્ટન સાહેબની સાક્ષાત્ સ્મરણશક્તિ! અત્યાર સુધી રામસદય બાબુ જ આ બધા કામમાં વરના બાપ થઈને ફરતા હતા. મૌલવી સાહેબે મને ધર્મ સંબંધી મહાભારત ઉપદેશ કર્યો. જનાબ બોલ્યા, "હિન્દુ અને મુસલમાન બંને ધર્મનો મૂળ મંત્ર એક જ છે. હિન્દુના ૐ કારની ત્રણ માત્રા 'અ', 'ઉ'ને 'મ' અને કુરાનના પહેલા ત્રણ અક્ષર અ, લ ને મ એક જ છે. કારણ ભાષાશાસ્ત્રના નિયમ પ્રમાણે 'લ'ને ઠેકાણે 'ઉ' વાપરી શકાય, માટે હિન્દુ અને મુસલમાન બન્નેનો મંત્ર એક જ છે. તોપણ પોત પોતાના ધર્મને જુદો રાખવો જોઈએ. મુસલમાનો સાથે ભોજન કરવું એ હિન્દુઓ માટે પાપરૂપ છે, પણ સાચું બોલવું, એ તેમના ધર્મની ફરજ છે. સાહેબ લોકો કહે છે, કે અરવિન્દ ઘોષ ખૂની ટોળીના નાયક છે. આ વાત

હિન્દુસ્થાન માટે દુ:ખદાયક અને શરમ ભરેલી છે, પણ સાચું બોલવાથી હજી પણ બાજી હાથ રાખી શકાય તેમ છે. મને ખાતરી છે, કે અરવિન્દ ઘોષ અને બિપીનબાબુ જેવા ઉચ્ચ ચારિત્ર્યના આદમીઓ પોતાનું દરેક કામ ખુલ્લા દિલથી કબૂલ કર્યા વિના ન જ રહે." શ્રીયુત પૂર્ણચન્દ્ર લાહીડી ત્યાં હાજર હતા. તેમણે આ બાબતમાં શંકા બતાવી, પણ મૌલવી સાહેબે પોતાનું નાડું પકડી રાખ્યું. મૌલવી સાહેબની વિદ્યા, બુદ્ધિ અને ધર્મપરાયણતા જોઈ હું સાનંદાશ્ચર્ય પામ્યો. તે સમયે વધારે બોલવું તે ધૃષ્ટતા ગણાય, એમ સમજી મેં નમ્રભાવથી તેમના અમૂલ્ય ઉપદેશામૃતનું પાન કર્યા કર્યું, અને ભારે પ્રયત્ન કરી મારા હૃદયપટ પર તેની છાપ પણ પાડી દીધી. એટલા બધા ધર્મપરાયણ હોવા છતાં મૌલવી સાહેબ ડીટેકટીવની નોકરી છોડી શકતા ન હતા. તેમણે મને કહ્યું, "તમારા નાના ભાઈ બારીન્દ્રકુમારને બૉમ્બ બનાવવા માટે તમારો બગીચો વાપરવા આપવામાં તમે જબરી ભૂલ કરી છે. ડાહ્યા માણસે એવું કરવું ઠીક નહીં." એમ મેં કહ્યું, "બાગ જેમ મારો છે તેમ મારા નાના ભાઈનો પણ છે, છતાં ધારો કે મેં તેને બાગ આપ્યો, તોપણ તમે એમ કેમ કહી શકો કે, મેં તે બૉમ્બગોળા બનાવવા માટે જ આપ્યો?" તે પરથી મૌલવી સાહેબ જરા ઝંખવાણા પડી ગયા, અને બોલ્યા કે "ના, ના, મારું કહેવું તો એમ જ હતું, કે તમે કદાચ એમ કર્યું હોય." પછીથી તો આ મહાત્માએ પોતાના જીવનનો એક અધ્યાય જ અમારા આગળ શરૂ કરી દીધો, અને બોલ્યા, "જીંદગીમાં મારી જે કાંઈ નૈતિક અને આર્થિક ઉન્નતિ થઈ છે, તેનું મૂળ કારણ મારા પિતાની એક અમૂલ્ય શિખામણ છે. તે હંમેશાં કહ્યા કરતા કે "મોંએ આવેલો કોળિયો પાછો ઠેલવો નહિ." આ મહાવાકય મારી છાતીએ જડાઈ ગયું છે, અને તે પ્રમાણે ચાલવાથી જ મારી આટલી ઉન્નતિ થઈ છે." આ વાત કહેતાં મૌલવી સાહેબે મારા તરફ તીણી નજરથી જોયું. તે પરથી મને લાગ્યું, કે તે સમયે તેના મોંએ આવેલો કોળિયો હું જ હતો! સાંજે આપણા જાણીતા અને માનીતા શ્રીયુત રામસદય મુખોપાધ્યાય એકાએક ફૂટી નીકળ્યા. તેમણે અમારે માટે ઘણી લાગણી અને દયા બતાવી અને સૌને અમારા ખાવા સૂવાની બાબતમાં સંભાળ રાખવાની સૂચના કરી દીધી. થોડી વારમાં કેટલાક લોકો મને અને શૈલેન્દ્રને લાલ બજારની ચોકી પર લઈ જવા માટે આવ્યા. એ વખતે વરસાદ જોસથી વરસી રહ્યો હતો, અને પવન પણ વાતો હતો. રામસદયબાબુ સાથે ફક્ત ત્યારે જ મારે એક વાર વાતચીત થઈ, મને તે બહુ ચાલાક અને ઉદ્યોગી માણસ લાગ્યા, પણ તેમની વાતમાં કૃત્રિમતા અને ઢોંગ સાફ દેખાઈ આવતાં હતાં અને એમ જ લાગતું હતું કે જાણે તે કોઈ નાટકના

તખ્તા પર પાઠ ભજવી રહ્યા હોય! કેટલાક માણસોનાં શરીર, વચન અને રીતભાત સર્વે કૃત્રિમતાના અવતાર રૂપ હોય છે; આવા માણસો કાચા પોચાના હૃદય પર ઝટ અસર કરી શકે છે, પણ મનુષ્ય સ્વભાવને જાણવાવાળાઓ પાસે તેમની પોલ તરત જ દેખાઈ આવે છે.

શૈલેન્દ્રને અને મને લાલબજાર ચોકીમાં બીજા માળપર એક મોટા ઓરડામાં રાખ્યા. ત્યાં અમને કાંઈ ખાવાનું તો મળ્યું નહિ પણ ફક્ત પાણી આપવામાં આવ્યું. થોડીવારમાં બે અંગ્રેજો મારા ઓરડામાં આવ્યા. પાછળથી મેં જાણ્યું કે તેમાંથી એક પોલીસ કમિશ્નર હૈલિડે હતો. અમને બન્નેને સાથે જોઈ હૈલિડે સાર્જન્ટ પર ઘણો તપી ગયો અને મારા તરફ નિશાની કરી બોલ્યો, "ખબરદાર, આ માણસની સાથે કોઈ રહેવા અથવા વાત કરવા ન પામે." એટલે સાર્જન્ટે શૈલેન્દ્રને બીજા ઓરડામાં પૂરી દીધો. બધા ત્યાંથી ચાલ્યા ગયા પછી હૈલિડેએ મને કહ્યું, "આવા હિચકારા કામમાં જોડાતાં તમે શરમાતા નથી?" મેં કહ્યું, "આ કામમાં મારો હાથ છે એમ માની લેવાનો તમને શો હક્ક છે?" તે બોલ્યા, "માની લીધું નથી, હું બધું જાણું છું." મેં કહ્યું, "તમે જાણો કે ન જાણો પણ હું કદી જાણી શકું તેમ નથી કે આ ખૂન સાથે મારે કંઈ લેવા દેવા હોય." આનો કાંઈ જવાબ હૈલિડેએ આપ્યો નહિ.

રાત્રો બીજા કેટલાક સજ્જનો મને મળવા માટે પધાર્યા. તે બધા પોલીસવાળા જ હતા. તેઓ ચોક્કસ કાંઈ મતલબે આવતા હતા, પણ આજ સુધી મને તેનો પત્તો લાગ્યો નથી. હું પકડાયો તે પહેલાં દોઢ મહિના પર એક અજાણ્યો માણસ મને મળવા આવ્યો હતો. તેણે કહ્યું હતું કે, "ભાઈ સાહેબ, તમારી સાથે મારે કાંઈ પરિચય નથી, પણ તમારા પર મને ઘણો ભાવ છે, તેથી હું તમને ચેતવણી આપવા આવ્યો છું, કોનનગરમાં તમારે કોઈની સાથે કાંઈ ઓળખાણ છે? તમે કોઈવાર ત્યાં ગયા છો? અથવા તમારું એકે મકાન ત્યાં છે?" મેં કહ્યું, "મારું ત્યાં મકાનબકાન નથી, પણ એક વાર હું ત્યાં ગયો હતો ખરો અને ત્યારે કેટલાક માણસો સાથે મારે વાતચીત થઈ હતી." તેણે કહ્યું, "હું વધારે નથી કહેતો, પણ એટલું જ કહું છું, કે હવેથી તમે કોનનગરના કોઈ માણસ સાથે કાંઈ સંબંધ રાખશો નહિ. ત્યાંનાં કેટલાક હરામખોર લોકો તમારી અને તમારા ભાઈ બારીન્દ્રની વિરુદ્ધ કાવતરું રચી રહ્યા છે અને થોડા વખતમાં તમે બન્ને મુશ્કેલીમાં આવી પડશો એટલું જ હું તમને કહીશ." મેં કહ્યું, "ભાઈ, આ બધી વાત જાણવાથી મને શો લાભ? પણ તમે મારા પર આટલો ભાવ રાખો છો, તે સારુ હું તમારો પાડ માનું છું. આ બાબતમાં કાંઈ વધારે જાણવાની મારી ઈચ્છા નથી. ઈશ્વર

પર મને પૂરો ભરોંસો છે. તે મારું સદા રક્ષણ કરશે. આ બાબતમાં કાંઈ પ્રયત્ન કરવો, અથવા કાળજી રાખવી તે ફોગટ છે." આ બનાવ પછી આ વિષય સંબંધી મને કાંઈ ખબર પડી નહિ. પણ આજે રાત્રે મને ખાતરી થઈ કે મારા તે શુભેચ્છકની ચિન્તા પાયા વગરની ન હતી. એક ઈન્સ્પેકટર અને કેટલાક પોલીસે આવી મને પૂછયું, "તમે કોનનગરના મૂળ રહેવાસી છો? ત્યાં તમારું મકાન છે? ત્યાં કદી ગયા છો? જો ગયા હો તો કયારે અને શા માટે? બારીન્દ્રની કોનનગરમાં કાંઈ મિલકત છે?" આ પ્રમાણે કેટલાક પ્રશ્નો તે લોકોએ મને પૂછયા. તેમની બધી વાતનો ભેદ જાણવા માટે હું બધા સવાલોના જવાબ દેતો રહ્યો. પણ તેમાં મારું કાંઈ વળ્યું નહિ. પોલીસના સવાલો અને તેમની વાતચીત પરથી ફક્ત એટલું જ જાણવામાં આવ્યું કે પોલીસને કોઈ વાતની બાતમી મળી છે, અને તેના ખરા ખોટાપણા વિષે તપાસ થઈ રહી છે. મેં અનુમાન કર્યું કે જેમ તાઈ મહારાજ કેસની બાબતમાં લોકમાન્ય તિલકને જૂઠા, પાખંડી, દગાબાજ અને અત્યાચારી ઠરાવવાનો પ્રયત્ન કર્યો હતો, અને તે પ્રયત્નમાં સામેલ થઈ મુંબઈ સરકારે પ્રજાના પૈસાનું પાણી કર્યું હતું, તે જ પ્રમાણે અહીં પણ કોઈ લોકો અમને હેરાન કરવાની જાળ પાથરી રહ્યા છે.

રવિવારનો આખો દહાડો જેલમાં જ ગયો. અમારા મકાનની સામે એક સીડી હતી, તે પરથી એક નાની ઉમ્મરના યુવકને ઊતરતાં મેં સવારમાં જોયો. હું તેને ઓળખતો ન હતો, પણ અનુમાનથી લાગ્યું કે એ લોકો પણ આ મામલામાં પકડાયેલા હશે. પાછળથી જણાયું કે તે બધા છોકરાઓ માનિકતલ્લા બાગના હતા. એક મહિના પછી જેલમાં જ એ લોકો સાથે મારો પરિચય થયો. થોડીવાર પછી હાથમાં ધોવા માટે મને નીચે લઈ ગયા. નાહવાનું કાંઈ ઠેકાણું ન હોવાથી હું નાહી શકયો નહિ. સવારમાં મને ઊતરી ગયેલી દાળ અને ભાત ખાવા માટે મળ્યાં. મહા મુસીબતે એકાદ બે કોળિયા જેમ તેમ કરીને પેટમાં નાંખ્યા, પણ છેવટે ખાવું પડતું મૂકયું. સાંજે માત્ર ચવાણું આપવામાં આવ્યું. ત્રણ દિવસ આમ ચાલ્યું, પણ સોમવારે સાર્જન્ટદેવ મારા પર પ્રસન્ન થયા, અને મને ગુપચુપ ચા અને રોટી ખાવા માટે આપી ગયા.

પાછળથી મેં એમ પણ સાંભળ્યું કે અમારા વકીલે કમિશ્નર સાહેબ પાસે ઘેરથી ભોજન મંગાવવાની રજા માગી હતી, પણ હેલિડે સાહેબે રજા આપી નહિ. એમ પણ સાંભળવામાં આવ્યું કે અમારા વકીલ કે એટર્નીને પણ અમારી મુલાકાત લેવાની રજા આપવામાં આવી ન હતી. હું સમજી શકયો નથી કે આ પ્રમાણે કયા કાયદાને આધારે કરવામાં આવ્યું હતું.

અલબત્ત વકીલની સલાહ મળવાથી મને કેટલીક સગવડ ચોક્કસ થાત, પણ મને કાંઈ તે વિના ચાલે જ નહિ એમ ન હતું, પણ બીજા ઘણા કેસોમાં આથી અવશ્ય નુકસાન થયું છે. સોમવારે અમને કમિશ્નર સાહેબ સમક્ષ રૂબરૂ હાજર કરવામાં આવ્યા. અમને જુદી જુદી ટુકડીમાં લઈ ગયા. મારી સાથે શૈલેન્દ્ર અને અવિનાશ હતા. અમે ત્રણે અમારા પૂર્વજન્મના પુણ્યને લીધે પહેલાં એકવાર પકડાઈ ચૂકયા હતા, તેથી કાયદાની બારીકીનું થોડું ઘણું જ્ઞાન અમને થયું હતું! અને તેથી કમિશ્નર સાહેબ પાસે કોઈ પણ વાત પ્રકટ કરવાનો અમે ઈન્કાર કર્યો. ત્યાં અમને કુમાર કૃષ્ણદત્ત, મેન્યુઅલ સાહેબ અને મારા એક નાતાદાર મળ્યા. મેન્યુઅલ સાહેબે મને પૂછયું, "પોલીસના કહેવા પ્રમાણે તમારા મકાનમાંથી કેટલાક શક પડતા લેખો મળી આવ્યા છે. એવો કોઈ કાગળ હતો?" મેં જવાબ આપ્યો, "હું છાતી ઠોકીને કહી શકું છું કે એવો કોઈપણ કાગળ કે પત્ર મારા મકાનમાં હોય એ અશકય છે." હું, તે સમયે મધુપત્રિકા (Sweet Letter) અથવા ચીતરી કાઢેલા કાગળો (Scribbling)ની વાતની મને ખબર ન હતી.

મારા નાતાદારને મેં કહ્યું, "ઘેર કહી દેજો, કે કોઈ મારી ચિન્તા ન કરે. મારી નિર્દોષતા સંપૂર્ણ રીતે સાબિત થઈ જશે." મારા હૃદયમાં દૃઢ વિશ્વાસ હતો કે મારી પૂરેપૂરી નિર્દોષતા સાબિત થશે.

પહેલાં મારું મન એકાંત કેદમાં જરા જરા ડગવા લાગ્યું, પણ ત્રણ દિવસની પ્રાર્થના અને ધ્યાન કરવા પછી નિશ્ચળ શાન્તિ અને અચળ વિશ્વાસે ફરી મારી પાસે આવી સિંહાસન જમાવ્યું.

મારી કોટડી નવ ફૂટ લાંબી અને પાંચ ફૂટ પહોળી હતી. તેમાં એકે બારી ન હતી. તેની સામે લોઢાના સળિયા હતા. આ પાંજરામાં જ મારે રહેવાનું હતું. કોટડી બહાર એક પાકો ચોક અને ઈંટોની ઊંચી દીવાલો હતી. સામે લાકડાનો એક મોટો દરવાજો હતો. તે દરવાજામાં માણસની આંખની ઊંચાઈએ નાનાં નાનાં ગોળ કાણાં હતાં. દરવાજો બંધ હોય ત્યારે પહેરાવાળા તે કાણાંમાંથી કેદીની હિલચાલ જોયા કરતા. પણ મારા ચોકનો દરવાજો તો હંમેશાં ઉઘાડો જ રહેતો. આવી જાતની છ કોટડીઓ પાસે પાસે હતી. તે કોટડીઓને "ડિક્કી" કહેવામાં આવે છે. "ડિક્કી"નો અર્થ 'ભારે સજાવાળાની કોટડી' એવો થાય છે. ન્યાયાધીશ તથા જેલ સુપ્રિન્ટેન્ડન્ટના હુકમ પ્રમાણે જે લોકોને એકાંત કેદની શિક્ષા થતી હતી, તેમને આ નાની નાની કોટડીઓમાં રહેવું પડતું હતું. એકાંત કેદમાં પણ વધારે ઓછી શિક્ષા થતી. જેમને વધારે શિક્ષા થતી, તેમનો આગલો દરવાજો બંધ કરવામાં આવતો, એટલે તેઓ માણસના સહવાસથી તદ્દન અલગ રહેતા. ફક્ત પહેરા-

વાળાઓ અને બે વાર ખાવાનું આપવા આવનાર કેદી સિવાય તેમને આ દુનિયા સાથે કંઈ સંબંધ ન હતો. હેમચન્દ્રદાસને છૂપી પોલીસવાળાઓએ મારા કરતાં વધારે ભયંકર માણસ તરીકે ઓળખાવ્યા હતા તેથી તેમને આ જાતની સજા આપવામાં આવી હતી. અને વળી બાકી રહી જતું હોય તેમ, આવી એકાંત કેદમાં પણ હાથમાં હાથકડી અને પગમાં બેડીઓ પહેરાવવામાં આવતી હતી. આવી સજા ફક્ત કજિયો, તોફાન કરનારને જ આપવામાં આવતી ન હતી, પણ જે લોકો જેલનું કામ કરવામાં બેપરવાઈ રાખતા હતા તેમને પણ આવી શિક્ષા મળતી. કેસ ચાલ્યા પહેલાં એકાંતવાસની સજા ભોગવતા કેદીને આવું દુ:ખ આપવું તે નિયમ વિરુદ્ધ છે, પણ 'સ્વદેશી' અને 'વંદેમાતરમ્'વાળા કેદીઓને નિયમ બહાર ગણવામાં આવે છે, અને તેમની બાબતમાં બધી ગોઠવણ પોલીસની મરજી મુજબ કરવામાં આવે છે.

અમને ગાડીમાં બેસાડી થોર્નહિલ સાહેબની કચેરીમાં અલીપુર લઈ ગયા. અમારી ટોળીમાં નિરાપદ, દીનદયાળ, હેમચન્દ્રદાસ વગેરે હતા. તે બધામાં હું ફક્ત હેમચન્દ્રદાસને જ ઓળખતો હતો, કેમ કે હું એકવાર મેદનીપુરમાં તેમને ત્યાં ઊતર્યો હતો. તે વખતે કોણ જાણતું હતું કે તેમની સાથે ફરીથી મુલાકાત કેદીની અવસ્થામાં જેલના રસ્તા પર થશે? અમે અલીપુરના મૅજિસ્ટ્રેટની કચેરીમાં તો ગયા, પણ અમને મૅજિસ્ટ્રેટ સાહેબનાં દર્શન થયાં નહિ, કારણ કે લોકો અમારે માટે અંદરથી હુકમો લખાવી લખાવીને બહાર લઈ આવતા હતા. અમે પાછા જવા માટે ગાડીમાં બેસતા હતા, એવામાં એક ગૃહસ્થ મારી પાસે આવ્યા, અને મને કહ્યું, "મેં સાભળ્યું છે કે આ માણસોએ આપને એકાંત કેદમાં રાખવાની ગોઠવણ કરી છે, અને તે માટેનો હુકમ પણ લખાઈ ગયો છે. હવે તમને કોઈની સાથે મુલાકાત કરવા દેવામાં આવશે નહિ, માટે તમારે ઘેર કોઈને કંઈ પણ કહેવરાવવું હોય, તો મને કહો, એટલે હું ઘેર સમાચાર પહોંચાડી દઈશ." મેં તેનો ઉપકાર માન્યો પણ મારે જે કંઈ કહેવરાવવાનું હતું, તે તો મેં મારા નાતાદાર સાથે કહેવરાવી દીધું હતું, તેથી મારે તેને કાંઈ કહેવાનું ન હતું. મારી તરફ મારા દેશબંધુઓની લાગણીના એક દાખલારૂપે આ બનાવ લખ્યો છે.

કચેરીમાંથી જેલમાં પાછા લાવી અમને ત્યાંના અધિકારીઓને હવાલે કરવામાં આવ્યા. જેલમાં લઈ જતા પહેલાં અમને નવડાવવામાં આવ્યા હતા. જેલનાં કપડાં પહેરાવી અમને બાંડિયાં અને ધોતિયાં ધોવા લઈ ગયા. ચાર દિવસ પછી નાહવાથી અમને સ્વર્ગનું સુખ મળ્યું હોય તેમ લાગતું હતું. નાહ્યા પછી અમને પોતપોતાની કોટડીમાં પહોંચાડવામાં આવ્યા. હું અંદર પેઠો કે તરત જ મારી નાની કોટડી બંધ કરી દેવામાં આવી. અલીપુર

જેલમાં હું તા. ૫મી મે એ દાખલ થયો, અને તેમાંથી બરાબર એક વર્ષને એક દિવસે તા. ૬ ઠી મેએ છૂટો થયો.

અમને રહેવા માટે આવું સરસ ઠેકાણું મળી ગયું, છતાં આપણી માયાળુ સરકારે અમારી તે સિવાયની મહેમાનગીરી કરવામાં પણ કંઈ મણા રાખી નહિ. અમારી માલમિલકતમાં એક થાળી અને વાટકો હતાં, તે ચોકની શોભામાં અજબ વધારો કરી રહ્યાં હતાં. તે થાળી અને વાટકાને જયારે માંજવામાં આવતાં હતાં ત્યારે તેની ચોકખાઈ જોઈ દિલ ખુશ થતું હતું, અને તેના પવિત્ર ચળકાટને દૈવી બ્રિટિશ રાજયની ઉપમા આપી, હું રાજય ભક્તિનો એક જાતનો નિર્મળ આનંદ અનુભવતો હતો. ફક્ત વાંધો એટલો જ હતો કે મારો આ આનંદ જોઈ થાળી પણ ખુશાલીમાં આવી જતી, અને તેને આંગળી અડકાવવા જતો ત્યાં તો અરબસ્તાનના ફકીરોની માફક ઘૂમાઘૂમ કરી નાંચવા માડતી. ત્યારે એક હાથે થાળી પકડવી, અને બીજે હાથે ખાવું, એ સિવાય છૂટકો ન થતો. નહિ તો થાળી કૂદાકૂદ કરી જેલના મુઠ્ઠીભર અમૂલ્ય અન્નને લઈ ભાગી જવાનું કરતી.

થાળી કરતાં વાટકો વધારે વહાલો હતો, ને ઉપયોગી પણ હતો. તે વાટકો જડ પદાર્થોમાં બ્રિટિશ સિવિલિયન જેવો હતો. કારણ કે દરેક સિવિલિયન જેમ સ્વાભાવિક રીતે જ દરેક કામમાં પારંગત અને દરેક કામને માટે લાયક હોય છે – ન્યાયાધીશ, કલેકટર, પોલીસ અમલદાર, મ્યુનિસિપાલિટીનો પ્રમુખ, શિક્ષક, ધર્મોપદેશક, ફાવે તે બનાવો, ફક્ત કહેવાની જ વાર છે; તે જ પ્રમાણે વળી આપણા સિવિલિયન સાહેબ એકી વારે તપાસ ચલાવનાર, કેસ માંડનાર, ન્યાય ચૂકવનાર, અને કોઈ કોઈ કેસોમાં તો વાદી તરફના સલાહકાર અને પ્રીતિભોજન આપનાર, સર્વ કાંઈ થઈ શકે છે, – તે જ પ્રમાણે મારો પ્રિય વાટકો પણ હતો. તે વાટકો ભેદભાવ રાખવામાં કંઈ સમજતો જ નહિ. જેલમાં આવતાં વાર જ તે વાટકાવતી મેં હાથપગ ધોયા, તેમાં પાણી લઈને મોં ધોયું, અને નાહ્યો. થોડીકવાર પછી જમવા બેઠો, ત્યારે તે જ વાટકામાં મને શાક અથવા દાળ આપવામાં આવ્યાં, પછી તે જ વાટકામાં લઈ પાણી પીધું અને મોં પણ તેનાથી જ ધોયું. આવી જાતની અમૂલ્ય ચીજ જેનાથી સર્વ કામ સરી શકે, તે તો અંગ્રેજ સરકારની જેલમાંજ મળવી સંભવિત છે. આ વાટકો સાંસારિક બાબતોમાં ઉપયોગી થવા ઉપરાંત મારી યોગ-સાધનાનું પણ એક કારણરૂપ હતો. સૂગ છોડવા માટે આવો મદદગાર અથવા ઉપદેશક કયાં મળી શકે છે? એકાંત કેદ પછી જયારે અમને બધાને એક સાથે રાખવામાં આવ્યા ત્યારે આપણા આ સિવિલિયન

(વાટકો)ની પણ કેટલીક સત્તા ઓછી કરવામાં આવી. ત્યારે અમારે માટે શૌચ સારુ એક જુદા વાસણની ગોઠવણ કરવામાં આવી.

એક માસ સુધી આ વાટકા મારફત મને ફરજિયાત રીતે સૂગ જીતવાનું શિખવવામાં આવ્યું. શૌચની બધી ગોઠવણ આ સૂગ જીતવા માટે જ કરવામાં આવી હતી, એમ કહી શકાય. હું ઉપર કહી ગયો છું કે એકાંત કેદમાં એક ખાસ શિક્ષા છે. તે શિક્ષાનો સિદ્ધાંત ખુલ્લું આકાશ અને માણસનો સહવાસ એ બે બાબતોથી અલગ કરવાનો છે. કોટડીની બહાર શૌચની ગોઠવણ કરવાથી કદાચ આ સિદ્ધાંતનો ભંગ થાય; તેથી કોટડીમાં જ ડામરની રંગેલી બે ટોપલીઓ મૂકવામાં આવી હતી. સવાર સાંજ ભંગી આવી તે ટોપલીઓ સાફ કરી જતો અને માથાફોડ કરીએ તથા વારંવાર ટોકયા કરીએ, તો બીજી વખતે આવીને પણ સાફ કરી જતો, પણ મુકરર કરેલા વખત સિવાય પાયખાને જવાથી પ્રાયશ્ચિત્ત રૂપે કેટલાક કલાક દુર્ગંધ સહન કરવી પડતી. બીજી વાર એકાંત કેદ મળી ત્યારે આ બાબતમાં કંઈક સુધારો થયો હતો. પણ અંગ્રેજોની સુધારો કરવાની ઢબ જૂની વાતનો સિદ્ધાંત કાયમ રાખી ફક્ત કામ કરવાની રીતમાં જ થોડો એક ફેરફાર કરવો તેવી છે. એ વાત કહેવાની કંઈ જરૂર લાગતી નથી, કે એવી નાની કોટડીમાં શૌચની ગોઠવણ રાખવાથી કાયમને માટે સાધારણ અને જમવા વખતે તથા રાત્રે વધારે હેરાનગતિ ભોગવવી પડતી. હું જાણું છું કે સૂવાના ઓરડામાં પાયખાનાની ગોઠવણ હોવી, એ વિલાયતી સુધારાનો એક ઉપયોગી ભાગ છે, પણ એક નાની કોટડીમાં સૂવું, ખાવું અને પાયખાને જવું, એ ત્રણે બાબતો સાથે રાખવી, એ તો હદપારનો સુધારો છે. ખરાબ ટેવો પડી ગયેલી હોવાથી આપણે હિન્દવાસીઓને માટે સુધારાના આ શિખરે પહોંચવું, તે બહુ મુશ્કેલીની વાત છે.

અમારા સામાનમાં બીજી પણ કેટલીક ચીજો હતી. નાહવા માટે એક ડોલ હતી અને પાણી માટે એક પીપ આપવામાં આવ્યું હતું. તે સિવાય જેલના બે કામળા હતા. નાહવાની ડોલ ચોકમાં જ રહેતી અને હું ત્યાં જ નાહતો. મારા સદ્‌ભાગ્યે મને શરૂઆતમાં પાણીની કાંઈ મુશ્કેલી ન હતી, પણ પાછળથી તે મુશ્કેલી પણ ભોગવવી પડી, શરૂઆતમાં પાસેની ગૌશાળાની ચોકી કરનાર કેદી નાહવાની વખતે મારી મરજી મુજબ ડોલમાં પાણી ભરી દેતો હતો, જેલની તપશ્ચર્યામાં નાહવાને વખતે દરેક કેદીને મોજમજાની ઈચ્છા તૃપ્ત કરવાનો વખત મળતો હતો, પણ બીજા કેદીઓના નસીબમાં તે પણ ન હતું. તેમને એક ડોલ પાણીમાં જ શૌચ, નાહવું અને વાસણ માંજવાં એ ત્રણે કામ ઉકેલવાં પડતાં. અમે કાચા કેદીઓ હતા તેથી અમને કંઈ

વધારે મોજ કરવાની છૂટ હતી. બીજા કેદીઓ ફક્ત બે ચાર વાટકા પાણીથી જ નાહવા પામતા. અંગ્રેજો એમ માને છે કે પ્રભુપ્રેમ અને શારીરિક સ્વચ્છતા બન્ને સરખા અને દુર્લભ ગુણો છે. આ પ્રજાકીય માન્યતા જાળવી રાખવા ખાતર અથવા વધારે મોજ કરવાથી કેદીઓની તપશ્ચર્યાનો ભંગ ન થાય તે ખાતર, જેલમાં નાહવાની ગોઠવણ આ પ્રમાણે રાખી હતી. આ બેમાં મુખ્ય કારણ કયું છે, તે નક્કી થવું અસંભવિત છે.

કેદીઓ આ જાતના નાહવાને મશ્કરીમાં "કાગ–નાહવણ" કહેતા હતા. માણસને કદાપિ સંતોષ થતો નથી, એ વાત કંઈ ખોટી નથી. નાહવાના કરતાંયે પીવાના પાણીની ગોઠવણ તો ચડી જાય તેવી હતી. તે વખતે ઉનાળો ચાલતો હતો. મારી નાની કોટડીમાં હવાને દાખલ થવાની પૂરી મનાઈ હતી, પણ મે મહિનાનો સખત તાપ ખલેલ વિના તેમાં પેસી જતો હતો અને થોડીવારમાં મારી નાનકડી કોટડી સળગતી ભઠ્ઠીના જેવી ધગી જતી. આ ભઠ્ઠીમાં તવાતી વખતે તરસ છિપાવા લોઢાના પીપનું ઊનું આંધણ જેવું પાણી પીધા સિવાય બીજો રસ્તો ન હતો. હું વારેવારે તે પીતો. તેથી તરસ તો ક્યાંથી છીપે? પણ પરસેવો નીકળવા માંડતો હતો, અને તરસે જીવ જવા માંડતો. કોઈ કોઈના ચોકમાં એક માટીનો ઘડો રાખવામાં આવતો. તે લોકો તેને પોતાના પૂર્વજન્મની તપશ્ચર્યાનું ફળ માની, પોતાને ભાગ્યશાળી માનતા હતા. એવી દશામાં ગમે તેવો પુરુષાર્થવાદી હોય, તેને પણ નસીબ પર જ વિશ્વાસ રાખવો પડતો હતો. કોઈકોઈને સારે નસીબે ઠંડું પાણી પીવા મળતું, ત્યારે કેટલાકની તરસ પણ છીપે તેવું ન હતું. આ બધું નસીબમાં લખ્યું હોય, તે પ્રમાણે થતું. કારણ જેલના નોકરો તો કાંઈ પણ ભેદ રાખ્યા સિવાય પીપ અને ઘડા વહેંચી આપતા હતા. મને પોતાને આ પાણીની મુશ્કેલીથી દુ:ખ થતું હશે કે નહિ થતું હોય પણ મારી આવી મુશ્કેલી જોઈ જેલના ડૉક્ટરને કાંઈક લાગી આવ્યું. તે મારે માટે એક ઘડો મંગાવવાની તરખડમાં પડયો. પણ તે વાત તેના હાથમાં ન હતી, તેથી ઘણા દિવસો સુધી તેનાથી કાંઈ થઈ શક્યું નહિ. છેવટે તેના કહેવાથી એક 'બેવકૂફ' જમાદારે એક ઘડો શોધી કાઢયો, પણ ઘડો મળે તે પહેલાં તો મેં બહુ દિવસો સુધી ઘોર યુદ્ધ કરીને તરસને જીતી લીધી હતી. આ ગરમ કોટડીમાં જેલના બે કામળા મને બિછાના માટે મળ્યા હતા. મારી પાસે એકેય ઓશીકું ન હતું, તેથી એક કામળાને સંકેલી, મેં મારું ઓશીકું બનાવ્યું અને બીજાની પથારી બનાવી. જ્યારે ગરમીની પીડા અસહ્ય થતી, ત્યારે હું જમીન પર ચત્તોપાટ સૂઈ જઈ કાંઈક આસાએશ મેળવતો. ભૂમાતાના શીતળ ખોળાનો સ્પર્શ કરવામાં કેટલો બધો આનંદ રહેલો છે તેનો અનુભવ મને ત્યારે જ થયો. પણ જેલની ભૂમાતાનો સ્પર્શ

એવો કાંઈ કોમળ ન હતો. તેથી ઊંઘમાં ખલેલ પડતી અને છેવટ કામળાનો આશ્રય લેવો પડતો. કોઈ દિવસ વરસાદ પડતો ત્યારે ખૂબ મઝા પડતી પણ તેમાં મોટી પીડા એ હતી કે, વરસાદ અને વાવાઝોડાને લીધે પુષ્કળ ધૂળ, પાંદડાં અને તણખલાં વગેરે તાંડવ નાચ કરતાં કરતાં મારા પાંજરામાં આવી પાણી ઉપર આમતેમ તરવા લાગતાં, ત્યારે રાત્રે ભીનો કામળો લઈ કોટડીના ખૂણામાં ભરાઈ જવા સિવાય બીજો આરો ન હતો. કુદરતની આ લીલા પૂરી થયા પછી પણ પાણીથી ભીંજાયેલી જમીન સુકાઈ ન જાય ત્યાં સુધી ઊંઘની આશા છોડી, વિચારનો આશ્રય લેવો પડતો. કારણ જ્યાં ટોપલી મુકાતી, તે એક જ જગા કોરી રહેતી પણ ત્યાં કામળો પાથરવાની મરજી થતી નહિ. આ બધી અડચણો પડવા છતાં હું વરસાદ અને વાવાઝોડાને વધાવી લેતો હતો, કારણ ઘણી ચોખ્ખી હવાનો સંચાર થવાથી કોટડીની ગરમી દૂર થઈ જતી. મેં અલીપુરની સરકારી હોટેલનું જે વર્ણન કર્યું છે અને આગળ જતાં પણ કરીશ તે મારી હેરાનગતિનાં રોદડાં રડવા માટે નથી, પણ એ બતાવવા માટે છે કે સુધરેલા ગણાતા બ્રિટિશ રાજ્યમાં કાચા કેદીઓ સાથે કેવું અજબ પ્રકારનું વર્તન ચલાવવામાં આવે છે અને તેથી નિરપરાધી લોકોને કેવી હાડમારીઓ વેઠવી પડે છે!

મેં બતાવી તે બધી હાડમારીઓ ખરેખર મોજૂદ હોવા છતાં મને ફક્ત બે એક દિવસ હેરાનગતિ લાગી, પણ ત્યાર પછી—શાથી તે આગળ લખીશ—મારું મન આ બધાં દુખોની પાર થઈ પીડા ભોગવવા સમર્થ થઈ ગયું. તેથી જ્યારે જ્યારે મને જેલ યાદ આવે છે, ત્યારે ત્યારે શોક થવાને બદલે મને ફક્ત હસવું જ આવે છે. શરૂઆતમાં જ્યારે જેલનો વિચિત્ર પોશાક પહેરાવી મને પાંજરામાં બેસાડવામાં આવ્યો, ત્યારે પણ મારા મનમાં આવી જ લાગણી ઉત્પન્ન થઈ હતી. હું તે જોઈને મનમાં ને મનમાં હસવા લાગ્યો. હું અંગ્રેજ લોકોનો ઈતિહાસ અને તેમના આજકાલના ઢંગ જોઈને તેમની વિચિત્ર અને ભેદભરી રીતભાતને પહેલેથી જ પામી ગયો હતો. તેથી મારા તરફ તે લોકોનું આવું વર્તન જોઈને મને કાંઈ આશ્ચર્ય કે દુઃખ થયું નહિ. સાધારણ દૃષ્ટિએ જોતાં અમારી સાથે તેમણે આવું વર્તન ચલાવ્યું તે ઘણું નિંદ્ય અને હલકું ગણાય. અમે બધા ખાનદાન કુટુંબના નબીરા હતા. ઘણા મોટા મોટા જમીનદારોના દીકરા હતા. કેટલાએ વંશ, વિદ્યા, ગુણ અને ચારિત્ર્યમાં ઈંગ્લાંડના ઊંચામાં ઊંચા દરજ્જાના માણસોના સમોવડિયા હતા. સ્વદેશ માટે પરદેશી રાજ્યના નોકરો સાથે લડાઈની તૈયારીઓ કરવી અથવા લડાઈનું કાવતરું રચવું એવો અમારા પર આરોપ હતો. વળી ઘણાયે માણસોનું દોષિત સાબિત થવું અસંભવિત હતું કારણ ફક્ત પોલીસની શંકા પરથી જ અમને પકડવામાં

આવ્યા હતા, આવા સંજોગોમાં અમને ચોરલૂંટારાની માફક પાંજરામાં પૂરી, પશુઓ પણ ન ખાય તેવો ખોરાક આપવાથી, પાણીનું દુ:ખ, ભૂખ, તરસ, તડકો, વરસાદ, ગરમી વગેરે સહન કરાવવાથી બ્રિટિશ અમલદારો અને બ્રિટિશ પ્રજાની આબરૂમાં કાંઈ વધારો થયો નથી. પણ તે તો તેમનો પ્રજા તરીકેના લક્ષણનો દોષ છે. અંગ્રેજોના શરીરમાં ક્ષત્રિયોચિત ગુણ હોવા છતાં પોતાના શત્રુ અથવા વિરોધીઓની સાથે વર્તતી વખતે તે લોકો પાકા વાણિયા જ બની જાય છે.

મારા મનમાં એકે વાતનો કંટાળો આવ્યો જ નહિ. પણ મને એ જોઈને આનંદ થયો કે મારામાં અને મારા દેશના સાધારણ અભણ માણસોમાં કાંઈ તફાવત ગણવામાં આવ્યો ન હતો. આ બધી વાતોની માતૃભૂમિના પ્રેમમાં આહુતિ આપી, મેં તે વખતને યોગસાધના અને દ્વન્દ્વ ભાવનો જય કરવાનો અપૂર્વ અવસર માની લીધો. વળી પ્રજાસત્તાક રાજ્ય અને ગરીબ તથા પૈસાદાર સૌનો સમાન હક્ક એ બે બાબતો અમારા રાજકીય મતમાં મુખ્ય હતી. તે મતને આચારમાં ઉતારવાના ઈરાદાથી રાષ્ટ્રીય મહાસભા માટે સુરત જતી વખતે અમે બધા ગાડીના ત્રીજા વર્ગના ડબામાં બેઠા હતા, અને ઉતારા માટે પણ નેતાઓએ પોતપોતાની અલાયદી ગોઠવણ ન કરતાં બધાની સાથે જ મુકામ નાંખ્યો હતો. પૈસાદાર અને ગરીબ, બ્રાહ્મણ, વૈશ્ય અને શૂદ્ર, બંગાળી, મરાઠા, પંજાબી અને ગુજરાતી—સર્વ ભાઈચારાથી એકઠા રહેતા હતા, જમીન પર સૂતા હતા, દાળ, ભાત, દહીં ખાતા હતા, બધી રીતે પૂરા સ્વદેશી હતા. કલકત્તા અને મુંબઈના વિલાયત જઈ આવેલા લોકો અને મદ્રાસના ટીલાંવાળા બ્રાહ્મણો દૂધમાં સાકરની માફક ભળી ગયા હતા. આ અલીપુરની જેલમાં રહેતી વખતે મારા દેશના કેદી—ખેડૂત, લુહાર, કુંભાર, ઢેડ વગેરે સૌને સરખો ખોરાક, સરખું રહેવાનું, સરખું સુખદુ:ખ, સરખું માન-અપમાન મળતું જોઈને મને લાગ્યું, કે આ સમાનવાદ, આ એકતા અને આ આખા દેશમાં ફેલાઈ ગયેલ ભાઈચારાની મારફત સૌના અંત:કરણમાં વસી રહેલ નારાયણ મારી જિંદગીને સાર્થક કરી રહેલ છે. મારી સાથેના કેદીઓ અને બીજા કેદીઓનું માયાળુ વર્તન અને સરકારી અમલદારોએ જેલમાં કરેલ આવી સંકોચવાળી ગોઠવણ જોઈને હૃદયમાં તે પવિત્ર દિવસનું ભાન જાગ્યું કે જે દિવસે માતૃભૂમિરૂપી જગદંબાના પવિત્ર મંડપમાં દેશના એકેએક દરજ્જાનાં માણસો ભાઈચારાથી એક પ્રાણ થઈ દુનિયાની સામે ઊંચું માથું રાખી ઊભા રહેશે તે દિવસનો વિચાર આવતાં હું વારંવાર આનંદમાં આવી જતો. થોડા દિવસ પર મેં જોયું કે પુનાના 'ઈન્ડીઅન સોશીયલ રીફોર્મર' નામના પત્રે મારું એક સાધારણ વાક્ય "આજકાલ જેલમાં પ્રભુ-

પ્રેમ વધારે દેખાય છે" તે પર મશ્કરી ઉડાવી હતી. અફસોસ! માનના ભૂખ્યા, અલ્પ-જ્ઞાન તથા લગીર સદ્‌ગુણ ધરાવનાર માણસોનાં અભિમાન અને અહંકાર પર શોક થાય છે. જેલમાં, ઝૂંપડીમાં અને આશ્રમમાં વસતા દુ:ખિયાંનાં હૃદયમાં જો પ્રભુપ્રેમનો પ્રકાશ ન થાય તો શું ધનિકોના વિલાસભવનોમાં અથવા સુખની પાછળ ફાંફાં મારનાર, સ્વાર્થમાં અંધ બની ગયેલા, દુનિયાદારી માણસોના ગાદીતકિયામાં તેનો પ્રકાશ હોવો સંભવિત છે? ઈશ્વર વિદ્વતા, આબરૂ, માનઅકરામ અને ઉપરની ટીપટીપ જોતો નથી. તે તો દુ:ખિયા પાસે દયાળુ માના રૂપમાં પ્રકટ થાય છે. જે લોકો માણસ માત્રમાં, દેશબંધુઓમાં, દીનદુ:ખી લોકોમાં, ગરીબોમાં, પાપીઓમાં અને અધમ આચરણ કરનારાઓમાં પણ પ્રભુને જુએ છે અને તે પ્રભુની સેવામાં પોતાનું જીવન અર્પણ કરે છે, તેમના હૃદયમાં પ્રભુ વાસ કરે છે અને જે લોકો કોઈ અવનતિમાં આવી પડેલ દેશની સેવા કરે છે, તે લોકોના એકાંત કેદખાનામાં પ્રભુપ્રેમનો પ્રકાશ હોવાનો વધારે સંભવ છે.

જેલર આવીને જ્યારે કામળા અને થાળીની ગોઠવણ કરી ગયો ત્યારે હું તે કામળા પર બેસી જેલના દેખાવો જોવા લાગ્યો. લાલબજારના કેદખાના કરતાં આ એકાંતકેદની કોટડી સારી લાગતી હતી. લાલબજારનો ઓરડો બહુ મોટો હોવાથી એકાંતના વિસ્તારમાં ઉમેરો થતો હતો, પણ આ નાનીશી કોટડીની દીવાલો મારી પાસે મને ભેટવા આવતી હોય એમ મને લાગતું! લાલ બજારના બીજામાળના ઓરડાની ઊંચી ઊંચી બારીઓમાંથી આકાશ દેખાતું હતું. પણ અહીં ચોકનો દરવાજો ઉઘાડો રહેતો હતો, જેથી સળિયાની અંદર બેઠાં બેઠાં જેલની બહારનું ખુલ્લું મેદાન અને આવતા જતા કેદીઓ દેખાતા હતા. ચોકની ભીંત પર એક ઝાડ હતું. તેની લીલી ઘટા મારી આંખો અને હૃદયને ઠારતી હતી. "ડિક્કી"ની છ કોટડીઓની સામે પહેરેગીર ફર્યા કરતો હતો. અનેકવાર તેનાં મોં અને પગલાંનો અવાજ વહાલસોયા સગાના જેવો પ્રિય લાગતો હતો.

પાસેની ગૌશાળાના કેદીઓ મારી કોટડીની સામે થઈને ગાયોને ચરાવવા લઈ જતા. મને ગાયો અને ગોવાળિયા જોવામાં દરરોજ મજા પડતી. અલીપુરની જેલમાં હું એક અપૂર્વ પ્રેમનો પાઠ શીખ્યો. અહીં આવ્યા પહેલાં મારો પ્રેમ બહુ થોડા માણસોમાં બંધાઈ ગયો હતો, અને પશુપક્ષીઓની તરફ પ્રેમનો ઝરો બિલકુલ વહેતો જ ન હતો. મને યાદ છે કે રવીન્દ્રબાબુની એક કવિતામાં ભેંસના તરફ ગામડાંનાં બાળકોના ગાઢ પ્રેમનું બહુ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. તે કવિતા વાંચી ત્યારે હું તેનો ભાવ ઝીલી શકયો નહોતો, અને મને તે વખતે તેમાં અતિશયોક્તિ અને અસંભવિતતા લાગતાં હતાં. પણ

હવે તે કવિતા વાંચતાં મારા મનમાં જુદી જ જાતની લાગણી થાય છે. અલીપુરમાં રહીને હું શીખ્યો કે દરેક જાતના જીવજંતુઓ તરફ માણસના હૃદયમાં કેવો ગાઢ પ્રેમ ઊપજી શકે છે, અને કદી કદી ગાય, જંતુ અથવા કીડીને પણ જોવાથી માણસનું હૃદય કેવું આનંદસાગરમાં ઝોલાં ખાય છે.

જેલમાં પહેલો દિવસ બહુ શાન્તિમાં ગયો. ચારે તરફ નવી નવી ચીજો જોઈ મનમાં બહુ આનંદ થતો હતો. લાલબજારની ચોકી સાથે આને સરખાવતાં મને આ દશા જ વધારે મીઠી લાગતી હતી. તે સાથે વળી ઈશ્વર પર મને આસ્થા હતી. તેથી એકાંતમાં પણ બહુ દુ:ખ ન લાગતું. જેલનો ચિત્રવિચિત્ર ખોરાક જોઈને મારું મન જરાયે ડગ્યું નહિ. મોટા મોટા ચોખા, તેમાં માટી, કાંકરા, મંકોડા, વાળ વગેરે તરેહતરેહના મસાલા પડેલા; ફિક્કી દાળ, જેમાં ઝાઝું તો પાણી જ હોય. શાકની જગાએ ઉબાઈ ગયેલ ઘાસ અને પાંદડાં, એ અમારો ખોરાક, માણસનું ભોજન આવું બેસ્વાદ અને અસાર પણ બનાવી શકાય છે તે મને અગાઉ બિલકુલ માલૂમ ન હતું.

એ કાળું કોલસા જેવું ભાજીનું શાક જોઈને હું હેબકાઈ ગયો. એક બે કોળિયા ખાઈ મેં માનપૂર્વક તેને નવગજના નમસ્કાર કર્યા. બધા કેદીઓને એક જાતનું શાક મળે છે, અને એકવાર જે શાક મળવા માંડ્યું, તે અનંતકાળ સુધી ચાલ્યા જ કરે છે. આ વેળા ભાજીનું રાજ્ય ચાલતું હતું. દિવસ ગયા, પખવાડિયાં ગયાં, મહિના ગયા. પણ બન્નેવાર એની એ દાળ, એનો એ ભાત અને એ જ ભાજીનું શાક. વસ્તુ બદલાવાની વાત તો બાજુએ રહી પણ તેના દેખાવમાં પણ ફેરફાર થતો ન હતો. તે બધાનું એક જ નિત્ય, સનાતન, અનાદિ, અનંત, અદ્વિતીય સ્વરૂપ રહ્યા કરતું. બે દિવસમાં જ કેદીને આ નાશવંત માયાનું ખરું સ્વરૂપ જણાઈ આવતું હતું. ખોરાકની બાબતમાં પણ મારું ભાગ્ય બીજા કેદીઓ કરતાં કંઈક ચઢિયાતું હતું. તેનું કારણ ડૉકટર સાહેબની દયા હતી. તેણે મારે માટે ઈસ્પિતાલમાંથી દૂધની ગોઠવણ કરી દીધી હતી. જેથી હું કેટલાક દિવસ સુધી ભાજીનાં દર્શનથી બચી ગયો.

પહેલી રાત્રે હું જરાક વહેલો સૂઈ ગયો. પણ શાન્ત ઊંઘ લેવી એ એકાંતકેદના નિયમોની વિરુદ્ધ છે. શાન્ત ઊંઘ લેવાથી રખેને સુખની લાલસા જાગૃત થઈ જાય; તેથી એવો નિયમ રાખવામાં આવ્યો છે કે જેટલી વાર પહેરા બદલાય, તેટલી વાર જોરથી બૂમો પાડી કેદીને પણ ઉઠાડવો અને કેદી જવાબ ન દે ત્યાં સુધી તેનો કેડો મૂકવો નહિ. જે લોકો છ 'ડિક્રી'ની તરફ પહેરો ભરતા હતા તે કયારેક કયારેક આ ફરજનું પાલન કરવાનું છોડી દેતા હતા. સિપાઈઓમાં કઠોરતાથી ફરજ બજાવવી એને બદલે દયા અને લાગણી જ વધારે દેખાતી હતી—ખાસ કરીને હિન્દુસ્તાની સિપાઈઓમાં પણ કેટલાક

સિપાઈઓ પોતાની ફરજ ભૂલી શકતા નહિ. અમને જગાડીને પૂછતા, "બાબુ, ઠીક છો ને?" આવી રીતની કવખતની ખબર અંતર હરવખત ગમે એવી વાત ન હતી, પણ હું જાણતો હતો કે જે લોકો આમ કરતા હતા તે બિચારા ભોળે ભાવે માત્ર નિયમનું પાલન કરતા હતા. તેમનું જગાડવું દરરોજ બહુ આકરું લાગવા છતાંયે મેં કેટલાક દિવસ સહન કર્યું, પણ છેવટે મારી ઊંઘનો ભંગ થવા ન દેવાની ખાતર મારે તેમને ચેતવવા પડયા; બે ચાર વાર ચેતવણી આપ્યા પછી રાત્રે ખબર અંતર પૂછવાનો ચાલ બંધ થઈ ગયો.

બીજે દિવસે સવારે ચાર વાગ્યે જેલનો ઘંટ થયો. એ કેદીઓને જગાડવાનો પહેલો ઘંટ હતો. એ પછી કેટલીક મિનિટે બીજો ઘંટ વાગે છે એટલે કેદીઓ હારબંધ બહાર આવે છે, અને હાથ મોં ધોઈ લાપસી ખાઈ કામ શરૂ કરે છે. ઘંટના અવાજમાં ઊંઘ આવી શકશે નહિ એમ ધારી હું પણ ઊઠી બેઠો થયો. પાંચ વાગ્યે જેલનો દરવાજો ઉઘાડવામાં આવે છે. હું પણ હાથ મોં ધોઈ કોટડીમાં આવી બેઠો. થોડી જ વારમાં લાપસી મારા બારણામાં આવીને હાજર થઈ પણ એ દિવસે મેં તે ખાધી નહિ. ફક્ત આંખોથી તેને જોઈ જ લીધી. કેટલાક દિવસો ગયા પછી એક વાર મેં આ દિવ્ય અન્નનો સ્વાદ અનુભવ્યો. જેલની ભાષામાં લાપસીનો અર્થ ઘી વિનાની રાબડી એવો થાય છે. તે કેદીઓનો સવારનો નાસ્તો છે. લાપસીનાં ત્રણ સ્વરૂપો અથવા અવસ્થાઓ છે. પહેલે દિવસે લાપસીનો પ્રાજ્ઞભાવ એટલે કોઈ પણ જાતના ભેળસેળ વિનાનો મૂળ પદાર્થ—શુદ્ધ શિવમૂર્તિ નજરે પડી. બીજે દિવસે લાપસી હિરણ્યગર્ભ દાળ સાથે રંધાઈ, પીળા રંગની અનેક ગુણવાળી ખીચડીના સ્વરૂપે પ્રકટ થઈ, પણ ત્રીજે દિવસે ધૂમાડાના રંગની લાપસીનું વિરાટ સ્વરૂપ, જેમાં ગોળ ભેળવવામાં આવ્યો હતો, તે નજરે પડયું. તે લાપસી કાંઈક માણસને ખાવાલાયક હતી. પ્રાજ્ઞભાવ અને હિરણ્યગર્ભ સાધારણ માણસને માટે નથી એમ માની મેં ન ખાધી, પણ વિરાટના કોઈ કોઈ વાર એક બે કોળિયા પેટમાં નાંખતો, અને બ્રિટિશ રાજ્યનું મોટું દિલ અને પશ્ચિમના સુધારાના વિશ્વપ્રેમનો ઊંચો આદર્શ જોઈ આનંદમાં મગ્ન થઈ જતો. ફક્ત લાપસી જ બંગાળી કેદીઓને પોષણ આપે એવો ખોરાક છે, બીજી બધી વસ્તુઓ તો તદ્દન સારહીન હોય છે. પણ લાપસીનો સ્વાદ એવી જાતનો હોય છે કે ફક્ત કકડીને ભૂખ લાગી હોય ત્યારે જ ખાઈ શકાય છે—અને તે પણ મનને મુસીબતે મારી મારીને.

તે દિવસે હું ૧૧॥ વાગે નાહ્યો. શરૂઆતમાં ચાર પાંચ દિવસ ઘેરથી પહેરીને આવ્યો હતો તે જ કપડાં મેં પહેરી રાખ્યાં, પણ ગૌશાળાનો બુઢ્ઢો

દારોગો જેનું કામ મારી પર નજર રાખવાનું હતું તે એક નાનકડી દોઢેક હાથ પહોળી લંગોટી નાહતી વખતે પહેરવા ખોળી લાવ્યો. મારું એકનું એક લૂગડું સુકાઈ જાય ત્યાં સુધી હું તે લંગોટી પહેરીને બેસી રહેતો. મારે મારું ધોતિયું ધોવું અથવા વાસણ માંજવા પડતાં ન હતાં, કેમ કે એ કામ ગૌશાળાનો એક કેદી મને કરી આપતો. બપોરે ૧૧ વાગ્યે ખાવાનું મળતું. કોટડીનો અંદરનો ભાગ ખરાબ ન થાય તે માટે તડકો અને તેજ સહીને પણ હું ચોકમાં જ ખાવા બેસતો. પહેરેગીરો પણ તેમાં કોઈ જાતની અડચણ કરતા નહિ. સાંજે પાંચ સાડા પાંચ વાગ્યે વાળુનું ભાણું મળતું. ત્યાર પછી બારણું ઉઘાડવાની સખ્ત બંધી હતી. સાંજના સાત વાગ્યે ઘંટ થતો. તે વખતે જમાદાર દારોગો કેદીઓને એકઠા કરી મોટેથી બધાંનાં નામ પોકારતો. ત્યાર પછી કેદીઓ પોતપોતાને ઠેકાણે જતા રહેતા. થાકયા પાકયા કેદીઓ તે વખતે નિદ્રાદેવીનું આરાધન કરી જેલખાનાના એક માત્ર સુખનો અનુભવ કરતા હતા. જેમનાં હૃદય પોચાં હતાં તે એ વખતે પોતાનું દુર્ભાગ્ય અને જેલનાં ભાવિ કષ્ટોનો વિચાર કરી કરી રડવા બેસતા હતા, ભક્તલોક રાતની શાન્તિમાં ઈશ્વરની સમીપતાનો અનુભવ કરતા અને ધ્યાન અથવા પ્રાર્થનામાં લાગી જઈ આનંદ માણતા. અલીપુરની જે જેલ અભાગી, પતિત અને દુ:ખી એવા ત્રણ હજાર ઈશ્વરના જીવોને માટે મહા પીડાનું સ્થાન હતું, રાત્રીના વખતે તે તદ્દન શૂનકાર થઈ જતી હતી.

આ કેસમાં મારી સાથે જે લોકો પકડાયા હતા તેમની સાથે મળવાનું મારે બહુ થોડી વાર બનતું. તેમને એક જુદી જગ્યાએ રાખવામાં આવ્યા હતા. છ ડિક્રીની પછવાડે બીજી નાની નાની કોટડીઓની બે હારો હતી. તે બન્ને હારોમાં બધી મળી ૪૪ કોટડીઓ હતી. તેથી તેમને ૪૪ ડિક્રી કહેતા. ડિક્રીની એક હારમાં આ કેસના ઘણા ખરા કેદીઓ રહેતા હતા. તે લોકો નાની નાની કોટડીમાં રહેતા હતા, છતાં એકાંતવાસનું દુ:ખ તેમને ન હતું, કારણ અકેક કોટડીમાં ત્રણ ત્રણ માણસો રહેતા હતા. જેલની બીજી બાજુએ એક ડિક્રી હતી તેમાં બાર બાર માણસો રહેતાં હતાં. નસીબજોગે જેમને આ ડિક્રી મળતી હતી તે લોકો વધારે સુખી હતા. તે ડિક્રીમાં એક ઓરડામાં ઘણા માણસો રહેતા તેથી તેમને રાતદિવસ વાતચીત કરવાનો અવસર મળતો અને સોબત મળવાથી તેઓ બહુ સુખમાં પોતાના દિવસ વિતાડતા. પણ તે લોકોમાં એક માણસ આ સુખથી વંચિત હતા. તે હેમચન્દ્રદાસ.

મારી સમજમાં એ વાત ઊતરી શકતી નથી કે અધિકારીઓને તેમની એટલી બધી બીક શા માટે હતી ? અથવા તેમના પર એટલો બધો રોષ તે શા માટે રાખતા હતા ?

તે લોકોએ એટલા બધા માણસોમાંથી એકાંતકેદનું દુ:ખ ભોગવવા માટે ફક્ત તેમને જ ચૂંટી કાઢયા. હેમચન્દ્રદાસ પોતે પણ જાણતા હતા કે પોલીસ જ્યારે ગુનાનો સ્વીકાર કરાવી શકી નહિ ત્યારે તેમના પર ઘણી ગુસ્સે થઈ હતી. તેમને આ ડિક્રીની એક બહુ નાની કોટડીમાં પૂરી તેનો બહારનો દરવાજો બંધ કરી દેવામાં આવ્યો હતો. હું ઉપર કહી ગયો છું કે એકાંતકેદનું આ છેલ્લું પગથિયું છે.

વખતો વખત પોલીસ અનેક જાતના અને અનેક રૂપના સાક્ષીઓ લાવી લાવી ઓળખાવવાનો પ્રયત્ન કરતી હતી. તે વખતે અમારે બધાને ઓફિસ સામે લાંબી હાર કરી ઊભા રહેવું પડતું. જેલના અધિકારીઓ અમારી પાસે જેલના જુદા જુદા મુકદ્દમાના આરોપીઓને લાવીને તેમની સાથે ઊભા રાખી અમને ઓળખાવતા. તે આરોપીઓમાં ભણેલ અથવા ખાનદાન માણસ એકે ન હતો. તે લોકોની સાથે અમે એક હારમાં ઊભા રહેતા ત્યારે આ બે જાતના આરોપી-ઓમાં આસમાન જમીનનો તફાવત લાગતો. એક તરફ બંબ કેસમાં પકડાયેલા યુવાનોની તીક્ષ્ણ બુદ્ધિ અને તેમના તેજસ્વી ચહેરા, અને બીજી તરફ સાધા-રણ આરોપીઓનાં મેલાં કપડાં અને નિસ્તેજ મોં તે બધું જોઈને જે માણસ એમ ન બતાવી શકે કે કોણ કયા દરજ્જાનો છે, તેને અજ્ઞાન, અધમ અને મૂર્ખ જ ગણી શકાય. આ ઓળખાવવાનું ફારસ આરોપીઓને પસંદ હતું. કારણ આ ફારસથી જેલના એકધારા જીવનમાં કાંઈ નવીનતા અથવા તો વિચિત્રતા આવતી હતી. સાથે સાથે એક બીજા જોડે વાતચીત કરવાનો પણ લાગ મળી જતો. એક દિવસ પકડાયા પછી આ રીતે મેં મારા ભાઈ બારીન્દ્રને પહેલ વહેલો જોયો, પણ તે વખતે મારે તેની સાથે કાંઈ વાત થઈ નહિ.

નરેન્દ્રનાથ ગોસાઈ ઘણું ખરું આ વખતે મારી પાસે જ ઊભો રહેતો, તેથી મારે તેની સાથે વધારે ઓળખાણ થઈ. ગોસાઈ લાંબો, ઘાટીલો, બળવાન અને ખુબસૂરત જુવાન હતો, પણ તેની આંખો ઉપરથી તેની બદદાનત દેખાઈ આવતી હતી. તેનામાં અને બીજા જુવાનિયાઓમાં બહુ તફાવત લાગતો. તેમના મોં પર ઘણું ખરું ઉચ્ચ અને પવિત્ર ભાવો જ દેખાતા. તેમની વાતોમાં તીક્ષ્ણ બુદ્ધિ, જ્ઞાનની લાલસા અને મહાન નિ:સ્વાર્થતા તરી આવતાં. ગોસાઈની વાતો પણ અણસમજુ અને ક્ષુદ્ર મનના માણસો જેવી હોવા છતાં તેજ અને સાહસથી પરિપૂર્ણ લાગતી. તેને આ વખતે પોતે છૂટી જશે એવી ખાતરી હતી. તે કહ્યા કરતો, "મારા બાપ કોર્ટના કીડા છે. તેમને પોલીસ કદી પણ પહોંચી શકે એમ નથી; મારી જુબાની પણ મારી વિરુદ્ધ જશે નહિ, અને એમ જ નક્કી થવાનું કે પોલીસે મને શારીરિક કષ્ટ આપીને મારી પાસેથી જુબાની લખાવી લીધી છે." મેં પૂછયું, "આ વાતનો સાક્ષી કોણ છે?"

ગોસાઈએ એવો જવાબ આપ્યો કે, "મારા બાપે હજારો કેસ ચલાવ્યા છે. તે આ બધું ખૂબ સમજે છે. સાક્ષીની તે વળી ખોટ પડતી હશે?" આવી જાતના માણસો સરકારી બાતમીદાર (approver) બને છે.

આગળ મેં આરોપીઓનાં અનેક દુ:ખ અને પીડાનું વર્ણન કર્યું છે, પણ સાથે એ પણ કહી દેવું જોઈએ કે આ બધો દોષ જેલના પરાપૂર્વથી ચાલતા આવેલા રિવાજોનો છે. આ બધું દુ:ખ જેલના કોઈ એકાદ માણસની કડકાઈ અથવા તેના હેવાનિયતભર્યા સ્વભાવને લીધે નથી થતું. ઊલટું અલીપુર જેલમાં જે લોકો પર જે કામની જવાબદારી હતી, તે બધા ખાનદાન, દયાળુ અને ન્યાયી માણસો હતા, જો કોઈ જેલમાં કેદીઓને ઓછી પીડા મળતી હોય અને યુરોપીય લોકોની જેલ-રચનાની પાશવ કઠોરતા જો દયા અથવા ન્યાય-પરાયણતાના કારણને લીધે ઓછી થઈ ગઈ હોય તો તે અલીપુરની જેલમાં અને એમર્સન સાહેબના રાજ્યમાં. આ જેલ ઉત્તમ હોવાનાં માત્ર બે મુખ્ય કારણો હતાં. એક જેલના અંગ્રેજ સુપ્રિન્ટેન્ડન્ટ એમર્સન, અને બીજું ઈસ્પિ-તાલના બંગાળી આસિસ્ટંટ ડૉકટર વૈદ્યનાથ ચેટરજીના અસાધારણ ગુણ. તે બેમાં એક યુરોપમાં હાલ ભાગ્યે જ આચરવામાં આવતા ખ્રિસ્તી ધર્મનો નમૂનેદાર અવતાર હતો, અને બીજો હિન્દુ ધર્મનો સાર, દયા અને પરોપકારની જીવતી જાગતી મૂર્તિ હતો. એમર્સનના જેવા અંગ્રેજ આજકાલ આ દેશમાં બહુ થોડા આવે છે અને વિલાયતમાં પણ એવા માણસ ઓછા જન્મે છે. એક ખાનદાન ખ્રિસ્તીમાં જે ગુણો હોવા જોઈએ તે બધા તેનામાં દેખાતા હતા. તે શાન્ત, વિચારશીલ, દયાળુ અને ન્યાયપરાયણ હતો; હલકામાં હલકા માણસ તરફ પણ તે સલૂકાઈ બતાવતો; દાંડાઈનો તેના સ્વભાવમાં છાંટો ન હતો. તે સીધો, ભોળો અને સંયમી પુરુષ હતો. જો કોઈ દોષ કહી શકાય તો તે એ જ કે તેનામાં કામ કરવાની શક્તિ અને ઉદ્યમ ઓછાં હતાં. સુપ્રિન્ટેન્ડન્ટનું બધું કામ છોડી, તે લહેર કર્યા કરતો પણ તેથી કાંઈ નુકસાન થતું હોય એમ મને લાગ્યું નહિ.

જેલર યોગેન્દ્રબાબુ નિપુણ અને લાયક માણસ હતો. બહુમૂત્રતાના રોગથી પીડાતો હોવા છતાં, તે જાતે બધા કામની દેખરેખ રાખતો. તે સાહેબના સ્વભાવથી સારી રીતે પરિચિત હતો. તેથી જેલમાં હંમેશાં ન્યાયનું પાલન કરવાનો અને કઠોરતા ઓછી કરવાનો પ્રયત્ન કરતો. જો કે એમર્સનની મહત્તા તેનામાં ન હતી. અને તે એક સાધારણ બંગાળી અને સરકારી નોકર હતો તોપણ સાહેબને રાજી રાખવાની કળા તેને આવડતી હતી. બહુ બાહોશી અને ખંતથી તે પોતાનું કામ કર્યે જતો હતો, અને સ્વાભાવિક રીતે જ બહુ સલૂકાઈ અને ધીરજથી લોકોની સાથે કામ લેતો હતો. આ સિવાય બીજો

કોઈ ખાસ ગુણ તેનામાં ન હતો. નોકરી તેને બહુ વહાલી લાગતી. તે વખતે મે મહિનો ચાલતો હતો, અને તેને પેન્શન લેવાનો વખત પણ પાસે આવી લાગ્યો હતો. તે આશામાં ને આશામાં મગ્ન થતો હતો કે જાન્યુઆરીમાં હું પેન્શન લઈ લાંબા વખતની મહેનતનું ફળ મેળવીશ એટલે કે નિરાંતે આરામ ભોગવીશ.

અલીપુરની જેલમાં બંબ કેસના આરોપીઓ આવ્યા, ત્યારથી અમારા જેલર સાહેબ બહુ ગભરાયેલા અને ચિંતાતુર દેખાતા હતા. તે બીચારા વળી આ વિચાર કરતાં તો વધારે ગભરાયા કરતા કે કોને ખબર છે કે આ બધા જલદ સ્વભાવના તેજસ્વી બંગાળી ક્યારે શું કરી બેસશે? તેઓ પોતાની બાબતમાં કહ્યા કરતા કે તાડના ઝાડની ટોચે પહોંચવામાં ફક્ત દોઢ ઈંચ બાકી છે. પણ એ દોઢ ઈંચમાંથી અર્ધું જ તેઓ ચડી શક્યા. ઑગસ્ટના અંતે બુકાનન સાહેબે આવી જેલનો બંદોબસ્ત જોઈ બહુ સંતોષ જાહેર કર્યો. જેલર સાહેબ તો બહુ આનંદમાં આવી ગયા અને કહેવા લાગ્યા: "મારા રહેવા દરમ્યાન સાહેબની આ છેવટની મુલાકાત છે. હવે મારા પેન્શનની બાબતમાં કાંઈ ચિન્તા કરવા જેવું રહ્યું નથી." અફસોસ! માણસ આંધળો છે. એક કવિએ ખરું કહ્યું છે કે "ઈશ્વરે દુઃખી માણસોની ઉપર બે મોટા ઉપકાર કર્યા છે. પહેલો એ કે માણસને ઘોર અંધારાથી ઢાંકી રાખ્યો છે અને બીજો તેને દિલાસો આપનારી યાને ટાઢક કરનારી આંધળી આશા આપી છે." આ બનાવ પછી બેચાર દિવસે નરેન્દ્ર ગોસાઈ કનૈયાલાલ દત્તના હાથે માર્યો ગયો. બુકાનન સાહેબ વારંવાર જેલમાં આવવા લાગ્યા. પરિણામ એ આવ્યું કે યોગેન્દ્ર બાબુને વહેલા નોકરીમાંથી ફારેગ કરવામાં આવ્યા તેથી તેનો રોગ બહુ વધી ગયો અને તેનો દેહ છૂટી ગયો. આ પ્રમાણે જો એમર્સન સાહેબે દરેક કામ નોકરો પર ન છોડી દેતાં પોતે બધાં કામ પર દેખરેખ રાખી હોત તો તેના અમલમાં અલીપુરની જેલમાં વધારે સંસ્કાર અને ઉન્નતિનો સંભવ હતો. તે જે કામની તપાસ રાખતો તે તે બહુ સારી રીતે પૂરું કરાવતો. તેના સ્વભાવને લીધે જ જેલ શિક્ષાની જગ્યા હોવા છતાં ગામના જેવી થઈ રહી હતી. આજ તે કોઈ બીજે ઠેકાણે ગયેલ છે, છતાં તેની સાધુતાનું ફળ પૂરે-પૂરું નાશ નહિ પામ્યું હોય. તેની પછી આવનાર લોકો રૂપિયામાં દશ આના તે સાધુતાના ગુણનું અવશ્ય પાલન કરતા હશે.

જેલના જુદા જુદા ભાગોના કર્તાહર્તા યોગેન્દ્રનાથ જેમ બંગાળી હતા, તે જ પ્રમાણે ઈસ્પિતાલમાં પણ બંગાળી ડૉકટર બાબુ વૈદ્યનાથ જ મુખ્ય હતા; તેનો ઉપરી ડૉકટર ડેલી એમર્સનના જેવો દયાળુ તો ન હતો, પણ બહુ ખાનદાન અને સમજુ માણસ હતો. તે બાળકોની શાંત રીતભાત તથા

આનંદી અને કહ્યાગરા સ્વભાવનાં બહુ વખાણ કર્યા કરતો અને નાની ઉમ્મરનાં બાળકોની સાથે ઠઠ્ઠામશ્કરી અને મોટા આરોપીઓની સાથે રાજનીતિ, ધર્મ અને ફીલસૂફીની ચર્ચા પણ કરતો. ડૉકટર સાહેબ મૂળ આયર્લેન્ડનો વતની હતો, ને તે ઉદાર પ્રજાના ઘણા ગુણો તેનામાં ઊતરી આવ્યા હતા. તેનામાં નિષ્ઠુરતા નામે ન હતી. કોઈ કોઈ વાર ગુસ્સામાં આવી જઈને તે કડક વર્તન ચલાવતો, પરંતુ બીજા ઉપર ઉપકાર કરવો એ તેને બહુ ગમતું. તે જેલના કેદીઓની ચાલાકી અને તેમના બનાવટી રોગો હંમેશાં જોતો આવ્યો હતો, તેથી કોઈવાર એમ પણ બનતું કે તે ખરા રોગીને ખોટો ગણી કાઢતો; પણ રોગ બરાબર જાણ્યા પછી તે ઘણી દયા અને કાળજીથી રોગીની ભાળ રાખતો. મને એકવાર સાધારણ રોગ થયો. ચોમાસાનો સમય હતો તેથી ચારે તરફથી ભેજવાળી હવા કોટડીમાં આવતી હતી, છતાં ઈસ્પિતાલમાં જવાનું અથવા દવા પીવાનું મને ગમતું ન હતું. રોગ અને તેના ઉપચારની બાબતમાં મારો મત છેક બદલાઈ ગયો હતો, અને ઓસડ ખાવામાંથી મારી શ્રદ્ધા ઊડી ગઈ હતી. મને તો લાગી ગયું હતું કે જો રોગ ભારે ન હોય તો કુદરતી ઈલાજોથી આરોગ્ય મળી શકે છે. વરસાદની હવા લાગવાથી જે કાંઈ પીડા થઈ હતી તે યોગના બળથી દબાવી દઈ મારી યોગક્રિયાની પરીક્ષા કરી તેની સચ્ચાઈ સાબિત કરી જોવાનો મને શોખ થયો હતો. પણ ડૉકટર સાહેબ મારી બહુ ફિકર કર્યા કરતા. તેણે બહુ આગ્રહ કરી મને ઈસ્પિતાલમાં જવાની જરૂર સમજાવી. હું ઈસ્પિતાલમાં ગયો. ત્યારે તેણે મારા ખાવાપીવામાં મારા કહેવા પ્રમાણે ઘરના જેવો બંદોબસ્ત કરવા બનતું કરવામાં મણા રાખી નહિ. તે મારી તરફ આદરભાવ પણ સારો રાખતો હતો. કદાચ જેલમાં જવાથી મારી તબિયત પાછી લથડે એવી શંકાથી તેણે મને આ સુખી દશામાં વધારે વખત રહેવાનો આગ્રહ કર્યો; પણ ઈસ્પિતાલમાં રહેવાની મારી મરજી ન હતી. તેથી હું તો જેલમાં પાછો ગયો. ડાકટર સાહેબની રહેમ સૌ પર સરખી ન હતી. ખાસ કરીને જાડા અને હૃષ્ટપુષ્ટ માણસો માંદા પડે તોયે તેમને ઈસ્પિતાલમાં રાખતાં તે ડરતો હતો. તે એવી ભ્રમણામાં હતો કે જેલમાં જે કંઈ ઉત્પાત થાય તે કેવળ હૃષ્ટપુષ્ટ બાળકો જ યુવાનો જ કરે, પણ અંતે તેથી ઊલટું જ થયું. ઈસ્પિતાલમાં જે બનાવ બન્યો તેના કરનાર રોગની જાળમાં ફસેલો, અતિશય દુર્બળ અને સુકલકડી શરીરવાળો સત્યેન્દ્રનાથ બસુ, અને રોગી, દૃઢ મનવાળો અને ઓછાબોલા કનૈયાલાલ દત્ત —એ બે હતા. ડાકટર ડેલીમાં અનેક ગુણો હોવા છતાં બાબુ વૈદ્યનાથ જ તેને સન્માર્ગે દોરનાર હતો. ખરું જોતાં બાબુ વૈદ્યનાથના જેવો ભલો માણસ મેં પહેલાં કદી જોયો નથી, અને હવે પણ જોવાની આશા રાખતો નથી. તેનો

જન્મ ઉપકાર અને દયા કરવા માટે જ થયો હોય એમ લાગતું હતું. કોઈના દુ:ખની વાત સાંભળતાં જ તે દુ:ખ દૂર કરવા દોડવું એવો તેનો સ્વભાવ હતો.

આ દુ:ખોથી સબડતા પૃથ્વી પરના નરકમાં પડેલા પ્રાણીઓને સ્વર્ગનું સુખ આપવા માટે તે મથન કરતો હતો. કોઈ જાતની અગવડ, અન્યાય, અથવા પીડા દૂર કરવાનો સૌથી સારો અને સહેલો ઉપાય એ હતો કે તે વાત ડાકટર બાબુના કાન સુધી પહોંચાડી દેવી. જો તે દૂર કરવાનું તેના હાથની વાત હોય તો તે દુ:ખ દૂર થયું જ સમજવું. બાબુ વૈદ્યનાથનું હૃદય દેશભક્તિથી ભર્યું હતું, પણ સરકારી નોકર હોવાથી તે પોતાના હૃદયની લાગણીઓ દેખાડી શકતો નહિ. તેનામાં ફક્ત એક જ દોષ હતો. અને તે એ કે તે વધારે પડતી લાગણી બતાવી દેતો હતો. આ જાતનું વર્તન જેલના નોકરો માટે લાયક ન ગણાતું હોય. પણ ઉચ્ચ નીતિ પ્રમાણે માણસાઈનો પૂરો વિકાસ આમાં જ છે, અને ભગવાનને આ ગુણ જ બહુ વહાલો કહેવાય છે, તે સાધારણ કેદીઓમાં અને "વન્દેમાતરમ્"ના કેદીઓમાં કોઈ જાતનો ફરક રાખતો નહિ. કોઈને માંદો જોતાં જ તેને તે કાળજીપૂર્વક ઈસ્પિતાલમાં લઈ જઈ રાખતો, અને જ્યાં સુધી પૂરેપૂરો સાજો થાય નહિ ત્યાં સુધી તેને કાઢી મૂકવાની વાત કરતો નહિ. આ દોષથી જ તેને નોકરીમાંથી નીકળી જવું પડયું. ગોસાઈના ખૂન પછી અધિકારીઓએ તેના પર શંકા લાવી અન્યાયી રીતે તેને બરતરફ કર્યો.

આ બધા અધિકારીઓની દયા અને માણસાઈનું વર્ણન કરવું એ ખાસ જરૂરનું છે. અમારે માટે જેલમાં જે જે કાંઈ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો તેનું વર્ણન હું પહેલાં જ કરી ગયો છું, અને આગળ જતાં પણ બ્રિટિશ જેલની પ્રથાની હેવાનિયતભરેલી નઠોરતા સાબિત કરવાનો પ્રયત્ન કરીશ. વાંચનાર આ નઠોરતાનું કારણ અધિકારીઓની બૂરાઈ હતું એમ ન માની લે, તે માટે મેં મુખ્ય અધિકારીઓના ગુણનું વર્ણન કર્યું છે. જેલનિવાસની શરૂઆતની હાલતના વર્ણનમાં આ લોકોના બધા ગુણોની વધારે સાબિતી જડી આવશે.

એકાન્ત કેદખાનામાં પહેલે દિવસે મનની જે દશા હતી તેનું વર્ણન હું કરી ચૂકયો છું. અહીં મારે કેટલાક દિવસ ચોપડી વગેરે કાંઈપણ જરૂરી સાધન વિના ગાળવા પડયા. ત્યાર પછી એક દિવસ ઓમર્સન સાહેબે આવીને મને ઘેરથી ધોતિયાં, પહેરણ અને વાંચવાની ચોપડીઓ મંગાવવાની રજા આપી. મેં જેલના અધિકારીઓ પાસેથી ખડિયો, કલમ અને જેલની છાપવાળો કાગળ મંગાવી એક ચિઠ્ઠી મારા પૂજ્ય માસાજી "સંજીવની" પત્રના તંત્રી પર લખી અને ધોતિયાં, પહેરણ અને વાંચવાનાં પુસ્તકોમાં

ગીતા અને ઉપનિષદ મંગાવ્યાં. બે ચાર દિવસ પછી તે ચોપડીઓ મને મળી ગઈ. તે અગાઉ એકાંત કેદનો ખરો અર્થ સમજવાનો મને પૂરતો અવસર મળી ચૂકયો હતો. મને સમજાઈ ગયું કે આ જાતના કેદખાનામાં પાકટ અને વખાણાયેલી બુદ્ધિ પણ કેમ બહેર મારી જાય છે, અને માણસ થોડા જ દિવસમાં ગાંડા જેવો કેમ થઈ જાય છે. પણ તે સાથે મને એમ પણ લાવ્યું કે આ જાતની એકાંત કેદમાં જ માણસને ભગવાનની અપાર દયાનો અનુભવ કરવાનો અને તેની સાથે એકતા અનુભવવાનો દુર્લભ અવસર મળે છે. જેલમાં આવ્યા પહેલાં અમે બધાએ એક કલાક સવારે અને એક કલાક સાંજે ધ્યાન કરવાનો રિવાજ રાખ્યો હતો. આ એકાંત કેદમાં બીજું કંઈ કામ ન હોવાથી મેં ઘણો ખરો વખત ધ્યાનમાં જ ગાળવાનો પ્રયાસ આદર્યો પણ માણસનું ચંચળ ચિત્ત જે હજારો તરફ દોડતું રહે છે, તેને એકાગ્ર કરવું એ ટેવ વિનાના માણસો માટે સહેલું નથી. જેમ તેમ કરી દોઢ બે કલાક હું એકાગ્ર ચિત્ત રાખી શકતો, પણ અંતે મન અને શરીર બંને હારી જતાં. શરૂઆતમાં મને અનેક ચિંતાઓ રહ્યાં કરતી, પણ કેટલાક દિવસ પછી મારી તે ખાલી, નકામી, અસહ્ય ચિંતાઓ ધીરે ધીરે મારા મનમાંથી સરી જવા લાગી. મારી અવસ્થા એવી થઈ ગઈ કે જાણે હજારો અસ્પષ્ટ ચિંતાઓ મારા મનની કોટડીની આસપાસ ફર્યા કરતી હતી, પણ તેને અંદર દાખલ થવાનો દરવાજો બંધ હતો. એકાદ બે ચિંતાઓ દાખલ થવા પામી પણ ખરી, પણ હૃદયરૂપી રાજ્યને તદ્દન શૂનકાર જોઈ, ધીરે ધીરે તે પણ ભાગવા માંડી. હું સાવ નવરો અને લાચાર હતો તેથી મને બહુ મૂંઝવણ થવા લાગી. કુદરતની શોભા જોઈ હૃદયને ઠારું એવી આશાથી મેં એક વાર બહાર નજર કરી જોઈ, પણ ત્યાં ફક્ત એક જ ઝાડ, જરા આકાશનો કકડો, અને જેલનો સોગિયો દેખાવ – એનું એ વારંવાર જોઈ માણસનું આવી સ્થિતિએ પહોંચેલું મન ક્યાં સુધી ધીરજ ધારી શકે? ભીંતો તરફ જોયું, જેલની તે સફેદ ભીંતો જોઈ મારું મન વિશેષ લાચાર થઈ જઈ માથા રૂપી પાંજરામાં પછાડા મારવા લાગ્યું. હું ફરી ધ્યાન કરવા બેઠો; પણ કોઈ રીતે મન એકતાર થઈ શકયું નહિ. ઊલટું એવી પરાણે મહેનત કરવાથી મારું મન વધારે બહેર મારી ગયું અને કાંઈ પણ કામધંધો નહિ હોવાને લીધે અંદરથી ચચરવા લાગ્યું. હું ચારે તરફ જોવા લાગ્યો. છેવટે મેં જોયું કે જમીન પર કેટલીક કાળી કાળી કીડીઓ પોતાના દર પાસે ફર્યા કરતી હતી. તેનું ચલન વલન અને ટેવોનું અવલોકન કરવામાં મારો ઘણો વખત ચાલ્યો ગયો. તે પછી મેં જોયું કે કેટલીક નાની નાની લાલ કીડીઓ પણ ફરતી હતી. એટલામાં કાળી કીડીઓ અને લાલ કીડીઓ વચ્ચે લડાઈ શરૂ થઈ. લાલ

કીડીઓ કાળી કીડીઓને કાપી કાપીને મારી નાંખવા મંડી. આવા જુલમનો ભોગ થઈ પડેલી કાળી કીડીઓનો હું જીવ બચાવવા લાગ્યો. મને આ એક કામ મળી ગયું અને વિચારને માટે પણ ખોરાક મળ્યો. મેં આ કીડીઓની મદદથી જ કેટલોક વખત ગાળ્યો. પણ લાંબા લાંબા દિવસો ગાળવાનું બીજું એકે સાધન ન હતું. હું મારા મનને ઘણુંયે સમજાવું, બળાત્કારે વિચારમાં પરોવું, છતાંયે મન વારંવાર બળવો કરી ઊઠતું અને હાહાકાર મચાવી મૂકતું. વખત તેને અસહ્ય બોજારૂપ થઈ પડી, ભારે દુ:ખ આપી રહ્યો હતો. તે બોજા નીચે મન ચગદાવા લાગ્યું અને તેનામાં હવે શ્વાસ લેવાની પણ હાય રહી નહિ. જેમ સ્વપ્નમાં દુશ્મન હલ્લો કરે ત્યારે શ્વાસ રુંધાઈ માણસ મરવાની અણી પર આવે છતાં હાલવાચાલવાની અથવા હાથ પગ ચલાવવાની શક્તિ પણ તેનામાં રહેતી નથી, એવી મારી દશા જોઈ મને નવાઈ લાગી. મને કયારેય નવરા અથવા આળસુ બેસી રહેવું ગમતું નહિ છતાં મેં ઘણીવાર એકલા બેસી વિચારમાં ને વિચારમાં ઘણો વખત ગાળી નાંખ્યો છે, પણ આ વખતે કોણ જાણે મનની કેવીયે નબળાઈ આવી ગઈ કે થોડા દિવસ એકાંત કેદ ભોગવી એટલી વારમાં હું આટલો બધો અકળાઈ ગયો. મને ખાતરી થઈ કે મરજિયાત એકાંતવાસ અને જબરદસ્તીના એકાંતવાસમાં ઘણો ફેર છે. ઘરમાં એકલા બેસી વખત વિતાડવો તે એક વાત છે, પણ બીજાની ઈચ્છાથી કેદખાનામાં એકાંતવાસ કરવો એ જુદી જ વાત છે. ઘરમાં મરજી થાય ત્યારે માણસની સોબતનો લાભ લઈ શકાય છે, પુસ્તકોનું જ્ઞાન અને તેની સુંદર ભાષા, મિત્રોની મીઠી વાતચીત, રસ્તાની ગડબડ તથા દુનિયાના તરેહવાર દેખાવોથી મનને રંજન અને હૈયાને ઠંડું કરી શકાય છે; પણ અહીં સખત નિયમોને વશ રહી બીજાની મરજી મુજબ આખી માણસ જાતથી દૂર રહેવું પડે છે. કહેવત છે કે "એકલો રહી શકે તે દેવ છે કે હેવાન છે." આવો સંયમ માણસના ગજા ઉપરાંત છે. પહેલાં હું આ વાત માની શકતો ન હતો, પણ હવે હું સમજી શકું છું કે યોગ સાધનારાઓને માટે પણ આ સહેલું નથી. ઈટાલી દેશના રાજ્ય હત્યા કરનાર બ્રેશીની ભયાનક દશા આ વખતે મને સાંભરી આવી. નિષ્ઠુર ન્યાયાધીશોએ તેને મોતની સજા ન કરતાં સાત વર્ષની એકાંત કેદની સજા કરી હતી. એક વર્ષ પૂરું થયું નહિ એટલામાં તો તે ગાંડો થઈ ગયો, પણ તે તો આટલા દહાડાએ કાઢી શકયો હતો. શું મારું મનોબળ તેના કરતાંયે ઓછું? તે વખતે મને ન સમજાયું કે ભગવાન મારી સાથે ફક્ત રમત રમી રહ્યા છે, અને રમતના બહાના તળે મને ઉપયોગી આકરી તાલીમ દઈ રહ્યા છે, પહેલી વાત એ કે દૃઢ મનના કેદીને એકાંત કેદમાં જીવનના રહસ્યના વિચારો

આવવા માંડે છે. ભગવાને આ બધું દેખાડી મને એકાંત કેદની પાશવ નઠોરતાનું ભાન કરાવ્યું, અને યુરોપની જેલની વ્યવસ્થાનો મને પાકો વિરોધી બનાવી દીધો, જેથી હું મારી બધી શક્તિ વાપરી મારા દેશબાંધવોને અને દુનિયાના માણસોને આ અન્યાયી જેલવ્યવસ્થા સામેનો વિરોધ બતાવી શકું, અને તેમને જેલની દયાળુ ગોઠવણના હિમાયતી કરી શકું. મને યાદ આવે છે કે પંદર વર્ષ પહેલાં જ્યારે હું વિલાયતથી દેશમાં પાછો આવ્યો, ત્યારે મુંબાઈના "ઈન્દુપ્રકાશ" નામના પત્રમાં મેં કોંગ્રેસની જાચકવૃત્તિ (Begging Policy)ની વિરુદ્ધ સખત દલીલોવાળી લેખમાળા શરૂ કરી તે વખતે સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ નવયુવાનોના મન પર લેખોની થતી અસર જોઈ લેખો બંધ કરાવવાના હેતુથી મને શિખામણ આપી હતી. તેમણે જેલની વ્યવસ્થામાં સુધારો કરવાનો ભાર મને સોંપવાની ખ્વાહેશ બતાવી હતી. રાનડે સાહેબની આ એકાએક યુક્તિથી હું પણ બહુ ગૂંચવાયો. મને તે ગમી નહિ તેથી તે ભાર મારા પર લેવાની મેં ના કહી દીધી. ત્યારે મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે તે વાત એક દૂર દૂરના ભાવિ બનાવની આગાહી આપતી હતી, અને એક દિવસ ઈશ્વર પોતે મને એક વર્ષ સુધી જેલનો અનુભવ આપી તેની વ્યવસ્થાની નિષ્ઠુરતા અને તેમાં સુધારો કરવાની જરૂર સમજાવશે. પણ મને એમ તો લાગે છે કે ચાલુ રાજ્ય વ્યવસ્થામાં જેલમાં સુધારો થવો એ સહેલી વાત નથી.. તો પણ સ્વરાજ્ય ભોગવતા ભારતવર્ષમાં પણ કદાચ આ વિદેશી સુધારાની નારકીય અસર રહી ન જાય, તે માટે આમાં સુધારો કરાવવા માટે પ્રયાસ કરવાનું "પણ" મારા અંતરાત્મા રૂબરૂ મેં જેલમાં જ લીધું. ભગવાનની બીજી મરજી મને એકાંતવાસની ટેવ પડાવવાની હતી. જે માણસ યોગસાધના ઈચ્છે છે તેને એકાંતવાસ કે વસ્તીમાં વાસ બંને સરખાં લાગવાં જોઈએ, અને બન્યું પણ એવું જ કે મારી આ નબળાઈ થોડા જ દિવસોમાં ચાલી ગઈ. હવે મને એમ લાગે છે કે જો હું દશ વર્ષ એકલો રહું તો પણ મારું મન રજ પણ ગભરાય નહિ. મંગળમૂર્તિ ઈશ્વર અમંગળમાંથી પણ મંગળ પેદા કરે છે. ત્રીજી શિખામણ મને એ મળી કે માત્ર મારા જ પ્રયત્નથી યોગસાધના થાય નહિ. ઈશ્વરમાં પૂર્ણ શ્રદ્ધા અને તેને ખોળે બધું ધરી દેવું, એ જ સિદ્ધિ મેળવવાનો ઉપાય છે. ભગવાન પોતે પ્રસન્ન થઈ જે બળ, સિદ્ધિ અથવા આનંદ આપે તેનો ઉપયોગ કરી, તેના જ કામમાં મંડયા રહેવું એ મારા જીવનનો હેતુ હોવો જોઈએ. જ્યારથી અજ્ઞાનનું અંધારું ઘટવા માંડયું, ત્યારથી જ હું જગતની ઘટમાળ જોઈ, મંગળમય શ્રીહરિનું આશ્ચર્યમય, અનંત, મંગળ સ્વરૂપ સમજવા લાગ્યો. જગતનો કોઈ બનાવ એવો નથી—ચાહે તે નાનો હોય કે મોટો કે જેની મારફત કોઈ

શુભ કાર્ય થતું ન હોય. ભગવાન હંમેશાં એક કામથી અનેક હેતુઓ સાધે છે. આપણને ઘણીવાર દુનિયામાં એક આંધળી શક્તિ દોડાદોડ કરી રહી લાગે છે, ત્યારે ભગવાનનો તેમાં સમાયેલો શુભ ઉદ્દેશ સ્વીકારવાને બદલે આપણે તેની બુદ્ધિનો દોષ કાઢીએ છીએ, અને કુદરતમાં શક્તિ નકામી વેડફાઈ જાય જાય છે એમ કહીએ છીએ. આ માન્યતા ભૂલભરેલી છે. ઈશ્વરીય શક્તિ કદી આંધળી રીતે કામ કરતી નથી. તેની શક્તિના એક છાંટાનો પણ નાશ થતો નથી. પણ તે સંયમપૂર્વક થોડી મહેનતે એવાં એવાં ફળ નિપજાવે છે, કે જે માણસની કલ્પનામાં પણ આવી શકે નહિ.

મેં મનની અનેક વૃત્તિઓથી પીડાઈ કેટલાક દિવસો બહુ મુશ્કેલીમાં કાઢયા. એક દિવસ સાંજે હું કાંઈ વિચાર કરતો હતો. મારા મનમાં અનેક ચિંતાઓ ઊપજવા માંડી. ધીમે ધીમે તે બધી ચિંતાઓ એવી મેળ વિનાની થવા લાગી કે ચિંતાઓની ઉપર બુદ્ધિનો કાબૂ મને નાશ પામતો લાગ્યો. પણ મન જરા ઠેકાણે આવ્યું ત્યારે મને યાદ આવ્યું કે બુદ્ધિનો કાબૂ લોપ થવા છતાં બુદ્ધિ તો ઘડીવાર પણ લોપ અથવા ચલિત થઈ ન હતી. પણ શાન્ત રીતે મનની આ નવાઈની પ્રવૃત્તિ જોઈ રહી હતી. હું ગાંડો થઈ જઈશ એવી બીકથી ગભરાઈ ગયેલો હોવાથી મને તે વખતે આ વાત સમજાઈ ન હતી. મારી બુદ્ધિને બહેકી જતાં બચાવી, તે ખાતર મેં અંત:કરણપૂર્વક પ્રભુની પ્રાર્થના કરી. બરાબર તે જ વખતે મારા સમસ્ત અંતરમાં એક એવી શક્તિ ફેલાઈ કે મારું આખું શરીર શીતળ થઈ ગયું. મારા બળતા હૈયામાં સુખ, આનંદ અને શાન્તિનો સંચાર થયો, અને મને અપૂર્વ આનંદનો અનુભવ થયો. જેમ એક બાળક બેફિકર અથવા નીડર થઈ પોતાની માની ગોદમાં સૂઈ જાય છે, -તે પ્રમાણે હું પણ જગદંબાની ગોદમાં સૂવા લાગ્યો. તે દિવસથી મારાં જેલનાં બધાં દુ:ખોનો અંત આવ્યો. ત્યાર પછી કેદની અશાન્તિ, એકાંત અને નવરાશથી થતી મનની બેચેની તથા શારીરિક કલેશ અને વ્યાધિથી હું કોઈ કોઈ વાર કાયર થઈ જતો હતો, પણ તે દિવસે ભગવાને ઘડીવારમાં મારા અંતરાત્માને એવું બળ આપ્યું કે બધાં દુ:ખ મારા હૃદયમાં આવી જતાં રહેતાં પણ તેની કાંઈ નિશાની મારા મનમાં રહેતી નહિ. દુ:ખમાં રહેતી વખતે પણ હું બળ અને આનંદ અનુભવતો હતો. મારી બુદ્ધિ પણ મનના આ દુ:ખનો નાશ કરવા લાયક બની ગઈ હતી. આ બધાં દુ:ખ અને કષ્ટ કમળપત્રને પાણીમાં રહેવા છતાં જેમ પાણી ચોંટતું નથી, તેમ મારા હૃદયને અસર કરી શકતાં નહિ. પાછળથી મારાં પુસ્તકો આવ્યાં ત્યારે તેની જરૂર બહુ જ ઘટી ગઈ હતી. તે પુસ્તકો ન આવ્યાં હોત તો પણ હું રહી શકત. આ લેખનો હેતુ જો કે આંતરિક જીવનનો ઈતિહાસ લખવાનો નથી, તો

પણ આ વાતો લખ્યા વિના હું રહી શકતો નથી; કારણ તેથી હું કેવી રીતે ઘણા દિવસો સુધી કાળ કોટડીમાં આનંદથી રહી શકયો તેનો ખુલાસો થઈ જાય છે.

ઈશ્વરે મને ગાંડો ન બનાવી મૂકયો, પણ કાળ કોટડીમાં કેવી રીતે ધીમે ધીમે ઉન્મત્ત દશા ઉત્પન્ન થાય છે તે ખેલ મારી બુદ્ધિ સાબૂત રાખી મને બતાવ્યો, તે બધાથી મને બળ મળ્યું; તથા જુલમ અને નિષ્ઠુરતાથી પીડિત માણસો પર મને વધારે ને વધારે દયા અને લાગણી થવા લાગી. મારામાં પ્રાર્થના કરવાની અસાધારણ શક્તિ તથા સફળતા પણ વધવા લાગી. એકાંત કેદ દરમિયાન ડાકટર ડેલી અને સુપ્રિન્ટેન્ડન્ટ લગભગ દરરોજ મારી કોટડીમાં આવી મારી સાથે બેચાર વાતો કરી જતાં. હું કહી શકતો નથી, કે મારા માટે તે લોકો આટલો પક્ષપાત અને લાગણી શા માટે રાખતા હતા. હું તેમની સાથે વધારે વાતચીત કરતો ન હતો, પણ જે કાંઈ તે પૂછતા તેનો જવાબ દેતો. તે લોકો કોઈ વિષય ઉપાડતા તો હું તે સાંભળ્યા કરતો અથવા એકાદ બે વાતો કહી બંધ વાળતો. પણ તે લોકો મારી પાસે આવવાનું છોડતા નહિ. એક દિવસ ડાકટર ડેલીએ મને કહ્યું, "મેં સુપ્રિન્ટેન્ડન્ટને કહીને મોટા સાહેબની રજા લીધી છે. તેથી તમે સવારે ને સાંજે ડિક્રીની સામે આંટા મારી શકશો." મને રાત દહાડો નાનકડી કોટડીમાં પુરાઈ રહેવું ગમતું ન હતું. તેથી શરીર અને મન બન્ને બગડી જાય છે. તે દિવસથી મેં સવાર સાંજ ડિક્રીની સામે ખુલ્લી જગામાં આંટા મારવાનું શરૂ કર્યું. સાંજે દશ પંદર મિનિટ અથવા વીસ મિનિટ અને સવારે એક કલાક અને કોઈ કોઈ વાર બે કલાક સુધી હું બરાબર આંટા મારતો. વખતનો કાંઈ નિયમ ન હતો. મને આ વખત ઘણો ઠીક લાગ્યો. એક તરફ જેલનું કારખાનું અને બીજી તરફ ગૌશાળા, તે મારે સ્વાધીન રાજ્યની સીમા હતી. કારખાનાથી ગૌશાળા અને ગૌશાળાથી કારખાના સુધી આંટા મારતો અને આંટા મારતાં મારતાં ઉપનિષદોના ગંભીર વિચાર જગાડનાર અને અક્ષય શક્તિ આપનાર મંત્રો યાદ કરતો, અથવા કેદીઓનું કામકાજ અને તેમની અવરજવર જોઈ "ઘટ ઘટમાં વ્યાપક રામ" એ તત્ત્વ સમજવાનો પ્રયત્ન કરતો. ઝાડ, મકાન, દીવાલ, માણસ, પશુ, પક્ષી, ધાતુ, માટી "सर्वं खल्विदं ब्रह्म" આ મંત્રનો મનમાં ને મનમાં ઉચ્ચાર કરતો, અને તે પ્રમાણે અનુભવવાનો પ્રયાસ કરતો. આમ કરતાં કરતાં મારી એવી સ્થિતિ થઈ જતી કે જેલ તે મને જેલ લાગતી નહિ. ચાર ઊંચી દીવાલો લોઢાના સળિયા, સૂર્યના તેજમાં ચળકતાં ઝાડપાન—સર્વ વસ્તુઓ જાણે કે મારે માટે જડ ન રહી, પણ સર્વવ્યાપી ચેતનરૂપ ધારણ કરી સજીવ થઈ હોય! મને લાગતું કે તે સર્વ પદાર્થો મારા પર પ્રેમ કરતા; અને મને ભેટવા

તૈયાર થતા. માણસ, ગાય, કીડી સર્વ ચાલતાં, ઊઠતાં, ગાતાં, વાત કરતાં, પ્રકૃતિનો ખેલ ખેલી રહ્યાં છે; તે સર્વની અંદર એક મહાન, નિર્લેપ, શાન્તિમય અને ચિરાનંદ આત્મા વસે છે; કોઈ કોઈ વાર એમ લાગતું કે જાણે ભગવાન ઝાડ નીચે આનંદમાં વાંસળી વગાડે છે, અને સ્વરની મધુરતાથી મારા હૃદયને ખેંચી રહેલ છે; મને સર્વદા એમ લાગતું હતું કે કોઈ મને આલિંગન કરી રહેલ છે; કોઈએ મને પોતાની ગોદમાં રાખેલ છે; મારું સમગ્ર મન અને પ્રાણ આ ભાવનાને વશ થઈ ગયાં. મારા હૃદયમાં એવી નિર્મળ શાન્તિ નિવાસ કરવા લાગી કે જેનું વર્ણન કરવું મારી શક્તિની બહાર છે. મારા હૃદયનાં કમાડ ઊઘડી ગયાં, તથા સર્વ જીવો તરફ પ્રેમની ધારા વહેવા લાગી; પ્રેમની સાથે દયા, કરુણા, અહિંસા ઈત્યાદિ સાત્ત્વિક વૃત્તિઓએ આવી, મારી રાજસી વૃત્તિ ઢાંકી દીધી, અને પોતાનો અધિક ફેલાવો કરવા લાગી. જેમ જેમ આ ભાવોનો પ્રકાશ થવા લાગ્યો, તેમ તેમ આનંદ વધવા લાગ્યો, અને નિર્મળ શાંતિનો ભાવ ગંભીર થવા લાગ્યો. મુકદ્દમાની ચિંતા તો ક્યારનીયે દૂર ભાગી ગઈ હતી, પણ હવે તો મારા મનમાં બીજી એક વાત પેદા થઈ. મને ખાતરી થઈ ગઈ કે ભગવાન મંગળમય છે, અને મારું મંગળ કરવા માટે જ મને કેદખાનામાં લાવેલ છે; અને હું નક્કી નિર્દોષ ઠરી કેદખાનામાંથી છૂટી જઈશ, અને જેલનાં કષ્ટમાંથી થોડા દિવસમાં મુક્ત થઈશ.

આ અવસ્થાને દૃઢ કરવામાં મને કેટલાક દિવસ લાગી ગયા, એટલામાં મૅજિસ્ટ્રેટ સાહેબની કચેરીમાં મુકદ્દમો શરૂ થઈ ગયો. એકાંત કેદની શાન્તિમાંથી એકદમ કોલાહલમાં આવવાથી શરૂઆતમાં મારું મન બહુ મૂંઝાવા લાગ્યું. સાધનાની સ્થિરતામાં ભંગાણ પડયું. અને પાંચ કલાક સુધી મુકદ્દમાની શુષ્ક અને વાદવિવાદવાળી વાતો સાંભળવી મારા મનને બિલકુલ ગમી નહિ. પહેલાં તો મેં કચેરીમાં બેસીને જ સાધના કરવાનો પ્રયત્ન કર્યો, પણ ટેવ નહિ હોવાથી મન હરેક અવાજ અને દેખાવ તરફ ખેંચાઈ જતું અને ગરબડાટમાં મારી મહેનત નિષ્ફળ જતી. કેટલાક દિવસો પછી આ વૃત્તિમાં ફેરફાર થઈ ગયો. આસપાસના અવાજ અને દેખાવોને મનમાંથી કાઢી નાખી બધું વિચારબળ અંદર લઈ જવાની શક્તિ મારામાં આવી ગઈ. શરૂઆતમાં જ્યારે મારામાં ધ્યાન કરવાની પૂરેપૂરી શક્તિ ન હતી, ત્યારે એવો નકામો પ્રયત્ન છોડી દઈને હું કોઈ કોઈ વાર સર્વ પ્રાણીઓમાં રહેલ ઈશ્વરને જોઈને જ સંતોષ માનતો. બાકીના વખતમાં હું મારા સાથીઓનાં સુખદુઃખની વાતો સાંભળતો, તેમની હિલચાલ જોતો, અથવા કોઈ બીજી બાબતનો વિચાર કરતો બેસતો. ક્યારેક નૉર્ટન સાહેબની સાંભળવા જેવી વાતો અથવા સાક્ષીઓની જુબાનીઓ પણ સાંભળતો. મેં જોયું કે એકાંત કેદમાં વખત ગાળવાનું કામ

જેટલું સહેલું અને આનંદદાયક હતું, તેટલું માણસોમાં અને આ ભારે મુકદ્દમો, જ્યાં જીવનમરણની વાતો થઈ રહી હતી ત્યાં, વખત ગાળવો સહેલું ન હતું. આરોપી બાળકોની ઠઠ્ઠા મશ્કરી સાંભળવામાં અને તેમની મોજમજાઓ જોવામાં બહુ આનંદ લાગતો હતો, તે ન હોત તો કચેરીનો સમય વળી વિશેષ લૂખો લાગત. સાડા ચાર વાગ્યે બહુ આનંદથી કેદીઓની ગાડીમાં બેસી અમે જેલે પાછા આવ્યા કરતા.

પંદર સોળ દિવસની કેદ પછી છૂટા માણસોના સહવાસમાં આવવાથી અને એક બીજા સાથે વાતચીત કરવાનો અવસર મળવાથી કેદીઓને બહુ આનંદ થતો. ગાડીમાં બેસતાં જ તે મનોહર હાસ્યનો ફુવારો ખૂલી જતો, અને દશ પંદર મિનિટ સુધી તેઓ ગાડીમાં રહેતા ત્યાં સુધી તેનો પ્રવાહ ક્ષણભર પણ અટકતો નહિ. પહેલે દિવસે અમે બડી ધામધૂમથી કચેરીમાં પ્રવેશ કર્યો. અમારી સાથે ગોરા સિપાઈઓની એક નાનીશી ફોજ ચાલતી હતી. તેમાંના દરેકની પાસે ભરેલી પિસ્તોલો રહેતી. ગાડી પર ચડતી વખતે હથિયારબંધ સિપાઈઓ ટોળાબંધ અમને ઘેરીને ઊભા રહેતા; અને ગાડીની પાછળ કૂચનો અવાજ કરતા. ગાડી પરથી ઊતરતી વખતે આવી જ ધામધૂમ કરવામાં આવતી. આ બધો ઠાઠ જોઈને કોઈ કોઈ અજાણ્યા જોનારને એમ નક્કી લાગ્યું હશે કે આ હસતા મોંવાળા, નાની ઉમ્મરના બાળકો કેવાયે જબરા, પ્રખ્યાત અને મહાન યોદ્ધાઓ હશે ! અને તેમના શરીર અને હૃદયમાં કેટલુંયે બળ હશે કે હજારો પોલીસો અને ગોરા સિપાઈઓથી ઘેરાયેલા હોવા છતાં તે બધાને વીંધી તેમના હાથ ઘસતા રાખી ક્યાંયે નાસી જાય ! આ પ્રમાણે ધામધૂમથી લઈ જવાનો ઠાઠ કેટલાક દિવસ સુધી ચાલ્યો; પણ ધીરે ધીરે ભપકો ઓછો થવા લાગ્યો. છેવટે તો ફક્ત બે ચાર ગોરા સિપાઈઓ જ અમને લાવવા મૂકવાનું કામ કરતા. ગાડી પરથી ઊતરતી વખતે પણ તે લોકો અમારા પર કાંઈ અધિકાર ચલાવતા નહિ, અને અમે જેલમાં કેવી રીતે દાખલ થઈએ છીએ, તે પણ જોતા નહિ. અમે જેલમાં એવી રીતે દાખલ થતા કે જાણે ફરવા જઈ આવીને ઘેર પાછા આવતા હોઈએ. આવી જાતની મોળી દેખરેખ જોઈ પોલીસ કમિશ્નર અને કેટલીકવાર સુપ્રિન્ટેન્ડન્ટ બહુ નારાજ થઈ કહેતા કે, "પહેલે દિવસે પચ્ચીસ ત્રીશ સાર્જન્ટોનો બંદોબસ્ત કર્યો હતો, હવે પાંચ સાત આદમી પણ આવતા નથી !" આ લોકો સિપાઈઓને ધમકાવીને અમારી રક્ષાનો પાકો બંદોબસ્ત કરાવતા. આમ કરવાથી બે ચાર દિવસ એકાદ સિપાઈ વધતો, પણ પછી પાછું પહેલાંની જેમ જ કામ મંદ પડી જતું. સિપાઈઓએ જોયું કે આ બધા "બંબ ભક્તો" બહુ શાન્ત અને સીધા માણસો છે, તે ભાગવાનો કાંઈ પ્રયત્ન કરતા નથી, અને કોઈની ઉપર

હુમલો કરવાનો અથવા કોઈને મારી નાંખવાનો પણ તેમનો ઈરાદો લાગતો નથી. તેથી તેમણે વિચાર કર્યો કે આપણે આપણો કિંમતી વખત આ કામમાં શા માટે ગુમાવવો ? પહેલાં તો કચેરીમાં પેસતાં અને ત્યાંથી નીકળતાં અમારી જડતી લેવાતી, અને સિપાઈદાદાના કોમળ હસ્ત સ્પર્શનું સુખ અનુભવતા. આ સિવાય બીજી કોઈ લાભહાનિ જડતીથી થવાનો સંભવ ન હતો. અમારા રખેવાળોને આવી જડતી લેવાની જરૂર પણ છેવટે લાગી નહિ. બે ચાર દિવસ પછી તે કામ બંધ થયું. અને અમે કોઈ પણ જાતની અડચણ વિના ચોપડીઓ, રોટલી, સાકર વગેરે વસ્તુઓ મરજી મુજબ કચેરીમાં લઈ જઈ શકતા. સિપાઈઓને ખાતરી થઈ ગઈ હતી કે અમે કચેરીમાં પિસ્તોલ કે બંબગોળો ચલાવીશું નહિ; પણ એક બીક તો તેમના હૃદયમાં હંમેશાં રહ્યા કરતી કે કોણ જાણે કયારેય કોઈના મનમાં ન્યાયાધીશ સાહેબના માનનીય મસ્તક પર જોડો ફેંકવાની બદદાનત થઈ આવે, અને તેમ થાય તો સત્યાનાશ વળી જાય ! તેથી જોડા પહેરીને અંદર જવાની મનાઈ હતી. આ બાબતમાં સિપાઈઓ હંમેશાં સાવધ રહેતા, તેવા સાવધ એમને મેં બીજી કોઈ બાબતમાં જોયા નથી.

મુકદ્દમાનું સ્વરૂપ કાંઈ વિચિત્ર જ હતું. મૅજિસ્ટ્રેટ, વકીલ, સાક્ષી, જુબાની, સાબિતીની વસ્તુઓ તથા આરોપીઓ બધા જ વિચિત્ર હતા. દરરોજ સાક્ષીઓ તથા વસ્તુઓનો એકસરખો દરોડો ચાલુ રહેતો. વકીલોના નાટકીય હાવભાવ, બાલિશ સ્વભાવના મૅજિસ્ટ્રેટની બાલોચિત ચપળતા અને લઘુતા, ને અપૂર્વ આરોપીઓની અપૂર્વ રીતભાત વગેરે જોઈ જોઈને અનેકવાર હૃદયમાં એમ લાગી જતું કે અમે બ્રિટિશ કચેરીમાં નહિ, પણ કોઈ નાટકશાળા અથવા નવલકથાની દુનિયામાં બેઠા છીએ. હવે હું આ તમાશાનાં વિચિત્ર પાત્રોનું ટૂંકું વર્ણન કરીશ.

આ નાટકનો નેતા સરકાર બહાદુરનો વકીલ નૉર્ટન હતો. તે નેતા એટલા માટે કે તે જ આ નાટકનો રચનાર, સૂત્રધાર, અને સાક્ષીઓને ઊભા કરનાર હતો. આવી અજબ શક્તિવાળા માણસો દુનિયામાં વિરલ જ પેદા થાય છે ! નૉર્ટન સાહેબ મદ્રાસી છે, ને તેથી જ એમ જણાય છે કે તે બંગાળાના બારિસ્ટરોમાં દેખાતી નીતિ અને સભ્યતાથી અજાણ્યા છે ! તે એક વાર રાષ્ટ્રીય મહાસભાનો નેતા હતો, અને તેથી લાગે છે કે વિરોધી વર્તન અને સામો જવાબ તે સાંખી શકતો નથી, અને વિરોધીઓને દબાવવાની ટેવ રાખે છે ! આવા સ્વભાવને લોકો સિંહસ્વભાવ કહે છે. નૉર્ટન કોઈ વાર મદ્રાસની કૉરપોરેશનનો સિંહ હતો કે નહિ તે મને ખબર નથી, પણ તે અલીપુરની કચેરીનો સિંહ તો હતો જ. તેના કાયદાના જ્ઞાન પર આફરીન થવું મુશ્કેલ

હતું. તેનું કાયદાનું જ્ઞાન એવું હતું કે જાણે ઝાંઝવાનું જળ! પણ તેના ભાષણનો ધોધમાર પ્રવાહ, તેની વાતોની લબ્બાશ, પાયા વિનાની અને નિરુપયોગી વાતો કહેવાની અજબ છાતી, સાક્ષીઓ અને નવાસવા બારિસ્ટરો પરનો રુઆબ અને ધોળાને કાળું કરી બતાવવાની અજબ આવડતમાં નૉર્ટન સાહેબની અસાધારણ ચતુરાઈ પર આફરીન થવું જ પડતું.

ઉત્તમ વકીલોના ત્રણ વર્ગ છે: એક એ કે જે કાયદાના જ્ઞાન, કેસની યોગ્ય રજૂઆત અને ઝીણી દલીલોથી ન્યાયાધીશના મનમાં ખાતરી ઉત્પન્ન કરી શકે છે; બીજો એ કે જે ચાલાકીથી સાક્ષીઓ પાસેથી ઊલટ-પાલટ તપાસમાં મુકદ્દમાની ઉપયોગી ખરી હકીકતો કઢાવે છે, અને તે પર વિવેચન કરી જ્યુરીનું મન પોતાની તરફ ખેંચે છે; અને ત્રીજો વર્ગ એ કે જે ફક્ત વાતોના જોર પર રૂદ્રસ્વરૂપ ધારણ કરી, જીભના જોરે સાક્ષીઓને ગભરાવી દઈ, મુકદ્દમામાં ગોટાળો ઊભો કરી, પોતાના કંઠના જોરે ન્યાયાધીશ અને જ્યુરીની બુદ્ધિને બહેરી કરી દઈ મુકદ્દમો જીતે છે. આ ત્રીજા વર્ગમાં નૉર્ટન સાહેબનો નંબર ઘણો ઊંચો છે. આમાં કંઈ ખોટું નથી. વકીલ લોકો ધંધાદારી માણસો છે. તેમનું કામ રૂપિયા લેવાનું છે. જે તેમને રૂપિયા આપે તેમનું કામ સાંગોપાંગ પાર ઉતારવું, એ તેમની ફરજ છે. આજકાલ અંગ્રેજી કાયદાના ધોરણ પ્રમાણે ખરી વાત બહાર આણવી તે વાદી કે પ્રતિવાદીનો ઉદ્દેશ નથી હોતો, પણ બન્નેનો ઉદ્દેશ હરકોઈ રીતે મુકદ્દમામાં જીત મેળવવી તે જ હોય છે. તેથી વકીલો પણ આ જ બાબતની કાળજી રાખે છે, નહિ તો તેમની ફરજ બજાવવામાં તે ચૂકયા ગણાય. ભગવાને નૉર્ટનમાં આ સમયે કાંઈ વિશેષ ગુણ ઉત્પન્ન કર્યો નહિ, તેથી જે ગુણ તેનામાં હતો તે ગુણથી જ આ મુકદ્દમો તેણે જીતવો રહ્યો, અને એથી એમ કરતાં તે પોતાની ફરજ જ બજાવતો હતો. સરકાર બહાદુર તેને દરરોજ હજાર રૂપિયા આપતી હતી, અને નૉર્ટન સાહેબ પણ એટલા માટે જ તનતોડ મહેનત કરી રહ્યા હતા, કે સરકારના પૈસા નકામા ન જાય. પણ રાજકીય મુકદ્દમાઓમાં આરોપીઓને ખાસ સગવડ આપવી, અને શંકાશીલ કે અનિશ્ચિત પુરાવા પર બહુ વજન ન આપવું, એ બે બ્રિટિશ કાયદાના નિયમો છે. જો નૉર્ટને આ નિયમો હંમેશાં સ્મરણમાં રાખ્યા હોત તો મને લાગે છે કે તેના કેસમાં કાંઈ નુકસાન થાત નહિ, અને અનેક માણસોને એકાંત કેદનું દુ:ખ ભોગવવું પડયું હોત નહિ. આ દોષનું મૂળ કારણ વકીલ સાહેબની સિંહપ્રકૃતિ જ હતું. જેમ હલિંગ શેડ, હલ અને પ્લુટાર્કે શેકસપીઅર માટે ઐતિહાસિક નાટકનું વસ્તુ આગળથી તૈયાર કરી રાખ્યું હતું તે જ પ્રમાણે પોલીસે પણ આ મુકદ્દમા રૂપી નાટકનું વસ્તુ એકઠું કરી રાખ્યું હતું. અમારા આ નાટકના શેકસપીઅર

નૉર્ટન સાહેબ હતા. પણ શેકસપીઅર અને નૉર્ટન સાહેબમાં મને એક મોટો ભેદ લાગ્યો, અને તે એ કે શેકસપીઅર તૈયાર વસ્તુમાંથી કાંઈક કાંઈક છોડી દે છે, પણ નૉર્ટન સાહેબ તો સાચું, જૂઠું, સાફ, ખરાબ, સંબદ્ધ અસંબદ્ધ, अणोरणीयान् महतो महीयान् જે કાંઈ મળતું, તેમાંથી કાંઈ છોડતા નહિ. ઉપરાંત તેણે જાતે પોતાની કલ્પનાથી અસંખ્ય અનુમાન, સૂચના અને સંકેત એકઠાં કરી એવું સુંદર વસ્તુ રચ્યું કે શેકસપીઅર, ડીફો વગેરે સર્વોત્તમ કવિ અને નવલકથાકાર પણ આ મહાપ્રભુથી હાર પામે. નિંદાખોર લોકો એમ કહી શકે કે જેમ ફાલૂમટાફનાં હોટેલના હિસાબમાં એક આનાના ભોજન પાછળ અસંખ્ય દારૂનાં પીપ રહેતાં તેમ નૉર્ટનના વસ્તુમાં નવટાંક સાચી હકીકતની સાથે ખાંડી અનુમાન અને માન્યતાઓ ભેળવી દેવામાં આવતી, પણ આવી રીતે નિંદા કરનારાઓ પણ આ વસ્તુની મોહકતા તથા બનાવટની ખૂબીનાં વખાણ કર્યા વિના રહી શકે તેમ નથી. આ નાટકનો નાયક બનવા માટે નૉર્ટન સાહેબે મને જ પસંદ કર્યો, તે જોઈ મને પણ બહુ રમૂજ પડી. મિલ્ટનના "પૅરેડાઈઝ લૉસ્ટ" કાવ્યમાં જેમ સેતાન નાયક છે, તેમ જ નૉર્ટન સાહેબની કૃતિમાં હું સર્વ રાજદ્રોહી કાવતરાંઓનો આત્મા ગણાઈ નાયકનું માન મેળવી શકયો. હું એક અસાધારણ તીક્ષ્ણ બુદ્ધિવાળો કાર્યકુશળ તથા ફાંટેબાજ બદમાશ (Bold bad man) હતો. હું જ રાષ્ટ્રીય હિલચાલનો આદિ, અન્ત અને ઉત્પાદક હતો તથા બ્રિટિશ સામ્રાજ્યના નાશ કરવાના પ્રયત્નમાં લાગી રહેલો હતો. કોઈ ઉત્તમ અને તેજસ્વી અંગ્રેજી લેખ જોતાં જ નૉર્ટન સાહેબ ઊછળી પડતા, અને મહેરબાન બરાડી ઊઠતા, "અરવિન્દ ઘોષ!" હિલચાલનાં જેટલાં દેખાતાં અને વણદેખાતાં સંકળાયેલાં અંગ હતાં, તે બધાંનો કર્તા અરવિન્દ ઘોષ! અને અરવિન્દ ઘોષની રચનામાં યુક્તિ પાર પડે તે ઉપરાંત કોઈ નહિ ને કોઈ ગુપ્ત ભેદ છુપાયેલો હોવો જ જોઈએ. મને લાગે છે કે નૉર્ટન ખાતરીથી માનતો હશે કે જો અરવિન્દ ઘોષ પકડાત નહિ તો બે વર્ષમાં હિંદુસ્તાનમાંથી અંગ્રેજી રાજ્યનો લોપ થઈ જાત. મારું નામ એકાદ ફાટેલા કાગળના કકડા પર લખેલું મળતું તો તે બહુ આનંદમાં આવી જઈ ઘણા જ આદરપૂર્વક તે મહા ઉપયોગી સાધન મૅજિસ્ટ્રેટ સાહેબના ચરણકમળમાં અર્પણ કરતો. દુ:ખની વાત છે કે હું કોઈ અવતારી પુરુષ નથી, નહિ તો નૉર્ટનની મારા પર એટલી ભક્તિ હતી, કે મારા ધ્યાનમાં લીન થઈ તે તત્કાળ મુક્ત દેહ પામત, અને અમારા કેદના સમયમાં ને સરકારના પૈસાના ખર્ચમાં બન્નેમાં ઘટાડો થાત. જ્યારે સેશનમાં હું નિર્દોષ ઠર્યો, ત્યારે નૉર્ટન સાહેબની રચના અને તેનો ભરમ બન્ને ભાંગી પડયાં. ન્યાયમૂર્તિ બ્રીચક્રાફ્ટ એવો અરસિક કે તેણે રામાયણમાંથી રામનું નામ ઊડાવી દઈ, વીસમી સદીના આ ઉત્તમ કાવ્યને બેડોળ બનાવી

મૂકયું. અવલોકનકારને કાવ્યમાં ફેરફાર કરવાનો અધિકાર આપવામાં આવે તો પછી આવી દુર્દશા કેમ ન થાય? નૉર્ટન સાહેબને બીચારાને વળી બીજી પણ પીડા હતી. કેટલાક સાક્ષીઓ એવા મૂર્ખ મળેલા, કે તેના મતને મળતી આવે એવી સાક્ષી આપતા નહિ. આથી નૉટન સાહેબ ક્રોધથી લાલચોળ થઈ જતા, અને સિંહગર્જના કરી, સાક્ષીઓના જુબાનીને ડગાવી દઈ તેમને ચૂપ કરી દેતા. પોતાની બનાવેલી કવિતાનો કોઈ ખોટો અર્થ કરે ત્યારે કવિઓને જેવો ક્રોધ ચડે છે, તથા પોતે શીખવાડેલ હોય તેથી તેની ઊંધી રીતનો પલટો, સૂર અથવા હાવભાવ જોઈ નાટકના સૂત્રધારને જેવો વાજબી અને ઉગ્ર ક્રોધ આવે છે, તેવો સાત્ત્વિક ક્રોધ આ જોઈ નૉર્ટનને પણ આવતો.

ભુવન ચેટર્જી બારિસ્ટરની સાથે નૉર્ટન સાહેબને જે ઝઘડો થયો હતો, તેનું કારણ પણ આ સાત્ત્વિક ક્રોધ જ હતું. ચેટર્જી મહાશયના જેવો અરસિક માણસ મેં બીજો જોયો નથી. તેને વેળા કવેળાનું બિલકુલ ભાન જ ન હતું. નૉર્ટન સાહેબ જે વખતે સંબંધવાળી વાતોને તિલાંજલિ આપી, ફક્ત ખૂબીની ખાતર આડીઅવળી બાબતો ઘુસાડવા જતા, ત્યારે ચેટર્જી મહાશય ઊઠીને કોઈ કોઈ પુરાવાને સંબંધ વિનાનો અથવા અયોગ્ય કહી, વચમાં વિઘ્ન નાંખતા. તે એટલું સમજી શકતા નહિ, કે આ બધા સાક્ષીઓને ઉપયોગી જાણીને બોલાવવામાં આવતા નથી, પણ નૉર્ટન કૃત નાટકમાં જરૂર હોવાથી તેમને હાજર કરવામાં આવતા હતા. આ પ્રમાણે તાલભંગ થતો જોઈ નૉર્ટન સાહેબ જ નહિ, પણ શ્રીમાન બર્લે સાહેબ પણ નારાજ થઈ જતા. એક વાર બર્લેએ ચેટર્જીને ઘણા કરુણ અવાજે કહ્યું, "Mr. Chatterjee, we were getting on very nicely before you came" – અર્થાત્ "આપ આવ્યા ન હતા, ત્યાં સુધી અમારો કેસ બહુ મજેની રીતે ચાલતો હતો", અને એ વાત ખરી છે, કે નાટક ચાલતું હોય ત્યારે વચ્ચે વારંવાર ડખલ કરવાથી નાટક કરનારાઓ અને જોનારાઓ બન્નેનાં રંગમાં ભંગ પડે છે.

જો નૉર્ટનને આ નાટકનો રચનાર મુખ્ય ખેલાડી અને સૂત્રધાર કહીએ, તો મૅજિસ્ટ્રેટ બર્લેને તેનો મુરબ્બી ગણવો જોઈએ. શ્રીમાન બર્લે સાહેબ સ્કોચ જાતિના ભૂષણ હતા, અને તેમના ચહેરા પર સ્કૉટલૅન્ડની અનેક નિશાનીઓ હતી. તેમનો રંગ બિલકુલ ધોળો, ડિલ લાંબું તથા શરીર દુબળું હતું. તેમના આ લાંબા લાકડી જેવા દેહ પર એક નાનકડું માથું જોઈ એમ લાગતું હતું, કે જાણે ગગનચુંબી આકટરલોનીનાં સ્મારક પર નાનકડો આકટરલોની બેઠો છે, અથવા કિલયોપેટ્રાના ઓડેલીસ્કની ટોચે પાકું નાળિયેર લાગી રહ્યું છે. તેમના માથાના વાળ નદીની રેતીના રંગના હતા, અને સારા સ્કૉટલૅન્ડનો બરફ જાણે તેમના મોં પર ઢળી ગયો હોય એમ લાગતું. જેનો દેહ આટલો

લાંબો હોય, તેની બુદ્ધિ પણ એટલી લાંબી જ હોવી જોઈએ, નહિ તો કુદરતની વહેંચણીની નીતિમાં શંકા ઊપજે. પણ આ બાબતમાં બર્લે સાહેબની ઉત્પત્તિ વખતે કુદરત બેપરવા થઈ ગઈ હશે એમ લાગે છે. એક અંગ્રેજ કવિ 'મરલીને' કહ્યું છે કે, – "Infinite riches in a little room" અર્થાત્ "નાનીશી કોટડીમાં અપાર ધન." પણ બર્લેને જોવાથી ઊલટો વિચાર મનમાં આવતો હતો :– Infinite room and little riches – 'મોટા મારા આભલામાં નહિ જેવું ધન.' આવા શરીરમાં આટલી ટૂંકી વિદ્યા અને બુદ્ધિ જોઈ ખરેખર દિલગીરી થતી હતી. વળી વધારે તો એ વિચાર કરતાં, કે આવી જાતના થોડાક રાજકર્ત્તાઓ મારફત ત્રીશ કરોડ ભારતવાસીઓ પર રાજ ચલાવવામાં આવે છે. તે વખતે અંગ્રેજોના મહિમા અને બિટિશ રાજકારભાર પર પ્રેમનો ઊમળકો આવતો હતો! બર્લે સાહેબની વિદ્યા શ્રીયુત વ્યોમકેશ ચક્રવર્તીનું નામ લેતી વખતે દેખાઈ આવતી હતી. આટલા દિવસ મૅજિસ્ટ્રેટપણું ડહોળ્યા છતાં તેઓશ્રીના કરકમલમાં મુકદ્દમો ક્યારે આવ્યો, અથવા કઈ રીતે આવ્યો, તેનો નિર્ણય કરતાં શ્રીમાન બર્લે સાહેબનાં માથામાં ચક્કર આવી ગયાં. આ સમસ્યાનો ઉકેલ નહિ થઈ શકવાથી ચક્રવર્તી મહાશય પર તેનો ભાર ઢોળી દઈ સાહેબે છૂટી જવાનો પ્રયાસ કર્યો. અત્યારે પણ બર્લેએ ક્યારે મુકદ્દમો હાથમાં લીધો, તે પ્રશ્ન મુકદ્દમાની એક ગૂંચ ગણાય છે. મેં ચેટર્જી મહાશયની સામેનું બર્લે સાહેબનું કરુણ નિવેદન જે ઉપર બતાવ્યું છે, તે પરથી પણ સાહેબ બહાદુરની વિચાર શૈલીનું થોડું ઘણું માપ થઈ શકશે. તે પહેલેથી જ નૉર્ટન સાહેબના પાંડિત્ય અને વક્તૃત્વથી અંજાઈ ગયો હતો, અને તેને વશ થઈ ગયો હતો. તે એવી નમ્રતાથી નોર્ટનનું અનુકરણ કરતો કે નોર્ટન હસે ત્યારે હસતો, નોર્ટન ક્રોધ કરે ત્યારે ક્રોધ કરતો, તેમના પ્રમાણે જ હંમેશાં મત બતાવતો – એટલે સુધી કે તેનું આવું અબુધ બાળક જેવું વર્તન જોઈ મારા મનમાં પ્રબળ પ્રેમ અને વાત્સલ્યભાવ ઊભરાઈ આવતો. બર્લે અતિશય બાળક સ્વભાવવાળો હતો; મને તે કદી મૅજિસ્ટ્રેટ લાગતો જ નહિ. એવું લાગતું હતું, કે જાણે કોઈ નિશાળીઓ શિક્ષક બની જઈ શિક્ષકના ઉચ્ચ પદ પર ચડી બેઠો હોય. જો કોઈ તેને ન ગમે એમ વર્તે તો નિશાળ-માસ્તરની માફક જ તે તેના પર હુકમ ચલાવતો. અમારામાંથી કોઈ મુકદ્દમાના આ ફારસથી નાખુશ થઈ અંદર અંદર વાત કરવા લાગે તો બર્લે માસ્તર તેને ધમકાવતો, અને જો કોઈ તેથી પણ ગાંઠે નહિ, તો ઊભા થવાનો હુકમ ફરમાવતો, અને જો હુકમ માનવામાં ન આવે તો સિપાઈઓને ઊભા કરી દેવા હુકમ કરતો. અમે તેની આ નિશાળ માસ્તરની રીતભાત જોઈ જોઈને એટલા ટેવાઈ ગયા હતા,

કે જ્યારે મિ. ચેટર્જી અને બર્લે વચ્ચે ઝઘડો ચાલી રહ્યો હતો ત્યારે અમે ક્ષણે ક્ષણે એવી આશા રાખતા હતા, કે હમણાં બારિસ્ટર મહાશયને પણ ઊભા થવાનો હુકમ મળશે! પણ બર્લે સાહેબે ઊલટો ઉપાય કર્યો. તેણે Sit down, Mr. Chatterjee (બેસી જાઓ) એવી બૂમ પાડી, પોતાની અલીપુરની નિશાળમાં આવેલ આ નટખટ બાળકને બેસાડી દીધો, જેમ જેમ કોઈ કોઈ માસ્તર છોકરાંઓ કાંઈ સવાલ પૂછે, અથવા વધારે બોલે તો નારાજ થઈ જઈ શિક્ષા કરે છે, તે પ્રમાણે બર્લે પણ કરતો. આરોપીઓનો વકીલ જો કાંઈ અડચણ ઊભી કરતો, તો તે નારાજ થઈ તેને શિક્ષા કરતો. કોઈ કોઈ સાક્ષી નોર્ટન સાહેબને બહુ તંગ કરતા. નોર્ટન એમ સાબિત કરવા માગતો હતો કે અમુક લખાણ અમુક આરોપીના હાથનું છે. જો સાક્ષી કહે, "હોય પણ ખરું ને નયે હોય, હું ચોક્કસ કહી શકતો નથી" વગેરે અને આવો જવાબ ઘણા સાક્ષીઓ આપતા, તો નોર્ટન સાહેબ અધીરો થઈ જતો. બકવાદ, જક, ધમકી, શિક્ષા ગમે તે ઉપાયે પણ મનમાન્યો જવાબ કઢાવવાની તે મહેનત કરતો. તેનો છેલ્લો સવાલ આવો થતો : What is your belief? તમે શું ધારો છો? હા કે ના?" સાક્ષી બિચારો "હા" પણ ન કહી શકે, અને "ના" પણ ન કહી શકે. તેથી ફરી ફરીને છેવટ તે જ જવાબ આપતો. તે લોકો નોર્ટનને એમ સમજાવવાનો પ્રયત્ન કરતા, કે તેમની કોઈ ધારણા જ ન હતી, તેઓ તો શંકામાં જ રહી ગયા હતા, પણ નોર્ટનને આવો જવાબ જોઈતો નહોતો. એ વારંવાર ગર્જના કરતો, અને આ પ્રાણનાશક પ્રશ્નથી સાક્ષીઓના માથા પર વજ્ર તૂટી પડતું "Come, Sir. What is your belief?" નોર્ટન સાહેબનો ક્રોધ જોઈ, બર્લે પણ ક્રોધ બતાવતો. અને ખુરશી પરથી ગરજતો, "ટોમરા કયા વિશ્વાસ હૈ?" બીચારો સાક્ષી ભારે મુશ્કેલીમાં પડી જતો. એક તરફ મૅજિસ્ટ્રેટ અને બીજી તરફ નોર્ટન. બન્ને ભૂખ્યા વાઘની જેમ તેનાં આંતરડાં ચીરી, તે અમૂલ્ય, અપ્રાપ્ત "વિશ્વાસ" બહાર કાઢવા માટે કેડ બાંધીને તૈયાર થઈ જતા, અને બન્ને તરફથી ભયંકર ગર્જનાઓ કરતા, પણ ઘણું ખરું "વિશ્વાસ" નીકળતો જ નહિ. અંતે સાક્ષી પરસેવાથી રેબઝેબ થઈ જઈ હાંફતો હાંફતો આ છટકામાંથી જીવ લઈ નાસી જતો. કોઈ કોઈ વિશ્વાસ કરતાં જીવને વધારે વહાલો ગણી, બનાવટી વિશ્વાસરૂપી ભેટ નોર્ટન સાહેબના ચરણકમળમાં અર્પણ કરી પોતાનો જીવ બચાવતા અને નોર્ટન સાહેબ પણ તેથી સંતોષ પામી, પ્રસન્ન થતા હતા. જેવો વકીલ તેવો જ મૅજિસ્ટ્રેટ મળી જવાથી મુકદ્દમો વળી ઓર નાટકીય બની ગયો.

કેટલાક સાક્ષીઓએ આ પ્રમાણે વિરુદ્ધ આચરણ કર્યું, પણ ઘણાખરાઓએ નૉર્ટનના સવાલોના અનુકૂળ જ જવાબ આપ્યા. આ સાક્ષીઓમાં મારા પરિચિત બહુ થોડા હતા, કારણ હું કોઈ કોઈકને જ ઓળખતો હતો. દેવદાસ કરણ નામે એક સજ્જને અમારી વિરક્તિ દૂર કરી અમને ખૂબ હસાવ્યા હતા, તે માટે લાંબા વખત સુધી અમે તેમના આભારી રહીશું. આ સાચા સાક્ષીએ પોતાની જુબાનીમાં કહ્યું કે, "મેદનીપુરની સભામાં જ્યારે સુરેન્દ્ર-બાબુએ પોતાના વિદ્યાર્થીઓને ગુરુભક્તિ દેખાડવાની પ્રાર્થના કરી હતી ત્યારે અરવિન્દબાબુ બોલી ઊઠ્યા હતા, 'દ્રોણે શું કર્યું હતું?'" આ સાંભળતાં જ નૉર્ટન સાહેબના આગ્રહ અને કુતૂહલની સીમા ન રહી. તેણે નક્કી એમ જ માન્યું કે દ્રોણ કોઈ બૉમ્બ ભક્ત અથવા હિંસાવાદી રાજકીય પુરુષ છે, અથવા માનિકતલ્લાબાગ કે વિદ્યાર્થી ભંડાર સાથે સંબંધ રાખે છે. નૉર્ટન આ વાકયનો અર્થ એવો સમજ્યો કે નક્કી અરવિન્દ ઘોષે સુરેન્દ્રબાબુને બૉમ્બરૂપી ગુરુદક્ષિણા દેવાની વિદ્યાર્થીઓને સલાહ આપી હતી. બસ પછી શું બાકી રહ્યું? આ વાતથી જ મુકદ્દમામાં બહુ સરળતા થઈ જતી હતી તેથી તેણે બહુ ભાર મૂકીને પૂછ્યું, "દ્રોણે શું કર્યું હતું?" પહેલાં તો સાક્ષી તેના આ પ્રશ્નનો મર્મ કોઈ પણ રીતે સમજી શકયો નહિ. પાંચ મિનિટ સુધી આમને આમ ખેંચતાણ ચાલી. અંતે કરણ મહાશયે બન્ને હાથ આકાશની તરફ ઊંચા કરી નૉર્ટનને સમજાવ્યું કે, "દ્રોણે અનેકાનેક આશ્ચર્યકારક બાબતો કરી હતી." તેથી નૉર્ટનને સંતોષ ન થયો. દ્રોણના બૉમ્બનો પત્તો લગાડયા વિના તેને સંતોષ કેમ થાય, ભલા? તેણે ફરી પૂછ્યું, "તે અનેક બાબતો કઈ હતી? સ્પષ્ટ બોલો તેણે શું શું કર્યું હતું?" સાક્ષીએ તેના ઘણા જવાબ આપ્યા પરંતુ એકે વાતથી દ્રોણાચાર્યના જીવનના આ ગુપ્ત રહસ્યનો ભેદ ખૂલી શકયો નહિ. નૉર્ટને ક્રોધમાં આવી જઈ ગરજવું શરૂ કર્યું. સાક્ષીએ પણ બૂમ પાડીને બોલવા માંડ્યું. એક વકીલે હસીને એવી શંકા બતાવી, સાક્ષીને જ ખબર લાગતી નથી કે "દ્રોણે શું શું કર્યું?" કરણ મહાશય આ વાત સાંભળતાં જ ક્રોધ અને અભિમાનથી સળગી ઊઠ્યા અને બૂમો પાડીને બોલવા લાગ્યા, "શું? દ્રોણે શું કર્યું તે મને ખબર નહિ હોય? મેં શું આરંભથી તે અંત સુધી મહાભારત નહિ વાંચ્યું હોય?" અર્ધા કલાક સુધી દ્રોણાચાર્યના મૃત દેહને સારુ કરણ અને નૉર્ટન વચ્ચે ઘોર યુદ્ધ જામ્યું. પાંચ પાંચ મિનિટને અંતરે નૉર્ટન અલીપુરની કચેરીને કંપાવતો અને પોતાના પ્રશ્નની ઘોષણા કરતો રહ્યો: "Out with, Mr. Editor, what did Drona do?"

"જલદી બોલો, તંત્રી મહાશય, દ્રોણે શું કર્યું?" તંત્રી મહાશયે જવાબમાં એક લાંબી રામકહાણી સંભરાવવા માંડી, પણ તેમાંયે દ્રોણે શું કર્યું તે વાતનો કાંઈ વિશ્વાસજનક પત્તો મળી શકયો નહિ. આખી કચેરીમાં હસાહસ થવા લાગી. નાસ્તાનો વખત પણ આવી પહોંચ્યો. ત્યાર પછી કરણ મહાશય પોતાનું મગજ ઠંડું કરી તથા કાંઈક વિચાર કરી પાછા આવ્યા ત્યારે તેમણે આ સમસ્યાનો એવો ઉકેલ બતાવ્યો કે, "બિચારા દ્રોણે કંઈ પણ કર્યું ન હતું. નકામી જ આપણે અર્ધા કલાક સુધી તેના પરલોકવાસી આત્માની ખેંચતાણ કરી. ઊલટું અર્જુને જ દ્રોણાચાર્યનો વધ કર્યો હતો." આ પ્રમાણે મિથ્યા આરોપમાંથી છૂટતાં વાર જ દ્રોણે કૈલાસમાં જઈ સદાશિવની સ્તુતિ કરી કે, "કરણ મહાશયની સાક્ષીને લીધે જ મારે અલીપુરની કચેરીમાં આવીને સાક્ષીના પાંજરામાં ઊભા રહેવું પડયું નહિ. તંત્રી મહાશયની એક વાતથી સહેજમાં જ અરવિન્દ ઘોષ સાથે મારો સંબંધ સાબિત થાત, પણ હે ભોળા શંભુ! તેં જ મારી રક્ષા કરી."

જે લોકો સાક્ષી આપવા આવતા હતા તેમના ત્રણ ભાગ પાડી શકાય. એક પોલીસ અને છૂપી પોલીસ; બીજા પોલીસના મળતિયા નીચલા દરજ્જાના લોકો; અને ત્રીજા ખાનદાન માણસો, જેમના પર પોલીસની ખફામરજી રહેતી, તથા જેમને જબરજસ્તીથી લાવી સાક્ષી બનાવી દેવામાં આવતા. દરેક જાતના સાક્ષીઓની સાક્ષી આપવાની રીત પણ નિરાળી જ હતી. પોલીસ-વાળા બહુ આનંદથી તથા સંકોચ વિના પોતાની માહિતી કહી નાંખતા. જેમને ઓળખવાની જરૂર હતી તેમને ઓળખાવતા, અને કોઈ જાતની શંકા કે ભૂલચૂક ન થવા દેતા. પોલીસના મળતિયાઓ પણ બહુ ભાર દઈને સાક્ષી આપતા. જેમને ઓળખવાની જરૂર હતી, તેમને તે ઓળખી લેતા. જે લોકોને જબરજસ્તીથી લાવવામાં આવતા તેઓ જે કાંઈ જાણતા તે કહેતા હતા, પણ તેવા બહુ થોડા હતા. નૉર્ટનને તેથી સંતોષ થતો નહિ; અને તે એમ જ સમજયા કરતો કે સાક્ષીઓના પેટમાં કોઈને કોઈ અમૂલ્ય તથા સન્દેહ ટાળનાર સાબિતી અવશ્ય બાકી રહી જાય છે, અને તેથી પોતાની જિકરથી અનેક પ્રયત્નો કરી, સાક્ષીના પેટને ચીરી તે સાબિતી કાઢવાની તનતોડ મહેનત કરતો. તેથી બીચારા સાક્ષીઓ મહામુશ્કેલીમાં આવી પડતા. એક તરફ નૉર્ટનની ગર્જના અને બર્લેની લાલપીળી આંખો, અને બીજી તરફ જૂઠી સાક્ષીઓ આપી, પોતાના દેશબંધુઓને કાળાપાણીએ મોકલવાનું મહાપાપ! નૉર્ટન અને બર્લેને રાજી કરવા કે ભગવાનને? આ પ્રશ્ન બીચારા સાક્ષીઓ માટે કોઈ કોઈવાર બહુ વિકટ થઈ પડતો. એક તરફથી માણસના ક્રોધથી ક્ષણભર વિપત્તિ, અને બીજી તરફ પાપ. નરક અને પરલોકનું દુ:ખ. પણ તે વિચારતા

કે પરલોક અને નરક તો દૂર રહ્યાં, પણ મનુષ્યકૃત વિપત્તિ તો સામે જ આવીને ઊભી છે, અને હમણાં ગળી જશે. કોને ખબર છે કે જૂઠી સાક્ષી આપવાનો ઈન્કાર કરવાના કારણસર જ જૂઠી સાક્ષી દેવાના અપરાધમાં પકડાવું પડે! આવો ભય ઘણાકના મનમાં રહેતો હતો, કેમકે એવા અવસરોમાં આવા દાખલાઓ કાંઈ ઓછા ન બનતા. આથી આ જાતના સાક્ષીઓ જ્યાં સુધી સાક્ષીના પાંજરામાં રહેતા, ત્યાં સુધી તેમનો સમય મહાભય અને ચિંતામાં કપાતો. સાક્ષી પૂરી થતી એટલે અર્ધો નીકળી ગયેલો પ્રાણ ફરી દેહમાં પાછો આવતો, અને આ મુશ્કેલીમાંથી છુટકારાનો દમ લેતો. કેટલાક સાક્ષીઓએ નૉર્ટન સાહેબની ગર્જનાની લેશ પણ પરવા ન કરતાં ઘણી જ નીડરતાથી સાક્ષી આપી. જ્યારે જ્યારે આમ થતું, ત્યારે તે અંગ્રેજ બારિસ્ટર પણ પોતાની જાત પર જઈ એકદમ નરમ થઈ જતો. આ પ્રમાણે કેટલાયે સાક્ષીઓ આવી ગયા, અને કેટલીયે જાતની જુબાનીઓ આપી, પણ તેમાંથી એકેએ પોલીસના લાભની એક વાત ન કહી. એક સાક્ષીએ તો સાફ સાફ જણાવી દીધું કે "હું આ બાબતમાં કાંઈ જાણતો નથી. મને તો એ જ સમજાતું નથી કે પોલીસ મને અહીં શા માટે ઘસડી લાવી છે?" આવી રીતે તો હિન્દુસ્થાનમાં જ કેસ ચલાવી શકાય. જો કોઈ બીજા દેશમાં આ પ્રમાણે બન્યું હોત, તો ન્યાયાધીશ આવી આવી વાતોથી નારાજ થઈ પોલીસને સખત ઠપકા સાથે શિક્ષા દેત. એકે વાતનો કાંઈએ પત્તો મેળવ્યા વિના તથા અપરાધી અને નિરપરાધીનો વિચાર કર્યા વિના સેંકડો સાક્ષીઓને લાવી લાવીને પાંજરામાં ઊભા કરવા, દેશનું ધન વેડફવું તથા આરોપીઓને નિરર્થક લાંબા વખત સુધી કેદના કષ્ટમાં રાખવા તે કેવળ આ દેશની પોલીસને જ જેબ આપે છે. પણ બિચારી પોલીસેય શું કરે? તે કેવળ નામમાત્ર જ છૂપી પોલીસ છે, પરંતુ તેનામાં યોગ્યતા ન હોવાથી આવી જાતની જુબાની માટે વિશાળ જાળ ફેલાવી ઉત્તમ, મધ્યમ, કનિષ્ઠ સર્વ તરેહના સાક્ષીઓને એકઠા કરી, અટકળ પંચા દોઢસો પાંજરામાં ખડા કરી દેવા તે જ તેમના હાથમાં એક માત્ર ઉપાય હતો; પછી ભલેને સાક્ષી જાણતો હોય કે ન જાણતો હોય, તથા કોઈ જાતનો પુરાવો દઈ શકતો હોય કે ન દઈ શકતો હોય.

આરોપીઓને ઓળખવાની રીત પણ વિચિત્ર હતી. પહેલાં સાક્ષીને પૂછવામાં આવતું કે "તમે આમાંથી કોઈને ઓળખો છો?" જો સાક્ષી "હા" કહે તો તુરત જ નોર્ટન પ્રફુલ્લિત થઈ ઓળખાવવાના તમાશાનો બંદોબસ્ત કરી દેતો તથા સાક્ષીને પોતાની સ્મરણશક્તિને સતેજ કરવાનું કહેતો. જો કહે કે "મને નથી લાગતું કે હું ઓળખતો હોઉં" તો નોર્ટન જરા ઉદાસ થઈ કહેતો "વારુ, જુઓ પ્રયત્ન તો કરો." અને કોઈ એમ કહેતો

કે "ના, હું ઓળખી શકીશ નહિ; આ લોકોને મેં કદી નથી જોયા." તો પણ નોર્ટન તેને છોડતો નહિ. તે એવા વિચારથી કે કદાચ આટલાં મોં જોવાથી સાક્ષીને પૂર્વજન્મની કોઈ સ્મૃતિ જાગી ઊઠે; તેથી તેને પણ પરીક્ષા કરવા માટે મોકલતો. પણ સાક્ષીઓમાં આ પ્રકારની યોગશક્તિ ન હતી, કદાચ પૂર્વજન્મની વાતોમાં તેમને વિશ્વાસ પણ નહિ હોય. તે લોકો સાર્જન્ટોની પાછળ પાછળ, આરોપીઓની બન્ને લાંબી હારની પાસે થઈને, પહેલેથી છેલ્લે સુધી ગંભીરતા ધારણ કરી નીકળી જતા અને અમારા મોં તરફ જોયા વિના જ માથું હલાવી કહેતા, "નહિ, ઓળખતો નથી." નોર્ટન બાપડો નિરાશ થઈ આ માછલાં વિનાની જીવતી જાળ ઉપાડી લેતો.

માણસની સ્મરણશક્તિ કેટલી પ્રખર અને ચોક્કસ હોઈ શકે છે તેનો પુરાવો મને આ મુકદ્દમામાંથી મળી ગયો. ત્રીશ ચાળીશ આદમીઓ ઊભા છે, તેમનાં નામ પણ માલૂમ નથી; તેમની સાથે જન્મારામાંયે વાતચીત થઈ નથી; પણ આજથી બે મહિના પહેલાં કોને જોયો હતો અને કોને નહિ – અમુકને અમુકે ત્રણ જગ્યાએ જોયો હતો – અમુકને બે જગ્યાએ જોયો ન હતો – આને દાતણ કરતો એક વાર જોયો છે, તેથી તેનો ચહેરો જન્મ જન્માંતરને માટે મારા મન પર અંકિત થઈ ગયો છે – આને મેં ક્યારે જોયો, આ શું કરતો હતો, કોઈ તેની સાથે હતું કે નહિ તે કાંઈ યાદ નથી, પણ તેનો ચહેરો કંઈક જન્મારાનો ઓળખીતો હોય એ પ્રમાણે મારા મનમાં જડાઈ રહ્યો છે – હરિને દશ બાર વખત જોયો છે, એટલે તેને ભૂલી જવાનો કોઈ સંભવ નથી – શ્યામને કેવળ એકવાર અર્ધી મિનિટ મેં જોયો હતો, પણ તેનેયે મરતાં સુધી નહિ ભૂલી શકું – ભૂલવાનો સંભવ જ નથી. આ જાતની યાદદાસ્ત આ અધૂરા માનવ સ્વભાવમાં, આ અંધકારમય મૃત્યુલોકમાં જવલ્લે જ જોવામાં આવે છે. કિન્તુ એક બે નહિ પણ આ અવસર પર પ્રત્યેક પોલીસ પુંગવમાં આ પ્રકારની વિચિત્ર અજબ સ્મરણશક્તિ જોવામાં આવી હતી. આ બધું જોઈને છૂપી પોલીસપરની અમારી ભક્તિ તથા શ્રદ્ધા દિવસે દિવસે વધતી ચાલી. પણ દુ:ખની વાત છે કે સેશન કોર્ટમાં ગયા પછી આ ભક્તિ કમી કરવી પડી. મારે કહી દેવું જોઈએ કે મૅજિસ્ટ્રેટ સાહેબની અદાલતમાં અમારા મનમાં એક બે વાર શંકા અવશ્ય ઉત્પન્ન થઈ હતી, કેમ કે જ્યારે મેં લખેલા બ્યાનમાં જોયું કે શિશિર ઘોષ એપ્રિલમાં મુંબઈ હતો, અને બરોબર તે જ વખતે કેટલાએક પોલીસ સાક્ષીઓએ તેને કલકત્તાની સ્કૉટ્સ લેનમાં અથવા હેરીસનરોડ પર પણ જોયો હતો, ત્યારે જ મને થોડી થોડી શંકા થવા માંડી હતી. જ્યારે શ્રીહટ્ટનિવાસી વીરેન્દ્ર ચંદ્રસેનનું સ્થૂળ શરીર વાનીઆચંગમાં તેના બાપના ઘરમાં રહેતું, ત્યારે જ તેનું સૂક્ષ્મ શરીર સ્કૉટ્સ લેનમાં અને બગીચામાં

સી. આઈ. ડી.વાળાઓની સૂક્ષ્મ દૃષ્ટિએ પડયું હતું, – જોકે સાક્ષીઓના લખેલા કાગળોમાંથી સજ્જડ પુરાવો મળ્યો હતો કે વીરેન્દ્ર સ્કૉટ્સ લેનનું ઠેકાણું સુધ્ધાં જાણતો ન હતો; આ વખતે મારી શંકામાં વધારો થયો; વિશેષે કરીને જે માણસોએ કદીયે સ્કૉટ્સ લેન પર પગ મૂકયો નથી તે લોકોએ અમુક માણસોને અનેક વાર ત્યાં દેખ્યા હતા, એવું સાંભળતાં ચિત્તમાં શંકા ઊપજ્યા વિના રહી નહિ. મેદનીપુરનો એક સાક્ષી જેને મેદનીપુરના આરોપીઓએ છૂપી પોલીસવાળા તરીકે ઓળખાવ્યો, તેણે કહ્યું કે, "મેં શ્રી હટ્ટના હેમચન્દ્રસેનને તમલૂક નગરમાં ભાષણ આપતાં જોયો હતો! જો કે હેમચન્દ્રે આ સ્થૂળ ચક્ષુએ કદી તમલૂક જોયું નથી, તો પણ તેના છાયામય શરીરે શ્રી હટ્ટથી દૂર તમલૂક સુધી પહોંચી જઈ ત્યાં એક જોરદાર રાજદ્રોહી સ્વદેશી ભાષણ આપીને ગોવિંદ મહાશયનાં આંખ કાન તૃપ્ત કર્યાં હતાં. ચન્દન નગર નિવાસી ચારૂચંદ્રરાયના છાયામય શરીરે માનિકતલ્લામાં પહોંચી વિશેષ અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું હતું. પોલીસના સિપાઈઓએ સોગંદ પર કહ્યું કે, "અમે અમુક સમયે ચારૂબાબુને શ્યામબજારમાં જોયો હતો, તે શ્યામબજારમાંથી એક મુખ્ય કાવતરાંખોર સાથે માનિકતલ્લા બાગમાં પગે ચાલતો ગયો હતો. અમે પણ ત્યાં સુધી તેની પાછળ પાછળ ગયા. અમે બહુ નજદીક જઈ તેને ઓળખી લીધો હતો, તેથી ભૂલચૂક થવાનું કંઈ કારણ નથી." વકીલોની તપાસથી તે બે સાક્ષીઓ જરા પણ ડગ્યા નહિ. "બાવો બોલ્યા તે સત્ય" એ વચનની અનુસાર પોલીસની સાક્ષી કદી ખોટી હોઈ શકતી નથી. દિવસ અને સમયની બાબતમાં પણ તે લોકોથી ભૂલ નથી થઈ શકતી, કેમકે ચંદનનગરના દુપ્લે કૉલેજ-ના પ્રિન્સીપાલની સાક્ષીથી સાબિત થયું હતું કે તે દિવસે ચારૂબાબુ કૉલેજમાંથી રજા લઈ કલકત્તામાં ગયેલો, પણ નવાઈની વાત છે કે બરાબર તે જ દિવસે તે જ સમયે ચારૂબાબુ ચંદન નગરના નગરશેઠ તારદીવાલ મહાશય, તેમની સ્ત્રી, ચંદન નગરના ગવર્નર અને કેટલાક યુરોપીય ગૃહસ્થો સાથે વાતચીત કરતો હાવડા સ્ટેશનના પ્લૅટફોર્મ પર ફરી રહ્યો હતો! આ બધા માણસોએ બધી વાતો યાદ કરી ચારૂબાબુના પક્ષમાં સાક્ષી આપવાનો વિચાર કર્યો, પણ ફ્રેન્ચ સરકારના પ્રયત્નથી ચારૂબાબુને પોલીસે છોડી દીધો, તેથી અદાલતમાં આ વાતનું રહસ્ય ખુલ્લું થયું નહિ. ચારૂબાબુને મારી એવી સલાહ છે કે પોલીસની આ બધી સાબિતીઓ તેણે "માનસશાસ્ત્ર સંશોધક મંડળ" પર મોકલી દઈ માણસજાતના જ્ઞાનસંગ્રહમાં સહાયતા કરવી! પોલીસવાળાઓની સાક્ષી કદી જૂઠી હોઈ શકતી જ નથી, ખાસ કરીને છૂપી પોલીસની. તેથી થીઓસોફીનો આશરો લીધા સિવાય આપણી પાસે બીજો એકે રસ્તો નથી! ટૂંકામાં કહેવાનું એટલું જ કે બ્રિટિશ કાયદાના આધારે કેટલાય નિર્દોષ લોકોને

સહજમાં કેદ, કાળું પાણી અને ફાંસી પણ મળી જતી, એ વાતનાં દૃષ્ટાંત મને આ મુકદ્દમામાં ડગલે અને પગલે મળતાં હતાં. પાંજરામાં ઊભા રહ્યા સિવાય કેવળ કલ્પનાથી જૂઠાણાની જાળનો ખ્યાલ આવી શકે તેમ નથી. યુરોપની ન્યાયપદ્ધતિ જુગારના જેવી જ છે. તેમાં માણસની સ્વતંત્રતા, સુખદુ:ખ, તેના તથા તેના પરિવાર અને સગાંવહાલાંની જિંદગીભરની પીડા, અપમાન તથા જીવતાં-જીવત મોતની સાથે જુગાર ખેલવાનો છે. તેમાં કેટલાયે દોષી બચી જાય છે, કેટલાયે નિર્દોષ માર્યા જાય છે — તેનો હિસાબ કરી શકાય તેમ નથી. યુરોપમાં સામ્યવાદ અને અરાજકતાના ફેલાવ અને પ્રભાવનું કારણ આ જુગારના ખેલમાં એકવાર સપડાવાથી તથા આ નિષ્ઠુર અવિચારી સમાજરક્ષક કે ભક્ષક ઘંટીમાં એકવાર દળાવાથી સારી રીતે સમજમાં આવી જાય છે. આવી અવસ્થામાં અનેક ઉદાર અને દયાળુ માણસોનું એવું કહેવું થાય કે આ સમાજને તોડી તેને છિન્નભિન્ન કરી નાંખો તો તેમાં શી નવાઈ છે? આટલું પાપ, આટલું દુ:ખ, આટલા નિર્દોષીઓની હાયવરાળ તથા હૃદયના લોહીથી જ જો સમાજની રક્ષા થઈ શકતી હોય તો એવી રક્ષાની જરૂર નથી.

મૅજિસ્ટ્રેટની અદાલતમાં એક માત્ર વિશેષ ઉલ્લેખ કરવા યોગ્ય બનાવ નરેન્દ્ર ગોસાઈની સાક્ષી હતી. તે બનાવનું વર્ણન કરતાં પહેલાં હું મારી વિપત્તિના સાથી બાલક આરોપીઓ વિષેની કેટલીક વાતો કહીશ. અદાલતની અંદર આ બાળકોનું આચરણ જોઈને મને બરોબર ખાતરી થતી હતી કે બંગાળામાં એક નવીન યુગનો આરંભ થયો છે, એક નવીન પ્રજા માતૃભૂમિના ખોળામાં વાસ કરવા લાગી છે. પહેલાના વખતમાં બે જાતના બંગાળી છોકરાઓ જોવામાં આવતા હતા. એક તો શાન્ત, શિષ્ટ, નિસ્પૃહી, સદાચરણી, બીકણ તથા આત્મસન્માન અને મહત્ત્વાકાંક્ષાહીન; અને બીજા દુરાચારી, લબાડ, લુચ્ચા, ઠગ તથા સંયમ અને સત્યતારહિત. આ બે છેડાઓની વચ્ચે અનેક પ્રકારના જીવોએ બંગમાતાની ગોદમાં જન્મ લીધો હતો, કિન્તુ આઠ દશ ભાવિ માર્ગદર્શક, અસાધારણ પ્રતિભાશાળી તથા શક્તિવાન માણસો બાદ કરતાં આ બે જાત સિવાય તેજસ્વી આર્યસંતાનો લગભગ જોવામાં આવતા ન હતા. બંગાળીઓમાં બુદ્ધિ અને હોશિયારી હતી, પણ તેમનામાં શક્તિ અને મરદાઈની ખામી હતી, પણ આ બાળકોને જોઈ લાગતું હતું કે આ બધા લોકો કોઈ જુદા જ સમયના, જુદા જ પ્રકારનું શિક્ષણ પામેલા, ઉદાર અને સ્વતંત્ર સ્વભાવના, તેજસ્વી પુરુષો ફરીથી ભારતવર્ષમાં પાછા અવતર્યા છે. તેમની નિર્ભય તથા સરળ દૃષ્ટિ, તેજસ્વી વાતો, ચિંતારહિત અને આનંદી હાસ્ય, આ ઘોર વિપદમાં પણ દેખાતી સંપૂર્ણ તેજસ્વિતા, મનની પ્રસન્નતા, શાન્તિ, ચિંતા અને શોકનો અભાવ વગેરે તેમના સમયના સંતપ્ત ભારત-

વાસીઓનાં જેવાં ન હતાં, તે સર્વે નૂતન પુત્ર, નૂતન જાતિ તથા નૂતન કર્મયુગનાં લક્ષણો હતાં. તે લોકો જો હિંસાવાદી હોય તો પણ કહેવું પડે કે હિંસાની ખૂની છાયા તેમના સ્વભાવ પર પડી ન હતી. ક્રૂરતા, ઉન્મત્તતા, અથવા પાશવ ભાવનો આ લોકોમાં છાંટો સરખો ન હતો. તે લોકોને ભવિષ્યની અથવા મુકદ્દમાના પરિણામની લેશમાત્ર ચિન્તા ન હતી. જેલના દિવસો તે બાલકોએ આમોદપ્રમોદ, રમત ગમત તથા વાંચન-વિવાદમાં જ ગાળી નાંખ્યા. તે લોકોએ થોડા જ દિવસોમાં જેલના નોકરો, સિપાઈઓ, કેદીઓ, યુરોપીઅન સાર્જન્ટો, ડિટેકટીવો તથા અદાલતના નોકરો સર્વેની સાથે દોસ્તી કરી લીધી, અને દુશ્મન કે દોસ્ત, મોટા કે નાના વગેરેનો જરાયે વિચાર કર્યા વિના તે લોકો સર્વની સાથે ગપસપ, ટોળટપ્પા અને આનંદ કરવા બેસી જતા. કચેરીનો વખત તે લોકોને અતિશય કંટાળા ભરેલો લાગતો, કેમ કે મુકદ્દમાના ફારસમાં રસ બહુ થોડો હતો. કચેરીમાં વખત ગાળવા માટે તે લોકો પાસે વાંચવાની એકે ચોપડી પણ ન હતી, અને વાતચીત કરવાની પણ મનાઈ હતી. જે લોકોએ યોગ કરવાની શરૂઆત કરી હતી તેઓ પણ ત્યાર સુધી ગરબડ વચ્ચે ધ્યાન કરવાનું શીખ્યા ન હતા. તે લોકોને આ સમય ગાળવો બહુ મુશ્કેલીની વાત થઈ પડતી. શરૂઆતમાં બે ચાર લોકો વાંચવાની ચોપડીઓ સાથે લાવવા લાગ્યા; તેમની દેખાદેખીથી બીજાઓએ પણ તે રસ્તો લીધો. ત્યાર પછી તો એવો અદ્‌ભુત દેખાવ જોવામાં આવતો, કે એક બાજુ મુકદ્દમો ચાલી રહ્યો છે, ત્રીશ ચાળીશ આરોપીઓનું ભવિષ્ય ઘડવાની વાત થઈ રહી છે, જેનું ફળ ફાંસી અથવા જન્મદેશ નિકાલ આવે – અને બીજી બાજુ આરોપીઓ તે તરફ નજર પણ કરતા નથી, પણ કોઈ બંકિમની નવલકથા, કોઈ વિવેકાનંદકૃત રાજયોગ અથવા Science and religion, કોઈ ગીતા, કોઈ પુરાણ, કોઈ યુરોપની ફીલસુફીનાં પુસ્તકો વાંચવામાં મશગૂલ થઈ ગયા હોય છે. અંગ્રેજ સાર્જન્ટો અથવા દેશી સિપાઈઓ કોઈ તેમના આ કામમાં અડચણ કરતા નહિ. તે લોકો માનતા હતા કે જો આટલાથી જ પાંજરામાં પૂરેલા વાઘ શાન્ત બેસી રહે તો યે આપણું કામ ઓછું થઈ જાય, અને આમાં કોઈને કાંઈ નુકસાન પણ ન હતું. પણ બર્લે સાહેબની નજર આ તરફ ગઈ. મૅજિસ્ટ્રેટ સાહેબ આ સહન કરી શકયા નહિ, પણ બે ત્રણ વખત તે કાંઈ બોલ્યા નહિ. ત્રીજે દિવસે તે ન રહી શકયા, ને ચોપડીઓ લાવવાની બંધી કરવામાં આવી. બર્લે સાહેબના સુંદર વિચારો સાંભળી આનંદ માનવાને બદલે ચોપડી વાંચવા માંડવી, તે બર્લેની મહત્તા અને બ્રિટિશ રાજયના મહિમાનું ઘોર અપમાન કરવા જેવું હતું.

અમે જેટલા દિવસ કાળ કોટડીમાં પુરાયેલા રહ્યા, તેટલા દિવસ કેવળ ગાડીમાં, મૅજિસ્ટ્રેટના આવવા પહેલાં અને નાસ્તાને વખતે વાતો કરવાનો કેટલોક સમય મળતો હતો ઓળખીતાઓ અરસપરસ એકાંત કેદનો અનુભવ કહેતા, અને હાસ્યવિનોદમાં તથા જુદી જુદી બાબતોની ચર્ચામાં સમય ગાળતા. પણ તેવે વખતે અજાણ્યા માણસો સાથે વાતો કરવાનું સરળ ન હતું, તેથી મારા ભાઈ બારીન્દ્ર અને અવિનાશ સિવાય હું કોઈની સાથે વાતચીત કરતો નહિ. તેમની વાતો સાંભળતો, પણ તેમાં ભળતો નહિ. પણ એક માણસ વચ્ચે વચ્ચે ખસીને મારી પાસે આવી જતો – તે ભાવિ બાતમીદાર (Approver) નરેન્દ્ર ગોસ્વામી હતો. તે સાહસિક, હલકા મનનો અને હલકા સ્વભાવનો તથા વચનમાં અને કર્મમાં અસંયમી હતો. પકડાવાની વખતે નરેન્દ્રે પોતાનો સાહસિક સ્વભાવ અને જોર બતાવ્યાં હતાં, પણ શોખીન હોવાથી જેલનું જરાયે દુ:ખ અથવા અગવડ તેનાથી સહન ન થઈ શકયાં. તે જમીનદારનો દીકરો હતો, અને મોજશોખમાં ઊછર્યો હતો, તેથી જેલના કડક નિયમો અને મુશ્કેલીઓથી તે કાયર થઈ ગયો, અને પોતાની તે વૃત્તિ સર્વ સમક્ષ દર્શાવતાં તે આચકો ખાતો નહિ. ગમે તે ઉપાયે પણ આ પીડામાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા તેના મનમાં દિવસે દિવસે વધવા લાગી. પહેલાં તો તેને એવી આશા હતી, કે પોતાની કબૂલાત માટે નામુકર જઈ તે એવું સાબિત કરી શકશે કે પોલીસે તેને શારીરિક કષ્ટ આપી ગુનો મનાવ્યો હતો. તે અમારી પાસે કહી ચૂકયો હતો, કે તેનો બાપ એવી ખોટી જુબાની ઊભી કરવા માટે પ્રયત્ન કરી રહ્યો હતો પણ થોડા દિવસમાં તેની વૃત્તિમાં ફેરફાર દેખાવા લાગ્યો. તેનો બાપ અને એક વકીલ જેલમાં તેની પાસે વારંવાર આવવા લાગ્યા અને છેવટમાં શમસુવઆલમ પણ તેની પાસે આવીને ઘણીવાર એકાંતમાં વાતો કરવા લાગ્યો. આ સમયે અચાનક ગોસાઈની જિજ્ઞાસાવૃત્તિ અને કુતૂહલતામાં એકાએક વધારો થઈ આવ્યો જોઈ, ઘણાને શંકા થવા લાગી. દેશના મોટા મોટા માણસો સાથે કોને કોને સંબંધ હતો, ગુપ્ત સમિતિને કોણે કોણે અધિક મદદ આપી હતી, હવે સમિતિનું કામ કોણ ચલાવશે, શાખા સમિતિઓ કયાં કયાં છે? – વગેરે નાના મોટા અનેક પ્રશ્નો તે બારીન્દ્રને પૂછતો. ગોસાઈની આ જિજ્ઞાસાવૃત્તિની વાત તરત જ બધાને કાને આવી ગઈ, અને શમસુલઆલમની સાથેના તેના પરિચયની વાત પણ હવે છાની રહી નહિ. તે વાતો પર ઘણીવાર ચર્ચા થતી રહેતી, અને કોઈ કોઈના લક્ષમાં તો એ પણ આવી ગયું કે પોલીસનાં દર્શન થયા પછી જ એવા નવા પ્રશ્નો ગોસાઈના મનમાં ઊઠતા હતા. કહેવાની જરૂર નથી કે તેને આ પ્રશ્નોના સંતોષકારક જવાબ મળતા નહિ. ગોસાઈએ

જાતે જ શરૂઆતમાં આરોપીઓની પાસે કહ્યું હતું કે પોલીસ તેની પાસે આવી તેને 'સરકારનો સાક્ષી' બનાવવા માટે તરેહવાર રીતે સમજાવવાનો પ્રયત્ન કરતી હતી. તેણે મને પણ કોર્ટમાં એક વખત આ વાત કહી હતી. મેં તેને પૂછ્યું હતું, "તમે શો જવાબ આપ્યો?" તેણે કહ્યું, "હું ક્યાં સાંભળું એવો છું? અને સાંભળું તોયે તેમના દિલને અનુકૂળ સાક્ષી કેમ આપું?"

ત્યાર પછી કેટલેક દહાડે જ્યારે આ વાત નીકળી, ત્યારે મેં જોયું કે વાત બહુ જ વધી ગઈ છે, જેલમાં ઓળખાવવાના તમાશા વખતે મારી પાસે ગોસાઈ ઊભો હતો, ત્યારે તેણે મને કહ્યું, "પોલીસ તો મારી પાસે આવ્યાં જ કરે છે!" મેં મશ્કરીમાં કહ્યું, "તમે એમ કેમ નથી કહેતા કે સર એન્ડ્રૂઝ ફ્રેઝર અમારી ગુપ્ત સમિતિના મુરબ્બી છે. તમે કહેશો તો એ લોકોનો શ્રમ સાર્થક થશે." ગોસાઈએ કહ્યું "એવું જ કહ્યું છે. મેં કહ્યું કે સુરેન્દ્રનાથ બેનરજી અમારા મુખી છે. તેમને એકવાર બૉમ્બગોળા બતાવવામાં આવ્યા હતા." મેં ચકિત થઈને પૂછ્યું, "આવી વાત કહેવાનું શું પ્રયોજન હતું?" ગોસાઈ બોલ્યો, "હું તેમનો દમ કાઢી નાંખીશ. આવી આવી તો બીજી કેટલીયે ખબરો આપી છે. બેટાજી ખુરાવો ઢૂંઢી ઢૂંઢીને મરશે. વખતે આ ઉપાયથી મુકદ્દમો તૂટી પણ જાય!" તેના જવાબમાં મેં ફક્ત એટલું જ કહ્યું કે "આ લત છોડી દે. પોલીસ સાથે ચાલાકી કરવા જતાં કદાચ માર્યો જઈશ." ગોસાઈની આ વાત કેટલે સુધી સાચી હતી તે કહી શકાય નહિ. બીજા બધા આરોપી-ઓનો એવો મત હતો કે અમારી "આંખમાં ધૂળ નાંખવા માટે જ તેણે આ વાત કહી હતી." મને તો લાગે છે કે સમયે ગોસાઈ બાતમીદાર બનવાના પૂરા નિશ્ચય પર આવ્યો ન હતો. તેનું મન અવશ્ય તે તરફ બહુ ખેંચાઈ ગયું હતું. પણ પોલીસને થાપ દઈ, તેમના મુકદ્દમાને ધૂળમાં મેળવી દેવાની આશા પણ તેના મનમાં હતી. ચાલાકીથી અને ખોટે રસ્તે કાર્ય સિદ્ધ કરવું, તે નીચ લોકોનો સ્વભાવ છે. તે સમયે જ મને ખાતરી થઈ હતી કે ગોસાઈ પોલીસને વશ થઈ, સાચું જૂઠું – જેવી જરૂર – કહીને પોતાનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે. એક નીચ સ્વભાવના માણસનું દુષ્ટતામાં થતું એ વિશેષ અધ:પતન મારી આંખોની સામે નાટકની માફક દેખાવા લાગ્યું. મેં જાણ્યું કે દિવસે દિવસે ગોસાઈનું મન કોઈ રીતે બદલાતું જાય છે. તે વિશ્વાસઘાતનું કામ કરી પોતાના સોબતીઓનું સર્વનાશ કરવાનો જે પ્રયત્ન કરી રહ્યો હતો તેને ટેકો આપવા માટે ક્રમે ક્રમે અનેક પ્રકારની યુક્તિઓ તે અજમાવવા લાગ્યો. એના જેવું પાત્ર માનસશાસ્ત્રના અભ્યાસીને મળવું મુશ્કેલ છે. પ્રથમ તો કોઈએ પણ ગોસાઈને ન જાણવા દીધું કે તેનું કપટ સર્વના જાણવામાં

આવી ગયું છે. અને તે પણ એવો બેવકૂફ હતો કે ઘણા દિવસો સુધી કાંઈ સમજી શકયોયે નહિ. "હું કેવી ચાલાકીથી પોલીસને મદદ કરી રહ્યો છું." એમ વિચારીને તે તો મનમાં ફુલાતો હતો, કેટલાક દિવસો પછી જ્યારે એકાંત કેદમાંથી લાવી સર્વને સાથે રાખવામાં આવ્યા ત્યારે સાથે રહેવાથી અને વાતચીત થવાથી ગોસાઈની વાત ઝાઝો વખત છાની રહી શકી નહિ. તે વખતે એક બે છોકરાઓને ગોસાઈ સાથે ટંટો થયો. તેમની વાતો અને અતડી વર્તણૂકથી તેને લાગ્યું કે તેનું કપટ કોઈથી અજાણ્યું રહ્યું નથી. જ્યારે ગોસાઈએ સાક્ષી આપી ત્યારે કેટલાક અંગ્રેજી પત્રોમાં એવી ખબર આવી હતી કે આરોપીઓ આ નવી બાબતો સાંભળી, આશ્ચર્યચકિત અને ઉત્તેજિત થઈ ગયા. કહેવાની જરૂર નથી કે રિપોર્ટરોની આ નરી કલ્પના જ હતી. કેટલાયે દિવસો અગાઉથી જ બધા જાણી ગયા હતા કે આ જાતની સાક્ષી આપવામાં આવશે. એટલું જ નહિ પણ કયે દિવસે કેવી સાક્ષી આપવામાં આવશે, તે પણ બધાના જાણવામાં હતું.

તે સમયે એક આરોપીએ ગોસાઈની પાસે જઈને કહ્યું, "ભાઈ, હવે મારાથી પણ આ સર્વ કષ્ટ સહ્યું જતું નથી, માટે હું પણ સરકારી સાક્ષી થઈશ. તું સમશુલઆલમને કહી દે કે તે મને પણ છોડાવવાનો બંદોબસ્ત કરે."

ગોસાઈએ આ વાત માની લીધી અને કેટલાક દિવસો પછી તેને કહ્યું, "સરકાર તરફથી આ બાબતમાં કાગળ આવ્યો છે. તમારી અરજ પર અનુકૂળ નિર્ણય થવાનો સંભવ છે." એમ કહીને ગોસાઈએ તેને ઉપેન્દ્ર વગેરે પાસેથી ગુપ્તસમિતિની શાખા સમિતિઓ કયાં કયાં છે? તેમના નેતા કોણ કોણ છે? વગેરે જરૂરી બાબતો કઢાવવા વિષે કહ્યું. સરકારનો સાક્ષી બનવાનો ઢોંગ કરનાર આ નકલી બાતમીદાર ગમ્મતી અને રસિક હતો. તેણે ઉપેન્દ્ર સાથે મસલત કરીને કેટલાંક કલ્પિત નામો બતાવ્યાં, અને કહ્યું કે મદ્રાસમાં વિશ્વંભર પિલ્લે, સતારામાં પુરુષોત્તમ નાટેકર, મુંબઈમાં પ્રોફેસર ભટ્ટ, તથા વડોદરામાં કૃષ્ણજીરાવ ભાઉ ગુપ્તસમિતિની શાખા સમિતિઓના મુખી હતા. ગોસાઈએ આનંદમાં આવી જઈ, આ ખાનગી સમાચાર પોલીસને કહ્યા. પોલીસ પણ મદ્રાસના ખૂણે ખૂણે શોધી વળી. અનેક પિલ્લે મળ્યા, પણ વિશ્વંભર કે અર્ધ વિશ્વંભર પિલ્લે કોઈ પણ મળ્યો નહિ. સતારામાં પુરુષોત્તમ નાટેકરે પણ પોતાના અસ્તિત્વને ગાઢ અંધકારમાં છુપાવી રાખ્યું. મુંબઈમાં એક પ્રોફેસર ભટ્ટ મળ્યા, પણ તે ભલા માણસ તો એવા અચળ રાજભક્ત હતા કે તેમની નીચે કોઈ ગુપ્ત સમિતિ હોવાનો સંભવ નહોતો. પણ ગોસાઈએ સાક્ષી આપતી વખતે ઉપેન્દ્રનાથ પાસેથી સાંભળેલી વાત પર વિશ્વાસ મૂકી, પોતાના કલ્પના-રાજ્યમાં વાસ કરનાર વિશ્વંભર પિલ્લે ઈત્યાદિ મહારથી કાવતરાંબાજોને નૉર્ટન

સાહેબના શ્રીચરણે અર્પણ કરી, તેની અદ્‌ભુત કલ્પનાને પોષણ આપ્યું. વીર કૃષ્ણજીરાવ ભાઉને માટે પોલીસે એક ઓર જ તમાસો કર્યો. તે લોકોએ માનિક-તલ્લાના બગીચામાંથી કોઈ ઘોષ મહાશયે મોકલેલ વડોદરાના કૃષ્ણજીરાવ દેશ-પાંડેના નામના એક તારની નકલ કાઢી હાજર કરી. એ નામનો કોઈ માણસ વડોદરામાં છે કે નહિ, એ વાતનો પત્તો વડોદરાનિવાસીઓ ભલે ન લગાડી શકે, તોપણ સત્યવાદી ગોસાઈજીએ વડોદરાવાસી કૃષ્ણજીરાવ ભાઉનું નામ આપ્યું છે, માટે કૃષ્ણજીરાવ ભાઉ અને કૃષ્ણજીરાવ દેશપાંડે એક જ હોવા જોઈએ. અને જો કોઈ કૃષ્ણજીરાવ દેશપાંડે પણ ન મળે, તો મારા પ્રિયમિત્ર કેશવરાવ દેશપાંડેનું નામ કાગળ પત્રોમાં મળ્યું જ હતું. તેથી કૃષ્ણજીરાવ ભાઉ, કૃષ્ણજીરાવ દેશપાંડે તથા કેશવરાવ દેશપાંડે, એ બધા એક જ માણસ છે, એટલે સાબિત થયું કે કેશવરાવ દેશપાંડે ગુપ્ત કાવતરાંના એક મુખ્ય પંડયા હતા. આવી જાતનાં સર્વ વિચિત્ર અનુમાનો પર જ નૉર્ટન સાહેબની પ્રખ્યાત કલ્પના આધાર રાખતી હતી. જો ગોસાઈની વાતો પર વિશ્વાસ મૂકીએ તો એમ પણ માનવું પડે કે તેના કહેવાથી જ અમારી એકાંત કેદનો અંત આવ્યો, અને અમને બધાંને એક ઠેકાણે રાખવામાં આવ્યા. તેણે અમને કહ્યું હતું કે પોલીસે એને સર્વની સાથે રાખી, કાવતરાંની છૂપી વાતોનો પત્તો મેળવવાના ઉદ્દેશથી આ વ્યવસ્થા કરી છે. ગોસાઈ જાણતો ન હતો કે અમે સર્વ આગળથી જ તેના આ નવા વ્યવસાયની વાત જાણી ગયા હતા. આ ઉદ્દેશથી એ એવા પ્રશ્ન કરતો કે "કોણ કોણ કાવતરામાં સામેલ છે? કયાં કયાં શાખાસમિતિઓ છે? કોણ રૂપિયા અથવા સહાયતા આપે છે? હવે ગુપ્ત સમિતિઓનું કામ કોણ ચલાવશે?" ઈત્યાદિ. તેના સર્વ પ્રશ્નોના જવાબ તેને કેવી જાતના મળતા હતા, તેનું દૃષ્ટાંત હું આગળ આપી ગયો છું. કિન્તુ ગોસાઈની ઘણી ખરી વાતો જૂઠી જ હતી. ડૉકટર ડેલીએ અમને કહ્યું હતું કે "મેં પોતે એમર્સન સાહેબને કહીને આ ફેરફાર કરાવ્યો છે. અને ડેલીની વાત જ ખરી હોવી જોઈએ. અને પોલીસે તો આ નવી વ્યવસ્થા જોઈ તેનો લાભ લેવાનો પ્રયત્ન કર્યો હશે. ગમે તેમ હોય, પણ આ ફેરફાર જોઈ મારા સિવાયના બધા બહુ ખુશ થયા. હું તે સમયે માણસોને મળવા માગતો ન હતો. મારું સાધનાનું કામ તે વખતે જોરમાં હતું. સમતા, નિષ્કામતા અને શાન્તિનો થોડો ઘણો સ્વાદ મને મળી ચૂકયો હતો, પણ મારી તે વૃત્તિ તે સમય સુધી દૃઢ થઈ ન હતી. લોકોની સાથે મળવાહળવાથી તેમની ગરબડના પ્રવાહમાં મારો આ નવીન ભાવ તણાઈ જવાનો સંભવ હતો. અને બન્યું પણ તેમ જ. તે સમયે હું જાણતો ન હતો કે મારી સાધનાની પૂર્ણતાને માટે વિપરીત ભાવોની આવશ્યકતા છે. તે કારણથી જ અંતર્યામી પરમાત્માએ મને મારી

પ્રિય એકાંત જગ્યા છોડાવી, અને અચાનક ઉદ્યમ અથવા રજોગુણનો પ્રવાહ વહેવડાવ્યો, અને સર્વ આનંદમાં ગરકાવ થઈ ગયા. હેમચન્દ્રદાસ, સચીન્દ્રસેન ઈત્યાદિ ગાયનના શોખીનોને જે ઓરડામાં રાખવામાં આવતા હતા તે મોટો હતો. તેથી તેમાં ઘણા આરોપીઓને રાખ્યા. તે ઓરડામાં રાત્રે બે વાગ્યા સુધી કોઈ સૂતું નહિ. આખી રાત હાસ્યની લહર, ગાયનનો અસ્ખલિત પ્રવાહ, અને આટલા દિવસ સુધી રોકી રાખેલ ગપ્પાં, ચોમાસાની નદીઓના પૂરની માફક વહેવાં લાગ્યાં. અને તે શૂનકારમાં કોલાહલ મચી રહ્યો. હું સૂઈ ગયો, પણ જ્યારે જ્યારે મારી ઊંઘ ઊડી જતી, ત્યારે એવાંને એવાં ગાયન, એવું ને એવું હસવું તથા એની એ ગપ્પાંબાજી જોતો. પાછલે પહોરે જરા શાન્તિ થઈ, ગાયનના શોખીનો સૂઈ ગયા, અને અમારો વૉર્ડ પણ શાન્ત થઈ ગયો.

કારાગૃહ અને સ્વાધીનતા

ઘણે ભાગે મનુષ્યમાત્ર બહારની પરિસ્થિતિને વશ હોય છે, સ્થૂળ જગતની અનુભૂતિમાં જ રચ્યોપચ્યો રહે છે. એની સઘળી માનસિક ક્રિયાઓ તે સ્થૂળ અનુભૂતિને આધારે જ પ્રવર્તે છે, તેમ જ બુદ્ધિ પણ તે સ્થૂળની સાંકડી સીમાને ઓળંગી જઈ શકતી નથી. તેનાં પ્રાણનાં સુખદુ:ખ એ બાહ્ય ઘટનાઓના માત્ર પડઘા હોય છે. આ પ્રકારની પરવશતા શરીરના આધિપત્યને લઈને જણાય છે. ઉપનિષદમાં જણાવ્યું છે: "જગતના સર્જનહારે પોતે જ શરીરનાં બધાં દ્વાર બહિર્મુખ ઘડયાં અને તેથી જ સૌની દૃષ્ટિ બહારના જગતમાં આબદ્ધ જણાય છે, અંતરાત્મા તરફ કોઈની નજર પણ જતી નથી. એવા ધીર પ્રકૃતિવાળા મહાત્માઓ વિરલ હોય છે જેઓ અમૃતની ઝંખનાથી પ્રેરાઈને પોતાનાં ચક્ષુ અંતરમાં વાળે છે અને આત્માનું પ્રત્યક્ષ દર્શન કરી શકે છે." સામાન્ય રીતે આપણે મનુષ્ય જાતિનું જે બહિર્મુખી સ્થૂળ દૃષ્ટિસંપન્ન જીવન જોઈએ છીએ એમાં મુખ્યત્વે શરીર અવલંબન હોય છે. ભલેને આપણે યુરોપના લોકોને જડવાદી કહીએ, પણ ખરું જોતાં મનુષ્યમાત્ર જડવાદી હોય છે. શરીર છે આપણી ધર્મસાધનાનું સાધન; એ ઘણા ઘોડાજોડયો એક રથ છે. આ દેહરૂપી રથમાં બેસીને આપણે સંસારને માર્ગે ધપીએ છીએ. પરંતુ આપણે દેહને વધારે પડતું મહત્ત્વ આપીને દેહાત્મક બુદ્ધિને એટલા બધા વશ વર્તીએ છીએ કે બહારનાં કર્મ અને બહારનાં શુભાશુભદ્વારા સંપૂર્ણરૂપે આબદ્ધ થઈ જઈએ છીએ. આ અજ્ઞાનનું ફળ છે. આપણું જીવનવ્યાપી દાસત્વ, આપણી પરાધીનતા, સુખ અને દુ:ખ, શુભ અને અશુભ, ચડતી અને પડતી એ સૌ આપણી માનસિક અવસ્થાને પોતાના અનુયાયી કરવામાં એટલાં પ્રયત્નશીલ હોય છે કે આપણે પણ કામનાઓનાં ધ્યાનમાં તે પ્રવાહમાં વહી જઈએ છીએ, સુખની લાલસાથી અને દુ:ખના ભયથી બીજાના આશ્રિત થઈએ છીએ. પારકાએ દીધેલાં સુખ કે દુ:ખ ગ્રહણ કરીને અપાર કષ્ટ પામીએ છીએ, અપમાન સહીએ છીએ. કારણ કે, ભલેને પ્રકૃતિ હોય કે મનુષ્ય હોય, પરંતુ જે આપણા શરીર પર સહેજસાજ પણ આધિપત્ય પામી શકે છે અથવા તો પોતાની શક્તિના અધિકારની મર્યાદામાં આણી શકે છે, તેનાં જ પ્રવાહને આધીન થવું પડે છે. આનું મોટામાં મોટું દૃષ્ટાંત છે શત્રુનાં હાથમાં પડવું તે, અથવા કારાવાસની સ્થિતિ. પરંતુ જેઓ ભાઈભાંડુઓથી વીંટળાયેલા હોઈને સ્વાધીન ભાવે મુક્ત રીતે હરીફરી શકે છે તેમની દુર્દશા પણ કારાવાસમાં બંધાયેલા જેવી જ હોય છે. આ શરીર એક કારાગૃહ છે અને દેહાત્મબુદ્ધિરૂપી અજ્ઞાન બંધનમાં નાખનાર શત્રુ છે.

આ કારાવાસ માનવજાતિની ચિરંતન અવસ્થા છે. સામી બાજુએ જોતાં સાહિત્ય અને ઈતિહાસના દરેક પાના પર સ્વાધીનતા મેળવવા માટે માનવજાતિની અદમ્ય આકાંક્ષા અને પ્રયાસ જણાય છે. જેમ રાજનીતિમાં, કે સામાજિક ક્ષેત્રમાં, તેમ વ્યક્તિગત જીવનમાં યુગે યુગે આ પ્રકારનો પ્રયાસ જણાઈ આવે છે. આત્મસંયમ, આત્મનિગ્રહ, સુખદુ:ખનો ત્યાગ, નીતિમત્તાનો અતિરેક (Stoicism), ભોગવાદ epicureanism વૈરાગ્યવૃત્તિ asceticism વેદાન્ત, બૌદ્ધ ધર્મ, અદ્વૈતવાદ, માયાવાદ, રાજયોગ, હઠયોગ, ગીતા, જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ, કર્મમાર્ગ, આ સઘળા માર્ગોને એક ઠેકાણે પહોંચવાનું છે; અર્થાત્, શરીર પર વિજય મેળવવો, સ્થૂળના આધિપત્યમાંથી છૂટવું અને આંતરિક જીવનની સ્વાધીનતા. પશ્ચિમના વિજ્ઞાનવાદીઓ જણાવે છે કે સ્થૂળ જગત સિવાય બીજું કોઈ જગત નથી, સૂક્ષ્મ જગત સ્થૂળ પર પ્રતિષ્ઠિત છે, સૂક્ષ્મ અનુભવ સ્થૂળ અનુભવની માત્ર છાયા છે, મનુષ્યની સ્વાધીનતાને માટે પ્રયાસ કરવો વ્યર્થ છે. વળી તેઓ જણાવે છે કે ધર્મદર્શન, વેદાન્ત ફોકટ કલ્પના છે; આ ભૌતિક પ્રકૃતિથી બંધાયેલા આપણે જે આ બધાં બંધનોમાંથી મુક્ત થવાનો પ્રયાસ કરીએ છીએ અથવા તો તેની સીમાને ઓળંગી જવાને પ્રયત્નશીલ છીએ તે બધા પ્રયાસો નકામા છે. પરંતુ માનવ હૃદયનાં એવા એક ગૂઢ સ્તરમાં આ પ્રકારની એક ઝંખના રહેલી છે કે આવી હજારો યુક્તિઓ તેને ઉચ્છેદી શકવાની નથી. વિજ્ઞાનના સિદ્ધાન્તોથી મનુષ્યને કદાપિ સંતોષ થવાનો નથી. ચિરકાળથી માનવ અસ્પષ્ટ રૂપે અનુભવતો આવ્યો છે કે સ્થૂળ પર વિજય પામતી સૂક્ષ્મ ચીજ તેના ઊંડાણમાં રહેલી છે, સૂક્ષ્મમય અધિષ્ઠાતા એવા નિત્યમુક્ત આનંદમય પુરુષ તેનામાં વિરાજમાન છે. ધર્મનું આ જે ધ્યેય છે તે જ વિજ્ઞાને કલ્પેલી ઉત્ક્રાન્તિનું (evolution) પણ છે. પશુ અને મનુષ્યનો સાચો ફરક વિચારશક્તિ અને તેનો અભાવ નથી. પશુમાં છે, પણ પશુદેહમાં તેનો ઉત્કર્ષ થતો નથી. આ બન્ને વચ્ચેનો ખરો ભેદ એ છે કે શરીરની આગળ પૂર્ણરૂપે ગુલામી સ્વીકારી લેવી એ થઈ પશુની અવસ્થા અને શરીર પર વિજય મેળવીને આંતરિક સ્વાધીનતા મેળવવા પ્રયત્નશીલ થવું એ થયો માનવવિકાસ. આ પ્રકારની સ્વાધીનતા એ જ ધર્મનું મુખ્ય લક્ષ્ય છે, અને તેને જ મુક્તિ કહે છે. આ રીતની મુક્તિ મેળવવા આપણે અંત:કરણમાં વિરાજેલા મનોમય પ્રાણશરીરધારી નેતાને જ્ઞાનદ્વારા સમજવા તેમ જ કર્મ અને ભક્તિદ્વારા પ્રાણ, શરીર અને મનને અર્પણ કરવાને પ્રયત્નશીલ હોઈએ છીએ. ગીતામાં યોગસ્થ: કુરુ કર્માણિ એમ જે કહ્યું છે તેનો મુખ્ય ઉદ્દેશ આ સ્વાધીનતા છે અને એ જ છે ગીતામાં ઉપદેશેલો યોગ. જ્યારે આંતરિક સુખદુ:ખ બહારનાં શુભાશુભ સંપત્તિવિપત્તિનો આશરો લીધા વિના સ્વયંજાત, સ્વયંપ્રેરિત અને

પોતાની જ સીમામાં બંધાયેલાં જણાય છે, ત્યારે મનુષ્યની સામાન્ય અવસ્થાથી કંઈક વિપરીત અવસ્થાનાં દર્શન થાય છે; તે વખતે બહારનું જીવન આંતરિક જીવનને અનુસરતું જણાય છે, કર્મનાં બંધનો ઢીલાં પડી જાય છે. ગીતાના આદર્શ પુરુષ કર્મનાં ફળમાં આસક્તિ ત્યજીને પુરુષોત્તમમાં કર્મનો સંન્યાસ કરે છે· "दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः," એ રીતે તેઓ આંતરિક સ્વાતંત્ર્ય મેળવીને આત્મરતિ આત્મસંતુષ્ટ થઈને રહે છે. સામાન્ય લોકોની જેમ તે સુખની લાલસાને લઈને કે દુઃખના ભયથી માર્યા કોઈનો આશરો સ્વીકારતા નથી, બીજાએ આપેલાં સુખ:દુખ ગ્રહણ કરતા નથી, અને છતાંય કર્મનો ઉપભોગ કરતા નથી. ગીતાના શ્રેષ્ઠ પુરુષ આ રીતે મહાસંયમી મહા-પ્રતાપી હોય છે, દેવ અને અસુરના યુદ્ધમાં ભય, ક્રોધ, મોહ વગેરેથી પર થઈને મહારથી જણાય છે; અને ભગવાનથી પ્રેરિત કર્મયોગી થઈને રાષ્ટ્ર વિપ્લવ, ધર્મવિપ્લવ અથવા પ્રતિષ્ઠિત રાજ્ય અને ધર્મસમાજનું રક્ષણ કરીને નિષ્કામભાવે ભગવાનનાં કર્મને ચરિતાર્થ કરે છે.

આધુનિક યુગમાં આપણે નૂતન અને પુરાતનની સંધિને સ્થળે આવી રહ્યાં છીએ. મનુષ્ય પોતાને જવાને સ્થળે આગળ વધી રહ્યો છે. કોઈ કોઈ વાર સપાટ ભૂમિ તજીને ઊંચે ચઢવું પડે છે અને એવે સમયે રાજ્યમાં, સમાજમાં, ધર્મમાં અને જ્ઞાનમાં વિપ્લવ થાય છે. અત્યારે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં આરોહણ કરવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. પશ્ચિમના વૈજ્ઞાનિકોએ સ્થૂળ જગતની ઝીણામાં ઝીણી પરીક્ષા કરીને જે નિયમોનો આવિષ્કાર કર્યો છે તેને લઈને આરોહણને માર્ગે લઈ જતી ચારે બાજુની સમતલ ભૂમિ સાફસૂફ થઈ ગઈ છે. પશ્ચિમના જ્ઞાનીઓ સૂક્ષ્મ જગતના વિશાળ રાજ્ય પર પહેલી જ વાર પગ ઠેરવી રહ્યા છે. ઘણાંનાં મન તે રાજ્યનો વિજય કરવાની આશાએ લલચાયાં છે. આ ઉપરાંત વળી બીજાં કેટલાંક લક્ષણો જણાય છે: દાખલા તરીકે થોડા સમયમાં બ્રહ્મવિદ્યા (theosophy)નો ફેલાવો, અમેરિકામાં વેદાન્તનો આદર તેમ જ પશ્ચિમનાં દર્શનશાસ્ત્રમાં અને વિચારસરણીમાં ભારત-વર્ષનું કંઈક અંશે પરોક્ષભાવે આધિપત્ય. પરંતુ સૌથી મોટું લક્ષણ છે ભારતનું આકસ્મિક અને આશાતીત ઉત્થાન. જગતને ગુરુસ્થાને બેસીને ભારતવાસી નવીન યુગ પ્રવર્તાવવાને ખડો થયો છે. ભારતની સહાય મેળવ્યા વગર પશ્ચિમના લોકોની ઉન્નતિની ઝંખના સિદ્ધ થઈ શકવાની નથી. જેવી રીતે આંતરિક જીવનનો વિકાસ કરવામાં સૌથી મહત્ત્વની બાબતો – જેવી કે બ્રહ્મજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને યોગાભ્યાસ – ભારત સિવાય બીજા કોઈ દેશમાં ઉત્કર્ષ પામી નથી, તેવી રીતે માનવજાતિને ઉપયોગી ચિત્તશુદ્ધિ, ઈન્દ્રિયસંયમ, બ્રહ્મતેજ, તપઃક્ષમતા, અને નિષ્કામ કર્મયોગનું શિક્ષણ ભારતની આગવી

સંપત્તિ છે. બહારના સુખદુ:ખને તુચ્છ ગણીને આંતરિક સ્વાધીનતા મેળવવી એ ભારતવાસીને સાધ્ય થાય, નિષ્કામ કર્મમાં ભારતવાસી જ સમર્થ ગણાય. અહંકારનો ત્યાગ અને કર્મમાં નિર્લિપ્તતા તેનું શિક્ષણ છે. આ સઘળાં સભ્યતાનાં ઉચ્ચ લક્ષણો છે. અને તેના સમૂહગત ચરિત્રમાં બીજરૂપે તે રહેલાં છે.

ઉપર જણાવી તે વાતનો યથાર્થ પરિચય મને અલીપુર જેલમાં થયો. ઘણેભાગે આ જેલમાં ચોર, બહારવટિયા અને ખૂની લોકો હોય છે. જોકે કેદીની સાથે વાત કરવાનું અમારે માટે નિષિદ્ધ ગણાતું, છતાંય ખરું જોતાં આ નિયમનું સંપૂર્ણ પાલન થતું નહીં. તે ઉપરાંત રસોઈયો, પાણીવાળો, ઝાડુવાળો, ભંગી વગેરેનો સંપર્ક થયા વગર રહેતો નહીં અને તેમની સાથે ઘણીવાર ખુલ્લે દિલે વાતો થતી. જેઓ મારા એક અપરાધને લઈને ગુનેગાર તરીકે પકડાયા હતા તેઓ અને ક્રૂર ખૂનીઓ ન સાંભળી શકાય તેવાં વિશેષણોથી કલંકિત અને નિંદિત હતા. જો કયાંય ભારતવાસીનું ચરિત્ર ઘૃણાની નજરે જોવામાં આવતું હોય, જો કયાંય તેનો નિકૃષ્ટ અધમ અને ઘૃણાભર્યો પરિચય મેળવી શકાય તેમ હોય તો તેને માટે અલીપુર એક સ્થાન છે. અલીપુરનો કારાવાસ જ એવી એક નિકૃષ્ટ હીન અવસ્થા છે. મેં આ ઠેકાણે આ સ્થિતિમાં બાર માસ વિતાવ્યા. આ બાર મહિનાનો અનુભવ અને તેનું ફળ આ પ્રમાણે છે: ભારતવાસીની શ્રેષ્ઠતાને વિષે પાકે પાયે ખાતરી થઈ, માનવચરિત્રમાં બેવડી ભક્તિ જાગી, સ્વદેશ અને માનવજાતિની ભાવિ ઉન્નતિ અને કલ્યાણની ખૂબ આશા બંધાઈ. આ બધું લઈને કર્મક્ષેત્રમાં પાછો ફર્યો છું. આ કાંઈ મારો સ્વભાવગત આશાવાદ (optimism) અથવા વધારે પડતા વિશ્વાસનાં ફળ નથી. શ્રી બિપિનચન્દ્ર પાલને બકસર જેલમાં આવો જ અનુભવ થયો હતો, અને અલીપુર જેલમાં ભૂતપૂર્વ દાક્તર ડેલિ સાહેબે પણ તે વાતનું સમર્થન કર્યું હતું. ડેલિસાહેબ મનુષ્ય ચરિત્રને પિછાણનારા એક સહૃદય અને વિલક્ષણ માણસ છે, માનવ ચરિત્રની હલકી અને અધમ વૃત્તિઓ તેમની સામે ખુલ્લી પડી હતી, અને છતાં તેમણે મને જણાવ્યું હતું કે તેમણે ભારતનાં નાનામોટા માણસો જોયા, સદ્‌ગૃહસ્થોને જોયા અને કેદીઓને પણ જોયા સાંભળ્યા અને એ પરથી તેમને જણાયું હતું કે ચરિત્રમાં અને ગુણમાં ભારતવાસી તેમના દેશવાસીઓના કરતાં ઘણા ઊંચા છે. આ દેશના કેદીઓ અને યુરોપના કેદીઓમાં આભજમીનનો ફરક છે. ભારતના યુવકોને જોઈને તેમની ધારણા વધારે દૃઢ થઈ હતી. તેમનાં આચરણ, ચરિત્ર અને સદ્‌ગુણ જોતાં કોણ કહી શકે કે તેઓ ઍનાર્કિસ્ટ વા હત્યાકારી છે! તેમનામાં ક્રૂરતા, ઉદ્દામભાવ, અધીરાઈ કે ધૃષ્ટતા કંઈ જ જણાયાં નહિ. ઊલટું બીજું જ જણાયું!

અલબત્ત, જેલમાં ચોર કે ડાકુઓ કંઈ સાધુ કે સંન્યાસી થઈ શકતા નથી. અંગ્રેજોની જેલ ચરિત્રને સુધારવાનું સ્થાન નથી; ઊલટું, સામાન્ય કેદીની ચરિત્રહાનિ તેમ જ માનવતાના નાશનો સંભવ વધારે છે. જે સૌ ચોર, ડાકુ કે ખૂની હોય છે તે તેવા જ રહે છે. જેલમાં તેઓ ચોરી કરે છે, કડક નિયમ હોવા છતાંય નશો કરે છે, જુગાર ખેલે છે એથી થાય છે એમ કે ભારતવાસીનું મનુષ્યત્વ ગયું એમ જણાતાં છતાં જતું નથી. સામાજિક અવનતિમાં તે પતન પામે છે, મનુષ્યત્વનો નાશ થવાને કારણે પીડાય છે. બહારથી કાળાં કર્મોનો કરનાર, અધમ, કલંકિત અને વિકૃતિને પામેલો થાય છે. આમ છતાં તેના અંતરમાંથી લગભગ લુપ્ત થયેલી માનવતા ભારતવાસીના નાડીના સદ્‌ગુણરૂપે છુપાયેલી હોઈને તેનું આત્મરક્ષણ કરે છે અને વારંવાર વાતવાતમાં કે આચારમાં તે પ્રગટ થતી જોવામાં આવે છે. જેઓ ઉપરનો કાદવ-કચરો જોઈને મુખ મરડી નાખે છે તેઓ જ માત્ર કહેતા સંભળાય છે કે આમનામાં માનવતાનો છાંટોય જણાતો નથી. પરંતુ જેઓ સાધુપણાના અહંકારને ત્યજીને પોતાની સહજસાધ્ય સ્થિર દૃષ્ટિથી નિરીક્ષણ કરે છે તેઓ તે મતમાં સંમત થશે નહીં. છ માસના કારાવાસ પછી બિપિનચન્દ્ર પાલે જેલમાં ચોર ડાકુઓમાં નારાયણનું દર્શન કર્યું હતું તે વાત તેમણે છૂટીને ઉત્તરપાડાની સભામાં મુક્તકંઠે જણાવી હતી. મેં પણ અલીપુર જેલમાં જ હિંદુધર્મના આ બધાં મૂળ તત્ત્વોને હૃદયંગમ કર્યાં, ચોર ડાકુ કે ખૂનીમાં પહેલી વાર માનવદેહે નારાયણની ઉપલબ્ધિ કરી.

આ દેશમાં કેટલાય સેંકડો નિરપરાધ માણસો જેલરૂપી નરકવાસને લાંબો વખત ભોગવીને પોતાનાં પૂર્વજન્મનાં દુષ્કર્મોનું ફળ કમી કરીને સ્વર્ગનો માર્ગ ચોખ્ખો કરી રહ્યા છે! પરંતુ જેઓ પશ્ચિમના દેશમાં રહ્યા હોય અથવા તો પશ્ચિમના ચરિત્રને પ્રગટ કરનારું સાહિત્ય જેમણે વાંચ્યું હોય તેઓ જ સહેલાઈથી અનુમાન કરી શકે કે જે પશ્ચિમના સામાન્ય નિવાસીઓ ધર્મભાવદ્વારા પવિત્ર થયા નથી હોતા અથવા તો દેવભાવને પામ્યા નથી હોતા તેઓમાંથી કેટલા આ પ્રકારની કસોટીમાંથી ઉત્તીર્ણ થઈ શકે તેમ છે! આવી પરિસ્થિતિમાં કાં તો તેમનો નિરાશાથી પીડાયેલો ક્રોધ અથવા આંસુથી તરબોળ થયેલું હૃદય આ પાર્થિવ નરકના ઘોર અંધકારમાં અને સહવાસીઓના સંપર્કમાં પડીને પોતામાં રહેલી ક્રૂરતા અને નીચવૃત્તિનો આશરો લે છે; કાં તો દુર્બળતામાં અત્યંત પિસાઈને બળ વગરના થઈને મનુષ્યનાં ભગ્નાવશેષ ખોખાં બનીને રહે છે!

અહીં એક અલીપુરના નિરપરાધીની વાત જણાવું. એ માણસ લૂંટ કરવાની બાબતમાં ફસાઈને દશ વર્ષની સખત જેલ ભોગવી રહ્યો હતો. જાતે ખેડૂત, અશિક્ષિત, લખવા વાંચવાની કંઈ વાત નહીં. ધર્મ એક તેનું ભાથું,

ભગવાનમાં આસ્થા અને આર્ય શિક્ષણને સુલભ એવું ધૈર્ય અને બીજા કેટલાક સદ્‌ગુણો તેનામાં હયાત હતા. એ વૃદ્ધનો ભાવ જોઈને મારી બધી વિદ્યા અને સહિષ્ણુતાના ચૂરેચૂરા થઈ ગયા ! એ વૃદ્ધની આંખોમાં હંમેશાં પ્રશાંત સરળ મૈત્રીભાવ ઝળહળતો, તેના મોંમાંથી સદાય નિર્દોષ પ્રીતિપૂર્ણ વાતો નીકળતી. ઘણીવાર તેઓ અપરાધ વગર કષ્ટ ભોગવવાં પડતાં તેની વાતો કાઢતા, છોકરાં-છૈયાંની વાતો થતી, ભગવાન કયારે જેલમાંથી મુક્ત કરીને સ્ત્રી અને છોકરાંનું મોંઢું જોઈ શકશે એ પ્રકારના મનોભાવ જણાવતા; પણ મેં કદાપિ તેમને નિરાશ કે અધીરા જોયા નથી. ભગવાનની કૃપાની પ્રતીક્ષા કરતા ધીર ભાવે જેલના કર્મો કરતા, દિવસો વિતાવી રહ્યા છે. એ વૃદ્ધના જે સઘળા પ્રયત્નો કે ભાવના હતાં તે પોતાને માટે નહોતાં પણ પારકાની સુખસગવડની ખાતર થતાં. તેમની વાતે વાતે દયા અને દુ:ખી પ્રત્યેની સહાનુભૂતિ પ્રગટ થતાં, બીજાની સેવા કરવી એ તેમનો સ્વભાવગત ધર્મ હતો. આ બધા ગુણો તેમની નમ્રતાને લઈને ઓર દીપી ઊઠે છે. મારાં કરતાં હજારઘણું ઉચ્ચ હૃદય જોઈને હું લજવાઈ જતો, તેમની સેવા સ્વીકારતાં સંકોચ થતો. પણ એ કાંઈ છોડે એવા નહોતા ! મારી સુખસગવડ વિષેની ચિંતા તેઓ દરરોજ કરતા. જેવી મારા પ્રત્યે તેવી સૌ પ્રત્યે એક જ દૃષ્ટિ. કોઈ ખાસ નિરપરાધી કે દુ:ખીને જોઈને દયા વરસાવતા, તેમનું સેવા-સન્માન ખૂબ કરતા અને છતાં વાણી અને આચરણમાં શું સહજ પ્રશાન્ત ગાંભીર્ય ! શો મહિમાનો પ્રકાશ ! દેશ તરફ પણ તેમનો અનુરાગ ઘણો હતો. એ વૃદ્ધ કેદીની દયા અને ઔદાર્ય-પૂર્ણ શ્વેતશ્મશ્રુમંડિત સૌમ્યમૂર્તિ ચિરકાળને માટે મારા સ્મૃતિપટ પર અંકાયેલી રહેશે. આવા અવનતિના દિવસોમાં પણ ભારતવર્ષના એક ખેડૂતમાં – જેને આપણે અભણ 'છોટોલોક' કહીએ છીએ – આવું હિન્દુનું એક સંતાન જોઈને ભારતના ભાવિની આશા પ્રબળ બને છે. શિક્ષિત યુવકગણ અને અશિક્ષિત કૃષિલોકો, આ બન્નેમાં ભારતનું ભાવિ રહેલું છે. આ બન્નેના મિલનથી ભવિષ્યની આર્યજાતિ સુગઠિત થશે.

ઉપર એક અભણ ખેડૂતની વાત જણાવી. હવે બે ભણેલા યુવકોની વાત જણાવું. આ બન્ને જણ સાત વર્ષની સખત કેદ ભોગવી રહ્યા છે. આ બન્ને હેરિસન રોડ પર આવેલા વૈદ્યરાજ છે. એક છે નગેન્દ્રનાથ, બીજો છે ધરણી. જે રીતે આ બન્ને જણ જે શાંતભાવે, જે સંતુષ્ટ ચિત્તે આ આક-સ્મિક વિપત્તિને, આ અન્યાયી રાજદંડને સહન કરી રહ્યા છે તે જોતાં આશ્ચર્ય-ચકિત થવાય છે. તેમને મોઢેથી મેં કદાપિ ક્રોધથી દોષયુક્ત કે અસહિષ્ણુતા પ્રગટ કરતું એક પણ વેણ સાંભળ્યું નથી. જેમને દોષે તેમને જેલરૂપ નરકમાં યૌવનકાળ વિતાવવો પડયો તેમના પ્રત્યે તેમનામાં લેશમાત્ર ક્રોધ કે તિરસ્કાર

કે અસંતોષનાં લક્ષણ કદાપિ જણાયાં નથી. આધુનિક શિક્ષણના ગૌરવસમી પાશ્ચાત્યવિદ્યાથી તેઓ વંચિત રહ્યા છે. માતૃભાષા જ તેમનું પોષક બળ છે. પરંતુ અંગ્રેજી ભણેલાઓમાં ભાગ્યે જ તેમના જેવા જોયા છે. બન્નેએ મનુષ્યની પાસે ફરિયાદ કર્યા વિના કે ભાગ્યનો દોષ કાઢયા વિના હસતે મોઢે નત-મસ્તકે શિક્ષા સ્વીકારી લીધી. બન્ને ભાઈઓ સાધક છે, પણ સ્વભાવે જુદા છે. નગેન્દ્ર છે ધીર સ્વભાવવાળો, ગંભીર અને બુદ્ધિમાન. ભગવાનની વાતમાં અને ધર્મવિષયમાં તેમને ઘણો રસ પડતો. જ્યારે અમને સૌને જેલમાં પૂર્યા ત્યારે જેલના કરતાકારવતાએ જેલનો શ્રમ કર્યા પછી અમને ચોપડી વાંચ-વાની રજા આપી. નગેન્દ્રે ભગવદ્‌ગીતા માંગી પણ મળ્યું બાઈબલ. બાઈબલ વાંચીને તેનામાં કેવા કેવા ભાવ જાગ્યા તેનું વર્ણન તે ઝાંપા પર બેસીને મારી પાસે કરતો. તેણે ગીતા વાંચી નહોતી છતાં સાશ્ચર્ય જોયું કે બાઈબલની વાત કર્યા વગર ગીતાનો અડધો શ્લોક બોલતો. અરે, કોઈ કોઈ વાર તો મનમાં થતું કે ભગવાનના ગુણોના વર્ણન કરનારી મહત્ત્વની ઉક્તિઓ, કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળતી ઉક્તિઓ, જાણે કે વાસુદેવના મુખપદ્મમાંથી આ અલીપુરના ઝાંપા પરથી ઝરી રહી ન હોય ! ગીતા વાંચ્યા વગર બાઈબલ કે ગીતાનો સમતાવાદ, કર્મફળનો ત્યાગ, સર્વત્ર ઈશ્વરનું દર્શન વગેરેની ઉપલબ્ધિ કરવી જેવી તેવી સાધનાનું પરિણામ ન હોઈ શકે.

ધરણી નગેન્દ્રના જેવો બુદ્ધિમાન નથી પણ વિનમ્ર અને કોમળ સ્વ-ભાવનો છે. સ્વભાવે કરીને જ તે ભક્ત છે. હંમેશાં તે માતૃધ્યાનમાં તરબોળ રહેતો. તેના મુખની પ્રસન્નતા, સરળ હાસ્ય અને કોમળ ભક્તિભાવ જોઈને જેલ એ કારાવાસ છે તે માનવું કઠણ થઈ પડતું. એમને જોઈને કોણ કહી શકે કે બંગાળી હીન છે, અધમ છે ? આ શક્તિ, આ માનવતા આ પવિત્ર અગ્નિ રાખના ઢગલામાં છૂપેલાં પડયાં છે.

આ બન્ને જણ અપરાધ વગરના છે. દોષ વગર કારાવાસમાં પુરાયેલા હોવા છતાં પોતાના ગુણને લઈને કે શિક્ષણને બળે બહારના સુખદુ:ખની પરવા કર્યા વિના આંતરિક જીવનની સ્વાધીનતાનું રક્ષણ કરવા તેઓ શક્તિશાળી હતા.

પણ જેઓ ગુનેગાર હતા તેમનામાં પણ રાષ્ટ્રીય ચરિત્રનો સદ્‌ગુણ વિકાસ પામતો. જે બાર મહિના મેં જેલમાં પસાર કર્યા તે દરમિયાન બે એક જણ સિવાય જે કેદીઓ કે ચોર કે ડાકુઓ કે ખૂનીની સાથે મારો સંપર્ક થયો તે સૌ પાસેથી સદ્‌વ્યવહાર અને અનુકૂળતા મળ્યાં છે. આધુનિક શિક્ષણના દોષમાં સપડાયેલા આપણામાં આ બધા ગુણોનો અભાવ જણાય છે. આધુનિક શિક્ષણના અનેક ગુણો હોઈ શકે, પરંતુ સૌજન્ય અને નિ:સ્વાર્થ પરસેવા તેમનામાં નથી. દયા અને હમદર્દી આર્યશિક્ષણનાં મૂલ્યવાન

અંગો છે અને તે એ ચોર ડાકુઓમાં પણ જોયાં. ભંગી, ઝાડુવાળો, પાણીવાળો – એ બધાને કોઈપણ ગુનો કર્યા વગર અમારી સાથે સાથે નિર્જન કારાવાસનાં દુ:ખ અને કષ્ટ કેટલેક અંશે સહેવા પડતાં; છતાં એને લઈને કોઈએ અમારા પર અસંતોષ કે ક્રોધ દર્શાવ્યાં નથી. દેશના જેલના રખેવાળોની પાસે કોઈ કોઈ વાર તેઓ દુ:ખ દર્શાવતા ખરા, પણ અમારે માટે પ્રસન્નચિત્તે કારાવાસમાંથી મુક્તિ તેઓ પ્રાર્થતા. એક મુસલમાન કેદી આરોપીઓને પોતાના બાળક જેવા ગણતો. વિદાય થતી વખતે તે આંસુ રોકી શકયો ન હતો. દેશને માટે આવી લાંછના અને કષ્ટ ભોગવતા અમને જોઈને બધાને તે કહેતો, "જુઓ, આ સૌ ભદ્રલોક છે; ધની લોકનાં બાળકો છે. ગરીબ અને દુ:ખીનું રક્ષણ કરવા જતાં એમની આ દુર્દશા થઈ છે." જેઓ પશ્ચિમની સંસ્કૃતિની બડાઈ હાંકે છે તેમને પૂછું છું કે ઈંગ્લેંડની જેલમાં હલકી શ્રેણીના કેદીઓ, ચોર, ડાકુ, ખૂનીમાં આ પ્રકારનાં આત્મસંયમ, દયા, સૌજન્ય, કૃતજ્ઞતા પરાર્થે ભગવદ્‌ભક્તિ જોયાં છે?

ખરું જોતાં યુરોપ છે ભોક્તૃભુમિ, ભારત છે દાતૃભૂમિ. ગીતામાં દેવ અને અસુર એમ બે શ્રેણીના જીવોનું વર્ણન આવે છે. ભારતવાસી સ્વભાવત: છે દેવ પ્રકૃતિ અને પશ્ચિમનો સામાન્ય માણસ સ્વભાવત: છે અસુર પ્રકૃતિ. પરંતુ આ ભયંકર કળિયુગના પ્રતાપે તમોભાવ પ્રધાન બનવાને કારણે આર્ય-શિક્ષણનો લોપ થવાથી, દેશની અવનતિ થવાથી, આપણે હલકા પ્રકારની આસુરી વૃત્તિ ધારણ કરી રહ્યા છીએ. અને બીજી તરફ પશ્ચિમના લોકો રાષ્ટ્રીય ઉન્નતિ અને મનુષ્યત્વના ક્રમિક વિકાસના ગુણને લીધે દેવભાવ પામી રહ્યા છે. અને આમ છતાંય તેમના દેવભાવમાં કંઈક અંશે અસુરત્વ અને આપણા આસુરીભાવમાં દેવભાવ અસ્પષ્ટપણે પણ જણાઈ આવે છે. તેમનામાં જે શ્રેષ્ઠ ગણી શકાય તેણે પણ અસુરત્વ સંપૂર્ણપણે ખોયું હોતું નથી. જ્યારે હલકાની સાથે હલકાની તુલના કરવામાં આવે છે ત્યારે આ વાતની યથાર્થતા ખૂબ સ્પષ્ટપણે સમજી શકાય છે.

આ બાબતમાં ઘણું ઘણું લખવાનું છે પણ લખાણ મોટું થઈ ગયું હોઈને લખતો નથી. છતાં જેલમાં તેમનાં આચરણમાં આ પ્રકારની આંતરિક સ્વાધીનતાનાં જ્યાં દર્શન કર્યાં છે તે સૌ દેવભાવનાં ઉચ્ચ કોટિનાં દૃષ્ટાન્ત ગણાય. આ બાબત પછીના લખાણમાં લખવાની ઈચ્છા રાખું છું.

આર્ય આદર્શ અને ત્રણ ગુણો

'કારાગૃહ અને સ્વાધીનતા' નામના મારા નિબંધમાં મેં કેટલાક નિર્દોષ કેદીઓની સ્થિતિનું માનસિક નિરૂપણ કરી એ બતાવવા પ્રયત્ન કર્યો હતો કે આર્યસંસ્કૃતિમાં એક એવી શક્તિ રહેલી છે કે જેને લીધે કારાવાસમાં પણ ભારતવાસીઓની આંતરિક સ્વતંત્રતા — પૂર્વજો તરફથી તેમને મળેલી આ મૂલ્યવાન સંપત્તિ નાશ પામતી નથી. એટલું જ નહિ, પણ હજારો વર્ષથી સંચિત થયેલી, આર્ય પ્રજાના ચારિત્ર્યનું એક જીવતું જાગતું અંગ બની ગયેલી આ આધ્યાત્મિક ભાવના ભયંકર ગુનેગારોમાં પણ કોઈ ને કોઈ રૂપે ટકી રહે છે. આર્ય સંસ્કૃતિનું મૂળ તત્ત્વ છે સાત્ત્વિકતા. જે સાત્ત્વિક છે તે વિશુદ્ધ છે. સામાન્ય રીતે તો મનુષ્ય માત્ર અશુદ્ધ છે. રજોગુણની પ્રબળતા અને તમોગુણની વિપુલતા આ અશુદ્ધિને પુષ્ટ કરે છે અને વધારે છે. મનમાં બે પ્રકારની અશુદ્ધિ રહેલી છે. એક છે જડતા કિંવા અપ્રવૃત્તિમાંથી — નિષ્ક્રિયતા-માંથી પ્રગટ થતી અશુદ્ધિ. એ તમોગુણમાંથી જન્મે છે. બીજી છે ઉત્તેજના કિંવા કુપ્રવૃત્તિમાંથી પ્રગટ થતી અશુદ્ધિ. એ રજોગુણમાંથી જન્મે છે. તમો-ગુણનાં લક્ષણ છે અજ્ઞાનમાંથી જન્મતો મોહ, બુદ્ધિની જડતા, વિચારની અસંબદ્ધતા, આળસ, અતિનિદ્રા, આળસને લીધે કર્મ પ્રત્યે પ્રગટતો વૈરાગ્ય, નિરાશા, વિષાદ, ભય, અર્થાત્, નિષ્ક્રિયતાને પોષનારી સઘળી વસ્તુઓ. જડતા અને નિષ્ક્રિયતા અજ્ઞાનનું પરિણામ છે, ઉત્તેજના અને કુપ્રવૃત્તિ ભૂલભરેલા જ્ઞાનનું પરિણામ છે. પણ તમોગુણની અશુદ્ધિ દૂર કરવી હશે તો તે રજોગુણનો ઉત્કર્ષ સાધીને જ થઈ શકશે. પ્રવૃત્તિનો જન્મદાતા રજોગુણ જ છે, અને પ્રવૃત્તિ પોતે જ નિવૃત્તિનું પ્રથમ સોપાન છે. જડતા એ નિવૃત્તિ નથી. જડતા જ્ઞાનશૂન્ય હોય છે. અને નિવૃત્તિનો માર્ગ તો જ્ઞાન જ છે. કામનાઓને શૂન્ય કરી જે મનુષ્ય કર્મમાં પ્રવૃત્ત રહે તે જ નિવૃત્તિ છે. કર્મનો ત્યાગ એ નિવૃત્તિ નથી. આ કારણે જ હિંદને ઘોર તામસિક અવસ્થામાં પડેલું જોઈ સ્વામી વિવેકાનંદે કહેલું કે, 'રજોગુણની જરૂર છે. દેશમાં કર્મવીરોની જરૂર છે. પ્રવૃત્તિનો પ્રચંડ પ્રવાહ વહેતો કરી મૂકો. એમાંથી જો કદી અનિષ્ટ પરિણામ આવે તો ભલે તે પણ આવો. આ તામસિક નિષ્ક્રિયતા કરતાં તો એ અનિષ્ટ હજાર દરજ્જે સારું હશે.'

સાચે જ આપણે આજે તમોગુણમાં ડૂબેલા છીએ તોપણ ઘણા સત્ત્વ-ગુણી હોવાનો આડંબર કરીએ છીએ. ઘણા એમ માનતા લાગે છે કે આપણે સાત્ત્વિક હતા માટે જ બીજી રજોગુણી પ્રજાઓ આપણને હરાવી શકી છે, આપણે સાત્ત્વિક હોવાને કારણે જ આજની અવનતિ અને અધઃપતનને

પામ્યા છીએ. વળી આ વિચારકો ખ્રિસ્તી ધર્મ કરતાં હિંદુ ધર્મની શ્રેષ્ઠતા સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે. તેઓની દલીલ કંઈક આવી હોય છે. ખ્રિસ્તી લોકો પ્રત્યક્ષ ફળમાં માનનારા છે. તેઓ પોતાના ધર્મના ઐહિક લાભો બતાવીને તેની શ્રેષ્ઠતા સાબિત કરે છે. ખ્રિસ્તીઓનું કહેવું હોય છે, 'જગતમાં ખ્રિસ્તી પ્રજાઓ જ સૌથી વધારે બળવાન છે. માટે ખ્રિસ્તી ધર્મ પણ સૌ ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ છે.' આના ઉત્તરમાં આપણે ત્યાં કેટલાક કહે છે, 'નહિ, એ ભૂલ છે. ઐહિક લાભ ઉપરથી કંઈ ધર્મની શ્રેષ્ઠતાનો નિર્ણય ન થઈ શકે. પારલૌકિક ફળ જોવું જોઈએ. હિંદુઓ વધારે ધાર્મિક છે એ કારણે જ અસુર પ્રકૃતિવાળી પશ્ચિમની બળવાન પ્રજાઓ આગળ હારી ગયા છે.' પરંતુ આ દલીલ આર્ય સંસ્કૃતિ વિષેના ઘોર અજ્ઞાનમાંથી જ જન્મે છે. કોઈ પણ સ્થિતિમાં સત્ત્વગુણ અવનતિનું કારણ બની શકતો નથી. સત્ત્વપ્રધાન પ્રજા ગુલામીની શૃંખલામાં કદી સપડાતી નથી. સત્ત્વગુણનું મુખ્ય પરિણામ છે બ્રહ્મતેજ. અને ક્ષાત્રતેજ છે બ્રહ્મતેજનો પાયો. શાંત બ્રહ્મતેજ ઉપર કશો આઘાત થતાં વેંત જ તેમાંથી ક્ષાત્રતેજના અંગાર ઝરવા માંડે છે, ચારે દિશાઓને તે સળગાવી મૂકે છે. જ્યાં ક્ષાત્રતેજ નથી હોતું ત્યાં બ્રહ્મતેજ પણ ટકી શકતું નથી. દેશમાં જો માત્ર એક જ સાચો બ્રાહ્મણ હોય તો તે એક સો ક્ષત્રિયોને સર્જી શકે છે. દેશની અવનતિનું કારણ સત્ત્વગુણની અતિશયતા નથી, પણ રજોગુણનો અભાવ છે, તમોગુણનું પ્રાબલ્ય છે. આપણામાં રજોગુણનો અભાવ થતાં આપણી અંદર રહેલો સત્ત્વગુણ મ્લાન થઈને તમોગુણમાં ઢંકાઈ ગયો. આળસ, મોહ, અજ્ઞાન, અપ્રવૃત્તિ, નિરાશા, વિષાદ, નિષ્ક્રિયતા વધવા માંડયાં અને સાથે સાથે દેશની દુર્દશા અને અવનતિ પણ વૃદ્ધિ પામવા લાગી. તમસનું આ વાદળ પ્રારંભમાં તો નાનકડું હતું, પણ ધીમે ધીમે તે એટલું બધું તો વધી ગયું, અજ્ઞાન-અંધકારમાં ડૂબેલા આપણે એટલા બધા તો નિષ્ક્રિય અને મહત્ત્વાકાંક્ષા વિનાના બની ગયા કે પ્રભુના મોકલેલા મહાપુરુષો પણ એ અંધકારનો પૂરેપૂરો નાશ ન કરી શકયા. અને ત્યારે સૂર્ય ભગવાને પોતે રજોગુણમાંથી પ્રગટતી પ્રવૃત્તિ દ્વારા દેશની રક્ષા કરવાનો સંકલ્પ કર્યો.

રજસની શક્તિ જાગૃત થઈને પ્રચંડ રૂપે કાર્ય કરવા લાગતાં તમસ પલાયન થઈ જાય એ વાત ખરી છે, પરંતુ બીજી બાજુ, રજસમાંથી સ્વચ્છંદતા, કુપ્રવૃત્તિઓ અને ઉચ્છૃંખલતા વગેરે આસુરિક તત્ત્વો પણ ઉત્પન્ન થવાનો ભય રહે છે. રજ:શક્તિ જો માત્ર પોતાની વૃત્તિઓને જ અનુસરતી રહે અને પોતાના ઉચ્છૃંખલ ભાવોની તૃપ્તિ માટે જ કાર્ય કરવા લાગે તો આ ભય ઊભો થવાનો પૂરેપૂરો સંભવ છે. પરંતુ જો રજોગુણ આમ ઉચ્છૃંખલ રીતે માત્ર પોતાના આવેશોને જ અનુસરે છે તો તે લાંબો વખત ટકી શકતો

નથી. તેમાં કલાન્તિ આવી જાય છે, તે થાકી જાય છે, તેમાં તમસ ચડી આવે છે. પ્રચંડ વાવાઝોડા પછી આકાશ તદ્દન નિર્મળ જ બને એમ નથી હોતું. પવન એકદમ પડી જાય અને વાદળોની ઘટાટોપ ચાલુ પણ રહી શકે છે. ફ્રાન્સમાં રાજકીય ક્રાન્તિ થયા પછી આવું જ પરિણામ આવ્યું હતું. એ રાજકીય ક્રાન્તિમાં પ્રથમ તો પ્રચંડ રીતે રજોગુણ પ્રગટ થઈ આવ્યો, અને ક્રાન્તિ બાદ પાછો તામસિક ભાવ ચડી આવ્યો. વળી પાછી ક્રાન્તિ થઈ, અને તેમાંથી પાછી કલાન્તિ આવી, અશક્તિ આવી, નૈતિક અવનતિ આવી. ફ્રાન્સનો છેલ્લાં સો વર્ષનો ઈતિહાસ આ છે. જ્યારે જ્યારે સમતા-મિત્રતા-સ્વાધીનતાના ત્રિવિધ આદર્શની સાત્ત્વિક પ્રેરણાથી ફ્રાન્સનો પ્રાણ જાગી ઊઠયો છે, ત્યારે ત્યારે રજોગુણની વૃદ્ધિ તો થઈ છે, પણ તે રજોગુણ સત્ત્વગુણના વિરોધી એવા આસુરિક ભાવોમાં હમેશાં પલટાઈ ગયો છે અને પોતાની રાજસિક વૃત્તિઓની તૃપ્તિ શોધવામાં લાગી ગયો છે. પરિણામે તમોગુણનું મોજું પાછું ફ્રાન્સ પર ફરી વળ્યું છે, ફ્રાન્સે મેળવેલી મહાશક્તિ ચાલી ગઈ છે, ફ્રાન્સ અર્ધમૃત જેવું બની ગયું છે, ત્રિશંકુની પેઠે નહિ સ્વર્ગમાં કે નહિ પૃથ્વી ઉપર એમ વચલી સ્થિતિમાં તે ઝૂલતું રહ્યું છે. આવું પરિણામ ટાળવાનો એકમાત્ર ઉપાય એ છે કે રજ:શક્તિના પ્રચંડ પ્રવાહને સત્ત્વગુણની સેવામાં જોડી દેવો. જો સત્ત્વગુણ જાગૃત થઈ રજસની શક્તિનું નિયમન કરે તો પછી તમોગુણ પાછો ધસી આવવાનો રહેતો નથી, અને એ રીતે રજસની ઉગ્ર શક્તિ પણ સુનિયંત્રિત બનીને, કોઈ ઉચ્ચ આદર્શને વશ રહીને રાષ્ટ્રનું તેમ જ જગતનું હિત સાધી આપે છે. સત્ત્વગુણની વૃદ્ધિ ધર્મમાંથી થાય છે. સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિ અન્યને અર્થે અર્પણ કરવી, ભગવાનને આત્મસમર્પણ કરી સમસ્ત જીવનને એક મહાન અને પવિત્ર યજ્ઞ રૂપે કરી મૂકવું, એ છે ધર્મનું રહસ્ય. ગીતામાં કહ્યું છે સત્ત્વ અને રજસ ઉભય મળીને તમસનો નાશ કરે છે. એકલો સત્ત્વ ગુણ કદી તમસનો પરાજય કરી શકતો નથી. માટે જ પ્રભુએ આજે પ્રથમ ધર્મનું પુનરુત્થાન સાધીને આપણી અંદર રહેલા સત્ત્વગુણને જાગૃત કર્યો છે અને તે પછી રજ:શક્તિને આખા દેશમાં પ્રગટાવી આપી છે. રામમોહન રાય આદિ મહાન ધર્મોપદેશકો સત્ત્વગુણનું ફરીથી ઉદ્દીપન કરી દેશમાં એક નવા યુગનું નિર્માણ કરી ગયા છે. ઓગણીસમી સદીમાં હિંદમાં ધાર્મિક ક્ષેત્રમાં જેટલી જાગૃતિ આવી છે તેટલી રાજનૈતિક કે સામાજિક ક્ષેત્રમાં આવી નથી. કારણ કે તે વખતે એ ક્ષેત્રો તૈયાર ન હતાં. અને તેથી એ ક્ષેત્રોમાં ખૂબ બીજ વવાયું હતું છતાં તેમાંથી કોઈ અંકુરો પ્રગટયા ન હતા. ભારત વર્ષ ઉપર ભગવાનની કેવી કૃપા છે, પ્રસન્નતા છે તે આ ઘટનામાં

જોઈ શકાય છે. રાજસિકતામાંથી જન્મેલી જાગૃતિ કદી પણ સ્થાયી કે સંપૂર્ણ રીતે કલ્યાણકારણ બની શકતી નથી. એ જાગૃતિ સ્થાયી કે કલ્યાણપ્રદ બને તે પહેલાં પ્રજાના અંત:કરણમાં થોડુંક પણ બ્રહ્મતેજ પ્રગટ થવાની આવશ્યકતા રહે છે. માટે જ આજ સુધી રજ:શક્તિનો પ્રવાહ રોકાઈ રહ્યો હતો. ૧૯૦૫ માં જે રજ:શક્તિ પ્રગટ થઈ છે તે સાત્ત્વિકતાથી ભરપૂર છે. એ પ્રવૃત્તિમાં જે ઉદ્દામતા દેખાય છે તે અંગે કશો ભય સેવવાનું કારણ નથી, કારણ કે એમાં રજસ અને સત્ત્વ બંને ભેગાં મળેલાં છે. એ પ્રવૃત્તિમાં જે કંઈ ઉદ્દામ અને ઉચ્છૃંખલ તત્ત્વો હશે તે થોડા જ સમયમાં સુનિયંત્રિત અને વ્યવસ્થિત થઈ જશે. એ તત્ત્વોને વશમાં લેવાનું, નિયંત્રણમાં લાવવાનું કાર્ય કોઈ બાહ્ય શક્તિ દ્વારા નહિ, અંતરમાં રહેલા બ્રહ્મતેજ દ્વારા, સત્ત્વગુણ દ્વારા જ થઈ શકશે. કેવળ ધાર્મિક ભાવનાને વ્યાપક કરીને જ આપણે આ બ્રહ્મતેજ અને સત્ત્વગુણની વૃદ્ધિ કરી શકીએ છીએ.

હું ઉપર કહી ગયો કે સત્ત્વગુણની વૃદ્ધિ કરવાનો એક માર્ગ એ છે કે અન્યને અર્થે—પરાર્થે પોતાની બધી શક્તિ વાપરવી. આપણી રાજકીય જાગૃતિમાં આ ભાવના આપણને ખૂબ પ્રમાણમાં નજરે પડે છે. પરંતુ એ વસ્તુને જાળવી રાખવી એ સહેલું નથી. વ્યક્તિને માટે તો એ કઠિન છે જ, પરંતુ આખી પ્રજા માટે તો તેથીયે વધુ કઠિન છે. પરાર્થે થતી પ્રવૃત્તિમાં આપણને ખબર ન પડે તેવી રીતે સ્વાર્થનું તત્ત્વ ઘૂસી જાય છે. અને જો આપણી બુદ્ધિ વિશુદ્ધ નથી હોતી તો આપણે પરાર્થના બહાના હેઠળ કેવળ સ્વાર્થની જ સાધના કરવા લાગી જઈએ છીએ, પરહિત, દેશહિત, માનવજાતિનું હિત એ બધું સ્વાર્થમાં ડુબાવી દઈએ છીએ, અને આપણે કોઈ ભ્રમમાં જઈ પડયા છીએ એ વાત પણ આપણને કદી પણ સમજાતી નથી. સત્ત્વગુણને વધારવાનો બીજો માર્ગ છે ભગવત્સેવા. પણ એ માર્ગમાં પણ હિતને બદલે અહિત થઈ જવાનો સંભવ રહેલો છે. પ્રભુના સાંનિધ્યનો આનંદ પ્રાપ્ત થતાં આપણે કોઈ સાત્ત્વિક નિષ્ક્રિયતામાં નિમગ્ન થઈ જઈએ એ પણ શકય છે. એ આનંદનો ઉપભોગ કરતાં કરતાં દુ:ખપીડિત દેશ પ્રત્યે તથા માનવજાતિની સેવા પ્રત્યે આપણે વિમુખ બની શકીએ છીએ. આ જ સત્ત્વગુણનું બન્ધન છે. રાજસિક અહંકારની પેઠે સાત્ત્વિક અહંકાર પણ છે. મનુષ્યને જેમ પાપ બંધનમાં નાખે છે, તેમ પુણ્ય પણ બંધનમાં નાખે છે. સંપૂર્ણપણે વાસનાશૂન્ય થઈને, ભગવાનને આત્મસમર્પણ જો ન કરી શકાય તો પૂર્ણ સ્વાધીનતા પ્રાપ્ત કરવી અશકય રહે છે. આ બે અનિષ્ટો—વાસના અને અહંકારનો ત્યાગ કરવા માટે પ્રથમ તો વિશુદ્ધ બુદ્ધિની આવશ્યકતા છે. બુદ્ધિને વિશુદ્ધ કરવાની દિશામાં પહેલું પગલું છે દેહાત્મક બુદ્ધિ—દેહભાવમાંથી નીકળી

જઈ માનસિક સ્વાધીનતા પ્રાપ્ત કરવી. મન સ્વાધીન બનતાં પ્રાણને વશ કરી શકાય છે. તે પછી મનનો જય કરીને બુદ્ધિમાં સ્થાન લઈ તેની સહાયથી સ્વાર્થના આક્રમણ સામે મનુષ્ય પોતાનું અનેક રીતે રક્ષણ કરી શકે છે. જોકે આ અવસ્થામાં પણ સ્વાર્થવૃત્તિ આપણામાંથી પૂરેપૂરી નિર્મૂળ થઈ જતી નથી. માણસનો અંતિમ સ્વાર્થ છે મુમુક્ષા, બીજાનાં દુખોને ભૂલી જઈ કેવળ પોતાના આનંદમાં જ લીન થઈ જવાની ઈચ્છા. એનો પણ ત્યાગ કરવાનો છે. એ ત્યાગ થઈ શકે છે ભૂતમાત્રમાં નારાયણનું દર્શન કરીને, એ સર્વભૂતસ્થ નારાયણની સેવા દ્વારા. સત્ત્વગુણની આ પરાકાષ્ઠા છે. એનાથી પણ એક ઉચ્ચતર અવસ્થા છે. એ છે સત્ત્વગુણથી પણ ઉપર ચાલી જઈને, ગુણાતીત થઈને પૂર્ણ ભાવે પ્રભુનો આશ્રય લેવો. એ ગુણાતીત અવસ્થાનું વર્ણન ગીતાએ આ પ્રમાણે આપ્યું છે :

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति ।।

गुणानेतानतीत्य त्रीन् देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ।

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ।।

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येवं योऽवतिष्ठति नेंगते ।।

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकांचनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ।।

मानापमानयोस्तुल्यस्तुल्यो मित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ।।

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान् समतीत्यैतान् ब्रह्मभूयाय कल्पते ।।

'જ્યારે આત્મા સાક્ષીરૂપ બનીને ગુણત્રય અર્થાત્ ભગવાનની ત્રૈગુણ્યમયી શક્તિને જ એકમાત્ર કર્તા તરીકે જુએ છે અને આ ગુણત્રયથી ઉપર રહેલા એ શક્તિના પ્રેરક ઈશ્વરને જાણી શકે છે, ત્યારે તે ભગવાન સાથે સાધર્મ્ય પ્રાપ્ત કરે છે, ત્યારે દેહમાં રહેલો આત્મા દેહમાં ઉત્પન્ન થતા સ્થૂલ અને સૂક્ષ્મ એવા દ્વિવિધ ગુણત્રયનો અતિક્રમ કરીને, જન્મ મૃત્યુ અને જરાનાં દુ:ખોથી વિમુક્ત થઈ અમરત્વનો આનંદ માણે છે. સત્ત્વમાંથી જન્મતું જ્ઞાન,

રજસમાંથી જન્મતી પ્રવૃત્તિ અથવા તમસમાંથી જન્મતી નિદ્રા, નિષ્ક્રિયતા, ભ્રમસ્વરૂપ મોહ તેની પાસે આવે તોપણ તે વિરક્ત થતો નથી. આ ત્રણે ગુણના આગમન અને નિર્ગમન પ્રત્યે સમાન ભાવ રાખીને ઉદાસીન પેઠે તે સ્થિર થઈ રહે છે, તેને ગુણો વિચલિત કરી શકતા નથી. આ બધી ગુણોની સ્વાભાવિક પ્રવૃત્તિ છે એમ માની તે દૃઢ રહે છે. જેને સુખ અને દુ:ખ સરખાં છે, પ્રિય અને અપ્રિય, નિંદા અને સ્તુતિ સમાન છે, જેને મન સુવર્ણ અને પથ્થર બંને માટી જેવાં છે, જે ધીર અને સ્થિર છે, પોતાની અંદર સુદૃઢ છે, જેને માન અને અપમાન એકસરખાં છે, મિત્ર અને શત્રુ જેને એકસરખા પ્રિય છે, જે પોતાની મેળે કોઈ કાર્યનો આરંભ કરતો નથી, પણ સઘળાં કર્મ ભગવાનને અર્પણ કરી તેની જ પ્રેરણાથી કર્મ કરે છે, તે ગુણાતીત કહેવાય છે. જે મને નિર્દોષ ભક્તિયોગ દ્વારા સેવે છે, તે આ ત્રણ ગુણોને ઓળંગી જઈ બ્રહ્મપ્રાપ્તિને માટે અધિકારી બને છે.'

આ ગુણાતીત અવસ્થા પ્રાપ્ત કરવી સૌ કોઈને માટે શકય ન હોય તોપણ તેની નીચે રહેલી અવસ્થા પ્રાપ્ત કરવી સત્ત્વપ્રધાન મનુષ્ય માટે અશકય નથી. સાત્ત્વિક અહંકારનો ત્યાગ કરીને જગતની સર્વ ક્રિયાઓમાં ભગવાનની ત્રૈગુણ્યમયી શક્તિની લીલા જોવી એ આ સ્થિતિએ પહોંચવાનું પ્રથમ પગલું છે. આવો જ્ઞાનપૂર્વક સાત્ત્વિક કર્તા કર્તૃત્વનું અભિમાન તજીને ભગવાનને સંપૂર્ણ આત્મસમર્પણપૂર્વક બધાં કર્મો કરે છે.

ગુણત્રય અને ગુણાતીતતા વિષે હું જે આ લખું છું તે ગીતાનું મુખ્ય તત્ત્વ છે. પરંતુ આ વસ્તુ સામાન્ય રીતે સમજાયા વગર રહી ગઈ છે. આજ સુધી આપણે જેને આર્યસંસ્કૃતિ કહેતા આવ્યા છીએ તે પ્રધાન રૂપે સત્ત્વગુણની ઉપાસના છે. આ દેશમાં ક્ષત્રિયજાતિનો લોપ થતાં રજોગુણનું સન્માન ચાલ્યું ગયું છે. આજે આપણા રાષ્ટ્રીય જીવનમાં રજ:શક્તિની અત્યંત આવશ્યકતા છે. લોકોનાં ચિત્ત ગીતા પ્રત્યે આ કારણથી જ આકર્ષાવા લાગ્યાં છે. ગીતાનો બોધ પ્રાચીન આર્યસંસ્કૃતિની ભૂમિકા ઉપર રચાયેલો છે છતાં તેનાથી તે ઘણો આગળ વધેલો છે. ગીતાનો ધર્મ રજોગુણથી ભય પામતો નથી. એ ધર્મમાં રજસની શક્તિને સત્ત્વની સેવામાં યોજી આપવાનો માર્ગ રહેલો છે, પ્રવૃત્તિની અંદર જ મુક્તિનો ઉપાય બતાવાયો છે. આપણા લોકોનું ચિત્ત આ ધર્મ પ્રત્યે કેવી રીતે વળ્યું તે મને પ્રથમ વાર જેલમાં જ જોવાનું મળ્યું. જોકે હજી એ રજ:શક્તિનો પ્રવાહ નિર્મળ બન્યો નથી. તેમાં હજી પણ કલેશ અને કાદવ છે. પણ જ્યારે એના વેગની અતિશયતા ઓછી થશે, ત્યારે તેમાં જે વિશુદ્ધ શક્તિ ગુપ્ત રૂપે પડેલી છે તે પૂરેપૂરી દોષમુક્ત બની સક્રિય બનશે.

મારી સાથે મુકદ્દમામાં સંડોવાયેલા યુવાનોમાંથી કેટલાક નિર્દોષ તરીકે છૂટી ગયા અને બાકીનાને સજા થઈ. માનવસમાજમાં હિંસાથી વધારે મોટો અપરાધ બીજો એક પણ નથી. રાજકીય હેતુથી હિંસા કરનાર માણસનું અંગત ચારિત્ર્ય ભલે નિર્દોષ હોય તોપણ સામાજિક દૃષ્ટિથી જોતાં તેના અપરાધની માત્રા એ નિર્દોષતાને લીધે કંઈ ઓછી નથી થતી. આપણે એ સ્વીકારવું પડશે કે માણસના અંતર ઉપર જ્યારે હિંસાની છાયા પડે છે ત્યારે તેના ચિત્ત ઉપર લોહીનો ડાઘ લાગે જ છે, તેનામાં ક્રૂરતા પ્રવેશે જ છે. ક્રૂરતા જંગલીપણાનું લક્ષણ છે. મનુષ્ય જાતિએ પોતાના વિકાસક્રમમાં જે જે દુર્ગુણોને ખેરવી નાખ્યા છે તેમાં ક્રૂરતાનો દુર્ગુણ સૌથી મુખ્ય છે. માનવજાતિ જો સંપૂર્ણપણે ક્રૂરતામાંથી મુક્ત થઈ શકે તો તેના વિકાસમાર્ગમાં રહેલું એક વિઘ્ન દૂર થઈ જશે. આ રીતે હિંસા માટે વ્યક્તિને દોષિત ઠરાવીએ તોપણ આ વસ્તુ ધ્યાનમાં રાખવાની કે આ યુવાનોની હિંસક પ્રવૃત્તિ રજોગુણના ક્ષણિક ઊભરા રૂપે જ હતી. એ યુવાનોમાં એટલી તો સાત્ત્વિક શક્તિ રહેલી છે કે રજોગુણની આ ક્ષણિક ઉચ્છૃંખલ પ્રવૃત્તિને લીધે દેશને કોઈ કાયમની હાનિ થઈ બેસશે એવો કશો ભય સેવવાની જરૂર નથી.

ઉપર જે આંતરિક સ્વતંત્રતા વિષે વાત કરી છે તે તો મારા સાથીદારોમાં એક સ્વભાવસિદ્ધ ગુણ જેવી હતી. અમને બધાને કેટલાક દિવસો સુધી એક મોટા ઓરડામાં એક સાથે રાખવામાં આવ્યા હતા. તે વખતે એ સાથીઓનું વર્તન તથા માનસિક સ્થિતિ ધ્યાનપૂર્વક અવલોકવાની તક મને મળી. માત્ર બે જણ સિવાય બીજા કોઈના પણ ચહેરા પર કે વાતચીતમાં પણ ભયની લેશ પણ છાયા દેખાતી ન હતી. એમાંના લગભગ બધા જ તરુણ વયના હતા, ઘણા તો એથી પણ નાની ઉમરના, બાળક જેવા હતા. એમને જે ગુના માટે પકડયા હતા તે ગુનો જો સાબિત થાય તો તે માટે એવી તો મોટી સજા થાય તેમ હતું કે તેનો વિચાર કરતાં ગમે તેવા દૃઢ મનોબળવાળો માણસ પણ નાહિંમત થઈ જાય. વળી એ લોકો મુકદ્દમામાંથી છૂટી જવાની બહુ આશા પણ રાખતા ન હતા. ખાસ કરીને તો મૅજિસ્ટ્રેટની કોર્ટમાં જે મોટા પાયા પર સાક્ષીઓ અને જુબાનીઓની જમાવટ કરવામાં આવી હતી તે જોતાં તો કાયદાથી અજાણ્યા હરકોઈ માણસના મનમાં એમ જ થઈ જાય કે આ ફંદામાં તો નિર્દોષ માણસ પણ છટકી શકે તેમ નથી. તેમ છતાં એ જુવાનોના મુખ ઉપર ભય કે વિષાદને બદલે કેવળ પ્રફુલ્લતા અને સરળ હાસ્ય જ જોવામાં આવતું હતું. પોતા પર ઝઝૂમી રહેલી આપત્તિનો વિચાર દૂર કરીને તેઓ ધર્મ અને દેશ અંગેની વાતચીતમાં જ મગ્ન રહેતા હતા. અમારા યાર્ડમાં દરેક જણ પાસે થોડાં થોડાં પુસ્તકો હતાં અને તેમાંથી એક

નાનકડી લાયબ્રેરી ઊભી થઈ ગઈ હતી. એમાં મોટે ભાગે ગીતા, ઉપનિષદ, વિવેકાનંદ ગ્રંથાવલિ, રામકૃષ્ણનાં કથામૃત અને જીવનચરિત્ર, પુરાણો, સ્તવમાલા, બ્રહ્મસંગીત ઈત્યાદિ ધર્મનાં પુસ્તકો હતાં. બીજાં પુસ્તકોમાં બંકિમગ્રંથાવલિ, સ્વદેશી ગીતોની એક પુસ્તિકા તથા યુરોપીય તત્ત્વજ્ઞાન, ઈતિહાસ તથા સાહિત્યવિષયક થોડાં થોડાં પુસ્તકો હતાં. સવારના વખતે કેટલાક સાધના કરવા બેસતા, કેટલાક વાંચતા, તો કેટલાક ધીરે ધીરે વાતચીત કરતા. પ્રભાતની આ શાંત નીરવતામાં વચ્ચે વચ્ચે હાસ્યની લહેર પણ ફૂટી ઊઠતી. કચેરીમાં જવાનું ના હોય ત્યારે કોઈ ઊંઘી જતા, તો કોઈ રમત રમતા – જે વખતે જે કંઈ સૂઝી આવે તે. કોઈને કશી આસક્તિ ન હતી. કોઈક દિવસ બધા ભેગા મળીને કોઈક શાંત રમત રમતા, તો કોઈ દિવસ દોડાદોડી અને કૂદાકૂદ થઈ રહેતી. કેટલાક દિવસો સુધી તો ફુટબૉલ રમવાનું ચાલ્યું, અને એ ફુટબૉલ પણ કેવી અદ્‌ભુત સામગ્રીમાંથી બનાવેલો ! કેટલાક દિવસ આંધળાનો પાટો રમાયો. અમુક અમુક દિવસે બધા જુદી જુદી ટુકડીઓમાં વહેંચાઈ જતા અને એક બાજુ જુજુત્સુનું શિક્ષણ ચાલતું, તો બીજી બાજુ હનુમાન કૂદકો કે અંગદ કૂદકો ચાલતો, તો કોઈ ટુકડી વળી બીજી રમત રમતી. બેચાર પ્રૌઢ ઉંમરની ગંભીર વ્યક્તિઓ સિવાય લગભગ બધા જ માણસો પેલા નવજુવાનોના આગ્રહથી આ રમતોમાં જોડાતા. મેં જોયું કે એ મોટી ઉંમરના લોકોનો સ્વભાવ પણ બાળક જેવો હતો. સાંજે સંગીતની મિજલસ જામતી. ઉલ્લાસ, સચીન્દ્ર, હેમદાસ વગેરે સારું સંગીત જાણતા હતા. તેમની આસપાસ અમે સૌ બેસી જતા અને સંગીત ચાલતું. એ ગીતો સ્વદેશી અને ધર્મ વિષેનાં જ રહેતાં. કોઈ કોઈ દિવસ વિનોદને ખાતર હાસ્યરસનાં ગીતો, અભિનય, વક્તૃત્વ, અનુકરણ કે અફ્રીણીઓની વાતો પણ ચાલતી ... મુકદ્દમામાં કોઈ રસ લેતું ન હતું. આમ ધર્મચિંતન અને આનંદમાં જ દિવસો પસાર થતાં હતા. આવી નિશ્ચિત મનોવૃત્તિ દુષ્ટ મનુષ્યોમાં હોવી અસંભવિત છે. આ યુવાનોમાં કઠોરતા, ક્રૂરતા, દુષ્ટતા, કુટિલતા એમાંનું કશું ન હતું. એમનું હાસ્ય, એમની વાતચીત, રમતો સઘળું આનંદમય, નિષ્પાપ અને પ્રેમમય હતું.

આ આંતરિક સ્વતંત્રતાનું પરિણામ થોડા જ વખતમાં પ્રગટ થવા લાગ્યું. આવા ક્ષેત્રમાં ધર્મનું બીજ વવાય તો તેમાંથી અવશ્ય સર્વાંગસુંદર ફલ નીપજે. ઈસુએ પોતાના શિષ્યોને કેટલાંક બાળકો બતાવી કહ્યું હતું કે, 'જેઓ આ બાળકો જેવા છે, તેઓ જ ઈશ્વરનું ધામ પામી શકે છે.' જ્ઞાન અને આનંદ સત્ત્વગુણનાં લક્ષણ છે. જેમને દુ:ખ દુ:ખ તરીકે લાગતું નથી, જેઓ બધી અવસ્થાઓમાં આનંદી અને પ્રફુલ્લ હોય છે તેઓ જ યોગના અધિકારી છે.

જેલમાં રાજસિક વૃત્તિને આશ્રય મળે તેવું કંઈ ન હતું. વળી નિર્જન કારાગારમાં પ્રવૃત્તિને પોષક નીવડે એવું પણ કંઈ ખાસ ન હતું. એવી સ્થિતિમાં આસુરી વૃત્તિવાળા મનની દશા બહુ વિષમ થઈ જાય છે. એવા મનને રાજસિક પ્રવૃતિઓ કર્યા કરવાની ટેવ પડી ગઈ હોય છે. અને એવી પ્રવૃત્તિ માટે જો કોઈ સામગ્રી ન મળે તો પછી ઘવાયેલા વાઘની પેઠે છેવટે તે પોતાનો જ નાશ કરે છે. અંગ્રેજ કવિઓ જેને Eating one's own heart કહે છે તેના જેવી આ દશા હોય છે. આવા એકાંતમાં ભારતવાસીનું ચિત્ત આવાં બાહ્ય સંકટોની વચ્ચે રહ્યું રહ્યું પણ શાશ્વત વસ્તુઓ પ્રત્યે વળે છે, ભગવાન તરફ અભિમુખ બને છે. અમારી બાબતમાં આમ જ બન્યું. કોણ જાણે કોઈ અદૃશ્ય રીતે ક્યાંકથી એક પૂર આવી સૌ કોઈને પોતામાં ખેંચી ગયું. જેમણે કોઈ દિવસ ભગવાનનું નામ પણ લીધું ન હતું તેઓ સાધના કરતાં શીખી ગયા અને પરમ દયાળુ પ્રભુની કૃપાનો અનુભવ કરતા કરતા આનંદમાં તર-બોળ બની રહ્યા. જે વસ્તુને યોગીઓ લાંબા અભ્યાસ પછી મેળવે છે તે આ બાળકોને બેચાર માસની સાધનામાં જ મળી ગઈ. રામકૃષ્ણ પરમહંસે એક વાર કહ્યું હતું, 'આજે તમે જે જુઓ છો એ તો કંઈ જ નથી. દેશમાં એક વખત એવો પ્રવાહ ચડી આવશે કે જ્યારે નાની ઉંમરનાં છોકરાં પણ ત્રણ દિવસની સાધના કરીને સિદ્ધિ મેળવશે.' આ બાળકોને જોતાં રામકૃષ્ણની ભવિષ્ય વાણી વિષે જરા પણ શંકા રહે તેમ ન હતું. આ જુવાનો તે ભાવિ ધર્મપ્રવાહના જ જાણે કે પુરોગામી હોય તેવું લાગતું હતું. એ સાત્ત્વિક ભાવનું મોજું સાક્ષીના પીંજરાને પણ ઓળંગી જઈને ચારપાંચ જણ સિવાય બાકીના સૌ કોઈનાં હૃદયને એક મહા આનંદમાં ડુબાવી ગયું. એ આનંદનો આસ્વાદ જેને એક વાર પણ મળ્યો છે તે તેને કદી ભૂલી શકે તેમ નથી. એ આનંદની તુલનામાં બીજો કોઈ પણ આનંદ બેસી શકે તેમ છે એમ તે કદી સ્વીકારવાનો નથી. આ સાત્ત્વિક ભાવ જ દેશના ઉદ્ધારની આશારૂપ છે. ભ્રાતૃભાવ, આત્મજ્ઞાન, પ્રભુપ્રેમ જેટલી સહજ રીતે ભારતવાસીના ચિત્તમાં પ્રગટ થઈ કાર્ય રૂપે સાકાર થાય છે તેવું બીજી કોઈ પ્રજામાં બનવાનો સંભવ નથી. તમસનો પરિત્યાગ, રજસનું દમન અને સત્ત્વનું પ્રાકટ્ય, આ છે આજની આપણી આવશ્યકતા. પરમાત્માની ગૂઢ યોજનામાં ભારતને જે કાર્ય સોંપાયેલું છે તે આ જ છે.

નવજન્મ

ગીતામાં અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે કે જેઓ યોગમાર્ગે પ્રવેશીને ઠેઠ લગી જતાં ન જતાં સ્ખલન પામે છે અને યોગભ્રષ્ટ થાય છે તેમની શી ગતિ થાય, ત્યારે ઉત્તરમાં ભગવાન જણાવે છે કે એવી વ્યક્તિનો, શું આ લોકમાં કે શું પરલોકમાં વિનાશ અસંભવ છે. જે વ્યક્તિ કલ્યાણ કરનાર છે તેની કદાપિ દુર્ગતિ થતી નથી. પ્રથમ તેની ગતિ પુણ્યલોકમાં થાય છે. ત્યાં લાંબો સમય રહીને શુદ્ધ શ્રીમંત પુરુષને ત્યાં અથવા યોગયુક્ત મહાપુરુષના કુળમાં તે દુર્લભ જન્મને પામે છે. પૂર્વજન્મમાંથી ઊતરી આવેલી યોગની તાલાવેલીથી સંચાલિત થતો તે માનવ આ જન્મમાં સિદ્ધિને માટે વધુ પ્રયત્નો આદરે છે, અને અંતે અનેક જન્મોના અભ્યાસથી પાપમુક્ત થઈને પરમગતિને પામે છે.

જે પૂર્વજન્મવાદ લાંબા સમય લગી આર્યધર્મના યોગલબ્ધ જ્ઞાનનું એક વિશિષ્ઠ અંગ ગણાતો હતો અને જે પાશ્ચાત્યવિદ્યાના પ્રભાવને લઈને શિક્ષિત સમાજમાંથી લગભગ અપ્રતિષ્ઠિત થઈને લુપ્ત થઈ રહ્યો હતો તે શ્રી રામકૃષ્ણના લીલામય જીવન પછી વેદાન્તના પ્રચારને કારણે તેમ જ ગીતાના અધ્યયને વળી પ્રતિષ્ઠા પામી રહ્યો છે. જેમ સ્થૂલ જગતમાં આનુવંશિકતા (heredity) એક મુખ્ય સત્ય ગણાય છે, તેમ સૂક્ષ્મ જગતમાં પૂર્વજન્મવાદ એક મુખ્ય સત્ય છે. શ્રીકૃષ્ણની ઉક્તિમાં આ બન્ને સત્યો સમાયેલાં છે. યોગભ્રષ્ટ પુરુષ પોતાના પૂર્વજન્મમાં પ્રાપ્ત કરેલા જ્ઞાનના સંસ્કારની સાથે જન્મ ગ્રહણ કરે છે અને વાયુથી સંચાલિત નૌકાની માફક સંસ્કારને બળે તે યોગમાર્ગે આગળ ધપે છે. પરંતુ કર્મનાં ફળની પ્રાપ્તિને યોગ્ય શરીર ઉત્પન્ન કરવા માટે ઉપયુક્ત કુળમાં જન્મ થવો જરૂરી છે. ઉત્કૃષ્ટ આનુવંશિકતા યોગ્ય શરીરને ઉત્પન્ન કરનારી છે. શુદ્ધ શ્રીમંત પુરુષને ઘેર જન્મ પામવાને કારણે શુદ્ધ સબળ શરીર ઘડાવાનો સંભવ હોય છે અને યોગી કુળમાં જન્મગ્રહણ કરવાને કારણે ઉત્કૃષ્ટ મન અને પ્રાણ રચાય છે અને એ પ્રમાણેનું શિક્ષણ તેમ જ માનસિક વિકાસ થાય છે.

ભારતવર્ષમાં કેટલાંક વર્ષોથી જણાય છે કે જાણે એક પ્રકારની નવીન જાતિ પુરાતન તમસથી ઘેરાયેલી જાતિની વચ્ચે જન્મી રહી છે. ભારતમાતાની પુરાતન સંતતિ ધર્મગ્લાનિ અને અધર્મના યુગમાં જન્મગ્રહણ કરીને અને તેને અનુરૂપ શિક્ષણ પ્રાપ્ત કરીને અલ્પાયુ, ક્ષુદ્રાશય, સ્વાર્થપરાયણ અને સંકીર્ણહૃદય બની ગઈ હતી. તેમાં અનેક તેજસ્વી મહાત્માઓએ દેહ ધારણ કરીને આવા

વિષમ વિપત્તિને સમયે જાતિનું રક્ષણ કર્યું હતું. પરંતુ એ સૌ પોતપોતાની શક્તિ તેમ જ પ્રતિભાને અનુરૂપ કર્મ કર્યા વગર માત્ર જાતિનું ભાવિ ગૌરવ અને વિશાળ કર્મનું એક ક્ષેત્ર રચી ગયા. તેમના પુણ્યના બળે નવીન ઉષાની કિરણાવલિ ચારેકોર પ્રસરી રહી છે. ભારતમાતાની નવીન સંતતિ પિતામાતાના ગુણ પ્રાપ્ત કર્યા વગર સાહસિક, તેજસ્વી, ઉચ્ચાશયવાળી, ઉદાર, સ્વાર્થત્યાગી, પરાર્થે તેમ જ દેશહિતાર્થે ઉત્સાહી અને ઉચ્ચ આકાંક્ષાવાળી બની છે. આને લઈને આજકાલ પિતામાતાની વાતને ગણકાર્યા વગર યુવકો પોતાના માર્ગે પળવા તલસી રહ્યા છે, વૃદ્ધમાં અને તરુણમાં વિચાર બાબતમાં એકતાનો અભાવ અને કાર્યની બાબતમાં વિરોધ ઉત્પન્ન થતો જણાય છે. વૃદ્ધ લોકો આ દેવના અંશમાંથી સંભવેલા સત્યયુગના પ્રવર્તનને વેગ આપનારા તરુણ ગણને સ્વાર્થની અને સંકીર્ણતાની વાડમાં બાંધી રાખવા ઈચ્છે છે, અને આ રીતે અજાણ્યે કળિને સહાયભૂત થઈ રહ્યા છે. આવા યુવકો મહાશક્તિમાંથી ઉત્પન્ન થયેલા અગ્નિના સ્ફુલિંગ છે, તેઓ પુરાતનને ભાંગીને નૂતન સર્જવા કટિબદ્ધ છે, પિતૃભક્તિ અને આજ્ઞાંકિતતાનું રક્ષણ કરવાને અશક્ત છે. આ પ્રકારના અનર્થનું શમન માત્ર ભગવાન જ કરી શકે તેમ છે અને આ મહાશક્તિની ઈચ્છા વિફળ થનાર નથી; આ નવીન પ્રજા જે કરવા આવી છે તે કર્યા વગર જવાની નથી. આ નૂતનમાં પણ પુરાતનનો પ્રભાવ રહ્યો છે. હલકા પ્રકારની વંશપરંપરાના દોષે તેમ જ આસુરિક શિક્ષણને દોષે અનેક કુલાંગાર પણ જન્મ્યા છે. જેઓ નવીન યુગનું પ્રવર્તન કરવાનો આદેશ પામેલા છે તેઓ પણ પોતાના અંતરમાં રહેલા તેજ અને શક્તિનો વિકાસ કરી શકતા નથી. નવીન દિશા તરફ જઈ રહેલા સત્યયુગનાં પૂર્વલક્ષણો છે ધર્મમાં મતિ, ઘણાયના હૃદયમાં યોગની તાલાવેલી અને અર્ધવિકસિત યોગશક્તિ.

અલીપુર બોમ્બના મુકદ્દમામાં પકડાયેલ અશોકનંદી ઉપર કહ્યું તેવી જાતની વ્યક્તિ હતી. જે લોકો તેને જાણતા હતા તેમને વિશ્વાસ પણ નહોતો આવતો કે અશોક કોઈપણ કાવતરામાં સપડાયો હોય. માન્યામાં પણ ન આવે એવાં કેટલાક કારણોને આધારે તેને સજા થઈ હતી. બીજા યુવકોની જેમ પ્રબળ દેશ સેવાની ઈચ્છાને તે વશ થયો હતો. તે બુદ્ધિએ, ચરિત્રે તેમ જ પ્રાણશક્તિએ સંપૂર્ણ યોગી અને ભક્ત હતો. તેનામાં સંસારીનો એક પણ ગુણ હતો નહીં. તેના દાદા સિદ્ધ તાંત્રિક યોગી હતા, અને પિતા યોગની વિશિષ્ટ શક્તિ ધરાવતા હતા. ગીતામાં યોગીના કુળમાં જન્મવાનું જે જણાવ્યું છે તે અશોકની બાબતમાં તદ્દન સાચું હતું. નાની ઉંમરમાં તેના અંતરમાં રહેલી યોગશક્તિનાં લક્ષણ જણાઈ આવતાં હતાં. પકડાયા તેના ઘણા સમય પૂર્વે

પણ તેમને ખબર પડી હતી કે ભરયુવાનીમાં તેનું મૃત્યુ થનાર છે તેથી કરીને વિદ્યા મેળવવામાં કે સાંસારિક જીવનની પૂર્વ તૈયારી રૂપે તેમનું મન લાગ્યું ન હતું; તેમ છતાં પિતાની સાથે વાતચીત કરીને પૂર્વથી જાણેલી અસિદ્ધિની અવગણના કરીને તેમ જ કર્તવ્યકર્મ માનીને તે જ કરતા રહ્યા અને યોગને માર્ગે પણ આગળ ધપતા રહ્યા. આવે સમયે એકાએક એમની ધરપકડ થઈ. આ પ્રકારે કર્મના ફળને લઈને પ્રાપ્ત થયેલી વિપત્તિથી ચલાયમાન થયા વગર તેમણે જેલમાં જઈને યોગાભ્યાસમાં સંપૂર્ણ શક્તિથી પ્રયુક્ત થવાનું ચાલુ રાખ્યું. આ ખટલામાં પકડાયેલા ઘણા આસામીઓએ આ માર્ગ લીધો હતો, અને તેમાં અશોક ભલે અગ્રગણ્ય ન હોય છતાં એક ઉત્તમ વ્યક્તિ હતી. ભક્તિ અને પ્રેમમાં તે કોઈનાથી ઊતરતા નહોતા. તેમનું ઉદાર ચરિત્ર, ગંભીર ભક્તિ અને પ્રેમપૂર્ણ હૃદય સૌને આકર્ષતું. ગોસાઈની હત્યાને સમયે તેઓ ઈસ્પિતાલમાં માંદા હતા. સંપૂર્ણ રીતે તંદુરસ્તી પ્રાપ્ત થતાં પહેલાં જ તેમને નિર્જન કારાવાસમાં રાખવામાં આવ્યા હતા, અને વારંવાર તાવમાં સપડાઈ જતા હતા. એવી જ્વરાવસ્થામાં ખુલ્લા ઓરડામાં ઠંડીમાં રાત્રિ પસાર કરવી પડતી. પરિણામે તેમને ક્ષયરોગ લાગુ પડયો. એ સ્થિતિમાં જ્યારે તેમની બચવાની આશા નહોતી તે સમયે વિષમ સજા પામીને વળી પાછા તે મૃત્યુના કમરામાં રખાયા. બેરિસ્ટર ચિત્તરંજન દાસના આવેદનથી તેમને ઈસ્પિતાલમાં લઈ જવાની વ્યવસ્થા કરવામાં આવી. પરંતુ જામીન પર છોડવામાં આવ્યા નહીં. આખરે ગવર્નરની નીચે કામ કરનારની સહૃદયતાથી તેમને પોતાને ઘેર લઈ જવામાં આવ્યા અને સ્વજનોની સેવા પ્રાપ્ત કરીને સ્વર્ગે સિધાવ્યા. અપીલને લઈને છોડી મૂકવામાં આવ્યા તે પહેલાં જ તેઓ દેહરૂપી કારાવાસ-માંથી મુક્ત થઈ ગયા હતા ! ! છેવટના સમયમાં તેમની યોગશક્તિ વિશિષ્ટ રીતે વિકાસ પામી હતી. જે દિવસે દેહ છોડવાના હતા તે દિવસે વિષ્ણુ-શક્તિથી પરવશ થઈને સૌની સાથે ભગવાનનું મુક્તિદાતા નામ અને ઉપદેશ ઉચ્ચારતા ઉચ્ચારતા મરણ પામ્યા. પૂર્વજન્મનાં દુ:ખનાં ફળ ભોગવવાને અશોક નંદીનો જન્મ થયો હતો અને તેને લઈને જ આવાં અનર્થકારી કષ્ટ અને અકાળ મૃત્યુમાંથી પસાર થવું પડયું. સત્યયુગના પ્રવર્તનને માટે જે શક્તિની જરૂર છે તે શક્તિ તેમનામાં અવતરી નહોતી. છતાં એક સ્વાભાવિક યોગ-શક્તિના પ્રકાશનું ઉજ્જવલ દૃષ્ટાન્ત તેઓ મૂકતા ગયા. કર્મની ગતિ આવી જ હોય છે ! પુણ્યશાળી પાપનાં ફળ ભોગવવાને માટે થોડા સમયને માટે પૃથ્વી-પર વિચરે છે, પાપમાંથી છૂટીને દોષિત દેહ ત્યજે છે અને અન્ય દેહ ગ્રહણ કરીને અંતર્નિહિત શક્તિને પ્રગટ કરે છે તેમ જ જીવોનું કલ્યાણ સાધે છે.

ধর্ম্ম

নগদ মূল্য দুই পয়সা মাত্র।



মাসিক মূল্য দুই পয়সা মাত্র।

সাপ্তাহিক পত্র।

সম্পাদক—শ্রীযুক্ত অরবিন্দ ঘোষ।

১ম বর্ষ] সোমবার ৭ই ভাদ্র ১৩১৬ সাল। [১ম সংখ্যা।

যদা যদা হি ধর্ম্মস্য গ্লানির্ভবতি ভারত।
অভ্যুত্থানমধর্ম্মস্য তদাত্মানং সৃজাম্যহং॥
পরিত্রাণায় সাধূনাং বিনাশায় চ দুষ্কৃতাং।
ধর্ম্মসংস্থাপনার্থায় সম্ভবামি যুগে যুগে॥

શ્રી અરવિંદે સંપાદિત કરેલા બંગાળી સાપ્તાહિક પત્ર 'ધર્મ્મ'નું
પ્રથમ અંકનું મુખપૃષ્ઠ

‘ધર્મ’ પત્રિકાના તંત્રીસ્થાનેથી

હૅર સ્ટ્રીટમાં સરળતા

હૅર સ્ટ્રીટમાં રહેતા આપણા સહયોગીની સરળતા જોઈને અમે ખુશ થયા છીએ. એમને મત પ્રગટ કરવામાં સંતાકૂકડીની આવડત નથી. સાચી વાત કહેવાની છે એમ માનીને એક સરળ બાળકની માફક કહી નાખે છે. જો મિથ્યા વાત જણાવવાનું પ્રયોજન હોય તો સાચું અને ખોટું ભેળસેળ કર્યા વિના બાળકની માફક ઉદાર ભાવે સંપૂર્ણ મિથ્યાને ઓકી નાખે છે. તે દિવસે કિચનરના સૈન્યમાં ફેરફાર કરવાની બાબતમાં પાર્લમેન્ટમાં વાદવિવાદ મચ્યો હતો; તેને ઉપલક્ષીને સ્વનામધન્ય સર ઍડવિન કલિને એવો અભિપ્રાય દર્શાવ્યો હતો કે સૈન્યના ફેરફારની બાબતમાં ભારતની જે રાષ્ટ્રીય સેનાનું સર્જન અને ગઠન થઈ રહ્યું છે તેને લઈને ભારતના રાષ્ટ્રીય પક્ષના ઉદ્દેશ્યને સહાયતા અને પોષણ મળ્યાં છે. ઇંગ્લિશમૅને પણ આ અભિપ્રાયને ટેકો આપ્યો છે. અત્યાર લગી સૈન્યના સંગઠનની બાબતમાં ભેદનીતિને એવી કાળજી-પૂર્વક રક્ષવામાં આવી છે કે જેથી કરીને પલટને પલટને સહાનુભૂતિ અને એકતા થવા ન પામે, ભારતની ભિન્ન ભિન્ન જાતિના હૃદયમાં એકસૂત્રતા થવા ન પામે. આ પ્રકારનું લક્ષ્ય અને પ્રયત્ન કદાપિ તજાયાં નથી. લૉર્ડ કિચનરે આ સઘળો ભેદ તોડી પાડીને બ્રિટિશ સામ્રાજ્યનો મુખ્ય થાંભલો ઊંધો વાળી દીધો છે. આથી કરીને સહયોગીએ સ્વીકાર કર્યો છે કે અત્યારનું સ્વેચ્છાતંત્ર ભારતની રાષ્ટ્રીય એકતાને માટે પ્રતિકૂળ અને વિરોધી ગણાય. એકતાના અભાવને લઈને ભારત ઉન્નતિ સાધી શકયું નહીં. એટલા માટે જે સ્વેચ્છાતંત્ર પોતાના મુખ્ય સહાયકના કહેવા પ્રમાણે દેશની ઉન્નતિને માટે પ્રતિકૂળ ગણવામાં આવ્યું છે, તે સ્વેચ્છાતંત્રને વિધિપૂર્વક પ્રજાતંત્રમાં પરિ-ણત કરવાનો પ્રયત્ન ભારતવાસીને માટે દોષયુક્ત ન હોતાં સ્વાભાવિક અને અનિવાર્ય છે અને જેમ ભારતને માટે તેમ વિલાયતને માટે પણ મંગલપ્રદ પુરવાર થયો.

વિલાયતની યાત્રાનો લાભ

આપણા પરમ પૂજનીય દેશનેતા અને શ્રેષ્ઠ વક્તા શ્રીયુત સુરેન્દ્રનાથ બન્દોપાધ્યાય વિલાયતમાં વિશેષ સંમાન પામીને પાછા ફર્યા છે. એ સંમાનથી અમે પણ ખુશ થયા છીએ. આપણા એક વક્તા અંગ્રેજી ભાષામાં ત્યાંના શ્રેષ્ઠ વક્તૃત્વકળાના સ્વામીઓના જેવી પ્રતિભા, ભાષાલાલિત્ય અને ઓજસ્વિતા દર્શાવીને અંગ્રેજોની પણ પ્રશંસા અને સંમાનને પાત્ર થયા છે તેથી દેશના

ગૌરવમાં વધારો થયો છે. અને બંગાળીની બુદ્ધિની શ્રેષ્ઠતા પણ પુરવાર થઈ છે. આમ છતાં આટલા પરિશ્રમનું ફળ જો માત્ર વ્યક્તિ પૂરતું જ સીમિત થઈ જાય તો સુરેન્દ્રબાબુની વિલાયતયાત્રા વ્યક્તિગત ભાવે ભલે સંતોષજનક હોય પણ દેશને માટે એ પ્રયત્ન નિષ્ફળ નીવડયો ગણાય. આપણે અંગ્રેજોની પાસેથી બુદ્ધિની પ્રશંસા અને વક્તૃત્વની છટાનો આદર મેળવવા આતુર નથી, પણ રાષ્ટ્રના બધા હક્કો મેળવવા ઈચ્છીએ છીએ. સુરેન્દ્રબાબુનો ત્રણ માસનો પ્રવાસ અને વ્યાખ્યાનોનો ગીચ કાર્યક્રમ અંગ્રેજ જાતિની પાસે આપણે ઉદ્દેશ્યને કિંચિત્માત્ર અનુકૂળ થયો છે, એ બાબતમાં કોઈ લક્ષણો જણાતાં નથી. તેઓ મધ્યપંથી પક્ષ રાજભક્તિની બાબતમાં કેટલેક અંશે માત્ર આશ્વાસન પામ્યા છે. આને લઈને તેઓ મધ્યપંથી પક્ષના કૃતજ્ઞતાભાજન અને ધન્યવાદને પાત્ર થયા છે એમાં શંકા નથી. પરંતુ તેઓ વિલાયતમાં દેશની ઘણી સેવા અને ઉપકાર કરીને આવ્યા છે અને તેથી અનેક રીતે તેમનું સંમાન થઈ રહ્યું છે, એ વાત પાયા વગરની ગણાય. સુરેન્દ્રબાબુ પૂજાર્હ અને સંમાનનીય હોવાથી વિદેશમાંથી પાછા ફર્યા ત્યારે તેમની પૂજા અને સંમાન થાય એ સ્વાભાવિક અને પ્રશંસનીય ગણાય. એને માટે અન્ય મિથ્યા કારણો દર્શાવવાનું પ્રયોજન ન હતું. દેશસેવાની બાબતમાં વિલાયતમાં તેઓ આપણા રાજનૈતિક અધિકારનો હક્ક જણાવીને આવ્યા છે! ઉપકારની બાબતમાં આંદોલનને વિષે કોઈ કોઈના વ્યક્તિગત અભિપ્રાય સહેજસાજ બદલાયા પણ હોય. આ થોડા લાભથી આપણે આપણા રાજનૈતિક ઉદ્દેશ્યની દિશામાં એક ડગલું પણ આગળ વધ્યા નથી.

લંડનમાં રાષ્ટ્રીય મહાસભા

શ્રીયુત સુરેન્દ્રનાથ યૌવનકાળથી ઓગણીસમી સદીની નિવેદનપ્રધાન કાયર રાજનીતિથી ટેવાઈ ગયેલા છે, ઠેકઠેકાણે અંગ્રેજોનો "જયજયકાર" સાંભળીને વળી પાછા એ નિષ્ફળ નીતિમાં વિશ્વાસ રાખવા માગે છે અને એમનું વલણ નિવેદનનીતિ પ્રત્યે હોવાને કારણે તેને પાછી પુનરુજ્જીવિત કરવા ઈચ્છે છે. તો તેમના વિદેશના પ્રવાસનું આ અનિવાર્ય ફળ છે. હવે પ્રશ્ન એ છે સુરેન્દ્રનાથ ગમે તે કરો, પણ ભારતવાસી અને ખાસ કરીને બંગવાસી તેમના આ વૃથા પ્રયત્નમાં સહાયભૂત થવા માગે છે કે નહિ? કોઈ પણ વ્યક્તિગત અભિપ્રાય દ્વારા આ જાતિ સંચાલિત થવા ઈચ્છતી નથી. ઉદ્દેશ્ય, પ્રયોજન અને યુક્તિનો વિચાર કરીને દેશને માટે જે કલ્યાણકારી હોય, રાજનીતિના ક્ષેત્રમાં જે સિદ્ધિ પ્રાપ્ત કરાવનારું હોય, શક્તિ અને અર્થ-

વ્યયની સરખામણીમાં જેનું પરિણામ સંતોષજનક જણાય, એ જ આપણે કરવું ઉચિત છે. સુરેન્દ્રબાબુ જે એ પ્રકારના "જયજયકાર"માં ખોટો વિશ્વાસ રાખીને પુરાતન માર્ગે પાછા ફરવા તત્પર થઈ રહ્યા છે તે તેમની અસાધારણ વક્તૃત્વશક્તિની પ્રશંસા છે; એ તેમના રાજનૈતિક અભિપ્રાયનું સમર્થન નથી, રાજનૈતિક અધિકારની અનુકૂળતા દર્શાવનારું નથી. જેઓ ભારતની ઉન્નતિના મુખ્ય વિરોધીઓ છે, તેઓએ પણ એ "જયજયકાર"—માં પોતાનો ઊંચે અવાજે સ્વર પુરાવ્યો છે. આથી શું એમ સમજવાનું કે તેઓ ભવિષ્યમાં આપણને સ્વાયત્તશાસન કે સ્વાધીનતાને અનુકૂળ આચરણ કરશે? આ કદાપિ સંભવે નહીં. એ વક્તૃત્વના પ્રભાવથી એમનો મત કે આચરણ લેશમાત્ર બદલાયાં નથી. જ્યારે સુરેન્દ્રનાથની વક્તૃત્વછટાથી કોઈ ખાસ કે સ્થાયી પરિણામ આવ્યું નથી, ત્યારે શું ગોખલે, મહેતા, માલવિયા, કૃષ્ણસ્વામીના સંમિલિત વક્તૃત્વસ્રોતથી અંગ્રેજોનાં કઠણ મન એવાં પલળવાની આશા રાખવી કે આ પ્રેતશ્રાદ્ધમાં આપણે સતત પૈસા વહેવડાવ્યા કરવા? અંગ્રેજો કાર્યપટુ અને વિચક્ષણ છે; માત્ર વક્તૃત્વથી ભોળવાય એવા નથી. પોતાનો સ્વાર્થ અને દેશનું હિત મનમાં રાખીને તેઓ રાજનૈતિક માર્ગ નક્કી કરે છે. આપણે એમ માનતા આવ્યા છીએ કે તેમની આગળ ભારતનાં દુ:ખ, કર્મચારીગણના અત્યાચાર જણાવ્યે બ્રિટિશ પ્રજાતંત્રનું એક જ વાતમાં આકાશમાંથી સ્વર્ગ નીચે ઊતરી આવશે. એ ભ્રાંતિ ટળી ગઈ છે. હવે પછી કોઈ એ પ્રકારનો જૂનો મોહ ઉત્પન્ન કરવા પ્રયત્ન ન કરે એમ ઈચ્છીએ, અને કદાચ એમ થશે તોય કોઈ સાંભળશે નહિ. અંગ્રેજ પ્રજાને એવો મોટો કયો સ્વાર્થ જણાવી શકીએ કે જેથી તેઓ પોતાની જાતિનો ગર્વ, તેમનો લાભ અને પ્રભુત્વ તજીને એક કાળી જાતિને હાથે જીતાયેલા આખા દેશનો શાસન ભાર સોંપી દે અને કયી રીતે એ મોટા સ્વાર્થનું પ્રયોજન તેમને ગળે ઊતરી શકે એ જ વિચારવા યોગ્ય છે. સામ્રાજ્યના રક્ષણ સિવાય એવો બીજો કોઈ મોટો સ્વાર્થ નથી. સામ્રાજ્યના રક્ષણની આશાએ સ્વાયત્તશાસન આપવું અંગ્રેજ રાજનીતિમાં નવી વાત નથી, છતાં આ ઉપાયની પ્રયોજનીયતા તેમને પૂર્ણ રીતે ગળે ઊતરે નહિ ત્યાં લગી તેમની પાસેથી કોઈ ઉપકારની આશા રાખવી અસંગત ગણાય. તેમના મનમાં આ જ્ઞાન ઉતારવાનો એક જ માર્ગ છે અને તે છે અહિંસક પ્રતીકાર.

રાષ્ટ્રીય મહાસભા

જે દિવસે સુરતની રાષ્ટ્રીય મહાસભામાં ધાંધલ થઈ હતી, ત્યારે રાષ્ટ્રીય સંમિલનના અધિવેશનમાં શ્રીયુત ટિળકે મહાસભાનું રક્ષણ કરવા ઐક્યને સ્થાપન કરવાનો ઉપાય શોધવા તેમ જ મહાસભાના કાર્ય અને ઉદ્દેશ્યને રક્ષવા માટે એક કમિટિ નીમવાનો ઠરાવ કર્યો હતો. એ ઠરાવ અનુસાર કમિટિ નિમાઈ, પણ આજ લગી તેની બેઠક મળી નથી. શ્રીયુત અરવિંદ ઘોષ અને શ્રીયુત બોડાસ કમિટિના કાર્યવાહક સંપાદકો નક્કી કરાયા હતા. તેમણે વાટાઘાટ કરીને એવો નિર્ણય કર્યો કે તેમનું કર્તવ્ય સુરતના અધિવેશનની ધમાલની બાબતમાં રાષ્ટ્રીય પક્ષના દોષોનું ક્ષાલન અને બધી પ્રાદેશિક સમિતિઓના અધિવેશનના ભાવિ વિષે દેશબાંધવોનો અભિપ્રાય જાણવો તે છે, અને તે પહેલાં કમિટિની બેઠક બોલાવવી ફોગટ ગણાય. આવા મહત્ત્વના વિષયમાં દેશવાસીઓનો અભિપ્રાય અવગણીને વિચારણા કરવી કોઈ રીતે યોગ્ય કે યુક્તિયુક્ત ગણાય નહીં. બે પ્રાદેશિક સમિતિના અધિવેશનમાં જણાયું કે બંગાળ અને મહારાષ્ટ્રના મતમાં એકતાની સ્થાપના કરવી એ હિતાવહ છે અને મહાસભાની પૂર્વવર્તી પ્રણાલી અને કલકત્તાના અધિવેશનમાં સ્વીકારાયેલા ચાર મુખ્ય ઠરાવો કોઈ પણ રીતે રક્ષણીય છે. અલાહાબાદના કન્વેન્શનની કમિટિએ આ અભિપ્રાયનો અસ્વીકાર કર્યો અને એકતા સ્થાપવાનું બંધ થઈ ગયું. ત્યાર પછી અલિપુરના બૉમ્બ મુકદ્દમામાં શ્રી અરવિંદ ઘોષ પકડાયા અને આરોપી થયા. મહામતિ ટિળકની રાજદ્રોહના આરોપસર છ વર્ષ કારાવાસની સજા થઈ, શ્રીયુત બિપિનચંદ્ર પાલ અને શ્રીયુત ખાપર્ડે વિલાયત ચાલ્યા ગયા અને બંગાળના રાષ્ટ્રીય પક્ષના મુખ્ય મુખ્ય નેતાઓ દેશનિકાલ કરવામાં આવ્યા. આખા દેશમાં પ્રબળ દમનનીતિનું વાવાઝોડું ફરી વળ્યું. રાષ્ટ્રીય પક્ષના નેતાઓમાં નાગપુરનિવાસી દાક્તર મુંજે, કલકત્તાના શ્રીયુત રસુલ અને મધ્યપંથી ગણના નેતાઓ તરીકે પંજાબના લાલા લજપતરાય અને બંગાળના શ્રીયુત મોતિલાલ ઘોષ હતા. દાક્તર મુંજે વગેરેએ કલકત્તા આવીને ઐક્ય-સ્થાપનના ઘણા પ્રયત્નો કરી જોયા, પરંતુ કેટલાક માનનીય મધ્યપંથીઓના વિરોધને લઈને તેમની બધી દરખાસ્તો સ્વીકારાઈ નહીં. રાષ્ટ્રીય પક્ષના નેતાઓના મનોરથ નિષ્ફળ જવાને કારણે નાગપુરમાં રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનને

માટે તેઓ કૃતસંકલ્પ થયા. એ પણ રાજપુરુષોની આજ્ઞાને લઈને સ્થગિત થઈ ગયું. આ પ્રકારની અનુકૂળ સ્થિતિમાં કન્વેન્શન કમિટિની નક્કી થયેલી નિયમાવલિ પ્રમાણે મદ્રાસમાં કન્વેન્શન મળ્યું અને ત્યાંથી રાષ્ટ્રીય મહાસભાનું નામ ધારણ કરીને બૉયકોટને તિલાંજલિ આપી અને પરિણામે બંગાળનું મોં બંધ કરી દીધું. બંગાળના મધ્યપંથી નેતાઓએ પણ મૂંગે મોઢે આ લાંછના સહી લઈને તેમની મહાસભા દર્શાવી. આ વર્ષે લાહોરમાં આ કૃત્રિમ મહાસભાના અધિવેશનની તૈયારીઓ ચાલી રહી છે. તેના કામકાજમાં શ્રીયુત નંદી, લાલા હરકિશનલાલ અને પંડિત રામભુજદત્ત ચૌધરીની ત્રિપુટી અસતમાંથી સતનું સર્જન કરીને ઐશ્વરી શક્તિનું લક્ષ્ય પ્રગટ કરી રહી છે. પંજાબની પ્રભાવશાળી હિંદુ સભા તે પ્રદેશના હિંદુ સંપ્રદાયને આ કૃત્રિમ મોરલીની ભેદનીતિની પક્ષપાતી રાષ્ટ્રીય મહાસભાની રાષ્ટ્રીયતાને પડકારી રહી છે; લાલા લજપતરાય, લાલા મુરલીધર, લાલા દ્વારકાદાસ વગેરે આદરપાત્ર નેતાઓ આ આયોજનનો વિરોધ કરી રહ્યા છે; મુસલમાનો પણ આ પ્રકારની રાજયની કૃપાથી લાલિત મહાસભાને સાથ આપતા નથી. એટલે કે આ આયોજનની સફળતાને વિષે આશા સેવી શકાતી નથી. આ પ્રકારની સ્થિતિમાં એકતા લાવવાનું એકમાત્ર આશાનું સ્થળ હુગલીનું પ્રાદેશિક સમિતિનું અધિવેશન છે. આ અધિવેશનમાં જો ઐકયસ્થાપનની સાચી પ્રણાલિકા નક્કી કરવામાં આવે અને બંગાળના મધ્યપંથી નેતાઓ જો ગોખલે-મહેતાના આધિપત્યનો અસ્વીકાર કરીને દેશની તરફ દૃષ્ટિ રાખીને પોતાનો માર્ગ અપનાવે, તો રાષ્ટ્રીય મહાસભાને વિષે સંતોષજનક ઉપાય મળી આવવાને પરિણામે એકતાનો માર્ગ નિષ્કંટક બની શકે. ગોખલે મહાશયે પૂનાના ભાષણમાં જે દેશદ્રોહીપણું વ્યક્ત કર્યું છે ત્યાર પછી તેમની વાતને અનુસરીને દેશનું અહિત કરવાના નિમિત્ત કારણરૂપ બંગાળના નેતાઓને માટે અતિશય લજ્જાજનક જણાશે. મુંબઈના નેતાઓ બૉયકોટ અને વિધિપૂર્વકના પ્રતિરોધને ડામવાને કૃતનિશ્ચય થયા છે તે વિષે હવે કયી બુદ્ધિશાળી વ્યક્તિને સંદેહ હોઈ શકે? સુરેન્દ્રબાબુએ વિલાયતમાં બૉયકૉટનું સમર્થન કર્યું હતું, એટલે મુંબઈના નેતાલોકો એટલા બધા અસંતુષ્ટ થયા છે કે વિલાયતથી તેઓ પાછા ફર્યા ત્યારે શ્રીયુત વાચ્છા સિવાય એક પણ જણ સુપ્રસિદ્ધ મધ્યપંથી સુરેન્દ્રબાબુનું સ્વાગત કરવા ગયો નથી. આનો અર્થ એ થયો કે બૉયકોટની નીતિની સાથે સાથે તેમની સહાનુભૂતિનો અભાવ દર્શાવવા આ પ્રકારના બંગાળના મધ્યપંથી નેતાને તેમણે અપમાનિત કર્યા છે. લાહોરની મહાસભા નથી રાષ્ટ્રીય મહાસભા, નથી મધ્યપંથી પક્ષની મહાસભા, — માત્ર તે બૉયકોટ વિરોધી રાજપુરુષ ભક્તોની મહાસભા ગણાશે. ગમે તે હો, રાષ્ટ્રીય પક્ષ હુગલીના અધિવેશન લગી રાહ જોશે, અને ત્યાર પછી પોતાનો

ગંતવ્ય માર્ગ નક્કી કરશે. અમે હવે પારકાના મોઢા તરફ નજર કરીને નિશ્ચેષ્ટ બેસી રહીશું નહિ.

હિંદુ અને મુસલમાન

શાસનમાં સુધારાને પરિણામે હિંદુ અને મુસલમાનના સ્વતંત્ર અસ્તિત્વને આધારે વિરોધનાં મૂળ રોપવાના પ્રયત્નમાં એક એ હિત સધાયું છે કે નિર્જીવ મુસ્લિમ સંપ્રદાયમાં જીવનનો ફણગો ફૂટયો છે. તેઓ રાજપુરુષો પર હક્ક કરવાનું અને અસાધ્યને સાધવાની આશા સેવવાનું શીખ્યા છે. આમાં જ દેશનું પરમ મંગળ છે. તેમની આશા વ્યર્થ જશે એ જણાવવું બિનજરૂરી છે. આટલા ગાળામાં રાજપુરુષોના આચરણથી તે જાણી શકાયું છે. જેમ બીજા દેશવાસીઓને નજીવા અને મૂલ્યહીન અધિકાર આપીને તેઓ શાંત થઈ ગયા છે, તેમ મુસ્લિમોને પણ એવા નજીવા અને મૂલ્યહીન અધિકાર આપીને સાચી શક્તિના વિકાસના ઉપાય કરવામાં અસંમત થશે. સહાયક અને સહાનુભૂતિપ્રકાશક અંગ્રેજો જેમ આપણને સૌને આશા દઈને નિવેદન-નીતિપ્રિય કરી દીધા, તેમ તેમને પણ એમાં જ જોતરી દેશે. અંતે મુસલમાન ભાઈઓ સમજી શકશે કે આ જે નિવેદનનીતિ છે તે ફળદાયી નથી અને તેમનો ખરો ઉપકાર કરવાને સમર્થ અંગ્રેજ સહાયકગણ નથી. આપણે જો આ પ્રકારની શાસનપ્રણાલીનો સ્વીકાર કરવા અસંમત થઈએ તો જ જાગ્રતિના દિવસો જલદી આવવા સંભવે. જો આ ભેદનીતિમૂલક શાસનપદ્ધતિને સંમત થઈને મુસલમાનોની સાથે સંઘર્ષમાં ઊતરીશું તો અમે જે અનિષ્ટની શકયતા દર્શાવી છે તે જરૂર આવશે. આપણે જોકે કોઈની પણ પ્રતિકૂળતાથી બીતા નથી, છતાંય વિરોધી પક્ષના ઉદ્દેશ્યના સાધનની સહાય કરવી માત્ર મૂર્ખતા ગણાય. આપણે કદાપિ મુસલમાન ભાઈઓની ખુશામત કરી નથી, કરીશું પણ નહિ; સરળ રીતે એકપ્રાણ થઈને તેમને રાષ્ટ્રના સંગઠનકાર્યમાં વ્રતી થવા હાકલ કરીશું. એ હાકલ સાંભળીને પોતાનું હિત અને કર્તવ્ય નક્કી કરવું એ તેમની બુદ્ધિ, ભાગ્ય અને સજ્જનતા પર નિર્ભર છે. અમે વિરોધ ઊભો કરીશું નહિ તેમ જ વિરોધી પક્ષના વિરોધ ખડા કરવાના પ્રયત્નમાં સહાયભૂત પણ નહિ થઈએ.

પોલીસ બીલ

સર ઑડવર્ડ બેકરે પોલીસ બીલ અટકાવી દીધું છે. તેમણે બુદ્ધિમાનનું કામ કર્યું છે. આ બીલ જો કાયદો બને તો તેથી કેવી અશાંતિ થાત, તેને લઈને કેવો અનર્થ થાત તેનો ખ્યાલ સમાચારપત્રોના વિરોધથી, કેટલેક અંશે ભાષણોથી આછોપાતળો મળી આવે છે. વહેણ બદલાયું છે. સાતમી ઑગસ્ટે ભય અને વિઘ્ન ઓળંગીને અમે કસોટીમાં પાર ઊતર્યા છીએ એથી એમ લાગે છે ભગવાન ખૂબ પ્રસન્ન થયા છે. ખરાબ દિવસો ચાલ્યા જાય છે, સારા દિવસો પાછા આવી રહ્યા છે. આશા રાખીએ કે હવે પછી રાષ્ટ્રીય શક્તિનો જય જ થશે, પરાજય નહિ. એ શક્તિનો પુનર્વિકાસ, લોકમતનો જય અને પ્રયત્નનાં સારાં પરિણામનાં લક્ષણો વરતાઈ રહ્યાં છે. બંગાળના હાલના છોટા સાહેબનો અભિપ્રાય પ્રજાતંત્રની તરફેણમાં છે એ જાણીતી વાત છે; પરંતુ તેમનું કાર્ય અને બહાર આવતી વાતો પ્રજાતંત્રને પ્રતિકૂળ જણાય છે અને જણાશે. તેઓ લૉર્ડ મોરલીના માત્ર એક આજ્ઞાંકિત નોકર છે, અમલદારશાહીના માત્ર પ્રધાન અમલદાર છે; સ્વતંત્ર મતને કાર્યમાં ઉતારવા જેટલી તેમની સ્વાધીનતા નથી. તેમ છતાં પોલીસ બીલ સ્થગિત થતાં તેમના મનનો ચિંતાનો બોજો હળવો થવા સંભવ છે. અમને લાગે છે કે તેમણે ન તો આ અનિષ્ટકારી બીલ આપમેળે રજૂ કર્યું હોય, ન તો આપમેળે તેને સ્થગિત કર્યું હોય. આ બીલ સ્વર્ગરાજ ઈન્દ્રના વજ્ર સમું નથી; એ તો ઊંચા પર્વતના શિખર પર વિરાજમાન કોઈ વાર સૌમ્યમૂર્તિ તો કોઈ વાર રુદ્રમૂર્તિ કોઈ સદાશિવના આદેશમાંથી છૂટેલું મહાસ્ત્ર છે! અમારું અનુમાન જો મૂળ વગરનું ન હોય તો સમજવું જોઈશે કે જ્યાંથી નિગ્રહ નીતિની નિગ્રહ કરવાની છાપ જન્મે છે ત્યાં કંઈક ઢીલાશ આવી છે. આ શું સહકાર (co-operation)ની આકાંક્ષાનું પરિણામ ગણાય? કોઈ એવી ભ્રાંતિને વશ થઈને એમ ન માની બેસે કે અમે આટલી નાની વાતથી ભોળવાઈ જઈશું. રાજનીતિ પ્રેમના માનની કે મિલનની બાજી નથી; એ તો એક બજાર છે, લેવાવેચવાનું સ્થાન છે. એ બજારમાં સહકારનું (co-operation) મૂલ્ય નિયમન (control) છે. થોડા મૂલ્યે મોટા મૂલ્યવાળી ચીજ ખરીદવાના દિવસો ચાલ્યા ગયા છે.

રાષ્ટ્રીય રિસલી પરિપત્ર

રાષ્ટ્રીય કેળવણી પરિષદને અમે જણાવીએ છીએ કે સાતમી ઑગસ્ટે પરિષદને અધીન શાળાઓના વિદ્યાર્થીઓને બૉયકોટના ઉત્સવમાં ભાગ લેતા અટકાવવાને કારણે શહેરની આસપાસ ઘણાં માઠાં પરિણામ આવવાં સંભવ છે. સામાન્ય લોકોનાં મન ક્ષુબ્ધ અને ઉત્તેજિત થઈ ગયાં છે; જેઓ રાષ્ટ્રીય કેળવણીને મદદ કરતા તેમાંના ઘણાખરાએ મદદ બંધ કરી છે; અને એક એવો મત પ્રચારમાં આવ્યો છે કે રાષ્ટ્રીય શાળા મહાશાળાઓ અને સરકારી શાળા મહાશાળાઓની વચ્ચે બહુ જ નજીવો ફરક છે. સાંભળવામાં આવ્યું છે કે પરિષદના એક જાણીતા સભ્યે છાત્રોને એવું જણાવ્યું છે કે જેઓ દેશકાર્યમાં સહાય થવા માગતા હોય તેમણે સરકારી કૉલેજોમાં જવું જોઈએ. પરિષદનો એનો મત પણ કદાચ હોઈ શકે કે પરાંઓની બધી શાળાઓ બંધ થાય, સામાન્ય લોકો મદદ બંધ કરે અને અમે મોટા મોટા લોકોની આર્થિક મદદથી કલકત્તામાં માત્ર એક કૉલેજ ચલાવીને મુક્તિ મહાલીએ. જો એમ થાય તો બધી ઝંઝટ ટળી ! નહિ તો આ રાષ્ટ્રીય રિસલી પરિપત્ર પાછો ખેંચી લેવો આવશ્યક ગણાય.

ગુપ્ત પ્રયત્ન

વિશ્વાસપાત્ર રીતે જાણવા મળ્યું છે કે જેથી કરીને શ્રીયુત અરવિંદ ઘોષ કોઈ પણ જિલ્લાની સમિતિ દ્વારા હુગલીના અધિવેશનમાં પ્રતિનિધિ ચૂંટાય નહિ એ વિષે કેટલાક પરમ દેશહિતૈષી પણ ખાનગીમાં પ્રયત્નો કરી રહ્યા છે. દુ:ખની વાત છે કે આ પ્રકારની હલકી નીતિ હજુ પણ આપણી રાજનીતિમાં સ્થાન પામતી રહી છે. અરવિંદબાબુનો બૉયકોટ જ કરવો હોય તો જરૂર કરો. તેમાં કોઈ વાંધો નથી, તેથી એમને દુ:ખ પણ નહિ થાય. દેશના કાર્યમાંથી તેઓ પાછળ પડી જવાના નથી. તેમણે કદાપિ કોઈના મોં તરફ તાકીને કામ કર્યું નથી; પૂર્વે ઘણી વાર પોતાને માર્ગે એકલા આગળ ધપ્યા છે. ભવિષ્યમાં પણ જો એકલા જવાનું થશે તો તેથી ગભરાવાના નથી. પરંતુ વિચાર કરતાં જો એ વાત સ્વીકાર્ય જણાય કે હિતને ખાતર કે પોતાનો ઉદ્દેશ્ય પાર પાડવાને ખાતર અરવિંદબાબુનો સંસર્ગ છોડવા જેવો છે તો બહાર આવીને દેશની સમક્ષ એ મતનો પ્રચાર કરતાં કેમ ગભરાઓ છો ? આવા ગુપ્ત ષડયંત્રથી તમારું કે દેશનું શું હિત સધાવાનું છે તે સમજાતું નથી. આ અરસામાં જ ડાયમંડહાર્બર તરફથી અરવિંદબાબુ પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ

આવ્યા છે. તમારા કન્વેન્શનના નક્કી થયેલા નિયમો અનુસાર હુગલીનું અધિવેશન મળતું નથી, જેથી કરીને કોઈ સભા કોઈ પ્રતિનિધિને પસંદ કરી શકે. એટલે કે આવી ગુપ્ત નીતિ જેવી હલકી છે તેવી નિષ્ફળ પણ છે. અંગ્રેજોની રાજનીતિનો એક મોટો ગુણ છે કપટતાનો અભાવ. જે કરવાનું હોય છે તે સાહસપૂર્વક સૌની સમક્ષ જાહેર રીતે, આર્યભાવે તેઓ કરે છે. ભારતના રાજનૈતિક જીવનમાં આ મહાન ગુણ ઉતારવો જરૂરી છે. ચાણક્યનીતિ રાજયતંત્રને પોસાય; પ્રજાતંત્રમાં તે માત્ર ભીરુતા અને સ્વાધીનતાના રક્ષણની અયોગ્યતા આણે છે.

મોરલીની ભેદનીતિ

શાસનસંસ્કારની છાયામાં જે ભેદનીતિરૂપી વૃક્ષ ઊગ્યું છે તેને લૉર્ડ મોરલીએ રોપ્યું હતું. અને દેશહિતૈષી ગોખલે મહાશય તેને પાણી પાઈને તેનું જતન કરી રહ્યા છે. કલકત્તાના 'ઇંગ્લિશમૅને' સ્વીકાર કર્યો છે કે ભેદનીતિ જ ભારતીય સૈન્યસંગઠનનું મૂળ તત્ત્વ છે. અનેક અંગ્રેજ રાજનીતિજ્ઞોને મતે ભેદનીતિ જ ભારતમાં બ્રિટિશ સામ્રાજ્યના રક્ષણનો મુખ્ય ઉપાય છે. લૉર્ડ મોરલીની નીતિ પણ ભેદનીતિપ્રધાન છે. તેમનો પ્રથમ પ્રયાસ મધ્યપંથી પક્ષને રાજપુરુષોના હાથમાં સોંપી દઈને અને રાષ્ટ્રીય પક્ષને પીસી દઈને ભારતના નવોત્થાનને નષ્ટ કરવું અથવા તેને સ્થગિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કરવો, એ છે. સુરતના અધિવેશનને સમયે આ વિષવૃક્ષ રોપાયું હતું. મુંબઈના નેતાઓએ ભારતવાસીના ભાવિ, તેની શક્તિ કે તેના ન્યાયી અધિકાર વિષે કદાપિ ઉદાર મત કે ઉચ્ચ આકાંક્ષા સેવી નથી. ખૂબ અલ્પમાં તેઓ સંતોષ માનતા. બંગાળના ઉત્થાન અને બૉયકોટના પ્રચારના પ્રભાવે કરીને તેમની ધારણાથી વધારે શાસનસંસ્કાર થયા છે. તેઓ આ નવજાગૃતિના ફળને સ્વાયત્ત કરીને બૉયકોટ અને વિધિસરના પ્રતિરોધને વિનષ્ટ કરવાને ખૂબ આતુર થઈ રહ્યા છે. સુરત અધિવેશનની પૂર્વે આ પ્રકારના સુધારાનો સંભવ તેમને અજાણ્યો ન હતો; પણ તેઓ જાણતા હતા કે બૉયકોટને વર્જ્ય ગણીને અને ચરમપંથી પક્ષનો બહિષ્કાર નહિ કરવામાં આવે તો આવું સ્વાદિષ્ટ ફળ તેમના મોંમાં પડશે નહિ. આ બે ઉદ્દેશ્યને લઈને મહાસભા નાગપુરમાંથી સુરતમાં ભરવામાં આવી હતી અને મહાસભાની કાર્યપ્રણાલીમાં સંશોધન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો હતો. એનો ઉદ્દેશ્ય એ હતો કે રાષ્ટ્રીય પક્ષને આપમેળે જ મહાસભાનો ત્યાગ કરવાની ફરજ પડશે. સભાપતિ દાક્તર રાસબિહારી ઘોષનું ભાષણ પણ

એ જ ઉદ્દેશ્યથી લખાયું હતું. મહામતિ તિલક, શ્રીયુત અરવિંદ ઘોષ વગેરે રાષ્ટ્રીય પક્ષના નેતાઓ આ ગુપ્ત મંત્રણાને પામી જઈને મહાસભાના કાર્યકર્તાઓના પક્ષના કાર્યમાં તીવ્ર વિરોધ અને બૉયકોટની નીતિના રક્ષણને માટે પ્રયત્નશીલ હતા. સુરતના તુમુલ કાંડમાં તેમના પ્રયત્ન નિષ્ફળ ગયા, સર ફિરોજશાહ મહેતા જય પામ્યા. પોતાના દોષોની સાફસૂફી કરવાને સમયે રાષ્ટ્રીય પક્ષના નેતાઓએ મુંબઈના મધ્યપંથીઓની વિરુદ્ધમાં આ દોષારોપ જાહેર રીતે પ્રગટ કર્યો. પરંતુ મધ્યપંથીઓથી સંચાલિત થતી અસંખ્ય પત્રિકાઓમાં એવો શોરબકોર થયો કે સત્યનો ક્ષીણ ધ્વનિ એ કોલાહલમાં ક્યાંય સંભળાયો નહિ. આ ક્ષણે હવે દેશભાઈઓને જણાવીએ છીએ કે મહેતા-ગોખલેનાં સઘળાં કાર્યો જુઓ; અને પછી અમે ભ્રાન્ત હતા કે ખોટી વાતો કહેતા હતા તે સમજવા પ્રયત્ન કરો. અથવા તો ખરેખર તેમનો ઉદ્દેશ્ય એવો જ હતો. આ ભેદનીતિએ મુંબઈના મધ્યપંથીલોકોને એકાએક વિહ્વળ કરી મૂકયા હતા. બંગાળના નેતાઓ એ કુમાર્ગે ગયા નહિ, તેમણે બૉયકોટનું રક્ષણ કર્યું હતું. સાતમી ઑગસ્ટે શ્રીયુત ભૂપેન્દ્રનાથ બસુ સ્વયં રાજપુરુષોનો ભય કે વિનંતીના દેખાવને બળપૂર્વક ઉવેખીને બૉયકોટના ઉત્સવમાં સભાપતિ થયા હતા. વળી પાછો 'બૉન્ગોલી' પત્રિકામાં બૉયકોટ શબ્દનો ઉલ્લેખ જોઈને અમારો આનંદ અને આશા દૃઢ થયાં છે. જો કદાપિ ઐકયની સ્થાપનાનો સંભવ હોય, જો મોરલીની ભેદનીતિ વ્યર્થ જવાની હોય તો બંગવાસીની ઐકયપ્રિયતા અને બૉયકોટની દૃઢતા દ્વારા જ તે સધાશે.

વિષવૃક્ષની બીજી શાખા

લૉર્ડ મોરલીનો બીજો પ્રયત્ન હતો રાજનીતિક્ષેત્રે મુસલમાન અને હિંદુને છૂટા પાડવાનો. તેમની ભેદનીતિનું આ બીજું અંગ હતું, શાસનસંસ્કારનું બીજું ઝેરી ફળ. આ વિષે લૉર્ડ મોરલીએ ખાનગી પ્રયાસ કર્યો નથી, જાહેરમાં જ ભેદનીતિને આધારે મુસલમાન અને હિંદુની ચિરશત્રુતાની વ્યવસ્થા કરી છે. અને તેમ છતાં વ્યવસ્થાપકસભામાં પસંદ પામેલા પ્રતિનિધિઓની સંખ્યા વધવાથી મધ્યપંથી નેતાઓ એટલા બધા મુગ્ધ અને પ્રલુબ્ધ થઈ ગયા કે આવા નાનકડા લાભની આશાએ પેલા મહાન અનિષ્ટને ભેટવા તત્પર થયા. ગોખલે મહાશયે આ ભેદનીતિને મુક્તકંઠે પ્રશંસા કરી છે. તેમને મતે લૉર્ડ મોરલી ભારતના પરિત્રાતા છે, મુસલમાનોના જુદા પ્રતિનિધિની પસંદગી ન્યાયી અને યુક્તિયુક્ત છે. આને લઈને મુસલમાન અને હિંદુઓના રાજનૈતિક જીવનની શક્તિ સ્વતંત્ર અને પરસ્પર વિરોધી થઈને રાષ્ટ્રીય મહાસભાનું મૂળ

તત્ત્વ તેમ જ ભારતનું ભાવિ ઐકય અને તેની શાંતિ સંપૂર્ણ નાશ પામશે, એ સત્ય ગોખલેના જેવા લબ્ધપ્રતિષ્ઠ રાજનીતિજ્ઞની બુદ્ધિને અણજાણ હોઈ શકે નહીં. અને તેમ છતાં એવી કયી નિગૂઢ રહસ્યમય સૂક્ષ્મનીતિને આધારે ગોખલે મહાશય આ ભેદનીતિનું સમર્થન જોરપૂર્વક કરતા રહ્યા છે એ વાત તેઓ જ જાણે છે. આપણા પૂજનીય સુરેન્દ્રનાથે આ વિષે વિપરીત મત દર્શાવ્યો છે, અને છતાં દૃઢભાવે આ સુધારાઓ રૂપી મહાન અનર્થનો પ્રતિવાદ કરી શકયા નથી. ઊલટું, વિલાયતના તેમના પ્રવાસ દરમિયાન શરૂમાં આ સુધારાઓની વધારે પડતી અને પાયા વગરની પ્રશંસા કરી હતી. આ સુધારાઓમાં બંગવાસીઓને લેશમાત્ર આસ્થા નથી. જો કેટલાક મોટા લોકો આ નવીન શાસનપ્રણાલીની સાથે સહકાર કરવાનો લોભ રાખી ન શકવાને કારણે દેશનું ખરું હિત ભૂલી જતા હોય તો તેથી કરીને દેશનું અકલ્યાણ થવાનો સંભવ નથી. પણ સુરેન્દ્રબાબુ જેવા સર્વજનપૂજિત નેતા આ પ્રકારના વિષવૃક્ષને પાણી પાય એ આ દેશનું માત્ર દુર્ભાગ્ય જ સમજવું. જેઓ આ સુધારાઓનો સહકાર કરે છે તેઓ મોરલીની ભેદનીતિને પોષે છે, સાંપ્રદાયિક વિરોધના ઉપજાવનારા છે અને ભારતભૂમિની ભાવિ એકતાની આડખીલીરૂપ બની રહેશે. શ્રીયુત સુરેન્દ્રનાથ આવી ભ્રાન્ત નીતિને અનુસરવામાં કદાપિ સંમત નહિ થાય એ આશા રાખીએ.

'ધર્મ'
સંખ્યાંક, ૩
ભાદ્ર, ૨૧, બં. ૧૩૧૬

શાસનસંસ્કાર

શાસનમાં સુધારાઓ સ્વીકાર્યા એટલે એનું ખરાબ પરિણામ આવ્યું સમજવું એ વિષે ગઈ વાર જણાવ્યું હતું. દેશવાસીઓને આ વાત અજાણી નથી. આ બાબતને વિષે જો કોઈ જણાવે કે અમે આ સુધારાઓના દોષ જણાવીશું પણ તેમાં જે અનુકૂળતાઓ કરી આપી છે એ શા માટે છોડી દેવી, તો તેની બુદ્ધિની કે તેની રાજનીતિના જ્ઞાનની અમે કદર કરી શકતા નથી. જે દોષો જણાવશે તે રાજપુરુષોની બુદ્ધિને અજાણ્યા નથી; તેમણે સમજ્યા વગર આ દોષોને પ્રવેશ પામવા દીધા છે એમ પણ નથી. તેઓ પ્રથમથી જ જાણતા હતા કે આ દોષોનો પ્રતિવાદ થશે; પરંતુ તેઓ એમ ઈચ્છે છે કે પ્રતિવાદ કરવા

છતાં દેશના નેતાઓ આ સૈન્યના સુધારાઓનો અસ્વીકાર ન કરે અને તો જ તેમનું ધાર્યું તીર વાગે. દોષોને સુધારી લેવાની તેમની ઈચ્છા નથી; કારણ કે આ દોષ તેમની યુક્તિ પ્રમાણે દોષ નહિ પણ સુધારાના મુખ્ય ગુણ છે. આ સુધારાઓને લઈને સ્વાધીનતાને માટે જેઓ ઝંખે છે તેવા દેશભાઈઓની શક્તિ વધવાની નથી. હિંદુ મુસલમાનના વિરોધને પરિણામે હમેશને માટે સંઘર્ષમાં પ્રવૃત થયેલી બે શક્તિઓની અથડામણમાં તેઓ મધ્યસ્થી થશે અને દેશના કર્તાકારવતા થઈને શોભાનું પદ પામશે. તેમની આ નીતિ દોષાવહ નહિ પણ પ્રશંસનીય ગણાય. તેઓ દેશહિતૈષી છે, પોતાના દેશનું હિત, તેની શક્તિવૃદ્ધિ અને સામ્રાજ્યરક્ષણના ઉપાય જોઈ રહ્યા છે. આ નીતિ ઉદારનીતિ નથી, પરંતુ જો ઉદારનીતિને લઈને સ્વદેશનું અહિત થતું હોય એમ સમજાય તો એવી અનુદારનીતિનું અવલંબન કરવું એ દેશહિતેચ્છુને માટે યોગ્ય માર્ગ ગણાય. અમે દેશના કલ્યાણની બાબતે નિરપેક્ષ થઈને ઉદારનીતિને અપનાવત, અને દેશહિતેચ્છુપણાનો ત્યાગ કરીને જગતહિતેચ્છુનો વેશ ધારણ કરત. અત્યારે અમે પણ સ્વદેશનું હિત, તેની શક્તિવૃદ્ધિ અને જીવનના રક્ષણનો માર્ગ જોઈએ છીએ. પહેલાં દેશ આગળ વધીને જીવંત રહે અને પછી જગતનું હિત અને ઉદારનીતિ આચરવાનો યથેષ્ટ અવસર પ્રાપ્ત થશે.

હુગલી પ્રાદેશિક સમિતિ

હાલમાં હુગલીમાં પ્રાદેશિક સમિતિનું અધિવેશન શરૂ થઈ ગયું છે. તેનું ફલાફલ નિશ્ચિતભાવે જણાય નહિ ત્યાં લગી સમિતિના આલોચ્ય વિષયની બાબતમાં અભિપ્રાય દર્શાવવો બિનજરૂરી છે. આ વર્ષ ભૂત અને ભવિષ્યને માટે એક સંધિસ્થળ જેવું છે. સમિતિના કાર્યના પરિણામ પર બંગાળનું ભાવિ ઘણે અંશે નિર્ભર છે. પ્રબળ દમનનીતિ શરૂ થવાને કારણે દેશ નીરવ થઈ ગયો. બંગાળની નવોત્થિત શક્તિ અને સાહસ યુવકોનાં પ્રાણમાં છુપાઈ ગયાં અને ભીરુ લોકોની સાથે મંત્રણાને લઈને દેશભાઈઓમાં સ્મૃતિભ્રંશ અને બુદ્ધિલોપ થવા લાગ્યો છે. દમનનીતિનો વિધિપૂર્વકનો છતાં સાહસિક ભાવે વિરોધ કરીને તેને નિષ્ફળ બનાવવાની વાત ક્યાં ગઈ? તેને બદલે ઊલટું ભયથી તેમ જ રાજનીતિના જ્ઞાનરહિત ડહાપણથી નિશ્ચેષ્ટતા અને નીરવતા ઉત્તમ માર્ગ તરીકે પ્રચાર પામ્યાં. તેને લઈને દમનનીતિ સફળ થઈ છે અને રાજ-પુરુષો એમ માનતા થયા છે કે તેમણે એક અમોઘ અસ્ત્ર શોધી કાઢયું છે. આ પ્રકારની નિશ્ચેષ્ટતા અને નીરવતાને પરિણામે દેશભાઈઓનાં મન અને પ્રાણ અવસન્ન થઈ ગયાં, ઉત્સાહહીન થઈ ગયાં. રાષ્ટ્રીય શિક્ષણનું અંતિમ પરિણામ

ઘણું શોચનીય થવા લાગ્યું છે. બૉયકોટનું બળ ઘટી ગયું છે અને વિલાયતી માલનું ખરીદવેચાણ જોર પકડતું ચાલ્યું છે. ગયા પાંચ વર્ષો લગી જે પ્રયત્નો કર્યા હતા, જે ઉદ્યમ કર્યો હતો તે પાણીમાં જઈ રહ્યો છે. દેશનેતાઓ કટિબદ્ધ થઈને દેશનું ખરું નેતૃત્વ કરવામાં અશક્ત થતા જાય છે, તેઓ કન્વેન્શન નીતિની મમતાનો કે શાસનસંસ્કારના મોહનો ત્યાગ કરવા ઈચ્છતા નથી, મોઢે ખરી રાષ્ટ્રીય મહાસભાના પક્ષપાતી જણાય છે પણ અમલમાં તેનું પુનઃસર્જન કરવા તત્પર જણાતા નથી, શાસનસંસ્કાર ગ્રહણ કરતાં બીએ છે અને તેનો અસ્વીકાર કરતાં પ્રાણ કકળી ઊઠે છે. આવી પરિસ્થિતિમાં જેઓ દેશને માટે સમસ્ત જીવન ઉત્સર્ગ કરવા તત્પર છે, જેઓ ભયને જાણતા નથી, ભગવાન અને બંગજનની સિવાય જેઓ કોઈને જાણતા અને માનતા નથી તેઓ આગળ નહિ થાય તો બંગાળનું ભાવિ અંધકારમય થશે. આપણે જો પ્રાદેશિક સમિતિમાં દેશની લાજનું રક્ષણ કરવા માગતા હોઈએ, ભારતના ભાવિનો વિચાર કરતા હોઈએ તો ઘણે અંશે માર્ગ મોકળો થશે. ત્યાં લગી રાહ જોઈએ છીએ. નહિ તો પછી પોતાનો માર્ગ પોતે જ સાફ કરીને ભયાર્ત્ત અને દમનનીતિથી વિક્ષુબ્ધ દેશના પ્રાણરક્ષણને માટે ઉદ્યત થવું જ રહ્યું.

દૈનિક પત્રિકાનો અભાવ

રાષ્ટ્રીય પક્ષની શક્તિ ઘણા સમયથી અંદર પડેલી, હવે તે વિકાસ પામી રહી છે. પરંતુ એ શક્તિવિકાસ માટેનાં સાધનોને અભાવે સંપૂર્ણ કાર્યસિદ્ધિ અસંભવ છે. અમે યથાશક્તિ આર્યધર્મ અને ધર્મમાન્ય રાજનીતિને પ્રગટ કરીને એ વિકાસને સહાય કરવા પ્રવૃત્તિશીલ છીએ. પરંતુ સાપ્તાહિક પત્ર દ્વારા એ કાર્ય સંતોષજનક રીતે સધાતું નથી. ખાસ કરીને રાજનૈતિક જીવનમાં દૈનિક પત્રનો અભાવ મોટો અભાવ ગણાય. દરરોજ જે કાંઈ થઈ રહ્યું છે તે તરત જ લોકોને જણાવીને તે વિષે રાષ્ટ્રીય પક્ષનો અભિપ્રાય કે તેનું કર્તવ્ય લોકોની સમક્ષ રજૂ કરી ન શકાય તો આપણા પ્રયત્નમાં તેજ, તત્પરતા અને ક્ષિપ્રતા આવી શકે નહીં. હમણાં થોડા દિવસ પહેલાં કૉલેજ સ્કૅવરમાં એક સ્વદેશી સભા ભરાઈ હતી, તેનું વર્ણન અને ભાષણોનો સારાંશ એક જાણીતી દૈનિક પત્રિકામાં આપવામાં આવ્યો હતો, પણ તે પત્રિકાનો તંત્રીવર્ગ તે પ્રગટ કરવા સંમત ન થયો. એ સભામાં શ્રીયુત અરવિંદ ઘોષ પ્રમુખ હતા, તેમણે ભાષણ કર્યું હતું અને બૉયકોટનો વારંવાર ઉલ્લેખ કર્યો હતો; કદાચ તેને લઈને તંત્રીમંડળ ભય પામ્યું હોય, અસંતુષ્ટ થયું હોય. અને એ ભય તેમ જ અસંતોષ સ્વાભાવિક ગણાય; કારણ કે આજકાલ બૉયકોટ શબ્દનો જેટલો

ઓછો ઉલ્લેખ થાય તેટલું જ વ્યક્તિગત મંગળ સંભવે. તો બૉયકોટના પ્રચાર માટે સ્વાધીન દૈનિક પત્રિકાની આવશ્યકતા દરરોજ જણાતી જાય છે.

મહેતા મિજલસના સભાપતિ

બેઠક મળશે કે નહિ તે નક્કી નથી. પણ તેના પતિત્વને વિષે મોટી સમસ્યા ઊભી થઈ છે. આ વખતે લાહોરમાં મદ્રાસ કન્વેન્શનની પુનરાવૃત્તિ થવાનો સંભવ છે. પરંતુ લાહોરના દેશનેતાઓ દેશસેવાના આવા કૃત્રિમ અભિનયને આશરો આપવા તૈયાર નથી. જેમને દેશ માનતો નથી, જેમનો દેશની સાથે સંપર્ક નથી, છતાં એવા દેશના પાંચદશ માથાભારે લોકો દેશના લોકોને નામે ડિક્રિ ડિસમિસ કરે એ કયી બુદ્ધિમાન વ્યક્તિ સાંખી શકે ? અસ્તુ !

હવે સભાપતિની વાત. આ વિષે ભારતમિત્રે ઠીક જણાવ્યું છે કે ભિન્ન કૉન્ગ્રેસના પક્ષપાતીઓ આગામી લાહોર કન્વેન્શનમાં મદ્રાસના નવાબ સૈયદ મહંમદને સભાપતિ તરીકે ઈચ્છે છે. પણ નવાબ સાહેબ એ સંમાન સ્વીકારવા સંમત નથી. હવે પંજાબની કૉન્ગ્રેસ કમિટિ સર ફિરોજશાહ મહેતાને સભાપતિ તરીકે સૂચવે છે, અને મહેતા સંમત ન થાય તો પછી સુરેનબાબુ. ભારતમિત્ર જણાવે છે અને અમે કહીએ છીએ કે ગમે તેમ કરીને મહેતા સાહેબને જ સભાપતિ કરવા ઉચિત ગણાય. ભગ્ન કૉન્ગ્રેસના તેઓ જ જન્મદાતા છે. એટલે કરીને કૉન્ગ્રેસનું (?) સભાપતિત્વ તેમને જે રીતે છાજે એવું અન્યને છાજે નહિ. અત્યારથી જ લોકો ભગ્ન કૉન્ગ્રેસને મહેતા મિજલસ કહેતા થઈ ગયા છે.

ધર્મ
સંખ્યાંક, ૪
ભાદ્ર, ૨૮, ૧૩૧૬

અસંભવની શોધ

હુગલીના પ્રાદેશિક સમિતિના અધિવેશનમાં સભાપતિ શ્રીયુત વૈકુંઠનાથ સેને રાષ્ટ્રીય પક્ષને અધીરો અને અસંભવ આદર્શની શોધમાં પડેલો કહેતાં ખંચકાયા નથી. જેમણે અધિવેશનની કાર્યવહી જોઈ છે તેઓ જરૂર સ્વીકારશે કે મધ્ય પંથીઓએ અધીરાઈનો પરિચય કરાવ્યો છે; રાષ્ટ્રીય પક્ષ પર અધીરાઈનો

દોષારોપ કરવાનું કારણ નથી. હુગલીમાં રાષ્ટ્રીય પક્ષની સંખ્યા વધારે હતી તેમાં શંકા નથી અને છતાં વિરોધ દૂર કરવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય પક્ષ તરફથી શ્રીયુત અરવિંદ ઘોષ સ્વાવલંબન અને અહિંસક પ્રતીકારનું સમર્થન કરીને બેસી ગયા હતા. આને પણ જો અધીરાઈ ગણવામાં આવે તો ધીરતા જડતાનું બીજું નામ થયું કહેવાય. અસંભવ આદર્શની બાબતમાં અમે માત્ર આટલું જણાવી શકીએ કે જેઓ વર્તમાનની સાંકડી મર્યાદાની બહાર કંઈ જ જોવા ઈચ્છતા નથી અથવા જોઈ શકતા નથી, તેઓ ભવિષ્યની ભાવનાના ભાવુકોને હમેશાં અસંભવ આદર્શની પાછળ પડેલા કહીને તેમની મશ્કરી કરશે. જે સઘળા કર્મવીરો સંકટના સમયમાં વિશેષ વિચાર અને ચિંતન મનન કરીને ભવિષ્યની ઉન્નતિની ભૂમિકાની સ્થાપનામાં શક્તિશાળી હોય છે તેમના લલાટમાં જ આ પ્રકારના ઉપહાસનો લાભ લખાયો હોય છે. પરિણામને વિષે જાણ્યા વગર તેની અપેક્ષા કરવી એ જડતા છે, એ કંઈ બુદ્ધિ સૂચવનારી વસ્તુ નથી. ત્યાં સ્થિરતા મૂઢનું કાર્ય છે, ગતિ એ જ જીવન છે. ભારતમાં મધ્યપંથી સંપ્રદાયની કારણ વગરની ભીતિ જ રાષ્ટ્રીય ઉન્નતિમાં અંતરાય રૂપ છે. આખા પ્રાચ્ય ભૂખંડમાં જે જાગૃતિ, જે ઉન્નતિની આકાંક્ષા, જે આવેગ ઉદ્ભવ્યો છે તેનાં પ્રમાણ જાપાનમાં, પર્શિયામાં, તુર્કસ્તાનમાં જણાય છે. ભારતના વાઈસરૉય લૉર્ડ મિન્ટો પણ સ્વીકાર કરે છે કે એ પ્રવાહની ગતિ અટકાવવાની કોઈની તાકાત નથી. છતાંય મધ્યપંથીઓ આ વાત સમજતા નથી અથવા તો સમજવા છતાં સમજતા જણાતા નથી કે સર્વત્ર સંસ્કારને લઈને પ્રજાની શક્તિનો આત્મવિકાસ જણાય છે. માત્ર ભારતમાં જ અપેક્ષાના આદેશના પડઘા પડે છે. આવા આદેશદાતા છે લૉર્ડ મોરલી, જેઓ આખું જીવન પ્રજાશક્તિના સમર્થનમાં ગાળીને જીવનની સંધ્યાએ ભારતવર્ષને હમેશને માટે જડજીવન વિતાવવાનો આદેશ કરી રહ્યા છે. આવી સ્થિતિમાં ઉપહાસને પાત્ર કોણ ગણાય: રાષ્ટ્રીય પક્ષના ઉન્નતિપ્રેરક પ્રયાસો કે પછી મધ્યપંથી-ઓની પરનિર્ભરતા અને જડતા?

યોગ્યતાનો વિચાર

વિચાર કરતાં એમ લાગે છે કે સભાપતિ મહાશય ઍંગ્લોઈન્ડિયાની વાતમાં ફોકટ વિશ્વાસ રાખીને માની રહ્યા છે કે આપણે આજે પણ સ્વાયત્ત શાસનને યોગ્ય નથી. સ્વાયત્તશાસનને વિષેના ઠરાવની ચર્ચાને વખતે એક વક્તાએ પણ આ વાત કહી હતી! આપણને સૌને ઉપયુક્ત નથી એમ કહ્યા સિવાય ઍંગ્લોઈન્ડિયાની તરફેણમાં સ્વેચ્છાચરણના સમર્થનમાં બીજો ઉપાય

નથી. આ સ્થિતિમાં ઍંગ્લો ઈન્ડિયાની સ્વાર્થ સમર્થકયુક્તિ સ્વાભાવિક અને સુસંગત છે. પરંતુ ભારતવર્ષને માટે એ યુક્તિનો સ્વીકાર અસ્વાભાવિક અને અસંગત ગણાય. ગ્લૅડસ્ટન બોલ્યા હતા કે સ્વાધીનતા ભોગવવાથી જ લોકો સ્વાધીનતાને યોગ્ય બને છે. સ્વાયત્તશાસન ભોગવ્યા વિના સ્વાયત્તશાસનને ઉપયોગી થવાનો બીજો ઉપાય નથી. અમને ખબર છે કે સ્વાયત્તશાસન મળ્યે આપણામાં ભ્રમ અને પ્રમાદ અનિવાર્ય થવાનાં. બધા દેશોમાં એ પ્રમાણે થયું છે. જાપાનમાં ભ્રમ ચાલે છે, તુર્કસ્તાનમાં અને પર્શિયામાં હજુ પણ ભ્રમ છે. એમ કહીને સ્વાયત્તશાસનને માર્ગે આગળ ન વધવું અને ઉન્નતિનો માર્ગ હમેશને માટે રોકી રાખવો એ એક જ વાત થઈ. ઓગણીસમી સદીમાં આપણે ભ્રાંત શિક્ષણને લઈને પોતાની જાતને અસાર અને અનુપયોગી કહીને માની બેઠા હતા. આજે એ ભ્રમ દૂર થયો છે. આજે આપણે સમજીએ છીએ કે આ જાતિનું જીવનસ્પંદન બંધ પડ્યું નથી, એ જીવંત છે. આ પ્રકારની અનુભૂતિ જ રાષ્ટ્રીય ઉન્નતિને માટે પૂરતી છે. અને આ રીતની અનુભૂતિ જ આપણને ઉન્નતિને માર્ગે લઈ જઈને રાજનૈતિક ક્ષેત્રમાં મુક્તિ મેળવવાને શક્તિશાળી બનાવશે. આ અવસ્થામાં, આજે જ્યારે ઉન્નતિ શરૂ થઈ ગઈ છે ત્યારે, યોગ્યતાના વિચારનું ખોટું બહાનું કાઢીને ઉન્નતિનો માર્ગ અટકાવીને સ્થિર થવું એ મૂઢનું કાર્ય ગણાય. આપણા રાષ્ટ્રીય જીવનમાં આજે જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેનો માર્ગ અટકાવવામાં આવશે તો આપણે ઉન્નતિને માર્ગે જતાં પાછળ પડી જઈશું, આગળ ધપી શકીશું નહિ. અર્થાત્, આપણે આગળ ધપવું જોઈશે; શંકા કે સંદેહથી વિચલિત થયા વગર સ્થિર રીતે ધીર પગલે કર્તવ્યને પંથે આગળ જવું એ જ આપણું કર્તવ્ય છે.

ચાંચલ્યનાં ચિહ્ન

આપણા કેટલાક ડાહ્યા મધ્યપંથીઓ એવું જણાવી રહ્યા છે કે આજકાલ ક્યાંક ક્યાંક સભામાં કંઈક ધમાલ થાય છે; આને લઈને રાજનૈતિક અધિકાર મેળવવાની બાબતમાં આપણી અયોગ્યતા જ પુરવાર થાય છે. આ હકીકત પણ તેમની પોતાની રજૂઆત નથી, એ તો માત્ર કપટાચારી ઍંગ્લો-ઈન્ડિયનવાળાઓના મતનો પડઘો છે! જે સૌ ઍંગ્લો-ઈન્ડિયન આ પ્રકારનો મત પ્રદર્શિત કરી રહ્યા છે તેમને અમે કપટાચારી એટલા માટે કહીએ છીએ, કારણ કે તેમને ચોક્કસ ખબર છે કે વિલાયતમાં જે પ્રમાણમાં રાજનૈતિક સભાસમિતિઓમાં ધમાલ મચે છે તેનો એક શતાંશ પણ ભારતની સભાસમિતિ-

ઓમાં થતો નથી. ધીરપ્રકૃતિ ભારતવાસીઓ એવા વ્યવહારને બિલકુલ ટેવાયેલા નથી. આપણા દેશની સભાસમિતિઓમાં આની ધમાલનાં બે મોટાં દૃષ્ટાંત જોવા મળે છે : સુરતમાં સુરેન્દ્રનાથનું ભાષણ કોઈએ સાંભળ્યું નહિ અને પરિણામે બોલવાનું બંધ કરીને બેસી જવાની તેમને ફરજ પડી હતી, અને ત્યાં જ મધ્યપંથીઓ શ્રીયુત બાલ ગંગાધર ટિળકને પ્રહાર કરવા તૈયાર થયા કે તરત જ ધમાલ મચી હતી. ઈંગ્લૅન્ડમાં આવું વારંવાર જ્યાં ત્યાં બનતું જ હોય છે. કોઈ એક વિશ્વવિદ્યાલયની સભામાં પ્રધાન મંત્રી મિ. બાલફૉર ધમાલને લઈને ભાષણ કરી શકયા નહિ, અને છેવટે બે વિદ્યાર્થીઓએ નારીના વેશમાં મંચ પર જઈને તેમને જૂતાંની માળાની ભેટ ધરી. તેમણે હાસ્યપૂર્વક તે ભેટનો સ્વીકાર કર્યો. વળી કોઈ ઠેકાણે છાત્રો કોઈ વક્તાની સભામાં અસંતુષ્ટ થઈને મારામારી કરવા લાગ્યા અને પોલીસને વિચિત્ર રીતે પ્રહારો કરવા લાગ્યા. ન્યાયાલયમાં તેમનો કાંઈ દંડ થયો નહિ. અમે, અલબત્ત, એમ નથી કહેવા માગતા કે આપણા દેશમાં રાજનૈતિક આંદોલનમાં સભાસમિતિઓમાં આ પ્રકારનું ચાંચલ્ય પ્રવર્તે. અમે એટલું જ કહેવા માગીએ છીએ કે આ રીતનું ચાંચલ્ય અમારી સ્વાયત્તશાસનની અયોગ્યતા પુરવાર કરતું નથી; પરંતુ આ એક જીવનનું લક્ષણ છે. ઊલટું, આથી તો એમ પુરવાર થાય છે કે આપણે યુગવ્યાપી જડતાના શાપમાંથી મુક્ત થઈને એક નવીન ઉદ્યમમાં, એક નવીન શક્તિમાં, એક નવા કર્મક્ષેત્રમાં પ્રવેશી રહ્યા છીએ.

હુગલીનું પરિણામ

હુગલીમાં પ્રાદેશિક સમિતિના અધિવેશન દ્વારા રાષ્ટ્રીય પક્ષનો માર્ગ ઘણો ખરો સાફ થઈ ગયો છે. મધ્યપંથીઓનો મનોભાવ તેમનાં આચરણથી સમજાઈ ગયો, રાષ્ટ્રીય પક્ષનું પ્રાબલ્ય પણ બધાંએ અનુભવ્યું. બંગાળ રાષ્ટ્રીય ભાવે પૂર્ણ છે તેમાં હવે કાંઈ પણ સંદેહ રહ્યો નહિ. ઘણાના મનમાં સંદેહ હતો કે હુગલીમાં રાષ્ટ્રીય પક્ષની દુર્બળતા અને સંખ્યાની અલ્પતાનો અનુભવ થશે; પરંતુ તેમ ન થતાં ઊલટું આખા વર્ષપર્યંતનું દમન અને પીડનને પરિણામે પક્ષની કેવી અદ્‌ભુત શક્તિવૃદ્ધિ થઈ છે અને તરુણોના હૃદયમાં કેવો ગભીર રાષ્ટ્રીય ભાવ અને દૃઢ સાહસ અંકિત થયાં છે તે જોઈને પ્રાણ આનંદિત અને પ્રફુલ્લિત થયો. માત્ર કલકત્તા કે પૂર્વ બંગાળમાંથી તો શું પણ ચોવીસ પરગણાં, હુગલી, હાવરા, મેદિનીપુર વગેરે પશ્ચિમ બંગાળના બધા જિલ્લાઓમાંથી રાષ્ટ્રીય પક્ષના પ્રતિનિધિઓ સમિતિમાં ગયા હતા. વળી એક બીજું સારું લક્ષણ જે તેજસ્વી અને ભાવપ્રવણ નવીન પક્ષને માટે સહેલાઈથી સાધ્ય નથી છતાં જે ખાસ

જરૂરી છે તે નિયંત્રણ અને નેતાઓની આજ્ઞાનું પાલન, એ પણ હુગલીમાં જણાઈ આવ્યું. રાષ્ટ્રીય પક્ષના નેતાઓ કદાપિ મધ્યપંથી નેતાઓની માફક સ્વેચ્છા મુજબ કામ કરવા ઈચ્છશે નહિ, પોતાના પક્ષની સાથે પરામર્શ કરીને ક્યાં જવાનું છે તેનો નિર્ણય કરશે; પરંતુ એક વાર લક્ષ્ય નક્કી થઈ ગયા પછી નેતા પર સંપૂર્ણ વિશ્વાસ આવશ્યક છે. એ વિશ્વાસ જો ચલિત થાય તો નવા નેતાની મન પ્રમાણે પસંદગી શ્રેયસ્કર ગણાય; પરંતુ કાર્યને સમયે પોતાની બુદ્ધિ ચલાવ્યા વગર દરેકે એકપ્રાણ થઈને નેતાને સહાય કરવી ઉચિત ગણાય. સૈન્યની માફક નિર્ણિત માર્ગે જવાને લક્ષ્ય નક્કી કરવું, સ્વાધીન વિચાર કરવો અને ઘણાની સાથે વાટાઘાટ એ એક આવશ્યક નિયંત્રણ છે અને જરૂરી પરસ્પર વશવર્તી અનુસરણ છે. પ્રજાતંત્રમાં કાર્યની સિદ્ધિ કરવા માટે આ સાચી રીત છે. એટલે કે હુગલી અધિવેશનમાં પ્રથમ ઉપલબ્ધિ એ થઈ કે રાષ્ટ્રીય પક્ષ એક વર્ષના દમન અને ભયને પરિણામે વધુ બળશાળી અને સુનિયંત્રિત થયો છે. અત્યાર લગી અંદર પડેલી શક્તિના વિકાસનું આ પરિણામ છે,

બીજું ફળ એ ગણાય કે મધ્યપંથીઓનો મનોભાવ કાર્યમાં પ્રગટ થયો. શાસનસંસ્કારનો ઠરાવ તેમણે સ્વીકારવો જ રહ્યો, પછી તે સુધારો નિર્દોષ હોય કે સદોષ, દેશને માટે હિતકર હોય કે અહિતકર; ઠરાવ સુધારાને નામે ઓળખાયો એટલે સ્વીકારવો જ રહ્યો; પહેલાંની કૉંગ્રેસનું એ ચિરવાંછિત દુર્લભ સ્વપ્ન હતું, એટલે સ્વીકારવો જ રહ્યો; લૉર્ડ મોરલીએ જણેલું માનસ-સંતાન, એટલે સ્વીકારવો જ રહ્યો; અને વળી મોરલી-રિપન દ્વારા સ્થાનિક સ્વાયત્તશાસનની ચરમ અવસ્થા આણવામાં પ્રતિજ્ઞાથી બદ્ધ, એટલે સ્વીકાર્યે જ છૂટકો! એને લઈને રાષ્ટ્રની એકતાની આશા પ્રાય: લુપ્ત થઈ જાય કે નહિ, પણ નેતાઓનું સ્વપ્ન અકબંધ રહેવું જાઈએ! બૉયકોટને વિષરહિત પ્રેમમય સ્વદેશીમાં પરિણત કરવો એ નેતાઓનો સ્થિર મતલબ હોય! ખુદ સભાપતિ મહાશયે શેકસપિયરનું પ્રમાણ ટાંકીને બૉયકોટનો બૉયકોટ કરવાની સલાહ આપી; રખેને મોરલી અને મૉડરેટના મિલનમંદિરમાં વિદ્વેષનો વહ્નિ ભભૂકીને બધું ભસ્મીભૂત કરી દે! બીજી એક વાત પણ સમજાઈ કે મધ્યપંથી નેતાઓ વિધિપૂર્વકના વિરોધનો ત્યાગ કરવાને કૃતસંકલ્પ છે. જ્યારે ખરેખરી રીતે મિલન થયું છે, જ્યારે શાસનસંસ્કાર સ્વીકારાઈ ગયા છે, ત્યારે હવે વિરોધની જરૂર ક્યાં? વિરોધી પક્ષ અન્ય વિરોધી પક્ષનો સામનો કરે એ સંભવે, પણ એક પ્રેમીનો અન્ય પ્રેમીની સાથે કાલાવાલા, અભિમાન અને ક્ષણિક પ્રણયભંગ દ્વારા જ સંબંધ શોભે! આ પ્રકારે પુરાતન નીતિને ફરીથી સ્થાપન કરવાનું પરિણામ એ આવ્યું છે કે નેતાઓ કન્વેન્શનને વધુ દૃઢ

ભાવે ભેટતા થઈ ગયા છે, મદ્રાસ જો બૉયકોટનો ત્યાગ કરે તો સુરેન્દ્રનાથ કન્વેન્શનનો ત્યાગ કરશે એવી કેટલાક લોકો જે આશા રાખતા હતા તે નષ્ટ થઈ છે. માત્ર એક બાબતમાં હજુય સંદેહ પ્રવર્તે છે કે રાષ્ટ્રીય મહાસભાના પુન:સંસ્થાપનનો સંભવ છે કે નહિ? એક તરફથી પ્રાદેશિક સમિતિના અધિવેશનમાં જણાઈ આવ્યું કે તેની બેઠકમાં કોઈ પૂર્ણ રાષ્ટ્રીયભાવ પ્રકાશક ઠરાવ સ્વીકારવામાં આવે તો અમે સમિતિ ભાંગીને બહાર નીકળી પડીશું એવો મધ્યપંથીઓનો દૃઢ સંકલ્પ પ્રગટ થયો. જો એમ હોય તો સાચી એકતા અશકય ગણાય. આનું તાત્પર્ય શું? પૂર્ણ રાજપુરુષભક્તિપ્રકાશક કોઈ પણ ઠરાવ ઉપસ્થિત થાય તો રાષ્ટ્રીય પક્ષે તે સ્વીકાર્યે જ છૂટકો, જેમ નિષ્ફળ કાલાવાલા, વિરોધ, નિવેદન સ્વીકાર્યે જ છૂટકો ગણાય; પરંતુ પૂર્ણ રાષ્ટ્રીયભાવવ્યંજક પ્રસ્તાવ સ્વીકૃત થઈ શકતો નથી. આ શરતે કોઈ જોરદાર વૃદ્ધિ પામતો પક્ષ સમિતિમાં રહેવાને સંમત થાય નહિ; ખાસ કરીને જે પક્ષની સ્થાયી ભાવે સંખ્યા વધતી જણાય છે. બીજી તરફથી રાષ્ટ્રીય પક્ષના આગ્રહથી બન્ને પક્ષોની એક કમિટિ નીમવામાં આવી છે. જેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રીય મહાસભામાં એકતાની સ્થાપના કરવાનો છે : સભ્યોમાંથી ચાર જણ મધ્યપંથી પક્ષના, શ્રીયુત સુરેન્દ્રનાથ, શ્રીયુત ભૂપેન્દ્રનાથ બસુ, શ્રીયુત વૈકુંઠનાથ સેન, શ્રીયુત અંબિકાચરણ મજુમદાર, અને ચાર જણ રાષ્ટ્રીય પક્ષના, શ્રીયુત અરવિંદ ઘોષ, શ્રીયુત રજતનાથ રાય, શ્રીયુત જિતેન્દ્રલાલ બન્દોપાધ્યાય, શ્રીયુત કૃતાન્તકુમાર બસુ. આ બધા જો એકમત થઈ શકે તો રાષ્ટ્રીય મહાસભામાં ઐકય આણવું પ્રયત્નસાધ્ય થાય. પ્રયત્ન કર્યા છતાં ઐકય સધાશે એમ પણ કહી ન શકાય; કારણ કે, જો મહેતા અને ગોખલે અસંમત થાય અથવા વર્તમાન ક્રીડ અને કાર્યપ્રણાલીને એમને એમ સ્વીકારવાનું જણાવે, તો પછી મધ્યપંથી નેતાગણ તેમને છોડીને રાષ્ટ્રીય મહાસભાની સ્થાપનામાં પ્રવૃત્તિશીલ થાય એ અસંભવ છે.

આ બધું જોતાં એકતા અસંભવિત લાગે છે; પરંતુ જે એક ક્ષીણ આશા હજુય ચાલુ છે તે રાષ્ટ્રીય પક્ષ છોડી શકતો નથી. એ આશાને લઈને સંખ્યાની દૃષ્ટિએ અધિક હોવા છતાં તેઓ સઘળી વાતમાં મધ્યપંથીઓની પાસે ઈચ્છા-પૂર્વક હાર સ્વીકારી રહ્યા છે. આ રીતનો ત્યાગસ્વીકાર અને આત્મસંયમ સબળ પક્ષ જ દાખવી શકે. જેઓ પોતાના બળ વિષે સજાગ છે તેઓ હમેશાં પોતાના બળનો પ્રયોગ કરવા તત્પર હોતા નથી. સુરતના અધિવેશનમાં અમે ધૈર્યભ્રષ્ટ થયા હતા, મુંબઈના નેતાઓના અન્યાયી અવિચાર અને અપમાનો સહીને પણ છેવટે ધૈર્યભંગથી એ આત્મસંયમનું ફળ મેળવી શકયા નહીં; એ દોષના પ્રાયશ્ચિત્ત રૂપે હુગલીમાં પ્રબળ હોવા છતાંય દુર્બળ મધ્યપંથી પક્ષની સઘળી આગ્રહભરી આજીજી સહી લઈને, જેથી કરીને એકતાની પેલી ક્ષીણ

આશા અમારે લઈને નાશ ન પામે, એ જ એક માત્ર લક્ષ્ય રાખીને પ્રાદેશિક સમિતિને અકાળ મૃત્યુના હાથમાંથી બચાવી લીધી. અમારા આત્મસંયમનો યથેષ્ટ પુરસ્કાર એ હતો કે અમે દેશની સમક્ષ દોષમુક્ત થયા, ભવિષ્યના વારસદારોના અભિશાપમાંથી છૂટ્યા. મહાસભાની એકતા સધાશે કે હમેશને માટે તેનો નાશ થશે તે ભગવાનની ઈચ્છાને અધીન છે, અમારી ઈચ્છાને અધીન નહીં. અમે કીડ સહી લઈશું નહિ, જે કાર્યપ્રણાલી દેશની અનુમતિ વગર પ્રચાર પામી છે તેને જ્યાં લગી દેશના પ્રતિનિધિઓ જાહેર રીતે સ્વીકારાવી ન શકે ત્યાં લગી અમે પણ તેનો સ્વીકાર કરીશું નહિ. આ બે વાતમાં અમે મક્કમ છીએ; પરંતુ તે સિવાય અમારા પક્ષ તરફથી કોઈ મુશ્કેલી ઊભી થશે નહિ. મુશ્કેલી જો આવે તો તે બીજા પક્ષ તરફથી હોઈ શકે.

પરંતુ આ ક્ષીણ આશા પર નિર્ભય રહીને અમે નિશ્ચેષ્ટ રહીશું નહિ. ક્યારે કયા અણધાર્યા દુર્યોગે બંગાળની એકતા છિન્નભિન્ન થઈ જાય એ કાંઈ કહી શકાય નહિ. મહારાષ્ટ્ર, મદ્રાસ, યુક્તપ્રદેશ અને પંજાબના રાષ્ટ્રીય પક્ષો અમારી તરફ મીટ માંડી રહ્યા છે. બંગાળ ભારતનો નેતા છે; તેની દૃઢતા, સાહસ અને કર્મકુશળતાને આધારે ભારતનો ઉદ્ધાર સંભવે, નહિ તો અશક્ય, તેથી તો અમે રાષ્ટ્રીય પક્ષને પડકારીએ છીએ કે ચાલો હવે કાર્યક્ષેત્રે વળી પાછા લાગી જઈએ; ભય, આળસ, નિશ્ચેષ્ટતા, જેમણે પોતાના પ્રાણ દેશને માટે ફના કર્યા છે તેવા સાધકોને છાજે નહિ; આખા દેશમાં રાષ્ટ્રીય ભાવ પ્રબળ રીતે જાગી રહ્યો છે. પરંતુ ખરા આર્યસંતાન તરીકે કર્મ દ્વારા આપણે પરચો ન કરાવી શકીએ તો એ જાગ્રતિ, એ પ્રાબલ્ય, એ ઈશ્વરના આશીર્વાદ સ્થાયી થઈ શકશે નહિ. ભગવાને રાષ્ટ્રીય પક્ષનું સર્જન કર્મને માટે, નવયુગ પ્રવર્તનને માટે કર્યું છે. અત્યારે હવે માત્ર ઉત્તેજના અને સાહસ નહિ ચાલે; ધૈર્ય, સાવધાની અને સુનિયંત્રિતતા જરૂરી છે. ભગવાનની શક્તિ ધીરે ધીરે બંગદેશમાં ઊતરી રહી છે; સ્વાભાવિક રીતે તે હવે તિરોહિત નહિ થાય. અયાચિત ભાવે દેશસેવા કરીએ તો પરમેશ્વરના આશીર્વાદ છે; હૃદયમાં રહેલા બ્રહ્મ જાગ્યા છે, તો ભય અને સંદેહ ટાળીને ધીર ભાવે ગંતવ્ય પંથે આગળ ધપીએ.

શ્રીહટ્ટ જિલ્લા સમિતિ

હુગલીમાં રાષ્ટ્રીય ભાવનો વિસ્તાર અને તેની કલ્પનાતીત વૃદ્ધિ જોઈ હતી, પણ શ્રીહટ્ટ જિલ્લા સમિતિમાં એની પરાકાષ્ઠા જણાઈ. પૂર્વાંચલના આ દૂરને છેડે મધ્યપંથીનું નામ વિલુપ્ત થઈ ગયું છે; ત્યાં રાષ્ટ્રભાવ જ અક્ષુણ્ણ અને પ્રબળ છે. શ્રીહટ્ટના રહેવાસીઓ ભારતબંધુ બેકરના રામરાજ્યમાં રહેતા નથી; છતાંય દમનનીતિના જન્મસ્થાનમાં સમિતિ રચીને સ્વરાજ્યનું નામ બોલતાં બીતા નથી, સર્વાંગીણ બૉયકૉટનું સમર્થન કરવા કટિબદ્ધ છે, આવેદન-નિવેદન-નીતિને ત્યજીને આત્મશક્તિ અને વિધિપૂર્વકનો વિરોધ કરીને તેને અનુરૂપ ઠરાવો કરે છે. શ્રી હટ્ટ જિલ્લા સમિતિમાં સ્વરાજ્ય મેળવવું એ પ્રત્યેક રાષ્ટ્રનો ધર્મ છે એની ઘોષણા કરવામાં આવી છે, તેણે દેશવાસીઓને સ્વરાજ મેળવવા માટે બધી પ્રકારના વિધિપૂર્વકના ઉપાયો કરવા પડકાર કર્યો છે.

આ અધિવેશનમાં કેટલાંક નવાં લક્ષણો જોયાં. પહેલું તો એ કે રાજ-નીતિની સાંકડી વાડ તોડીને વિલાયત જવાની પ્રશંસનીયતાને સ્વીકારી અને વિલાયત જઈ આવેલા રાષ્ટ્રીય ભાવાપન્ન લોકોને સ્વીકાર કરવા અનુરોધ કર્યો. આ વિષે વિષયવિચારણી સમિતિમાં પૂરતા પ્રમાણમાં વાદવિવાદ થયો હતો, પણ મત દેવાને સમયે બધા મળીને અગિયાર જણની વિલાયતયાત્રાના વિરોધીઓની સંખ્યા તેથી આગળ વધી નહોતી. પ્રતિનિધિઓમાં પણ તેમની સંખ્યા ઘણી થોડી હતી. પાંચસો પ્રતિનિધિઓમાંથી લગભગ ચાળીશ જણ પ્રસ્તાવની વિરુદ્ધમાં હતા. સેંકડો કંઠના ગગનભેદી 'વંદેમાતરમ્'ના મંત્રથી પ્રસ્તાવ સ્વીકારાયો. બીજી વાત એ કે બેઠકને સમયે આ પ્રસ્તાવ સિવાય બીજા કોઈ પ્રસ્તાવના સ્વીકારમાં ભાષણો કરવામાં આવ્યાં ન હતાં. પ્રસ્તાવ રજૂ કરનાર, તેને અનુમોદન આપનાર અને સમર્થન કરનાર ભાષણ કર્યા વગર પોતપોતાનાં કામ સમેટી લેતા. ત્રીજું, અધિવેશન શહેરમાં ન ભરાતાં જલપ્લાવિત જલસૂકા ગામમાં ભરાયું હતું. ચોથું, સભાપતિને પદે કોઈ લબ્ધપ્રતિષ્ઠ વકીલ કે જાણીતા રાજકીય વક્તાને બદલે એક સારા એવા ધાર્મિક પંડિત સંન્યાસીના જેવા નિષ્ઠાવાન, ધોતી અને ખેસ ધારણ કરેલા રુદ્રાક્ષની માળાથી શોભાયમાન એક બ્રાહ્મણને સર્વેએ પસંદ કર્યા હતા. આવાં સુલક્ષણો જોઈને કોના મનમાં આશા અને આનંદનો સંચાર ન થાય? અશિક્ષિત જનતાએ હજી પણ આ આંદોલનમાં પૂરો હિસ્સો આપ્યો નથી,

કેળવણીના અભાવને લીધે એ દુ:સાધ્ય ગણાય; છતાં કેટલાક અંગ્રેજી ભાષાવિદ વકીલ, દાક્તર, સમાચારપત્રના સંપાદક અને શિક્ષકમાં જ આંદોલન સીમિત ન થતાં સઘળા શિક્ષિત સમાજને તેણે આકર્ષ્યો અને અપનાવ્યો; જમીનદાર, ધંધાદારી, બ્રાહ્મણ પંડિત, શહેરી, ગ્રામ્યજન એમાંના કોઈને ટાળ્યા નહિ, — આ એક આશાસ્પદ હકીકત ગણાંય.

પ્રજાશક્તિ અને હિંદુ સમાજ

વિલાયતયાત્રાના પ્રસ્તાવને શાથી મેં એક સારું લક્ષણ કહ્યું તેની ટૂંકમાં સમજૂતી જરૂરી છે. કારણ કે, આ બાબતમાં મતની એકતા નથી, માટે આવી સામાજિક બાબત ઉખેળવી નહિ એ સારું, એવું ઘણા લોકો માને છે. પાંચ વર્ષ પહેલાં અમે પણ આ વાતને યુક્તિસંગત ગણત, અને અત્યારે પણ જો રાષ્ટ્રીય મહાસભામાં આ પ્રશ્ન ચર્ચાત તો અમે તેને અટકાવત. સ્વદેશી આંદોલનના પહેલાં કેટલાક અંગ્રેજી ભણેલા, વિલાયતના ભાવે રંગાયેલા ભદ્રલોક સિવાય આખો શિક્ષિત સમાજ રાજકીય અધિવેશનમાં સાથ આપતો નહિ. આવા લોકો હિંદુસમાજને સંબંધ ધરાવતા જટિલ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવા અધિકારી નહોતા અને એવા પ્રશ્નોની મીમાંસા થાત તો હાસ્યાસ્પદ ગણાત અને હિંદુસમાજના ક્રોધ અને ધૃણાને પાત્ર ઠરત. મહાસભાના મંડપમાં જે સામાજિક સમિતિ મળત તે પણ આવી અનધિકાર ચર્ચા કરત. સમાજ જ સમાજનું રક્ષણ અને તેમાં સુધારા કરી શકે; જેઓ હિંદુધર્મને માને છે, તેઓ જ હિંદુસમાજના પુનરુત્થાન અને ધર્મની સંસ્થાપનામાં જોડાઈ શકે, પણ જેઓ એ સમાજની ઉપેક્ષા કરીને હિંદુ ધર્મની મશ્કરી કરે છે, તેવાઓ જો સુધારાની વાત ઉપાડે તો તેવા પ્રયત્નને અનધિકાર ચર્ચા સિવાય શું કહી શકાય? મહાસભામાં હજુ પણ આખો હિંદુસમાજ જોડાતો નથી, એટલે મહાસભા આવો પ્રસ્તાવ સ્વીકારવામાં અનધિકારી ગણાય. પરંતુ બંગાળની પરિસ્થિતિ સ્વતંત્ર છે. નિષ્ઠાવાન હિંદુઓ, બ્રાહ્મણ પંડિતે, ભગવાં કપડાં ધારણ કરનાર સંન્યાસીઓ આવાં રાજનૈતિક આંદોલનમાં ભાગ લેવાનું શરૂ કર્યું છે. તદુપરાંત હિંદુસમાજ રક્ષણનો ઉપાય ન શોધે તે ચાલે નહિ. પાશ્ચાત્ય શિક્ષણના આક્રમણને લઈને આપણું બધું તૂટી રહ્યું છે. આજકાલ આચારવિચાર માત્ર ડોળ ખાતર રહ્યા છે, ધર્મમાં જીવંત આસ્થા અને વિશ્વાસ હજી લગી લુપ્ત થયાં નથી તોય ઓછાં થઈ ગયાં છે, મુસલમાન અને ખ્રિસ્તીઓની સંખ્યા વધતી હોવાને કારણે હિંદુઓની સંખ્યા ઝડપથી ઘટી રહી છે; પહેલાંના વખતમાં જરૂરી પણ વર્તમાનકાળમાં અનિષ્ટકારી એવી કેટલીક રૂઢિઓ

પર અનુચિત મમતાને કારણે જાતિની ઉન્નતિ અને મહત્ત્વ સ્થગિત થઈ ગયાં છે. પહેલાંના સમયમાં જ્યારે હિંદુરાજાઓ હતા ત્યારે રાજશક્તિ જ બ્રાહ્મણોની સાથે પરામર્શ કરીને અને તેમની સહાયથી સમાજનું રક્ષણ અને સમયને ઉપયોગી સમાજસુધારા કરતી. એ રાજશક્તિ લુપ્ત થઈ ગઈ છે, ફરી હવે જાગ્રત થવાની આશા જણાતી નથી. તેમ છતાં પ્રજાશક્તિ વધતી જાય છે અને તે સ્થપાય તેવાં એંધાણ વરતાય છે. આ સ્થિતિમાં પ્રજાશક્તિ પુરાતન હિંદુ-રાજશક્તિનું સ્થાન લઈને એ રીતે જ સમાજનું રક્ષણ કરે, સુધારાઓ કરે એ ઉચિત ગણાય; નહિ તો હિંદુજાતિનો ધ્વંસ થશે. શ્રીહટ્ટમાં એક બ્રાહ્મણ પંડિત આવા પ્રસ્તાવના મુખ્ય સમર્થક હતા, પ્રતિનિધિઓમાંથી એમ જણાય છે કે વિલાયતથી પાછા ફરેલાઓમાંના કોઈ નહોતા, ગામે ગામે ચૂંટેલા પ્રતિનિધિઓ અધિવેશનમાં હાજર હતા. આવે ઠેકાણે આ પ્રકારનો ઠરાવ સ્વીકારાય એ આશાનું એક લક્ષણ ગણાય. આથી કરીને હિંદુસમાજને આઘાત થવાનો કોઈ સંભવ નથી. અલબત્ત, આવો ઠરાવ ખૂબ સાવધાનીથી સ્વીકારાવવો જોઈએ. બ્રાહ્મણો તેમ જ પ્રત્યેક વર્ણના મુખ્ય મુખ્ય સામાજિક નેતાઓના પ્રસ્તાવને સ્વીકારવા-માં સંમતિ લઈને ત્યાર પછી પ્રસ્તાવગ્રહણ થાય એ જ યુક્તિસંગત ગણાય.

પરદેશયાત્રા

પરદેશની મુસાફરીની બાબતમાં હવે કોઈ મતભેદ હોઈ શકે નહિ. આપણે સૌએ સ્વદેશીના ફેલાવાને રાષ્ટ્રીય જીવનરક્ષણના મુખ્ય ઉપાય તરીકે સ્વીકાર્યો છે, અને પરદેશી મુસાફરી જો નિષિદ્ધ થાય તો તેનો ફેલાવો મુશ્કેલ થાય. જેઓ કોઈ ઉદ્યોગ શીખવા પરદેશ જાય તેઓ દેશના રક્ષણને માટે અને સમાજની પુષ્ટિને માટે તેમ કરે, એને એક પુણ્યકાર્ય માને, ધર્મકાર્ય ગણે. સમાજમાં એવું કોણ હોય જે આ કાર્યને પાપકાર્ય કહે, સમાજમાંથી ભ્રષ્ટ કરનારું કુકર્મ કહે; એવું કોણ હોય જે ઉત્સાહી યુવકવૃંદને આવી મહાન ઉન્નતિ તરફ લઈ જનારા પ્રયત્ન પ્રત્યે વાળીને તે આજ્ઞાપાલનને માટેનો પુરસ્કાર આપ્યા વિના સામાજિક નિયમનને લઈને અપરાધી ગણે. આટ-આટલા તેજસ્વી ધર્મપ્રાણ સ્વદેશહિતૈષી રાષ્ટ્રીયભાવાપન્ન યુવકોને જો સમાજ-માંથી કાઢી મૂકવામાં આવે, તો તેથી કરીને હિંદુસમાજનું કયું કલ્યાણ સધા-વાનું હતું,– યુક્તિની દૃષ્ટિથી જોતાં વિલાયતની મુસાફરીના નિષેધમાં કોઈ દલીલ જણાતી નથી. શાસ્ત્રની દૃષ્ટિએ પણ વિદેશયાત્રાના વિષે કોઈ અલંઘનીય અંતરાય નથી. શાસ્ત્રના બેએક શ્લોક ટાંકવે નહિ ચાલે, શાસ્ત્રનો ભાવાર્થ અને આર્યસમાજની પુરાતન પ્રણાલી જોવાં પડે. અતિ અર્વાચીન કાળ લગી વિદેશ-

યાત્રા અને સમુદ્રયાત્રા મુશ્કેલી વગર પ્રચલિત હતાં, આર્યસાહિત્યમાં તેનાં અનેક પ્રમાણો મળી આવે છે. જ્યારે સમાજનું રક્ષણ અને આચારનું રક્ષણ મુશ્કેલ થઈ જાય ત્યારે બ્રાહ્મણની સલાહ મુજબ સમુદ્રયાત્રા અને અટકાયતી નદીની પેલી પાર પ્રવાસ કરવો નિષિદ્ધ થાય. એવાં કારણોને લઈને જ જાપાનની યાત્રા સંપૂર્ણ નિષિદ્ધ ગણાતી. આવાં વિધાન સમયે સમયે કરવામાં આવે છે, સમયે સમયે તે બંધ કરવામાં આવે છે. આ પ્રથા કંઈ સનાતન હોઈ ન શકે. જ્યાં લગી જાતિ અને સમાજને તે દ્વારા ઉપકાર થતો હોય, તેનું રક્ષણ થતું હોય, ત્યાં લગી સમયોપયોગી વિધાન હોઈ શકે; જ્યારે જાતિ અને સમાજના વિકાસ કે ઉન્નતિમાં તે અંતરાય રૂપ બને ત્યારથી એનો વિનાશ નિશ્ચિત થવાનો. વિદેશથી પાછા ફરેલા ભારતવાસીના અંગ્રેજી અનુકરણને લઈને, સમાજ તરફનો ઉપેક્ષાભાવ અને ઉદ્ધત આચરણ અને વાણીને લઈને, આવો કલ્યાણકારી સુધારો વિલંબમાં મુકાય છે. સમાજનું કલ્યાણ સાધવું હોય તો સમાજને માનવો અને તેમાં રહેવું જરૂરી છે. સમાજના વિનાશનો પ્રયત્ન કર્યે સમાજનું કલ્યાણ થાય નહિ.

તારપુરમાં ખાંડનું કારખાનું

ગયે વખતે તારપુરમાં દેશી ખાંડ બનાવવાનો જે નવો પ્રયત્ન થઈ રહ્યો છે તે બાબતે પ્રશ્નો રજૂ થયા હતા, જેમણે આ ઉદ્યોગ હાથ ધર્યો છે તેમની પાસે આ પ્રશ્નોની ચર્ચાવિચારણા થઈ હતી. તેમની સાથેની વાતચીતથી જાણવા મળ્યું કે પ્રથમ વાર પારિવારિક મુશ્કેલીને કારણે કારખાનું બંધ કરવામાં આવ્યું હતું; બીજી વાર રાય ધનપતસિંહનાં વિધવા પત્નીએ એક કુશળ મૅનેજરની મદદથી તે શરૂ કર્યું, પણ તે મૅનેજરના મૃત્યુને લઈને વળી બંધ કરવું પડ્યું. આવી પરિસ્થિતિમાં તેમનો આ મોટો પ્રયાસ સફળ થવાને યોગ્ય હોવા છતાં સફળ ન થયો, તે જોઈને કારખાનાના માલિકે તેને વેચવાની વાત ઉપાડી. એટલે નવી કંપનીએ અલ્પ મૂલ્યે તે ખરીદ્યું. જાવાની ખાંડનું બજારમાં મોટું ચલણ હોવાથી સ્વદેશી ખાંડ શરૂશરૂમાં તેટલી નફાકારક ન જણાય, તો તેના ગોળમાંથી અનેક ચીજો તૈયાર કરી શકાય જેને લઈને ચોક્કસ મોટો લાભ થઈ શકે, તે તરફ કંપનીના કાર્યકરો ખાસ ધ્યાન આપે. તે ઉપરાંત અમેરિકામાં શિક્ષણ લઈને રસાયણવિદ્યામાં પારંગત શ્રીયુત ગિરીન્દ્રનાથ મુખોપાધ્યાય આ કાર્યમાં જોડાશે એવું સાંભળતાં આ સંસ્થાની વિશેષ ઉન્નતિની આશા રાખી શકાય. તેને માટે જરૂરી મૂડી એકઠી થશે એટલે ગિરીન્દ્રબાબુ દેશમાં આવીને કામ શરૂ કરી દેશે.

લાલમોહન ઘોષ

ગયે શનિવારે આપણા મહાન વક્તા લાલમોહન ઘોષ પરલોક પામ્યા. તેઓ પોતાની ઉંમરના છેલ્લા ભાગમાં બરાબર સમજી ગયા હતા કે સામાન્ય જનતાને છોડીને માત્ર મુઠ્ઠીભર અંગ્રેજી ભણેલા લોકો દ્વારા રાજનૈતિક આંદોલન સફળ થઈ શકે નહિ. પ્રાદેશિક સમિતિઓમાં બંગાળીમાં બોલવાની પ્રથા પ્રથમ તેમણે જ શરૂ કરી હતી.

શરૂમાં તેમણે જોયું કે બંગાળીઓની પાટલીઓ તરફ મીટ માંડવાની ટેવ ગઈ નથી, એટલે તેમણે વિલાયતમાં પાર્લમેન્ટના સભ્ય થવાનો પ્રયત્ન કર્યો. તેમનો એ પ્રયાસ ઘટનાઓના ચક્રાવામાં ફળ્યો નહીં.

તેઓ એક અસાધારણ વક્તા હતા. અંગ્રેજી ભાષા પર તેમનો અસાધારણ કાબૂ હતો. પરદેશમાં તેમનું વક્તૃત્વ એક વિદેશીનું છે એ હિસાબે ઘણા સમજી શકતા નહિ. ઈલબર્ટ બિલના આંદોલનને સમયે બૅરિસ્ટર બ્રાનસને જ્યારે ટાઉન હૉલમાં બંગાળીઓને ગાળો દીધી ત્યારે લાલમોહન ઘોષે નૉર્થ-બ્રૂક હૉલમાં જે ભાષણ કર્યું હતું તેની તીવ્રતા અદ્વિતીય હતી. એ ભાષણને પરિણામે બ્રાનસનને ભારતવાસી અટોર્નિ દ્વારા છૂટા કરવામાં આવ્યા અને ભારત છોડી જવાની તેમને ફરજ પડી.

છેવટની વયે લાલમોહન નવીન ભાવનાના ભાવુક થઈ શકયા નહિ. ઊલટું, પૂર્વસંસ્કારયુક્ત નવીન ભાવના ભાવુકોની નિંદા પણ કરતા.

પરંતુ બંગાળમાં બૉયકૉટનો પ્રસ્તાવ રજૂ થયો એ તેની વિરાટ કીર્તિ ગણાય; દિનાજપુરમાં બંગભંગના વિરોધમાં તેમણે વિદેશીના બહિષ્કારનો ઠરાવ રજૂ કર્યો હતો.

શ્રી હૃદ્દના પ્રસ્તાવો

સુરમા ઉપત્યકા સમિતિના અધિવેશનમાં બૉયકોટનો ઠરાવ તજી દેવામાં આવ્યો અને ઔપનિવેશિક સ્વાયત્તશાસન તેમ જ વિર્નાસન પામેલાઓને વિષે કોઈ સંતોષજનક ઠરાવ થયો ન હોવાને કારણે અમારા સાથીદાર પત્ર 'સંજીવની'એ દુ:ખ વ્યક્ત કર્યું છે. 'બૉન્ગોલી' પત્રિકામાં પ્રગટ થયેલા

પ્રસ્તાવોનો ભ્રમાત્મક અંગ્રેજી અનુવાદ જોઈને 'સંજીવની' ભ્રમમાં મુકાઈ ગયેલું જણાય છે. એ અનુવાદ ભ્રમભરેલો છે. જે ઠેકાણે Self-government શબ્દ વપરાયો છે ત્યાં મૂળ બંગાળીમાં સ્વરાજ શબ્દ હતો; પ્રત્યેક સભ્ય જાતિનો સ્વરાજ માટે હક્ક છે અને તેથી સમિતિ દેશબાંધવોને સઘળા પ્રકારના વિધિ-પૂર્વકના ઉપાયોથી સ્વરાજ મેળવવા પ્રયત્ન કરવા આહ્વાન કરે છે, — આ અર્થમાં ઠરાવ સ્વીકારાયો હતો. ઈંગ્લૅન્ડની સાથે ભારતનો ઔપનિવેશિક સંબંધ નથી; વળી ઔપનિવેશિક સ્વાયત્તશાસન ભારતના પૂર્ણ રાષ્ટ્રીય વિકાસને તેમ જ મહત્ત્વને ઉપયોગી શાસનતંત્ર નથી; આ પ્રકારના વિશ્વાસને આધારે સમિતિએ કંઈ પણ વિશ્લેષણ કર્યા વગર સ્વરાજ્ય જ આપણા રાજનૈતિક પ્રયાસોનું લક્ષ્ય છે એમ નિર્ણય લીધો હતો. બૉયકોટનો ઠરાવ પણ તજી દેવામાં આવ્યો ન હતો; પણ તેને બંગભંગની સાથે જોડયા વગર સમિતિએ સ્વરાજપ્રાપ્તિ અને દેશની ઉન્નતિને માટે બૉયકોટની પ્રયોજનીયતા સમજીને તેનું સમર્થન કર્યું હતું—જે વિધિપૂર્વકના ઉપાય તરીકે સ્વરાજપ્રાપ્તિનો પ્રયત્ન સમિતિએ અનુમોદિત કર્યો, તે જ વિધિસરના ઉપાયમાં બૉયકોટને મુખ્ય તરીકે ગણ્યો છે,—એ જ શ્રી. હટ્ટના રહેવાસીઓનો અભિપ્રાય છે. બંગભંગના પ્રતિ-કારથી બૉયકોટની પ્રયોજનીયતા સીમાબદ્ધ થાય તો તેનું ક્ષેત્ર ઘણું સાંકડું બની જાય. સમિતિએ સ્વીકારેલા પ્રસ્તાવની રચનામાં આ મૂળ વાતનું રક્ષણ કરવામાં આવ્યું છે કે જે કાંઈ આત્મશક્તિ દ્વારા પ્રાપ્ય હોય તે પર જ ખાસ લક્ષ્ય રાખવું, રાજપુરુષોની પાસે આવેદનનિવેદનની નીતિ છોડી દેવી, અને જે જે બાબતો તેમની કૃપા પર નિર્ભર હોવા છતાં જેમનો ઉલ્લેખ કરવો આવશ્યક ગણાય, તે તે વિષે ગવર્નમેન્ટની પાસે પ્રાર્થના કે વિરોધ તજીને માત્ર અભિ-પ્રાયની અભિવ્યક્તિ પૂરતી ગણવી. આ નિયમ પ્રમાણે સમિતિએ નિર્વાસિત ગણ પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરીને સંતોષ માન્યો છે, બંગભંગની વિરુદ્ધમાં ફોકટ વાણીનો આડંબર કર્યા વિના તેનો સંક્ષેપમાં વિરોધ કર્યો છે. અમારા સહયોગી પત્રે ઔપનિવેશિક સ્વાયત્તશાસન સઘળા પક્ષોને સંમત છે એમ જણાવ્યું છે તેથી આશ્ચર્ય થાય છે. રાષ્ટ્રીય પક્ષે મધ્યપંથી પક્ષનું મન રાખવા માટે સભ્યસમિતિમાં ઔપનિવેશિક સ્વાયત્તશાસનના ઠરાવ પર વિરોધ નોંધાવ્યો નથી એ વાત ખરી, પણ એ પ્રકારના સ્વાયત્તશાસનમાં તેઓ પ્રથમથી જ શ્રદ્ધા રાખતા નથી અને તેને સ્વરાજ્ય શબ્દથી સંબોધવા સંમત નથી. અસંપૂર્ણ સ્વરાજ્ય અધીનતાના દોષથી દૂષિત થવાને કારણે સ્વરાજ્ય એ નામને અયોગ્ય છે; એ પ્રકારના સ્વાયત્તશાસનથી અંગ્રેજ ઉપનિવેશના અધિવાસીઓ પણ અસંતુષ્ટ છે; એ અસંતોષને કારણે યુક્ત સામ્રાજ્ય (imperial Federation) અને સ્વતંત્ર સૈન્ય અને નૌકા સૈન્યને ઊભાં કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

તેઓ અધીન રહીને બ્રિટિશ સામ્રાજ્યની અંદર રહેવા ઈચ્છતા નથી, સામ્રાજ્યના સમાન હક્ક ધરાવનારા ભાગીદાર થવાને પ્રયત્નશીલ છે. જ્યારે એક તાજી જ જન્મેલી અલબ્ધપ્રતિષ્ઠ અને જેનું નામ ખ્યાતિમાં આવ્યું નથી એવી એક શિશુ જાતિમાં આવી મોટી આકાંક્ષા ઉત્પન્ન થવા પામી છે, ત્યારે આપણે જે પ્રાચીન આર્ય જાતિ છીએ તેઓ, જો આવા અસંપૂર્ણ અને રાષ્ટ્રીય મહત્ત્વના વિકાસમાં બિનઉપયોગી સ્વાયત્તશાસનને આપણા મહાન અને ઈશ્વરપ્રેરિત અભ્યુત્થાનના ચરમ અને પરમ લક્ષ્ય તરીકે માનીએ, તો તેને આપણી હીનતા અને ભગવાનની સહાયપ્રાપ્તિ વિષે અયોગ્યતા પ્રગટ કર્યા વિના બીજું શું કહી શકાય?

રાષ્ટ્રીય ધનભંડાર

હુગલીના પ્રાદેશિક સમિતિના અધિવેશનમાં રાષ્ટ્રીય ધનભંડોળનો ફેડરેશન હૉલ બંધાવવામાં ખર્ચ કરવો એ જાતનો પ્રસ્તાવ ચર્ચા વગર સ્વીકારાઈ ગયો હતો. પ્રસ્તાવ રજૂ કરનાર હતા મધ્યપંથી દેશનાયક શ્રીયુત સુરેન્દ્રનાથ બન્દોપાધ્યાય અને તેને અનુમોદન આપનાર હતા રાષ્ટ્રીય પક્ષના નેતા શ્રીયુત અરવિંદ ઘોષ. ઠરાવ ચર્ચા વગર ઉત્સાહપૂર્વક પસાર થઈ ગયો હતો. ત્યાર પછી આખા દેશની આકાંક્ષાની ઉપેક્ષા કરીને બીજા પ્રકારનો મત ઊભો કરવાનો પ્રયત્ન કરવો એ દેશહિતેચ્છુને છાજે નહિ. તેમ છતાં 'બૉન્ગોલી' પત્રિકામાં એક જણે પત્ર લખીને પુરાણા સંસ્કારને વશ થઈને ફંડના દાતાઓને ખોટે માર્ગે દોર્યા છે. તેમણે જણાવ્યું છે કે હુગલીમાં એકઠા થયેલા દેશનાયકો અને પ્રતિનિધિઓએ ચર્ચા વિના અને માત્ર ક્ષણિક ઉત્તેજનાને વશ થઈને આ ઠરાવ પસાર કર્યો છે. ઉક્ત ભંડોળ કપડાંના વણાટકામને માટે એકઠું કરવામાં આવ્યું છે, તેનો બીજી રીતે ખર્ચ કરવામાં આવે તો ફંડના ટ્રસ્ટીઓ દેશની સમક્ષ વિશ્વાસઘાતના અપરાધના ભોગ થાય. ભંડોળના અર્થનો ફેડરેશનના હૉલના કરતાં રાષ્ટ્રીય વિદ્યાલય કે બૉન્ગોલ ટેક્નિકલ ઈન્સ્ટીટ્યૂટને મદદ કરવામાં વ્યય થાય તો તેમને હિસાબે દેશને લાભ અને રાષ્ટ્રીય અર્થનો સદ્વ્યય થાય. આ કાર્યો જ મહાન છે, ફેડરેશન હૉલનું નિર્માણ એ તો ઘણું નજીવું કામ ગણાય, હૉલ ન હતો ત્યારે આપણને કશી જ મુશ્કેલી નડી નથી અને વળી હૉલ ન બંધાય તો થોડો વખત ચાલી શકે. પ્રથમ, વણાટકામના ઉદ્યોગ સિવાય અન્ય ઉદ્દેશે તેનો ખર્ચ જો વિશ્વાસઘાત ગણાય, તો લેખક મહાશયે રાષ્ટ્રીય વિદ્યાલય કે ટૅક્નિકલ ઈન્સ્ટીટ્યૂટની વાત શાથી કરી છે? આથી શું એમ સમજાતું નથી કે બીજા ઉદ્દેશને માટે તેમને મતે

અપરાધ નથી, પરંતુ ફંડનો તેમને અમાન્ય ઉદ્દેશે વ્યય થવાનો સંભવ જોઈને માત્ર આડખીલી ઊભી કરવાના હેતુથી વિશ્વાસઘાતના અપરાધનું બહાનું તેમણે કાઢયું છે? ટ્રસ્ટીઓ કોની સમક્ષ અપરાધી ગણાશે? દેશનો મત હુગલીમાં વ્યક્ત થયો છે, દેશના પ્રતિનિધિઓએ એ ઉદ્દેશ્યને જ યોગ્ય ઉદ્દેશ્ય ગણીને પોતાના મત આપ્યા છે; એટલે કે, આ પ્રકારના અર્થવ્યયને માટે ટ્રસ્ટીઓ દેશની સમક્ષ અપરાધી નહિ ગણાય. જો તેઓ દાતાઓની વાત આગળ ધરે તો અમે પૂછીએ છીએ કે દાતાઓએ આ ભંડોળમાં ધન આપ્યું છે તે પોતાના ધન તરીકે, પોતાની સંપત્તિ તરીકે આપ્યું છે, કે રાષ્ટ્રીય ધન તરીકે, રાષ્ટ્રીય સંપત્તિ ગણીને તે આપ્યું છે? જો આ ભંડોળ રાષ્ટ્રીય સંપત્તિ ગણાય તો તે અર્થ સમસ્ત બંગદેશના મતાનુસારે ખર્ચાવું ઉચિત ઠરે. અને જ્યારે આખા બંગાળે આ ઉદ્દેશ્યની બાબતે નિર્ણય કર્યો છે, ત્યારે દાતાઓ દેશની વિરુદ્ધમાં મત દઈને તેમાં આડખીલી શા કાજે નાખે? અર્થાત્ અર્થનો આ રીતે વ્યય થાય તેમાં ટ્રસ્ટીઓ દાતાઓની સમક્ષ પણ અપરાધી કરતા નથી. છતાં એક દલીલ કરી શકાય કે કદાચ તેઓ કાનૂનની જાળમાં બંધાયેલા છે, ફંડનો ઉપયોગ બીજા કોઈ ઉદ્દેશ્યે કરી શકાય નહિ; જ્યારે રાષ્ટ્રીય ધનભંડોળ એકઠું થાય ત્યારે તેનો ઉપયોગ કાપડના વણાટકામ વગેરે કાર્યમાં કરવો, એ પ્રકારની જાણ કરવામાં આવી છે. હવે વિચારવાનું એ છે કે વગેરે શબ્દનો અર્થ શો? કાપડનું વણાટકામ ઈત્યાદિ કારુકાર્ય કે કાપડનું વણાટકામ ઈત્યાદિ રાષ્ટ્રીય કાર્ય? જો પછીનો અર્થ કરવામાં આવે તો કાયદાની મુશ્કેલી ટળી જાય. જો ટ્રસ્ટીઓને પોતાની શક્તિને વિષે સંદેહ હોય, તો દાતાઓને એકઠા કરીને બંગાળના પ્રતિનિધિઓના મતાનુસાર તેઓ મત આપે અને એ રીતે ટ્રસ્ટીઓ એ અનુમતિને કારણે સંદેહમુક્ત થઈ શકે. રાષ્ટ્રીય વિદ્યાલય અથવા ટેકિનકલ ઈન્સ્ટીટ્યૂટને માટે ફંડનો ઉપયોગ કરવાને વિષે અનેક કારણે મતભેદ થવો સંભવે. વળી કાપડના વણાટકામના ઉદ્યોગમાં તેનો ખર્ચ કરવો જરૂરી નથી, કારણ કે વણાટકાર્યમાં પૂરતી ઉન્નતિ થઈ છે અને તેનું બાકી રહેલું કામ વ્યક્તિગત પ્રયાસ કે સમૂહગત કારોબાર દ્વારા જ સંપન્ન થઈ શકે છે. બીજી બાજુ ફેડરેશન હૉલનું નિર્માણકાર્ય ક્ષુદ્ર કે નિષ્પ્રયોજનીય કાર્ય ગણી શકાય નહિ. અત્યાર લગી આવું મકાન ન હોવાથી બધાંને સત્યભંગ થવું પડયું છે અને કંઈ કરતા નથી એવો આક્ષેપ વહોરવો પડયો છે, અને વળી તેને અભાવે ઘણી અસુવિધા પણ વેઠવી પડી છે. બંગાળના જીવન કેન્દ્ર રૂપ કલકત્તામાંથી જે અવાજ ઊઠે છે તેનો પડઘો આખા દેશમાં પડે છે; અને તેને લઈને આખો સમાજ ઉત્સાહિત બને છે, કર્તવ્યપાલનમાં શક્તિશાળી થાય છે. આંદોલનની શરૂઆતથી આ અનુભવ થતો આવ્યો છે. કલકત્તાની નીરવતાને પરિણામે દેશ નીરવ થઈ

જાય છે, ઉત્સાહહીન બને છે. અર્થાત્ સંપૂર્ણ સ્વાધીન ભાવે એકત્રિત થવાના સ્થાનનો અભાવ કોઈ સાધારણ અભાવ નથી. આ પ્રકારના સ્થળે સમસ્ત બંગાળના અભીપ્સિત ઉદ્દેશ્યને અનુસરીને રાષ્ટ્રીય ધનભંડોળનો ખર્ચ કરવો એ ઉચિત તેમ જ પ્રશંસનીય છે.

સર ફિરોજશાહ મહેતાનો બૉયકોટ અનુરાગ

અત્યાર લગી અમે એવું ધારતા હતા કે સર ફિરોજશાહ મહેતા હમેશને માટે બૉયકોટના વિરોધી છે, સ્વરાજમાં અનાસ્થાવાળા છે. આ પ્રકારની ધારણા તેમનાં આચરણ અને વક્તવ્યોને આધારે બંધાઈ અને પુષ્ટ થઈ હતી. આટલા સમય પછી તેઓના હૃદયમાં બૉયકોટ પ્રત્યે અનુરાગનો પ્રબળ વહ્નિ જવલી રહ્યો છે અને સ્વરાજ પર તેમના પ્રેમની સતત અસલ ધારા તેમની શિરાએ શિરાએ વહી રહી છે અને લાંબા સમયથી વહેતી આવી છે એ સાંભળીને અમે દિગ્મૂઢ થઈ ગયા, અમારાં રુવાડાં ખડાં થઈ ગયાં. આ પ્રકારના અદ્ભુત સમાચાર 'બૅન્ગોલી' પત્રિકાએ પ્રગટ કર્યા છે. લાહોરમાં સર મહેતા મધ્યપંથી મહાસભાના સભાપતિ તરીકે ચૂંટાયા હતા તે જાણીને બધાં અંગ્રેજી દૈનિક પત્રો, જેવાં કે 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા', 'સ્ટેઈટ્સ મૅન', 'ઈંગ્લિશમૅન', 'ડેઈલિ ન્યૂઝ' ખુશખુશાલ થઈ ગયાં હતાં; અને તેમને માટે આ કંઈ ઓછા ગૌરવની વાત નહોતી. 'બૅન્ગોલી'માં આમ તો બધું જ સાચું આવે, પણ 'ઈંગ્લિશમૅન'ના આનંદથી સહયોગી વિપરીત ભાવે અધીરા બનીને સર ફિરોજશાહ મહેતા બૉયકોટ અને સ્વરાજના વિરોધી નથી એવું પુરવાર કરવાનો પ્રયત્ન કરી રહ્યા છે. સહયોગીએ જણાવ્યું છે કે કલકત્તાના અધિવેશનમાં બૉયકોટના ઠરાવને સર મહેતાએ ઉત્સાહ અને આનંદપૂર્વક અનુમોદન આપ્યું હતું, દાદાભાઈના મોંમાંથી સ્વરાજ શબ્દ નીકળતાં જ તેઓએ આનંદથી પ્રફુલ્લિત થઈને તેનું સમર્થન કર્યું હતું. સાંભળીને અમે ખુશ થયા અલબત્ત, પણ અભાગિયા મનના દોષે દુષ્ટ સંદેહને ટાળી શકયા નહીં. મનમાં આવે છે એકવાર મદ્રાસમાં તેમ જ અમદાવાદમાં સ્વદેશીના ઠરાવને પ્રસંગે મહેતા મહાશયનો એ તીવ્ર ઉપહાસ! મનમાં આવે છે કલકત્તાના અધિવેશનમાં સ્વદેશીના ઠરાવમાં "સ્વાર્થત્યાગ કરીને પણ" એ શબ્દો ઉમેરવા માટે બે કલાક લગી ટિળકનો ઉત્કટ પ્રયત્ન, મહેતાના ક્રોધ અને તિરસ્કાર, ગોખલે અને માલવિયાની મધ્યસ્થ વૃત્તિ, અને જયારે ઠરાવમાં એ શબ્દો ઉમેરવાનું ઠર્યું ત્યારે મહેતાનું અભિમાન અને તેમની નીરવતા! મનમાં આવે છે સુરતની સભાના ભંગ વખતે તેમના આનંદની અભિવ્યક્તિ! મનમાં આવે છે તેમના

પત્રમાં બંગાળનું અપમાન અને મદ્રાસમાં બૉયકોટનો ત્યાગ ! મનમાં આવે છે ઔપનિવેશિક સ્વરાજ દૂરનું એક સ્વપ્નમાત્ર છે એવો તેમનો અભિપ્રાય ! ના, ના, અભાગિયું મન કેમે કર્યું 'બૉન્ગોલી' ના શુભ સંમાચારમાં વિશ્વાસ મૂકવા સંમત થતું નથી ! અમે નમ્ર ભાવે સહયોગીને તેમની વાતના સમર્થનમાં થોડાં પ્રમાણ આપવા વિનંતી કરીએ છીએ; નહિ તો આવા સાવ જૂઠાણા અને અવિશ્વાસયોગ્ય વાતના પ્રચારથી મધ્યપંથીઓને શો લાભ થયો, તે સમજાતું નથી.

કન્વેન્શનના સભાપતિની વરણી

મહેતા મહાશય લાહોરના કન્વેન્શનમાં સભાપતિ તરીકે ચૂંટાવાના છે એ વાત જાણી હતી. બંગાળની બહાર શ્રીયુત સુરેન્દ્રનાથ મધ્યપંથીઓમાં મધ્યપંથી તરીકે ગણાતા નથી; તેમને છોડી દેવાથી બંગાળને છોડી દેવાયું ગણાશે એમ માનીને એકાએક તેમણે તેમને સ્થાન આપ્યું છે. તેમની દુર્દશા જોઈને દયા પણ આવે છે : સુરેન્દ્રનાથને નથી રાખી શકતા, નથી કાઢી શકતા ! પોતાની જ્વલંત વક્તૃતા, તેજસ્વિતા અને સ્વદેશપ્રેમના ગુણને લઈને સુરેન્દ્રનાથ ઉદાર-મતવાળાઓમાં તેમ જ દેશ પર પ્રગાઢ પ્રેમ ધરાવનારાઓમાં અસાધારણ પ્રતિષ્ઠા પામ્યા હતા; એ પ્રતિષ્ઠા ચાલી જતી લાગે છે. બિનસાહસિક બાંધવોની ખોટી સલાહને લઈને આખા ભારતવર્ષના પૂજ્ય દેશનેતા એક નજીવા પ્રાદેશિક દળની નેતાગીરીમાં પરિણમે છે. એક બાજુ સર ફિરોજશાહ મહેતા કન્વેન્શનનું અનુપયુક્ત આધિપત્ય પામીને બનાવટી કૉન્ગ્રેસ દ્વારા બૉયકોટનો ત્યાગ કરાવીને અને શાસનસંસ્કાર સ્વીકારાવીને, રાજપુરુષો તરફની ભક્તિની માત્રા વધારવા તેમ જ રાષ્ટ્રીયતાનો હ્રાસ કરવા તત્પર થયા છે. આને કારણે બંગાળના મધ્યપંથીઓ કદાચ અસંતુષ્ટ થાય. એમાં કન્વેન્શનના રાજાને શું ? બંગાળ તરફ તેમની અવજ્ઞા અને વિદ્વેષ ઊંડાં છે, બંગાળના પ્રતિનિધિઓ કન્વેન્શનનો ત્યાગ કરે તોય તેઓ પોતાના નિર્દિષ્ટ માર્ગનો ત્યાગ કરશે નહિ. સ્વરાજ, બૉયકોટ, રાષ્ટ્રીય શિક્ષણ અને બંગભંગના વિરોધ સાથે તેમના પક્ષને કોઈપણ આંતરિક સહાનુભૂતિ નથી; આ સઘળા ઠરાવો ઊડી ગયા એટલે તેઓ ફાવ્યા. તેમને જોઈએ છે મિન્ટો સ્વદેશી, નહિ કે સ્વાર્થ-ત્યાગમૂલક સ્વદેશી. આ સ્થિતિમાં બંગાળના મધ્યપંથીઓને ધીરે ધીરે કાં તો પોતાના સઘળા રાજનૈતિક મતો મહેતાના શ્રીચરણમાં અર્પવાની ફરજ પડશે, કાં તો કન્વેન્શનમાંથી તેમણે ખસી જવું પડશે. યુક્ત મહાસભા તેમના આત્મ-રક્ષણનો એક માત્ર ઉપાય છે; પરંતુ મહેતાની વિરુદ્ધ જઈને સાહસપૂર્વક

પોતાની વાત જણાવીને યુક્ત મહાસભાની સ્થાપનાનો પ્રયત્ન કરવો એવી તાકાત કોનામાં છે? ગમે તેમ હો પણ આ સભાપતિની વરણીને લઈને અમારો માર્ગ વધુ ચોખ્ખો થયો છે. મહેતા મજલિસમાં અમારું સ્થાન નથી, યુક્ત મહાસભાની આશા વધુ ક્ષીણ થતી જાય છે, હવે આપણો માર્ગ જોવાનો સમય છે. વર્ષ પૂરું થાય તે પહેલાં જ રાષ્ટ્રીય પક્ષની વિચારિણી સભાની સ્થાપના અને તેનું સંમેલન જરૂરી છે.

ધર્મ
સંખ્યાંક, ૭
આસો, ૧૮, ૧૩૧૬

ગીતાનું પ્રમાણ

લંડનમાં રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનની બાબતમાં ગીતાનો આશરો લઈને એક અદ્‌ભુત અને રહસ્યમય યુક્તિ જણાવવામાં આવી છે. અધિવેશનને સહાય કરનારાઓ આ પ્રકારના અધિવેશનમાં ખરા ફળનો સંભવ ન જણાયાથી દેશબાંધવોને ગીતોક્ત નિષ્કામ ધર્મ અને સિદ્ધિ તેમ જ અસિદ્ધિની બાબતમાં સમતા ધારણ કરવાનું જણાવે છે. લંડન અધિવેશન આપણું કર્તવ્યકર્મ થયું, માટે તેના ફલાફલનું વિવેચન કર્યા વગર કર્તવ્યકર્મ પાર પાડવું ઉચિત ગણાય. રાજનીતિના ક્ષેત્રમાં ધર્મનું પ્રમાણ અને ગીતાની વાતો જોઈને અમે ખુશ થયા અને 'કર્મયોગી' તેમ જ 'ધર્મ' પત્રિકાના પ્રયત્નનું ફળ આવ્યું છે તે જોઈને આશા બંધાઈ. પણ સાથે સાથે ગીતાની આવી વ્યાખ્યામાં શરૂમાં જ દોષ ઘૂસી જવાની સંભાવના જોઈને શંકા પણ થઈ. કર્તવ્યપાલનની વેળાએ ઉપાયની પસંદગીમાં પરિણામ વિષે વિચાર ન કરવાની વાતમાં અને ઉદ્દેશ્યની સિદ્ધિને વિષે ઉદાસીનતા રાખવી એવો ગીતાના સમતાવાદનો તેમ જ નિષ્કામ કર્મવાદનો ઉદ્દેશ નથી. પ્રથમ નક્કી કરવું જોઈએ કે આપણો ઉદ્દેશ્ય કયો છે; ત્યાર પછી ધીર ભાવે સિદ્ધિ ન મળતાં વિચલિત થયા વગર કર્તવ્ય પાર પાડવું એ ધર્મને માન્ય માર્ગ છે. લંડનમાં અધિવેશન આપણું કર્તવ્યકર્મ છે કે નહિ તેને લઈને જ વાદવિવાદ છે; એ પ્રશ્નની મીમાંસા કરતી વખતે પરિણામનો વિચાર છોડી દઈ શકાય નહિ. કર્તવ્યનો નિર્ણય કરતી વખતે બે સ્વતંત્ર બાબતોનો વિચાર કરવો જરૂરી છે: પ્રથમ ઉદ્દેશ્ય, બીજું ઉપાય. મુખ્ય ઉદ્દેશ્ય ધર્માનુમોદિત હોય, ધર્મનું આવશ્યક અંગ હોય, તો પછી પરિણામનો વિચાર જરૂરી નહિ; એ

આપણે માટે સ્વધર્મ બને છે, એ ધર્મનું પાલન કરતાં મૃત્યુ આવે તોય શ્રેયસ્કર છે અને એનો ત્યાગ કરીને પરધર્મનું પાલન મહાપાપ થાય. દાખલા તરીકે, સ્વાધીનતા પ્રાપ્ત કરવા માટેનો પ્રયત્ન, પોતાના અધિકાર મેળવવાનો પ્રયત્ન, દેશનું હિત સાધવા માટેનો પ્રયત્ન, રાષ્ટ્રનો મુખ્ય ધર્મ ગણાય, દેશના પ્રત્યેક કર્મ કરનાર સંતાનનો સ્વધર્મ ગણાય; એ સ્વધર્મનું પાલન કરતાં પ્રાણનો ત્યાગ કરવો પડે તોય તે શ્રેયસ્કર થાય. પણ સાથે સાથે પોતાના ધર્મનો ત્યાગ કરીને શૂદ્રોચિત પરાધીનતા અને દાસના સ્વભાવને સુલભ એવી સ્વાર્થપરાયણતા મહાપાપ ગણાય; પરંતુ ઉપાય માત્ર ધર્માનુમોદિત હોય તોય ન ચાલે, તે ઉદ્દેશ્યની સિદ્ધિને ઉપયુક્ત હોવો જોઈએ. આ પ્રમાણે સ્વધર્મના અંગસ્વરૂપ જે કર્તવ્યકર્મ હોય તેના સમાધાન માટે ધર્માનુમોદિત અને ઉપયુક્ત ઉપાય પ્રયોજવામાં ઉત્સાહપૂર્વક કર્તવ્યની સિદ્ધિને માટે પ્રયત્ન કરવા છતાં જો સિદ્ધિ પ્રાપ્ત ન થાય, તો અસિદ્ધિથી વિચલિત થયા વગર પ્રાણત્યાગ પર્યંત વારંવાર બધી રીતના ઉપયુક્ત અને ધર્માનુમોદિત ઉપાય કરવામાં કર્તવ્યપાલનનો દૃઢ પ્રયત્ન,—આને ગીતોક્ત સમતા અને નિષ્કામ કર્મ કહેવાય. આમ ન થાય તો ગીતાનો ધર્મ, કર્મીનો ધર્મ, વીરનો ધર્મ, આર્યનો ધર્મ ન થતાં કાં તો તામસિક નિશ્ચેષ્ટાને પોષનારું શિક્ષણ બને છે, કાં તો અપરિણામદર્શી મૂર્ખનો ધર્મ બની જાય છે. કર્મનાં ફળમાં આપણો અધિકાર નથી, કર્મનું ફળ ભગવાનના હાથમાં છે; આપણો અધિકાર માત્ર કર્મમાં જ છે. સાત્ત્વિક કર્તા અનહંવાદી અને ફળની આસક્તિરહિત હોય છે, પણ દક્ષ અને ઉત્સાહી હોવો જરૂરી છે. તે જાણે છે કે તેની શક્તિ ભગવાને દીધેલી છે અને તે મહાશક્તિસંચાલિત છે, તેથી જ તે અનહંવાદી છે; તે જાણે છે કે ફળ પહેલેથી ભગવાને નિર્દિષ્ટ કરેલું છે, તેથી તે ફળની આસક્તિ વગરનો છે. પણ સાથે સાથે દક્ષતા, ઉપાય નક્કી કરવામાં હોશિયારી, ઉત્સાહ, દૃઢતા, એ સઘળાં અદમનીય ઉદ્યમશક્તિનાં સર્વોચ્ચ અંગો છે, એ પણ તે જાણે છે, અને તેને લઈને તે દક્ષ અને ઉત્સાહી છે. ગીતામાં રહેલું ગભીર ચિંતન અને તેના શિક્ષણનો ખરો અર્થ હૃદયંગમ કરવો હોય તો સૂક્ષ્મ વિચારની જરૂર છે. નહિતર બે એક શ્લોકના નિરાળા અને વિકૃત અર્થ ઘટાવ્યે ભ્રમાત્મક શિક્ષણ પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં તેમ જ કર્મમાં અધોગતિ થાય છે.

લંડન અધિવેશન અને યુક્ત મહાસભા

આપણે જોયું કે ગીતામાં જણાવેલા સમતાવાદ પર લંડનનું અધિવેશન પ્રતિષ્ઠિત થઈ શકે નહીં. બીજી એક દલીલ રજૂ કરવામાં આવે છે. એમાં પરિણામનો વિચાર તજાયો નથી હોતો. અધિવેશનના સમર્થકો જણાવે છે કે કોઈ પણ ફળ મળો કે ન મળો, પણ લંડનમાં યુક્ત મહાસભાની સ્થાપના થશે. લાહોરમાં એ આશા રાખવી ફોકટ ગણાય; લંડનમાં જ આખા દેશની આશા અને આકાંક્ષા ફળીભૂત થશે. અને, અલબત્ત, વાત સાંભળતાં તો સુખ ઉત્પન્ન કરનારી છે. આનો કોઈ છેડો હોત તો અમે પણ લંડન અધિવેશનના પક્ષપાતી થાત. અમે પણ જાણીએ છીએ કે લાહોરમાં યુક્ત મહાસભાની સ્થાપનાની કોઈ આશા નથી, અને એવી આશા કદાપિ સેવી પણ નથી. પરંતુ આખા દેશની આશા અને આકાંક્ષાનો દેશમાં જ સફળ કરવાનો ઉપાય ન હોય, તેનાં ચિહ્ન ન હોય, તો પછી દૂર દૂરના દેશમાં, પરદેશમાં, એ આશા અને આકાંક્ષા સફળ થશે, એવી અદ્‌ભુત યુક્તિની યાથાર્થ્યતાને વિષે અમને પ્રતીતિ થતી નથી. એવી સફળતાનું શું મૂલ્ય કે તેનું શું સ્થાયિત્વ હોઈ શકે? સમજ્યા કે, મહેતા, ગોખલે અને કૃષ્ણસ્વામી ત્યાં હાજર ન હોય તો યુક્ત મહાસભાનો સમર્થક ઠરાવ સ્વીકૃત થઈ શકે. સમજ્યા કે, તેઓ ત્યાં હાજર હોય તો વિદ્યાર્થીઓના ઉત્સાહથી ઉત્સાહિત થઈને બંગાળના મધ્યપંથીઓ એ રીતનો ઠરાવ સ્વીકારવામાં સાહસ કરે. પણ ત્યાર પછી શું? દેશમાં આવીને તેઓ કયા માર્ગે જશે? જેઓ સ્વદેશમાં રહીને ગોખલે કે મહેતાની સમક્ષ પોતાનો મત પ્રતિષ્ઠિત કરવાના પ્રયત્નમાં શક્તિશાળી નથી, તેઓ ધારો કે પરદેશમાં જઈને સાહસ અને ચરિત્રનું બળ દાખવી શક્યા, પણ સ્વદેશમાં પાછા ફર્યા પછી એ સાહસ અને એ બળ ટકી રહેશે? અને ધારો કે એમ બની શકે, તો પછી દૂર વિદેશમાં ગયા વગર દેશમાં જ યુક્ત મહાસભાની સ્થાપના અસંભવિત શી રીતે ગણાય? મહેતા અને ગોખલે લંડન મહાસભાના ઠરાવ કદાપિ ગ્રહણ કરશે નહિ. અધિવેશનમાં આખા દેશના પ્રતિનિધિઓ હાજર નહોતા, થોડાઘણાની સલાહથી ઘણાના અભિપ્રાયને અવગણીને બંગાળના લોકોની મોટી સંખ્યાને કારણે પ્રસ્તાવો સ્વીકારાયા; વળી કન્વેન્શનના અધિવેશનમાં સ્વીકારાય નહિ ત્યાં લગી અમે સંમત થઈશું નહિ,—આવાં આવાં અનેક બહાનાં ગણાવી શકાય. બહાનાંની શી જરૂર? કન્વેન્શનની નીતિનું મૂળ તત્ત્વ એ છે કે મધ્યપંથીઓ રાજદ્રોહીઓ છે અને બધી પ્રકારની અશાંતિ અને અનર્થનું મૂળ છે: તેમને કઠોર શિક્ષા કરવી એ ગવર્નમેન્ટનું કર્તવ્ય છે. એટલે મહાસભાને તો તેમના સંસર્ગવિહોણી

ન કરાય તો મહાસભાનો નાશ થશે. આ મૂળ તત્ત્વને છોડી દઈને જેઓ ચરમપંથીઓને ફરી વાર મહાસભામાં પ્રવેશ કરાવવા ઈચ્છે છે, તેમનો ઠરાવ અમે સાંભળવાય તૈયાર નથી, એનું શું રાસવિહારી, ફિરોજશાહ અને ગોખલે જણાવશે નહીં? ફિરોજશાહનો મત સર્વવિદિત છે, રાસવિહારી બાબુ સુરતના ભાષણમાં તેમ જ મદ્રાસના ભાષણમાં અને ગોખલે મહાશય પુનાના ભાષણમાં છતા થયા છે. તો પછી શું એવી આશા રાખી શકાય ખરી કે બંગાળના મધ્યપંથીઓ તેમને તજીને સ્વદેશમાં યુક્ત મહાસભા રચશે? જો એવું સાહસ ને એવી દૃઢતા હોય તો દેશમાં યુક્ત મહાસભાનો ઉદ્યમ કેમ તેઓ કરતા નથી? એમ ન હોય તો લંડન જઈને કુશળતાપૂર્વક મુંબઈના નેતાઓને હરાવવાનો પ્રયાસ નિષ્ફળ જશે.

સર જ્યૉર્જ કલાર્કનું સારગર્ભ કથન

સર જ્યૉર્જ કલાર્ક હમણાં પુનામાં જે બોલ્યા તેમાં સારવાળું અને અસાર એવું આશ્ચર્યકારક મિશ્રણ જોવામાં આવે છે. પહેલો મુદ્દો એ હતો કે ભારતમાં હુન્નરઉદ્યોગ અને વાણિજ્યની ઝડપી ઉન્નતિ થશે તો દેશનું સાવ અનિષ્ટ થવાનો સંભવ છે; કારણ કે, શ્રમજીવીઓની સંખ્યા ઘણી ઓછી છે, અને મિલોની સંખ્યા વધારવામાં આવશે તો વારંવાર તાણ પડશે તેમ જ ખેડૂતો જો શ્રમજીવી થશે તો ખેતીની અવનતિ થશે. ખેતીનું પ્રમાણ ઘણું હોવાને કારણે અને હુન્નરઉદ્યોગોનો નાશ થવાથી બ્રિટિશ વાણિજ્યને ઘણો ઉપકાર થયો છે. આ પ્રકારની અસ્વાભાવિક અવસ્થાના ફેરફારને બદલે કલાર્ક આશંકિત થયા છે. અંગ્રેજ રાજનીતિજ્ઞોને માટે આ સ્વાભાવિક અને પ્રશંસનીય છે. પરંતુ આને લઈને ભારતવાસીનું દારિદ્ર્ય અને તેની અવનતિનું પ્રમાણ કંઈક ઘટયું છે; કૃષિની પ્રધાનતાના સંકોચ અને વાણિજ્યના વિસ્તારને કારણે શ્રમજીવીની ઉન્નતિ થઈ છે અને તેમાં દેશનું કલ્યાણ છે. તેમણે એ પણ જણાવ્યું છે કે જો બૉયકોટનો ઉદ્દેશ્ય બંગભંગનો પ્રતિવાદ કરવો એમ હોય તો જાવામાં તેમ જ હિંદુપ્રધાન મોરિશિયસ દ્વીપના રહીશોએ મોકલેલી ખાંડનો ત્યાગ કરવાથી તે ઉદ્દેશ્ય સિદ્ધ નહિ થાય, તેથી કરીને બ્રિટિશ પ્રજાનો જ્ઞાનોદય થવાનો અસંભવ છે. ખરું જોતાં આ વાતથી તેમણે દેશવાસીઓને વિદેશી છોડવાનું તજીને બ્રિટિશ માલ તજવાની સલાહ આપી છે. આ વાત યુક્તિ-સંગત અને સારવાળી છે. અમે પણ કહીએ છીએ કે ભારતવાસીના ઔપનિ-વેશિક તેમ જ ભારતવાસીના સહાયક અમેરિકાનો માલ વર્જ્ય ન ગણતાં, બ્રિટિશ માલને વર્જ્ય ગણવાથી બોયકોટ સફળ થશે; અંગ્રેજ પ્રજાનો જ્ઞાનોદય

થશે, ભારત પર સંમાનભાવ વધશે અને સ્વદેશીની પણ બળવૃદ્ધિ થશે. જ્યાં લગી સ્વદેશી વસ્તુ મળે ત્યાં લગી વિદેશી ચીજ ખરીદવી નહિ, સ્વદેશી ન મળતાં અમેરિકા કે બીજા દેશનો માલ ખરીદવો, અત્યારની પરિસ્થિતિમાં બ્રિટિશ માલ ખરીદવો નહિ,—આ થઈ સ્વદેશી અને બોયકોટની અસલ વાત. કલાર્ક મહાશયે વળી જણાવ્યું છે કે કોઈ પણ પ્રકારના નિશ્ચિત ઉદ્દેશ્ય કે કોઈ વિશેષ દોષ કે કોઈ પ્રતિકૂળતાને લક્ષ્યમાં રાખ્યા વગર ગવર્નમેન્ટનો ગમે તેમ તિરસ્કાર કરવામાં આવે તો તેથી કંઈ ફળ નહિ આવે. ખરી વાત. આપણે વર્તમાન પરિસ્થિતિમાં શા દોષ, શી પ્રતિકૂળતાઓ જોઈએ છીએ, શાનાથી આપણે સંતુષ્ટ થઈ શકીએ, એ રાજપુરુષોને જણાવવું રહ્યું, જો તેઓ તે ન સાંભળે તો પણ તિરસ્કાર ન કરવો, પણ આત્મશક્તિ કેળવીને વિવિધપૂર્વકનો વિરોધ કરવો. કલાર્ક મહાશયની વાતનો આવો અર્થ સમજ્યા છીએ. આશા રાખીએ કે દેશબાંધવો મુંબઈના લાટ સાહેબનો આ બે પ્રકારનો સારગર્ભ અને યુક્તિસંગત ઉપદેશ હૃદયંગમ કરશે.

બંગલક્ષ્મી કોટન મિલ

અમને બંગલક્ષ્મી કોટન મિલની ઑફિસમાંથી એક લાંબો ફરિયાદોવાળો પત્ર મળ્યો છે. સ્થાનને અભાવે આ સંખ્યાંકમાં અમે તે પ્રગટ કરી શકયા નથી. આ વિષે અમારે માત્ર એક વાત જણાવવાની છે. પત્રના લેખકે એવું ઈંગિત કર્યું છે અમે બંગલક્ષ્મીના માલિકોના ઉદ્યોગ તરફ સહાનુભૂતિને અભાવે કેટલીક અપ્રિય નાતોનો સમાવેશ કર્યો છે. કદાચ કોઈ પાઠકની બીજી કોઈ ધારણા ન બંધાય એને લઈને પત્રને છાપતાં પહેલાં જ તે વાતનો અહીં ઉલ્લેખ કર્યો છે. ખરું જોતાં અમારો એવો ભાવ કે ઉદ્દેશ્ય નથી. હુગલીની પ્રાદેશિક સમિતિની બેઠકને વખતે મિલની દુર્દશાની વાત સાંભળી હતી, અને ત્યાર પછી તેનાં કારણોની ભાળ મેળવતાં જે જણાઈ આવ્યું તેનો જ ઉલ્લેખ કર્યો હતો. પત્રમાં મિલની ઉન્નતિ અને તેની પ્રગતિની વાત જાણીને આનંદ થયો. બંગલક્ષ્મી મિલ બંગાળીઓનો પહેલો પ્રયત્ન છે, તેની ઉન્નતિ એ બંગદેશની ઉન્નતિ ગણાય.

વિલાયતમાં આત્મપક્ષ સમર્થન

રાષ્ટ્રીય પક્ષના શ્રદ્ધેય નેતા શ્રીયુત બિપિનચન્દ્ર પાલે હમણાં રાષ્ટ્રીય પક્ષના ભાવિ માર્ગને વિષે પોતાનો અભિપ્રાય દર્શાવ્યો છે. એથી જણાય છે કે વિલાયતમાં પોતાના પક્ષના સમર્થનની બાબતમાં બિપિનબાબુનો મત કેટલેક અંશે બદલાયો છે; પરિસ્થિતિ બદલાય એટલે મત બદલાય એ સ્વાભાવિક છે. ખાસ કરીને જેમ ઉદ્દેશ્યની બાબતમાં અડગ રહેવું જરૂરી છે તેમ ઉપાયની બાબતમાં અડગ રહેવું હમેશાં ડહાપણભર્યું હોતું નથી. ઉપાયને વિષે અમારો મત પણ કેટલેક અંશે પરિવર્તનને પામ્યો છે. છતાં બિપિનબાબુની યુક્તિની યથાર્થતાની બાબતમાં મતભેદ સંભવી શકે છે. તેઓ જણાવે છે કે અંગ્રેજ જાતિ દેવ નથી, સ્તવ અને સ્તોત્રથી ખુશ થઈને તેઓ સ્વર્ગમાંથી હાથમાં સ્વરાજ્ય લઈને ઊતરી પડવાની નથી; બરાબર છે. તેમ છતાં તેઓ સ્વભાવે કરીને અન્યાયના પક્ષપાતી નથી, તેમનામાં વિવેકબુદ્ધિ છે. હાલમાં દમનનીતિના પ્રવર્તનને લીધે ભારતવર્ષમાં રાષ્ટ્રીય પક્ષનો ઉદ્યમ અને તેના પ્રયત્નો ઘણી કટોકટીમાં મુકાઈ ગયા છે અને તેથી તેમાં કંઈ પ્રગતિ થતી નથી; વિલાયતમાં ભારતમાંથી પાછા ફરેલા અંગ્રેજોના ખોટા સમાચારનો વિરોધ કરીને આપણો મૂળ ઉદ્દેશ્ય અને કાર્ય બ્રિટિશ લોકોને જણાવ્યાથી તે વિવેક જાગ્રત થઈ શકે અને દમનનીતિ પણ બંધ થાય. એટલે વિલાયતમાં આ પ્રકારના પ્રચારની વ્યવસ્થા કરવી જરૂરી છે. અમે સ્વીકારીએ છીએ કે અંગ્રેજો દેવતાઓ નથી, પશુ પણ નથી, તેઓ મનુષ્ય છે, તેમનામાં વિવેકબુદ્ધિ છે. પરંતુ અંગ્રેજ પશુ અને સંપૂર્ણ ગુણહીન છે, એવું પણ કોઈ બોલ્યું નથી; આ પ્રકારની ભૂલભરેલી ધારણાને લઈને વિલાયતમાં રાષ્ટ્રીય પક્ષે પોતાના પક્ષનું સમર્થન છોડયું નથી. અંગ્રેજ મનુષ્ય છે; અને મનુષ્ય પોતાના સ્વાર્થને જ સતત યુક્તિપ્રયુક્તિ કરીને ન્યાય્ય ઠરાવે છે, ધર્મયુક્ત ઠરાવે છે, એ રીતે તે ટેવાઈ ગયો છે. અમે બિપિનબાબુને પૂછીશું કે એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે તો સામાન્ય અંગ્રેજ તેની વાતમાં વિશ્વાસ મૂકશે : આપણી કે પોતાના જાતભાઈની વાતમાં ? આને લઈને જ અમે એવા પ્રયત્નોમાં આસ્થા રાખી શકતા નથી. વળી એક બીજી બાબત યાદ રાખવા જેવી છે. નિર્વાસન અને નિર્વાસિત લોકોને વિષે સાચી અને ભૂલ વગરની વાત વિલાયતમાં કૉટન જેવા પાર્લમેન્ટના સભ્યોએ અથાગ મહેનતે પ્રચારમાં મૂકી છે; તેને લઈને ઉદારનીતિવાળા અને રક્ષણશીલ પક્ષોના ઘણાખરા સભાસદો તે વિષે વીતશ્રદ્ધ થયા છે એ ખરું; પણ શું તેઓ કદાપિ નિર્વાસનપ્રથા ઉઠાવી લેશે કે રાજકર્તાઓને નિર્વાસિત થયેલાઓને યુક્ત કરવાને આદેશ આપી શકશે ? હમણાં

બિપિનબાબુ અંગ્રેજોના રાજનૈતિક જીવનને પાસેથી જોઈ રહ્યા છે, તેને લીધે તેમને કેટલુંક જાણવાનું પણ મળશે. તેઓ આ વાતને જણાવે એવી વિનંતી કરીએ છીએ.

ધર્મ
સંખ્યાંક, ૮
આસો, ૨૫, બં. ૧૩૧૬

વિલાયતના દૂત

જેમ ભારતમાં તેમ વિલાયતમાં પણ ઘણા રાજનૈતિક સંપ્રદાયો અને ભિન્ન ભિન્ન મતો અંગ્રેજ જાતિને અનેક પક્ષમાં વિભક્ત કરી રહ્યા છે અને તેના સંઘર્ષને લઈને દેશની ઉન્નતિ કે અવનતિ સધાય છે. કોઈ કોઈ વાર એકાદ સંપ્રદાયના દૂત જેવા કોઈ પ્રખ્યાત પત્રકાર લેખક કે પાર્લમેન્ટના એકાદ સભાસદ આ દેશમાં આવીને, લોકમત તેમ જ દેશની અવસ્થા વિષે કંઈક જાણીને પોતાના દેશમાં પાછા ફરે છે. ભારતના નવજાગરણ અને દેશ-વ્યાપી અશાંતિને પરિણામે ઘણા અંગ્રેજોનું ધ્યાન આપણા તરફ દોરાયું છે; આવી જાણવાની આંકાક્ષા નવીન ઉન્નતિશીલ શ્રમજીવી પક્ષમાં સુસ્પષ્ટ જણાય છે. તેમના પ્રતિનિધિરૂપ મિ. કીર હાર્ડિ આ દેશમાં આવ્યા હતા; વળી તે પક્ષના એક પ્રસિદ્ધ નેતા મિ. રામસે મૅકડોનાલ્ડ એ ઉદ્દેશ્યને લઈને આવ્યા છે. શ્રમજીવી પક્ષમાં નાના નાના ઘણા પક્ષો છે; તેમાંના એક દળના નેતા મિ. મૅકડોનાલ્ડ છે, તેઓ ઘણાખરા મૉડરેટ છે. બીજા એક દળના નેતા મિ. કીર હાર્ડિ છે, તેઓ એવા નરમપંથી નથી. આ ઉપરાંત ચરમપંથી અને સૉશ્યાલિસ્ટ છે, જેઓ કીર હાર્ડિ કે મૅકડોનાલ્ડ વગેરેને સ્વીકારતા નથી. કીર હાર્ડિની માફક મૅકડોનાલ્ડ ભાષણો કરવાં કે મત પ્રચાર કરવાની ઈચ્છાવાળા નથી. તેઓ સંયત ભાવે પોતાની જ્ઞાનલિપ્સાને તૃપ્ત કરવાને કૃતસંકલ્પ છે. આવા પ્રશંસનીય કાર્યમાં પોતે બધાની મદદ સ્વીકારવા તૈયાર છે. તેમણે એક ફ્રેન્ચ પત્રકારને જણાવ્યું છે : "હું બીજાની સરખામણીમાં ઉન્નતમતાવલંબી હિંદુ સંપ્રદાયના અગ્રગણ્ય મિ. અરવિંદ ઘોષનું વક્તવ્ય સાંભળીને સંતોષ નહિ માનું; મધ્યપંથી દળના મિ. બૅનર્જી અને નરમપંથી મિ. ગોખલેની સાથે મુલાકાત કરવાનું વિચારી રહ્યો છું. બ્રિટિશ શાસનતંત્રના મુખ્ય મુખ્ય કર્મચારીઓ સાથે તેમ જ ગીરસન જેવા, અને મુખ્ય બૅન્કના સંચાલકોની સાથે પણ વાટાઘાટ કરીશ." મિ. રામસે મૅકડો-નાલ્ડે લૉર્ડ મોરલીના શાસનસંસ્કારને ઉદાર ગણીને તેની પ્રશંસા કરી છે

અને ભારતવાસી આ પ્રકારના ઉદાર સુધારાઓને માટે યોગ્ય છે કે નહિ તે પોતે જોવા માગે છે. બે કે ત્રણ માસ ભારતમાં ફરીને ભારતવાસીની યોગ્યતા વિષે મિ. મૅકડોનાલ્ડ પોતે કયા સ્થિર સિદ્ધાંત પર આવશે તે અમે સમજી શકતા નથી. મિ. મૅકડોનાલ્ડ વિલાયતના એક મુખ્ય પ્રજાતંત્રના સમર્થક મનુષ્ય છે; બ્રિટિશ સામ્રાજ્ય પ્રજાતંત્રવાદીના આદર્શ પર પ્રતિષ્ઠિત થવું જોઈએ એવો અભિપ્રાય તેમણે વ્યક્ત કર્યો છે. આવા ઉદારનીતિવાળા મનુષ્યને મોઢે જ્યારે મોરલીના સુધારાઓની ઉદારતા વિષે પ્રશંસા થતી સાંભળીએ છીએ, ત્યારે દેશબાંધવોએ સમજવું જોઈએ કે વિલાયતમાં આંદોલન કરવાની બાબતમાં આપણા પરિશ્રમ અને અર્થવ્યયને અનુરૂપ ફળ મેળવવાનો સંભવ કેટલો દૂર વ્યાઘાતગ્રસ્ત છે.

રાષ્ટ્રીય ઘોષણાપત્ર

આપણા રાજનૈતિક નેતાઓની ગભીર, સૂક્ષ્મ અને અનેક માર્ગે સંચરનારી રાજનૈતિક બુદ્ધિની રહસ્યમય ગતિ હમેશાં સામાન્ય બુદ્ધિવાળા લોકોને ગળે ઊતરતી નથી હોતી. સાતમી ઑગસ્ટે કૉલેજ સ્કૅવરમાંથી સરઘસ શરૂ થવાની બાબતમાં ગરબડ થઈ હતી. કૉલેજ સ્કૅવરના નામથી નેતાઓ એટલા બી ગયા હતા કે તે દિવસે સભાપતિ પોતાનું પદ છોડવા તૈયાર થયા હતા. એકાએક પાન્તિ પાઠમાંથી સરઘસ કાઢવાની વ્યવસ્થા કરવામાં આવી. તેમ છતાં ઘણા થોડા લોકો ત્યાં હાજર રહ્યા, ઘણાખરા કૉલેજ સ્ક્વેરના સરઘસમાં જોડાવા ગયા અથવા પોતપોતાને ઠેકાણેથી નાનાં નાનાં સરઘસો કાઢીને સભાને સ્થળે ઉપસ્થિત થયા. આથી કરીને ૭મી ઑગસ્ટના સરઘસનું ગૌરવ ઘટી ગયું અને સામા પક્ષના લોકોને ઉત્સાહ અને બૉયકોટમાં તેમને જે અલ્પતા જણાતી હતી તે વિષે લખવાની તક મળી. આ વખતે કાર્યકર્તાઓએ તે બીક જીતી લીધી છે. આસોની ત્રીસમીની જાહેરાત પ્રમાણે કૉલેજ સ્ક્વેરમાંથી સરઘસ નીકળવાની વાતનો ઉલ્લેખ છે. પણ તે જાહેરાતમાંથી રાષ્ટ્રીય ઘોષણાપત્રના પાઠની વાત પડતી મુકાઈ છે. ગયા વર્ષની જાહેરાતમાં હતું કે, "સભામાં સ્વદેશી મહાવ્રત-ગ્રહણ, વિદેશીવર્જન, બંગભંગનો પ્રતિવાદ અને રાષ્ટ્રીયઘોષણાપત્રનો પાઠ થશે." આ વખતે એ પાઠમાં ફેરફાર થયો છે: "સભામાં વિદેશી વર્જનપૂર્વક સ્વદેશી મહાવ્રતગ્રહણ અને બંગભંગનો પ્રતિવાદ થશે." કાર્યકર્તાઓ "રાષ્ટ્રીય" શબ્દથી, કે "ઘોષણા" શબ્દથી, કે પછી ઘોષણાપત્રના મર્માર્થિને લીધે બી ગયા લાગે છે, એ સમજાતું નથી. શ્રીયુત રાસવિહારી બસુએ ફૅડરેશન હૉલની ભૂમિ પર પ્રથમ આ ઘોષણાપત્ર

વાંચ્યું હતું: "જે કારણે સમગ્ર બંગાળી પ્રજાની સાર્વજનિક આપત્તિનો અસ્વીકાર કરીને ગવર્નમેન્ટે બંગાળને બે ભાગમાં વહેંચવાનું ઠરાવ્યું છે, તેને લઈને અમે બંગાળના લોકો જાણ કરીએ છીએ કે આ ખંડિત કરવાની નીતિનું દુષ્ટ ફળ નિવારવા અમે રાષ્ટ્રીય એકતાનું સંરક્ષણ કરવાના સંકલ્પથી અમે અમારી સઘળી શક્તિ વાપરીશું. ઈશ્વર અમને સહાય કરો."

અમે પૂછીએ છીએ કે આમાં એવી કઈ ભીષણ રાજદ્રોહસૂચક વાત સમાયેલી છે કે ૩૦મી આસોના ભાવસૂચક અને સમસ્ત બંગાળની પ્રતિજ્ઞાને વ્યક્ત કરતો ઘોષણાપત્ર એકાએક પડતો મૂકવામાં આવ્યો? અથવા તો મોરલી અને મિન્ટોના મનને ખુશ કરવાને આ પ્રકારના નવા ઉત્થાન પામેલા રાષ્ટ્રીય ભાવને તોડવાનું જરૂરી ગણાયું? અમે બંગભંગનાં માઠાં પરિણામનું નિવારણ કરીશું, રાષ્ટ્રીય એકતાનું સંરક્ષણ કરીશું, આ પવિત્ર કર્તવ્ય કર્મમાં અમારી સઘળી શક્તિ યોજીશું, — જો આ પ્રકારની જાણ કરવા પૂરતું સાહસ પણ ખેડી શકતાં ન હોઈએ, તો પછી સાતમી ઑગસ્ટ અને ત્રીસમી આસોનો કાર્યક્રમ બંધ કરી દેવો જોઈએ. જો આટલું પણ બળ અને સાહસ ન હોય તો રાષ્ટ્રીય જાગૃતિ અને ઉન્નતિના પ્રયત્નો નિષ્ફળ ગયા સમજવા, અને તે માટે નાહકનો બાહ્ય આડંબર કરવો એ કેવળ મિથ્યાચાર ગણાય. સામાન્ય જનતાની સલાહથી આ ફેરફાર થયો નથી, સામાન્ય જનતા રાષ્ટ્રીય ઘોષણાનો બૉયકૉટ કરવા સંમત થાય નહિ. અમે સૌને જણાવીએ છીએ કે જો આ ભૂલને સુધારવામાં ન આવે તો ત્રીસમી આસોએ ઘોષણાનું વાચન કરવાનું હજારોના બુલંદ અવાજે જણાવવું, તેમ છતાં પણ જો નેતાઓ તેમાં સંમત ન થાય તો સમજી લેવું કે બધી જવાબદારી તેમની છે.

કૃષ્ણ મિલની ખોટી અફવા

કેટલાક દિવસથી કૃષ્ણ મિલની વિરુદ્ધમાં એવી અફવા ફેલાઈ છે કે એ મિલનું કાપડ સ્વદેશી નથી, વિદેશી કાપડ પર સ્વદેશીની છાપ મારીને એ બજારમાં મૂકવામાં આવ્યું છે. અમે મિલના કરતા કારવતાઓને જાણીએ છીએ, તેઓ સામાન્ય સ્વાર્થાંધ વહેપારીઓ નથી, ઘણી નિષ્ઠાવાળા ધાર્મિક લોકો છે. તેમના અંતરનો સ્વદેશપ્રેમ અને સ્વદેશને માટે નિ:સ્વાર્થ પરિશ્રમ અનુપમ છે. સ્વદેશના કલ્યાણને અર્થે તેઓ પોતાની બધી શક્તિ વાપરી રહ્યા છે, તેમનો એકમાત્ર વિચાર સ્વદેશ છે, સ્વદેશને માટે ગમે તેવું કરી છૂટે તેવા છે, તેમના ધંધાના નફાનો ઘણો ભાગ સ્વદેશના કલ્યાણને કાજે

ખર્ચી રહ્યા છે. આવા લોકોને નામે આવી વિચિત્ર અફવા બંગાળીઓ કરી રહ્યા છે એ સાંભળીને અમે શરમિંદા પડી ગયા, અમને મર્મમાં આઘાત થયો. વધારે પડતું જે કાંઈ તે સંપૂર્ણ ફોકટ અને મૂળ વગરનું હોય છે. સમાચાર પત્રમાં એક જણે આ પ્રકારની વાત તરતી મૂકી એટલે મિલના મૅનેજરે ઉત્તરમાં આક્ષેપ કરનારને પોતાની ઈચ્છા મુજબ કોઈ પણ તપાસ કરવા જણાવ્યું અને એમ કરતાં તેની ખાતરી થવાને કારણે તેણે પોતાનો આક્ષેપ પાછો ખેંચી લીધો. અમે આશા રાખીએ છીએ કે જે દૈનિક પત્રો ભ્રમને વશ થઈને આ ખોટી વાતની પુનરુક્તિ કરી રહ્યાં છે તેઓ પણ ખરી વાતની જાણ થતાં પોતાની વાતને પાછી ખેંચી લેશે. ત્યાર પછી આ બાબત પતી જતાં વળી બીજી એક વાત તરતી મુકાઈ છે. કૃષ્ણ મિલનું સૂતર વિલાયતી છે, એટલે તેના કાપડનો બહિષ્કાર કરો. અમે પૂછીએ છીએ કે તમે કદાપિ એમ કહ્યું છે કે અમે જાડા કાપડ સિવાય ઝીણું કાપડ પહેરીશું નહિ, વિલાયતી સૂતરનું કાપડ વાપરીશું નહિ. તમે એમ જણાવ્યું નથી કે સાંભળવા પ્રમાણે ઝીણું સ્વદેશી કાપડ મળતું નથી તો અમે જાડું કાપડ પહેરીશું, ઝીણું સ્વદેશી કાપડ મળશે ત્યારે તે પહેરીશું. તમે જણાવેલું કે સ્વદેશી સૂતર પૂરતા પ્રમાણમાં મળતું નથી, વિદેશી સૂતરનું વણેલું કાપડ કે સ્વદેશી મિલના કાપડને સ્વદેશી માનીને વાપરીશું. વણકરો વિદેશી સૂતર વાપરીને સાળ ચલાવવા લાગ્યા, કૃષ્ણ મિલે અને તાતાની મિલે વિદેશી સૂતરનું ઝીણું કાપડ તૈયાર કરવા માંડયું અને તમે પણ તે ખરીદવા લાગ્યા. કૃષ્ણ મિલના કરતાકારવતાઓએ વિલાયતી સૂતરને બદલે અમેરિકા કે જાપાનના સૂતરની આયાત કરવા ઘણા પ્રયાસો કર્યા, પણ એ પ્રકારનું સૂતર ન મળવાને કારણે વિલાયતી સૂતર વાપરવાની તેમને ફરજ પડી. તેઓ બંગાળની તરફ મીટ માંડીને સ્વદેશી ચલાવે છે, હજુ પણ તેમ કરવા તૈયાર છે. જો તમે એવો સંકલ્પ કરો કે વિલાયતી સૂતરનું કાપડ પહેરીશું નહિ, તો એ પ્રકારનો તેમને આદેશ કરો; તેઓ જાડું કાપડ તૈયાર કરશે. પરંતુ જેઓ તમારી આજ્ઞાને માથે ચડાવીને કામ કરી રહ્યા છે, તો તમારી આજ્ઞાના પાલનના બદલામાં દંડ દેવો અને તેમના તૈયાર કાપડનો બહિષ્કાર કરવો એ અન્યાય ગણાય, કૃતઘ્નતાસૂચક પગલું થાય. બીજી એક વાત. હવે જ્યારે કેવળ સ્વદેશી સૂતર વાપરીને ભારતમાં વસ્ત્રો વણવાં અસંભવ જણાતું હોય ત્યારે સ્વદેશીની એ પ્રકારની વ્યાખ્યા કરવી સ્વદેશીનું જ મૃત્યુ ગણાય. આ બાજુ વિલાયતીની ધૂમ આયાત થઈ રહી છે, બંગાળમાં વિલાયતીનું વેચાણ વધી રહ્યું છે. આવે વખતે આ પ્રકારનું બુમરાણ મચાવવું બુદ્ધિમાનનું કાર્ય નથી. વિલાયતીનું વેચાણ બંધ કરો,

સ્વદેશીના વેચાણનું પ્રમાણ વધારો, અને પછી સ્વદેશીના હિતાહિતનો વિવેક કરીને વિલાયતી સૂતરને બંધ કરવા કટિબદ્ધ થાઓ.

ધર્મ
સંખ્યાંક, ૯
કારતક, ૧, બં. ૧૩૧૬

રાષ્ટ્રીય ઘોષણાપત્ર

રાષ્ટ્રીય ઘોષણાપત્રનું વાચન થઈ ગયું એ બહુ આનંદની વાત છે. આ દરમિયાન કોઈ વાત ન ઊઠતાં વાદવિવાદ કે મનની હીનતાને કોઈ કારણ આપવા જેવી તક મળી નહિ, એ ખાતર નેતાઓને ધન્યવાદ દઈને વાત પડતી મૂકત. પણ "બૉન્ગોલી" પત્રિકા અમને મિથ્યાવાદી જણાવે છે અને તે કારણે આ બાબતનું ખરું વૃત્તાન્ત સર્વસાધારણની જાણ માટે પ્રગટ કરવાની અમને ફરજ પડી છે. અમારું સહયોગી પત્ર સાચી વાત ગુપ્ત રાખીને એટલું જણાવે છે કે ધર્મમાં પ્રગટ થયેલી વાત સંપૂર્ણ પાયા વગરની છે, એટલે કે અમે મિથ્યા અને કલ્પનામાંથી જન્મેલી વાતનો પ્રચાર કરીને મધ્યપંથી નેતાઓ પર લોકોનો અસંતોષ ટાળવા પ્રયત્ન કરી રહ્યા છીએ. તો ખરી વાત આ રહી અને એ જાણીને તે પર વિચારો. અમે પહેલાં જણાવ્યું છે કે ગયે વર્ષે જે જાહેરાત "રાષ્ટ્રીય ઘોષણાપત્રનું વાચન" કરી હતી તે આ વખતે થશે એમ કહ્યું હતું. આ વખતે જ્યારે વિજ્ઞાપનની બાબતમાં વિચારણા થઈ ત્યારે એક માનાર્હ વ્યક્તિએ "રાષ્ટ્રીય ઘોષણાપત્ર" કાઢી નાખ્યું અને એ રીતે વિજ્ઞાપનપત્ર છપાવવાનો હુકમ કર્યો. ચર્ચાવિચારણાને વખતે આ બાબતે કંઈ વિરોધ બિલકુલ નહોતો થયો તેમ નથી, પરંતુ નેતાઓની વાતની વિરુદ્ધમાં જોરપૂર્વક કહેવાનું કોઈએ સાહસ કર્યું નહિ. નક્કી થયું કે શ્રી સુરેન્દ્રનાથ બન્દોપાધ્યાય, એ. રસુલ, અને રાય યતીન્દ્રનાથ ચૌધરી સહી કરશે. રસુલ સાહેબ રાષ્ટ્રીય ઘોષણાપત્ર છોડી દેવાયું છે એ જોઈને આશ્ચર્ય પામ્યા અને તેમણે આ ભૂલમાં સુધારો ન થાય ત્યાં લગી તેમાં સહી નહિ કરે એ અર્થમાં સુરેન્દ્રબાબુને ઉત્તરમાં જણાવ્યું. એ અરસામાં શ્રી રસુલની સહી સાથે વિજ્ઞાપન પત્ર છપાવવા અને તેને વહેંચવાની શરૂઆત થઈ ગઈ હતી, પણ તેમને ઉત્તર મળતાં તરત જ છપાવવાનું અને વહેંચવાનું બંધ કરવામાં આવ્યું અને શ્રી રસુલના નામને ઠેકાણે શ્રીયુત મોતિલાલ ઘોષની સહી સાથે વિજ્ઞાપનપત્ર

છપાયું અને વહેંચાયું. આ જે કહી રહ્યો છું એ માત્ર સાંભળેલી વાત નથી. તેનો અસ્વીકાર કોઈ કરી શકે એમ નથી, દરેક વાતનાં ચોક્કસ પ્રમાણ છે. ત્યાર પછી શ્રી રસુલ અને શ્રી અરવિંદ ઘોષે રાષ્ટ્રીય ઘોષણાપત્ર એ કાઢી નાખવા નેતાઓ પ્રયત્નશીલ છે એ જાણીને જેમણે વિજ્ઞાપનમાં સહી કરી હતી તેમના પર તેમ જ સભાપતિ શ્રીયુત આશુતોષ ચૌધરી પર નોટિસ કાઢી કે અમે આ વિષે જાહેર સભામાં વિરોધ ઉઠાવીશું અને જેથી કરીને રાષ્ટ્રીય ઘોષણા પત્રનું વાચન કરવાનો આદેશ મળે એવા પ્રયત્નો આદરીશું. આના જવાબમાં શ્રી મોતિલાલ ઘોષે દેવઘરથી એવો ટેલિગ્રામ કર્યો કે જો ગવર્નમેન્ટ મના ન કરતી હોય તો રાષ્ટ્રીય ઘોષણાપત્રનું વાચન કરવા બાબતે સુરેન્દ્રબાબુ અને યતીન્દ્રબાબુએ કોઈ ઉત્તર આપ્યો નથી. સભાપતિ શુક્રવારે કલકત્તા પહોંચ્યા, રાત્રે પત્ર મળ્યો, એટલે તેમનો પણ કોઈ જવાબ મળ્યો નહિ. બુધવારે પત્ર લખાયો હતો, શુક્રવારે શ્રી ગીસ્થતિ કાવ્યતીર્થે કૉલેજ સ્ક્વેર પર રાષ્ટ્રીય ઘોષણાપત્રનું વાચન થશે એવા શુભ સમાચાર જાહેર સભામાં જણાવ્યા. શનિવારે સવારે બૅન્ગોલી પત્રિકામાં અમારી વાત પાયા વગરની છે એવા શુભ સમાચાર વાચકોને જણાવ્યા. આ હકીકત છે. બધા એને વિષે વિચારે.

ત્રીસમી આસો

ત્રીસમી આસોના સમારંભની વાત જાણીને દેશભાઈઓને આનંદ થયો હશે, અને વિરોધી પક્ષને મનનો ક્ષોભ થયો હશે. આંદોલન બંધ થયું નથી, મુશ્કેલીઓ, ભય, પ્રલોભન વગેરે વટાવીને પૂરી રીતે જીવંત રહ્યું છે, તેનાં બાહ્ય ચિહ્નો બંધ કરો, તેનો નાશ કરો, હૃદયે હૃદયે નવા ભાવ જાગી રહ્યા છે, સ્વરાજલાભથી જ નાશ નહિ પામે, સંતુષ્ટ થઈને બીજા આકાર ધારણ કરશે. વિજાતીય દૈનિકપત્રો લોકોના ઉત્સાહનો અસ્વીકાર કરવા પ્રયત્નશીલ થશે જ, પણ તેમના લેખોમાં પોતાનો ઉત્સાહભંગ વરતાય છે. 'સ્ટેટ્સમૅન'ને કંઈ ન મળ્યું તો શ્રીયુત ચૌધરીના ભાષણમાંથી સાંત્વનારસ ચૂસવાનો પ્રયત્ન કરવા લાગ્યું; કારણ કે તેમણે વિદ્યાર્થીઓને રાજનીતિનો ત્યાગ કરવા જણાવ્યું હતું, પણ વિદ્યાર્થીઓએ ત્રીસમી આસોના સમારંભમાં પૂર્ણ રીતે સાથ આપ્યો હતો એ વિષે તેઓ ચૂપ કેમ છે? લોકો કહે છે કે ગયે વખતે પણ સભામાં આટલી ભીડ નહોતી, લોકોને છેડે બેસવાની પણ જગ્યા નહોતી તેથી ઘણાને ઊભા રહેવું પડયું હતું. પાસેના રસ્તા પર, દીવાલોને ટેકે, છાપરા પર, અગાસીમાં ઠઠ જામી હતી. બધા બંગાળીઓએ દુકાનો બંધ

રાખી હતી, માત્ર મારવાડી અને હિંદુસ્તાની દુકાનદારો પોતાનો લોભ ટાળી શકયા નહોતા, પણ તેમની દુકાને ખરીદનાર ભાગ્યે જ જણાતું, માત્ર દુકાનો ખોલીને બેઠેલા જણાતા. લોકોનો ઉત્સાહ પણ ઘણો હતો. શ્રી સુરેન્દ્રનાથ બન્દોપાધ્યાયને અને શ્રી અરવિંદ ઘોષને સભામાંથી બહાર લાવતાં તે ઉત્સાહની તીવ્રતા અને ગભીરતા પ્રગટ થઈ આવી હતી. જયજયકારનો અને વંદેમાતરમ્‌નો જે સતત ઉદ્‌ઘોષ લાંબા સમય સુધી થયા કર્યો એ નેતાઓને માટે દુષ્પ્રાપ્ય ગણાય. આવા દુર્દિને તેઓ આંદોલનના પ્રતીક સમા થઈને આગળ રાષ્ટ્રીય ધ્વજ લઈને ઊભા રહ્યા હતા, તેને લઈને એ સન્માન હતું. કાલે ધારો કે તેઓ ભગ્નોત્સાહ થયા અથવા તો એ ધજા ધૂળમાં રગદોળાઈ, તો જયજયકારને બદલે ધિક્કારનો ધ્વનિ જાગશે, એ વાતનું નેતાઓ હમેશાં સ્મરણ કરે.

ગવર્નમેન્ટના ગોખલે કે ગોખલેની ગવર્નમેન્ટ

પુનાનો કાંડ અને ગોખલે મહાશયનું પરિણામ જોઈને આખું ભારત અવાક્ થઈ ગયું છે. શ્રીયુત ગોપાલકૃષ્ણ ગોખલેની બુદ્ધિ અને તેમના ચરિત્રથી અમે કદાપિ બીજા દેશવાસીઓની માફક મુગ્ધ હતા નહિ. તેમના સ્વાર્થ-ત્યાગમાં અમે વ્યક્તિગત યશોલિપ્સા અને સંમાનપ્રિયતા તેમ જ ઈર્ષ્યા જોઈને અસંતુષ્ટ હતા, તેમની દેશસેવામાં સાહસ અને ઉચ્ચ આદર્શનો અભાવ જોઈને તેના છેવટના પરિણામને વિષે હમેશાં એક પ્રકારની અપેક્ષા સેવતા. પરંતુ અમે પણ સ્વપ્નેય ધારેલું નહિ કે ભારતવાસીના સંમાન અને પ્રેમના પાત્રના ભાગ્યમાં આટલી બધી અવનતિ થશે. અમે જાણતા હતા કે તેમની જાણીતી ક્ષમાયાચના પછી ગોખલે મહાશય રાજપુરુષોના ઘણા પ્રિય પાત્ર થયા હતા; જ્યારે તેઓ વ્યવસ્થાપક સભામાં તેમની સાથે વાદવિવાદ કરતા, ત્યારે તેમને જોતાં જાણે કે કોઈ ધનવાન ઘરના લાડકવાયા છોકરાની માફક તેમને પંપાળતા, અથવા મીઠી મીઠી ગાળો દેતા. પરંતુ એક દિવસ તેમની જ ખાતર એક જાણીતું સાપ્તાહિક પત્ર દમનનીતિની કાયદાની ચુંગલમાં સપડાશે, આખું પુના શહેર દોષિતની તપાસની ધમાચકડીમાં મુશ્કેલીમાં મુકાઈ જશે, એક માનાર્હ વકીલને પોલીસ પકડશે અને તેમના પર આરોપ આવશે અને બીજા ઘણાખરા શહેરીઓ પકડાવાને ભયે ગભરાઈ જશે, – આ બધું અમારા સ્વપ્નાની પણ બહારનું હતું. અમે જાણતા હતા કે ગોખલે ગવર્ન-મેન્ટના છે, પણ હવે પૂછવાનું મન થાય છે કે ગવર્નમેન્ટ શું ગોખલેની છે

કે? શું ગોપાલકૃષ્ણ ગોખલે બ્રિટિશ સામ્રાજ્યનો સ્તંભ છે, શું તેઓ ભારતીય શાસનતંત્રના અંગરૂપ બન્યા છે? અમે જાણતા હતા કે રાજનૈતિક હત્યા કે સશસ્ત્ર વિરોધની પ્રશંસા કર્યે દેશભાઈનું છાપખાનું ગવર્નમેન્ટની સંપત્તિ બની જવાની, બૉંબ કે બળવાના કાવતરાની ગંધ પોલીસ ભાયડાઓની તીવ્ર ઘ્રાણેન્દ્રિયને પહોંચી કે આખા શહેરમાં તપાસની ધામધૂમ મચી જવાની. એક વ્યક્તિની માનહાનિને લઈને કે તેમની ઉપર ભય તોળાતો હોવાને કારણે આ રીતે નવયુગનો કાંડ મચી શકે, એ અમે જાણતા નહોતા. આ જાતની નવી પ્રણાલી ગવર્નમેન્ટને છાજે કે નહિ, એ વિષે રાજપુરુષો વિવેકપૂર્વક વિચારે. પણ ગોખલે મહાશયનું પરિણામ જોઈને અમે દુ:ખિત થયા છીએ. કવિએ યથાર્થ કહ્યું છે કે અમે મનુષ્ય છીએ, ઓસરી ગયેલી મહત્તાની છાયાના વિનાશથી પણ અમારી આંખોમાં આંસુ આવે છે! ગોખલે મહાશય કોઈ પણ જન્મમાં મહાન નહોતા; પણ, અલબત્ત, તેઓ મહાનની છાયા તો ખરા! તેમના સૌ મત, તેમની બુદ્ધિ, વિદ્યા, તેમનું ચરિત્ર તેમનાં પોતાનાં નથી, એ બધાં કૈલાસવાસી રાનડેનાં દાન છે. ગોખલેમાં મહાત્મા રાનડેની એ છાયા નષ્ટ થતી જોતાં અમને લાગી આવે છે.

ધર્મ
સંખ્યાંક, ૧૦
કારતક, ૨૨, બં. ૧૩૧૬

બજેટ યુદ્ધ

વિલાયતમાં બજેટને લઈને જે મહાયુદ્ધ ચાલી રહ્યું છે તે અંગ્રેજોની રાજનીતિની સામાન્ય લડાલડી નથી. ઉદારનીતિવાળા પક્ષની સાથે રક્ષણશીલ-પક્ષનો જે સંઘર્ષ થતો તે સામાન્ય મતભેદને લઈને થતો નહિ. રેફર્મબિલ પછી જમીનદારવર્ગ અને મધ્યમવર્ગના અંગ્રેજોમાં જે તીવ્ર વિદ્વેષ અને વિરોધ રાણી એલિઝાબેથ અને રાજા ચાર્લ્સના સમય પછી અંગ્રેજ રાજનીતિના ઈતિહાસનાં દરેક પાને અંકિત થયેલો જણાય છે તે ટાઢો પડી ગયો છે. મધ્યમ વર્ગની જીત થઈ, પણ જેતા વર્ગે પરાજિત વર્ગનો વિનાશ કર્યા વગર પોતાના પ્રાપ્ત અધિકારોમાં તેમને હિસ્સો આપ્યો. ત્યાર પછી ઘર પૂરતો વિવાદ ચાલી રહ્યો છે. આ પરિસ્થિતિમાં મધ્યમવર્ગે નિમ્નવર્ગની સહાયથી વિદ્રોહી જમીનદારવર્ગને દબાવી દેવાની આશાએ ધીરે ધીરે અંગ્રેજ રાજનીતિના જીવનનો પાયો મજબૂત

કરવા માંડયો, તેને પરિણામે આજકાલ ઈંગ્લૅન્ડ અસંપૂર્ણ પ્રજાતંત્ર (limited Democracy) બની રહ્યું છે. હમણાં લૉઈડ જ્યોર્જ તેમ જ વિન્સ્ટન ચર્ચિલ આવા શાંત રાજનૈતિક જીવનમાં મોટી ધાંધલ અને રાષ્ટ્રવિપ્લવની સંભાવનાની વાત જણાવી રહ્યા છે. અત્યારે આખા યુરોપમાં સમાજવાદી પક્ષની અભિવૃદ્ધિ અને પ્રભાવ વધી રહ્યાં છે. જર્મનીમાં, ઈટલીમાં, બેલ્જિયમમાં તેઓ બળવાન અને મોટી સંખ્યામાં છે. સ્પેઈનમાં જબરદસ્તીથી તેમનો પ્રચાર અને પક્ષવૃદ્ધિ અટકાવવા પ્રયત્નો થયા હતા, જેને પરિણામે બાર્સેલોનામાં ભયંકર તોફાનો થયાં, ફેરરનું મૃત્યુ અને આખા પાશ્ચાત્ય જગતમાં અંધાધૂંધી પ્રવર્તી રહી હતી. ઈંગ્લૅન્ડ અને ફ્રાન્સ આ પ્રવાહની અસર તળે આવ્યાં ન હતાં, કારણ કે એ બે દેશોમાં પ્રજાની સ્વાધીનતા અને સુખસગવડને માટે કેટલીક વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ આ ચારપાંચ વર્ષના ગાળામાં એ બે દેશોમાં પણ સમાજવાદીઓનો પ્રભાવ અને તેમની સંખ્યા વધી રહ્યાં છે, લૉઈડ જ્યૉર્જના બજેટમાં એકાએક બ્રિટિશ રાજતંત્રમાં સમાજવાદને પ્રવેશ આપ્યો છે. આ બજેટમાં જમીનદારવર્ગની સંપત્તિ પર કર નાંખવામાં આવ્યો છે, જેને પરિણામે જમીનદાર અને મધ્યમવર્ગની વચ્ચે જે સમજૂતી થઈ હતી તેનું મુખ્ય અંગ નષ્ટ થયું છે. જમીનદારની ‘જમીનદારી ઉપર એક વાર કર નાંખવામાં આવ્યો પછી બ્રિટિશ પ્રજાવર્ગ ઘણી ઝડપથી એ કર વધારતો રહેશે અને અંતે અલ્પ મૂલ્યમાં જેટલી જમીનદારી હશે તેને દેશની સંપત્તિમાં ફેરવી નાખશે. પછી જમીનદારવર્ગ રહેશે નહિ. તેને લઈને જમીનદારોમાં ખૂબ ક્રોધ વ્યાપ્યો છે અને જમીનદારસભા (House of Lords) બજેટનો અસ્વીકાર કરીને કે તેમાં પરિવર્તન કરીને કૉમન્સમાં મોકલી આપવા કૃતનિશ્ચય થઈ છે. આને લઈને બ્રિટિશ રાજ્યતંત્રના મૂળ નિયમોમાં હસ્તક્ષેપ થશે. પ્રજાના પ્રતિનિધિવર્ગના સઘળા પ્રસ્તાવોનો અસ્વીકાર કરવો કે તેમાં ફેરફાર કરવા તે અધિકાર જમીનદાર વર્ગમાં નામનો છે, પણ માત્ર સન્માનની ખાતર બજેટને એ સભામાં રજૂ કરવામાં આવે છે, કદાપિ જમીનદારસભા બજેટમાં હસ્તક્ષેપ કરતી નથી. આથી કરીને બજેટનો અસ્વીકાર થતાંવેંત ઉદારનીતિવાળા મંત્રીઓ જમીનદાર સભાનો કૉમન્સકૃત પ્રસ્તાવનો નિષેધ કરવાનો અધિકાર લુપ્ત થવો જોઈએ, એવો પ્રસ્તાવ લઈને અંગ્રેજ લોકોની સમક્ષ રજૂ થશે. ઉદારનીતિવાળા પક્ષનો જય થતાં પુરાતન રાજ્યતંત્ર નિષેધના અધિકારના લોપને લઈને લુપ્ત થશે, તરત જ સંપૂર્ણ પ્રજાતંત્ર સ્થપાશે, જમીનદારસભા અને જમીનદારવર્ગનો નાશ થશે અને સમાજવાદનો વિસ્તાર થશે. લૉઈડ જ્યૉર્જ અને ચર્ચિલ જાણીબૂજીને આ રાષ્ટ્રવિપ્લવને પોષી રહ્યા છે, ઍસ્કિવથ, મોરલી ઈત્યાદિ વૃદ્ધ

મધ્યપંથી લોકો આ બન્નેના પ્રભાવથી અભિભૂત થઈને, ઉચ્ચ પદવીના મોહને વશ થઈને અને રાજનૈતિક સંગ્રામની ઉન્મત્તતાથી અંધ બનીને તેઓના પ્રયાસોમાં જોડાઈ રહ્યા છે. હવે રક્ષણશીલ ઈંગ્લૅન્ડ (Conservative England)નું આવી બન્યું સમજવું. સર્વગ્રાસી કળિ અંગ્રેજ જાતિનાં રાષ્ટ્રીય ચરિત્ર, રાષ્ટ્રીય ધર્મ અને ગૌરવના પાયાને ગળી જઈ રહ્યો છે.

શું થશે?

જાન્યુઆરીમાં વિલાયતમાં પ્રતિનિધિઓની જે ચૂંટણી થનાર છે તે પર ભારતના ભાગ્યનો કેટલોક આધાર રાખી શકાય. આપણે માટે ઉદારનીતિવાળા અને સમાજવાદીઓનો વિનય ખૂબ ઈચ્છનીય છે. જો કોઈ પણ વખતે વિધિ-પૂર્વકના વિરોધની રીતે અંગ્રેજ સરકારને સ્થાયત્તશાસનનું વિષ કૉમન્સમાં રજૂ કરવાની ફરજ પાડી શકીએ, તો જેમ આયર્લૅન્ડના સ્વાયત્તશાસનનાં બિલનો અસ્વીકાર કર્યો હતો તેમ જમીનદાર સભા આપણા બિલનો પણ અસ્વીકાર કરશે. એટલે જમીનદારસભાના નિષેધ અધિકારનો લોપ થાય, એ જ આપણી કાર્યસિદ્ધિનો એક માત્ર ઉપાય છે. ભગવાન એ જ ઉપાય અજમાવી રહ્યા છે. સમાજવાદી પક્ષના પ્રાબલ્યને લઈને આપણી કોઈ વિશિષ્ટ કાર્યસિદ્ધિ ન પણ થાય, દમનનીતિને ઢીલી કરવામાં કંઈક અનુકૂળતા પ્રાપ્ત થાય; કારણ કારણ કે, સમાજવાદી પક્ષ હાલ અધિકાર વગરનો છે પણ તેને માટે પ્રયાસી છે, એટલે જગતના અધિકારરહિત સૌ પંથો અને જાતિઓ સાથે તેમની સહાનુ-ભૂતિ છે, પરંતુ અત્યારે જે હાલ છે તે જોતાં ઉદારનીતિવાળાઓનો જય અને સમાજવાદીઓના પ્રાબલ્યની આશા રાખી શકાય તેમ નથી. બજેટમાં સ્વતંત્ર સંપત્તિની પ્રથાના નાશની વાત છે, સમાજવાદ ઈંગ્લૅન્ડમાં સંસ્થાપિત થશે, હવે કોઈની ધનસંપતિ નિર્વિઘ્ન નથી, એવો અવાજ ઉઠાવીને રક્ષણશીલ વર્ગ ઉદારનીતિવાળા ઘણા સજ્જનોને પોતાના પક્ષમાં આકર્ષી રહ્યો છે. વળી ટારિફ રિફૉર્મનો અવાજ વારંવાર ઉઠાવીને ઘણા નિમ્નશ્રેણીના લોકોને પણ પોતાનામાં ભેળવી રહ્યા છે. અબાધ વાણિજ્યની દૃષ્ટિએ વાણિજ્યના ક્ષેત્રમાં ઈંગ્લૅન્ડનું મુખ્ય સ્થાન ઓસરી ગયું છે, અન્ય જાતિ તેમને હરાવી રહી છે; તેથી નીચલા વર્ગમાં કામને અભાવે તેમ જ ખાદ્યને અભાવે હાહાકાર શરૂ થઈ ગયો છે, એવો મત જોરશોરથી પ્રચારમાં આવી રહ્યો છે. જે ચૂંટણીઓ ગયા કેટલાક મહિનાઓમાં થઈ ગઈ છે તેમાં આ ઉપાય દ્વારા રક્ષણશીલ પક્ષની વૃદ્ધિ થઈ છે, ઉદારનીતિવાળાના મત ઓછા

પડયા છે; તેમ છતાં ઉદારનીતિવાળા અને સમાજવાદીઓ જો એક થઈ જાય તો રક્ષણશીલ પક્ષને હરાવી શકે. પણ અત્યારની અવસ્થા આથી વિપરીત છે. જ્યાં ઉદારનીતિવાળા ઊભા રહે છે, ત્યાં સમાજવાદીઓ પણ ઊભા રહે છે. બન્નેના સંપૂર્ણ મત જોકે રક્ષણશીલ ઉમેદવારોના મત કરતાં વધારે છે, છતાં તેમના વિરોધને લઈને દુર્બળ પક્ષની જીત થાય છે. સમાજવાદીઓ બરાબર માર્ગે જઈ રહ્યા છે, આ પ્રકારની મુશ્કેલી ન વેઠે તો ઉદારનીતિવાળા-ઓને તેમની સાથે સંધિ કરવાની શી રીતે ફરજ પડે? પરંતુ મિ. ઍસ્કિવથ જો ચૂંટણીની પ્રથાની તરફેણમાં મિથ્યા વાતો, અને પરસ્પર વિરોધી યુક્તિઓનો ઉપયોગ કરતાં કરતાં બુદ્ધિભ્રષ્ટ ન થઈ જાય, ચૂંટણીની પૂર્વે જ તેઓ સમાજવાદીઓના એંશી પ્રતિનિધિઓની ચૂંટણીની વ્યવસ્થા કરીને બીજા બધા ઉદારનીતિવાળાઓનાં સ્થાન નિર્વિઘ્ન કરે, અને ટારિફ રિફૉર્મનો અવાજ ફેલાવવા માટે પાર્લમેન્ટ બંધ રહે તે પહેલાં જ નિષેધ અધિકારના લોપનું બિલ કૉમન્સમાં ઉપસ્થિત કરીને તે પર જ પ્રતિનિધિઓની ચૂંટણીના સમયે આધાર રાખી શકાય. તો પછી નીચલા વર્ગના બધા અંગ્રેજ મતદારો ટારિફ રિફૉર્મનો મોહ ભૂલી જઈને ઉદારનીતિવાળા પક્ષને મત આપવા વળશે. ગ્લૅડ્સ્ટન જીવતા હોત તો તેમ જ કરત, પણ ઍસ્કિવથ સાહેબની પાસેથી એવી ચોક્કસ બુદ્ધિની અપેક્ષા રાખવી એ શંકાસ્પદ છે.

ધર્મ
સંખ્યાંક, ૧૧
કારતક, ૨૯, બં. ૧૩૧૬

રિફૉર્મ

આજે નવેમ્બરની ૧૫મી, સોમવાર છે. આજે મહામતિ લૉર્ડ મોરલી અને લૉર્ડ મિન્ટોની ઊંડી ભારતના હિતની વિચારણાને લઈને રાજનૈતિક તીક્ષ્ણબુદ્ધિ અને ઉદાર મતની આસક્તિને લઈને પરિણામ પામેલો શાસનસંસ્કાર રૂપી માનસિક ગર્ભ પ્રસવશે. ધન્ય લૉર્ડ મોરલી, ધન્ય લૉર્ડ મિન્ટો અને ધન્ય આપણે! આજે ભારતમાં સ્વર્ગ ઊતરી આવશે! આજે પર્શિયા, તુર્કી, ચીન, જાપાન પર્યન્ત ભારતની તરફ ઈર્ષાની નજરે નિહાળીને 'ઇંગ્લિશમૅન'ના સૂરમાં સૂર પુરાવીને ગાશે: ધન્ય છે જેઓ પરાધીન છે, ધન્ય ધન્ય જેઓ યુરોપીય જાતિને પરાધીન છે, ધન્ય ધન્ય ધન્ય જેઓ ઉદારનીતિવાળા મોરલી-

મિન્ટોને પરાધીન છે! આપણે પણ જો ભારતવાસી હોત તો આ સુખથી વંચિત થાત નહિ!" આશા રાખીએ કે જે જે ભારતવાસી આ નવીન ઉન્માદનાથી ઉન્મત્ત થઈ શકતા નથી, તેમણે આ ગાનનું વૃંદગાન કરીને આકાશને ગુંજતું કરી દેવું.

ઇંગ્લિશમૅનનો ક્રોધ

અમે ઘણા વખતથી અમારા સહયોગી 'ઇંગ્લિશમૅન'ની સરળતાનાં વખાણ કરતા આવ્યા છીએ. વળી આજે વખાણ કર્યા વિના રહેવાતું નથી. બીજાં ઍંગ્લો-ઇન્ડિયન પત્રોને સાપની જેમ બે જીભ હોય છે: સ્વાધીનતાની પ્રશંસા કરે અને ભારતની પરાધીનતાની પ્રશંસા કરે, અને વળી ભારતની પરાધીનતાની આવશ્યકતા પુરવાર કરવા પ્રયત્નો કરે. અમારા સહયોગીની આંખમાં શરમ ન મળે: જે મનમાં આવે તે માત્ર માનહાનિનો કાયદો સાથે રાખીને ઢાંકપિછોડો કર્યા વગર લખી નાખે, આડુંઅવળું બકવું હોય તે બકી નાખે, યુક્તિ, સત્ય અને સંલગ્નતા પર તાંડવ નૃત્ય કરવાનું તેને ખૂબ ગમે. એ મુક્ત પુરુષ છે, અને સમાચારપત્રોમાં નાગા સંન્યાસી જેવો છે. સ્વાધીનતાનું નામ સાંભળીને ઇંગ્લિશમૅન કંપી ઊઠે છે; જેમ ભારતવર્ષની સ્વાધીનતાનો વિરોધી તેમ ઇંગ્લૅન્ડની સ્વાધીનતાનો પણ વિરોધી. આખા બ્રિટિશ સામ્રાજ્ય પર એક સ્વેચ્છાચારી તંત્રની આણ પ્રવર્તે અને ઇંગ્લિશમૅન તેનું મુખપત્ર બની રહે, એ સહયોગીનો રાજનૈતિક આદર્શ છે. જેઓ સ્વાધીનતાના અનુમોદક અને પ્રચારક છે, એ સૌ વધ્ય છે, નિર્વાસનને યોગ્ય છે, જેલમાં પૂરવા જેવા છે. મિ. બાલફુર જેવા હોદ્દા પર આવે કે તરત જ લૂઈ નૅપોલિયનની માફક રાજ્યક્રાંતિ કરીને મિ. લૉઇડ જ્યૉર્જને અને વિન્ટ્સ્ટન ચર્ચિલને જેલમાં પૂરશે અને મિ. કીર હાર્ડિ તેમ જ વિક્ટર ગ્રેસનને કોર્ટ માર્શલ કરવાની સલાહ પાકે પાયે આપશે. સ્વાધીનતાના કરતાં પણ સામ્યની વાત તેને અપ્રિય છે. તે જણાવે છે કે આખા યુરોપ અને એશિયા ખંડમાં સામ્યનો જે પ્રચાર ચાલી રહ્યો છે અને તેની આકાંક્ષા વધતી ચાલી છે તે જો પ્રચારકના લોહીમાં શમી નહિ તો જાણી લેવું કે પૃથ્વીનાં સિંહાસન ડોલી ઊઠશે અને હૅર સ્ટ્રૉનો ભૂક્કો ઊડી જશે. એટલે કે વિક્ટર ગ્રેસન, વૃદ્ધ મૂર્ખ ટૉલ્સ્ટૉય અને "માણિકતલા"નો અરવિંદ ઘોષ—વાહ કેવો સમાવેશ!—એમને ઇંગ્લિશમૅન બરાબર ફેરરની માફક વગર વિચાર્યે ઠાર કરવાનું જણાવતો નથી, છતાં એવી કોઈ વ્યવસ્થા ન થઈ તો સૌનું આવી બન્યું સમજવું, એમ જણાવે છે? આટલી

સરળતાની વચ્ચે આવી અસરળતા ક્યાંથી? ઈંગ્લિશમૅનને ભય કોનો છે? ભલે ને ઈંગ્લિશ મૅન હજારો હત્યા કે બળપૂર્વક દબાવવાની સલાહ આપે, પણ હિંદુ પંથના કપાળમાં જે લખાયું હતું તે તેના ભાગ્યમાં થનાર નથી. કાયદાનો ઉદ્દેશ્ય પ્રજાની હત્યા કરવાની પ્રવૃત્તિ બંધ કરવાનો છે, પરંતુ રાજાના મનમાં હત્યાની પ્રવૃત્તિ જગાવવાના પ્રયત્નને માટે કોઈ શિક્ષા નથી.

દેવઘરમાં જીવંત સમાધિ

સંવાદપત્રમાં પ્રગટ થયું છે કે એક હિંદુ સાધુ હરિદાસ સંન્યાસીને ટપી જઈને સમાધિનિમગ્ન થયા વગર પણ જીવતી કબરમાં કેટલાક દિવસો રહ્યો હતો. આપણા દેશમાંથી બધી પુરાતન વિદ્યાઓ લુપ્ત થઈ જવાને કારણે આપણે આવા પ્રયોગોથી આશ્ચર્યચકિત થઈએ છીએ. પૂર્વજોની વાતને આપણે કુસંસ્કાર ગણીને કાઢી નાખીએ છીએ. તેમ છતાં જે વિદ્યાનો એક ભાંગ્યોતૂટ્યો અંશ માત્ર આપણા પ્રાચીન સાહિત્યમાં, ધર્મમાં, શાસ્ત્રમાં, શિક્ષણમાં જોવા મળે છે, તેની સરખામણીમાં આધુનિક પાશ્ચાત્ય વિજ્ઞાનની બધી શાખાઓ તાજા જન્મેલા બાળકના અર્થ વગરનો પ્રલાપ માત્ર છે. જેમ બાળક જે જે પદાર્થો પોતે જુએ છે તેને હાથમાં લઈને, ફેરવીને તપાસીને, ભાંગીફોડીને બાહ્ય જગતનું કંઈક જ્ઞાન એકઠું કરે છે, પરંતુ જગત શું કહેવાય, પદાર્થનું અસલ સ્વરૂપ અને તેનો સંબંધ શો, એ વિષે કંઈજ જાણતું હોતું નથી, તેમ પાશ્ચાત્ય વિજ્ઞાન પ્રકૃતિના બધા સ્થૂળ પદાર્થોને હાથમાં લઈને ફેરવીને તપાસીને, ભાંગીને ફોડીને જ્ઞાન એકઠું કરે છે. પરંતુ જગત શું છે, પદાર્થનું અસલ સ્વરૂપ ક્યું છે, સ્થૂળ અને સૂક્ષ્મનો સંબંધ શો છે, તે કંઈ જ તે જાણતું નથી અને એ વિદ્યાના અભાવે પદાર્થનો મૂળ સ્વભાવ પામી શકતું નથી. મનુષ્યને વિષે તેના મડદાને ચીરીને રોગનાં લક્ષણો અને બીજાં સઘળાં કારણોનું નિરીક્ષણ કરીને જે કાંઈ જ્ઞાનનો સંચય થાય છે, તેટલું જ્ઞાન પાશ્ચાત્ય વિદ્યામાં મળી આવે છે. આ જ્ઞાન ઘણી બાબતોમાં ભ્રાંત છે. વૈજ્ઞાનિક જણાવે છે કે ગુરુત્વાકર્ષણશક્તિ જગતનો સર્વ-વ્યાપી અને અલંઘ્ય નિયમ છે, પણ પ્રાણાયામ દ્વારા મનુષ્ય એ શક્તિ પર પ્રભુત્વ મેળવી શકે છે અને સ્થૂળ જગતની બહાર એ નિયમનું કંઈ જોર ચાલતું નથી. વૈજ્ઞાનિક કહે છે કે હૃત્પિંડનું સ્પંદન અને શ્વાસોચ્છ્વાસ બંધ થાય તો પ્રાણ શરીરમાં રહી ન શકે, પરંતુ એ પુરવાર થયું છે કે હૃત્પિંડનાં સ્પંદન તેમ જ શ્વાસનિ:શ્વાસની ક્રિયા ઘણી ક્ષણો માટે કે ઘણા દિવસો માટે બંધ કરી શકાય છે અને તેમ છતાં રુદ્ધ શ્વાસોચ્છ્વાસવાળી વ્યક્તિ પહેલાંની જેમ હલન-

ચલન કરી શકે છે, વાતો કરી શકે છે,– જીવતા રહેવાની તો વાત જ શી! આથી સમજી શકાય છે કે પાશ્ચાત્ય વિદ્યા પોતાના ક્ષેત્રમાં અને સ્થૂળ પદાર્થના જ્ઞાનને વિષે પણ કેટલી સાંકડી અને પામર છે! મૂળ વિજ્ઞાન આપણે ત્યાં હતું. એ જ્ઞાન સ્થૂળ પ્રયોગ દ્વારા પ્રાપ્ત થયું ન હોતું પણ સૂક્ષ્મ પ્રયોગ દ્વારા મેળવાયું હતું. આપણા પૂર્વજોનું જ્ઞાન અલબત્ત, લુપ્ત તો થઈ જ ગયું છે, પણ જે ઉપાય દ્વારા લુપ્ત થઈ ગયું હતું તે જ ઉપાય દ્વારા ફરી પાછું મેળવી શકાય છે. એ ઉપાય યોગ છે.

યુક્ત મહાસભા

સહયોગી બૅન્ગોલીએ યુક્ત મહાસભા વિષેનો જે લેખ પ્રગટ કર્યો છે તે પ્રગટ કર્યો ન હોત તો સારું થાત. જે શરતે તે રાષ્ટ્રીય પક્ષને પડકારે છે એ બધું મધ્યપંથીઓને અનુકૂળ છે. ગયે વર્ષે રાષ્ટ્રીય પક્ષે કન્વેન્શનમાં પ્રવેશ કરવાની માગણી કરી હતી, અને કલકત્તાના અધિવેશનમાં ચાર પ્રસ્તાવો સ્વીકારાવાની આશાથી મધ્યપંથીઓની મનથી નક્કી કરેલી શરતોને સંમત થયા હતા. આ વખતે તેઓ તેટલી સહેલાઈથી સંમત થઈ શકે તેમ નથી. દરમિયાન રાજનૈતિક ક્ષેત્રમાં કેટકેટલું પરિવર્તન થઈ ગયું છે, પશ્ચિમ ભારતના મધ્યપંથીઓના મનોભાવ વધારે સ્પષ્ટ થતા આવ્યા છે, રાષ્ટ્રીય પક્ષ હવે ગોખલે મહેતાને અધીન થઈને મહાસભા ભરવા રાજી થશે નહિ. તેમ છતાં હજી પણ ચર્ચાવિચારણા ચાલી રહી છે, થોડા દિવસોમાં કોઈ સ્થિર સિદ્ધાન્ત નક્કી થવાની ધારણા છે, અને અત્યારથી આવો અભિપ્રાય વ્યક્ત થતાં વાદવિવાદને લઈને કંઈક નિષ્પન્ન થવામાં અંતરાયરૂપ થશે.

ધર્મ
સંખ્યાંક, ૧૨
માગશર, ૬, બં. ૧૩૧૬

હિંદુ સંપ્રદાય અને શાસનસંસ્કાર

જ્યારે અમે હિંદુ સભાનો ઉલ્લેખ કર્યો હતો ત્યારે એવી રીતે અમારો મત વ્યક્ત કર્યો હતો કે ભલેને ગવર્નમેન્ટની મોટી મોટી વાતો કરતા અને સ્વતંત્રતાને અનુમોદન આપતા મુસલમાન સંપ્રદાય પર અસંતુષ્ટ થઈને સ્વતંત્ર

રાજનૈતિક પ્રયત્ન કરવો હિંદુઓને માટે સ્વાભાવિક હોય, છતાં એવા પ્રયત્નથી દેશના અનિષ્ટ સિવાય હિત થવાનો સંભવ નથી. હજુ પણ અમે એ વિચાર બદલવાનું કોઈ કારણ જોતા નથી. શાસનસંસ્કારમાં કે નવી વ્યવસ્થાપક સભામાં અમને કોઈ વખત આસ્થા નહોતી; હિંદુ અને મુસલમાનોને પક્ષપાત વિના એ સભામાં સરખો પ્રવેશાધિકાર મળત તોય અમે એ કૃત્રિમ સભાને અનુમોદન આપત નહિ. આપણું ભાવિ આપણા જ હાથમાં છે, એ સત્ય જ્યારે સંપૂર્ણ ભાવે અને દૃઢ હૃદયે ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત કરીશું ત્યારે ઝડપથી ખરા પ્રજાતંત્રના વિકાસને અનુકૂળ વ્યવસ્થાપક સભાનું સર્જન થશે. એટલે આવી બનાવટી સોનેરી ખેલની પૂતળીને માટે ભાઈભાઈમાં ઝઘડવું એ અમારે મતે બાલ્યોચિત મૂર્ખાઈ છે. છતાં એટલું તો સ્વીકારવું જ રહ્યું કે આ નવા સુધારાઓને લઈને હિંદુ સંપ્રદાયનું અપમાન અને તેનો બહિષ્કાર કરવાના પ્રયત્નથી હિંદુ સંપ્રદાયને અસંતુષ્ટ અને ગુસ્સે થવાનાં પૂરતાં કારણો મળે છે. મુસલમાનોને બધે સ્વતંત્ર પ્રતિનિધિ આપવામાં આવ્યા છે; જ્યાં તેમની સંખ્યા ઓછી હોય ત્યાં અલ્પ સંખ્યક ગણીને સ્વતંત્ર મતદાતાઓનું ચૂંટાયેલું સ્વતંત્ર પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે, અને જ્યાં તેમની સંખ્યા વધુ હોય ત્યાં બહુ સંખ્યા ગણીને સ્વતંત્ર મતદારોનું ચૂંટાયેલું સ્વતંત્ર પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે. હિંદુઓને ક્યાંય એ અનુકૂળતા મળી નથી. જે ઠેકાણે તેઓ ઓછી સંખ્યામાં હોય ત્યાં આપી શકાય નહિ, આપવા જતાં સભામાં તેમનું પ્રાબલ્ય વધે. જ્યાં તેઓ ઓછી સંખ્યામાં છે ત્યાં આપવામાં આવ્યું નથી, આપવા જતાં મુસલમાનોનું સંપૂર્ણ પ્રાબલ્ય ખંડિત થાય. મુસલમાનોમાંથી નિર્વાચક વર્ગ જે નિયમો અનુસાર ગઠિત કરવામાં આવ્યો છે, તેમાં કોઈ નિર્દિષ્ટ તત્ત્વ કે ઉદાર મત ગણાતાં નથી, ઘણા ભણેલા માનાર્હ મુસલમાનો એમાંથી બાદ થઈ ગયા છે અને ઘણા અભણ ગવર્નમેન્ટના ખેરખાંઓ નિર્વાચક વર્ગમાં ઘૂસી ગયા છે; તેમ છતાં એ નવીન રચનામાં પ્રજાતંત્રની અસ્પષ્ટ દૂરવર્તી છાયાની છાયા જણાય છે. હિંદુઓ પર એમાંની તલભર પણ મહેરબાની કરવામાં આવી નથી. આ રીતે ભારતવર્ષના એક મુખ્ય સંપ્રદાયને અપમાનિત અને અસંતુષ્ટ કરવાની કુશળતા કયા જગવિખ્યાત રાજનીતિવિદની કલ્પનામાં પ્રથમ ઉદય પામી એ જાણવાનું મનમાં કુતૂહલ થયું. બર્ક અને વૉલ્ટેરના ભક્ત મોરલીના મનમાં કે કેનેડાના શાસક લૉર્ડ મિન્ટોના મનમાં? અથવા તો પછી કોઈ ગુપ્ત રત્નના મનમાં?

મુસલમાનોનો અસંતોષ

શાસનસંસ્કારને લઈને બે મુસલમાનોનાં દિલ દુભાયાં છે: ઇંગ્લેન્ડવાસી અમીર અલી સાહેબ અને કલકત્તાના દાક્તર સુરાવર્દી. પણ તેમના અસંતોષનાં કારણો એક રીતનાં નથી. અમીર અલી ગુસ્સે ભરાયા છે, કારણ કે મુસલમાનોને શાસનસંસ્કારમાં જે આપવામાં આવ્યું છે તે ઘણું થોડું છે, જૉર્જ સાહેબનો વિશ્વગ્રાસી લોભ એથી સંતોષાતો નથી. પહેલાંથી જ સમજતો આવ્યો છું કે સારાસેન જાતિનો ઇતિહાસ લખવાને પરિણામે અમીર અલી સાહેબના મનમાં ઘણી મોટી અને પ્રશંસનીય મહત્ત્વાકાંક્ષા જન્મી છે, તેમના મનમાં મધ્યયુગના મુસલમાન સામ્રાજ્યના પુનઃ આવિર્ભાવનું સ્વપ્ન ભમી રહ્યું છે. હસીને ઉડાવી દેવાનો પ્રયત્ન કર્યો, પણ આ વાત એવી નથી. મોટું મન, મોટી આકાંક્ષા, વિશાલ આદર્શ રાજનૈતિક ક્ષેત્રમાં ઘણો ઉપકારક નીવડે, પ્રશંસનીય ગણાય, તેથી શક્તિ પ્રાપ્ત થાય, ઉદાર ક્ષત્રિયભાવ જન્મે, જીવનનું તીવ્ર સ્પંદન જાગે. જે અલ્પ આશાવાળો, તે જીવતો મુઓ. પરંતુ હસવાની વાત, ઠઠ્ઠાની વાત એ છે કે બ્રિટિશ કર્મચારીઓને વશવર્તીને મુસલમાનોનું લુપ્ત મહત્ત્વ ઉદ્ધાર પામશે! શું અમીર અલી એમ માની રહ્યા છે કે અંગ્રેજો મુસલમાનને "દીવાન" બનાવવાના હેતુથી આ પક્ષપાત બતાવી રહ્યા છે? દાક્તર સુરાવર્દીના અસંતોષનું કારણ સરખામણીમાં સંકીર્ણ છે. તેમની ફરિયાદ એવી છે કે વિલાયતથી પાછા ફરેલા અનેક શિક્ષિત મુસલમાનોને ચૂંટણીના હક્કમાંથી બાકાત રાખીને ગવર્નમેન્ટના જે જે ખેરખાંઓ છે, અશિક્ષિત કારીગરો, દફતર રાખનારા, વિવાહના રજિસ્ટ્રારખાં બહાદુરખાં સાહેબોને મતદારો ગણવામાં આવ્યા છે. શું તેઓ એટલું પણ નહિ સમજતા હોય કે વિલાયતમાં જે સ્વાધીનતા રૂપી વિષ છે, તે વિષને જેઓ વિલાયતથી પાછા ફરે છે, તેઓ ઓછા વધતા પ્રમાણમાં લઈને આવ્યા હોય, અને જો એવા લોકો વ્યવસ્થાપક સભામાં પ્રવેશ પામે તો મોટી અંધાધૂંધી થઈ જાય! અને આવા સુધારાઓની બાબતમાં વધારે ઉપકારક કોણ ગણાય: શિક્ષિત લોકો કે પેલા ઉપર જણાવ્યા તે ખેરખાંઓ? જો દાક્તર સાહેબ આ પ્રશ્નનો ઉત્તર વિવેકપૂર્ણ વિચાર કરીને દેશે તો જણાશે કે તેમનો અસંતોષ અજ્ઞાનમાંથી જન્મેલો છે, એ સ્વીકાર્યે જ છૂટકો છે.

મૂળ અને ગૌણ

આપણી રાજનૈતિક વિચારણાનો મુખ્ય દોષ અને રાજનૈતિક કર્મોની દુર્બળતાનું મુખ્ય કારણ એ છે કે આપણે મૂળ અને ગૌણનો ભેદ સમજી શકતા નથી. જે મૂળ હોય તે જ ગ્રહણ કરવું જોઈએ; જે ગૌણ હોય તે જો મૂળને અનુકૂળ હોય તો મૂળને રાખીને ગ્રહણ કરવું જોઈએ. પણ જો ગૌણને ગ્રહણ કરવા જતાં મૂળને પ્રાપ્ત કરવાને માર્ગે વિઘ્ન કે વિલંબ થવાનો સંભવ જણાય તો કોઈ પણ રાજનીતિજ્ઞ ગૌણને સ્વીકારવા સંમત નહિ થાય. પણ આપણે એમ કરીએ છીએ, ડગલે ને પગલે મૂળને હરાવીને ગૌણને આગ્રહપૂર્વક પકડી રાખવા ઈચ્છીએ છીએ. આપણામાં અચળ વિશ્વાસ હોય છે કે ગૌણને મેળવ્યું એટલે આખરે મૂળ આપમેળે જ આવ્યું સમજવું. ખરી વાત આથી વિપરીત છે: મૂળને મેળવીએ તો તેની સાથે બધી ગૌણ અનુકૂળતાઓ અને અધિકારો આવી મળે છે. રિફૉર્મની બાબતમાં ઘણાનો આવો મક્કમ ભ્રમ અને બુદ્ધિની દુર્બળતા જોઈને દુ:ખ થાય છે. ગમે તેમ હોય, થોડુંક મેળવ્યું, થોડા વખત પછી બીજું થોડું મેળવીશું અને એમ આખરે થોડા થોડા હક્કો મેળવતાં મેળવતાં સ્વર્ગમાં પહોંચી જઈશું, — આમ જે લોકો વિચારી રહ્યા છે તેઓ, અલબત્ત, આ કૃત્રિમ વ્યવસ્થાપક સભામાં પ્રતિનિધિ થવાને યોગ્ય રાજનૈતિક લોકો ભલે ગણાતા. બાળક સિવાય રમકડાંની કદર કોણ કરી શકે? પરંતુ બાલિશતાનો ત્યાગ કરીને, સ્વપ્નરાજ્યમાંથી નીચે ઊતરીને જો એક વાર કઠણ અને અપ્રિય સત્ય જોઈશું તો જણાશે કે આ પ્રકારની વિચારધારા કેટલી ભ્રાંત, કેટલી મૂળ વગરની છે! ડાહ્યાડમરા બાળકો જેવા અમારી સમક્ષ ઈંગ્લૅન્ડનું દૃષ્ટાન્ત ટાંકીને પોતાના મતનું સમર્થન કરે છે. પરંતુ આ સમય નથી મધ્યયુગ, નથી રાણી એલિઝાબેથનો કાળ. આ સમય છે વીસમી સદી, પ્રજાતંત્રના ચરમ વિકાસનો સમય. આપણે પણ પોતાની જાતિને અધીન અંગ્રેજી પ્રજા નથી, આપણે શ્વેતવર્ણ પાશ્ચાત્ય રાજ-કર્મચારી વર્ગની કૃષ્ણવર્ણ એશિયાવાસી પ્રજા છીએ. અર્થાત્, આ સ્થિતિમાં ને પેલી સ્થિતિમાં આભજમીનનો ફરક છે. ઈંગ્લૅન્ડમાં પણ ગૌણની ઉપેક્ષા કરીને મૂળને પ્રાપ્ત કરવાની અનુકૂળતા કે સાધન ના હોત તો ઈંગ્લૅન્ડ આજે પણ સ્વેચ્છાચારી તંત્રને અધીન દેશ હોત, અથવા રક્તપાત અને રાષ્ટ્રવિપ્લવને વશ થઈ ગયો હોત. એ અનુકૂળતા કે સાધન તે છે નાણાંકીય સત્તા (power of the purse). રાજાએ આપણી વાતનો અસ્વીકાર કર્યો, આપણે પણ રાજાને બજેટને મત આપીશું નહિ. કેવું અભ્રાન્ત બ્રહ્માસ્ત્ર! કાયદો ઘડવાનો કે બજેટ રચવાનો હક્ક પ્રજાના પ્રતિનિધિવર્ગનો હોત તો અમે પણ રિફૉર્મનો

બહિષ્કાર કરવાનું જણાવત નહિ. વળી રિફૉર્મને પાછા ધકેલવાનું કામ ડાહ્યાનું નહિ, ગવર્નમેન્ટ એટલે ગવર્નમેન્ટ, તેઓ જે આપે તે સ્વીકારવું જોઈએ, તે પછી વધારે પણ આપે. શા માટે ગવર્નમેન્ટે આ રમકડું ભારતના પકવકેશી શિશુઓને આપ્યું છે તેનો કોઈ વાર વિચાર કર્યો છે? દેશવ્યાપી અસંતોષ, અશાંતિ અને મક્કમપણે ત્યાગના અસ્ત્રના પ્રયોગને પરિણામે તમને આ લાભ મળ્યો છે. તેઓ જોઈ રહ્યા છે કે આ લાભથી તમે સંતુષ્ટ છો કે વળી વધારેની માગણી કરો છો. તમે આનો સ્વીકાર કર્યો, તો પછી વળી પાછા આવા તીવ્ર આંદોલન અને બૉયકૉટનીતિ ન અપનાવો તો કંઈ જ નહિ મળવાનું. નહિ આકાશનો ચાંદો, નહિ ચંદ્રની કૃત્રિમ સોનામઢી પ્રતિકૃતિ! જો એમને લાગે કે આથી પત્યું નહિ, — મૂળ હક્કો દેવા પડશે, તો તે આપશે, વધારે નહિ તો થોડાઘણા. એટલા માટે જ રિફૉર્મનો અસ્વીકાર કરીને દૃઢ ભાવે બૉયકૉટની અજમાયશ એ જ બુદ્ધિમાનનું કાર્ય છે. પણ તમને આવી બધી વાતો જણાવવી નકામી છે; તમને તો શિશુના મહેલના જે સંદેશ ને રસ-ગુલ્લા પ્રચલિત છે, એ જ જોતાં મોઢામાં પાણી છૂટે! વળી પાછા તમે સ્તો છોટાંઓને રાજનીતિમાં ભળવાની ના પાડો છો. હજી પણ તમે પાકી બુદ્ધિના થયા નહિ, રાજનીતિને સમજી શકતા નથી. સ્વયં બાલિશ બુદ્ધિ છોડયા પછી આવી વાત કરવી ઉચિત ગણાત.

એક ખરી વાત

આપણા રાજનીતિજ્ઞ લોકોનો દોષ શી રીતે કાઢી શકાય; કારણ કે આ દેશમાં બ્રિટિશ અમલમાં ઘણા વખતથી રાજકીય જીવન લુપ્ત થઈ ગયું છે. એ અનુભવના અભાવથી આપણા નેતાઓ રાજનીતિતત્ત્વ સમજવામાં અશક્ત થઈ ગયા છે. પરંતુ આટલા લાંબા કામથી પરાધીન દેશના શાસનમાં કૃતવિદ્ય અને લબ્ધપ્રતિષ્ઠ હોવા છતાં અંગ્રેજ રાજનીતિજ્ઞો કેટલાંક વર્ષોથી જે ભયંકર ભ્રમ સેવી રહ્યા છે તે જોઈને આશ્ચર્ય થઈ જવાય છે. બંગભંગ પછી આ રિફૉર્મ એ જ તેમની મુખ્ય અને હાનિકારક ભૂલ ગણાય. એને પરિણામે દેશમાં મધ્યપંથીઓનો પ્રભાવ નષ્ટ થશે, રાષ્ટ્રીય પક્ષની બેવડી વૃદ્ધિ થશે અને કાર્યકર્તાઓને માટે આ પૂરતી ક્ષતિ ગણાશે. પરંતુ આખા હિંદુસંપ્રદાયને દૂર અને અપમાનિત કરીને જે ઝેરનાં બી વાવ્યાં છે તેને લઈને વધુ ભારે ક્ષતિ થશે. મિ. રામસે મેકડૉનલ્ડે સામ્રાજ્યના પ્રતિનિધિને જણાવ્યું છે કે રાજનીતિના ક્ષેત્રમાં આ રીતે હિંદુમુસલમાનનો ભેદ સ્થાપીને

કર્મચારી વર્ગે પોતાનું અનિષ્ટ કર્યું છે. કાચા રાજકીય આંદોલનના કરતાં સાંપ્રદાયિક અને ધર્મભેદમૂલક અસંતોષ અને આક્રમણ ઘણું ભારે ગણાય અને તે ગવર્નમેન્ટને માટે ભયનું કારણ છે. તદ્દન સાચી વાત છે આ. જો અમે અંગ્રેજ જાતિના વિદ્વેષને લઈને ગવર્નમેન્ટનું અકલ્યાણ ધ્યાનમાં રાખીને દેશનું કાર્ય કરતા હોત, – અમારા શત્રુઓ આ વાતનો રાતદિવસ પ્રચાર કરે છે – તો અમને આથી આનંદ થાત. પણ અમે ગવર્નમેન્ટનું અકલ્યાણ ઈચ્છતા નથી, અમે દેશનું કલ્યાણ અને તેની સ્વાધીનતા વાંછીએ છીએ. હિંદુમુસલમાનના સંઘર્ષને લઈને જેમ ગવર્નમેન્ટનું તેમ દેશનું ભયંકર અકલ્યાણ થનાર છે એમ માનીને આ ભેદનીતિનો તીવ્ર વિરોધ કરીએ છીએ અને મુસલમાનોનો સંઘર્ષ ટાળીને હિંદુસંપ્રદાયને રિફૉર્મનો બૉયકોટ કરવાનું કહીએ છીએ.

ધર્મ
સંખ્યાંક, ૧૩
માગશર, ૧૩, બં. ૧૩૧૬

રામસે મૅક્ડોનલ્ડ

રામસે મૅક્ડોનલ્ડ જ્યારે ભારતમાં આવ્યા ત્યારે અમે એવા ભાવનું લખેલું કે તેઓ આવીને પણ શું કરી શકવાના છે, ભારતમાં થોડો સમય ફરીને શું જાણી શકવાના છે; અને મોરલીના સુધારાઓમાં જ્યારે તેમની આટલી આસ્થા છે ત્યારે તેમની પાસે આપણે શી સહાનુભૂતિ કે લાભની અપેક્ષા રાખી શકીએ ? ત્યાર પછી તેમની સાથે અમારો પરિચય થયો છે. તેઓને ભારતમાં થોડા સમય માટે રહીને આગામી પ્રતિનિધિની ચૂંટણીના સમાચાર લઈને વિલાયત જવાની ફરજ પડી છે, અને એ થોડો સમય પણ અંગ્રેજ અમલદારોની સાથે રહ્યા છે. આમ છતાં અમે જોયું કે તેઓ ભારતની પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરતા હતા અને કેટલેક અંશે કૃતકાર્ય થયા છે. પણ મિ. મૅક્ડોનલ્ડ રાજનીતિવિદ અને સાવધ છે. તેઓ કીર હાર્ડીની જેમ તેજસ્વી અને સ્પષ્ટ વક્તા નથી, પોતાના અભિપ્રાયને ઘણોખરો ગુપ્ત રાખે છે, મનમાં જે વિચારે છે તેનો થોડો અંશ જ વાક્યમાં વ્યક્ત કરે છે. બ્રિટિશ રાજનૈતિક જીવનના તેઓ શ્રમજીવી પક્ષના નરમપંથી નેતા છે. શ્રમજીવીઓ બધા જ સમાજવાદી હોય છે, બધા જ એક ઉદ્દેશ્યને લક્ષીને આગળ ધપી રહ્યા હોય છે, વર્તમાન સમાજ અને રાજતંત્રને તોડીફોડીને તેને નવીન ઢબે રચવા માગતા હોય છે. પરંતુ કેટલાક લોકો ચરમપંથી છે; તેઓ જાહેરમાં

આ ઉદ્દેશ્યને જણાવીને ઉદારનીતિવાળા અને રક્ષણશીલ એવા બન્ને પક્ષોને હરાવીને ખરા સામ્યપૂર્ણ પ્રજાતંત્રમાં વ્યક્તિને અવગણીને સમષ્ટિને દેશની સર્વવિધ સંપત્તિ અને આધિપત્યના અધિકારી કરવા કૃતસંકલ્પ છે. મધ્યપંથી શ્રમજીવીઓ એ કીર હાર્ડીનો પક્ષ છે: જ્યારે ફાવે ત્યારે ઉદારનૈતિક પક્ષની સાથે જોડાય, જ્યારે ફાવે ત્યારે તેમની સામે ઝઝૂમે. આપણા ભૂપેનબાબુ અને સુરેનબાબુની માફક Association cum oppositionવાળી નીતિ અનુસરીને એક બાજુ ઝઘડે તો બીજી બાજુ ભેટે. નરમપંથીઓ સ્વતંત્રતાનું રક્ષણ કરીને ઉદારનૈતિક પક્ષની પૂરી સહાય પામીને ખૂબ સાવધાનીથી આગળ વધનારા છે. પણ બન્નેના ઉદ્દેશ્ય એક જ છે. મિ. મૅક્ડોનાલ્ડ અતિશય બુદ્ધિમાન છે, વિચારશીલ અને ચતુર રાજનીતિજ્ઞ છે; વિલાયતના ભાવી મહાયુદ્ધમાં કદાચ તેઓ એક પ્રધાન મહારથી બને. ભારતની સાથે તેમની આંતરિક સહાનુભૂતિ છે, પણ આ સ્થિતિમાં ભારતનું કંઈ હિત કરવું તેમની હાથ બહારની વાત છે.

રિફૉર્મ અને મધ્યપંથી પક્ષ

મધ્યપંથીઓએ પોતાના ચિરવાંછિત સુધારાઓ પ્રાપ્ત કર્યા પણ તેની પ્રાપ્તિથી તેઓ હર્ષથી પ્રફુલ્લ થવાને બદલે શોકથી સંતપ્ત થતા લાગે છે. તેમના બળાપા અને તીવ્ર અભિમાનનું કારણ છે. તેમના ચતુરચૂડામણિ શ્વેત શ્યામરાય મધ્યપંથી રાધાની સાથે પોતાના સ્વભાવને સુલભ એવી ધૂર્તતાનો આધાર લઈને ચન્દ્રાવલીને કાઉન્સિલના અભિસારે બોલાવીને તેનો પ્રવેશ કરાવી રહ્યા છે. મધ્યપંથીઓ કહે છે: અમે જ સુધારાઓ કરાવ્યા અને અમે જ તેમાંથી બહિષ્કૃત થયા. જેમણે સુધારાઓનો વિરોધ કર્યો હતો તેઓ જ સ્વીકારાયા છે; આ તે કેવો ઠઠ્ઠો, કેવો અન્યાય! આ પ્રકારનું કરુણ અભિમાનપૂર્ણ નિવેદન જ્યાં ત્યાં સંભળાય છે, છતાં તેમાં ફરક છે. મુંબઈવાસિની રાધા પોતાની લાંબા વખતની ટેવ પ્રમાણે શ્યામની સાથે પ્રેમભર્યો મીઠો કલહ કરી રહી છે, બંગાળનિવાસિની રાધાનું ભયંકર માન છે, અને શ્યામનું મોઢું જોઈશ નહિ એવું કહેવાનું તેનું સાહસ નથી; શ્યામને બિલકુલ ગુસ્સે કરવા માગતી નથી, અને છતાં મનમાં ને મનમાં એ જ ભાવ રહ્યો છે. મધ્યપંથીદળની વિપ્રલબ્ધ દશા જોઈને હસવું પણ આવે છે, દયા પણ આવે છે. પરંતુ રાધાએ મનમાં જાણવું જોઈતું હતું કે માત્ર કલહ, માત્ર કાલાવાલા કર્યે પ્રેમ ઢંકાઈ જતો નથી; માનના ભયને લઈને રાધાના શ્રીચરણમાં પડીને પોતાનું સર્વસ્વ તેને દઈ દે છે. અને પેલો શ્વેત-

વર્ણ શ્યામસુંદર એવો છોકરો નથી! દુ:ખની વાત એ છે કે બેલવિડીપર-નિવાસી* શ્યામસુંદરે વધારે પડતો પ્રેમ દેખાડયો છે, તેમણે જ વધારે ધૂતારાવેડા કર્યા છે, તો હવે માનભંજન કોણ કરશે? વૃદ્ધ મોરલી મહાશય વળી કોઈ નવો મોરલીનો સૂર બજાવીને એમના આઘાત પામેલાં હૃદયને ટાઢપ આપશે?

ગોખલેની માનહાનિ

બ્રિટિશ સામ્રાજ્યના મોટા સ્તંભ માનનીય ગોખલે મહાશયની વિરુદ્ધમાં કેટલાક કાચી બુદ્ધિવાળા લોકોએ નાહકનો તિરસ્કાર અને ઉપહાસ કરીને મહારાષ્ટ્રની પ્રજાને ઉત્તેજિત કરી હતી, અને ખૂબ દુ:ખની વાત ગણાય. ગોખલે મહાશયને હાડેહાડ વ્યાપી ગઈ હતી અને તેમણે ન્યાયાલયનો આશરો લીધો. તેમની સહાયથી તેમની માનહાનિનો માર્ગ બંધ થઈ ગયો. તેમના મુખ્ય શત્રુ અને નિંદક હિંદુ પંચનો નાશ થયો. ઠીક થયું. મિથ્યા વાત બોલવા જેવી હોતી નથી, વિશ્વાસ કર્યા છતાં પણ જે વાતને તમે ન્યાયાલયમાં પ્રમાણિત કરવાને અશક્ત હો તે લખવા જેવી હોતી નથી. હિંદુ પંચના સંપાદક અને પુનાના વકીલ શ્રીયુત ભીડે આ વાત ભૂલી ગયા એટલે દંડને પાત્ર ઠર્યા. ઠીક વાત. પરંતુ રાજનીતિના ક્ષેત્રમાં ફરિયાદ કરવાથી લોકપ્રિયતા પામી શકાતી નથી. બીજા લોકો ગોખલે મહાશયની માનહાનિ કરે તો તેનો ઉપાય છે અને એવા ઉપાયને આધારે તેઓ વિજયી થયા છે; પણ પોતે પોતાની માનહાનિ કરે તો તેનો શો ઉપાય હોઈ શકે? ગોખલે મહાશય એક વાર જેની પ્રશંસા કરતા તેની પાછળથી નિંદા કરતા; જેની નિંદા કરતા તેની પ્રશંસા કરતા; આવું જોઈને લોકો તેમનામાંથી શ્રદ્ધા સ્વાભાવિક રીતે જ ગુમાવી બેઠા હતા. પહેલાં કર્મચારીઓના પ્રિય હોવા છતાં પ્રજાની પ્રીતિ આકર્ષવી કઠણ હોવા છતાંય તે અસાધ્ય નહોતું; પરંતુ નૂતન પ્રલય પછી એવું જળ-સ્થળવાસી જાનવર લુપ્ત થઈ ગયું છે!

---

* કલકત્તામાં જ્યાં લાટસાહેબ રહેતા તે સ્થળનું નામ. (અનુ.)

નૂતન કાઉન્સિલર

જ્યારે વનનાં મોટાં મોટાં ઝાડ કપાઈ જાય છે, ત્યારે હજારો અજાણ્યાં નાનાં નાનાં ઝાડવાં ને છોડો આંખનું આકર્ષણ કરે છે. પહેલાં ભૂપેન્દ્રનાથ, સુરેન્દ્રનાથ દરભંગા, રાસવિહારી ઈત્યાદિ મોટા મોટા રાજકીય નેતા, પ્રખ્યાત જમીનદાર અને લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન વ્યવસ્થાપક સભાના સભ્ય થતા; નવા સુધારાના પ્રભાવે કરીને આવા લોકોને ઠેકાણે સાગરની ઉપર કેટલાં નાનાં નાનાં માછલાં ઉપર આવીને સહર્ષ નવસૂર્યના કિરણમાં કૂદકા મારી રહ્યાં છે! દરરોજ નવાં નવાં પસંદગી માટે રજૂ થયેલાનાં નામ વાંચીને આશ્ચર્ય પામ્યો. ઓહો, આટલાં બધાં અજાણ્યાં મહામૂલાં રત્નો અત્યાર લગી અંધારામાં છુપાયેલાં પડયાં હતા? અમે લોર્ડ મોરલીને ધન્યવાદ આપીએ છીએ કે દેશ આટલો ધનિક હતો તે વિષેના પોતાના ઐશ્વર્યને પામી શકયા નહિ! મોરલીનો પ્રતાપ કે છૂપા ધનભંડારના બારણાં ખૂલી ગયાં – બધાં રત્નો સૂર્યકિરણમાં ઝળહળતાં આંખને આંજી રહ્યાં છે!

ધર્મ
સંખ્યાંક, ૧૪
માગશર, ૨૦, બં. ૧૩૧૬

ટ્રાન્સવાલમાં ભારતવાસી

ટ્રાન્સવાલમાં રહેનારા ભારતવાસીઓ જે દૃઢતા અને સ્વાર્થત્યાગનું દૃષ્ટાંત દેખાડી રહ્યા છે એ જગતમાં અનુપમ છે. પ્રાચીન આર્યશિક્ષણ અને આર્યચરિત્ર એ દૂર દેશમાં એ નિઃસહાય પદદલિત કુલી મજૂરો ને દુકાનદારોના પ્રાણમાં જે તીવ્ર ભાવે વ્યક્ત થઈ રહ્યાં છે, તેનાં બંગાળમાં પણ એ પ્રમાણમાં હજુય જાગ્યાં નથી. બંગાળમાં આપણે માત્ર વિધિપૂર્વકના વિરોધનું મોઢેથી સમર્થન કર્યું છે, પણ ટ્રાન્સવાલમાં તેઓ કાર્ય દ્વારા તેનું ઉત્તમ દૃષ્ટાંત દેખાડી રહ્યા છે. અને છતાં ભારતમાં જે બધી અનુકૂળતાઓ અને સહજ ફલસિદ્ધિની શકયતાઓ રહેલી છે તેમાંનું કંઈ પણ ટ્રાન્સવાલમાં નથી. કોઈ કોઈ વાર થાય છે કે આ બધા પ્રયત્નો નકામા છે: કયી આશાને લઈને તેઓ આટઆટલાં અપમાન, આટઆટલી યાતનાઓ, આટઆટલો ધનનાશ અને લાંછના વેઠતા હશે? આપણે ભારતનાં ત્રીસ કરોડ સંતાનો છીએ, રાજ્યના અમલદારો અને તેમની જાતિના ભળતા મુઠ્ઠી જેટલા લોકો છે;

આ ત્રીસ કરોડ લોકો જો દશ દિવસ લગી વૈધ પ્રતિરોધ કરે તો કોઈ પ્રકારના રક્તપાત વગર સ્વેચ્છાચારી તંત્ર આપમેળે કડડભૂસ થઈ જાય, અરે, એક કરોડ પણ દૃઢ ભાવે એ માર્ગને અનુસરીને એક વર્ષમાં શાંત અનિંદ્ય કાયદાને સુસંગત રીતે રાષ્ટ્રવિપ્લવનું ફળ પામી શકે. ટ્રાન્સવાલમાં મુઠ્ઠીભર લોકો ત્યાંના લોકોની સાથે સંઘર્ષમાં જોડાયા છે, તેમની પાસે કોઈ બળ નથી, કોઈ ઉચ્ચાલનશક્તિ નથી (leverage). એ બધાને કારાવાસમાં સડવું પડશે, દેશચ્યુત થવું પડશે, નિર્મૂળ થવું પડશે; અને તેમ થતાં ગરીબ ટ્રાન્સ-વાલ વાસીઓને થોડા દિવસો માટે આર્થિક ક્ષતિ અને કષ્ટો વેઠવાં પડશે ખરાં; પણ તેથી કરીને ત્યાંની સરકારને કોઈ મોટો કે સ્થાયી અપકાર થવાનો સંભવ નથી, ઊલટું તેમના શત્રુઓ એ પરિણામને જ વાંછે છે. આર્કિમિડીઝ કહેતા કે જો મને ઉત્તોલનયંત્ર રાખવાનું સ્થાન મળે તો પૃથ્વીને શૂન્યમાં ઊંચકી શકું. આમની પાસે નથી ઉત્તોલનયંત્ર, નથી તે રાખવાનું સ્થાન અને છતાં પૃથ્વીને શૂન્યમાં ઊંચકવા તેઓ ઉદ્યત થયા છે. છતાં તેમનો પરિશ્રમ કદાપિ વ્યર્થ જવાનો નથી. મિ. ગાંધી જણાવે છે કે આપણે ભારતવાસી છીએ, આપણે આધ્યાત્મિક બળમાં આસ્થાવાળા છીએ, આધ્યાત્મિક બળથી બધી મુશ્કેલીઓ પાર કરીશું. ભારતવાસી સિવાય કોની પાસે આ જ્ઞાન, આ શ્રદ્ધા, આ નિષ્ઠા છે કે હોઈ શકે? ભારતની મહત્તા એ છે કે આ નિષ્ઠાને બળે શિક્ષિત અશિક્ષિત એવા હજારો સંસારી લોકો સુખદુ:ખને ગણકાર્યા વગર, સરળ પ્રાણે, દૃઢ સાહસે આવા દુષ્કર કાર્યમાં ઉદ્યુક્ત થયા છે. કદાચ જે ફળને કાજે તેઓ કષ્ટ વેઠી રહ્યા છે, એ ફળ હાથમાં ન પણ આવે; પરંતુ આવા મહાન પ્રયાસનું મહાન પરિણામ આવશે; આને લઈને ભારત-વાસીની ભાવિ ઉન્નતિ સધાશે, એ વાતમાં લગીર પણ સંદેહ નથી.

ટાઉન હૉલની સભા

મિ. પોલક ટ્રાન્સવાલમાં રહેતા ભારતનાં સંતાનોના પ્રતિનિધિરૂપે આ દેશમાં આવ્યા છે. તેઓ આપણી સહાનુભૂતિ અને સહાય માગી રહ્યા છે. સહાનુભૂતિનો આપણામાં અભાવ નથી, પણ શક્તિને અભાવે આપણે લાચારી અનુભવીએ છીએ, નિશ્ચેષ્ટ થઈ રહ્યા છીએ. આપણી પાસે ત્રણ માર્ગ છે. ગવર્નમેન્ટની સમક્ષ નિવેદન કરી શકીએ, પણ એથી કોઈ ફળની આશા જણાતી નથી. ગવર્નમેન્ટ પણ ટ્રાન્સવાલ ગવર્નમેન્ટના આવા બર્બરને ઉચિત વ્યવહારથી અસંતુષ્ટ છે, પણ આપણા અમલદારો આપણા કરતાંય લાચાર છે. જે બાબતમાં ભારતનું હિત ઈંગ્લૅન્ડના હિતનું વિરોધી

છે, એ વિષે ભારતીય સરકારી પુરુષોની ઈચ્છા હોય તોપણ આપણું હિત સાધવામાં અશક્ત હોય છે. ઔપનિવેશિક ગવર્નમેન્ટની સામે ભારતવાસીનું આચરણ ઈંગ્લેન્ડ માટે અહિતકર છે. ઔપનિવેશિક લોકોનો ક્રોધ નિરર્થક મનનો ભાવ નથી, એ સક્રિય છે. ભારતવાસીના હિતમાં આઘાત લાગવાથી પરાધીન ભારતીય રડે, બીજું શું કરી શકે? આપણે નાતાલમાં કુલી મોકલવાની વાતને બંધ રાખવાનું જણાવીએ છીએ, એથી જો નાતાલવાસી નારાજ થાય, તો સમજવું જરૂરી છે કે આપણી સરકાર કદાપિ આ ઉપાય લેવાનું સાહસ નહિ કરી શકે. બીજો માર્ગ એ છે કે ટ્રાન્સવાલના ભારત-વાસીઓને વધુ સહાય આપીને પોષવા, ખાસ કરીને તેમનાં છૈયાંછોકરાંને શિક્ષણ આપવામાં મદદ કરવાથી તેમની એક મોટી મુશ્કેલી દૂર થાય. આવી સહાય આપવી એ સહેલું નથી. ભારતને પણ પૈસાની પારાવાર જરૂર છે, તેના અભાવે કોઈ પ્રવૃત્તિ ફલવતી થતી નથી. તોય આ વિષે ગવર્નમેન્ટની સહાનુ-ભૂતિ છે, ગોખલે પણ વિધિપૂર્વકના પ્રતિરોધની પ્રશંસા કરી રહ્યા છે. રાજ-દ્રોહના ભયથી કિલષ્ટ એવા ધનિક લોકો આવા નિર્દોષ યુદ્ધમાં પૈસો આપવા કેમ પીછે હઠ કરતા જણાય છે? ત્રીજો માર્ગ છે આખા ભારતમાં તેના વિરોધની સભાઓ ભરીને ગામડે ગામડે ટ્રાન્સવાલવાસી ભારતીયો પ્રત્યે થયેલાં અપમાન, લાંછના, યાતના તેમ જ તેમની દૃઢતા, સ્વાર્થત્યાગ વગેરે જણાવીને ભારતનું આધ્યાત્મિક બળ જાગ્રત કરવું. પરંતુ એ કાર્યને માટે જરૂરી વ્યવસ્થા અને કાર્યક્રમ ક્યાં જણાય છે? જે દિવસે બંગાળ મુંબઈની તરફ નજર કરવી છોડી દઈને પોતાની એકતા અને બળની વૃદ્ધિ કરતાં શીખશે, તે દિવસે તે વ્યવસ્થા અને કર્મપ્રણાલી અમલી થઈ શકશે, આપણો દાખલો લઈને બીજા પ્રદેશના લોકો પણ તે માર્ગે જશે. ત્યાં લગી આ નિર્જીવ અને અકર્મણ્ય અવસ્થા રહેવાની.

નિર્વાસિત બંગસંતાન

એક વર્ષ તો વીતવા આવ્યું. બંગાળનાં બાળકો હજુય નિર્વાસનમાં, કારાવાસમાં છે. ગવર્નમેન્ટની કૃપાની આશા રાખનારાઓ વર્ષ દરમિયાન બોલતા રહ્યા છે, આ હમણાં છૂટશે, મોરલી એક રીતે સંમત થશે, કાલે થશે, અમુક વખતે થશે, રાજાને જન્મદિને થશે, રિફૉર્મનો પ્રચાર થતાં જ થશે, વિરોધી સભા કરો નહિ, ધમાલ કરો નહિ, એમ કર્યે આપણું કર્યું કારવ્યું ધૂળ થશે. અને તેમ છતાં તે દિવસે મૅકડોનલ્ડ સાહેબને મોઢેથી સાંભળ્યું કે ભારતવાસીની નિષ્ચેષ્ટતાને લઈને પાર્લમેન્ટમાં કૉટન વગેરેનું

આંદોલન ફિક્કું પડી ગયું છે; કારણ કે, વિલાયતના લોકો કહે છે કે ક્યાં કોઈ ધમાલ તો કરતું નથી, ભારતમાંથી કોઈ પડકાર તો કરતું નથી; આનાથી એમ લાગે છે કે, નિર્વાસનને લઈને ભારતવાસી સંતુષ્ટ છે, માત્ર નિર્વાસિતોના કેટલાક સ્વજનો, તેમનાં ભાઈભાંડુઓ વિરોધ દર્શાવે છે, નિર્વાસનને લઈને લોકમત ક્ષુબ્ધ થયો નથી. વિલાયતની પ્રજાની બાબતમાં આવી ગણતરી અનિવાર્ય છે. આખો દેશ નિર્વાસનને કારણે દુ:ખિત થઈ રહ્યો છે અને તેમ છતાં બધાંયે મૂંગે મોઢે શાંતિથી ગવર્નમેન્ટની દમનનીતિ માથે ચઢાવી ! આ પ્રકારનો વિરોધાભાસ બ્રિટિશ જાતિ જેવી તેજસ્વી અને રાજનીતિકુશળ પ્રજાને ગળે ઊતરતો નથી. તદુપરાંત મદ્રાસ કૉન્ગ્રેસને નામે જાણીતી રાજપુરુષના ભક્તોની મિજલસમાં મોટા નેતાઓ મોરલીમિન્ટોનાં સ્તવસ્તોત્ર ગાઈને બૉટકૉટને તિલાંજલિ આપતું ધ્રુવપદ રટવા લાગ્યા : "ઓહો, આજે ભારતના કેવા સુખી દિવસો !" બંગાળના સુરેન્દ્રનાથ, ભૂપેન્દ્રનાથ વગેરેએ એમાં સૂર પુરાવ્યો હતો, અને ભારતવાસીના આદરણીય ગોખલેએ પુનામાં ગવર્નમેન્ટની "કઠોર અને નિર્દય દમનનીતિની" આવશ્યકતાનું પ્રતિપાદન કરીને ભારતવાસીના નેતા અને પ્રતિનિધિરૂપે તેનું સમર્થન કર્યું છે. આ પ્રકારની રાજનીતિથી કોઈ વખતે કોઈ પણ દેશમાં કોઈ પણ પ્રકારનું રાજનૈતિક સુફલ પ્રાપ્ત થયું નથી, અને થશે પણ નહીં.

યુક્ત મહાસભા

અમારા સહયોગી "બૉન્ગૉલી"એ વળી પાછી કવખતે યુક્ત મહાસભાની વાત કાઢીને જણાવ્યું કે જેઓ ક્રીડમાં સહી નહિ કરે, બ્રિટિશ સામ્રાજ્યમાં અંતર્ગત સ્વાયત્તશાસનથી સંતુષ્ટ નહિ થતાં સ્વાધીનતાને જ જેઓ આદર્શ માને છે, તેમને "કૉન્ગ્રેસમાં" પ્રવેશનો હક્ક નથી, તેઓ મહેતા-ગોખલે મિજલસને માટે યોગ્ય નથી. આ પ્રકારના લખાણને કારણે અમૃત બઝાર પત્રિકાની સાથે બૉન્ગોલીનો વાદવિવાદ થયો છે. બૉન્ગોલી જણાવે છે કે હવે વાદવિવાદ ચાલુ રાખવો અનુચિત છે, મેળ થવાની જે કંઈ થોડી સંભાવના છે તે નષ્ટ થશે. ઉત્તમ વાત. અમે પહેલેથી જ બૉન્ગોલીને આ વિષે ચેતવણી આપી હતી અને મૌન રાખવાનું જણાવ્યું હતું. અમે આશા કરીએ છીએ કે જ્યાં લગી આ બાબતની મીમાંસા થાય નહિ, ત્યાં લગી અમારું સહયોગી વાણીમાં સંયમ દાખવશે. પરંતુ જ્યારે "બૉન્ગોલી"એ આ પ્રકારના સ્વાધીનતાના આદર્શને છોડવાનો આદેશ

પ્રચાર્યો છે ત્યારે તેના ઉત્તરમાં અમને જણાવવાની ફરજ પડે છે કે અમને સત્ય અને ઉચ્ચ આદર્શ છોડીને મહેતામિજલસમાં પ્રવેશ પામવાની લાલસા નથી, અમને ઉપયુક્ત મહાસભા જોઈએ, મહેતામિજલસ નહિ. અમે જાણીએ છીએ કે સ્વાધીનચેતા અને ઉચ્ચાકાંક્ષી ભારતમાં સંતાનોને માટે પ્રવેશની વિરુદ્ધમાં એ મિજલસનાં બારણાં બંધ છે. અમે જાણીએ છીએ કે કૉન્સ્ટીટ્યૂશનરૂપી આગળો અને ક્રીડ નામનું તાળું મારીને તેને બરાબર બંધ કરવામાં આવ્યું છે. જ્યારે ભારતના મોટા ભાગના ધનિકો અને લબ્ધપ્રતિષ્ઠ રાજનીતિજ્ઞો સ્વાધીનતાના આદર્શને જાહેરમાં સ્વીકારતાં બીએ છે, ત્યારે અમે પણ મહાસભાની એ બાબતે જીદ કરવા ખુશી નથી. કલકત્તામાં અને સુરતમાં પણ એવી જીદ કરી નથી. જ્યાં લગી સઘળા એકમત થયા નથી, ત્યાં લગી સ્વાયત્તશાસનને જ કૉન્ગ્રેસના ઉદ્દેશ્ય તરીકે સ્વીકારવા અમે રાજી છીએ. પરંતુ અમને એ ઉદ્દેશ્યને વિષે વ્યક્તિગત ભાવે મત દઈને સત્યભ્રષ્ટ થવાનો, મિથ્યા આદર્શને પ્રચારવાનો આદેશ કરવાનો તમને કોઈ અધિકાર નથી. સ્વાધીનતા એ જ અમારો આદર્શ છે, વળી તે બ્રિટિશ સામ્રાજ્યના અંતર્ગત હોય કે બહિર્ગત હોય; પરંતુ કાયદાને સુસંગત રીતે તે આદર્શની સિદ્ધિ વાંછનીય છે. જો મહેતા-મિજલસને મહાસભામાં પરિણત થવાની આકાંક્ષા હોય તો તેનાં બંધ બારણાંનાં તાળાં તોડી દેવાં જોઈએ. કૉન્સ્ટિટ્યૂશને બારણાનો આગળો ન થતાં કર્મની પ્રતિષ્ઠાભૂમિ થવું જરૂરી છે. એમ ન હોય તો બીજી કોઈ રીતે મહાસભાની પ્રતિષ્ઠાનું સંગઠન કરવું ઉચિત ગણાય. અલબત્ત, આ અમારો પોતાનો મત છે; હુગલીમાં જે કમિટિ નિમાઈ છે તેની ચર્ચાવિચારણાનું પરિણામ અમારી જાણમાં નથી. છેવટના ફળની રાહ જોતા બેઠા છીએ.

રમેશચન્દ્ર દત્ત

શ્રીયુત રમેશચન્દ્ર દત્તના પરલોકગમનથી બંગાળે એક ઉદ્યમશીલ, બુદ્ધિમાન અને વિદ્વાન માનવ ગુમાવ્યા છે. તેઓ અનેક ક્ષેત્રનાં બી રોપીને ગયા છે. તેમણે રાજનીતિમાં, રાજશાસનમાં, વિદ્યાચર્ચામાં, સાહિત્યમાં યશ અને પ્રતિષ્ઠા મેળવ્યાં છે. તેમના એક પુસ્તકને લઈને ભારતવાસીનાં મન બૉયકૉટ તરફ તત્પર થયાં હતાં. રમેશચન્દ્રનાં બીજાં બધાં પુસ્તકો તેમ જ કાર્યો ધારો કે ભુલાઈ જાય, તો પણ તેમના આ ઘણા મહાન કાર્યને લઈને ભારતના ઈતિહાસમાં તેમનું નામ અમર રહેશે. અમે કોઈ પણ વ્યક્તિના મરણને કારણે દુ:ખ પ્રગટ કરવામાં સંમત નથી, કારણ કે અમે મૃત્યુને માનતા નથી. મૃત્યુ

એક માયા છે, ભ્રમ છે. રમેશચન્દ્ર મર્યા નથી, માત્ર તેમનું શરીર તજીને ચાલ્યા ગયા છે અને ત્યાંથી તેમનો પરલોકગત આત્મા પોતાના પ્રિય સ્વદેશના અભ્યુત્થાનમાં સહાયક થતાં અટકશે નહિ.

બુદ્ધ ગયા

ગયા ડિસેમ્બરની ત્રીજીએ પશ્ચિમ બંગાળના છોટા લાટ સાહેબ બહાદુર પોતાના રસાલા સાથે મોટરકાર કરીને બોધ ગયામાં આવેલા બૌદ્ધ મંદિરને જોવા ગયા હતા. એ પ્રાચીન મંદિર ગયાથી સાત માઈલ દૂર આવેલું છે. દુર્ભાગ્યે એ પ્રાચીન સ્થપતિવિદ્યાનો કુતૂહલ પ્રેરતો આદર્શ હિંદુ અને બૌદ્ધોના ભયંકર મનજુદાઈનો વિષય થઈ રહ્યો છે. છોટાલાટને ત્યાંના મહંતે ચારે બાજુ ફેરવીને મુખ્ય મુખ્ય જોવા લાયક સ્થાનો બતાવ્યાં. ઘણાઓ એમ માને છે કે જ્યાં રાજકુમાર સિદ્ધાર્થ સૌ પ્રથમ બુદ્ધત્વ પામ્યા હતા તે ઠેકાણે જ મંદિર આવેલું છે. જે વૃક્ષતળે બેસીને તેમણે પોતાના નૂતન ધર્મનો આવિષ્કાર કર્યો હતો એમ મનાય છે એ અત્યારે નથી. મંદિરમાં બુદ્ધદેવની એક પ્રચંડ પ્રતિમા છે. ત્યાં પ્રાચીન અશોકના વેષ્ટનનાં ભગ્ન અવશેષો જોવા મળે છે. તે વખતનું ઘણુંખરું આજે પણ વિદ્યમાન છે. આ મંદિર ચોક્કસ અશોકનું સમકાલીન અને ઓછામાં ઓછાં બે હજાર વર્ષોનું પુરાણું હશે. કઠેડાના ઘણા શિલાખંડો પાસેનાં ઘરોની દીવાલને અઢેલીને પડયા છે. એ સઘળા હવે યથાસ્થાને ગોઠવાઈ રહ્યા છે. બે હજાર વર્ષોથી પણ વધુ સમયથી આ મંદિર સમગ્ર પ્રાચ્યખંડના બૌદ્ધોનું એક મુખ્ય તીર્થક્ષેત્ર ગણાતું આવ્યું છે. ઈ. સ. પૂ. પ્રથમ શતાબ્દીમાં તેનું નિર્માણ થયું હતું.

ધર્મ
સંખ્યાંક, ૧૫
માગશર, ૨૭, બં. ૧૩૧૬

ફિરોજશાહની ચાલ

કાવતરાખોરનું કાવતરું સમજવું મુશ્કેલ છે. ફિરોજશાહ મહેતા કાવતરાખોરોના શિરોમણિ છે. જ્યારે પોતાનું ધાર્યું એકાએક થઈ ન શકે, ત્યારે એકદમ કોઈ અણધારી ચાલ ચાલીને પોતાની ધારેલી વાત પાર પાડવા તેઓ ટેવાઈ ગયેલા છે. પરંતુ લાહોર કન્વેન્શનના પંદર દિવસ પહેલાં તેમણે જે અપૂર્વ ચાલ ચાલી બતાવી તેથી કોને શો લાભ થશે એ કહેવું અઘરું છે.

લોકો અનેક પ્રકારનાં અનુમાનો કરે છે. કોઈ કોઈ જણાવે છે કે ફિરોજશાહ બંગાળા અને પંજાબના અસંતોષથી બી જઈને રણમાંથી ભાગી ગયા. અમે સ્વીકારીએ છીએ કે મુંબઈના એકમાત્ર સિંહે કલકત્તામાં લોકમતના ભયને કારણે પૂંછડીને પેટમાં લપેટી લીધી હતી, જેથી કોઈ તેને પીસી ન નાખે; પણ લાહોર કન્વેન્શન સિંહ મહાશયની પોતાની બોડ હતી, ત્યાં કોઈ પણ ભક્તિહીન પ્રાણીનો પ્રવેશ મના હતો. તદુપરાંત સ્વાગત સમિતિએ નિયમ કર્યો હતો કે કોઈએ મંડપમાં ઊંચો અવાજ સરખો કરવો નહિ, પછી તે સ્વયંસેવક હોય, પ્રેક્ષક હોય કે ગમે તે હોય: નહિ સિસકારો (hiss), નહિ વંદેમાતરમ્‌ની ગર્જના, નહિ શરમ શરમના પોકાર, નહિ જયજયકાર! જે એમ કરશે તેને બોચી પકડીને સભામાંથી બહાર કાઢી મૂકવામાં આવશે. સિંહ શાનાથી બીતો હશે? પૂંછડી રગદોળાઈ જવાની વાત જતી કરીએ, પણ પ્રભુને કાને કોઈ ઊંહકારનો અવાજ પણ પહોંચી ન શકે, આસપાસ કશી જ ગરબડ નહિ! વળી કોઈ જણાવે છે કે સર ફિરોજશાહને ઈન્ડિયા કાઉન્સિલના સભ્યપદને માટે બોલાવ્યા છે, તેમની રાજભક્તિના ચરમ વિકાસનો ચરમ પુરસ્કાર મળી રહ્યો છે; તેને લઈને કન્વેન્શનના સભાપતિ થવામાં પોતે અશક્તિ દર્શાવે છે. હવે માત્ર પંદર દિવસ જ બાકી છે, અને શું સર ફિરોજશાહ એવા નિષ્ઠુર પિતા છે કે પોતાની વહાલી કન્યાને છેલ્લું રક્ષણ આપીને સ્વર્ગમાં જવાને અસંમત થાય? અને ગવર્નમેન્ટ પણ શું કન્વેન્શનનું મૂલ્ય સમજતી નહિ હોય? આવા જરૂરી કાર્ય માટે ફિરોજશાહને પંદર દિવસની રજા ન મળી શકે? અમે પણ એક અનુમાન કરી બેઠા છીએ. શાસનસંસ્કારને લઈને આખો હિંદુસમાજ અસંતુષ્ટ અને ક્રુદ્ધ છે, એ વાત તેમને અજાણી નથી; અને છતાં શાસનસંસ્કાર અને ગવર્નમેન્ટની મહેરબાનીનો લોભ દર્શાવીને જ સુરતમાં તેમણે મહાસભાનાં બે ભાગલા પાડયા હતા. ત્યાર પછી બંગાળાના પ્રતિનિધિઓનું તેમણે એવું હડહડતું અપમાન કર્યું હતું કે તેઓ ફરીને લાહોર જઈને વધારે અપમાનિત થવા ઈચ્છતા નહોતા. ફિરોજશાહ પોતે જણાવે છે કે મહત્ત્વના રાજનૈતિક કારણને લઈને તેમણે સભાપતિપદ છોડી દીધું છે. શું આ જ તે રાજનૈતિક કારણ નથી? સભાપતિપદત્યાગને પરિણામે જો સુરેનબાબુ વગેરે કન્વેન્શનમાં સાથ આપવા રાજી થાય તો શાસનસંસ્કારના સ્વીકારના દોષનો ટોપલો મહેતાને માથે ન પડતાં આખા મધ્યપંથી પક્ષને માથે સરખે ભાગે વહેંચાઈ જાય, એ જ એક આશા જણાય છે. બંગાળાના મધ્યપંથીઓની ગેરહાજરીમાં મહેતાના સભાપતિપદને ટાણે થોડી સંખ્યાના પ્રતિનિધિઓ દ્વારા જો શાસન સંસ્કાર સ્વીકૃત થાય, તો એ સંસ્કારોની દશા અને કન્વેન્શનની દશા અતિ શોચનીય

થાય. ફિરોજશાહની ઈચ્છા બંગાળાના પ્રતિનિધિઓને લાહોરમાં હાજર રાખીને તેમની મારફત પોતાનું કાર્ય પાર પાડવાની છે; અને પોતે બંગદેશીય શિખંડીની પાછળ રહીને છૂપા છૂપા લડશે. નહિ તો આવા કાવતરાબાજના શિરોમણિ ઉદ્દેશ્યહીન ચાલ ચાલે શી રીતે ?

પૂર્વ બંગાળમાં ચૂંટણી

પૂર્વ બંગાળ પહેલેથી જ જે બળ, સત્યપ્રિયતા અને રાજનૈતિક તીક્ષ્ણ દૃષ્ટિ બતાવતું આવ્યું છે તે બધા ગુણ શાસનસંસ્કારની કસોટીમાં, તેની દમનનીતિમાં તેમ જ પ્રલોભનમાં નિષ્પ્રભ થયા નથી, જેવા હતા તેવા જ રહ્યા છે. ફરિદ-પુરમાં એક પણ હિંદુ ચૂંટણીમાં ઊભો રહેવા તૈયાર થયો નથી, ઢાકામાં માત્ર એક જણ મોરલીના મોહથી મુગ્ધ જણાયો છે, મયમનસિંહમાં જે ચાર જણા આ રાજભોગની આશાથી તણાઈ આવ્યા છે, તેમાંના બે સાવધ થઈ જતાં ખસી ગયા છે, અને બીજા બે, અમે આશા રાખીએ છીએ કે, પોતાના શ્રેયનો માર્ગ પસંદ કરી લેશે. સૌથી આશ્ચર્યની વાત સાંભળ્યા પ્રમાણે એ છે કે અશ્વિ-નીકુમારનું બારિસાલ સંસ્કારના મદથી છકી જઈને, લાજશરમ છોડીને, મોરલીના તાલે નાચી રહ્યું છે. શાને આવી અવદશા ? નિર્વાસિત અશ્વિનીબાબુનું શાને આવું અપમાન ? બારિસાલના દેવ બ્રિટિશ કારાવાસમાં સડે છે, ભારે રોગથી પીડાય છે, અને છતાં કારણ વગર ભાઈભાંડુઓ ને સ્વજનોની સેવાચાકરીથી વંચિત થયા છે. તેમનું બારિસાલ તેમને ભૂલી જઈને અમલદારવર્ગના પ્રેમના બજારમાં પોતાને વેચવા નીકળી ગયું છે ! છિ ! છિ ! જલદી આ દુર્મતિ છોડો; રખેને બંગદેશ બારિસાલની ઠઠ્ઠામશ્કરી કરીને જણાવે કે અશ્વિનીકુમાર સમસ્ત જીવન બારિસાલવાસીઓને મનુષ્યત્વ શું કહેવાય તે શિક્ષણ દ્વારા, દૃષ્ટાંત દ્વારા બતાવવા ફોકટ મરી મથ્યા, અંતે સ્વયં દેશના કલ્યાણને અર્થે બલિદાન રૂપે અપાયા !

પશ્ચિમ બંગાળની સ્થિતિ

પશ્ચિમ બંગાળે કદાપિ વચલો માર્ગ સ્વીકાર્યો નથી, જે માર્ગે જવું હોય ત્યાં દોડી જાય છે. જે ભાવનું અવલંબન કરે છે તેનું ચરમ દૃષ્ટાંત દર્શાવે છે. ત્યાં જેમ સર્વશ્રેષ્ઠ તેજસ્વી પુરુષસિંહ છે, તેમ નિર્લજ્જ ખુશામત-ખોર દળ પણ છે. જેઓ કમર કસીને ચૂંટણીજંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા

મથે છે, તેઓ ઘણે ભાગે દેશના અજ્ઞાત અપૂજ્ય સ્વાર્થાન્વેષી ખુશામતિયાઓ હોય છે. વ્યવસ્થાપકસભામાં તેઓની ભીડ જામે તો તેથી કરીને દેશને નથી લાભ, નથી નુકસાન,–સભા અયોગ્ય ખુશામતિયાઓની પાંજરાપોળ થઈ જશે, બીજું કોઈ ખરાબ ફળ નહિ આવે. પરંતુ તેઓમાં એક બે દેશપૂજ્ય જણનાં નામ જોઈને દુ:ખ થયું. બંગાળમાં શ્રીયુત વૈકુંઠનાથ સેનનો શું એટલો ઓછો આદર છે કે છેવટે આ ટોળામાં કાઉન્સિલમાં ઘૂસવા માટે ધક્કામુક્કી કરવી પડી? ઘડપણમાં તેમની આ અપમાનપ્રિયતા શાથી? પાંજરાપોળમાં પ્રવેશ શું એટલો બધો લોભ લગાડનારો છે?

મોરલીની નીતિનું ફળ

સરેરાશની દૃષ્ટિએ મોરલીની નીતિનું ફળ દેશને ઉપકારક ગણાય. ભારતના પ્રધાન બંધુ અને હિતકર્તા લૉર્ડ કર્ઝને બંગભંગ કરીને સુપ્ત રાષ્ટ્રને જાગ્રત કર્યું, ઘન અંધકાર દૂર કર્યો. જે કંઈ બાકી હતું, મોહનો પુનર્વિસ્તાર, નિદ્રાના નવપ્રભાવની આશંકા, એ આપણા હિતૈષી લૉર્ડ મોરલીએ શાસનસંસ્કાર કરીને દૂર કર્યાં જેમના પર બંગભંગની અસર થઈ નથી, તેઓ પણ આ પ્રહારથી મર્મહત થઈને જાગવા લાગ્યા છે, સમસ્ત હિંદુ સમૂહ પારકાના મોં તરફ મીટ માંડવી એ ફોગટ છે એમ સમજીને રાષ્ટ્રીયતાની ધજાની તળે ટૂંકમાં જ એકઠો થઈ જવાનો. રાજપુરુષોની સાથે રહ્યા છે બે વર્ગ : જમીનદાર અને મુસલમાન. જોઈએ, તેઓ ક્યાં લગી ટકી રહે છે. ભગવાનને પ્રાર્થના કરીએ છીએ, કોઈ ત્રીજા હિતસ્વી અંગ્રેજના મનમાં વળી કોઈ નવી યુક્તિ દાખલ કરી દો, જેને પરિણામે જમીનદાર અને મુસલમાનોનાં મનમાં પણ જ્ઞાનનો ઉદય થાય. રાષ્ટ્રીય પક્ષની આસ્થા ફોગટ કલ્પના નથી. જ્યારે ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે વિપરીત પક્ષના પ્રયત્નોને લઈને વિપરીત ફળ દ્વારા પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિને સહાયક બને છે.

મિન્ટોનો ઉપદેશ

આ પરીક્ષાને ટાણે નાના મોટા અનેક અંગ્રેજો ભારતવાસીને સંસ્કાર-વિષયક સદુપદેશ આપવા તલપાપડ કરી રહ્યા છે. તેમાંના એક આપણા અતિ લોકપ્રિય સદાશય મોટા લાટ સાહેબ પણ પોતાના પવિત્ર મુખવિવરમાંથી

ઉપદેશ રૂપી સુધા વરસાવીને આપણી કર્ણતૃપ્તિ કરી રહ્યા છે. બધાને એક જ વાત કરવાની છે: ઓહો, કેવું સુંદર બાળક જન્મ્યું છે! આવા અતિ સુંદર રૂપાળા બાળકની નાની નાની ઊણપો જોયા વગર co-operation રૂપી સુધાથી અમારા સોનાના ટુકડાને હૃષ્ટપુષ્ટ કરો, ત્રુટિઓ આપમેળે ચાલી જશે. બાળકના માતાપિતા બાળકના રૂપની આવી પ્રશંસા કરે, તેના દોષને ઢાંકી દે, એ સ્વાભાવિક છે, ક્ષંતવ્ય છે. પરંતુ ખરી વાત એ છે કે બાળકના એક કે બે કે ત્રણ નાના નાના દોષ હોત તો વાંધો નહોતો; પણ તેનું આખું શરીર કોહી ગયેલું છે, હૃત્રોગ, યકૃતનો રોગ, ક્ષયરોગ લઈને જન્મ્યું છે! આ સોનાનો ટકડો બચવાનો નથી, બચવાને યોગ્ય પણ નથી; તેને નકામો જીવાડીને કષ્ટ દેવું તેના કરતાં બૉયકોટ રૂપી ફાંસામાં ગૂંગળાવીને યંત્રણામાંથી મુક્ત કરવો એ દયાળુનું કાર્ય છે. તેને લઈને જો શિશુહત્યા કે ઘાતકીપણાનો દોષ વહોરી લેવાનો થાય તો કંઈ નહિ, નરક ભોગવીશું! પણ અમને એક કૌતુહલનું કારણ જણાયું, સોનાના ટુકડાના બાપ મિન્ટોની વાણી તો જાણે સાંભળી, પણ માનનીય મિ. ગોખલે, જેઓ 'સોનાર ચૉંદ'ના માતૃસ્વરૂપ છે, તેઓ શાથી મૂંગા મૂંગા સંતાનની નિંદા સહી રહ્યા હશે? કે પછી આપણા ગોપાલ-કૃષ્ણ હિંદુપંચના ધ્વંસને લઈને વિજયના આનંદની મસ્તીમાં સમાધિસ્થ થઈ ગયા તો નથી ને? એમ લાગે છે કે સૂતક લાગવાને કારણે થોડા દિવસ અશૌચ સ્થિતિમાં ગાળી રહ્યા હશે, વળી વખત જતાં પાછા સભ્ય સમાજમાં મોઢું બતાવશે.

લાહોર કન્વેન્શન

લાહોરના કન્વેન્શનનું ભાગ્ય નિબિડ મેઘાચ્છન્ન નીવડયું છે. બંગાળ અપ્રસન્ન છે, પંજાબ અસંતુષ્ટ છે, દેશના ઘણા ભાગના લોકો બહિષ્કૃત છે, અથવા તો જોડાવાને ઈચ્છા ધરાવનારા નથી. ફિરોજશાહે જણેલું, હરકિશન-લાલે પાળેલું, ગવર્નમેન્ટે લાલનપાલન કરેલું કન્વેન્શન મહા કષ્ટે પોતાના પ્રાણ રક્ષી રહ્યું હતું. અને અંતે આ શો વજ્રઘાત! જે પ્રિય પિતાના પ્રેમે બંગાળાની મુશ્કેલીઓનો અસ્વીકાર કરીને પોતાને વિપત્તિમાં ગ્રસ્ત કર્યાં હતા, તે પિતા અને ઈષ્ટદેવતા ફિરોજશાહ મોઢું ફેરવીને બધી વિનંતીઓને ઠેલીને પોતાના ગુપ્ત વિચારોના અભેદ્ય તિમિરમાં ઈન્દ્રજિતની માફક અતર્ક્ય માયાયુદ્ધમાં પ્રવૃત્ત થયા! મુંબઈના 'સાંજ વર્તમાન'ના ટેલિગ્રામના ઉત્તરમાં હરકિશનલાલે દુખ સાથે જણાવ્યું છે કે પોતાના પદત્યાગનું કારણ જણાવવા ફિરોજશાહ અસંમત છે. એકાએક તેમના રહસ્યમય અનિર્દેશ્ય અતર્ક્ય દેવતાના

મુખ તરફ કરુણ શૂન્યદૃષ્ટિએ ભક્ત હાં કરીને મીટ માંડી રહ્યા છે. નવા સભાપતિને ઑલ ઈન્ડિયા "કૉન્ગ્રેસ" કમિટિ સિવાય કોણ ચૂંટી શકે? આ કમિટિનું સભાસ્થળ એટલે ફિરોજશાહનું શયનગૃહ. એટલે કમિટિની બેઠકમાં પ્રભુની ઈચ્છા વ્યક્ત થાય પણ ખરી. કોને ગળે ફિરોજશાહના સ્પર્શથી પુણ્યમય પરિત્યક્ત માળા એ પવિત્ર કરકમળથી પહેરાવાશે? વાચ્છાના ગળામાં, કે માલવિયાના કે પછી ગોખલેના? આપણા સુરેન્દ્રનાથનું નામ પણ બોલાય છે, પણ ફિરોજશાહ ઉચ્છિષ્ટ સભાપતિત્વ તેમની કૃપાના દાન-સ્વરૂપે ગ્રહણ કરીને તેઓ બંગાળીઓના અપ્રીતિભાજન થાય, એટલે એ આશા રાખવી ઉચિત નથી. ગોખલે ફિરોજશાહનો બીજો આત્મા છે, વાચ્છા તેમના આજ્ઞાવાહક ભૃત્ય છે. માલવિયાને આ મોટા પદે નિયુક્ત કરીને ભલે કમિટિ સ્વાધીનતાનો રંગ રાખે!

ધર્મ
સંખ્યાંક, ૧૬
પોષ, ૫, બં. ૧૩૧૬

બૅન્ગૉલીની ઉક્તિ

અમારું સહયોગી "બૅન્ગૉલી" યુક્તમહાસભા કમિટિનું નિષ્ફળ પરિણામ જોઈને આક્ષેપપૂર્વક લખે છે કે રાષ્ટ્રીય પક્ષના પ્રતિનિધિઓ ક્રીડમાં સંમત થયા નહિ, ક્રીડમાં સહી ન કરવાથી કોઈ મહાસભામાં આવી શકે નહિ; અને અલ્ટિમેટમ આપ્યા છતાં પણ તે આશા રાખે છે કે હજુ મિલનની આશા રાખી શકાય, બન્ને પક્ષો જોડાઈને વળી પાછા એક સાથે દેશના કાર્યમાં લાગી જઈ શકે છે. આ જાતની ભ્રાંત ધારણા જ્યાં લગી મધ્યપંથી નેતાઓના મનમાંથી દૂર નહિ થાય ત્યાં લગી મિલનની આશા ફોગટ છે. જ્યાં લગી તેઓ પોતાની જીદ છોડવાને નારાજી દર્શાવે છે, ત્યાં લગી રાષ્ટ્રીય પક્ષ મિલનના કોઈ પણ પ્રયત્નમાં સાથ આપશે નહીં. કારણ કે, તેઓ જાણે છે કે સામા પક્ષે સાચા મિલનની ઈચ્છા નથી. દેશને ખોટી આશા આપવી અનુચિત ગણાય. રાષ્ટ્રીય પક્ષ થોડા જ વખતમાં પોતાનું વક્તવ્ય સર્વસાધારણની જાણ માટે પ્રગટ કરશે, તેમાં કયી શરતોએ મધ્યપંથીઓની સાથે તેઓ સંધિ કરી શકશે તે સ્પષ્ટ રીતે જણાવવામાં આવશે. જ્યારે મધ્યપંથીઓ મહેતા અને મોરલીની સફળ રાજનીતિથી અસંતુષ્ટ થઈને આ શરતો માનીને અમારી

પાસે સંધિને માટે આવશે, ત્યારે અમે ફરીથી યુક્ત મહાસભા સ્થાપવામાં પ્રયત્નશીલ થઈશું.

મિજલસના સભાપતિ

મહેતાના પદત્યાગથી બંગાળના મધ્યપંથીઓ એવી એક પ્રબળ આશાથી ફુલાઈ ગયા હતા કે હવે કદાચ સુરેનબાબુનો વારો આવશે, બંગાળના આ મધ્યપંથી નેતા કન્વેન્શનના સભાપતિ થશે, બૉયકોટનો ઠરાવ સ્વીકારાશે, અને બંગાળની જીત થશે. મધ્યપંથીઓનું ભાથું આશા જ છે અને સહિષ્ણુતા તેમનો મુખ્ય ગુણ છે! જેઓ હજારો વાર શ્વેતાંગવાળાઓની આનંદભરી લાતો ભોગવી હોવા છતાં વળી પાછા પ્રેમ કરવા દોડે છે, હજારો વાર આશાથી છેતરાઈને ગર્વભર્યું જણાવે છે કે અમે હજુ પણ નિરાશ થયા નથી, તેઓ સ્વેચ્છાચારી સ્વદેશવાસીઓના વારંવાર થતા અપમાનથી સાવધ થાય અથવા મહેતા મિજલસનો બંગ પ્રત્યેનો વિદ્વેષ જર્જરિત થતાં કંઈક શીખે અને આત્મસંમાન સાચવવાનો પ્રયત્ન કરે,—આ પ્રકારની આશા રાખવી ફોગટ છે. મહેતાની મિજલસ કૉન્ગ્રેસ પણ નથી, કન્વેન્શન પણ નથી. જેઓ મહેતાના સૂરની સાથે સૂર મિલાવી શકે, મહેતાના શ્રીચરણે સ્વાધીન મત અને આત્મસંમાન જતું કરવા તૈયાર હોય, તેમને જ માટે આ મિજલસ છે. જેઓ આ મહેતા-પૂજાની "ક્રીડ"નો અસ્વીકાર કરીને પ્રવેશ કરશે, તેઓ વગર નોતર્યા મહેમાનની માફક અપમાનિત થશે અને જો અપમાનને પણ નહિ ગણકારે તો છેલ્લે ગડદાપાટુ ખાઈને મિજલસનો ત્યાગ કરવાની ફરજ પડશે. શું તેઓ એમ માની બેઠા છે કે પદત્યાગ કરવાથી મજલિસના સુકાનીએ સુકાન છોડયું છે? અમે તો ત્યારે પણ જાણી જ ગયા હતા કે મદનમોહન જ સભાપતિ થશે. મિજલસના પરમેશ્વરે એ આજ્ઞા આપી છે, તેમની મુંબઈવાસી આજ્ઞાંકિત મંડળીએ એ આજ્ઞા દેશને જણાવી છે, ઑલ ઈન્ડિયા કૉન્ગ્રેસ કમિટિએ પણ શિર ઝુકાવ્યું છે. બંગાળના થોડાઘણા પ્રતિનિધિઓ નિયુક્ત થયા છે, કલકત્તા અને ઢાકામાંથી; પણ અન્યત્ર કોઈ પ્રત્યુત્તર મળ્યો નથી. કેટલા જશે તે અમે જાણતા નથી. જેઓ જાય તેઓ એટલું જાણીને જાય કે પોતે બ્રિટિશ ઈન્ડિયન એસોસિયેશનના પ્રતિનિધિ તરીકે જઈ રહ્યા છે. તેઓ બંગાળના પ્રતિનિધિઓ નથી.

વિલાયતમાં રાષ્ટ્રવિપ્લવ

વિલાયતના પુરાણા બ્રિટિશ રાજતંત્રને વિષે જે મહાન સંઘર્ષ શરૂ થયો છે, તેનાં પૂર્વ લક્ષણ પણ ઉગ્ર અને ભયસંચારક છે. ઇંગ્લેંડનો લોકમત શી રીતે ઉત્તેજિત અને ક્રુદ્ધ થઈ રહ્યો છે તે રોઈટરના સમાચારમાં દરરોજ પ્રગટ થતું રહે છે. ઘણા સમય બાદ ત્યાં ખરી રાજનૈતિક ઉત્તેજના અને પક્ષે પક્ષે વિદ્વેષ જણાઈ રહ્યાં છે. શરૂઆતમાં સામાન્ય રીતે જે બને તે થયું છે,—ઉદારનીતિવાળા મંત્રી મિ. ઉરની વકતૃતાને વખતે ચિત્કાર અને વિરોધ કરનારાઓની ધાંધલ, પછી જબરદસ્તીથી સભાભંગનો પ્રયત્ન. રક્ષણશીલ પક્ષના વક્તાઓ પણ, ખાસ કરીને જમીનદારવર્ગ, પ્રજાના અસંતોષને લઈને એ જ રીતની મુશ્કેલીઓ અનુભવવા લાગ્યા; હવે મુખ્ય મુખ્ય મંત્રીઓ અને વિખ્યાત વક્તાઓ સિવાય કોઈ રક્ષણશીલ રાજનીતિવિદ મુશ્કેલી વગર પોતાનો મત પ્રગટ કરી શકતા નથી, ઘણી સભાઓમાં એક શબ્દ પણ બોલી શકાતો નથી. કયાંક કયાંક સુરત મહાસભાનો અભિનય વિલાયતમાં થતો લાગે છે. આપણે જોઈએ છીએ કે મોટા મોટા રક્ષણશીલ રાજનીતિજ્ઞો પણ મુશ્કેલીઓ અનુભવી રહ્યા છે. તેથીયે વધુ ઉગ્ર લક્ષણ દેખાય છે અને તે છે જાનહાનિનો પ્રયાસ. ઉરની એક સભામાં તે ઘરના કાચના દરવાજા એક જાતના તોડી પાડવાના સાધનથી (battering ram) ચૂરેચૂરા થઈ ગયા છે, ઘણાઓને ઈજા થઈ છે. વળી બીજી એક રક્ષણશીલ પક્ષની સભામાં બળપૂર્વક સભા તોડી નાખવામાં આવી છે, તે પક્ષના સ્થાનિક કાર્યકર્તાઓને નિર્દય પ્રહાર દ્વારા બેભાન કરવામાં આવ્યો છે, ચૂંટણીનો એક ઉમેદવાર નાસી છૂટીને વિપત્તિ-માંથી બચી શકયો છે. આવાં બધાં લક્ષણો રાષ્ટ્રના વિપ્લવનાં સૂચક છે. દરરોજ એ લક્ષણો ઉગ્ર થતાં જાય છે. શંકા જાય છે કે કદાચ ચૂંટણીને સમયે રક્ષણશીલ નિર્વાચક વર્ગને મત આપવા દેવામાં આવશે કે નહિ.

ગોખલેનું મુખદર્શન

ગોખલે મહાશયનું સૂતકને લઈને અશૌચ ચાલ્યું ગયું છે. વળી તેમણે મુખદર્શન કરાવ્યું છે. તેમની અમૂલ્ય વાણી પણ સંભળાવા લાગી છે. રાષ્ટ્રીય પક્ષના નૃસિંહ ચિંતામણિ કેલકર દુષ્ટ સરસ્વતીને આવેશે નવી વ્યવસ્થાપક સભામાં ચૂંટણીના ઉમેદવાર થયા છે, મુંબઈના લાટ સાહેબે કેલકરને અયોગ્ય વ્યક્તિ ગણીને તેમની ચૂંટાવાની લાલસાને મના કરી છે. આથી કેલકર પણ શરમ છોડીને લાટ સાહેબને રીઝવવા ગયા હતા, પણ લાટ સાહેબે આ

ઉત્કટ પ્રતિરોધનો ઉપયુક્ત ઉત્તર આપ્યો છે. આપણા ગોપાલકૃષ્ણ વિચારવા લાગ્યા : ઠીક થયું છે, ગવર્નમેન્ટ ભલે તેમને કઠોર અને નિર્દય ભાવે દબાવે, હું આ અવસરે તેમના પ્રત્યે જરા મીઠો હાથ લંબાવું. મારા પર લોકોની જે ઘૃણા અને ગુસ્સો ઊતર્યાં છે તે ઓછાં થઈ જશે. એટલે જ તેમના "દક્ષિણસભાના" અધિવેશનમાં ગોખલેએ કેલકરના પક્ષનું સમર્થન કર્યું અને તેમના બંધુ કલાર્કને મીઠો ઠપકો આપ્યો. તેમણે જણાવ્યું કે કેલકર અયોગ્ય નથી, યોગ્ય વ્યક્તિ છે, પોતે તેમને જુવાન હતા ત્યારના ઓળખે છે, ઉત્તમ સલાહ આપી શકે તેમ છે. કેલકર રાજદ્રોહી નથી, વિકૃતમસ્તિષ્ક નથી. લાટ સાહેબ આ બાબત ફરીથી વિચારે તો સારું.

ગોખલેનું સ્વસંતાન સમર્થન

ગોખલે મહાશય પોતાના સુધારાઓ રૂપી સંતાનની વાત પણ બોલ્યા છે. તેમણે કહ્યું છે : મારું પ્રિય સંતાન ખૂબ સુંદર બાળક છે, શાંત છે, શિષ્ટ છે; આખા દેશના આદરને પાત્ર છે. પણ ગવર્નમેન્ટે તેને જે રેગ્યૂલેશનરૂપી વસ્ત્ર પહેરાવ્યું છે, તેને કારણે જ ધમાલ છે, સોનાના ટુકડા જેવા બાળકનું રૂપ વ્યક્ત થઈ શકતું નથી. વાંધો નહિ. સોનાના ચાંદનો આદર કરો, પોષણ કરો, વસ્ત્ર કેટલા દિવસ રહેશે. થોડા વખતમાં જ પ્રાણાલિકાપૂર્વકની વેશભૂષા પહેરાવીને તેનું નિર્દોષ સૌન્દર્ય સૌને જણાઈ આવશે. મુંબઈના લાટ સાહેબે પણ આજ ઉપદેશ દીધો છે. દેશ શું એટલો બધો અશિષ્ટ અને રાજદ્રોહી થઈ ગયો છે કે લાટ સાહેબની વિનંતિ અમાન્ય કરશે? ગોખલેને છાજે તેવી વાત તો ખરી!

ધર્મ
સંખ્યાંક, ૧૭
વૈશાખ, ૧૨, બં. ૧૩૧૬

પ્રસ્થાન

લાહોરના ધનીપુંગવ હરકિશનલાલના નિમંત્રણને માન આપીને જેઓએ પ્રસ્થાન કર્યું છે, તેઓ કન્વેન્શન રૂપી યજ્ઞમાં મોરલીને શ્રીચરણે સ્વદેશની બલિ અર્પી રહ્યા છે, શાસનસંસ્કાર રૂપી પીસવાના યંત્રમાં જન્મભૂમિના

ભાવિ ઐકયને અને સ્વાધીનતાને પીસીને તેના ટુકડે ટુકડા કરવા બેઠા છે; આમ હોઈને જેઓ ભારતના સચિવને ધન્યવાદ દેવા આનંદપૂર્વક સુખપૂર્વક નાચતા કૂદતા જઈ રહ્યા છે તેઓ દેશના નેતા છે, માનનીય છે, ધનીલોક છે, તેમનું આ stake દેશમાં છે, સંમાન છે, પ્રતિષ્ઠા છે. અમને લાગે છે કે આ ધનસંપત્તિ, આ સંમાન, આ પ્રતિષ્ઠા અંગ્રેજોની દેણગી છે, દેશમાતાની નથી; અને તેને લઈને તેઓ કૃતઘ્નતા તેમ જ બેઆબરૂને ભયે જન્મભૂમિની ઉપેક્ષા કરીને મોરલીને જ જોઈ રહ્યા છે. એક બાજુ છે ગરીબ મા, બીજી બાજુ છે વરદાતા, શાંતિરક્ષક, સંપત્તિરક્ષક ગવર્નમેન્ટ. જેઓ માને ચાહે છે તેઓ એક દિશામાં જશે, જેઓ પોતાને ચાહે છે તેઓ બીજી દિશામાં જશે. પરંતુ હવે પછી બન્ને બાજુ રહેવાનો પ્રયત્ન ના કરે, બન્ને બાજુનો દેય પુરસ્કાર અને અનુકૂળતા ભોગવવાની ખોટી આશા પોષે નહિ, એમ અમારી વિનંતી છે. જેઓ કન્વેન્શનમાં જોડાવા નીકળી પડયા છે, તેઓ પોતાની લોકપ્રિયતા, દેશવાસીના હૃદયમાં તેમની પ્રતિષ્ઠા અને દેશહિતૈષિતાનું ગૌરવ પગ તળે રગ-દોળીને તે કુસ્થાને જવા તલપાપડ થઈ રહ્યા છે. આ પ્રસ્થાન તેમનું રાજ-નૈતિક મહાપ્રસ્થાન થશે!

હરકિશનલાલનું અપમાન

તેજસ્વી સ્વદેશ હિતસ્વી અંગ્રેજને કદી પણ દેશદ્રોહીનું સંમાન કરવાનું ગમે નહિ. કદાચ પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિને માટે થોડા દિવસ મૌખિક શિષ્ટાચાર અને પ્રીતિ દાખવે, તેમ છતાં હૃદયમાં અવજ્ઞા અને અસંમાનનો ભાવ છુપાયેલો હોય. પંજાબના હરકિશનલાલ મનનાં માને છે કે પોતે રાજ-પુરુષોના ઘણા માનીતા છે, પંજાબના લોકો પર દબાણ કરીને કન્વેન્શન ભરી રહ્યા છે, રાજપુરુષોની મદદથી સ્વદેશી વસ્તુઓનું પ્રદર્શન ભરી રહ્યા છે, ગવર્નમેન્ટની પાસે તેમનું બધું માન જળવાશે. હરકિશનલાલ પંજાબ વિશ્વવિદ્યાલયના પ્રતિનિધિ થવાને માટે આતુર છે, તેમનું નામ પણ નિર્વાચનપ્રાર્થીઓમાં જણાયું હતું. પરંતુ કોઈ નિયમના ભંગને કારણે તે નામ સ્વીકારાયું નહિ. આને લઈને લાલાજીને ઘણું લાગી આવ્યું છે. કન્વેન્શનના હરકિશનલાલ, ગવર્નમેન્ટના હરકિશનલાલ પ્રતિનિધિ નહિ થાય, તેમનું નામ સરખું સ્વીકારાય નહિ, એ તે કેવી વાત! કોની છે આટલી બધી ધૃષ્ટતા! ઊભા રહો! ગવર્નમેન્ટને લખું, બધાને સ્વાદ ચખાડું! પણ તેમના આવેદનની ઊંધી અસર થઈ. પંજાબ ગવર્નમેન્ટે લાલાજીને પદવીથી દૂર કરીને એક જ લસરકે, તેમનું

નિવેદન અસ્વીકાર્ય ગણ્યું છે : નિયમને અનુસરીને હરકિશનલાલનું નામ પાછું ફર્યું છે અને એમ જ રહેશે. અને વાત તો ન્યાય્ય છે, કે એક વ્યક્તિને ખાતર નિયમમાં ભંગ થવા દેવો એ સભ્ય રાજતંત્રની પ્રથા ન હોઈ શકે. પરંતુ જ્યારે હરકિશનલાલ મોરલી અને મિન્ટોનાં મન ખુશ કરવાને ખાતર પ્રાણપર્યંત મથ્યા હતા, ત્યારે તેમના નામના અસ્વીકાર પહેલાં તેમને સાવધ કરી શકાતા હતા, ભૂલ સુધારી શકાતી હતી. અમને લાગે છે કે આ અપમાન જાણીબૂજીને કરવામાં આવ્યું છે, મધ્યપંથી પક્ષને પાઠ આપવા કરવામાં આવ્યું છે. રાજપુરુષો મધ્યપંથીઓને પોતાના પક્ષમાં ખેંચવા માગે છે,– પણ કેવા છે એ મધ્યપંથીઓ ? જે મધ્યપંથીઓ એક હાથે ગવર્નમેન્ટના પગ દાબવા અને બીજે હાથે તેમનું ગળું ટૂંપવા ટેવાયેલા છે, ગવર્નમેન્ટની નિંદા પણ કરે, તેમની કૃપાનું દાન પણ સ્વીકારે, – એવા મધ્યપંથીઓની હવે અંગ્રેજોના બજારમાં કિંમત નથી. સંપૂર્ણ રાજભક્ત સંપૂર્ણ સહકાર આપી શકે એવા મધ્યપંથી થાઓ; નહિ તો ચરમપંથીઓની માફક તમે પણ બહિષ્કૃત થઈ જશો. જે ઉદ્દેશ્ય નૂતન કાઉન્સિલના નિયમોનો છે, તે જ ઉદ્દેશ્ય હરકિશનલાલનું અપમાન કરવાનો પણ છે.

હવે જાગો

હે બંગવાસીઓ ! ઘણાય દિવસો ઊંઘ્યા. જે નવજાગરણ આવ્યું હતું, જે નવપ્રાણસંચારક આંદોલન સમસ્ત ભારતને હલમલાવી રહ્યું હતું, તે નિર્વીર્ય થઈ ગયું છે; મરતું મરતું, અડધાપડધા અગ્નિની માફક કંઈક પ્રજ્વલી રહ્યું છે. અત્યારે સંકટની પરિસ્થિતિ છે; જો બચાવવા માગતા હો, મિથ્યા ભય, મિથ્યા કૂટનીતિ અને આત્મરક્ષણનો પ્રયત્ન તજી દઈને માત્ર માતાની તરફ મીટ માંડીને વળી એકઠા થઈને કામે લાગી જાઓ. જે મિલની અત્યાર લગી રાહ જોઈ રહ્યા હતા, તે આશા વ્યર્થ ગઈ છે. મધ્યપંથીઓ રાષ્ટ્રીય પક્ષની સાથે મળવા માગતા નથી, તેમનો કોળિયો કરી જવા ઈચ્છે છે. એવા મિલનથી જો દેશનું હિત થતું હોત, તો અમને હરકત નહોતી. જેઓ સત્યપ્રિય હોય છે, મહાન આદર્શોની પ્રેરણાથી અનુપ્રાણિત થતા હોય છે, જેઓ ભગવાન અને ધર્મને એકમાત્ર સહાય ગણીને કર્મક્ષેત્રમાં અવતીર્ણ થયા હોય છે, તેઓ કદાચ આમાંથી દૂર ચાલ્યા જાત. જેઓ કૂટનીતિનો આશ્રય લેવા સંમત હોય, તેઓ મધ્યપંથીઓની સાથે જોડાઈને મહેતાનું આધિપત્ય સ્વીકારીને, મોરલીની આજ્ઞાને માથે ચડાવીને દેશનું હિત કરત. પરંતુ એ પ્રકારની કૂટનીતિથી

ભારતનો ઉદ્ધાર થવાનો નથી. ભારત ઊઠશે ધર્મને બળે, સાહસને બળે, સત્યને બળે. એટલે જેઓ રાષ્ટ્રીયતાના મહાન આદર્શને માટે સર્વસ્વ ત્યાગ કરવા તૈયાર હોય, જેઓ જનનીને વળી મોખરે, શક્તિશાલિની જ્ઞાનદાયિની વિશ્વ-મંગલકારિણી ઐશ્વરી શક્તિ માનીને માનવજાતિની સમક્ષ પ્રગટ કરવાને ઉત્સુક હોય, તેઓ એકઠા થાઓ; ધર્મબળથી, ત્યાગબળથી બળવાન બનીને માતૃકાર્ય શરૂ કરો. માતાનાં હે સંતાન! આદર્શ ભ્રષ્ટ થયો છે, વળી ધર્મને માર્ગે ચડો. પરંતુ હવે કોઈ ઉદ્દામ ઉત્તેજનાને વશ થઈને કોઈ પણ કાર્ય ન કરો. સૌ મળીને એક પ્રતિજ્ઞા, એક પંથ, એક ઉપાય નક્કી કરીને જે ધર્મસંગત હોય, દેશનું હિત અવશ્ય સાધનારું હોય તે કરતાં શીખો.

નાશિકમાં ખૂન

નાશિકવાસી સાવરકરે કેટલી ઉદ્દામ કવિતાઓ લખી હતી, તેને કારણે અંગ્રેજોના ન્યાયાલયમાં તેમને જીવનપર્યંત દેશનિકાલની સજા થઈ. સાવર-કરના એક નાના ચાહકે નાશિકના કલેકટર જૅકસનને ઠાર કર્યો અને એ રીતે વેર વાળ્યું. રાજનૈતિક હત્યાની બાબતમાં અમે અમારો અભિપ્રાય પહેલાં જ પ્રગટ કર્યો છે, એનું વારંવાર પુનરાવર્તન કરવું ફોગટ છે. બધાં અંગ્રેજી પત્રો ક્રોધથી અધીરા થઈને આખા ભારત પર એ હત્યાનો દોષારોપ કરીને ગવર્ન-મેન્ટને વધુ કઠોર ઉપાય યોજવાનું જણાવી રહ્યાં છે. આનો અર્થ એ થયો કે કોણ દોષી છે, કોણ નિર્દોષી છે, એનો વિચાર કર્યા વગર જેને માટે સંદેહ થાય તેને પકડો, જેને પકડો તેને દેશનિકાલ કરો, બીજા દ્વીપ પર મોકલી આપો, ફાંસીને માંચડે લટકાવો. જેઓ સરકારની વિરુદ્ધમાં કંઈક બોલે તેમને ખતમ કરો. દેશમાં ઘન અંધકાર, ગભીર નીરવતા, પરમ નિરાશા ચારે બાજુ ફેલાવી દો, — આથી પણ જો રાજદ્રોહનો તણખો ચેતે નહિ તો ગુપ્ત વહ્નિ હોલવાઈ જવાનો. આવો ઉન્મત્તનો પ્રલાપ સાંભળીને બ્રિટિશ રાજનીતિની શોચનીય અવનતિ જોઈને દયા પણ આવે છે, વિસ્મય પણ થાય છે! જો પહેલાંની એ પુરાણી રાજનૈતિક કુશળતાનો એક ભગ્ન અંશ પણ રહ્યો હોત, તો તમને સમજાત કે અંધકારમાં જ હત્યાકારીને ફાવતું હોય છે, નીરવ-તામાં જ ઉન્મત્ત રાષ્ટ્રવિપ્લવકારીની પિસ્તોલ અને બૉમ્બનો અવાજ વારંવાર સંભળાતો હોય છે, અને નિરાશા જ ગુપ્ત મંડળીની આશા હોય છે. જેથી કરીને આવી રાજનૈતિક હત્યાનો આશરો લેવાની પ્રવૃત્તિ દેશમાંથી ચાલી જાય એવો પ્રયત્ન તો અમે પણ કરવા તૈયાર છીએ. પરંતુ તેનો એકમાત્ર ઉપાય

છે કે વૈધ ઉપાયો દ્વારા ભારતની રાજનૈતિક ઉન્નતિ અને તેની સ્વાધીનતા સાધી શકાય એ હકીકતને કાર્ય દ્વારા અમલી બનાવવી. માત્ર મોઢે મોઢે કહ્યે લોકોમાં વિશ્વાસ નહિ આવે, તેને સમજાવવા માટે તેનો અમલ થવો જરૂરી છે. એ પુણ્ય કાર્યમાં તમે પણ મુશ્કેલીઓ ઊભી કરી શકો તેમ છો. પરંતુ તેમ કરવાથી જેમ અમારો વિનાશ થશે, તેમ તમારા વિનાશની પણ સંભાવના છે જ.

ધર્મ
સંખ્યાંક, ૧૮
પોષ, ૧૯, બં. ૧૩૨૬

મુમૂર્ષુ કન્વેન્શન

આપણા કન્વેન્શનપ્રિય મહારથીઓ લાહોરમાં મહેતા મિજલસ ભરવા કટિબદ્ધ થયા હતા. પંજાબી પ્રજાગણ કન્વેન્શન ઈચ્છતો નથી, અનેક રીતે તેમની અનિચ્છા અને અશ્રદ્ધા જણાવ્યાં હતાં, પણ હરકિસનલાલ જિદ્દી છે. લોકમતને દબાવવા માટે કન્વેન્શન ઊભું કરવામાં આવ્યું છે, પંજાબના લોકમતને દબાવીને રાજપુરુષોની પ્રસન્નતા પર નિર્ભર રહીને જો લાહોરનું કન્વેન્શન ભરી શકાય, તો મહેતા મિજલસનું અસ્તિત્વ સાર્થક થાય. આ પ્રકારની હઠનું પૂરતું પરિણામ મળી ગયું છે. આખા ભારતવર્ષમાંથી સરેરાશ ત્રણસો પ્રતિનિધિઓ મહેતા મિજલસમાં હાજર રહ્યા હતા અને શ્રોતાઓની સંખ્યા એટલી ઓછી હતી કે સામાન્ય કદવાળો બ્રાડલો હૉલનો અડધો ભાગ માત્ર ભરાયો હશે. આવા સૂના મંદિરમાં થોડાએક પૂજારીઓનો હતાશ પુરોહિતગણ બ્રિટિશ રાજ્યલક્ષ્મીનાં અનેક સ્તવસ્તોત્રથી સંતુષ્ટ થઈને, તેમના ચરણકમળમાં અનેક આવેદનનિવેદન રૂપ ભેટ ધરીને, ભક્તોનો ઉપયુક્ત સત્કાર થયો ન હોવાથી આછી ભર્ત્સના સંભળાવીને પોતાના આર્યકુળમાં થયેલા જન્મને ચરિતાર્થ કર્યો હતો. જુઓ તો ખરા કે મહેતા મિજલસ ભેટપૂર્વક પોતાને રાષ્ટ્રીય મહાસભાને નામે ઓળખાવે, અને રાષ્ટ્રીય મહાસભાના કયા અધિવેશનમાં અડધા ખાલી મંડપમાં મુઠ્ઠીભર પ્રતિનિધિઓ આવું હાસ્ય ઉપજાવે એવું પ્રહસન કરે,– સાંભળ્યું છે ક્યાંય? તમારી મિજલસ સભા ભલે હોય, પરંતુ "મહા" પણ નથી, "રાષ્ટ્રીય" પણ નથી! જે સભામાં રાષ્ટ્ર જોડાવા અસંમત હોય તેને વળી 'રાષ્ટ્રીય' નામ!

સમય સ્થાનનું પ્રમાણ

બ્રિટિશ રાજ્યલક્ષ્મીએ ઉત્તર સમુદ્રની પેલી પાર રહીને જ્યારે રૉઈટર ટેલિગ્રામ રૂપી દૂતને મુખે આ બધાં સ્તવસ્તોત્રો સાંભળ્યાં, ત્યારે તેમના મનમાં રહેલી છૂપી મશ્કરી અને અવજ્ઞાને મનમાં રાખીને ખુશ થઈને હસ્યાં કે નહિ, તેની અમને ખબર નથી. કદાચ પ્રતિનિધિની ચૂંટણીના બુમરાણમાં માલવિયા, ગોખલે ને સુરેન્દ્રનાથના ક્ષીણ સ્વર દબાઈ ગયા હશે. કોણ જાણે, કદાચ, પૂજ્ય અંગ્રેજરૂપી દેવો એ પણ ન જાણતા હોય કે હરકિશનલાલે રાજભક્તિને ચરિતાર્થ કરવી, એને કન્વેન્શનનો ચરમ ઉદ્દેશ્ય ગણીને આમ કર્યું હોય! વાંધો નહિ, કલકત્તામાં રહેલાં અંગ્રેજ સમાચારપત્રોએ પોતાના ચાલકગણ બ્રિટાનિયાને નામે પૂજા સ્વીકારી હોય! લાહોરની એ કલંકકહાણી એળે ગઈ નથી! ઈન્ડિયન ડેઈલિ ન્યૂઝે મુક્ત હાથે આશીર્વાદ વરસાવ્યા છે, સ્ટેટ્સમેને એ મીઠી ભર્ત્સનાનો મધુર ભાવ સમજ્યા વગર કંઈક અસંતુષ્ટ થઈને પણ પૂજામાં પોતાનો સંતોષ પ્રગટ કર્યો છે, ઈંગ્લિશમેન પણ ગાળાગાળી ન કરી શકવાને કારણે આડાઅવળા વક્ર કટાક્ષ કરીને પણ હરકિશનલાલની રાજભક્તિનો અસ્વીકાર કરી શકયું નથી! દેશ-વાસીઓનો અસંતોષ, ઍંગ્લોઈન્ડિયનગણની પ્રીતી અને પ્રશંસા, મહેતા મિજલસના પરિપોષકગણનો ઉપયુક્ત પુરસ્કાર ગણાય.

નેતા દેખાય છે, પણ સૈન્ય ક્યાં?

કન્વેન્શનની અપૂર્વ બહાદુરી એ છે કે ભારતના જે જે મોટા નેતાઓ છે તે બધાય પ્રધાન ફિરોજશાહ સિવાય હાજર હતા; પણ તેમને અધીન સૈન્યે લાહોરની ભયંકર ઠંડીને ભયે કે બીજા કોઈ કારણે નેતાઓના સાહસથી સાહસાન્વિત થયા વગર પોતપોતાનાં ઘરોમાં ક્રિષ્ટમસની રજાઓ ગાળી. બંગાળમાંથી અંબિકાબાબુ સિવાય જેટલા નેતાઓ ગયા હતા, જેમકે સુરેનબાબુ, ભૂપેશબાબુ, આશુબાબુ, યોગેશબાબુ, પૃથ્વીશબાબુ વગેરે, તો તેમના સૈન્યમાંથી કોઈની સંખ્યા બે, કોઈની ત્રણ, કોઈની વળી પાંચ એમ કહેવાય છે. મદ્રાસમાંથી બાર જણ ગયા હતા: એક દીવાન બહાદુર એ મોટી સેનાના નેતા હતા અને કેટલા નેતા હતા તેના બરાબર સમાચાર હજી આવ્યા નથી. મધ્યપ્રદેશ-માંથી પાંચછ જણ ગયા હતા અને એ બધા જ નેતાઓ, કારણ કે મધ્યપ્રદેશમાં પાંચછ સિવાય વધારે મધ્યપંથી નેતાઓ નથી. સંયુક્ત પ્રદેશમાંથી મહારથી માલવિયા, ગંગાપ્રસાદ અને કેટલાક રાજાઓ, સાહેબજાદાઓ વગેરે ગયા હતા.

તેમનું સૈન્ય હતું : કોઈ કહે છે ત્રીસનું, કોઈ કહે છે સાઠનું, કોઈ કહે છે ઓંશીનું. માત્ર પંજાબમાં આ ક્રમ સચવાયો નહીં : ત્યાંના એકમાત્ર નેતા હતા હરકિશનલાલ અને બીજું સૈન્ય. ગ્રીક પ્રતિનિધિ કિનિપાસ રોમન સેનેટમાં હાજર થઈને બોલી ઊઠયા હતા : "આ સભાનો દરેક સભ્ય એક એક રાજા છે!" ("This is a senate of kings!") આપણે પણ કન્વેન્શનને જોઈને કહી શકીએ : "આ મહાસભામાં પ્રત્યેક સભ્ય એક એક નેતા છે!" ("This is a Congress of leaders!") પરંતુ સૈન્ય ક્યાં?

શ્રી રામકૃષ્ણ અને ભાવિ ભારત

ભગવાન શ્રી રામકૃષ્ણદેવનાં વચનો અને તેમના વિષે જે બધાં પુસ્તકો લખાયાં છે તે વાંચવાથી સમજી શકાય છે કે દેશમાં જે નૂતન ભાવ સંગઠિત થઈ રહ્યો છે, જે ભાવરાશિ સમગ્ર ભારતવર્ષને તરબોળ કરી રહ્યો છે, જે ભાવતરંગમાં મત્ત થઈને કેટલાય યુવકો પોતાનું સર્વસ્વ તુચ્છ ગણીને પોતાના જીવનની આહુતિ આપી રહ્યા છે, એવા ભારતને વિષે તેઓ કંઈ જ બોલ્યા નથી, સર્વ પ્રાણીના અંતર્યામી ભગવાને તે જોયું નથી, — એ વાત કેવી રીતે માની શકાય તેવી છે? જેમના પાદસ્પર્શથી પૃથ્વીમાં સત્યયુગ આવ્યો છે, જેમના સ્પર્શને લઈને આ ધરણી સુખમાં મગ્ન છે, જેમના આવિર્ભાવને લઈને યુગયુગથી સંચિત તમોભાવ નાશ પામ્યો છે, જે શક્તિના માત્ર સામાન્ય ઉન્મેષથી દિગદિગન્તવ્યાપી પ્રતિધ્વનિ જાગ્રત થયો છે; જેઓ પૂર્ણ છે, યુગધર્મપ્રવર્તક છે, સઘળા અતીતકાળના અવતારોના સમષ્ટિસ્વરૂપ છે, — એવા તેઓએ ભાવિ ભારતને વિષે કંઈ જોયું નથી કે તે વિષે કંઈ બોલ્યા નથી, એ વાતમાં અમને વિશ્વાસ નથી. અમે એમ માનીએ છીએ કે તેઓ જે મોઢેથી બોલ્યા નથી તે તેઓ કાર્યમાં ઉતારી ગયા છે. તેઓ ભારતને, ભાવિ ભારતના પ્રતિનિધિને પોતાની સામે બેસાડીને તેનું ઘડતર કરી ગયા છે. ભાવિ ભારતના એ પ્રતિનિધિ તે સ્વામી વિવેકાનંદ. ઘણા લોકો એમ માને છે કે સ્વામી વિવેકાનંદનો સ્વદેશપ્રેમ પોતાનું આગવું દાન છે. પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં જણાય છે કે તેમનો સ્વદેશપ્રેમ પોતાના પરમ પૂજ્યપાદ ગુરુદેવનું જ દાન છે. તેમણે પણ કંઈ પોતાનું છે એવો દાવો કર્યો નથી. લોકગુરુએ તેમને જે રીતે ઘડયા તે જ ભાવિ ભારતને ઘડવાનો ઉત્કૃષ્ટ માર્ગ ગણાય. તેમની બાબતમાં કોઈ પણ નિયમનો વિચાર ન હતો. તેમણે તેમને સંપૂર્ણ વીર સાધકની રીતે ઘડયા હતા. જન્મથી જ તેઓ વીર હતા, એ જ

તેમનો સ્વભાવસિદ્ધ ભાવ હતો. શ્રીરામકૃષ્ણદેવ તેમને કહેતા : "તું તો 'લ્યા વીર ને!" તેઓ જાણતા હતા કે તેમની અંદર જે શક્તિ સંચરી રહી છે તે જ શક્તિની ખીલતી છટામાં કાળે કરીને દેશ પ્રખર સૂર્યકિરણની ઉષ્માામાં મ્હોરી ઊઠશે. આપણા યુવકોએ પણ એ વીર ભાવની સાધના કરવી પડશે. તેમણે ગભરાયા વગર દેશનું કાર્ય કરવું પડશે અને રાતદિવસ એ જ ભગવદ્ વાણી સ્મરણમાં રાખવી પડશે, "તું તો 'લ્યા વીર ને!"

ધર્મ
સંખ્યાંક ૧૯
પોષ, ૨૬, બં. ૧૩૧૬

કન્વેન્શનની દુર્દશા

મુંબઈના "રાષ્ટ્રમત"માં કન્વેન્શનના પ્રતિનિધિ તેમ જ પ્રેક્ષકગણની સંખ્યા પ્રગટ કરવામાં આવી છે. આ સમાચારપત્રના લાહોરના સમાચાર-પ્રેષક લખી જણાવે છે: "લાહોરની ક્રીડ કૉન્ગ્રેસના અધિવેશનમાં બધા મળીને ૨૨૪ પ્રતિનિધિઓ હાજર હતા, એમાંના અડધા તો પંજાબના રહીશ હતા. જેમણે પહેલાં રાજનીતિના ક્ષેત્રમાં કામગીરી બજાવી હોય એવા તો ઘણા જ થોડા જણાતા હતા. પ્રેક્ષકોની સંખ્યા છસો કે સાતસો હશે. વખતે વખતે હૉલના બન્ને ભાગ ખાલી જણાતા. એક પણ મુસલમાન પ્રતિનિધિ કે પ્રેક્ષક હાજર ન હતો. સભાપતિ માલવિયાએ ખૂબ કુશળતાથી કાર્યનું સંચાલન કર્યું હતું; નહિ તો ક્રીડ કૉન્ગ્રેસની વળી દુરવસ્થા થાત." સમાચાર પાઠવનારના છેલ્લા લખાણમાં કોઈ ગુપ્ત મતભેદની ગંધ આવે છે. સંભવત: શાસનસંસ્કારની બાબતમાં એ હોય; બન્ને પક્ષોની પરસ્પરની શરત કન્વેન્શનના તે વિષેના પ્રસ્તાવ જોવાથી સમજી શકાય છે. પ્રસ્તાવના શરૂઆતના ભાગની સાથે છેલ્લા ભાગનો સંપૂર્ણ વિરોધ જણાય છે. પ્રથમ અંશમાં મિન્ટો અને મોરલીની ઉદારતા, પ્રજાના મનનો સંતોષ કરવાનો ઉત્કટ અને વિકટ પ્રયાસ વગેરે ગુણોની આનંદપૂર્વક પ્રશંસા અને કૃતજ્ઞતાની પ્રબળ લહરી અને છેવટના અંશમાં કઠોર તેમ જ પ્રાય: અભદ્ર ભાષામાં ગાળાગાળી, ક્રોધ અને ઘૃણાનો પ્રબળ ઉછાળો જોવામાં આવે છે. આ હાસ્યકર અસંગત સંમેલનમાં માલવિયાની દક્ષતા જોવામાં આવે છે, અને કન્વેન્શન કરાળ અકાળ મૃત્યુમાંથી ઊગરી જઈને અલાહાબાદમાં તેમની શીતળ છાયામાં વળી પાછું ભરાવાની દુરાશા સેવી રહ્યું છે.

પક્ષાપક્ષી અને એકતાનો ડોળ

મનુષ્યમાત્ર વાતનો દાસ છે, વાક્‌દેવીની પૂતળી છે. ચિરપરિચિત શ્રુતિમધુર વાતો સંભળાવીને મનને નચવવું આપણા મધ્યપંથી ભાઈઓની એક પ્રકારની સિદ્ધિ છે. તેઓ અંગ્રેજ રાજનીતિજ્ઞોના શિષ્યો છે. જેમ અંગ્રેજો કાનને ગમતી એવી વાતો વારંવાર ઉચ્ચારે છે, – જેમ કે, બ્રિટિશ શાંતિ, બ્રિટિશ ન્યાયપરાયણતા, સ્વાયત્ત શાસનસંસ્કાર ઈત્યાદિ, અને એક વિશાળ સૂના અભાવના આવરણથી પોતાની ધારેલી કાર્યસિદ્ધિ કરવા ટેવાઈ ગયા છે, તેમ તેમના મધ્યપંથી શિષ્યો, "બ્રિટિશ ન્યાયપરાયણતાનાં ન્યાય-મંદિરો," "બ્રિટિશ પ્રજાની વિવેકબુદ્ધિ," "બ્રિટિશ સામ્રાજ્યભુક્ત અધિકાર" ઈત્યાદિ કર્ણમધુર સૂની વાતોથી દેશની બુદ્ધિને સંકટની સ્થિતિમાં મૂકીને આટલા સમયથી ભારતની ખરી ઉન્નતિનો યોગ્ય માર્ગ અટકાવી રહ્યા છે. હજુ પણ તે ટેવ ગઈ નથી. તેઓ રાષ્ટ્રીય પક્ષનો સ્વતંત્ર કાર્યપ્રણાલીનો દોર ચાલી રહ્યો છે એ જોઈને "પક્ષાપક્ષી", એકતા વગેરે લોકવિદિત અવાજો ઉઠાવીને લોકોનાં મનને નચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેમણે જ ક્રીડ અને કૉન્સ્ટી-ટ્યૂશન એવા બે ભાગ સર્જીને રાષ્ટ્રીય પક્ષને મોરલીની ખુશામતની ખાતર બહિષ્કૃત કર્યો, તેમણે જ હુગલી પ્રાદેશિક સમિતિમાં રાષ્ટ્રીય પક્ષનો કોઈ ઠરાવ સ્વીકારાતાં ઊઠી જઈને સમિતિમાં ભંગાણ પાડીશું એવો ભય બતાવ્યો હતો, રાષ્ટ્રીય પક્ષના નેતાઓની સાથે એકસાથે બેસીને કામ કરતાં તેમના નેતાઓ બીતા અને અનિચ્છા દર્શાવતા, કોઈ વિજ્ઞાપનપત્રમાં મધ્યપંથી નેતા-ઓના નામની સાથે પોતાના હસ્તાક્ષરની વાત થતાં "કામ નહિ, કામ નહિ, ગવર્નમેન્ટ ચિડાશે, મોટા લોકો ખિજાશે" એમ કહીને એ પ્રસ્તાવ ઉડાવી દેતા. અને તેમ છતાં અમારી ઉપર ઊલટું દબાણ લાવતાં શરમાતા નહીં. અમે જ જાણે કે પક્ષાપક્ષી કરીએ છીએ, સામાન્ય મતભેદને લઈને એકસાથે કામ કરવામાં અનિચ્છુક છીએ, કન્વેન્શનમાં ઢૂકી જઈને મહેતાને સમજાવવાનો પ્રયત્ન ન કરતાં અળગા રહીએ છીએ વગેરે! અત્યાર લગી અમે કોઈ મુશ્કેલી જણાવી નથી; દેશ, આંદોલન, રાજનૈતિક ક્ષેત્ર તમારા જ હાથમાં હતું; એનું પરિણામ એ થયું છે કે આખો દેશ મૂંગો થઈ ગયો છે, ભારત ઊંઘી રહ્યું છે, લોકોનાં ઉત્સાહ, સાહસ અને આશા લગભગ ભાંગી ગયાં છે. અમે દેશને જાગ્રત કરવા ઈચ્છીએ છીએ, તમને ઓળખી લીધા છે. અમને ખબર છે કે ઈચ્છા હશે તો પણ ભય અને આશંકા તમને કામ નહિ કરવા દે. ભલે વિપત્તિ આવો, દમન ચાલો, તોય અમે દેશનું કામ કરવાના, એ જ પ્રયત્ન ચાલી રહ્યો છે. લાગલો જ મધ્યપંથીઓનો અવાજ ઊઠે છે : વાહ, શું કરી

રહ્યા છો? એકમત થઈને કેવા લહેરથી નીરાંતે ઊંઘતા હતા! વળી પાછી પક્ષાપક્ષી! અમારી વહાલી એકતા ગઈ, રક્ષણ કરો, – મોતિલાલ ક્યાં, અનાથ-બંધુ ક્યાં, – અમારું રક્ષણ કરો! તમારા મનોભાવની ખબર છે: જો રાષ્ટ્રીય પક્ષ કાર્યપ્રણાલી મુજબ કાર્ય કરવા સમર્થ હોય, તો કાં તો તમારે એ કાર્યમાં જોડાઈને ગવર્નમેન્ટના અળખામણા થવું પડે, કાં તો નિશ્ચેષ્ટ રહીને અકર્મણ્ય અને ભીરુ થઈને દેશબાંધવોનું સન્માન અને તમારા નષ્ટપ્રાય નેતૃત્વનાં ભગ્નાંશો ગુમાવવાં પડે! આ રીતે લાંબા ગાળાની ટેવને લઈને ખોટી એકતાનો ડોળ કરીને, તમારી એ પ્રિય સુખકર નિશ્ચેષ્ટતાને માટે ઉદ્વેગ પ્રગટ કરો છો.

નિર્વાસનનો ભય

આપણા પોલીસ ભાઈઓ વારંવાર રટી રહ્યા છે કે હવે નિર્વાસનરૂપી બ્રહ્માસ્ત્ર ફેંકાશે, આ વેળા નવ નહિ પણ ચાળીશ જણને મોટરકારમાં, રેલમાં, "guide" જહાજમાં સરકારને ખર્ચે. અનેક દેશ અને જુદી જુદી જેલોમાં ફેરવીને લાવવાની શરૂઆત કરવી પડશે. પોલીસની આ યાદીમાં શ્રીયુત અરવિંદ ઘોષનું નામ તો સૌથી પ્રથમ છે. અમને કદાપિ સમજાયું નથી કે નિર્વાસન શું એવી ભયંકર વસ્તુ છે જેથી લોકો તેનું નામ સાંભળતાંકને ભયથી ટૂંટિયું વળી જઈને દેશનાં કાર્ય, કર્તવ્ય, મનુષ્યત્વ તજીને ધ્રૂજતા ધ્રૂજતા ઘરના ખૂણામાં મોં ઢાંકી દઈને ભરાઈ જશે! ચિદંબરમ્ જેવા કર્મવીરોએ બૉયકોટ પ્રચારના દોષે હસતે મોઢે કઠણ દંડ માથે ચઢાવ્યો હતો. તેની સરખામણીમાં આ દંડ સાવ તુચ્છ ગણાય, નહિ જેવો ગણાય. બહાર મહેનત કરતા હતા, અનેક પ્રકારની વિટંબણાઓની વચ્ચે દેશસેવા કરવાનો પ્રયાસ કરતા હતા; કદાચ, ભગવાન લૉર્ડમિન્ટો કે મોરલીને નિમિત્ત બનાવીને કહેતા જણાય છે કે જાઓ, નિશ્ચંત થઈને આરામ કરો, નિર્જનમાં મારું મનન કરો, ધ્યાન કરો, ગ્રંથ વાંચો, લખો, જ્ઞાનનો સંચય કરો, વિસ્તાર કરો. જનતામાં રહીને રસ મહાલતા હતા, નિર્જનતામાં રસ મ્હાણો. આ શું એવી ભયાનક વાત છે કે ભયથી કાયર થઈ જવાય? થોડાક દિવસો માટે પ્રિય જનોનાં મોઢાં નહિ જોઈ શકીએ. વિલાયત જઈએ ત્યારે શું થાય છે? છતાં ઘણા લોકો ત્યાં ફરવા જાય છે. ધારો કે ન ખાવા જેવું ખાઈને, ઉનાળામાં કે ઠંડીમાં કષ્ટ વેઠીને શરીર ભાંગી ગયું! ઘરમાં રહ્યાં પણ રોગના હાથમાંથી બચવાનો આરો નથી, ઘરમાં પણ માંદા પડાય, મરણ આવે. અદૃષ્ટમાં લખેલું કોઈ મિથ્યા કરી શકે નહીં. અને હિંદુને માટે તો વળી મરણની ભયંકરતા જ

નથી! દેહ ગયો, પુરાણાં કપડાં ગયાં, આત્મા તો મરતો નથી! હજારો વાર જન્મ્યા, હજારો વાર જન્મીશું. ધારો કે ભારતની સ્વાધીનતા ન આણી શક્યા, તો તેને ભોગવવા આવીશું. કોણ આપણને અટકાવી શકે તેમ છે? આટલો ભય શાનો? જુઓ ટ્રાન્સવાલના કૂલીઓનો મહદ્‌ભાવ; અને ભારતના શિક્ષિત લોકોનો આ હીન કાયરભાવ જોઈને લજિજત થઈ જવું પડે છે.

નિર્વાસન અસંભવ

અમારી ધારણા એ છે કે આ ભય માત્ર દંભ છે. ઠરાવ થયો છે, કદાચ ઈન્ડિયન ગવર્નમેન્ટની અનુમતિ પણ મળી ગઈ હોય; પણ લૉર્ડ મોરલી સંમત થાય એ વિષે અમે સહેલાઈથી માની શકતા નથી. નવ જણને નિર્વાસિત કરતાં લૉર્ડ મોરલીને ઘણું વેઠવું પડ્યું હતું, અને હવે ચોવીસ જણને નિર્વાસન દેશે? ખાસ કરીને એ તો જાણીતું છે કે લૉર્ડ મોરલી શ્રીયુત કૃષ્ણકુમાર મિત્ર વગેરે નવ જણને કારાવાસમાંથી મુક્ત કરવા ઉત્સુક છે, પણ ઈન્ડિયા ગવર્નમેન્ટની જીદને લઈને કરી શકતા નથી. આ સ્થિતિમાં શું તેઓ સહેલાઈથી વળી ચોવીશ જણને નિર્વાસન દઈને દેશની ગંભીર અશાંતિને વધુ અશાંત કરશે, વિપ્લવકારીની ઈચ્છા મુજબ વર્તશે? તેમણે ઘણી ભૂલો કરી છે, પરંતુ હજુ તેમની ઉન્મત્ત દશા આવી નથી. અલબત્ત, જો લૉર્ડ મિન્ટો જણાવે કે નિર્વાસનની અનુમતિ ન હોય તો પોતે ભારતની શાંતિને માટે જવાબદાર નથી, 'અથવા તો હોદ્દાનો ત્યાગ કરવાનો ભય દેખાડે, તો પછી લૉર્ડ મોરલી ગરજના માર્યા સંમત થાય. કદાચ ન પણ થાય; કારણ કે લૉર્ડ મિન્ટો ન હોય તો બ્રિટિશ સામ્રાજ્ય નાશ પામશે, એ વાતમાં લૉર્ડ મોરલી કદાચ બહુ વિશ્વાસ કરતા લાગતા નથી. ગમે તેમ હો, ચોવીશ જણને નિર્વાસન થાય કે સો જણને નિર્વાસન થાય, અરવિંદ ઘોષ નિર્વાસિત થાય કે સુરેન્દ્રનાથ બૅનર્જી નિર્વાસિત થાય, પણ કાળચક્રની ગતિ થંભવાની નથી.

નવયુગનાં પ્રથમ શુભ લક્ષણ

શાસનસંસ્કાર નવયુગનાં પ્રથમ ચિહ્નો છે. આ યુગમાં અવિશ્વાસનો ઘોર અંધકાર મધુર પ્રીતિના પ્રકાશમાં પરિણત થશે, અને દંડનીતિની કઠોર મૂર્તિ અંગ્રેજી પ્રકૃતિમાં લીન થઈ જઈને સામ્યનીતિનો આનંદમય વિકાસ ભારતજીવનને સુખમાં અને પ્રેમમાં પરિપૂર્ણ કરશે, એવી કર્ણમધુર વાતો ઘણા સમય લગી સાંભળવામાં આવી. આટલા દિવસો પછી એ રહસ્યમયી આશાની વાણી સફળ થઈ છે. સભાનિષેધનો જે કાયદો પૂર્વ-બંગાળના એકમાત્ર જિલ્લામાં પ્રવર્તમાન હતો, તે હવે સમસ્ત ભારતને લાગુ પડયો છે. ગયા શુક્રવારથી સમગ્ર ભારત એ કાયદાને વશ થયું છે. કાયદા પ્રમાણે અનુમતિ વગર ક્યાંય વીશ લોકો એકીસાથે ઊભા કે બેઠા રહી ન શકે, અને એવા ઊભેલા કે બેઠેલા લોકોને જો પોલીસ બાર જણાની જાહેર સભા ઠરાવે—અને એવા હાસ્યરસપ્રિય લોકો પોલીસમાં ઘણા છે—તો પછી ઊભેલા કે બેઠેલા હોય છતાં શિક્ષાને પાત્ર ઠરે છે. નહિ તો સાબિત કરવું. પડે કે તેઓ "સભા"ના સભ્ય નહોતા, અથવા સભ્ય હોવા છતાં "જાહેર" નહોતા. અને જો જાહેર નહોતાં ગુપ્ત હતા એમ ફલિત થાય તો વળી આવી બન્યું! જો આ સાબિત ન થયું તો છ માસ માટે પૈસોય ખર્ચ્યા વગર ગવર્નમેન્ટનું આતિથ્ય સ્વીકારવું રહ્યું અને માસિક પગારબગાર વગર સમ્રાટને માટે મહેનતનો લાભ મળે અને નવા યુગનું રસાસ્વાદન કરી શકાય. પોતાના ઘરમાં એકઠા થયા તોય ન ચાલે. ત્યાં જો રાજનીતિ વિષેની વાતો થતી હોય, અથવા તો એવી વાતો થવાનો સંભવ જણાય; અથવા ત્યાં અમૃતબાજાર પત્રિકા, પંજાબી, બેંગોલી, કર્મયોગી ઈત્યાદિ રાજદ્રોહી પત્રો વાંચવામાં આવતાં હોય કે તેની સંભાવના હોય, તો પોલીસ પ્રવેશી શકે અને ઘરના માલિક તેમ જ તેનાં ભાઈભાંડુઓને ગવર્નમેન્ટ હૉટેલમાં લઈ જઈ શકે. ધારો કે પિતાના શ્રાદ્ધમાં કે કન્યાના વિવાહમાં વીશ જણને નિમંત્રણ કર્યું તો ત્યાંય પોલીસની લીલા સંભવે. નવયુગનું સુપ્રભાત થયું છે! જય મિન્ટો-મોરલી! જય શાસનસંસ્કાર!

કાયદો અને હત્યાકારી

લાટ સાહેબે આખા ભારત પર શા માટે આવો અનુગ્રહ કર્યો છે તે કહેવું મુશ્કેલ છે. ઘણાઓ જણાવે છે કે હત્યા અને લૂંટફાટ થઈ રહ્યાં છે તેને લઈને સભા ભરવાની મના ફરમાવવામાં આવી છે. ગુપ્ત હત્યાકારીઓ અને રાજનૈતિક લૂંટફાટ કરનારાઓ આવા ભયંકર બ્રહ્માસ્ત્રથી બી જશે એવો અમને વિશ્વાસ નથી. વળી એ બધા વીશ જણ મળીને "જાહેર સભા" કરવાને ટેવાયેલા છે એવું પણ ક્યાંય સાંળળ્યું નથી. છ માસની કારાવાસની સજાના ભયથી તેઓ જિલ્લાના મૅજિસ્ટ્રેટ કે પોલીસ કમિશનરની પાસેથી પરવાનગી મેળવીને ગુપ્ત હત્યા અને લૂંટફાટની બાબતમાં પડશે એવો સંભવ પણ ઘણો થોડો છે. આ યુક્તિનો મર્મ અમારી ટૂંકી બુદ્ધિમાં ઊતરતો નથી. તોય આપણું ઍન્ગ્લો-ઈન્ડિયન કહે છે કે એમ નથી, દેશમાં આંદોલન થતાંની સાથે જ હત્યા તેનું અવશ્યંભાવી પરિણામ છે, એટલા માટે સભા-સમિતિ બંધ કરવાં અને હત્યા તેમ જ લૂંટફાટ બંધ કરવાં એ એક જ વાત થઈ. જો આ સાચું હોત તો આ જગતમાં રાજનીતિ ઘણી સહેલી રમત થઈ જાત, પાંચ વર્ષનું બાળક પણ શાસનકાર્ય ચલાવી શકત. દુ:ખની વાત એ છે કે વર્તમાન રાજકીય પરિસ્થિતિમાં આ અદ્‌ભુત યુક્તિનું કોઈ પ્રમાણ મળતું નથી; ઊલટું, એથી વિપરીત વાત અનિવાર્ય જણાય છે. શું અત્યાર લગી સભાસમિતિ બંધ નહોતાં? ચરમપંથીઓની સભાસમિતિઓ ઘણા સમયથી બંધ થઈ ગઈ છે, મધ્યપંથી નેતાઓ નિર્વાસન પછી હવે સભાસમિતિઓમાં સાથ આપતા બંધ થઈ ગયા છે. કોઈ કોઈ વાર કૉલેજ સ્કવેરમાં જે સ્વદેશી સભા મળે છે તેમાં કોઈ જાણીતા વક્તા પણ આવતા નથી, શ્રોતાઓ પણ સંખ્યામાં નજીવા હોય છે. શ્રીયુત અરવિંદ ઘોષે જેલમાંથી છૂટ્યા પછી થોડા દિવસ ભાષણો કર્યાં હતાં ખરાં; તેઓ પણ હુગલી પ્રાદેશિક સભા પછી શાંત થઈ ગયા છે. સભાની બાબતમાં હત્યાના નિષેધની સભાઓ વારંવાર થાય છે અને દક્ષિણસભાની બેઠકમાં અંગ્રેજોના બંધુ ગોખલેનાં જોરદાર ભાષણો ઘણી વાર થાય છે. ત્યારે શું એમ કહેવું કે હત્યા અને લૂંટફાટ ગોખલે મહાશયનાં ભાષણોનું ફળ છે? હોઈ શકે; કારણ કે, ગોખલે મહાશયે ભારતની સ્વાધીનતાને માટે મરી ફીટનારા યુવકોને ઉદ્દેશીને કહ્યું હતું કે બળ વાપરવું એ જ સ્વાધીનતા પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉપાય છે. અને નહિ તો સંપૂર્ણ શાંતિમાં હત્યા અને લૂંટફાટની વૃદ્ધિ થતી જ રહી છે. અને તે જ સ્વભાવિક છે, અગ્નિ અંદર ચેત્યા કરતો હોય તો મુક્ત રીતે તેને બહાર પ્રગટવા દેવામાં જ શાતા વળવાનો સંભવ છે, પ્રગટ થવાનો માર્ગ બંધ

કરવામાં આવે તો તે ચેતતો જશે, બળપૂર્વક બહાર નીકળવાનો માર્ગ ખોલીને પ્રતિરોધકનો વિનાશ કરવાને ભભૂકી ઊઠશે.

આપણે શું નિશ્ચેષ્ટ રહીશું?

હજી લગી આ કાયદો જિલ્લા કે શહેરમાં સ્થાનિક ગવર્નમેન્ટ દ્વારા પ્રચારિત થયો નથી, પરંતુ કોઈ પણ પ્રદેશમાં આંદોલન જોર પકડે કે તરત જ તેનો અમલ થશે એ નિ:સંદેહ છે. એટલા માટે આને બધી પ્રકારનાં આંદોલનો બંધ કરવા માટેનો ગવર્નમેન્ટનો સંકેત ગણવો જોઈએ. અત્યારે હવે વિચારવાનું એ છે કે આ પરિસ્થિતિમાં રાષ્ટ્રીય પક્ષ કયો માર્ગ અપનાવશે? કાયદાની અંદર રહીને આપણું રાજકીય આંદોલન આબદ્ધ કરવાને અમે પ્રયત્નશીલ છીએ. કાયદાનું વર્તુળ જો એટલું સાંકડું થઈ જાય કે તેમાં રહ્યાં જાહેર આંદોલન શકય ના હોય તો પછી આપણે માટે કયો માર્ગ રહ્યો! એક ઉપાય છે, ચૂપ રહીને આ ભ્રાંત નીતિના ફળની રાહ જોવી. આપણે જાણીએ છીએ કે ગવર્નમેન્ટને ખબર છે કે ભારતવાસીની સ્વાધીનતાની આશા હોલવાઈ ગઈ નથી, માથા પર દમનનીતિનો કોયડો ફટકારવાથી અસંતોષ પ્રેમમાં પરિણત થતો નથી. પ્રજાની સ્પૃહા, તેનો અસંતોષ પોતાનામાં પુરાઈ રહીને ધૂંધવાઈ રહ્યો છે. હજી પણ વિપ્લવકારીઓ લોકોનાં મનને ગુપ્ત હત્યા અને બળના પ્રયોગને માર્ગે આકર્ષી શકયા નથી, પણ કયારે એ થશે તે કહી શકાય નહીં. એક વાર અનર્થ શરૂ થયો પછી ગવર્નમેન્ટને માટે મુશ્કેલ થશે અને દેશની દુર્દશાની તો હદ નહિ રહે. આ આશંકાને લઈને તેમ જ દેશના નવજીવનના રક્ષણની આશાએ રાષ્ટ્રીય પક્ષને સુનિયંત્રિત કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. અમારી એવી ધારણા હતી કે સ્વાધીનતાની પ્રાપ્તિનો નિર્દોષ માર્ગ ચીંધ્યે ગુપ્ત હત્યા દેશમાંથી વિદાય લેશે. હવે સમજાય છે કે અંગ્રેજ સરકાર એ ઉપાયનો સહારો નહિ લેવા દે. આવી દશામાં સ્વાભાવિક રીતે જ એક વિચાર મનમાં આવે છે કે ભલે એમ થાઓ; જ્યારે તેમની ધારણા એવી છે કે હજી વધુ ઉગ્ર દંડનીતિનો માર્ગ અપનાવ્યે રોગ મટી જશે, તો ભલે, પેટ ભરીને દંડનીતિને અજમાવો. અમે ચૂપ રહીને જોઈશું કે શાનાથી શું થાય છે; અમે ભ્રાંત છીએ કે તેઓ ભ્રાંત છે! જ્યારે અંગ્રેજ રાજનીતિજ્ઞો પોતાની ભૂલ સમજશે ત્યારે અમારે માટે કર્મનો સમય આવશે. આવા માર્ગને ફલવતી નિશ્ચેષ્ટતાનો માર્ગ (masterly inactivity) કહેવાય છે.

પ્રયત્નનો ઉપાય

નિશ્ચેષ્ટતાનો આશરો લેતાં કદાચ આપણને કંઈક રાહત મળી એમ લાગે, પણ તેથી કરીને દેશને માટે તે અત્યંત અમંગલ કરનારો માર્ગ છે. ધારો કે આપણે વક્તૃતા કે સભાસમિતિઓ ન કરી શકયા, વીશ જણનાં સંમેલન ન ભરી શકયા. આપણો ઉદ્દેશ ભાષણો કરવાનો પણ નથી, અંગ્રેજી પ્રકારનાં આંદોલનોનો પણ નથી. દેશને માટે કામ કરવું એ આપણું ઉદ્દેશ્ય છે, આપણે મળવાનું કારણ છે કાર્યની વ્યવસ્થા કરવી તે. એવા કાર્યની વ્યવસ્થા દેશના બાર કે ચૌદ પ્રતિનિધિઓ શું ન કરી શકે? તેઓ જે કાર્ય-પ્રણાલીને નક્કી કરે તે રીતે શું દેશના લોકો તે મુજબ નાની વિચારણા સભાઓ ભરી ન શકે? અને પછી ધારો કે એવો કાયદો નીકળ્યો કે પાંચ જણા એક સાથે બેઠા એટલે તે બેકાયદા જનતા થઈ, તો પછી શું બીજો કોઈ નિર્દોષ ઉપાય નથી? શંકરાચાર્યના દેશમાં શું સભાઓ કે સમિતિઓ મેળવ્યા સિવાય કોઈ મતનો પ્રચાર થઈ શકતો નથી? મંદિરોમાં, વિવાહને પ્રસંગે, શ્રાદ્ધને પર્વે, અનેક ઠેકાણે અનેક પ્રસંગોએ ભાઈ ભાઈને મળે છે, તો શું સામાન્ય વાતચીતોની વચ્ચે દેશના કાર્ય વિષેની બેએક વાતો થઈ ન શકે? કાયદાની અંદર રહીને, પણ કાયદો જેને વારી ન શકે એ તો કરી શકાય છે ને? આટલું કર્યા છતાં પણ જો સરકાર અંતે રાષ્ટ્રીય શિક્ષણ-પરિષદને કાયદાવિરોધી જનતા ગણીને બધાં રાષ્ટ્રીય વિદ્યાલયો બંધ કરે; શિક્ષણ આપવું, સ્વદેશી કપડાં પહેરવાં, વિદેશી માલ ખરીદવો નહિ, સાલસાઈથી કજિયા પતાવવા, — આ સૌને મોટો અપરાધ ગણીને સખત શ્રમ સાથે જેલ કે દેશનિકાલની સજાની વ્યવસ્થા કરે, અને જો ટ્રાન્સવાલવાસી કુલી અને દુકાનદારોનાં સાહસ, તેમની દેશહિતૈષણા અને તેમનો દેશત્યાગ આપણામાં જવાબદારીનો ભાવ જગાડે નહિ, તો પછી પોલીસ અને ગુપ્ત વિપ્લવકારીનો માર્ગ બંધ કરવો પ્રયોજન વગરનું છે એમ માનીને નીકળી પડીશું. ત્યાં લગી પ્રયાસ કરી જોઈએ.

આર્યસમાજ

આર્યસમાજ સ્વામી દયાનંદનું સર્જન છે. તેઓ જે ભાવ અને જે પ્રેરણા દઈ ગયા છે, તે ભાવ અને તે પ્રેરણા જ્યાં લગી આર્યસમાજ ટકાવી રાખશે ત્યાં લગી તેનું તેજ, વૃદ્ધિ અને સૌભાગ્ય રહેશે. વિભૂતિ કે મહાપુરુષ કોઈ વિશિષ્ટ ભાવ લઈને પૃથ્વીમાં અવતરે છે, એ ભાવ દ્વારા તેના પ્રભાવથી જગતને ઉપકારક મહાન કાર્યો કરે છે અથવા તો પોતાના ભાવના સંચાર કે વિસ્તારથી શક્તિનું એક વિશિષ્ટ કેન્દ્ર સ્થાપી જાય છે. તેણે સ્થાપેલી સંસ્થા નાની હોય કે મોટી પણ તે વિભૂતિ કે મહાપુરુષની પ્રતિનિધિ રૂપ બનીને જગતમાં તેણે આરંભેલું કાર્ય કરતી રહે છે. જ્યારથી સંસ્થામાં મહાપુરુષનો ભાવ મલિન થતો જાય કે તિરોહિત થવાનું લક્ષણ દાખવે ત્યારથી કાં તો તે નષ્ટ થવા માંડે છે અથવા તો અન્ય આકાર અને અન્ય ભાવ ગ્રહણ કરીને જગતનું અનિષ્ટ કરવાની શરૂઆત થઈ જાય છે. ત્યાર પછી બીજા મહાપુરુષો જન્મે અને તે સંસ્થાનો વિનાશ અટકાવે કે અનિષ્ટની માત્રા ઓછી કરે, તોપણ અસલ જે ભાવ હતો તે ફરી આણી શકાતો નથી. આર્યસમાજના સંસ્થાપક તેજસ્વી સ્વામી દયાનંદના ભાવમાં આપણને ત્રણ તત્ત્વ જોવાનાં મળે છે: પુરુષાર્થ, સ્વાધીનતા અને કર્મ. આ ત્રણ તત્ત્વોને આધારે તેમણે પ્રચારેલો ધર્મ કર્મઠ તેજસ્વી સ્વાધીનતાપ્રિય પંજાબી જાતિનો પ્રિય ધર્મ થયો છે, અને અનુપમ કર્મધારા, કાર્યસિદ્ધિ અને ઉત્તરોત્તર ઉન્નતિ કરી શકયો છે. પરંતુ હવે જે કસોટી આવી છે તેમાંથી તે પાર ઊતરશે એવું અમને જણાતું નથી. લાલા લજપતરાયના નિર્વાસનને સમયે સમાજમાં અનેક દોષો પ્રગટ થયા હતા અને અત્યારે વળી વધુ શોચનીય દુર્બળતાનાં લક્ષણો જણાય છે. જે મનુષ્યત્વ અને સ્વાધીનતા દયાનંદના ભાવનાં આધાર સ્વરૂપ હતાં, તેને તિલાંજલિ આપીને કેમ કરીને નિર્વિઘ્ન રહી શકાય એ ચિંતા અને ભયમાં સમાજ ઉન્મત્ત થઈને વર્તે છે. વિચાર કર્યા વગર પરમાનંદને હાંકી કાઢવા અને બે સામાન્ય પત્રો પ્રગટ થતાં લાલા લજપતરાયને તેમના બધા હોદ્દા પરથી મુક્ત કરવા, એ એક આશ્ચર્યકારક વિહ્વળતાનાં પ્રમાણ ગણાય. જો જલદી પોતાની મતિ પ્રાપ્ત નહિ કરે તો આર્યસમાજ મૃત્યુને માર્ગે ધપશે. જગતમાં જે જે ધર્મો છે તેમણે માનવજાતિના મન પર પોતાનો અધિકાર

જમાવ્યો હોય છે : ખ્રિસ્તી ધર્મ, બૌદ્ધધર્મ, ઈસ્લામ, શીખધર્મ, પછી તે ધર્મ નાનો હોય કે મોટો હોય, પણ કસોટીને સમયે પોતાના ભાવનું રક્ષણ કરવાને પરિણામે તે ટકી શકે છે.

પ્રહારકનો પરિચય

અમે "એક સાચી ઘટના"ને મથાળે બંગાળીઓ અને બંગદેશના અપમાન અને તેની લાંછનાને દર્શાવતો જે વૃતાન્ત પ્રગટ કર્યો હતો તેમાં કોઈના નામ આપ્યાં નથી. એ પ્રકારના આત્મસંયમનાં કારણો હતાં. પરંતુ અમારા સહયોગી હિતવાદીએ "પ્રહારકનો પરિચય" એ મથાળે પત્ર પ્રગટ કરીને આક્રમણકારી સાહેબ અને તેમની મડમનો પરિચય કરાવ્યો છે. અમારા સાંભળવા પ્રમાણે પ્રહારક રાઈચ સાહેબના પુત્ર હતા, પણ સહયોગીના પત્ર મોકલનારે વધારે ભાળ કાઢી છે, તેમણે આપેલા સમાચાર ભૂલ વગરના હોવાનો સંભવ છે. ગમે તેમ પણ જો પૂર્વ બંગાળની સરકાર આ વિષે અનુસંધાન કરવા માગે તો તેમનો માર્ગ સરળ થશે. નીચે પ્રમાણે તે પત્ર છે :–

ગયા મહા મહિનાની બીજી તિથિએ દૈનિક હિતવાદીમાં "ધર્મ"માંથી ઉદ્ધત "સત્ય ઘટના"ને મથાળે જે લેખમાં ગોઆલંદના એક જણ કાવ્યતીર્થ પંડિત મહાશયના કેટલાક શ્વેતાંગ અને શ્વેતમહિલાએ કરેલી લાંછનાની બાબત જાણીને મેં તે અસલ તથ્યનો નિર્ણય કરવાનો પ્રયત્ન કર્યો અને તેને લઈને જે જણાયું તે આપની દેશપ્રસિદ્ધ પત્રિકામાં પ્રગટ કરવા મોકલ્યું છે.

આપની પત્રિકામાં ઘટના જે રીતે પ્રગટ થઈ છે તે તદ્દન સાચી છે; જે બે શ્વેતાંગ પુંગવોએ આવો પૈશાચિક કાંડ ભજવ્યો છે તેમાંનો એક ગયા વર્ષના (ઢાકા) "વાયડ્રા હાંગામા" નામના મુકદ્દમાનો મુખ્ય અભિનેતા તે સ્વનામધન્ય મહાવીર શ્રીયુક્ત ડિ મૉન્ટિ સાહેબ બહાદુર; (તેઓશ્રીની કીર્તિ કાહિની બધા સમાચારપત્રના પાઠકો જાણે છે.) અને બીજા મિ. લૅન્ડેલ ઍન્ડ કલાર્કના (પાવના) નાકાલિયા પાટની કુઠિના મૅનેજર મિ. રાઈચ સાહેબના માનનીય સાળા. આ છેલ્લી વ્યક્તિ પ્રથમ આક્રમણકારી હતી. દુ:ખની વાત છે કે આ સાળા મહાશયનું નામ જાણી શકાયું નથી, છતાં "રાઈચ સાહેબના સાળા" એટલો પરિચય પૂરતો છે. બે મહિલાઓમાંથી એક ઉક્ત રાઈચ સાહેબનાં સહધર્મિણી અને બીજી તેમની સૌથી નાની.

એમણે ગોવાલન્દમાં આવો અમાનુષી અભિનય કરીને બીજે દિવસે રાતે નારાયણગંજને માર્ગે તેઓ મયમનસિંહ આવીને રહ્યા. ત્યાં માત્ર એક જ દિવસ ફિલિપપોલો સાહેબના બંગલામાં રહ્યા. બીજે દિવસે જગન્નાથગંજને માર્ગે કાલીગંજની સ્ટીમરમાં આડાલિયા ઊતરીને, ત્યાંથી એક માઈલ દૂર આવેલ નાકાલિયા કુઠીમાં કુટુંબના સમાગમમાં હોશપૂર્વક અને ખુશમિજાજમાં આહારવિહાર કરી રહ્યા છે.

ઇંગ્લૅન્ડમાં ચૂંટણી

ઇંગ્લૅન્ડમાં ચૂંટણી શરૂ થઈ ગઈ છે. કયા પક્ષનું પ્રાધાન્ય થશે તે નક્કી કહી શકાતું નથી. શરૂઆતથી તો રક્ષણશીલ પક્ષનો વિજય થાય તેમ જણાય છે. દક્ષિણ અને મધ્ય ઇંગ્લૅન્ડમાં તેમનો પ્રભાવ ઘણો જણાઈ આવે છે. લંડનમાં બન્ને પક્ષોનો સરખો પ્રભાવ લાગે છે. ઉત્તરવિભાગમાં જ ઉદારનીતિવાળા પક્ષનો પ્રભાવ અને વેલ્સ તેમ જ સ્કૉટ્લૅન્ડ એક રીતે કહીએ તો સંપૂર્ણ ભાવે તેમના જ પક્ષમાં છે. ચૂંટણીના પરિણામ પછી જો બન્નેની શક્તિ સમાન જણાય તો જે પક્ષ સરકાર રચવા માગતો હોય તેને નૅશનાલિસ્ટ પક્ષ પર આધાર રાખવો પડશે. રક્ષણશીલ વર્ગ હોમરુલનો પક્ષપાતી નથી, એટલે નૅશનાલિસ્ટોની સાથે જોડાઈને ઉદારનીતિવર્ગ ગવર્નમૅન્ટ રચી શકે. પણ તેમ છતાંય તેઓ સરકાર ચલાવી શકશે નહિ. કારણ કે, અભિજાત સભાના (House of Lords) વીટોની શક્તિ પડી રહેશે અને તેઓ વળી પાછા બજેટનો અસ્વીકાર કરશે. એટલે ગમે તે રસ્તે જાઓ પણ બધે અશકય છે. આ અદ્‌ભુત બન્ને રીતનું સંકટ એક મોટી સમસ્યાનો વિષય થઈ પડયું છે. આ ચૂંટણીના પરિણામની સાથે ભારતવર્ષને તેટલી લેવાદેવા નથી. છતાં આપણે આટલી આશા સેવી શકીએ કે ઉદારનીતિપક્ષનો વિજય થયે અભિજાત સભાના વીટોની શક્તિનો લોપ થાય અને તેને લઈને કળી પ્રકારનું પરિવર્તન વગેરે આવે, જે શાસન-સંસ્કારાદિ વિષયમાં આપણને કંઈક અનુકૂળતા અપાવે. આ સિવાય ઉદારનીતિ પક્ષનો જય થાય કે રક્ષણશીલ પક્ષનો જય થાય, તે બન્ને આપણે માટે સમાન છે.

ન્યાયાન્યાયનો વિચાર

ન્યાયાન્યાયના વિચારની શુદ્ધિ સમાજનો સ્તંભ છે. એ શુદ્ધિ કેટલેક અંશે ન્યાયાધીશના મન અને ચિત્તની શુદ્ધિ પર આધાર રાખે છે, કેટલેક અંશે સ્વાધીન લોકમત દ્વારા તેનું રક્ષણ થાય છે. ન્યાયાધીશ રાજાના મુખ્ય ધર્મની જવાબદારી વહન કરે છે. તેઓ ઈશ્વરના પ્રતિનિધિ છે. ઈશ્વર જેમ ન્યાયાસને વિરાજીને નિરપેક્ષભાવે શત્રુ, મિત્ર, ધનિક, ગરીબ, રાજા, પ્રજા ઈત્યાદિને વિષે ભેદ રાખ્યા વગર કેવળ ધર્મનું જ રક્ષણ કરે છે, એ પ્રમાણે ન્યાયાન્યાયનું નિરૂપણ કરવું એ તેમનો ધર્મ છે. જો તેઓ રાગદ્વેષ, માન-મર્યાદા, કોઈ રાજનૈતિક કે સામાજિક ઉદ્દેશને વશ થઈને કાનૂનમાં ઊંધાચતી કરે, તો તેઓ ધર્મમાંથી પતનને પામે છે અને સમાજનાં બંધન પણ ઢીલાં થઈ જાય છે. અથવા જો કોઈ અજ્ઞાન કે સાંકડી મનોવૃત્તિવાળી વ્યક્તિને ન્યાયાસન પર બેસાડવામાં આવે તો તે રાજ્યનું અકલ્યાણ થવાનું જ અને જો શાસનતંત્રના સર્વે વિભાગોમાં અરાજકતા થઈ તો અનિષ્ટ થોડા વખત માટે આવવાનું અને ન્યાયાન્યાયની અશુદ્ધિને લઈને રાજા, રાજ્ય તેમ જ પ્રજાનો ધ્વંસ થવાનો. કોઈ પણ પ્રકારના શાસનતંત્રના ગુણ-દોષનો નિર્ણય કરતી વખતે અનેક બંધનો, કાર્યક્ષમતા અને સુખશાંતિનાં પ્રમાણ ટાંકવા નકામાં છે : જો ન્યાયાન્યાયની પ્રણાલિકા નિર્દોષ ના હોય તો તે શાસનતંત્રનાં વખાણ કરવાં ફોકટ છે.

લોકમતનું પ્રયોજન

જો મનુષ્ય નિષ્પાપ અને સ્થિર બુદ્ધિ હોત તો ન્યાયાન્યાયને વિષે લોકમતની સ્વાધીનતાની જરૂર રહેત નહિ. પરંતુ મનુષ્યનું મન ચંચળ છે, તેના ચિત્તમાં કામના અને રાગદ્વેષ પ્રબળ છે, તેની બુદ્ધિ અશુદ્ધ અને પક્ષપાતપૂર્ણ છે. આવી સ્થિતિમાં ન્યાયાન્યાયની શુદ્ધિના રક્ષણના ત્રણ માર્ગ છે. પહેલો માર્ગ એ છે કે કાયદાના જાણકાર, પ્રૌઢ, ધીરપ્રકૃતિ વ્યક્તિને ન્યાયાસને બેસાડવો અને તે સર્વ પ્રકારનાં પ્રલોભનો, ભયપ્રદર્શન, સ્વાર્થચિંતા, પારકાનો આદેશ, આજીજી, અનુનય વગેરેમાંથી દૂર રહે તેમ કરવું. ચંચળ

Registered No. C.550

ধর্ম্ম



নগদ মূল্য দুই পয়সা মাত্র।

মূল্য দুই পয়সা মাত্র।

সাপ্তাহিক পত্র।

১ম বর্ষ] সোমবার ৩০এ ফাল্গুন ১৩১৬ সাল। [২৮ সংখ্যা।

যদা যদা হি ধর্ম্মস্য গ্লানির্ভবতি ভারত।
অভ্যুত্থানমধর্ম্মস্য তদাত্মানং সৃজাম্যহং॥
পরিত্রাণায় সাধূনাং বিনাশায় চ দুষ্কৃতাং।

શ્રી અરવિંદે સંપાદિત કરેલા બંગાળી સાપ્તાહિક પત્ર 'ધર્મ્મ'નું
છેલ્લા અંક ૨૮ નું મુખપૃષ્ઠ

મનવાળા, કાયદાકાનૂનને વિષે અજ્ઞાન એવા યુવકને કદાપિ ન્યાયને આસને બેસાડવો ઉચિત નથી. વળી ન્યાયાધીશને કોઈ રીતે શાસકને અધીન કરવો એ વિપત્તિ વહોરવા જેવું છે. આવાં તત્ત્વો અને નિયમો ઈંગ્લેન્ડની ન્યાય-પ્રણાલીમાં સંપૂર્ણ રીતે રક્ષામાં છે; તેથી જ તેમની આટલી પ્રશંસા થાય છે. બીજો માર્ગ એ છે કે ન્યાયના મહાન નિષ્કલંક આદર્શને સ્થાપીને એવો આદર્શ ન્યાયાધીશ અને ન્યાયનો ધંધો કરનાર પણ સામાન્ય જનતાના મનમાં એ રીતે દૃઢભાવે અંકિત થવો જોઈએ. તેમ છતાં આદર્શભ્રષ્ટ થવું મનુષ્યને માટે સહેલું છે, એથી લોકમતને આદર્શના રક્ષકરૂપે ખડો કરવો સારું ગણાય. જો ન્યાયાધીશ એમ જાણે કે આદર્શમાંથી લેશમાત્ર ભ્રષ્ટ થતાં તે લોકનિંદા અને કલંકને પાત્ર થશે, તો તેથી કરીને તેના મનમાં અન્યાય આચરવાની પ્રવૃત્તિ સહેજ પણ સ્થાન પામશે નહિ.

આપણા દેશમાં

આપણા દેશમાં કેટલાંક કારણોને લઈને ન્યાયાધીશને શાસકને અધીન રાખવામાં આવ્યો છે અને તેને કારણે તેની જવાબદારી ઘણીખરી શાસકને વહોરવાની રહે છે. ન્યાયાધીશ ઈશ્વરનો પ્રતિનિધિ થવાને બદલે શાસકનો પ્રતિનિધિ બને છે. આથી શાસકની જવાબદારી વધી જાય છે. તદુપરાંત શાસનતંત્રની સરળતાને ખાતર બિનઅનુભવી અનભિજ્ઞ વ્યક્તિ પર પણ ન્યાયનો ભાર લાદવો આવશ્યક થયું છે. વળી હાલમાં નવીન કાયદા પ્રમાણે ન્યાયાધીશના ન્યાયની બાબતમાં વિપરીત લોકમતની અભિવ્યક્તિ નિષિદ્ધ થઈ છે. આવી બધી વ્યવસ્થા શાસનને ખાતર આવશ્યક ગણાઈને પ્રતિષ્ઠા પામી છે, એટલે એ વિષે કંઈ કહેવું ઉચિત નહિ ગણાય. પરંતુ આ સ્થિતિમાં શાસકની જવાબદારી કેટલી ભયંકર છે એ શાસનકર્તાઓએ એક વાર વિવેકપૂર્વક વિચારવા જેવું છે. તેમને અમે યાદ કરાવીએ છીએ કે તેઓ આવી અપૂર્વ તાકાતનો કેવો પ્રયોગ કરી રહ્યા છે તે ભગવાન જોઈ રહ્યા છે; દેશનું હિતાહિત, રાજ્યશાસનનું ફલાફલ અને સામ્રાજ્યનાં સુખ, શાંતિ તેમ જ સ્થાયિત્વ તેના પર આધાર રાખે છે.

ધર્મ
સંખ્યાંક, ૨૫
ફાગણ, ૯, બં.૧૩૧૬

ભગવાનનું દર્શન

દેશપૂજ્ય શ્રીયુત કૃષ્ણકુમાર મિત્રને નિર્વાસન મળ્યા પછી આગ્રાની જેલમાં કેવી રીતે ભગવાનની પ્રત્યક્ષ ઉપલબ્ધિ અને સર્વત્ર દર્શન થયાં તે તેમણે બ્રાહ્મ-સમાજના છાત્રસમાજમાં વર્ણન કર્યું. જ્યારે ઉત્તરપાડામાં શ્રીયુત અરવિંદ ઘોષને પણ તેવું જ બન્યું હતું અને તે વિષે તેમણે જણાવ્યું હતું ત્યારે પૂનાના 'સમાજસુધારક' (ઈન્ડિયન સોશિયલ રિફોર્મર) પત્રમાં મશ્કરી સાથે લખવામાં આવ્યું હતું : "એમ જણાય છે કે જેલમાં ઈશ્વરનાં દર્શનની કૃપા વરસી રહી છે." આનો અર્થ એ કે આવી બધી વાતો જેમનું મન ચસકી ગયું છે એવાંઓની કલ્પના છે અથવા તો મિથ્યાવાદીઓની છેતરપિંડી છે. અને તેમ છતાં અરવિંદબાબુએ જે કહ્યું હતું તેવું જ બ્રાહ્મસમાજના મુગટસમા શ્રીયુત કૃષ્ણકુમારે બરાબર કહ્યું છે. વળી ઘણાખરાને વિશેષ પરિહાસને યોગ્ય વાત એ લાગી કે ન્યાયાધીશ અને જેલરમાં તે જ સર્વવ્યાપી પ્રેમમય અને દયામય દર્શન થયાં જે બન્નેને પ્રાપ્ત થયાં હતાં. અલબત્ત, એક આધ્યાત્મિક અનુભૂતિના બે પ્રકારના તાર્કિક સિદ્ધાન્ત હોઈ શકે, એક જ સત્યને લઈને અનેક મત હોવા સંભવે. પરંતુ એક બાજુ આગ્રા અને બીજી બાજુ અલિપુર અને જેમનાં અભિપ્રાય અને પ્રકૃતિ જુદાં, એવા બે જણની એક જ પ્રકારની પ્રત્યક્ષ ઉપલબ્ધિ થાય, તો કોઈ તેને ગાંડપણ કે છેતરપિંડી કહી શકે? પુનાના "સમાજસુધારક"ને મતે ભગવાનનું પ્રત્યક્ષ દર્શન કદાપિ થઈ ન શકે, ભગવાન નિયમની પાછળ છૂપા રહે છે, આપણે માત્ર પ્રાકૃતિક નિયમનો અનુભવ કરી શકીએ, ભગવાનના અસ્તિત્વના અનુભવની વાત માત્ર વાયડાવેડા ગણાય. કોઈ વિજ્ઞાનને નહિ જાણનારા માણસો જો કહે કે અમુક રાસાયણિક પ્રયોગ મિથ્યા છે અને કેટલાક વિજ્ઞાનને જાણનારા વૈજ્ઞાનિક પ્રક્રિયા દ્વારા જણાવે કે તે પ્રયોગ સાચો છે, અમે તે પ્રત્યક્ષ જોયો છે, તો કોની વાત વધુ વિશ્વાસને યોગ્ય ગણાય અને લોકો કોનો અભિપ્રાય સ્વીકારી શકે?

જેલમાં દર્શન

મોટા ભાગના માણસોને આમાં વિશ્વાસ ન હોવાનું કારણ એ છે કે તેઓ માનતા હોય છે કે જેલ અપવિત્ર સ્થાન ગણાય, ત્યાં તો ચોરલૂંટારા વસે; અને ધારો કે ભગવાનનું દર્શન થાય તો કોઈ પવિત્ર સ્થાનમાં સાધુ સંન્યાસીને થાય, કાયદાની જાળમાં સપડાયેલા રાજનૈતિકને, ઘોર રાજસિક કાર્યમાં પડેલા સંસારીને જેલમાં કેવી રીતે તે બને? અમને લાગે છે કે સાધુ સંન્યાસીના કરતાં આવા લોકોને જ ભગવાન સહજે મળી આવે છે, આશ્રમ અને મંદિરના કરતાં જેલ અથવા તો વધ્યભૂમિ ભગવાનના દર્શનનું સહજ સ્વાભાવિક સ્થાન હોઈ શકે છે. જેઓ માનવજાતિને માટે, દેશને માટે પ્રાણ અર્પણ કરવા તત્પર છે, તેઓ ભગવાનને માટે પણ પ્રાણાર્પણ કરી શકે છે. ઈસુ ખ્રિસ્તે જણાવ્યું છે કે જે દુ:ખીને સાંન્ત્વના આપે છે, દરિદ્રને સહાય કરે છે, તૃષાર્ત્તને જળ આપે છે, નિરુપાયને ઉપાય બક્ષે છે, તે મને જ આપે છે, હું જ તે દુ:ખી છું, તે દરિદ્ર છું, તે તૃષાર્ત્ત છું, તે નિરુપાય છું. વળી જેલમાં અહંકાર બિલકુલ ચાલ્યો જાય છે. ત્યાં લેશમાત્ર સ્વાધીનતા રહેતી નથી; આહાર, નિદ્રા સુખ, ભાગ્ય, સ્વાધીનતાને માટે ભગવાનની તરફ મીટ માંડવાની હોય છે. તેથી કરીને એ અવસ્થામાં સંપૂર્ણ વિશ્વાસ, સંપૂર્ણ આત્મસમર્પણ, સંપૂર્ણ આત્મનિવેદન જેટલું સહજ હોય છે તેટલું બીજે ક્યાંય હોતું નથી. કર્મ કરનારનું આત્મસમર્પણ ભગવાનને માટે અતિપ્રિય ઉપહાર છે, એ પૂજા જ શ્રેષ્ઠ પૂજા છે, અને એ બલિ જ શ્રેષ્ઠ બલિ છે. જો ભગવાનનું દર્શન આ રીતે ન થાય તો બીજી શી રીતે થઈ શકે?

વેદમાં પુનર્જન્મ

જ્યારે યુરોપીય લોકોની આગળ આર્યસાહિત્ય પ્રગટ થયું ત્યારે તેમને એવો આનંદ થયો કે તેની યોગ્ય પ્રશંસા કરવા લાયક શબ્દો જડ્યા નહિ અને પંડિતો જે બોલે તે ધ્રુવ સત્ય મનાવા લાગ્યું. પાછળથી પાશ્ચાત્ય હૃદયમાં ઈર્ષ્યાનો અગ્નિ ભભૂકી ઊઠ્યો અને કેટલાય લોકો એ ઈર્ષ્યાના માર્યા સંસ્કૃત ભાષા અને તેનું નકામું સાહિત્ય બ્રાહ્મણોની છેતરનારી જાળ છે એમ કહીને તેને અવગણવાનો પ્રયત્ન કરવા લાગ્યા. જ્યારે આવા પ્રયત્નો થતા હતા ત્યારે યુરોપીય પંડિતોએ એક નવું તરકટ ઊભું કર્યું. તેમણે એવું પ્રમાણિત કરવાના પ્રયત્નો કર્યા કે હિંદુનું પોતાનું કંઈ જ નથી, બધું જ બહારથી લીધેલું છે. રામાયણ અને મહાભારત હોમરનાં અનુકરણ છે,

જ્યોતિષ, કાવ્ય, નાટક, આયુર્વેદ, કળા, શિલ્પ, સ્થાપત્ય, ગણિત, દેવનાગરી અક્ષરો, પંચતંત્ર વગેરે જે જે ભારતનાં ગૌરવસમાં ગણાતાં, એ બધાં ગ્રીસ, ઈજિપ્ત, બૉબિલોન વગેરે દેશોમાંથી ઉધાર લીધાં છે; ગીતા ખ્રિસ્તીધર્મમાંથી ચોરેલો માલ છે; હિંદુધર્મમાં જો કોઈ ગુણ હોય તો માત્ર તેનું બૌદ્ધધર્મનું દાન છે, અરે, બુદ્ધ તો પાછા ભારતવાસી ગણાય ! એટલે એવી અદ્‌ભુત કલ્પના કરવામાં આવી કે બુદ્ધ મોંગોલ કે તુર્કી જાતિના હતા, શાકય લોકો શક કે scythian. વળી તે સમયે એવો મત પ્રચારમાં મુકાયો કે કર્મવાદ અને પુનર્જન્મવાદ બુદ્ધના પહેલાં હિંદુધર્મમાં નહોતો, બુદ્ધે જ એ બન્ને મતો પ્રગટ કર્યા. એ વખતે જોયું તો Hindu spiritual Magazineના સંપાદકે પ્રચાર કર્યો કે આ વાત સાચી છે, વેદમાં પુનર્જન્મવાદ નથી, પુનર્જન્મવાદ હિંદુધર્મનું અંગ નથી. ખબર નથી કે સંપાદક મહાશયે આ વાતને પોતે વેદાધ્યયન કરીને જણાવી છે કે પછી એ માત્ર પાશ્ચાત્ય પંડિતોનો પડઘો છે. અમે જણાવી શકીએ એમ છીએ અને જણાવીશું કે ખુદ પશ્ચિમના પંડિતોએ પણ ઉપનિષદોને બુદ્ધના પૂર્વવર્તી ગણીને સ્વીકાર્યા છે. જે ઉપનિષદો વૈદિક જ્ઞાનનો ચરમ વિકાસ છે, તે ઉપનિષદોમાં પુનર્જન્મ એક ધ્રુવ અને સ્વીકૃત સત્ય તરીકે સર્વત્ર ઉલ્લેખ પામેલું જોવા મળે છે. કર્મવાદ પણ વેદમાં જોવા મળે છે. બૌદ્ધધર્મ હિંદુધર્મની એક શાખા માત્ર છે, બૌદ્ધધર્મનું પરિણામ હિંદુધર્મ નથી.

આર્યસમાજમાં અવનતિ

આર્યસમાજમાં અવનતિ થયેલી જોઈને અમને દુ:ખ થયું છે. આ સમાજના અધ્યક્ષે હમણાં એવો અભિપ્રાય પ્રગટ કર્યો છે કે રાજભક્તિ આર્યસમાજના ધર્મમતમાંના એક મત તરીકે સ્વીકૃત છે અને તેને કારણે "હું રાજભક્ત છું" એવા સોગંદ લેવા તેઓ સંમત થયા છે. આ પ્રમાણે જેઓ સોગંદ લે તેઓ જ આર્યસમાજમાં પ્રવેશ પામવાને લાયક છે, બીજા નહીં. એ મહાત્માઓ બીજા ધર્મસંપ્રદાયોને પણ તેમ કરવાનો ઉપદેશ આપ્યો છે. જો આ અધ્યક્ષજીનો પોતાનો ખરો મત હોત તો અમે કંઈ જ કહેત નહિ; પરંતુ આર્યસમાજ પર મોટા મોટા રાજદ્રોહના આરોપો આવે તે પહેલાં તેમની આ ઉત્કટ રાજભક્તિ જણાઈ આવી. ધર્મ સૌને માટે છે; જે ધર્મસંપ્રદાયમાંથી રાજનીતિના મતને કારણે કોઈને કાઢવામાં આવે તો તે ધર્મસંપ્રદાય ન કહેવાય, સ્વાર્થસંપ્રદાય ગણાય. હું રાજભક્ત છું કે નહિ તે રાજ-

પુરુષ જોઈ જશે અને રાજપુરુષ પણ મારા મનના ભાવ પર અધિકાર ચલાવવા પ્રયત્ન કરે નહિ, માત્ર રાજભક્તિના વિરોધી પ્રચારે દેશની શાંતિ જેથી કરીને જોખમાય નહિ, પોતાનો અધિકાર નાશ ન પામે, — આ પ્રકારનો પ્રયત્ન તેઓ કરે છે. જે ધર્મમંદિરને દ્વારે તમે ભગવાનના ભક્ત છો કે નહિ એ પ્રશ્ન કર્યા વગર તમે રાજભક્ત છો કે નહિ એ પ્રશ્ન પુછાય તો, એ મંદિર છે એમ કોઈ ભગવાનનો ભક્ત ઠોકી બેસાડે નહિ. Render unto Caesar the things that are Caesar's, unto God the things that are God's જે સમ્રાટને દેવું ઉચિત ગણાય તે સમ્રાટને આપો, પણ જે ભગવાનનું છે તે ભગવાનને જ આપવું જોઈએ, સમ્રાટને નહિ.